KARAN GHELO (Gujarati Edition)

Mehta , Nandshankar

ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા

કરણ ઘેલો

નંદશંકર તુળજાશંકર મહેતા





Table of Contents

ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા

કરણ ઘેલો

નંદશંકર તુળજાશંકર મહેતા



Karan ghelo : *Novel* by Nandshankar Tuljashankar Mehta Published by Gurjar Granthratna Karyalay, Ahmedabad-1Gandhi Road, Ahmedabad 380 001

ISBN :

Price :

પ્રકાશક ઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમરભાઈ ઠાકોરલાલ શાહ ઃ રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001ફોન : 079-22144663, 09227044777

e-mail : goorjar@yahoo.com Website : www.gurjar.biz

ટાઇપસેટિંગ ઃ શારદા મુદ્રણાલય 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.

ફોન ઃ 26564279 email : bhagwatioffset@yahoo.com

અનુક્રમ

પહેલી આવૃત્તિની
લેખકની પ્રસ્તાવના

આ પ્રાંતના ઘણાખરા લોકોને ગુજરાતી કવિતામાં લખેલી વાર્તાઓ વાંચવાનો ઘણો શોખ છે; પણ હજી સુધી એવી વાર્તાઓ ગદ્યમાં લખાયેલી ગુજરાતી ભાષામાં ઘણી જ થોડી છે, અને જે છે તે લોકમાં પ્રસિદ્ધ નથી, આ ખોટ પૂરી પાડવાને તથા અંગ્રેજી ગાથા તથા વાર્તાનાં જેવાં ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરાવવાને આ પ્રાંતના માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મહેરબાન રસલસાહેબે મારી આગળ પોતાની મરજી જણાવી તથા એવી એક વાર્તા બનાવવાને તે સાહેબે મને કહ્યું. તે ઉપરથી આ પુસ્તક મેં આસરે ત્રણ વર્ષ ઉપર રચ્યું; પણ કેટલાંક કારણોને લીધે તેને જલદીથી છપાવવાનું બન્યું નહીં.

જેઓએ અણહિલપુર પાટણનો ઇતિહાસ વાંચ્યો હશે તેઓ આ પુસ્તકમાં લખેલી કેટલીએક બીનાથી જાણીતા હશે. ‘કરણ ઘેલા’ વિશે જેટલી હકીકત ઇતિહાસ ઉપરથી જણાય છે તેમાં બીજી નવી કલ્પિત વાતો ઉમેરીને આ વાર્તાનો વિસ્તાર કીધો છે. જે વખતે આ સઘળી બીનાઓ બની તે વખતે લોકોની રીતભાત કેવી હતી, તેઓના વિચાર કયા પ્રકારના હતા, ગુજરાતના રજપૂત રાજા તથા દિલ્હીના મુસલમાન પાદશાહની રાજનીતિ વગેરે કેવી હતી, રાજપૂતોના પુરુષો તથા સ્ત્રીઓનું શૂરાતન તથા જાત અને કુલઅભિમાન કેટલું હતું, મુસલમાનોમાં કેટલો જુસ્સો, ધર્માંધપણું, તથા હિંદુઓ ઉપર અને તેઓના ધર્મ ઉપર કેટલો દ્વેષ હતો, એ વગેરે બીજી કેટલીએક હકીકતોનું જેમ બને તેમ ખરેખરું ચિત્ર બતાવી આપવું એ જ આ પુસ્તકનો હેતુ છે. એ હેતુ કેટલે દરજ્જે પાર પડ્યો છે તેનો નિર્ણય કરવાનું વાંચનારાઓને સોંપીએ છીએ. આ પુસ્તકમાં ભૂત, પ્રેત, વગેરે વહેમોની વાત આવે છે, તથા કેટલાએક વિષયો ઉપર જુદા-જુદા માણસોએ પોતાના અભિપ્રાય જણાવ્યા છે – તેઓ સઘળા માનવાલાયક તથા તે વાતો સાચી છે એવો મારો વિચાર નથી. જે વખતે એવી વાતો બની એમ લખ્યું છે તે વખતે તેઓ ઉપર લોકોને ઘણો ભરોસો હતો, અને એવી મતલબની દંતકથાઓ હજી પણ આ પ્રાંતમાં ચાલે છે, તે માત્ર જણાવવી એ જ હેતુથી આ પુસ્તકમાં તે દાખલ કીધી છે, અને જે માણસોએ એવા અભિપ્રાય આપ્યા છે તેવા જ તેઓના ખરેખરા હતા તે બતાવી આપવાને આ ઠેકાણે તે પ્રસિદ્ધ કીધા છે.

આવી જાતનું પુસ્તક ગુજરાતીમાં પહેલું જ છે માટે તેમાં ખામીઓ તો હશે જ, તેને માટે સુજ્ઞ વાંચનારાઓ તરફથી માફી મળવાની આશા રાખું છું. જો આ પુસ્તકથી વાંચનારાઓને આનંદ માત્ર થશે તો એ લખવાની મતલબ ઘણે દરજ્જે પાર પડી એમ હું સમજીશ.

નંદશંકર તુ. મહેતા

આપણી પહેલી નવલકથાની મૂલ્યવત્તા — `કરણ ઘેલો' વિશે

`કરણ ઘેલો' (ઈ. સ. 1866)-ના પ્રકાશનથી ગુજરાતી ભાષામાં એક નવીન સાહિત્યસ્વરૂપનું અવતરણ થયું. એ સ્વરૂપ તે નવલકથા. કોઈ પણ નવપ્રસ્થાનરૂપ ઘટના એમને એમ ઘટતી નથી, એમાં નિમિત્તભૂત અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે, તેથી `કરણ ઘેલો'ના અવતરણની ભૂમિકા કયાં પરિબળોએ રચી આપી હતી તે જાણવું જરૂરી છે.

જે કાળે આ ઘટના ઘટી તે કાળ ગુજરાતી સાહિત્યમાં સુધારકયુગ તરીકે ઓળખાય છે. `કરણ ઘેલો'ના લેખક નંદશંકર તુળજાશંકર મહેતા
(ઈ. સ. 1835-1905)-ની ખ્યાતિ સમાજસુધારક તરીકે હતી. નંદશંકરનો જન્મ અને ઉછેર સુરતમાં થયો હતો અને સુરત સંસારસુધારાનું કેન્દ્ર હતું. સંસારસુધારાની પ્રવૃત્તિએ ચળવળનું રૂપ ધારણ કર્યું હતું. અંગ્રેજોએ પહેલી કોઠી આ સુરત શહેરમાં નાખી હતી એ વીગત પણ યાદ રાખીએ કેમ કે, આ સંસારસુધારો જે નવજાગૃતિની નીપજરૂપ હતો એના પ્રેરક હતા અંગ્રેજો. સુધારકયુગ ઇતિહાસમાં નવજાગૃતિકાળની સંજ્ઞા પણ પામ્યો હતો.

આ નવજાગૃતિનું વાહન બન્યું શિક્ષણ. આ શિક્ષણે અંગ્રેજી ભાષાના માધ્યમથી અંગ્રેજી સાહિત્યનો, તેના વિવિધ પ્રકારોનો અને ભાષાના ગદ્યાત્મક સ્વરૂપનો આ સમયના આપણા સાહિત્યકારોને પરિચય કરાવ્યો, એટલું જ નહિ આપણી ભાષામાં એ પ્રકારનું ખેડાણ કરવાની પ્રેરણા પણ આપી.

નંદશંકરને શાળામાં સંનિષ્ઠ અને સ્નેહાળ શિક્ષકો સાંપડ્યા હતા અને કૅપ્ટન સ્કોટના સમૃદ્ધ ગ્રંથાલયનો લાભ મળ્યો હતો. એમણે શિક્ષણવિદ્ મેકોલેનો ઘનિષ્ઠ અભ્યાસ કર્યો હતો. મૅટ્રિક થયા પછી પોતે પણ અંગ્રેજી શાળામાં શિક્ષક અને પછી ટ્રેનિંગ કૉલેજમાં આચાર્ય થયા. ત્યાર બાદ ઊંચા સરકારી હોદ્દા પર રહ્યા, `રાવબહાદુર'નો ખિતાબ મેળવ્યો છતાં ઓળખાતા તો રહ્યા `માસ્તર' તરીકે જ. આનું કારણ એમના શિક્ષકને છાજે એવા સાદગીપૂર્ણ સરળ વ્યક્તિત્વમાં રહેલાં પ્રામાણિકતા અને નીતિમત્તા જેવાં લક્ષણો. સાહિત્યસર્જકના વ્યક્તિત્વની ઝલક તેના સર્જનમાં જોવા મળતી હોય છે. નવલકથાલેખન માટે નંદશંકરની વિષયપસંદગીની દૃષ્ટિમાં અને તેના પ્રતિપાદનમાં તેમના આ પ્રકારના વ્યક્તિત્વની ઝાંખી થશે.

અંગ્રેજી શાસન દરમિયાન ગુજરાતને જે અંગ્રેજ અમલદારો મળ્યા એમાંના કેટલાક સાહિત્યપ્રેમી પણ હતા. એવા એક અમલદાર તે રસેલસાહેબ, એજ્યુકેશન ઇન્સ્પેક્ટર. ગુજરાતી ભાષાને પહેલવહેલી નવલકથા અપાવવામાં એ જ નિમિત્ત બન્યા એમ `કરણ ઘેલો'ની પ્રસ્તાવનામાં એના લેખકે કહેલું છે. વાત આમ હતી ઃ

> `આ પ્રાંતના ઘણાખરા લોકોને ગુજરાતી કવિતામાં લખેલી વાર્તાઓ વાંચવાનો ઘણો શોખ છે, પણ હજી સુધી એવી વાર્તાઓ ગદ્યમાં લખાયલી ગુજરાતી ભાષામાં ઘણી જ થોડી છે અને જે છે તે લોકોમાં પ્રસિદ્ધ નથી. આ ખોટ પૂરી પાડવાને તથા અંગ્રેજી ગાથા તથા વાર્તાના જેવાં ગુજરાતીમાં પુસ્તકો તૈયાર કરવાને આ પ્રાંતના માજી એજ્યુકેશન ઇન્સ્પેક્ટર મેહેરબાન રસલસાહેબે મારી આગળ પોતાની મરજી જણાવી તથા એવી એક વાર્તા બનાવવાને તે સાહેબે મને કહ્યું, તે ઉપરથી આ પુસ્તક મેં આશરે ત્રણ વર્ષ ઉપર રચ્યું; પણ કેટલાંએક કારણોને લીધે તેને જલદીથી છપાવવાનું બન્યું નહિ.'

ઈ. સ. 1866માં `કરણ ઘેલો' પ્રસિદ્ધ કરતી વખતે તેના લેખક, અહીં, ત્રણ વર્ષ પૂર્વે લખાયો હોવાનું કહે છે તે ધ્યાનપાત્ર છે. એ ઉપરાંત એમાંના બે-ત્રણ મુદ્દા નોંધપાત્ર છે ઃ (1)

`આ પ્રાંતના ઘણાખરા લોકોને વાર્તાઓ વાંચવાનો ઘણો શોખ', (2) ગદ્યમાં લખાયેલી એવી વાર્તાઓની ઊણપ, (3) અંગ્રેજી ગાથા જેવાં પુસ્તકો ગુજરાતીમાં તૈયાર કરવાં. પોતાની એકમાત્ર સાહિત્યકૃતિ `કરણ ઘેલો' લખતી વખતે એના લેખકે આ ત્રણે મુદ્દા લક્ષમાં રાખ્યા છે – શીર્ષક સાથે જ લેખક કૃતિની ઓળખ `એક વાર્તા' તરીકે આપે છે. વાર્તારસ જળવાય એવું કથાવસ્તુ પસંદ કરે છે અને એની માવજત પણ એ પ્રકારની કરે છે, એટલું જ નહિ પોતાના વાચકની અભિરુચિ અને અપેક્ષા સંતોષવાને કરીને, પ્રસ્તાવનામાં આ જ જગાએ એમણે કહ્યું છે તેમ, `કરણ ઘેલા વિશે જેટલી હકીકત ઇતિહાસ ઉપરથી જણાય છે તેમાં બીજી નવી કલ્પીત વાતો ઉમેરીને આ વાર્તાનો વિસ્તાર કીધો છે.' `કરણ ઘેલો'માં રોમાન્સ કહેતાં `રંજનકથા'નાં લક્ષણોનું પ્રમાણ વિશેષ છે તે આ જ કારણે. અલબત્ત, `કરણ ઘેલો'થી પૂર્વે જે અનૂદિત ગદ્યવાર્તાઓ ઉપલબ્ધ થઈ હતી તેણે વાચકોના વાર્તારસને દ્રવતો રાખ્યો હશે અને ગદ્યવ્યાયામ પણ કર્યો હશે, પરંતુ ગુજરાતી ભાષાની આ પ્રથમ મૌલિક કથામાં ગદ્યલઢણોને તદનુસાર પળોટવાનો પ્રયત્ન નંદશંકરને હાથે થયેલો છે.

પહેલી ગુજરાતી નવલકથા હોવાને નાતે `કરણ ઘેલો' સ્વાભાવિક ક્રમે પહેલી ઐતિહાસિક નવલકથા પણ ઠરે છે. કથાસમય તરીકે લેખકે હિંદુશાસનની સમાપ્તિ અને મુસ્લિમશાસનની શરૂઆત, એવો ગુજરાતના ઇતિહાસનો સંધિકાળ પસંદ કર્યો છે. લેખકના કાવ્યાત્મક શબ્દોમાં કહીએ તો ``એક જમાનો અસ્ત પામતો, બીજો ઉદયગિરિ ઉપર ડોલતો" હોય એવો ઐતિહાસિક કાળખંડ એ પસંદ કરે છે અને કથાને ઉપશીર્ષક પણ તદર્થાનુસારી જ આપે છે – `ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા.' લખતી વખતે જે કથાઓ એમની નજર સામે હતી તેનાં શીર્ષકો પણ આવાં જ હતાં – ``લાસ્ટ ઑફ ધી બૅરન્સ", ``લાસ્ટ ડેઝ ઑફ પૉમ્પિયાઈ", ``લાસ્ટ ઑફ ધી ટ્રિબ્યૂન."

કથાસમયની પસંદગીમાં ભલે અમુક અંગ્રેજી રોમાન્સ કૃતિઓની, એમાંની ઘટનાની નાટ્યાત્મકતાની પ્રેરણા રહેલી હોય, કથામાં રહેલી હેતુદૃષ્ટિ નંદશંકરની જીવનદૃષ્ટિને અનુસરે છે; કહે છે ઃ

`મગરૂબીનો માર – વ્યભિચારની હાર; ધર્મનો જય, પાપનો ક્ષય – આનો ચિતાર આલેખવા ઉચિત ઐતિહાસિક સમય પસંદ કરવાની મારી ઇચ્છા હતી.'

– નંદશંકર જીવનચિત્ર, 1961, પૃ. 177

કરણ ઘેલાનો અલાઉદ્દીનના હાથે પરાભવ શા કારણે થયો એ દર્શાવતા કથાચિતારમાં હેતુની સિદ્ધિ છે. વિષયાસક્ત કરણ પોતાના મંત્રી માધવની પત્ની રૂપસુંદરીનું અપહરણ કરે છે. એથી રોષે ભરાયેલો માધવ અલાઉદ્દીનને ગુજરાત પર ચઢાઈ કરવા તેડી લાવે છે. પરાજય પામીને નાસી છૂટેલો કરણ રખડી–રઝળીને છેવટે બાગલાણના કિલ્લામાં કરુણ મૃત્યુ પામે છે. ગુજરાત પર અલાઉદ્દીનની ચઢાઈની આ ઘટના લેખકે ઇતિહાસમાંથી લીધી. કથાની એ મુખ્ય ઘટના છે. તેનું નિરૂપણ કરતી વખતે ઐતિહાસિક નવલકથામાં જળવાવાં જોઈતાં તથ્યો એમણે જાળવ્યાં નહિ અને કથાવસ્તુમાં ફોર્બ્સસંપાદિત `રાસમાળા' તથા `કુમારપાળચરિત'માંથી દંતકથારૂપ સામગ્રી ઉપાડીને પ્રચુર માત્રામાં એમાં દાખલ કરી; એટલું જ નહિ સમકાલીન સુરતમાં બનેલા કેટલાક બનાવો, એથી સર્જાયેલી પરિસ્થિતિઓ અને પ્રચલિત થયેલી લોકમાન્યતાઓ પણ એમાં છૂટથી ઉમેરી. એથી તો પ્રખર વિવેચક વિશ્વનાથ ભટ્ટ આ કૃતિને `સર્જન' ન કહેતાં `સંકલન' કહે છે.

કથામાં કરણનું પાત્ર મુખ્ય છે, કથાશીર્ષકમાં પણ એવું સૂચન છે, પરંતુ એને જ કેન્દ્રમાં રાખીને કથાવિકાસ થતો નથી, કરણના આખા કુટુંબને લેખકે કથામાં સામેલ કર્યું છે. એ કારણે પણ વસ્તુનો પ્રસ્તાર થયો છે અને સંકલના શિથિલ થઈ છે. મુખ્ય કથાવસ્તુમાં આ

સિવાય પણ લેખકે કેટલાય એવા પ્રસંગો દાખલ કરેલા છે જેમનો વસ્તુમાં વણાટ થતો નથી, તેથી એ છૂટી પડી ગઈ છે. ગોર મહારાજે માધવને આપેલું મૂળરાજનું દૃષ્ટાંત, માતાજીની ગાયો ચરાવવાનું મહેનતાણું લેવા ગયેલા ગોવાળિયાની વાત, જૈન ધર્મનાં દહેરાં વિશેની દંતકથા, દ્રવ્યલાલચુ ડોશી અને ધનલાલસામાં તેની હત્યા કરનાર ભત્રીજાનો પ્રસંગ, ઉઘાડી તલવારે દક્ષિણા માગતા બ્રાહ્મણોનો બનાવ, દિવાળીને દિવસે હિન્દુ-મુસલમાન વચ્ચે થયેલું હુલ્લડ, મોઘીસુદ્દીન કાઝી અને અલાઉદ્દીન વચ્ચે થયેલા સવાલ-જવાબ, હરપાળ-શક્તિની કથા, સિદ્ધપુરમાં શૈવ અને જૈન ધર્મના સંભળાવેલા પ્રસંગો, વાણિયા પાસેથી પૈસા લેવા માટે ભાટે કરેલી સ્વજનોની હત્યા, જઝિયાવેરા અંગેના કાવતરામાં સપડાયેલા બિહારીલાલની રામકહાણી, ભીમદેવ-દેવળદેવી જેમને ઘેર ઊતરેલાં તે ભાટભટાણીની વાત : આ બધા પ્રસંગો કથાપ્રવાહમાં જુદા તરી આવે છે, નવલકથાના વક્તવ્યને પણ એ પુષ્ટ કરતા નથી.

કથાવસ્તુમાં જે પ્રસંગો અલગ પડી ગયા છે તેનું નિર્વહણ કરવામાં પણ લેખકને ઠીક-ઠીક આયાસ કરવો પડ્યો છે, એને લઈને કથાપ્રવાહની ગતિ એકસરખી જોઈ શકાતી નથી. એનું એક ઉદાહરણ આ રહ્યું :

“હવે પાછા આપણે અણહિલ્લપુર પાટણના કરણઘેલા રાજાની ભેટ લઈએ અને જેટલી વાર આપણે તેનાથી આઘા હતા તેટલી વારમાં શા-શા બનાવો બન્યા તેનું ટુંકમાં વર્ણન કરી આગળ શું બને છે તેથી વાચનારાઓને વાકેફ કરીએ.”

એવી જ રીતે એક બીજી જગ્યાએ કરણની વ્યથાનું નિરૂપણ કરવાને બદલે એ ‘ચાર વર્ષ કૂદી જઈને’ આગળ વધે છે. અને કરણ લડાઈ કરવાની તૈયારીમાં પડ્યો હોય છે ત્યારે વાચકને પાટણ તરફ તેમજ ભીમદેવની સવારી દેવનાગરી તરફ જતી હોય છે તે વખતે અલફખાં પાસે ઘસડી જાય છે. ગુજરાતી નવલકથાના આરંભકાળનું આ લક્ષણ ‘સરસ્વતીચંદ્ર’ અને પછી ‘કોનો વાંક ?’ જેવી નવલકથામાં છેક મુનશી સુધી લંબાતું નજરે પડે છે.

લેખકની કથનકલા અનેક સ્થળે જિજ્ઞાસારસ જાગ્રત કરી શકે છે, પરંતુ પછી તેને દ્રવતો રાખવાને બદલે લેખક પોતે વાચકને પ્રગટ સંબોધન કરીને તરત તેનું શમન કરી નાખે છે, તેથી રસક્ષતિ થાય છે; એવાં બેએક સ્થાનો આ રહ્યાં :

‘વાચનારાઓએ ઓળખ્યો તો હશે; તે ગુજરાતના કરણરાજાનો માજી પ્રધાન માધવ હતો.’

‘આ માણસ કોણ છે તે... જણાવીએ છીએ. તે માણસ કરણઘેલો હતો.’

કથાના અંતનું ઇંગિત પણ લેખકે અધવચ્ચે જ કરી દીધું હોવાથી ગતિ અટકી ગઈ છે, વાચકને પણ પછીના ભાગમાં રસ રહેતો નથી અને કલાદૃષ્ટિએ પણ કૃતિને ઘણી હાનિ થવા પામી છે.

કથાપ્રવાહની ગતિની બાબતમાં પ્રમાણભાન જળવાયું નથી. ક્યાંક એની ગતિ દ્રુત તો ક્યાંક વિલંબિત થઈ ગઈ છે. કરણ રૂપસુંદરીનું અપહરણ કરાવે છે અને પછી સતી થતી ગુણસુંદરી પાસે આશીર્વાદ માગવા દોડી જાય છે તે પ્રસંગોમાં ઉતાવળ થયેલી જોઈ શકાય છે; તો વૈરાગ્નિથી પ્રજ્જ્વળતા માધવના દિલ્હી જતી વખતના નિશ્ચિંત ભ્રમણની નવલરામ વગેરેએ આકરી ટીકા કરેલી છે.

કથારંભે પાટણનો વિનાશ સૂચવતી ભવિષ્યવાણી થાય છે. એ પછી રૂપસુંદરીના હરણ વખતે અને બ્રહ્મહત્યા વખતે કુદરતના કોપની આગાહી થાય છે. ગુણસુંદરીનો શાપ અને મૃત્યુ પામતા ભાટનાં દુર્વચનોમાં પણ આની આ યુક્તિનો ઉપયોગ કરાયો છે.

કથામાં અત્રતત્ર આવતા ચિંતનખંડો કાર્યવેગને અવરોધે છે. કરણને પુરોહિતે પ્રબોધેલો રાજધર્મ, ભાટ અને બ્રાહ્મણ વચ્ચે રાજા અને બ્રાહ્મણના વર્ચસ્વ વિશે થયેલી ચર્ચા, કરણ રૂપસુંદરી પ્રત્યે ઉદાસીન બન્યો ત્યારે માનવમનની ચંચળતા અંગેની વિચારણા, કાળીના મંદિર

પાસે દેહદમન કરતા ભક્તોને જોઈને નવાઈ પામતા માધવને સંન્યાસીએ સમજાવેલો સંન્યાસી-ધર્મ, સંન્યસ્તવિધિ, યોગીઓનું કષ્ટ, ઇદ્રિયનિગ્રહ અને સંસારસાગરનું રૂપક, કરણ સિદ્ધપુરની યાત્રાએ જાય છે એ વખતનું તીર્થલાભનું વિવેચન, બળી મરવાનો નિશ્ચય કરતી કૌળારાણીના મુખમાંનું દીર્ઘ કીર્તિમાહાત્મ્ય, કરણને પુત્રીઓ મળે છે ત્યારે મનુષ્યને સ્ત્રીથી મળતા સુખ વિશે સ્ત્રી-પુરુષના પ્રેમ તથા લગ્ન વિશેના વિચારો, બિહારીલાલ પર આવી પડેલા સંકટ-નિમિત્તે આ જગતમાં પ્રામાણિક માણસોને વેઠવી પડતી આપદાનું નિવારણ, કરણ-અલાઉદ્દીનની લડાઈ વખતે યુદ્ધના વાજબી-ગેરવાજબીપણાની સમીક્ષા, વેરાગી, બ્રાહ્મણ અને કરણ વચ્ચેની સુખ વિશેની ચર્ચા : આ બધું કથાધારાને મંદ પાડે છે અને નવલકથાને નિબંધનો પાસ બેસે છે.

“કરણઘેલો”ની કથાનો વિકાસ ઘટનાઓને આધારે થયેલો છે. આથી તેને આપણે ઘટનાપ્રધાન નવલકથા કહી શકીએ. એમાં મહત્ત્વ પાત્રોનું નહિ તેટલું પ્રસંગોનું છે. પાત્રોએ પ્રસંગોને અનુરૂપ વર્તવું પડે છે એટલે બહુધા તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ બંધાઈ શકતું નથી. ક્યારેક ક્યાંક તેમની લાક્ષણિક રેખાઓ પ્રગટે છે ખરી, પરંતુ તે સાદ્યંત જળવાતી નથી. માધવ દ્વારા શાહજાદાનો ઉન્મત્ત હાથી પરથી બચાવ, હરપાળ દ્વારા બાબરા ભૂત પાસેથી ફુલારાણીની મુક્તિ, લોકને રંજાડતા વાઘનો શંકરદેવે કરેલો વધ અને તેના પ્રત્યે દેવળદેવીનું આકર્ષણ, અલાઉદ્દીનના સૈનિકો કરણનો મહેલ ઘેરી લે છે એ વખતે મુસલમાનનો વેશ પહેરીને નાસી છૂટતી કૌળારાણીનાં પરાક્રમો, દેવળદેવીને લઈને જતા ભીમદેવની દેવળદેવીની વિધાત્રી સાથેની મુલાકાત વગેરે અસંભવિત, અદ્ભુત કે અતિચિત્રિત અને કુતૂહલપ્રેરક સ્થૂલ બનાવોમાં પાત્રો અટવાઈ જાય છે એટલે તેમની વિશેષતા પ્રગટતી નથી.

લેખકે પ્રધાન-ગૌણ સર્વ પાત્રોના બાહ્ય દેખાવનું વિગતપ્રચૂર ઝીણું વર્ણન આપ્યું છે. તેના આંતરિક ગુણદોષનો પણ તે આરંભમાં જ પરિચય આપી દે છે અને પાત્રોનું સઘળું વર્તન તે પ્રમાણેનું હોય છે. આવાં કેટલાંક ચિત્રણો સચોટ પણ બની શક્યાં છે; જેમ કે, મોઢેરાના ઘાટ પર ફરતા કરણની ભયંકરતાનું વર્ણન.

પોતાની પત્નીના અપહરણથી માધવના અંતઃકરણમાં થતો વૈરના બીજનો નિક્ષેપ, બદલો લેવાની ભાવનાથી તેણે અલાઉદ્દીનને કરણ પર આક્રમણ કરવા આપેલું આમંત્રણ, વચ્ચે-વચ્ચે તેના અંતરમાં ઊછળી આવતી સ્વદેશાભિમાનની ભાવના અને અંતે પ્રાયશ્ચિત્તથી થતી તેની હૃદયશુદ્ધિ : એવા ક્રમે થયેલો માધવનો પાત્રવિકાસ સારો છે. શ્રી નગીનદાસ પારેખે અવલોક્યું છે :

‘મંત્રણા પછી એકલા પડેલા માધવ આગળ તેના જીવનનાં ચિત્રો ખડાં થાય છે અને તે બાળકની પેઠે રડી પડે છે! પોતાના દેશ ઉપર મ્લેચ્છોને લઈ આવ્યો એથી તેનું વેર તૃપ્ત થયું પણ તેને પોતાના એ કાર્ય માટે પસ્તાવો થયા કરતો હતો. તેનાં દેશાભિમાન અને ધર્માભિમાન અત્યાર સુધી દબાઈ રહેલાં હતાં તે જાગ્રત થયાં અને તે બેચેન બની ગયો, એવું લેખકે કહ્યું છે, પણ એ પસ્તાવો કે દેશાભિમાન કે ધર્માભિમાન એની કરણીમાં પ્રગટ થતાં નથી.’

પણ એ તો તેની વૈરવૃત્તિની એટલી પ્રબળતા. વળી, આગળ જતાં શ્રી પારેખે આવું નિરીક્ષણ પણ કર્યું છે :

‘આ કથાનાં બધાં જ મુખ્ય પાત્રો એવાં છે, જેમની પ્રત્યે વાચકને આદર જાગી ન શકે.’

પરંતુ પાત્રોને માટે આદરભાવ જાગ્રત થવો શું જરૂરી છે? એ જેવાં છે તેવાં રૂપે કેવાં અને કઈ રીતે ચિત્રિત થયાં છે, એ જ જોવાનું રહે છે.

આ કથામાં એવાં ઘણાં સ્થાનો છે જ્યાં લેખક ચરિત્રોનું ચિત્રણ અસરકારક રીતે કરી શક્યા હોત; ઉદા., પોતાના પુત્રોને અંધ કરી મારી નાખવામાં આવ્યા છે તેમ સાંભળીને મલેકજહાનમાં આવી ગયેલી મૂઢતા, નિવૃત્ત થયેલા કરણને સાંભરતાં તેનાં દુષ્કૃત્યો અને એ

કારણે તેના મનનો વલોપાત, માનસપટ પર પલટાતાં જતાં ગત જીવનનાં સ્મૃતિચિત્રોથી બાળક જેમ મોટેથી રડી પડતા માધવની અસ્વસ્થતા, કિલ્લાના દરવાજા ખોલી નાખવા માટે ગ્રામજનોને રજા આપતા અને પુત્રીહત્યા કરવા જતાં પાછા પડતા અને આત્મહત્યા કરવા તૈયાર થતા કરણના અંતરનું ભીષણ ઘમસાણ, ઘરેણાં લૂંટવા માટે દેવળદેવીનું ખૂન કરવા જતી, પણ પછી અંતરાત્માના અવાજને વશ થતી ભટાણીનું મનોમંથન, દેવળદેવી શાહજાદાને વરી છે એ સમાચાર સાંભળીને કરણને લાગેલો આઘાત: વાચકને આ બધું પ્રત્યક્ષ કરાવી શકાયું હોત.

આ બધું થઈ શક્યું હોત, કારણ કે લેખક પાસે માનવમનની પારખુ દૃષ્ટિ છે તેની પ્રતીતિ આપણને અનેક ઠેકાણે થાય છે. માધવની હવેલીમાં હવનની પૂર્ણાહુતિ પછી સૌ વિદાય લે છે પણ જેઠાશા શાહુકાર, ભાણો પટેલ તથા વિજયદત્ત પંડ્યા માધવ સાથેની મૈત્રીનો દાવો સિદ્ધ કરવા રોકાય છે તેની લેખકે લીધેલી નોંધ; વિજયદત્ત પોતાનું દુઃખ માધવને કહે છે એટલે બીજા લોકોથી પણ પોતપોતાનું કામ કઢાવી લેવા દુઃખ ગાયા વગર રહેવાતું નથી, એવા માનવસ્વભાવલક્ષણની લેખકની સમજ; ક્ષત્રીધર્મી કરણને નિષ્કર્મ બાવાઓ પાસેથી નાસી જતો બતાવીને લેખકે આલેખેલું તેનું સ્વાભાવિક વર્તન; રામગઢના રાજાને અલાઉદ્દીનને શરણે જતો જોઈ તેના આશ્રયનો ત્યાગ કરતો તો બીજી બાજુ કાફૂરનો પ્રતિકાર કરતા ભીમદેવ-શંકરદેવને છેલ્લા શ્વાસ સુધી સાથ આપતો કરણ; દેવળદેવીની વિરહાવસ્થા; આ સર્વ સ્થાનો લેખકનાં માનવવૃત્તિવલણોના અભ્યાસનાં દ્યોતક છે.

પ્રારંભમાં શૌર્યવંતી ટેકીલી રજપૂતાણીરૂપે ચિત્રિત થયેલી પરંતુ પછી અલાઉદ્દીનની સાથે સંતોષથી રહેતી કૌળારાણીનું ચરિત્ર વિસંગત છે. માધવની વૈરવૃત્તિ પણ ક્યાંય મૂર્ત થતી નથી. તેના ઉદ્ગારોમાં ક્યાંય તેનું મંથન આકાર લેતું દેખાતું નથી. તે જ્યારે-જ્યારે મૂંઝવણ અને મુશ્કેલી અનુભવે છે ત્યારે-ત્યારે તરત અતીન્દ્રિય તત્ત્વો તેને સહાય કરે છે.

સફળ સંવાદરચના આ કૃતિમાં નથી એમ નહિ : કાઝીસાહેબને સરપાવ આપતી વખતની અલાઉદ્દીનની ઉક્તિ તેના ચરિત્રનું નૂતન પાસું પ્રગટ કરે છે. કરણ અને ભીમદેવ દેવળદેવીને લઈને બાગલાણના કિલ્લામાંથી નાસી જાય છે ત્યારે નિરાશ થયેલા મુસ્લિમ સૈનિકો અને મલેક જાફરનો વાર્તાલાપ પાત્રોચિત, અને તે કારણે આકર્ષક છે. અણહિલપુર પાટણને છોડી જતા રજપૂતોનો આવેશયુક્ત કરુણ પોકાર પણ હૃદયસ્પર્શી છે. પરંતુ સંવાદો ચરિત્રોને ખીલવવામાં હંમેશાં સહાયભૂત થતા નથી. દીર્ઘસૂત્રતા, અનુચિતતા, દૃષ્ટાંતોની પરંપરા, ચિંતનભાર અને કૃત્રિમતા સંવાદને કલામય બનતાં અટકાવે છે; ઉદા. અલાઉદ્દીનનો અમીર ખાસ્સું દોઢ પાનું ભરીને પોતાના લશ્કરની સજ્જતાનો ખ્યાલ આપીને ધમકી ઉચ્ચારે છે અને કરણ મૂંગોમૂંગો એ સાંભળી લે છે! જ્યાં એની પ્રતિક્રિયાની અપેક્ષા હતી ત્યાં લેખક આવો ખુલાસો કરે છે :

‘આટલી વાત સાંભળતાં સાંભળતાં જ કરણને વારે-વારે ક્રોધનો આવેશ તો આવતો હતો, પણ તેણે અત્યાર સુધી તેના મન ઉપર અંકુશ રાખ્યો હતો.’

કરણનું ચરિત્ર જોતાં વસ્તુતઃ એને માટે આટલો લાંબો સમય આવો સંયમ રાખવો શક્ય નથી લાગતો.

એવી જ રીતે અલાઉદ્દીનના અમીરના મુખમાં ‘લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે’ એ રૂઢિપ્રયોગ અસંગત જણાય છે.

પ્રકરણ 12માને મથાળે બિહારીલાલની ઉક્તિ ટાંક્યા પછી લેખક તેની રામકહાણી વર્ણવે છે અને છેલ્લે તેમને કહેવું પડ્યું છે :

‘ઉપર કહ્યા પ્રમાણે તે એક મહેલ આગળ ઊભો રહી આ પ્રકરણને મથાળે જે શબ્દો લખ્યા છે તે બોલ્યો.’

આ સંજોગોમાં સંવાદ શિથિલ પડી ગયો છે.

દેવળદેવી-શંકરદેવના ગુપ્ત મિલન-વખતનો તેમનો સંવાદ લેખકે ટાળ્યો છે, પરન્તુ એમ કરીને સંવાદરચનાની તેમની અશક્તિને પ્રગટ થતી તેઓ ટાળી શકતા નથી. એ વખતના એમના પ્રણયકોલ પણ નાટકીય બની ગયા છે.

વિષયાંતરો અને વિસંગતિઓને લઈને વસ્તુસંકલનામાં આવી જતી શિથિલતા, નિર્જીવ પાત્રાલેખન અને કૃત્રિમ સંવાદો આ નવલકથાની મુખ્ય મર્યાદાઓ છે. કથામાં આવતાં તાદૃશ અને જીવંત વર્ણનો ધ્યાન ખેંચે છે. પ્રકૃતિસૌંદર્ય, દશેરાની સવારી, રાજદરબાર, આગ અને યુદ્ધનાં વર્ણનોમાં એનાં દૃષ્ટાંતો મળે છે; પરંતુ વર્ણનોમાં જ્યાં પ્રસ્તાર થાય છે, ત્યાં મર્યાદા ઊભી થાય છે. લેખકની વર્ણનકલા સર્વત્ર એકસરખી ખીલી નથી. અલાઉદ્દીન અને કરણની લડાઈનું વિસ્તૃત વર્ણન અહેવાલ જેવું બની ગયું છે. એથી નથી યુદ્ધ પ્રત્યક્ષ થતું કે નથી એ યુદ્ધની અસરોનું ચિત્ર ઊભું થતું. લેખક પણ છેવટે જાણે થાકી-હારીને કહી દે છે :

‘તેનું વર્ણન તો વૈદકશાસ્ત્રમાં જેઓ પ્રવીણ હોય તેઓ જ કરી શકે.’

એવી જ રીતે એક અન્ય સ્થળે પણ લેખકે કહ્યું છે :

‘આ અકસ્માત આવી પડેલા દૈવકોપથી કરણને જે મહાવ્યથા થઈ તેનું વર્ણન કરવાની કાંઈ જરૂર નથી. તે યથાસ્થિત થઈ શકે પણ નહિ; ને થાય તોપણ તેથી વાંચનારાઓને સંતાપ માત્ર ઊપજે, તેથી તે ઉપર પડદો ઢાંકી દઈ-’

પણ વર્ણન કરવાની લેખકની અશક્તિ પર એમ કંઈ પડદો પડી શકતો નથી!

“કરણઘેલો”ની ભાષા તેના વિષયને અનુરૂપ ગૌરવશાળી છે. શિષ્ટ અને પ્રાસાદિક ભાષા તથા પ્રૌઢિયુક્ત શૈલી તેનું એક સબળ અંગ છે. નર્મદે ઈ.સ. 1851માં પોતાનો નિબંધ ‘મંડળી મળવાથી થતા લાભ’ વાંચ્યો ત્યારથી ગુજરાતી ગદ્યનો આરંભ થયો મનાય છે, તો “કરણ ઘેલો”ના પ્રકાશન વખતે તેને હજુ પંદર વર્ષ જ થયાં હતાં અને ગુજરાતી ગદ્યનું ખેડાણ પણ એટલા વખતમાં બહુ નહોતું થયું, છતાં નંદશંકરની ગદ્યશૈલીએ “કરણ ઘેલો”માં જે ઉન્મેષો પ્રગટાવ્યા છે તે સમસ્ત ગુજરાતી ગદ્યક્ષેત્રે અપૂર્વ અને ચિરંજીવ છે. આથી જ કવિ શ્રી કાન્ત જેવા સૂક્ષ્મ રસજ્ઞ માને છે :

“ભાષામાં તો ‘કરણ ઘેલો’ જ સર્વોત્તમ છે એમ હજી કેટલાંએક વર્ષો સુધી કહેવું પડશે.”

ગાંધીજીએ પણ કહ્યું છે :

‘તે ગુજરાતી ભાષાની પ્રૌઢતા બતાવનાર પુસ્તક છે.’

નંદશંકરની શૈલી ઉપર અંગ્રેજી-સંસ્કૃત રીતિની અસર વરતાય છે. સ્વ. વિશ્વનાથ ભટ્ટે મેકોલેના ગદ્યગુણો ‘અદ્ભુત વર્ણનશક્તિ, રંગદીપ્તિથી ચમકતી ચિત્રાત્મકતા, ભાષાનો અજબ વેગવંતો પ્રવાહ, આશ્ચર્યજનક સ્મરણશક્તિ અને વાચકને મુગ્ધ કરી દે એવી વાક્છટા’ નંદશંકરની ભાષાશૈલીમાં જોયાં છે.

નંદશંકરની ભાષામાં ‘ઘટ’, ‘રુધિર’, ‘સ્તંભન’, ‘કનિષ્ઠ’ જેવા સંસ્કૃત શબ્દો, ‘રહેમ’, ‘પ્યાર’, ‘બુઝર્ગ’, ‘ખ્વાહેશ’, ‘ખુશબોદાર’, ‘ઝેબ’, ‘નાઉમેદ’, ‘તદબીર’, ‘એબ’ જેવા ઉર્દૂ-ફારસી શબ્દો, ‘હોણ’, ‘રાંડ’, ‘ટાહેલું’ જેવા તળપદા-ગ્રામીણ શબ્દો અને ‘કમકમાટ’, ‘ટગરમગર’ જેવા દ્વિરુક્ત શબ્દો યથાસ્થાને સહજપણે બેસી જાય છે.

કેટલાક શબ્દપ્રયોગો સંદિગ્ધ જણાય છે : યજમાનના અર્થમાં ઘરધણી (પૃ. 4 અને પૃ. 89), ‘ગડબડ’ ઉપરથી ‘ગડબડાટ’, વગેરે.

‘રૈયત રાજા રામચંદ્રની પણ થઈ નથી’, ‘માગ્યા વના મા પણ ન પીરસે’, ‘ગરજ સરી એટલે વૈદ વેરી’, ‘સાપના બચ્ચાને દૂધ પાઈને ઉછેરવું’, ‘શૂળીનું વિઘ્ન કાંટે જાય’, ‘લાખ રૂપિયાનું થવું’, ‘એક ભવમાં બે ભવ થયા’, ‘દુઃખનું ઓસડ દહાડા’, ‘સાચને કદી ન આવે આંચ’, ‘પેટના દુઃખથી મગજ ઉપર ઔષધ લગાડવું’, ‘આંખો ફોડવી’, ‘જર ચાહે સો કર’,

'બકરી કાઢતાં ઊંટ પેસે છે', 'જેવો દેશ તેવો વેશ', 'નગારખાનામાં તતુડીનો અવાજ', 'જેની તે તેની દેઘ', 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ', 'આડો આંક વાળવો', 'મિયાં પડે પણ ટંગડી ખડી', 'તલવારની ધાર ઉપર ચાલવું', 'રાત થોડી અને વેશ ઘણા', 'મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે', 'આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ', 'ધોલ મારી તો ધૂળ ઊડી ગઈ', 'જીવમાં જીવ આવવો', 'દહાડા જ વાંકા બેઠા છે', 'પાણી ફરવું', 'મન વાળવું', 'ટીપું પાણી રેડવું', 'લોહી ઊડી જવું' જેવા રૂઢિપ્રયોગો અને કહેવતોનો તેમણે સમુચિત પ્રયોગ કર્યો છે.

નંદશંકરની ભાષા મુખ્યત્વે ગંભીર છે. એમનાં ચિંતનકણો હૃદ્ય છે; જેમ કે ઇંદ્રિયસંયમ વિશેના વિચારો, સંસારસાગરનું રૂપક, નદીની મહત્તા અને માનવજીવનને આપેલી નદીની ઉપમા. તેમાં ક્યાંક હાસ્યની ચમક પણ જોઈ શકાય છે : માધવની હવેલીમાં જતા બ્રાહ્મણોનું વર્ણન, જેઠાશાનું વર્ણન પણ આવાં ઉદાહરણો બહુ નથી અને છે તે પણ સ્થૂળ હાસ્યનાં છે.

નંદશંકરની શૈલીની કમનીયતા, રસાળતા અને અવનવી વાક્ છટા જોવા મળે છે તેમનાં વર્ણનોમાં. શરદની રાત્રિનું, અરુણોદયનું, દશેરાની સવારીનું, કરણના દરબારનું, સાલગીરી પ્રસંગે યોજાયેલી વિવિધ તુલા, અગડ, સાઠમારી, રોશની, સવારી અને આતશબાજીનું, કાળરાત્રિએ હરપાળે પાણીમાંથી કાઢેલા શબનું વર્ણન આવાં દૃષ્ટાંતો છે. તે એક જ લસરકે આખું દૃશ્ય ખડું કરી દે છે :

'દેખાવ કેવો જુદો-જુદો? આકાશ આસમાની, મેદાન રેતાળ, દહેરાં સ્ફટિકનાં, ઝૂંપડાં નીચાં, જંગલ મોટાં અને પહાડો ઊંચાનીચા હતા.'

યુદ્ધને કારણે માણસના મનની વિકૃત પ્રતિક્રિયાનું ચિત્રણ મનોવૈજ્ઞાનિક છે.

નંદશંકરની શૈલી ઓછા, પણ આકર્ષક અલંકારો ધારણ કરે છે. દૃષ્ટાંતોની પરંપરામાં તેમ રૂપક, ઉત્પ્રેક્ષા, ઉપમામાં સચોટતા અને પ્રવાહિતા જોઈ શકાય છે. સંસાર માટે સાગર અને વહાણને માટે માનવસમાજનું દીર્ઘ રૂપક જે સફળતાપૂર્વક તે યોજીને નભાવી શક્યા છે તે તેમની કુશળતાનું અને સિદ્ધહસ્તતાનું ધોતક છે.

નંદશંકરે પ્રસ્તાવનામાં કહ્યું છે કે 'મગરૂબીનો માર, વ્યભિચારીની હાર, ધર્મનો જય, પાપનો ક્ષય' બતાવવાનો આ કથાનો ઉદ્દેશ છે પરંતુ શ્રી. નગીનદાસ પારેખે ઉચિત રીતે જ ધ્યાન ખેંચ્યું છે :

" 'મગરૂબીનો માર, વ્યભિચારીની હાર, પાપનો ક્ષય', એટલું તો આ કથામાં મૂર્ત થતું બતાવ્યું, પણ એમાં ધર્મનો જય થતો ક્યાંય જોવા મળતો નથી. મુસલમાનોનો જય થયો છે, પણ તે ધર્મનો જય છે એમ ભાગ્યે જ કહી શકાય."

એટલું જ નહિ, પરંતુ એ રીતે જોતાં તો એમાં 'પાપનો ક્ષય' થયેલો પણ જોવા મળતો નથી. માધવને છેતરીને તેની સ્ત્રીનું હરણ કરાવનાર, તેના ભાઈની હત્યા કરાવનાર અને તેની પત્ની માટે સતી થવાના સંજોગો સર્જનાર કરણનાં પાપનો ક્ષય કરવા જતાં અલાઉદ્દીનને હાથે એવાં જ પાપો થયાં છે. એ રીતે આ કથામાંથી 'હણો ના પાપીને દ્વિગુણ બનશે પાપ જગનાં'નો સંદેશ પણ આપણે સાંભળી શકીએ અથવા લેખકને ઉદ્દિષ્ટની જ વાત કરવી હોય તો તે 'મગરૂબીનો માર, વ્યભિચારીની હાર' જ છે એમ કહેવું જોઈએ. એથી જ તો કરણના 'મોત પછી ગુજરાત રંડાયું; તે પારકા દેશના મ્લેચ્છ લોકોના હાથમાં ગયું' તેનો કોઈ કરુણ પ્રતિભાવ ભાવકના ચિત્તમાં જન્મતો નથી, કારણ કે તે જાણે છે કે તે કરણે કરેલાં પાપનું પરિણામ હતું. શાસકના પાપાચરણના ભાગી પ્રજાએ પણ બનવું પડે છે એ લેખકે આ 'ગુજરાતના છેલ્લા રજપૂત રાજા'ની વાર્તામાં સૂચવ્યું છે.

'કરણ ઘેલો'ના વાચન દરમિયાન આજના ભાવકના ધ્યાનમાં સૌ પ્રથમ એની ક્ષતિઓ આવશે. ગુજરાતને નવલકથાના એક નવીન સાહિત્યપ્રકારનો પરિચય કરાવવાના સભાન પ્રયત્ન

રૂપે જ નંદશંકરે આ કૃતિ લખી હતી અને આપણે જોઈએ છીએ કે તેમાં નવલકથાસ્વરૂપની ઝાંખી થાય છે તેટલી કલાની થતી નથી, પરંતુ આવી-આવી ઊણપો હોવા છતાં, આપણે નોંધવું જોઈએ કે કેટલાક કલાત્મક અંશો અને એક કલાકૃતિ સિદ્ધ થઈ શકવાનો અવકાશ આપણી આ પ્રથમ નવલકથામાં, અને એવી શક્યતાઓ અંગેની સમજ તેના લેખકમાં હતી.

''કરણ ઘેલો''ના લેખકે એક નવા સાહિત્યપ્રકારનો ઢાળો માંડી આપીને તેનાં કલાતત્ત્વો પણ અમુક અંશે સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો. સાથોસાથ તેણે ગુજરાતી નવલકથાના એક પ્રેરક બળ જેવું કામ પણ કર્યું છે; તેને મળેલી સફળતા અને લોકપ્રિયતાએ દીર્ઘકાળ સુધી નવલકથાનો પ્રવાહ ઐતિહાસિક દિશામાં જ વહેતો રાખ્યો. એની અનુગામી કૃતિઓમાં છેક ''સરસ્વતીચદ્ર'' નવલકથાએ-જેનું સ્થાન ગુજરાતી નવલકથા સાહિત્યમાં અદ્યાપિ પર્યંત અદ્વિતીય છે-એના કરતાં ઉચ્ચ શિખર સર કર્યું. એ રીતે 'કરણઘેલો'નું ઐતિહાસિક મૂલ્ય મોટું છે. વિશ્વનાથ ભટ્ટે કહ્યું છે તેમ 'આપણી ભાષામાં કોઈ પણ સાહિત્યપ્રકારની શરૂઆત આવા સુંદર સબળ સ્વરૂપમાં થઈ હોય એવું લાગતું નથી.

તા. 15-8-2020 – **પ્રો. ધીરેન્દ્ર મહેતા**

સ્વાતંયદિન

પૂરક વાચન :

નંદશંકરથી ઉમાશંકર, ધીરેન્દ્ર મહેતાકૃત, અમદાવાદ, ગૂર્જર, 2010

દર્શક અને બીજા વિશે, ધીરેન્દ્ર મહેતાકૃત, અમદાવાદ, ગૂર્જર, 2015

કથા, તું બહુરૂપિણી !, ધીરેન્દ્ર મહેતાકૃત, અમદાવાદ, ગૂર્જર, 2019

દસમી આવૃત્તિવેળાએ
પ્રશિષ્ટનો પુનરાસ્વાદ

ઈ.સ. ૧૮૬૬માં ‘કરણ ઘેલો – ગુજરાતનો છેલ્લો રજપુત રાજા’ નવલકથા પ્રકાશિત થઈ. નંદશંકર તુળજાશંકર મહેતાની આ રચના ગુજરાતી ભાષાની પહેલી નવલકથાનું વિશિષ્ટ સન્માન પામી છે. તે અગાઉ કોઈક ફ્રેન્ચ લેખકની કૃતિ ઉપરથી ‘હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂંપડું’ એવા નામે એક પારસીએ લખેલી વાર્તાને પહેલી નવલકથાનો ચાંદ ચોંટાડવાની પણ કોશિશ આપણા સાહિત્યનો ઇતિહાસ લખનાર કોઈકે કરી છે. એમને વિનંતી એટલી જ કરવાની કે ‘કરણ ઘેલો’ જ પ્રથમ મૌલિક કૃતિ હોવાથી એ જ ‘પ્રથમ નવલકથા’ના માનની અધિકારી છે.

‘કરણ ઘેલો’ની ઘણીખરી પાત્રસૃષ્ટિ ઐતિહાસિક છે, ઘણાખરા પ્રસંગો ઐતિહાસિક અને સાચા બનેલા છે. એમાં નવલકથાસુલભ રંગો પૂરવા માટે નંદશંકરે કેટલાંક પાત્રો અને પ્રસંગોની કલ્પના કરી છે, તે એક સારા નવલકથાકારના અધિકારની રૂએ કરી છે. ખરેખર તો ઐતિહાસિક નવલકથામાં કેટલે અંશે તથ્ય અને કેટલે અંશે કલ્પના નભી શકે એનું આદર્શ ઉદાહરણ ભાષાની આ પહેલી જ નવલકથા આપી જાય છે એ કાંઈ નાનીસૂની વાત નથી. એની પછીની કેટલીક નવલકથાઓ આ સમતુલા જાળવી શકી નથી એ જોઈએ છીએ ત્યારે નંદશંકર માટે આપણું માન વધી જાય છે.

અલબત્ત, ‘કરણ ઘેલો’ પ્રથમ કૃતિને માટે સ્વાભાવિક એવી ઘણી ત્રુટિઓ ધરાવે છે. એ અતિ ગદ્યાળુ છે, એના સંવાદો અતિ લાંબા અને કૃત્રિમ છે, એમાં લેખક વારંવાર વાચકની સાથે સંવાદ કરવા મંડી પડે છે, એની ભાષા ક્યાંક આડંબરી તો ક્યાંક અઘરી બની જાય છે, વગેરે. પરંતુ એ વેળા દુનિયાભરની ભાષાઓ – (અને ખાસ કરીને નંદશંકર સામે ‘મૉડેલ’ તરીકે હતી તે અંગ્રેજી ભાષા)માં આ જ શૈલીથી લખાતું હતું. સર વૉલ્ટર સ્કૉટની ઐતિહાસિક નવલકથાઓ આવી જ દીર્ઘસૂત્રતા ધરાવતી હતી.

આમ છતાં, ‘કરણ ઘેલો’ આજે લગભગ સવા સદી પછી પણ પઠનીય અને રસપ્રદ રહી છે તે એની એક મોટી સિદ્ધિ છે. લેખકે પ્રસંગોનું નિરૂપણ એટલી ખૂબીથી કર્યું છે કે આજે પણ વાચકના ચિત્તને એ જકડી રાખે છે. કેટલીક વાર રીતસરની રહસ્યકથાની ઢબે, પાત્રનો પરિચય આપ્યા વગર એની ગતિવિધિનું નિરૂપણ કરીને વાચકના કુતૂહલને એ જાગ્રત કરે છે. ગુજરાતના છેલ્લા રજપૂત રાજા કરણ વાઘેલાની રૂપલોલુપતા અને એને પરિણામે એના સર્વનાશની કથા લેખકે ક્રમશઃ વધુ ને વધુ કરુણ રસ ધારણ કરતી શૈલીએ નિરૂપી છે, એથી વાચકનો રસાસ્વાદ સતત જળવાઈ રહે છે. અને આટલે વર્ષે પણ એનો પુનરાસ્વાદ રસિક બની રહ્યો છે તે જ એની પ્રશિષ્ટતાની સાબિતી છે. આમ, ‘કરણ ઘેલો’ માત્ર સાહિત્યના ઇતિહાસ પૂરતું મહત્ત્વ નથી ધરાવતી પણ એક કલાકૃતિ તરીકે પણ આજેય એનું વિશિષ્ટ મહત્ત્વ છે.

‘કરણ ઘેલો’માં ક્યાંક ભૂત-પ્રેત, શુકન-અપશુકન, મેલી વિદ્યા વગેરેમાં જાણે લેખક માનતા હોય એવું નિરૂપણ જોવા મળે છે. પરંતુ એનો જવાબ સ્વયં લેખકે ૧૮૬૬ની પોતાની પ્રસ્તાવનામાં આપ્યો છે કે આવી દંતકથાઓ હજુ પણ આ પ્રાંતમાં ચાલે છે તે માત્ર જણાવવાના હેતુથી જ એમનો સમાવેશ અહીં કર્યો છે. ઐતિહાસિક નવલકથાના સંદર્ભમાં નંદશંકરનો આ અભિગમ ચિંતનીય છે. સવાલ ઇતિહાસ પ્રત્યેની વફાદારીનો છે. નંદશંકર પોતે તો સુધારાવાદી હતા અને તમામ પ્રકારના વહેમોના વિરોધી હતા. પરંતુ પોતે જે યુગની કથા લખે છે તે યુગના લોકો જે વહેમોમાં માનતા હતા તેમનું નિરૂપણ કરવાનું એ વાજબી સમજે છે.

‘કરણ ઘેલો’ની ભાષા તો એ સમયે જેવી અને જેટલી ઘડતર પામી હતી તેવી છે. આ

પુનરાવૃત્તિમાં અમે એને યથાતથ રાખી છે. પરંતુ કેટલીક જોડણીઓ સુધારી છે, કારણ કે મૂળ જોડણી ઘણી વાર ખોટી, ગેરસમજૂતી કરે એવી અગર વણસરખી હતી, જેમ કે 'ફરીયાદ' અને 'ફરિઆદ'ને બદલે અમે 'ફરિયાદ' રાખ્યું છે. જૂજ શબ્દરૂપો પણ બદલ્યાં છે, જેમ કે 'ઇહાં' ને બદલે 'અહીં' તેમજ 'કીધું'ને બદલે 'કર્યું' જેવાં પ્રચલિત રૂપો પ્રયોજ્યાં છે. એક પ્રશિષ્ટ કૃતિની સાથે લાંબી છેડછાડ કરવાની ન હોય એ સમજણ સાથે માત્ર આટલા ફેરફાર કર્યા છે. જે જોડણીઓ તથા રૂપો બદલ્યાં છે તેમની એક સૂચિ પુસ્તકને છેડે આપી છે. આટલા ફેરફારને બાદ કરતાં, સંપૂર્ણ કૃતિનું અહીં મૂળ પ્રમાણે પુનર્મુદ્રણ કર્યું છે. એ માટે અમે કર્તાની જન્મશતાબ્દીના વર્ષ ૧૯૩૪ની આવૃત્તિને અનુસર્યા છીએ, તે અહીં નોંધીએ. (જોગાનુજોગ અહીં એ પણ નોંધવું પ્રાપ્ત થાય છે કે ૧૯૩૪થી ૧૯૮૬ના બાવન વર્ષોના ગાળા પર્યંત આ પ્રશિષ્ટ કૃતિને ગુજરાતે વિસારે પાડી દીધી હતી!)

આ આવૃત્તિની વાચના તૈયાર કરવાને બહાને આ ઉત્તમ કૃતિના શબ્દેશબ્દનો નિકટ પરિચય કેળવવાની અને એ રીતે ગઈ સદીની એક મહાન ગુજરાતી મેધાના સાન્નિધ્યમાં કેટલીય રાતો ગાળવાની મને તક આપવા બદલ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનો આભારી છું.

ઑગસ્ટ, 2007 – યશવન્ત મહેતા
૪૭/એ, નારાયણનગર
અમદાવાદ-૩૮૦ ૦૦૭

આપણી પહેલી નવલકથાની મૂલ્યવત્તા — 'કરણ ઘેલો' વિશે

'કરણ ઘેલો' (ઈ. સ. 1866)-ના પ્રકાશનથી ગુજરાતી ભાષામાં એક નવીન સાહિત્યસ્વરૂપનું અવતરણ થયું. એ સ્વરૂપ તે નવલકથા. કોઈ પણ નવપ્રસ્થાનરૂપ ઘટના એમને એમ ઘટતી નથી, એમાં નિમિત્તભૂત અનેક પરિબળો ભાગ ભજવતાં હોય છે, તેથી 'કરણ ઘેલો'ના અવતરણની ભૂમિકા કયાં પરિબળોએ રચી આપી હતી તે જાણવું જરૂરી છે.

જે કાળે આ ઘટના ઘટી તે કાળ ગુજરાતી સાહિત્યમાં સુધારકયુગ તરીકે ઓળખાય છે. 'કરણ ઘેલો'ના લેખક નંદશંકર તુળજાશંકર મહેતા (ઈ. સ. 1835-1905)-ની ખ્યાતિ સમાજસુધારક તરીકે હતી. નંદશંકરનો જન્મ અને ઉછેર સુરતમાં થયો હતો અને સુરત સંસારસુધારાનું કેન્દ્ર હતું. સંસારસુધારાની પ્રવૃત્તિએ ચળવળનું રૂપ ધારણ કર્યું હતું. અંગ્રેજોએ પહેલી કોઠી આ સુરત શહેરમાં નાખી હતી એ વીગત પણ યાદ રાખીએ કેમ કે, આ સંસારસુધારો જે નવજાગૃતિની નીપજરૂપ હતો એના પ્રેરક હતા અંગ્રેજો. સુધારકયુગ ઇતિહાસમાં નવજાગૃતિકાળની સંજ્ઞા પણ પામ્યો હતો.

આ નવજાગૃતિનું વાહન બન્યું શિક્ષણ. આ શિક્ષણે અંગ્રેજી ભાષાના માધ્યમથી અંગ્રેજી સાહિત્યનો, તેના વિવિધ પ્રકારોનો અને ભાષાના ગદ્યાત્મક સ્વરૂપનો આ સમયના આપણા સાહિત્યકારોને પરિચય કરાવ્યો, એટલું જ નહિ આપણી ભાષામાં એ પ્રકારનું ખેડાણ કરવાની પ્રેરણા પણ આપી.

શબ્દ-સુધાર-સૂચિ

‘કરણ ઘેલો’ની પહેલી આવૃત્તિ ૧૮૬૬માં પ્રકાશિત થઈ હતી. એ વખતનાં ઉચ્ચાર અને જોડણીઓમાં આજે ઘણા ફેરફાર થઈ ગયા છે. મૂળ કૃતિને અહીં આમ તો શબ્દશઃ પુનર્મુદ્રિત કરી છે, છતાં કેટલાંક ઉચ્ચારણો અને જોડણીઓમાં સમયાનુરૂપ ફેરફાર કર્યા છે. મૂળ કયા શબ્દોમાં અહીં કેવા સુધારા કર્યા તેનો વાચકોને ખ્યાલ આપવા માટે આ સૂચિ અહીં રજૂ કરીએ છીએ.

અખતિયાર–અખત્યાર
અગાસી–અગાશી
અધુરું–અધૂરું
અલબતાં–અલબત્ત
અહવાલ–અહેવાલ
આડતીયા–આડતિયા
આતસબાજી–આતશબાજી
આવર્દા–આવરદા
આસરે–આશરે
આહુતી–આહૂતિ
ઇહાં–અહીં
ઈનકાર–ઇન્કાર
ઈનસાફ–ઇન્સાફ
ઈહાં–અહીં
ઉઘડવું–ઊઘડવું
ઉઠવું–ઊઠવું
ઉદાશી–ઉદાસી
ઉન–ઊન
ઉપજતી–ઊપજતી
ઉંઘ–ઊંઘ
ઉંચું–ઊંચું
ઓઠ–હોઠ
કજીયો–કજિયો
કડકો–કટકો
કદ્દાવર–કદાવર
કન્યાકુબ્જ–કાન્યકુબ્જ
કબુલ–કબૂલ
ક્વીત–કવિત
કરાડો–કરાડ
કર્त्ता–કર્તા
કહાડ્યું–કાઢયું
કાબીલ–કાબિલ
કારકીર્દી–કારકિર્દી
કાશ્મિર–કાશ્મીર

કીનારી-કિનારી
કીનારો-કિનારો
કુખ–કૂખ
કુટવું–કૂટવું
કુતરા–કૂતરા
કુદવું–કૂદવું
કુવા–કૂવા
કુંકાવટી–કંકાવટી
કેટલાએક–કેટલાક
કેસુડી–કેસૂડો
કેહેણ–કહેણ
કેહેવત–કહેવત
કેહેવું–કહેવું
કોએલ–કોયલ
કોટી–કોટિ
કોડીયું–કોડિયું
ખશ્યો–ખસ્યો
ખીદમતદારો-
ખિદમતદારી
ખુઆરી–ખુવારી
ખુબસુરત–ખૂબસૂરત
ખુબી–ખૂબી
ખુશબો–ખુશબૂ
ખેડુત–ખેડૂત
ખંડીયો–ખંડિયો
ખંબાત–ખંભાત
ગલાલ–ગુલાલ
ગયલા–ગયેલા
ગામડીયો–ગામડિયો
ગુણિકા–ગણિકા
ગુન્હેગાર–ગુનેગાર
ગુન્હો–ગુનો
ગોવાળીયો–ગોવાળિયો
ઘાડું–ગાઢું
ઘુડ, ઘૂડ–ઘુવડ
ઘોઝારું–ગોઝારું
ચસ્માં–ચશ્માં
ચંપેલી, ચંબેલી–ચમેલી
ચાંચીયા–ચાંચિયા
ચીથરીયો–ચીંથરિયો

ચીઢવું–ચીઢાવું
ચીત્ર-ચિત્ર
ચુકવું–ચૂકવું
ચુડ–ચૂડ
ચુપ–ચૂપ
ચુલો–ચૂલો
ચુસવું–ચૂસવું
ચેહેન–ચેન
ચોઘડીયાં–ચોઘડિયાં
ચોબદાર–ચોપદાર
ચોંહોંટવું–ચોટવું
છઈયું–છૈયું
છુટ–છૂટ
છુટું–છૂટું
છુંદવું–છૂંદવું
જગોએ–જગાએ
જનૂન–ઝનૂન
જવાહીર, જવાહેર–જવાહિર
જાગૃત–જાગ્રત
જીંદગી-જિંદગી
જુઠું–જૂઠું
જુનું–જૂનું
જોય છે–જુએ છે
જોયેલી–જોયેલી
જોસ–જોશ
ઝુલવું–ઝૂલવું
ઝોકવું–ઝૂકવું
ટઉકો–ટહુકો
ટુંકું–ટૂંકું
ડુચો–ડૂચો
ડુબવું–ડૂબવું
ઢોલીયો–ઢોલિયો
તકીયો–તકિયો
તિતર–તેતર
તુટવું–તૂટવું
તુરત–તરત
તેહેવાર–તહેવાર
તોહોમત, તોહમ્મત–તહોમત
થંડું–ઠંડું
થોડાંએક–થોડાંક

દબીને–દબાઈને
દરિઓ, દરીયો–દરિયો
દક્ષણા–દક્ષિણા
દાઢેમડી–દાડમડી
દાહાડી–દાઢી
દાહાડો–દહાડો
દિવાલ–દીવાલ
દીયર-દિયર
દીવાળી-દિવાળી
દૂધ–દૂધ
દુનીયા–દુનિયા
દેહેરું–દહેરું
દેહેશત–દહેશત
ધણીયાણી–ધણિયાણી
ધનવંત્રી–ધન્વંતરિ
ધુણવું–ધૂણવું
ધુમસ–ધુમ્મસ
ધુરપત–ધરપત
ધુળ–ધૂળ
ધોતીયું–ધોતિયું
ધોધવો–ધોધ
નમુનો–નમૂનો
નહી–નહીં
નામરદ–નામર્દ
નાળીએરી–નાળિયેરી
નાહાનું–નાનું
નિમવું–નીમવું
નિમાજી–નમાઝી
નિર્લજ-નિર્લજ્જ
નિશાસો-નિસાસો
નિશો, નીશો–નશો
નુકશાન–નુકસાન
ન્હાસવું–નાસવું
પડોસ–પડોશ
પાહાડ–પહાડ
પિરસવું–પીરસવું
પીહેર-પિયર
પુછવું–પૂછવું
પુતળું–પૂતળું
પુરવું–પૂરવું

પુરું–પૂરું
પુંજી–પૂંજી
પેહેડીઓ–પેઢીઓ
પેહેરવું–પહેરવું
પેહેલાં–પહેલું
પેંઠું–પેઠું
પૈ–પાઈ
પોહોર–પહોર
પોહોળો–પહોળો
પોંહોંચવું–પહોંચવું
પોંહોંચી–પોંચી
ફરીયાદ–ફરિયાદ
ફાસફરસ–ફૉસ્ફરસ
ફીકર–ફિકર
ફુટવું–ફૂટવું
ફુલ–ફૂલ
ફુકવું–ફૂંકવું
બઇરી–બૈરી
બલીદાન–બલિદાન
બક્ષીશ–બક્ષિસ
બાબદ–બાબત
બાબે–બાબતે
બાળકપણ–બાળપણ
બાહાદુર, બાહાદૂર–બહાદુર
બાહાર–બહાર
બિગાડ–બગાડ
બચારું–બિચારું
બીછાનુંખ્રબિછાનું
બીછાવવું–બિછાવવું
બીરાજવું–બિરાજવું
બીલાડી–બિલાડી
બીહીક–બીક
બુમ–બૂમ
બુમાબુમ–બૂમાબૂમ
બેબાકળું–બેબાકળું
બેવકુફ–બેવકૂફ
બેશી–બેસી
બેહેક–મહેક
બેહેડું–બેડું
બેહેન–બહેન

બોહોણી–બોણી
બોહોળું–બહોળું
બંધીખાનું–બંદીખાનું
ભઇયા–ભૈયા
ભરોંસો–ભરોસો
ભર્તાર–ભરથાર
ભીખારી–ભિખારી
ભુખ–ભૂખ
ભુરો–ભૂરો
ભુલવું–ભૂલવું
ભુલા પડવું–ભૂલા પડવું
ભોમીયો–ભોમિયો
મજબુત–મજબૂત
મનસુબો–મનસૂબો
મહત્વ–મહત્ત્વ
મહાત્મ્ય–માહાત્મ્ય
મહીનો–મહિનો
માલમ–માલૂમ
માલીક–માલિક
માહારું–મારું
માંદળીયું–માદળિયું
મિયાન-મ્યાન
મીટ્ટી–મિટ્ટી
મુકર્દમો–મુકદ્દમો
મુકવું–મૂકવું
મુગો–મૂગો
મુદ્દત–મુદત
મુરઘાં–મરઘાં
મુર્છા–મૂર્છા
મુળરાજ–મૂળરાજ
મેહનત–મહેનત
મેહેતો–મહેતો
મેહેરબાની–મહેરબાની
મેહેલ–મહેલ
મેહેલવું–મેલવું
મેહેસુલ–મહેસૂલ
મોઈ–મૂઈ
મોહોર–મહોર
મંજુર–મંજૂર
મ્હાલવું–મહાલવું

મ્હોં, મ્હોડું–મોં
રજુ–રજૂ
રમણિક–રમણીય
રયાસત–રિયાસત
રુપું–રૂપું
રૂશવત–રુશ્વત
રેહેવું–રહેવું
લખરીત–લિખિત
લાહણું–લહાણું
લીલમ–નીલમ
લુગડાં–લૂગડાં
લુંટ–લૂંટ
લઈ જવું–લઈ જવું
લેહેર–લહેર
વદાય–વિદાય
વશિકરણ–વશીકરણ
વર્ષવું–વરસવું
વસુલ–વસૂલ
વહીતરું–વૈતરું
વાજીંત્ર–વાજિંત્ર
વાતચિત–વાતચીત
વાણીયા–વાણિયા
વાહલું, વાહાલું–વહાલું
વાંકું ચુકું–વાંકુંચૂકું
વિક્રાળ–વિકરાળ
વિજળી–વીજળી
વિગેરે–વગેરે
વીના–વિના
વીહીલું–વીલું
વેહેમ–વહેમ
વેહેલું–વહેલું
વેહેવાર–વહેવાર
વેહેવું–વહેવું
વેંહેંચવું–વહેંચવું
વેંહેંત–વેંત
વોહો–વહેણ
વંત્રી–વંતરી
વ્યંડળ–વ્યંઢળ
શાએર–શાયર
શિવાય–સિવાય

શીખામણ–શિખામણ
શેહેર–શહેર
શ્યાણા–શાણા
સણંગ–સુરંગ
સબુરી–સબૂરી
સરજીત–સર્જિત
સહેલથી–સહેલાઈથી
સંગાત–સંગાથ
સંભવીત–સંભવિત
સાતેમ–સાતમ
સાથીયા–સાથિયા
સારથી–સારથિ
સાલગિરી–સાલગિરાહ
સીસો–શીશો
સિંદુર–સિંદૂર
સુવું–સૂવું
સુંઠ–સૂંઠ
સુંઢ–સૂંઢ
સુંનત–સુન્નત
સેહેજ–સહેજ
સેહેલાઈ–સહેલાઈ
સેં–સો (દા.ત. પાંચસેં–પાંચસો)
સ્ફાટિક–સ્ફટિક
સ્વારી–સવારી
સ્હવાર–સવાર
સ્હોડ–સોડ
હઈયું–હૈયું
હજુર, હઝુર–હજૂર
હીસાબ–હિસાબ
હેંસી–એંશી
હોણ–ઓણ
હોશીયારી–હોશિયારી
હોંશ–હોંશ
ક્ષત્રી–ક્ષત્રિય

પ્રકરણ ૧ લું

એક ભાટના કવિત ઉપરથી જણાય છે કે ગૂજરાત એટલે ગુજ્જર દેશમાં સંવત ૮૦૨ એટલે ઈસવી સન ૭૪૬ના વર્ષમાં એક શહેર સ્થાપવામાં આવ્યું હતું. મહા વદ સાતમ ને શનિવારે પાછલા પહોરના ત્રણ વાગતે વનરાજનો હુકમ જાહેર થયો. જ્યોતિષવિદ્યામાં ઘણા પ્રવીણ એવા જૈનમાર્ગના જોષીઓને બોલાવી પ્રશ્ન કીધો, તે વખતે તેઓએ શહેરના જન્માક્ષર તપાસીને પ્રગટ કીધું કે ઈસવી સન ૧૨૯૭માં તે નગરનો નાશ થશે. આ નવા શહેરનું નામ

અણહિલપુર પાટણ પાડ્યું. હમણાં તે પાટણ અથવા કડી-પાટણ એ નામથી ઓળખાય છે. પાટણ શહેરને હમણાં જ્યારે જોઈએ છીએ ત્યારે ત્યાં આગળ પૂર્વે એક મોટું તથા આબાદ શહેર હતું, એવી ઘણી જ થોડી નિશાની માલૂમ પડે છે. શહેરના કોટની આસપાસ ઊંડું ખોદતાં કોતરેલા આરસના પથ્થર નીકળે છે. વળી ત્યાંના રજપૂત રાજાઓએ વાવ, કૂવા, તળાવ, દહેરાં વગેરે બાંધેલાં તેઓ ઉપર કાળચક્ર ફરવાથી, તથા મુસલમાન લોકોના ધર્માંધપણાથી, તે સ્થળે ઘણીએક લડાઈઓ થવાથી, તથા મરાઠાઓના અજ્ઞાનપણા તથા પૈસાના લોભથી જે તેઓમાંનાં થોડાંક બચેલાં છે તેઓ ભાંગીતૂટી અવસ્થામાં હમણાં નજરે પડે છે; તોપણ એ તો નિશ્ચય કે એ શહેર આજથી ૭૦૦ વર્ષ ઉપર એક મોટા રાજાની રાજધાની હતું. તેનાં મહત્ત્વ તથા શોભા વિશે ઘણાએક કવિઓ તથા ઇતિહાસકર્તા લખી ગયા છે. કુમારપાળચરિત્રના લખનારે એ શહેરનું નીચે પ્રમાણે વર્ણન કીધું છે :

“અણહિલપુરનો ફરતો ઘેરાવ ૧૧ કોસનો હતો; અને તેમાં ઘણાંએક દેવાલય તથા વિદ્યાશાળા હતી. ચોરાસી ચકલાં, ચોરાસી ચૌટાં અને તેમાં સોનાના તથા રૂપાના સિક્કા પાડવાની ટંકશાળ હતી. પ્રત્યેક વર્ગના લોકોને વાસ્તે જુદાં-જુદાં ઠેકાણાં હતાં. તેમજ હાથીદાંત, રેશમનાં કાપડ, હીરા, મોતી, માણેક વગેરે વ્યાપારની વસ્તુઓ વેચવાની જુદી-જુદી જગા હતી. નાણાવટીનું એક જુદું ચૌટું હતું. નહાતી વખતે ચોળવાની તથા સુગંધીદાર વસ્તુઓનું એક ચૌટું, વૈદોનું એક, કારીગરોનું એક, સોનીઓનું એક, રૂપાના ઘાટ ઘડનારાઓનું એક, ખલાસીઓ, ભાટ તથા વહીવંચાઓનું એક, એ પ્રમાણે જુદાં-જુદાં ઠેકાણાં હતાં. નગરમાં અઢારે વર્ણનો વાસો હતો, અને સઘળા લોકો ઘણા સુખી હતા. રાજાના મહેલને લગતાં જુદાં-જુદાં ઘણાંએક ઘરો હતાં. લડાઈનાં હથિયારોને વાસ્તે, હાથી, ઘોડા, રથને વાસ્તે, તથા હિસાબી મહેતાઓ અને દરબારી અમલદારોને વાસ્તે જુદાં-જુદાં ઘર હતાં. પ્રત્યેક જાતની વ્યાપારની જણસને માટે જુદા-જુદા ફુરજા હતા. ત્યાં માલની આવકજાવક તથા વેચાણનું મહેસૂલ વસૂલ કરવામાં આવતું હતું. માલમાં તેજાના, ફળ, કરિયાણાં, કપૂર, ધાતુઓ તથા તે શહેરની અને બીજાં શહેરોની પેદાશની હરેક કીમતી વસ્તુઓ હતી. આખા જગતનો વ્યાપાર આ શહેરમાં ચાલતો હતો. દરરોજ એક લાખ તનખા મહેસૂલ ઊપજતી હતી. જો કોઈ પાણી માગે તો તેને દૂધ આણી આપવામાં આવતું. ત્યાં ઘણાંએક જૈન ધર્મનાં દહેરાં હતાં; અને એક તળાવને કાંઠે સહસ્રલિંગ મહાદેવનું દેવાલય હતું. ચંપા, નાળિયેરી, જાંબુડા, ચંદનવૃક્ષ, આંબા વગેરે ઝાડોની ઘટા નીચે લોકો આનંદથી ફરતા. એ ઝાડોને વીંટળાયેલા જાતજાતના વેલાઓ હતા; અને તેઓની પાસે અમૃત જેવાં મીઠાં પાણીના કુંડ હતા. અહીં વેદ ઉપર વાદ થતો હતો, અને તેથી શ્રોતાજનોને ઉપદેશ થતો હતો. ત્યાં જૈન માર્ગના ધર્મોપદેશકોની તથા એકવચની અને વ્યાપારના કામમાં પ્રવીણ એવા વ્યાપારીઓની ખોટ ન હતી. વ્યાકરણશાળા પણ ઘણી હતી. અણહિલપુર માણસનો સાગર હતું. જો એક મહાસાગરનું પાણી માપી શકાય તો જ ત્યાં રહેનારા માણસોની સંખ્યા ગણી શકાય. લશ્કર પણ ઘણું હતું, અને ઘંટવાળા હાથીઓની પણ કાંઈ કસર ન હતી.”

ઉપલા વર્ણનમાં ઘણીએક અતિશયોક્તિ છે ખરી, તોપણ એટલું તો ખરું કે, અણહિલપુર પાટણ એક વાર ઘણું દ્રવ્યવાન, મોટું તથા શોભાયમાન શહેર હતું. ઈસવી સન ૧૨૯૬ અથવા સંવત ૧૩૫૨ના આશ્વિન સુદ ૯ એટલે જે દિવસે આપણી વાતનો આરંભ થાય છે, તે દિવસે તે શહેરમાં બ્રાહ્મણવાડો ઘણો રળિયામણો દેખાતો હતો. ઘેર-ઘેર બારણે તોરણ બાંધેલાં હતાં. આંગણાં આગળ સુંદર રંગના સાથિયા પૂરેલા હતા. રસ્તામાં લોકો ઘણા આનંદથી હરફર કરતા હતા. બ્રાહ્મણો ધોતિયું, અંગવસ્ત્ર તથા પાઘડી અને કેટલાએક તો ટોપી પહેરીને ઘણી ઝડપથી કાંઈ અગત્યના કામને અર્થે જતા હોય તેમ ચાલ્યા જતા હતા. તેઓએ કેટલીએક મુદત થયાં

વાળંદની સાથે ભારે દુશ્મની કીધી હોય એવું તેઓનાં મોં ઉપરથી જણાતું હતું. ચોમાસું બેસવાની થોડી વખત પહેલાં જ્યારે ખેતરોમાં ઘરડા ખુપરા કાઢ્યા નથી હોતા તે વખતે તે ખેતર જેવાં જણાય છે તેવાં તેઓનાં માથાં, દાઢી તથા ગાલ હતાં. એવા કેટલાએક બ્રહ્મદેવો તે બ્રાહ્મણવાડામાં એક મોટી હવેલીમાં જતા હતા. તે હવેલી ઘણી મોટી તથા શોભીતી હતી. તેને ચાર માળ હતા; અને તેનો બહારનો દેખાવ ઘણો ભભકાદાર હતો. તેને ફરતો મોટો કોટ હતો; તેની એક બાજુએ એક મોટો દરવાજો હતો; અને તે ઉપર એક મેડી હતી. તેમાં તે દહાડે નોબત તથા શરણાઈ વાગી રહી હતી. દરવાજામાં પેસતાં જ એક ખુલ્લું મેદાન હતું, તેમાં ઘણા જ ખૂબસૂરત સાથિયા પૂરેલા હતા. તે ચોગાનની ચારે બાજુએ ઉપર ફરતી અડાળી હતી, તેમાં એક તરફનીમાં હાથી, ઘોડા, રથ વગેરે વાહનો રાખવામાં આવતાં હતાં; એક તરફ ગામના પટેલ, વાણિયા વગેરે બીજા લોકો, જેઓ રાજા પાસે ઇન્સાફ માગવા આવતા હતા તેઓ પડી રહેતા હતા. એક તરફ કારકુન, દફતર ઇત્યાદિ હતાં; અને ચોથી તરફની અડાળીમાં દેવડી, એટલે સિપાઈ, ચોકીદાર વગેરેને બેસવાની જગા હતી. એ દેવડીમાં છ ફીટથી ઊંચા, શરીરે મજબૂત, વિકરાળ મોંના, માંજરી આંખના, અને ભૂરા નિમાળાવાળા, કરણના વંશના કહેવડાવનારા કાઠી લોકો હતા. શરીરે ઠીંગણા પણ બાંધાદાર, અને કમરે તીરકામઠાં બાંધેલા કોળી; કાળા, જુસ્સાવાળા, લૂંટનો ધંધો કરનારા અને લડાઈમાં બહાદુર એવા ભીલ લોકો; અને ઉપલા લોકો કરતાં નરમાશવાળા ચહેરાના, સુધરેલી સ્થિતિના, તોપણ શૂરા રજપૂત સિપાઈઓ બેઠા હતા. ચોગાનની વચ્ચોવચ હવેલી તમામ પથ્થરની હતી, અને તેની ભીંત ઉપર ઝાડ, ફૂલ, જાનવરો, માણસો વગેરે કોતરેલાં હતાં. બારીઓ અગર જો નીચી હતી તોપણ તેઓ આગળ પડતી હતી, અને તેથી જે રવેશ થતા હતા તેની નીચે ટેકા ઘણા જ નકશીદાર હતા. પહેલા ઓરડા – એટલે પરસાળ-માં માળ ઉપર જવાની પથ્થરની સીડી હતી, અને તેમાં ઘણાએક ઘરના ચાકરો બેસી ગપાટાસપાટા મારતા હતા. એ પરસાળ મૂક્યા પછી જે ઓરડો હતો તેની વચમાં એક મોટો ખુલ્લો ચોક હતો; અને તેની ચારે બાજુએ બેઠક હતી. વચલા ચોકમાં કેળના સ્તંભ દાટેલા હતા, તથા વચમાં વચમાં હજારી રાતા તથા પીળા ગલગોટાના રોપા ખોસેલા હતા. બેઠકના થાંભલાની વચ્ચે આંબાનાં પાતરાંનાં તોરણ બાંધેલાં હતાં, અને બીજા કેટલાક ઠાઠમાઠથી તે જગા એક વૈકુંઠના ધામ જેવી લાગતી હતી. ચોકની મધ્યે એક મોટો કુંડ કરેલો હતો, અને તેની આસપાસ બ્રાહ્મણો ઉઘાડે માથે બેઠેલા હતા. બેઠકમાં એક તરફ તમામ બાયડીઓ અને બીજી તરફ ભાયડાઓ બેઠેલા હતા. ત્રીજી તરફ રાજાના અંગના માણસો અને ચોથી તરફ આડોસી-પાડોસીઓ જુદા-જુદા વિષયો ઉપર વાત કરી તથા ઘણીએક વખત નીચે જે કામ ચાલતું હતું તે ઉપર ધ્યાન આપી કાળગમન કરતા હતા. તે દહાડે નવરાત્રીનો છેલ્લો દિવસ હોવાથી માતાનો હવન તે વખતે થતો હતો; બ્રાહ્મણો ઘણા જોશથી ચંડીપાઠના મંત્ર ભણતા હતા તેથી આખા દીવાનખાનામાં જે શોર થઈ રહ્યો હતો, જે તલની આહુતિ આપવામાં આવતી હતી તે અગ્નિમાં પડતાં જ તડાતડ અવાજ થઈ બહાર પડતા હતા, લીલોતરી તથા સહેલાઈથી બળે નહીં એવી વસ્તુઓ અગ્નિને અર્પણ કરતાં જ તેમાંથી જે ધુમાડાના ગોટેગોટા નીકળી સર્પાકારે ઊંચે ચઢી સ્વચ્છ આસમાની રંગના આકાશ જોડે મળી જતા હતા, વખતે-વખતે મોટા-મોટા સર્વા ઘીએ ભરીને કુંડમાં રેડતા ત્યારે જે મોટા તાપના ભડકા થતા હતા. તેમજ એક તરફ નાગરની નાજુક તથા રૂપાળી સ્ત્રીઓ સુંદર વસ્ત્ર તથા આભૂષણ સહિત બિરાજેલી હતી, અને તેમની સામે મોટાં પાઘડાંવાળા પણ ગૌર વર્ણના અને ખૂબસૂરત નાગર ગૃહસ્થો તથા બીજા પુરુષો બેઠાબેઠા પાનસોપારી ખાતા હતા, એ સઘળાઓની વાતચીતથી જે ગણગણાટ થઈ રહ્યો હતો, એ સર્વની તો કલ્પના માત્ર થઈ શકે, પણ યથાસ્થિત બ્યાન કરવાને તો કોઈ કવિરાજ અથવા ચિત્રવિદ્યાનો કુશળ પુરુષ જરૂર જોઈએ.

જે ઠેકાણે ગામોના પટેલ બેઠા હતા ત્યાં સૌથી કદાવર તથા દેખીતો હોશિયાર ભાણો પટેલ હતો. તે જાતનો કણબી હતો, અને તેને પટેલાઈમાં રાજાની તરફથી ઘણાંએક વીઘાં જમીન મળેલી હતી; તે સિવાય તે ઘણાંએક પરગણાંઓ ઇજારે રાખી તેઓની આમદાની વસૂલ કરી રાજાને ત્યાં ભરતો. તેની ઉંમર આશરે ત્રણ કુંડી વર્ષની હતી, પણ "સાઠી બુદ્ધિ નાઠી" એ કહેવત તેણે જૂઠી પાડી હતી. તેનું શરીર ખાધેલપીધેલ હતું; અને તેનું મન તેની જુવાનીના વખત જેવું જ તીવ્ર હતું, એટલું જ નહીં પણ પ્રત્યેક વર્ષના અનુભવથી તેની અક્કલમાં વધારો થયા કરતો હતો. તે સિવાય પાછલા વખતના રાજાઓ ખેડૂતની સાથે કેવી રીતે ચાલતા હતા, તેઓના વખતમાં જમીનનો દર કેટલો હતો, તથા તે કેવી રીતે વસૂલ કરવામાં આવતો હતો, એ વગેરે જમીન સંબંધી તમામ હકીકત તેની યાદદાસ્તના ખજાનામાં ભરેલી હતી. તેની સામેની બેઠકમાં જેઠાશા નામે શ્રાવક વ્યાપારી ઊંચી તથા માનવાળી જગાએ બેઠો હતો. એ શખ્સ લાખો રૂપિયાનો વ્યાપાર જમીન ઉપર તથા દરિયા ઉપર ચલાવતો. તેની પેઢીઓ ગામેગામ હતી. સાખ એટલી તો હતી કે તેને જંગલમાં પણ રૂપિયા મળી શકે. તેનાં વહાણો દેશાવર ખાતે ઘણાંએક ફરતાં અને તેની દોલત લાખો તથા કરોડોથી ગણાતી. મુખમુદ્રા જોવાથી જેઓ માણસના ગુણ, બુદ્ધિ તથા સ્વભાવની પરીક્ષા કરે છે તેઓ જેઠાશાનું મોં જોઈને ઘણું ગૂંચવાયા વિના રહે નહીં. પૈસા મેળવવાને તથા તેને સાચવી રાખવાને અને વ્યાપાર બરોબર ચલાવવાને જે અક્કલ જોઈએ છે તે તેની શિકલ જોતાં તેનામાં છે એમ શોધી કાઢવું મુશ્કેલ હતું. તેનું શરીર એટલું તો જાડું હતું કે જો તે એકાએક મરી જશે તો તેને ઊંચકી શી રીતે લઈ જવાશે એ વિશે તેની ન્યાતના લોકોને ભારે ફિકર હતી. તેમાં ચરબી એટલી તો હતી કે તેનું પેટ ઝૂલી ગયું હતું અને તેના વાટા એવા મોટા અને જાડા હતા કે જો કોઈ નાની વસ્તુ તેમાં ભરાઈ જાય તો વર્ષોનાં વર્ષો સુધી તેમાં રહે અને તેના જાણ્યામાં પણ ન આવે. તેની બોચી આગળ એક એવો જાડો વાટો વળ્યો હતો કે હજામત કરાવતી વખતે વાળંદને તેને ઊંચકી બોડતાં ઘણી મુશ્કેલી પડતી હશે. તેનું મોં પણ તેવું જ મોટું હતું. તેની આંખ ખાડામાં પેસી ગયેલી તથા ઝીણી હતી, અને વારે-વારે પલકારા માર્યા કરતી તે ઉપરથી જણાતું કે તેને સોનુંરૂપું જોવા ઉપર ઘણી પ્રીતિ હતી. એવો જેઠાશા તે વખતે હીરામોતીનાં ઘરેણાં પહેરીને બેઠો હતો. તે આદિનાથનો ભક્ત હતો તેથી માતાના હવન ઉપર તેને કાંઈ આસ્થા ન હતી, તથા તે જોવાથી અને બ્રહ્મવચન સાંભળવાથી પરલોકમાં સુખની પ્રાપ્તિ થશે એમ તે માનતો ન હતો, તોપણ ઘરધણીને માત્ર ખુશ કરવાની મતલબથી તે ત્યાં આવી બેઠો હતો.

નાગર ગૃહસ્થોની ટોળીમાં એક પુરુષ વિશેષે કરીને તેજસ્વી તથા જોવા લાયક હતો. તે એક મોટા રૂપાની ભમરીવાળા પાટલા ઉપર બેઠેલો હતો. તેના શરીર ઉપર ફક્ત ધોતિયું તથા ઘણી ઉમદા કાશ્મીરી શાલ હતી. હાથે હીરાની પહોંચી તથા બાજુબંધ હતા, અને આંગળીએ હીરા, માણેક વગેરેની ચળકતી વીંટીઓ હતી. કોટે કેટલીક વટાણા જેવડાં મોતીઓની માળા તથા હીરાનો કંઠો હતો, અને કાન પણ તેથી વધારે મોટાં તથા પાણીદાર મોતીથી શણગારેલા હતા. તેના દેખાવ ઉપરથી માલૂમ પડતું હતું કે તે કોઈ મોટો માણસ છે, અને તેને જોઈને કોઈને પણ તેને માન આપ્યા વિના ચાલે જ નહીં એવો તેનો દમામ હતો. તેનું કદ મધ્યમ હતું. તેના શરીરનો બાંધો છેક જાડો તો ન કહેવાય, તોપણ તેનું વલણ કાંઈ એક જાડાશ ઉપર હતું. તેની ચામડીનો રંગ ઘણો સફેદ હતો; તેનું મોં જરા લંબગોળ હતું અને નાક-કાન પણ ઘણાં ઘાટદાર હતાં. તેની આંખ ચપળ તથા બુદ્ધિના તેજવાળી હતી. આ ગૃહસ્થ જાતે નાગર બ્રાહ્મણ હતો, અને તેનું નામ માધવ હતું. તે કરણરાજાનો મુખ્ય પ્રધાન હતો. તેણે પોતાના બુદ્ધિબળે તે રાજા ઉપર એટલી તો સત્તા મેળવી હતી કે તેને પૂછ્યા સિવાય રાજા કાંઈ કામ કરતો ન હતો. સઘળું કામકાજ તે જ કરતો. રાજા તો પૂતળા જેવો હતો, અને ખરેખરો રાજા પોતે જ હતો. એ

કારણથી સઘળા લોકો તેનાથી દબાઈને ચાલતા, તેને માન આપતા, અને તેને ખુશ કરવાને વાસ્તે જ ઘણાએક આ પ્રસંગે તેના ઘરમાં એકઠા થયા હતા.

હવનનું કામ હવે પૂરું થવા આવ્યું. છેલ્લા નાળિયેરની આહુતિ આપવાને અગ્નિને વધારે જાગ્રત કીધો. બ્રાહ્મણો વધારે જોરથી ભણવા લાગ્યા. સઘળા લોકો સમાપ્તિની ઘણી આતુરતાથી રાહ જોવા લાગ્યા. સઘળી ગડબડાટ થઈ રહી. કુંડમાંથી અગ્નિનો ભભૂકો ઊઠ્યો, અને માતાને છેલ્લું બલિદાન આપવામાં આવ્યું. તે ક્ષણે "જે અંબે" "અંબે માતકી જે" એવો મોટો પોકાર પડ્યો. નાનાં-નાનાં છોકરાંઓ પોતાની જગા ઉપરથી ઊઠીને કૂદવા લાગ્યાં. થોડી વાર પછી સઘળું શાંત થયું એટલે વિજયાદત્ત પંડ્યા જે માધવનો કુળગોર હતો તે ચાંલ્લાની કંકાવટી, હવનની આશકા તથા પ્રસાદ લઈને ઊઠ્યો. ગોર મહારાજને આવા શ્રીમંત યજમાન મળેલા તેથી તેને પૈસાની કંઈ ખોટ ન હતી. તે શરીરે ઘણો સ્થૂલ હતો, અને તેનું પેટ એટલું તો મોટું હતું કે તેમાં સાત લાડુ ગોઠવાય તોપણ થોડી ખાલી જગા રહે. તેણે બાયડીઓ તથા ભાયડાઓને ચાંલ્લા કીધા, તે ઉપર ચોખા ચોઢ્યા, હવનની આશકા આપી, આશીર્વાદનો મંત્ર ભણી, થોડો થોડો પ્રસાદ સઘળા મોટી ઉંમરવાળાને વહેંચ્યો. પછી નાનાં-નાનાં છોકરાંને પોતાની પાસે બોલાવી તેઓને કુદાવ્યાં, નચાવ્યાં તથા ખાવાની લાલચને વાસ્તે કૂતરાની પેઠે ગેલ કરાવી પ્રસાદ એકદમ ઉડાવ્યો એટલે તેઓ ભોંય ઉપર પડી સાંભરવા મંડ્યાં. તે વખતની તેઓની બૂમાબૂમ, પ્રસાદ લેવાને માટે મારામાર અને હડસેલા હડસેલી, અને માતાનું નૈવેદ પગ તળે છૂંદાય નહીં તે બાબત તેમની ફિકર, તથા જેઓએ વધારે જબરાં હોવાને લીધે વધારે પ્રસાદ લીધો તેઓનો હરખ, અને જે બિચારાંની પાસે થોડો આવ્યો તેઓની દિલગીરી એ સઘળું જોઈને બીજાં બધાંને ઘણી જ ગમ્મત થઈ. પ્રસાદ વહેંચાઈ રહ્યો એટલે તમામ છોકરાં વેરાઈ ગયાં, તથા હવન પૂરો થયો એટલે ઘણાખરા જોવા આવેલા લોકો પોતપોતાને ઘરે ગયા. બૈરાં પોતાને ધંધે વળગ્યાં. બ્રાહ્મણો દક્ષિણા લઈ અનાજ વગેરે જે કાંઈ મળ્યું તે ધોતિયાને છેડે બાંધી લઈ બીજે ઠેકાણે હવન કરાવવા ગયા. તે ઠેકાણે માત્ર માધવ પ્રધાનજી, જેઠાશા શાહુકાર, ભાણો પટેલ તથા વિજયાદત્ત પંડ્યા બેસી રહ્યા. તેઓને માધવની સાથે મિત્રાચારીનો દાવો તથા તેઓ શહેરના મુખ્ય માણસ તેથી બીજા પારકા લોકોની પેઠે તરત ઊઠી જવું તેઓને યોગ્ય લાગ્યું નહીં તેથી તેઓ પ્રધાનજીના પાટલા પાસે ગાદી માંડી હતી ત્યાં તકિયે અઢેલીને બેઠા. થોડી વાર ચૂપ બેઠા પછી માધવ બોલ્યો : "ગોર મહારાજ, હવન સારી પેઠે તો કીધો છે? કાંઈ ગડબડગોટા તો વાળ્યા નથી! કેમ કે આજે ઘણે ઠેકાણે હવન થવાના અને બ્રાહ્મણોને કમાઈનો દહાડો એટલે તેઓને ઉતાવળ તો ખરી જ, અને તમારી નજર તમારા બ્રાહ્મણોને જેમ બને તેમ રળાવવાની એટલે કદાચ ગડબડ થઈ હોય. તમે કરો એવા તો નથી, તોપણ અમથું પૂછું છું. ક્રોધ લાગે તો ક્ષમા કરજો."

આવા બોલ સાંભળીને ગોર મહારાજને ક્રોધ તો ચઢ્યો. પોતે માતા ઉપર અનાસ્થા રાખી પોતાના જાતભાઈઓને ફાયદો કરવા ઉતાવળ કરી, કર્મ બરોબર કરાવ્યું નહીં એવી યજમાનને શંકા ઉત્પન્ન થઈ તેથી જીવને જરા દિલગીરી પણ થઈ. પણ પ્રધાનજીના ગોર રાજદરબારમાં જનારા, તથા મોટાની ચાકરીમાં નીચાએ કેવી રીતે વર્તવું એ વિશે તેણે ઘણીએક વાર સાંભળેલું તેથી તેને પોતાની મનોવૃત્તિઓ ઉપર અખત્યાર રાખવાની ટેવ પડી હતી; તેથી ગુસ્સો દબાવી દઈને તથા મોં જેવું શાંત હતું તેવું રાખીને જવાબ દીધો "યજમાનરાજ! આવી વાત તમે કોઈ દહાડો મારી આગળ કીધી નથી, અને આજે આવાં વચન તમારા મોંમાંથી નીકળેલાં સાંભળીને મને ઘણું આશ્ચર્ય લાગે છે, અને તમારી મતિ કાંઈ બદલાઈ હોય એમ મને લાગે છે; અને જ્યારે આપ જેવા પુરુષની મતિ બદલાઈ ત્યારે આગળ કાળ કેવો આવશે તેનો મોટો ભય રહે છે. જે મોટી આદ્યશક્તિ, જેથી આખા વિશ્વની ઉત્પત્તિ, એવી અંબાભવાની તથા સઘળા

જગતની માતા તેના હવનમાં મેં જાણીજોઈને ગફલત કીધી એવી શંકા પણ મારી આખી જિંદગીમાં આજે જ મારે માટે આવી છે. તમે જાણો છો કે જગતમાં જે સઘળા દેવો છે તેઓ કળિયુગમાં ઊંઘી ગયેલા છે. જાગતીજોત અંબામાતા છે; તેનો પરચો કેટલો છે તે સઘળાને માલૂમ પડે છે. માતાનાં રૂપ જુદે-જુદે વખતે જુદાં-જુદાં દેખાય છે; એ સિવાય બીજા ઘણા ચમત્કાર ત્યાં જોવામાં આવે છે. અમથા અપશબ્દ બોલવામાં પાપ છે ખરું પણ માતાની આગળ ભવાઈ કરતી વેળા નિર્લજ્જ શબ્દો બોલવામાં જાત્રાળુઓ પાપ ગણતા નથી. આપણા લોકોના ધર્મમાં મદ્યપાન કરવાનો પ્રતિબંધ કીધેલો છે, છતાં પણ દેવીભક્તો તેનું પાન કરે છે. વળી કોઈ પણ પ્રકારની હિંસામાં મોટામાં મોટું પાતક આપણા ધર્મશાસ્ત્રમાં ગણેલું છે, તોપણ માતાના ધામમાં બકરાં, મરઘાં, પાડા વગેરેનું બલિદાન કરવામાં આવે છે, અને તેથી પણ વધારે આશ્ચર્યકારક વાત એ છે કે, એ પ્રમાણે વધ કીધેલાં પ્રાણી પ્રસાદની માફક વહેંચી લેવામાં આવે છે; અને ઘણાએક શખ્સો જેઓ બીજે કોઈ પણ વખતે માંસભક્ષણ કરતા નથી તેઓ દેવીને પ્રસન્ન કરવાને માટે પોતાના બાપદાદાનો સંપ્રદાય તોડે છે; અને ધર્મશાસ્ત્રને પણ એક બાજુએ મૂકે છે. અંબાભવાનીની યાત્રા કરવા લોક જાય ત્યારે તેઓને કેટલી હોશિયારી રાખવી પડે છે? તેલ તો ત્યાં મુદ્દલ વપરાય જ નહીં. માતાના ધામ આગળ કોઈ દુરાચરણે વર્તે તો તેનાં ફળ તેને તત્કાળ મળ્યા વિના રહે જ નહીં. માતાના કામમાં વર્ષોવર્ષ જે પ્રમાણે કરવામાં આવતું હોય તેમાં જો જરા પણ ફેરફાર કીધો તો માતાજી કોપાયમાન થાય છે, અને એ પ્રમાણે કરોઠું બદલનારને કોઈ પણ પ્રકારે શિક્ષા થયા વિના રહેતી નથી. નવરાત્રિના નવ દહાડા સમીસંધ્યાએ માતાજી પોતાની સહિયરોને સાથે લઈ રથમાં બેસી આકાશમાર્ગે જાય છે, તે વખતે ઉઘાડે માથે જો કોઈ અગાસી, ચોક અથવા બીજી ખુલ્લી જગામાં બેસે તો તેના માથા ઉપરથી તે રથ ફરી જાય, અને તેને તે વર્ષમાં કાંઈ રોગ થયા વિના રહે નહીં. એ સિવાય માતા આગળનો દીવો તથા તેને લગતી ઘણીએક વસ્તુઓમાં હોશિયારી રાખવાની છે. આ પ્રમાણે હું દેવીનું માહાત્મ્ય તથા પરચો જાણું છું તે છતાં હવન કરવામાં ગડબડ કરું એ વાત કાંઈ સંભવિત છે? બાપજી! બ્રાહ્મણના રળતરની વાત કહી તે સાંભળીને મારું હૈયું ઊભરાઈ આવે છે. બ્રાહ્મણોના તો દહાડા ગયા, અને તેઓની કમાઈ સુકાઈ ગઈ. શી વાત કહેવડાવો છો? બાપજી! બ્રાહ્મણ બિચારાનું હમણાં કાંઈ વળતું નથી. યુગ બદલાઈ ગયો. રાજા અને પ્રજા એ બંનેમાંથી ભક્તિ ઊઠી ગઈ. પરમેશ્વર ન કરે, પણ રાજાની ખરાબી એ પાપને લીધે થશે. લાહોર, દિલ્હી તરફ મ્લેચ્છ લોકો હિંદુ રાજાને ધૂળધાણી કરતા જાય છે. એ જ પાપે સોમનાથ મહાદેવનું ખંડન થયું; અને આ દેશના રાજાની પણ ઘણી દુર્દશા થઈ. પણ હજી આગલા રાજાનાં સુકૃત આડાં આવે છે, અને તેથી દેશનું રક્ષણ થાય છે. તમારા સરખા ગૌબ્રાહ્મણ પ્રતિપાળ પ્રધાનજી છે એટલે આ રાજ્યમાંના બ્રાહ્મણોને બેશક લાભ છે જ. આગલા રાજાની તો શી વાત થાય? સાંભળો મહારાજ! હું એક દૃષ્ટાંત આપું.

જ્યારે મૂળરાજ વૃદ્ધ થયો ત્યારે તેનાં પાપથી મુક્ત થવાને તથા શુદ્ધિ પ્રાપ્ત કરવાને શ્રીસ્થળ (સિદ્ધપુર) ગયો. બધાં તીર્થમાં શ્રીસ્થલ વધારે પવિત્ર ગણાય છે. તે લક્ષ્મી આપનાર છે, અને જે તેને જુએ છે તેનો ઉદ્ધાર થાય છે. ગયાજીથી સ્વર્ગ ત્રણ યોજન આઘું છે, પ્રયાગથી દોઢ યોજન છે, પણ શ્રીસ્થળ જ્યાં સરસ્વતી નદી પૂર્વ તરફ વહે છે ત્યાંથી તો તે એક જ હાથ આઘું છે, એમ લોકો માને છે. એ તીર્થે તેણે સઘળાં પવિત્ર સ્થળોથી બ્રાહ્મણોને બોલાવ્યા. જ્યાં ગંગા અને યમુનાનો સંગમ થાય છે ત્યાંથી એકસો ને પાંચ બ્રાહ્મણ આવ્યા; સો સામવેદી ચ્યવનાશ્રમમાંથી આવ્યા; બસો કાન્યકુબ્જમાંથી; સૂર્યસરખા તેજસ્વી સો કાશીથી; બસો ને બોત્તેર કુરુક્ષેત્રથી; ગંગાદ્વારથી સો; નૈમિષારણ્યથી સો; અને કુરુક્ષેત્રથી વળી વધારે એકસો બત્રીસ આવ્યા. રાજાએ બ્રાહ્મણોની આગળ સાષ્ટાંગ દંડવત્ કીધા, અને તેઓએ તેને

આશીર્વાદ દીધો. પછી હાથ જોડીને રાજા બોલ્યો : "તમારી કૃપાથી જન્મ લીધાનો લાભ મળ્યો. મારી આશા હવે પૂર્ણ થશે, માટે અરે બ્રાહ્મણો, કૃપા કરીને મારું રાજ, ધન, હાથી, ઘોડા, ઇત્યાદિ જે ઇચ્છામાં આવે તે લો. હું તમારે શરણે છું, અને તમારો દાસ છું." બ્રાહ્મણો બોલ્યા; "રાજાધિરાજ, અમારાથી રાજ ચલાવી શકાય નહીં, ત્યારે તેનો નાશ કરવા શા સારુ અમે તે લઈએ? જમદગ્નિના પુત્ર પરશુરામે ક્ષત્રિયો પાસે બળાત્કારે પૃથ્વી લઈ બ્રાહ્મણોને એકવીશ વાર આપવા માંડી, પણ બ્રાહ્મણોએ તે લીધી નહીં." રાજા બોલ્યો. "હું તમારું રક્ષણ કરીશ. તમે તમારું ખટકર્મ કરો, અને કાંઈ ચિંતા ન કરો." બ્રાહ્મણો બોલ્યા : "પંડિતો કહી ગયા છે કે જેઓ રાજા પાસે રહે છે તેઓના ઉપર વિપત્તિ આવી પડે છે. રાજાઓ અહંકારી, કપટી તથા સ્વાર્થી હોય છે, માટે રાજાધિરાજ! જો તમારી દાન કરવાની ઇચ્છા હોય તો આ મોટું તથા રમણીય શ્રીસ્થળ અમને આપો એટલે અમે અહીં સુખેથી રહેશું. જે સોનું, રૂપું, હીરા વગેરે બ્રાહ્મણોને આપવાં હોય તે સઘળું શહેરને શોભાયમાન કરવાને ખરચો." રાજા આ વાત સાંભળી ઘણો ખુશ થયો અને તેઓને પગે પડીને ગાય, સોના, હીરા વગેરેના હાર ટાંગેલા રથ તથા બીજી દક્ષિણાની સાથે શ્રીસ્થળ આપ્યું. વળી મૂળરાજે દશ બ્રાહ્મણને દક્ષિણા સહિત સુંદર તથા દ્રવ્યવાન સિંહપુર (સિહોર) ગામ આપ્યું. સિદ્ધપુર અને સિહોરની પડોશમાંનાં બીજાં કેટલાંકએક ગામો તેણે બીજા બ્રાહ્મણોને આપ્યાં. વળી તેણે સોમવલ્લીમાં મગ્ન રહેનારા છ બ્રાહ્મણોને સાઠ ઘોડા સહિત સ્તંભતીર્થ (ખંભાત) આપ્યું. સિદ્ધરાજે આ બક્ષિસ મંજૂર કીધી અને બાલક (ભાલ) દેશમાં સો ગામ બ્રાહ્મણોને આપ્યાં. તે વખતે સિહોરની આસપાસ વાઘ અને બીજાં પ્રાણઘાતક પશુઓનો ભય હતો તેથી બ્રાહ્મણોએ તેને બદલે ગુજરાતમાં રહેવાની રજા માંગી, ત્યારે રાજાએ તેઓને સાબરમતી નદી ઉપરનું આશાબીલી ગામ આપ્યું, અને સિહોરમાંથી જેટલું અનાજ લઈ ગયા તેટલા ઉપરથી દાણ માફ કીધું. ધન્ય છે એ રાજાઓને તથા તેઓનાં માતાપિતાને. તેઓએ તો પોતાના દેહનું સાર્થક કીધું. તેઓ તો ચોરાસી લાખના ફેરામાંથી ટળ્યા. હમણાં તેઓ આકાશમાં તારા થઈ પ્રકાશતા હશે." એટલી વાત કહી વિજયાદત્ત મહારાજ મોટો નિસાસો મૂકી ચૂપ રહ્યા.

બ્રાહ્મણનું એટલું દુઃખ સાંભળીને ભાણા પટેલથી પોતાનું તથા બીજા ખેડૂત લોકનું દુઃખ કહ્યા વિના રહેવાયું નહીં. તે બોલ્યો, "ભાઈ, એકલા બ્રાહ્મણની જ અવસ્થા આવી થઈ એમ નથી. ખેડૂત લોકોની દશા પણ હાલને સમયે સારી નથી. ઓણ વરસાદ જોઈએ તેટલો આવ્યો નથી, તેથી પાક પણ વર્ષોવર્ષ જેવો થયો નથી, તે છતાં પણ ઉઘરાતદાર મહેતો કહે છે કે દરબારી ભાગ મારી-ઠોકીને લેવામાં આવશે. અમારા ઉપર કાંઈ થોડો જુલમ છે? ગામની ખળીમાં અમારું અનાજ ભરવાની શરતે અમને કાપણી કરવા દે છે. જુદા-જુદા માલિક તેઓના અનાજના જુદા-જુદા ઢગલા કરે છે. બળદ વડે અનાજ જુદું પાડે છે, પછી જમીનદાર પટેલ, કારભારી, અનાજ માપનારા વાણિયા, ખેડૂત અને ચોકીદાર, એ સઘળા ખળીમાં એકઠા થાય છે. પહેલાં તો અનાજનો ચાળીશમો ભાગ રાજાનો જુદો કાઢે છે. પછી તેથી કાંઈ થોડું કારભારીને માટે, રાજાના પાટવી કુંવરના ખાનગી ખરચને વાસ્તે, ગામના ચોકીદારને, અનાજ માપનાર વાણિયાને, ગામના પટેલને, દેવી અથવા વિષ્ણુના દેવસ્થળને વાસ્તે, તળાવને સારુ, કૂતરાંને માટે અને એમ બીજા ઘણાએકને આપવામાં આવે છે. જ્યારે માપવાનું કામ પૂરું થાય ત્યારે ખેડૂત જોરથી ટોપલા ઉપર હાથ નાંખે છે, અને કહે છે કે હવે બસ થયું. બાકી જેટલું અનાજ રહ્યું તે ખેડૂત તથા જમીનદાર બરાબર હિસ્સે વહેંચી લે છે. એટલું થોડું ખેડૂતને મળે છે, તે છતાં પણ જ્યારે રાજાને કુંવરી પરણાવવી હોય, અથવા એવો બીજો અગત્યનો ખરચ કરવો હોય, ત્યારે ખેડૂત ઉપર ફાળો નાખે છે. વળી રાજકુટુંબના વહીવંચા ભાટને અથવા કોઈ ભિક્ષુકને હરેક હોળ ઉપર જૂજવો કર કરી આપે છે. અથવા ખળીમાંના અનાજના ઢગલામાંથી

કેટલાંએક માપાં અનાજ લેવાનો હક કરી આપે છે. એ પ્રમાણેનો કર એક વર્ષ લેવામાં આવે છે, અથવા વર્ષોવર્ષ ચાલુ રાખે છે. કોઈ એક ગામની આમદાનીમાંથી કેટલાક રૂપિયા વસૂલ કરી લે છે. ખેડૂત લોકોની સારા વર્ષમાં પણ જ્યારે આવી અવસ્થા છે, ત્યારે વરસાદની અછતને લીધે જ્યારે પાક ન થાય ત્યારે તો તેઓનું પૂછવું જ શું? મંત્રી કહે છે કે કાંઈ પણ છૂટ મૂકવામાં આવશે નહીં. તમે રાજા આગળ જઈને છોકરાંની પેઠે રડશો તથા કાલાવાલા કરશો અને પંચ માગશો તોપણ તમારી વાત ઉપર કોઈ ધ્યાન આપવાનું નથી. તેનો વિચાર એવો છે કે રૈયતના ઉપર જરા પણ દયા કરવાની નહીં; અને એ વિચારને તે મજબૂતી આપવાને વારેવાર આ કહેવત કહ્યાં કરે છે કે 'રૈયત રાજા રામચંદ્રની પણ નથી.' પણ બાપજી, એ પ્રમાણે નથી. રૈયત તો રાજના સ્તંભ છે; રૈયત વડે જગત જીવે છે; અને રૈયત સારાં કામની કદર જાણનાર છે. બાપજી, તમે તો જાણતા હશો કે ભીમદેવના રાજમાં એક વર્ષ વરસાદ ન થયો તેથી ડંડાહી તથા વિશોપક ગામના કુટુંબિક (કણબી) રાજાને તેઓ અનાજનો ભાગ આપી શક્યા નહીં. તે વખતે રાજાએ તપાસ કરવાને તે ગામો ઉપર એક મંત્રી અથવા મહેતાને મોકલ્યો. તેણે તમામ મિલકતવાળા ખેડૂતને પકડીને રાજધાનીમાં લાવી રાજા આગળ રજૂ કીધા. રાજાનો પાટવી કુંવર મૂળરાજ સત્યવાદી તથા એકવચની હતો. એક દિવસે સવારે રાજાના એક ચાકરને સાથે લઈને તે ફરતો હતો તે વખતે તેણે આ સઘળા લોકોને ભયભીત થઈ માંહેમાંહે બબડતા સાંભળ્યા. તરત તેણે ચાકરની મારફતે ખબર કઢાવી, અને તેઓની હકીકત સાંભળીને તેને એટલી તો દયા આવી કે તેની આંખમાં આંસુ આવ્યાં. એક વાર મૂળરાજે અશ્વવિદ્યામાં એટલી તો કુશળતા દેખાડી કે રાજાએ તેના ઉપર પ્રસન્ન થઈ તે જે માગે તે આપવાનું વચન આપ્યું. મૂળરાજે માગી લીધું કે કણબીઓનું ગણોત માફ કરવું. રાજાએ ઘણી ખુશીથી તેની વાત કબૂલ કરી તેઓને બંદીખાનામાંથી છોડી મૂક્યા. તેઓ મૂળરાજને પગે પડ્યા. તેઓમાંના કેટલાએક જાથુ તેની સાથે રહ્યા, અને બીજાઓ જે પોતાને ગામ ગયા તેઓએ તેની કીર્તિ ઘણી વધારી. પણ તે બિચારો મૂળરાજ મરી ગયો. પછી બીજે વર્ષે જ્યારે પાક સારો થયો ત્યારે ચાલુ તથા પાછલા વર્ષનો રાજાનો ભાગ લઈને તે ખેડૂતો આવ્યા. ભીમદેવે પાછલા વર્ષનો ભાગ લેવાની ના કહી; પણ ખેડૂતોએ કાલાવાલા કરી માગી લીધું કે એ બાબતનો ફેંસલો કરવાને પંચ નીમવા જોઈએ. પંચે ઠરાવ કીધો કે બંને વર્ષના રાજાના ભાગ લેવા, અને તેની આમદાનીમાંથી મૂળરાજના કલ્યાણને અર્થે ત્રિપુરુષપ્રાસાદનું દહેરું બાંધવું. ખેડૂત લોકો તો એવા હોય છે. માટે બાપજી! મંત્રીના કહેવાથી કામ ના કરતાં ઉપલા દૃષ્ટાંત ઉપર પણ વિચાર રાખજો." એ પ્રમાણે વાતની વાતમાં પોતાનું કામ કાઢી લઈ મનમાં ઘણો સંતોષ પામીને ભાણો પટેલ મૂંગો રહ્યો.

માધવે વિજયાદત્ત ગોરની તથા ભાણા પટેલની વાત લક્ષ લઈ સાંભળ્યા પછી જેઠાશા તરફ ફરી તેને પૂછ્યું "કેમ શાહ! તમારે કાંઈ દુઃખ રડવું છે?" તે વર્ષે તેને વ્યાપારમાં નફો સારો મળ્યો હતો તેથી તેના મનમાં એવું હતું કે આખા જગતમાં વ્યાપારીઓ સુખી જ હોવા જોઈએ. તોપણ કાંઈ બોલવું તો જોઈએ, માટે તે પોતાની બડાઈ કરવા લાગ્યો. "મેં ઓણ સ્થંભતીર્થ તથા ભૃગુપુર (ભરૂચ) બંદરે ઘણુંએક મંજીષ્ઠ (મજીઠ) મોકલ્યું છે. વળી બેટ દ્વારિકા, દેવપટણ, મહુવા, ગોપનાથ અને બીજાં બંદરોના મારા આડતિયા લખે છે કે અમે ઘણોએક માલ તમારી તરફથી લીધો છે. તે બધામાંથી રોટલા ખાવા જેટલું કૂટી કાઢીશું. ઓણ મળત તો વધારે, પણ સૂર્યપુર (સુરત) તથા ગણદેબા (ગણદેવી) બંદર આગળ મારાં વહાણ આવતાં હતાં તેમાંનો માલ ચાંચિયા લોકો લૂંટી ગયા. તોપણ એટલું ભાગ્ય કે સોનાની મહોર સંતાડી રાખી હતી તે બચી ગઈ; નહીં તો ઓણ દેવાળું કાઢવાનો વખત આવત. બાપજી! કાંઈ વધારે તમને કહેવાનું તો નથી, પણ એ ચાંચિયા લોકોનો કાંઈ બંદોબસ્ત થાય તો સારું, નહીં તો અમારા જેવા વેપારી લોકનું સત્યાનાશ વળી જશે. વળી રાજ્યમાં જે માલ આવે છે તથા જાય

છે તે ઉપર દાણ જરા વધારે છે તેમાંથી કાંઈ ઘટાડો થાય તો સારું. તમે શાણા છો એટલે વધારે બોલવાની જરૂર નથી. તોપણ જેમાં આપણો સ્વાર્થ રહેલો તેમાં બોલ્યા વગર પણ કેમ ચાલે? કહેવત છે કે માગ્યા વિના મા પણ ન પીરસે.'

માધવે આ સઘળી વાત ઘણું મન દઈને સાંભળી. જો બને તો તે પ્રમાણે કરી લોકોની પ્રીતિ સંપાદન કરવી એ તેની મુખ્ય મતલબ હતી. માધવનું પ્રધાનપણું કાંઈ તેના બાપદાદાથી ઊતરેલું ન હતું. તે કોઈ ગરીબ માણસનો છોકરો વડનગર શહેરમાં જન્મ્યો હતો. તેની ઉંમર સોળ વર્ષની થઈ ત્યારે તે ધંધો શોધવાને પાટણમાં આવ્યો હતો. પહેલાં તો લશ્કરના સિપાઈઓના પગાર વહેંચવા ઉપર કારકુન રહ્યો. પહેલાં ત્યાં ચાલાકી, હોશિયારી તથા ઈમાનદારી બતાવી તે ઉપરથી તેને કોઠારીની જગા મળી. ધીમે-ધીમે તે સારંગદેવ રાજાનો માનીતો થઈ પડ્યો. સારંગદેવ મરી ગયો ત્યારે તેના છોકરાઓ વચ્ચે ગાદીને માટે તકરાર પડી તેમાં માધવની હોશિયારી તથા કાવતરાંથી કરણનો રાજ્યાભિષેક થયો. તે દિવસથી માધવના ભાગ્યનો ઉદય થયો, અને કરણ રાજાએ ગાદી ઉપર નિર્ભય થતાં જ માધવને મુખ્ય પ્રધાનપદ આપ્યું. દરેક રાજ્યમાં મુખ્ય પ્રધાનની પદવી ઘણી ભારે તથા જોખમભરેલી હોય છે. રાજા તથા રૈયત બંનેને એકીવખતે ખુશ કરવાનું કામ હંમેશાં મુશ્કેલ થઈ પડે છે. માધવ તે સઘળું સમજતો હતો. તેને લોકોમાં વહાલા થવાની તથા પોતાનું નામ, લોકોને વાસ્તે સારાં તથા ઉપયોગી કામો કરી, અમર કરી લેવાની ઘણી હોંશ હતી; તોપણ રાજાની મહેરબાની તે જ તેના અધિકારનો પાયો છે, એમ તે સારી પેઠે જાણતો હતો, તેથી ગમે તે પ્રકારે રાજાને રાજી રાખવાનો તેણે દૃઢ નિશ્ચય કીધો હતો. આગલા રાજાઓમાંના કેટલાએકના પ્રધાન વાણિયા હતા તેથી તે લોકો માનતા હતા કે માધવને પ્રધાનપદ મળ્યાથી તેમનો હક્ક ખોટો થયો, માટે હરેક પ્રસંગે રાજાની આગળ માધવની તેઓ ચાડી કરતા હતા. તેમની સામે માધવને ઘણી યુક્તિઓ કરવી પડતી હતી. એ બધું કરવાની સાથે પોતાને વાસ્તે દ્રવ્ય એકઠું કરવા તરફ પણ તેની ઘણી નજર હતી, કેમ કે તેનું પ્રધાનપણું કાયમ રહેશે એવો એક ક્ષણ વાર પણ તેને પક્કો ભરોસો ન હતો. હવે પૈસા તો મેળવવા અને સાધન તો થોડાં તેથી તે ઘણી વાર મોટા વિચારમાં પડતો હતો. રાજ્યની મર્યાદા ઉત્તર તરફ અચળગઢ તથા ચંદ્રાવતી, પશ્ચિમ તરફ મોઢેરા તથા ઝીંઝુવાડા, પૂર્વ તરફ ચાંપાનેર તથા ડભોઈ, અને દક્ષિણ તરફ છેક કોંકણ સુધી હતી. પણ ભોળા ભીમદેવના મરણ પછી રાજ્યમાં અવ્યવસ્થા થઈ ગઈ હતી. અચળગઢના પરમાર રાજાઓ ખંડણી બરાબર આપતા ન હતા. બીજા ખંડિયા રાજાઓ પણ નામની તાબેદારીમાં હતા. તેથી જો કરણ રાજા શૂરો નીકળે, અને રાજધાનીનું સુખ મૂકી તલવાર બાંધી આગળ પડે, તો જ રાજ્યની આગલી કીર્તિ પાછી આવે. પણ તેમ થવાને ઘણો સંભવ ન હતો. જો કરણ જય કરી આવે, જો કેટલાક નાના રાજાઓ પોતાની ખંડણી આપવી જારી કરે, અને તેથી રાજ્યની આમદાનીમાં વધારો થાય, તો બ્રાહ્મણોને રાજી કરાય, તો જ ભાણા પટેલના કહેવા પ્રમાણે ખેડૂતોને છૂટ આપવામાં આવે, તથા જેઠાશાનો માગેલો દાણનો ઘટાડો થઈ શકે. જો એ પ્રમાણે ન થાય, અને નહીં થશે તેવી તેની ખાતરી હતી, તો રૈયતને ખુશ કરવી એ અશક્ય; માટે રાજને રીઝવી જેમ બને તેમ પૈસા પોતાના ખજાનામાં ભરવા એ જ રસ્તો ખુલ્લો રહ્યો. પણ તેમ કરવામાં જોખમ ઘણું હતું. પ્રધાનપણું કરવું અને ગોખરુની શય્યા ઉપર સૂવું એ બે બરોબર હતું. જ્યારે સઘળાં નાખુશ રહે, અને રાજા કાનનો કાચો, ત્યારે ગમે તેટલી ઊંચી પદવીનો શો ભરોસો? વળી એવી રીતે વર્તી પોતે એકલાનું પેટ ભરીને મોત કે કમોતે મરવું એ વાત તેને જરા પણ ગમતી ન હતી. તેને કાંઈ છોકરાં ન હતાં, અને હવે પછી કદાપિ થાય પણ નહીં એવી બીક હતી. એ વાતથી તેના મનમાં નિરંતર શોક ઉત્પન્ન થતો હતો. કાળુંધોળું કરી પૈસા મેળવવા તે કોને વાસ્તે? પાછળ કોઈ ભોગવનાર ન મળે. પિત્રાઈઓ તેની દોલતને માટે લડી મરે, અને તેનો જરા પણ ઉપકાર

માને નહીં, એટલું જ નહીં પણ ઊલટા તેની નિંદા કરવામાં સામેલ થાય, એવા વિચારથી તેના હૈયામાં જાણે જખમ વાગતો હોય તેવું દુઃખ થતું. વળી હિંદુ શાસ્ત્ર પ્રમાણે જેને પુત્રપરિવાર નહીં તેના જીવતરને ધિક્કાર! તેની પાછળ પોક મૂકનાર, આગ મૂકનાર, તથા મૃત્યુસંસ્કાર કરનાર કોઈ નહીં તેથી તેની મૂઆ પછી શી ગતિ થશે એ વિશે પણ તેને ઘણો ભય રહેતો હતો. પોતાનું નામ અમર રાખવાને માણસોને સ્વાભાવિક વૃત્તિ હોય છે, અને એ નામ પોતાના વંશથી અથવા લોકોપયોગી કામથી કાયમ રહે છે. માધવને પોતાના વંશ તરફથી કાંઈ આશા ન હતી, તેમ લોકોપયોગી કામો કરવાનો હજુ સુધી પ્રસંગ મળ્યો ન હતો; તેથી અગર જો તે રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ હતો, અગર જો રાજા તેને પૂછ્યા સિવાય પાણી પણ પીતો ન હતો, અગર જો તેની ડોકી ધૂણવાથી હજારોનાં નસીબ ખૂલતાં, અને હજારો પાયમાલ થઈ જતા, અને અગર જો તેના ઉપર લક્ષ્મીની પણ કૃપા હતી તોપણ તે જ્યારે ભવિષ્ય ઉપર વિચાર કરતો ત્યારે તેની અવસ્થા એવી થતી કે કોઈ ગામડિયો પણ તેની અદેખાઈ ન કરે.

પ્રકરણ ૨જું

આશ્વિન સુદ ૧૦ એટલે દશેરાની સવારે રાજાના દરબાર આગળ ભારે ગડબડ થઈ રહી હતી. ઘોડાવાળાઓ (રાવતો) દશેરાની સવારીને માટે ઘોડાને સાફ કરવામાં તથા તેને શણગારવામાં, મહાવતો હાથીને તે પ્રમાણે કરવામાં, તેમજ રાજાના બીજા નોકરો રથ તૈયાર કરવામાં કામે વળગી ગયા હતા. ખવાસ, ગોલા, રાજાના ભાંડ, મલ્લ વગેરે લોકો પોતાનાં વાહનને માટે મોટી ફિકરમાં દેખાતા હતા. તે દહાડાને વાસ્તે સારાં લૂગડાં તૈયાર કરાવવાને દરજીને ત્યાં દોડાદોડ થઈ રહી હતી. શહેરના સઘળા દરજી, ધોબી તથા મોચી તે દહાડાની આગલી રાત્રે જરા પણ સૂતા ન હતા; તેઓની સાથે તેમના કેટલાક અધીરા ગ્રાહકો પણ જાગરણ કરવા લાગ્યા હતા; તેમ છતાં પણ સવારે તેઓની દુકાને એટલી તો ભીડ થઈ રહી હતી કે કોઈ છૂંદાઈ ન ગયું એ આશ્ચર્યકારક હતું. શહેરમાં ચોમાસાના વરસાદનું પાણી બહાર જવાને મોરીઓ છૂટી મૂકી હતી તે સઘળી લોકોએ તે સવારે બંધ કરી દીધી હતી, તેથી તે રસ્તો આરસી જેવો સાફ થઈ ગયો હતો. તે ઉપર પાટણની સુંદરીઓ ના-ના પ્રકારના રંગ લઈને હાથ વડે તથા લાકડાનાં બીબાં વડે રમણીક સાથિયા પૂરતી હતી, અને કોનો સાથિયો સારો પુરાય છે તે બાબતે માંહોમાંહે સ્પર્ધા કરતી હતી. શહેરમાં સઘળે ઉત્સવ થઈ રહ્યો હતો, અને પૂર આનંદમાં સ્ત્રીઓ સારાં લૂગડાં, ઘરેણાં પહેરીને મહાલતી હતી, અને વખતે-વખતે તેઓના હૈયામાંથી હર્ષ ઊભરાઈ જતો હોય એમ તેઓનાં ગીત ગાવાથી જણાઈ આવતું હતું. સઘળી નિશાળોમાં છુટ્ટી હતી તેથી છોકરાંઓનાં મોં આનંદથી ભરપૂર હતાં; અને આણીગમ તેણીગમ દોડીને, કૂદીને અને એવું બીજું ના-ના પ્રકારનું તોફાન કરીને તેઓ હર્ષને બહાર જવાનો રસ્તો આપતા હતા. જે ચૌટાંમાંથી સવારી જવાની હતી તે ચૌટાંમાંના દુકાનદારો, સવારી જોવા આવનાર લોકો તેઓની દુકાનના ઓટલા ઉપર બેસવાનું ભાડું આપશે એ ઉમેદથી ઘણા ખુશમાં હતા. મીઠાઈવાળા, માળી, રમકડાંવાળા, ખાવાનાંવાળા, અને બીજા કેટલાકોને તે દહાડે સારો વકરો થવાનો તેથી તેઓ પણ ઘણા જોશભેર ચાલતા હતા. છેલ્લે, જેઓ નવ દહાડા ફળાહાર અને અપવાસ કરીને રહેલા હતા, અને જેઓ તે સવારે ચીમળાયલા તથા ભૂખ્યા વરુના જેવા બેઠા હતા તેઓ પણ આજે પારણાનું મિષ્ટાન્ન મળશે એ જ વિચારથી ઘણા આનંદભેર દેખાતા હતા.

રાજમહેલ અથવા રાજપીઠિકા કિલ્લામાં હતો; અને તેને લગતા બીજા ઘણાએક મહેલો હતા. મુખ્ય મહેલ જમીનથી ૫૦ ગજ ઊંચો હતો. તે કાળા પથ્થરનો બનાવેલો હતો; અને તેમાં ઘણેક ઠેકાણે સ્ફટિકના પથ્થર વાપરેલા હતા. તે ચોખૂણાકાર હતો. ફરતા કોટમાં ઠેકાણેઠેકાણે અષ્ટખૂણ બુરજો હતા, અને તેઓના ઉપર ઘુંમટ કીધેલા હતા. આગલા દરવાજાનું નામ ઘટિકા હતું, અને તે દરવાજાની સામા ધોરી રસ્તા ઉપર ત્રિપોલ્ય એટલે ત્રણ દરવાજા હતા. મહેલની ઉપર જમીનથી આશરે ૨૫ ગજને અંતરે મહેલની તમામ લંબાઈ જેટલી એક અગાશી હતી. તે ઉપરથી આખું શહેર નજરે પડતું હતું. એ અગાશીની નીચે ઘણાં સુંદર કમાન હતાં, અને તેઓની બે બાજુઓએ કીર્તિસ્તંભ હતા. દીવાલો ઉપર ઘણી જ સુંદર નકશી કોતરેલી હતી, અને રામ તથા રાવણની લડાઈ, મહાભારતની લડાઈ, કૃષ્ણનો રાસ વગેરે ઘણાંએક ચિત્રો દોરી કાઢેલાં હતાં. મહેલની માંહેની ભીંતો ભભકાદાર જુદા-જુદા રંગોથી રંગેલી હતી, અને તેઓ ઉપર કેટલાએક તખ્તા તથા મોટા-મોટા આરસા જડેલા હતા. તે દિવસે સૂર્યોદયની તૈયારી થતાં જ રાજ્યમહેલમાં ચોઘડિયાં વાગ્યાં, નોબત ગડગડવા લાગી, તથા શંખનાદ થયો એટલે રાજાએ શય્યાથી ઊઠી પોતાના વહાલા ઘોડાને બહાર કઢાવી થોડોએક ફેરવ્યો. પછી દાતણ કરી સ્નાન કીધું; અને પોતાના ઇષ્ટદેવ શિવની પૂજા ઘણાએક બ્રાહ્મણોની સમક્ષ કીધી. પછી

બ્રાહ્મણો વેદના મંત્રો ભણ્યા તેમને રાજાએ ધારા પ્રમાણે દક્ષિણા આપી. બહાર જે હજારો ગરીબ ભૂખે મરતા ભિખારીઓ એકઠા થયા હતા તેઓને અનાજ આપવાનો હુકમ કીધો. એ કામ થઈ રહ્યા પછી લૂગડાં-ઘરેણાં પહેરીને પોતે દરબારમાં જવા નીકળ્યો.

જે વિશાળ ઓરડામાં દરબાર ભરાયો હતો તે ઘણો જ લાંબો, પહોળો તથા શોભાયમાન હતો. તેમાં સ્ફટિકના કીર્તિસ્તંભો હતા. ભોંય ઉપર મોટી ગાદી પાથરેલી હતી, અને તેના ઉપર સફેદ ચાદર બિછાવેલી હતી. બાજુઓ ઉપર તકિયા મૂકેલા હતા અને જે બાજુ તરફ રાજગાદી હતી તે તરફ રાજાના કામદારોને માટે તેઓના જુદા-જુદા હોદ્દા પ્રમાણે વધારે અથવા ઓછી ઊંચાઈની બેઠકો બનાવેલી હતી. રાજાની ગાદી સઘળાથી ઊંચી હતી; તે કિનખાબની બનાવેલી હતી; તથા તે ઉપરની ચાદર બંગાળાની ઊંચામાં ઊંચી તથા મોંઘામાં મોંઘી મલમલની હતી; તકિયો પણ તેવો જ બનાવેલો હતો. પાસેની ગાદી યુવરાજ અથવા પાટવીકુંવરની હતી; પણ કરણ રાજાને કુંવર ન હતો તેથી તે ગાદી ખાલી પડેલી હતી. તેની પાસેની ગાદી ઉપર માધવ પ્રધાન બિરાજેલો હતો. તેણે આ વખતે મંદીલની પાઘડી તથા કિનખાબનો ડગલો પહેરેલો હતો, અને સોનું, મોતી, હીરા, તથા જવાહિરનાં ઘરેણાંની તેના શરીર ઉપર કાંઈ ખોટ ન હતી. તેની પાસે મુકુટધારી ઠાકોરો તથા મંડળેશ્વરો એટલે પરગણાના માલિકો બેઠેલા હતા. એકબે મંડળિક રાજાઓ પણ હતા. બીજી તરફ ઉદેપુર, જોધપુર વગેરે બીજાં રાજ્યસંસ્થાનોમાંથી આવેલા સંધિવિગ્રહકો, જેઓનું કામ લડાઈ તથા સલાહ કરવાનું હતું, અને જે દરબારમાં તેઓ રહેતા હોય તેનાં કામકાજની ખબર પોતાના રાજાને કરવાનું હતું. તેઓ, તથા સ્થાન-પુરુષો જેઓ પારકા રાજ્યમાં જઈ ત્યાંના રાજ્યની નોકરીમાં રહેતા અને ત્યાંની ખબરઅંતર પોતાના રાજાને કરતા તેઓ પણ હતા. વળી ત્યાં સામંત એટલે લશ્કરી અમલદારો પણ બેઠેલા હતા; તેઓનો દરજ્જો તેઓના હાથ નીચે જેટલાં માણસ હોય તે પ્રમાણે ગણાતો હતો. તેઓમાં મુખ્ય છત્રપતિ તથા નોબતવાળા એટલે જેઓના ઉપર છત્ર ધરી શકાય તથા જેઓની આગળ નોબત વાગી શકે તેઓ હતા. એક તરફ તલવાર, કટાર, બરછી, ઢાલ વગેરે શસ્ત્રવાળા સિપાઈઓ હતા; એ સિવાય વેદિયા, પંડિત, જોશી વગેરે વિદ્વાન બ્રાહ્મણો બેઠેલા હતા; અને એ સઘળાઓની સામેની બાજુએ ભાટ, ચિતારા, ઘોડા ઉપર બેસતાં શીખવનારા, નાચતાં શીખવનારા, ભાંડ, જાદુગરો, ઇત્યાદિ બેઠેલા હતા. વળી એક ઠેકાણે ગણિકા અથવા વારાંગના પણ કીમતી વસ્ત્ર તથા આભૂષણ પહેરીને બેઠેલી હતી; અને તેની બેસવાની રીત, તેની આંખની ચપળતા, તથા તેના હાવભાવથી સઘળા મોહિત થતા. એ પ્રમાણે તે દિવસે દરબાર ભરાયો હતો. એટલામાં સોનાની છડીવાળા ચોપદારો આગળ ચાલી "રાજાધિરાજ, ખમાખમાજી, અન્નદાતા" એવી નેકી પોકારતા સંભળાવા લાગ્યા. તે શબ્દ સાંભળી દરબારમાંના લોકોને માલૂમ પડ્યું કે રાજા પધારે છે. રાજા દરબારમાં આવતાં જ તમામ દરબારી લોકોએ ઊભા થઈ જુદી-જુદી રીતે તેને માન આપ્યું. ચોપદારો વધારે બૂમ પાડવા લાગ્યા, અને આખા દરબારમાં ગણગણાટ શબ્દ થઈ રહ્યો. રાજાજી ગાદીએ બેઠા. ચોપદાર બીજા લોકોને અંદર આવવા ન દેવાને દરવાજા આગળ ઊભા રહ્યા, અને દરબારી લોકો પોતપોતાને ઠેકાણે બેઠા.

કરણ રાજાની ભરજુવાની હતી. તેની ઉંમર ત્રીસ વર્ષની હતી; તેનું શરીર પરમેશ્વરની કૃપાથી, નાનપણથી અંગકસરત કીધાથી, પાતળું તથા જોરાવર હતું. તેની ચામડીનો રંગ ઘઉંવર્ણો હતો. તે શરીરે લાંબો હતો. તેનું મોં લંબગોળ હતું. તેનું નાક સીધું તથા લાંબું હતું. તેના હોઠ નાના તથા બિડાયેલા હતા, જેથી જણાતું કે તે ઘણો આગ્રહી, એટલે જે કામ મનમાં ધારે તે કર્યા વિના રહે નહીં, એવા સ્વભાવનો હતો. એ સ્વભાવને લીધે તે ઘણી વખતે ઉતાવળથી તથા વગર વિચારે કામ કરતો, તેથી જ તેનું ઉપનામ ઘેલો પડ્યું હતું. તેની આંખ જરા લાંબી હતી, અને હંમેશાં રતાશ પડતી રહેતી તેથી તેનું રૂપ કાંઈક વિકરાળ દેખાતું, અને તે

જોઈને દુષ્ટ લોકો થથરી જતા. તેનામાં ક્ષત્રિયનું ખરેખરું લોહી હતું, અને તેની હિંમતનાં સઘળે ઠેકાણે વખાણ થતાં હતાં. તેમાં મુખ્ય ખોડ બે હતી. એક તેનો ઉતાવળો તથા ઉન્મત્ત સ્વભાવ, અને બીજી વિષયવાસના. એ છેલ્લી ખોડ તેની આંખ ઉપરથી સ્પષ્ટ દેખાઈ આવતી હતી; તેમ તેની ખાનગી ચાલચલણથી એ વાત સઘળાને જાણીતી હતી. તેનું કપાળ વિશાળ હતું, અને તેની ભમર જાડી તથા એકબીજાની પાસે આવી ગયેલી હતી તેથી તેનામાં દૃઢતાનો ગુણ કોઈ પણ જોનારને લાગતો. આ વખતે તેણે પોશાક ઘણો કીમતી પહેર્યો હતો. માથા પર મંદીલની પાઘડી પહેરી હતી. તે ઉપર હીરા તથા મોતીનો શિરપેચ બાંધેલો હતો. અંગરખું જરીનું હતું, અને એક કાશીની બનાવટનું શેલું કમરે વીંટાળેલું હતું, જેમાં સોનાના મ્યાનની તથા હીરે જડેલી મૂઠવાળી તલવાર તથા હીરામોતીએ જડેલું ખંજર ખોસેલું હતું. તેની ડોકમાં મોતીની માળાઓ તથા હીરાના કંઠા હતા. તેણે કિનખાબની સુરવાલ પહેરેલી હતી, અને એક પગે સોનાનો તોડો હતો. જોડા મખમલના હતા તથા તે ઉપર સોનેરી ટીકડીઓ ચોટાડેલી હતી. તેને માથે મોરપીંછ હતાં. તથા આસપાસ બે ખિદમતગારો ચંમર કરતા હતા. એવી શોભાથી કરણ રાજા ગાદીએ બિરાજેલો હતો.

દરબાર ભરાતાં જ ત્યાં બેઠેલા બ્રાહ્મણો આશીર્વાદના મંત્રો ભણવા લાગ્યા. તે પૂરા થયા પછી ગણિકાએ થોડી વાર ગાયન ગાઈ, કટાક્ષ કરી તથા બીજા હાવભાવ દેખાડી રાજાનું મન-રંજન કીધું. તે દહાડો દશેરાનો હતો માટે એક ભાટે ઊઠીને રામની લંકા ઉપર ચઢાઈ થઈ તેનું એક કવિત કહી સંભળાવ્યું. પછી બીજો ભાટ એક બીજું કવિત બોલ્યો, તેમાં પાંડવો વૈરાટ નગરમાં ગયા તેનું વર્ણન કીધેલું હતું. તે બેઠા પછી પંડિતોએ વ્યાકરણનો થોડો વિવાદ ચલાવ્યો. પછી એક ચિતારાએ એક ઘણી જ રૂપાળી સ્ત્રીનું ચિત્ર રાજાને નજર કરી તેનું રૂપ વર્ણવ્યું. એ થઈ રહ્યા પછી બીજું કાંઈ કામ તે દહાડે ન હતું તેથી જુદા-જુદા વિષય ઉપર સઘળા વાતો કરવા લાગ્યા.

આ સઘળું કામ થઈ રહ્યું ત્યારે સવારના દસ વાગ્યાનો વખત થયો હતો. રાજાનો જઠરાગ્નિ કાંઈ મંદ ન હતો તેથી દરબારમાંથી તે ઊઠ્યો. ચોપદારોએ ધારા પ્રમાણે નેકી પોકારી, કામદાર લોકો પોતપોતાને ઘેર ગયા. રાજાએ ભોજનશાળામાં જઈ રૂપાના પાટલા ઉપર બેસીને સોનાની થાળીમાં યથાસ્થિત ભોજન કીધું. ત્યાર પછી પાનસોપારી તેજાના વગેરે ખાધા, અને સૂવાના ઓરડામાં જઈ પલંગ ઉપર બેઠો. તે વખત ત્યાં એક ભાટ તથા એક બ્રાહ્મણ જે રાજ્યગુરુ હતો, તે હાજર હતા, તેઓને રાજાએ પોતાના પલંગ પાસે બોલાવ્યા. દરરોજ જમ્યા પછી ધર્મ, નીતિ તથા રાજ્યસંબંધી જે વાતો શાસ્ત્રમાં લખેલી હોય તે બ્રાહ્મણોને મોંએ સાંભળવાની રાજાને ટેવ હતી, તેથી તે દિવસે રાજા બોલ્યો : "ગુરુજી! આજે શા વિષય ઉપર વાત ચલાવીશું?" ગુરુજીએ થોડોએક વિચાર કરી જવાબ દીધો, "રાજાધિરાજ, ઘણા દહાડા થયાં રાજાનો ધર્મ શો છે, અને રાજાએ કેવી રીતે વર્તવું જોઈએ, એ વિશે આપ સાથે વાત કરવાનો વિચાર હતો, પણ આજ સુધી તેમ કરવાની જોગવાઈ આવી નહીં તેથી આજે તે વિષય આપણે ચલાવીશું. અને હું આશા રાખું કે આપ મારી વાત શ્રવણ કરી તે પ્રમાણે ચાલવાને પ્રયત્ન કરશો." ભાટે પણ શાસ્ત્રમાંથી તો નહીં પણ લોકવ્યવહારથી એ વિષય ઉપર થોડુંઘણું જ્ઞાન મેળવ્યું હતું તેથી તે પણ ગોરમહારાજ સાથે સામેલ થવાને જાગ્રત થયો. ગોરમહારાજે પહેલાં મહાભારતમાંથી નીચે પ્રમાણે એક વાત કહી.

"રાજા વિના કોઈ દેશ સુખી થઈ શકતો નથી. શરીરની સુખાકારી, સદ્ગુણ ઇત્યાદિ કાંઈ કામ લાગતાં નથી. બે માણસ મળીને એકની મિલકત દબાવી પાડે, અને એમ માણસો એકબીજાને ઉપદ્રવ કરે; એ પ્રમાણે જેમ જુદા-જુદા પ્રકારનાં માછલાં એકબીજાનો નાશ કરે છે તેમ માણસો પણ એકમેકનો નાશ કરે. એ પ્રકારે માણસો એકબીજા ઉપર જુલમ નિરંતર કર્યા

કરતાં હતાં. તે વખતે તેઓ રાજા માગવાને બ્રહ્મા પાસે ગયાં. બ્રહ્માએ મનુને રાજા થવાને કહ્યું. મનુએ જવાબ દીધો, 'મહારાજ, હું પાપનાં કામથી બીઉં છું. રાજ્યકારભારમાં જોખમ ઘણું, તેમાં વિશેષે કરીને હંમેશાં જૂઠું બોલનાર માણસોને જવાબદારી વધારે છે.' લોકોએ તેને કહ્યું, 'બીશો મા, તમને સારો બદલો આપીશું. પશુઓનો પચાશમો ભાગ, તેમજ સોનાનો તેટલામો ભાગ તમને મળશે. અનાજનો દશમો ભાગ તમને આપીશું; અને તમારા ભંડારમાં વૃદ્ધિ કર્યા કરીશું. કન્યા ઉપર ઘટતું દાણ, તથા મુકદ્દમા અને જુગાર રમવા ઉપર કર આપીશું. વળી જેમ દેવતાઓ ઇંદ્રરાજાને તાબે રહે છે તેમ દ્રવ્યવાળા તથા વિદ્વાન પુરુષો તમારા તાબામાં રહેશે. તમે અમારા રાજા થાઓ, તમે શક્તિવાન થશો. તમને કોઈ ભય પમાડી શકશે નહીં; અને જેમ કુબેર યક્ષલોકો ઉપર સલાહસંપથી રાજ્ય ચલાવે છે તેમ તમે ચલાવશો. રાજાના આશ્રય નીચે રહીને રૈયત જે-જે પુણ્યનાં કામ કરશે તે પુણ્યનો ચોથો ભાગ તમને મળશે. એ પ્રમાણે જેમ શિષ્ય ગુરુને શ્રેષ્ઠ ગણે છે, દેવતાઓ ઇંદ્રને ઉપરી માને છે, તેમ જેઓને ઊંચી પદવી મેળવવાની ઇચ્છા હોય તેઓએ રાજાને શ્રેષ્ઠ માનવો, કેમ કે તે લોકોનું રક્ષણ કરનાર છે. જ્યારે તેઓ રાજાની સમક્ષ ઊભા રહે ત્યારે તેઓએ રાજાનું પૂજન કરવું.' એટલી વાત સાંભળીને યુધિષ્ઠિર બોલી ઊઠ્યો 'જન્મ, મરણ, આવરદા થતા શરીરના અવયવો રાજાનાં અને બીજા લોકોનાં સરખાં જ છે, ત્યારે બળવાન શૂરા પુરુષોએ રાજાને શા માટે માન આપવું જોઈએ? તથા તેનું પૂજન શા માટે કરવું જોઈએ? અને રાજા સુખી અથવા દુઃખી હોય તે પ્રમાણે તેઓને સુખદુઃખ શા માટે થવું જોઈએ?' એ પ્રશ્ન સાંભળીને ભીષ્મપિતામહે રાજાની ઉત્પત્તિ સંભળાવી, અને ઉપરથી સિદ્ધ કીધું કે જગતનું કલ્યાણ રાજાના ઉપર આધાર રાખે છે."

રાજાનાં આટલાં વખાણ તથા રાજ્યપદનું આટલું માહાત્મ્ય સાંભળીને ભાટ ઘણો જ ખુશ થયો અને બોલ્યો : 'સત્ય છે મહારાજ, રાજા તે બીજો પરમેશ્વર; પૃથ્વી ઉપર પરમેશ્વરનો મુનિમ. જેમ પરમેશ્વર ચાહે તે કરી શકે તેમ તે પણ કરી શકે." બ્રાહ્મણ બોલ્યો : "રાખ, એટલી ઉતાવળથી અનુમાન મા કર. સઘળા કરતાં અને રાજા કરતાં પણ બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. મનુસ્મૃતિમાં કહેલું છે કે રાજાએ વહેલા ઊઠીને ત્રિવેદી બ્રાહ્મણોની સેવા કરવી, અને તેઓના કહેવા પ્રમાણે કરવું." ભાટ બોલ્યો : "પણ મહારાજ, મનુસ્મૃતિમાં આમ પણ કહેલું છે કે સૂર્યની પેઠે રાજા આંખ તથા અંતઃકરણને બાળી નાંખે છે, અને પૃથ્વી ઉપર કોઈ પણ માણસ તેના ઉપર દૃષ્ટિ કરી શકતું નથી. તે અગ્નિ તથા જળ છે; તે અપરાધી લોકોના ન્યાયનો દેવ છે; તે દ્રવ્યનો દેવ છે; તે જળનો ઉપરી છે; તે આકાશનો ધણી છે; તે માણસના રૂપમાં શક્તિવાન દેવ છે; તેનો ક્રોધ થાય તો મૃત્યુ જાણવું. જે ઘેલાઈમાં પણ રાજા ઉપર દ્વેષભાવ દેખાડે તેનો નઃસંશય નાશ થશે, કેમ કે રાજા તેનો નાશ કરવા તરફ જલદીથી પોતાનું મન લગાડશે."

બ્રાહ્મણ બોલ્યો : "એ ગમે તેમ હોય તોપણ બ્રાહ્મણોને રાજાએ માન આપવું, અને તેઓના કહ્યા વિના કાંઈ કામ કરવું નહીં. શાસ્ત્રમાં કહેલું છે કે રાજા ગમે તેવા દુઃખમાં હોય તોપણ બ્રાહ્મણોને ક્રોધાયમાન કરવા નહીં, કેમ કે એક વાર તેઓ કોપ્યા એટલે તેનો તથા તેના હાથી, ઘોડા, રથ, લશ્કર એ સઘળાનો તે તુરત નાશ કરવાને સમર્થ છે. બ્રાહ્મણો જો કોપે, તો બીજી પૃથ્વીઓ તથા પૃથ્વીપતિઓ કરી શકે, તથા બીજા દેવ તથા માનવને ઉત્પન્ન કરી શકે. એવા બ્રાહ્મણ ઉપર જુલમ કીધાથી કયા રાજાને દ્રવ્ય મળી શકે? વળી મનુ કહે છે કે બ્રાહ્મણની શક્તિ તેના જ ઉપર માત્ર આધાર રાખે છે, તે રાજાની શક્તિ જે બીજા માણસો વડે છે તેના કરતાં શ્રેષ્ઠ છે, માટે પોતાની શક્તિ વડે બ્રાહ્મણો પોતાના શત્રુઓને વશ કરી શકે છે. જે બ્રાહ્મણ શાસ્ત્રમાં પ્રવીણ છે તેને કોઈ મહાવ્યથા કરે તો તેને રાજાની આગળ ફરિયાદ કરવાની જરૂર નથી, કેમ કે તે પોતાની શક્તિ વડે વ્યથા કરનારને શિક્ષા કરી શકે છે. બ્રાહ્મણ ગમે તેવો અપરાધ કરે તોપણ તેનું શાસન બીજા લોકોના જેટલું નથી. મનુસ્મૃતિમાં લખેલું છે

કે, બ્રાહ્મણે ગમે તેવો અપરાધ કીધો હોય તોપણ રાજાએ તેના પ્રાણનો ઘાત કરવો નહીં. અપરાધી બ્રાહ્મણને તેના રાજ્યમાંથી કાઢી મૂકવો. તેની સઘળી મિલકત પણ રાજાથી જપ્ત કરી શકાય નહીં, તથા તેના શરીરને દુઃખ દઈ શકાય નહીં. વળી બીજે ઠેકાણે કહેલું છે કે રાજા પૈસા વગર મરી જતો હોય તોપણ વેદ ભણનાર બ્રાહ્મણ પાસેથી તેણે કાંઈ પણ કર વસૂલ કરવો નહીં.''

ભાટ આ ઉપરની વાત સાંભળીને છક થઈ ગયો. તેણે બ્રાહ્મણની સત્તા વિશે આટલું બધું સાંભળ્યું ન હતું. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે, ''આ લાડુભટને પરમેશ્વરે તો ઘણો અખત્યાર આપ્યો દેખું,' અને એ વિચારથી તેના મનમાં એ ભટ લોકો ઉપર અદેખાઈ આવી; પણ તેની સામે શાસ્ત્રનાં વચન કાંઈ તેને માલૂમ ન હતાં તેથી તે બોલ્યો : ''હવે એ વાત તો ઘણી થઈ; હવે રાજાએ શું-શું શીખવું જોઈએ તે હું કહી સંભળાવું છું. ધારાના રાજાની તેના પૌત્ર ભર્તૃહરિ તથા વિક્રમાદિત્યને શું-શું શીખવવાની મરજી હતી તે વિશે ભરતખંડનો ઇતિહાસ લખનાર મૃત્યુંજય નીચે પ્રમાણે કહે છે –

''તેણે પોતાના બે છોકરાઓને પાસે બોલાવી તેઓને જે અભ્યાસ કરવાનો હતો તે વિશે સારી શિખામણ આપી, અને કહ્યું : 'તમારે ઘણો ઉધમ કરી વ્યાકરણ, વેદ, વેદાંત, વેદાંગ, ધનુર્વિધા, ધર્મશાસ્ત્ર, ગાંધર્વવિધા, જુદી-જુદી કળા તથા હાથની કારીગરી, હાથી તથા ઘોડા ઉપર બેસવાની તથા રથ હાંકવાની વિધાનો અભ્યાસ કરવો. બધા પ્રકારની રમત, દોડવું, કૂદવું, કિલ્લાઓને ઘેરો ઘાલવો, લશ્કરનાં ટોળાં બાંધવાં, તથા તેઓને તોડવાં, એ સઘળામાં પ્રવીણ થવું. હરેક રાજ્યગુણ મેળવવા. શત્રુની શક્તિનો નિશ્ચય કરતાં શીખવું. યુદ્ધ કરતાં, મુસાફરી કરતાં, મોટાં માણસો આગળ બેસતાં, કાંઈ તકરારી વાતમાં તકરાર પ્રમાણે જુદા-જુદા ભાગ કરી નાખતાં, બીજા રાજાઓ સાથે સંબંધ કરતાં, નિરપરાધી અને અપરાધીને ઓળખતાં, દુષ્ટને યથાયોગ્ય શિક્ષા કરતાં, તથા સંપૂર્ણ ન્યાયી રાજ્ય ચલાવતાં શીખવું, અને તમારું મન ઘણું ઉદાર રાખવું.' પછી તો છોકરાઓને નિશાળે ઉત્કૃષ્ટ શિક્ષકોના હાથ નીચે મોકલ્યા. ત્યાં તેઓ ખરેખરા કીર્તિવંત થયા.''

રાજાએ ઉપલી વાતના પાછલા ભાગમાં ઉપરાઉપરી બગાસાં ખાવા માંડ્યાં. તે વખતે શરદ મહિનાનો આકરો તડકો હતો તેથી ગરમીની અશક્ત કરનારી અસર તેના શરીર ઉપર લાગી, અને રોજની ટેવ પણ મદદે આવી, તેથી ભર્તૃહરિ તથા વિક્રમાદિત્ય બંને કીર્તિવંત થયા તે તેણે સાંભળ્યું નહીં. ભાટે જ્યારે વાત પૂરી કરી રાજાના મોં સામું જોયું ત્યારે તેની વાત ધ્યાન આપી સાંભળવાને બદલે તેને મીઠી નિદ્રાને વશ થયેલ દીઠો. તે જોઈ ભાટ તથા બ્રાહ્મણ ઓરડામાંથી બહાર ગયા, અને રાજાને સુખેથી ઊંઘ કાઢવા દીધી.

જ્યારે રાજા નિદ્રાદેવીને વશ થઈ આ લોક તથા પરલોકને વીસરી જઈ મૃત્યુથી ઊતરતી અવસ્થામાં પડેલો હતો તે વખતે કિલ્લા આગળ તથા શહેરમાં ભારે ગડબડાટ થઈ રહી હતી. લોકો ઘણા ઉમંગથી સારાંસારાં લૂગડાં પહેરી, નવી રંગેલી પાઘડીમાં જુવારા ખોસી. તથા નવા જોડા પહેરી કેટલાએક એકલા તથા કેટલાએક નાનાં-નાનાં છોકરાંને સાથે તેડી સવારી જવાના રસ્તા ઉપર, કોઈ ઓટલા અથવા દુકાન ઉપર બેસતા હતા. કેટલાએક રજપૂત તથા બીજા લશ્કરી લોકો હથિયાર કમરે બાંધીને ઘણા ડોળથી ફરતા હતા. ભીલ, કાઠી, કોળી વગેરે જંગલી લોકો તરત ખસી જઈને રસ્તો આપતા. ઢેડ તથા તેથી હલકી જાતિના લોકો ''ખસો બાપજી'' એ પ્રમાણે બૂમો પાડી ધીમે-ધીમે રસ્તો કરી જતા, અને લોકોને તેઓને વાસ્તે ખસવું પડતું તે વખતે તેઓને ગાળ દીધા વિના રહેતા નહીં. ઘણી વાર કોઈ ઘોડો અથવા હાથી ભડકતો ત્યારે લોકોમાં દોડાદોડી થતી, અને છોકરાં ચીસાચીસ પાડતાં. મોટા કામદારોનાં બૈરાં સુખાસનમાં બેસી તેમના ધણીનાં સગાં, મિત્ર અથવા ઓળખીતાનાં ઘર હોય ત્યાં જતાં. ગરીબ

તથા વચલા વાંધાનાં લોકોની બાયડીઓ ખુલ્લી રીતે ચાલતી જતી, પણ તેઓને રસ્તામાં કોઈ ઉપદ્રવ કરશે એવી કોઈને દહેશત ન હતી. ઓટલા તથા બારીઓ લોકોથી ભરાઈ ગયાં હતાં. બાકીના લોકો કેટલાએક છાપરા ઉપર અને કેટલાએક ઝાડો ઉપર ચઢીને બેઠા હતા; અને ઘણાએક રસ્તાની બાજુએ બે હાર કરી ઊભા રહ્યા હતા. દુકાનદારોએ દુકાન ધોળાવી, રંગાવી, તે ઉપર તોરણ બાંધી સઘળો માલ બહાર કાઢેલો હતો, તેમજ રહેવાનાં ઘરો પણ ઘણાંએક રંગાવેલાં તથા ઘણુંકરીને સઘળાં ધોળાવેલાં હતાં. એ પ્રમાણે શહેરમાં સવારી જોવાની તૈયારીમાં લોકો બેઠા તથા ઊભા હતા. કિલ્લા આગળ કાઠિયાવાડી, સિંધી, કચ્છી, તથા કાબુલી શણગારેલા અને ઘણા ઉમદા જીનવાળા કેટલાએક ઘોડા ખંખારતા, કેટલાએક નાચતા, કેટલાએક ભોંય ઉપર પગ ઠોકતા, તથા કેટલાએક કાવો ફર્યા કરતા હતા. હાથીઓથી ઊભા રહેવાતું ન હોય તેમ એક જગાથી બીજી જગાએ જતા, કેટલાએક તેના અતિ બળથી મસ્ત થઈને ડોલતા, તથા કેટલાએક સૂંઢ હલાવી ઊંચી કરી આસપાસના લોકોને નસાડતા હતા. સુખાસન એક કોરે મૂકીને ભોઈ લોકો આણીગમ પેલીગમ મોજ કરતા ફરતા હતા. સવાર તથા પાયદળ સિપાઈ સઘળા હથિયારબંધ તૈયાર થઈ રહ્યા હતા. રાજા કરણે સવારે જે લૂગડાં ઘરેણાં પહેર્યાં હતાં તેનાં તે જ હમણાં પણ તેના શરીર ઉપર હતાં. વિશેષ એટલું જ કે બહાર કોઈની નજર ના લાગે માટે હાથે કેટલાંએક મંત્રેલાં માદળિયાં બાંધેલાં હતાં. રાજાનો હાથી ઘણો જ પુષ્ટ તથા બીજા સૌ કરતાં ઊંચાઈમાં વધારે હતો, તેના ઉપર સોનેરી ઝૂલ નાંખી હતી. તેના પગમાં સોનાનાં કડાં ઘાલેલાં હતાં. તેના કુંભસ્થળ ઉપર મોતીની માળાઓ બાંધેલી હતી. હાથી ઉપરનો મેઘાડંબર તમામ રૂપાનો સોને રસેલો હતો, તથા તેમાં કેટલેએક ઠેકાણે રત્નો જડેલાં હતાં. રાજાની પાછળ માધવ પ્રધાનજી ચમ્મર લઈને બેઠેલા હતા, અને તેનો પોશાક તથા ઘરેણાં સવારના જેવાં જ હતાં. સવારીની આગળ નોબત તથા ડંકા વગાડનારા ઊંટ અથવા હાથી ઉપર બેઠેલા હતા. નોબતની આસપાસની ઝૂલ કિનારીદાર લૂગડાની હતી, અને તેના વગાડનાર પણ સઘળા બાંકા બનીને બેઠેલા હતા. તે પછી સવાર તથા સિપાઈઓ આવ્યા. પછી શહેરનાં મુખ્ય માણસો તથા દરબારના કામદાર લોકો ઘોડા, રથ વગેરે વાહન પર બેસીને ચાલ્યા. વચમાં-વચમાં મલ, ભાંડ વગેરે હલકા લોકો પણ મોટો ઠાઠમાઠ કરી ચાલતા હતા. છેલ્લે હાથી ઉપર રાજા આવ્યો. સવારીમાં ઘણીએક તરેહનાં વાજિંત્ર વાગી રહ્યાં હતાં, તેમાં રણશિંગડાં, ભૂંગળ, શરણાઈ વગેરેનો અવાજ બહાર નીકળી આવતો હતો. રાજા સઘળા લોકોને આખે રસ્તે માથું નમાવતો જતો હતો, અને લોકો તેને જોઈને નીચા વળી નમતા તથા હરખનો પોકાર કરતા હતા. કેટલાએક લોકો જેઓ ઊંચી બારીઓમાં બેઠેલા હતા તેઓ રાજા ઉપર ફૂલના હાર, દડા, તથા છૂટાં ફૂલની વૃષ્ટિ વરસાવતા હતા. ઘણા લોકો રસ્તામાં ફૂલ વેરતા હતા; અને કેટલાએક શ્રીમંત લોકો સોનારૂપાનાં ફૂલ રાજાના માથા ઉપર વધાવતા હતા. તે વખતે લોકોની રાજા ઉપરની પ્રીતિ એટલી ઊભરાતી જતી હતી કે જો બની શકે તો તેઓ પોતાનામાંથી થોડુંથોડું આવરદા રાજાને આપવાને તૈયાર થાય. રાજા જુવાન અને ખૂબસૂરત હતો. તેની સાથે તે દહાડે એટલો તો મોહ પમાડે એવો તે લાગતો હતો કે સવારી જોવા મળેલી ઘણી સ્ત્રીઓએ તેનાં ઘણાં હેતથી ઓવારણા લીધાં.

સવારી શહેર બહાર કેટલેએક દૂર જઈ એક શમીના ઝાડ આગળ અટકી. ત્યાં હજારો બ્રાહ્મણો શમીપૂજન કરાવવાને તથા દક્ષિણા વહેંચાય તે લેવાને એકઠા થયા હતા. રાજા હાથી ઉપરથી ઊતરીને શમીવૃક્ષ આગળ જઈ ઊભો રહ્યો. તે વખતે રાજ્યગોરે આવી સરપાવ માગ્યો, ‘‘રાજાધિરાજ! કાંઈ આપો તો પૂજનના કામનો આરંભ થાય.’’ તે જ ક્ષણે નાણાંની એક થેલી ગોરને મળી. બીજા બ્રાહ્મણો પણ પોતપોતાના યજમાન પાસે ગયા, અને કહેવા લાગ્યા : ‘‘મહારાજ! આજે રામચંદ્રજીએ દુષ્ટ રાવણ ઉપર ચઢાઈ કરી, અને આજે પાંડુપુત્ર

વૈરાટ નગરમાં પેઠા. આજે અર્જુન તથા તેના ભાઈઓએ શમીપૂજન કીધું, અને પોતાનાં શસ્ત્રને તે વૃક્ષ ઉપર લટકાવ્યાં; માટે આજ એ શમી એટલે અપરાજિત દેવીનું પૂજન કરવાનો ઘણો ધર્મ છે.'' પછી તેઓએ પહેલાં તો તે ઝાડને પંચામૃતનું સ્નાન કરાવ્યું; તેના ઉપર પાણી છાંટ્યું, અને ચંદનપુષ્પ ચઢાવ્યાં; અપરાજિત દેવી આગળ દીવો કીધો; ઝાડ ઉપર ચાંલ્લા કરી હાર ચઢાવ્યા; ગુલાબ-અબીલ નાખ્યાં; નૈવેદ મૂક્યું અને રાજા પાસે પ્રદક્ષિણા કરાવી. પછી તેઓએ વારાફરતી દશ દિગ્પાળની પૂજા કીધી. તેમાં પહેલાં ઇંદ્ર એટલે પૂર્વના દેવની કીધી. પછી રાજાએ તથા બીજા લોકોએ બળેવને દહાડે બાંધેલી રક્ષા તોડી ઝાડ ઉપર ફેંકી દીધી. તે થયા પછી શમીના મૂળ આગળથી થોડું થોડું મટોડું તથા તેનાં પાતરાં, સોપારી તથા જુઆરા બ્રાહ્મણોએ સઘળાને આપ્યા, અને કહ્યું કે આ સઘળાને એકઠા માદળિયામાં ઘાલી જ્યારે પ્રવાસ કરવા જાઓ ત્યારે રાખજો. હવે પૂજન પૂરું થયું એટલે રાજાની તરફથી દક્ષિણા થઈ, અને ખાનગી ગૃહસ્થોએ પણ પોતપોતાની શક્તિ તથા બાપદાદાના સંપ્રદાય પ્રમાણે દક્ષિણા આપી; અને અગર જોકે એ દક્ષિણા હંમેશના કરતાં કાંઈ થોડી ન હતી તોપણ ધારા પ્રમાણે સઘળા બ્રાહ્મણો કાળનો વાંક કાઢી સારી પેઠે બબડ્યા, પોતાનાં છોકરાંની આગળ કેવી અવસ્થા થશે તે વિશે ઘણી ફિકર કરવા લાગ્યા, અને છેલ્લે ભાગ વહેંચવામાં બોલચાલ ઉપરથી ગાળાગાળી, અને ગાળાગાળીથી મારામારી ઉપર આવી ગયા; અને જો કેટલાએક વૃદ્ધ બ્રાહ્મણો ત્યાં કજિયો પતાવવામાં ન હોત તો થોડું લોહી પણ તે દિવસે અપરાજિત દેવીને અર્પણ થાત.

એ બ્રાહ્મણોને લડતા તથા શોરબકોર કરતા રહેવા દઈને રાજાની સવારીની સાથે આપણે પણ પાછા વળીએ. સવારી થોડી આગળ ચાલ્યા પછી રાજાએ પાછા ઊતરીને ગઢેચી માતા એટલે કિલ્લાનું રક્ષણ કરનારી દેવીનું પૂજન કરી ફરીથી ત્યાંના બ્રાહ્મણોને દક્ષિણા આપી. ત્યાંથી સવારી ચાલી તે ઠેઠ કિલ્લા સુધી આવી પહોંચી ત્યાં સુધી અટકી નહીં. કિલ્લા આગળ એક મોટું ચોગાન હતું. ત્યાં લાખો લોકો એકઠા થઈ રહ્યા હતા. ત્યાં સવારો, પાયદળ, ઘોડા, હાથી અને છેવટે રાજાનો હાથી એ સઘળા ઊભા રહ્યા. પછી એક ઠેકાણે, મલ્લો, જેઓ આખા વરસ સુધી દૂધ, દહીં, ઘી ખાઈ-ખાઈને જાડા થઈ ગયા હતા તેઓ કુસ્તી કરવા લાગ્યા; તે જોવાને લોકોનું એક મોટું ટોળું ત્યાં એકઠું થયું હતું. એક ઠેકાણે બે સવાર ઘોડા ઉપર બેસીને જૂઠું યુદ્ધ કરતા હતા. બંનેની પાસે બુઠ્ઠી અણીના ભાલા હતા અને તેઓ એક હાથમાં ગેંડાના ચામડાની ઢાલ પકડી લડતા હતા, તેમાંથી સામાવાળાના ભાલાના આંચકાથી જે પડી જાય તે હારે, અને લોકો તરત તાળી પાડી બૂમાબૂમ કરી મૂકે. એક રજપૂત સવાર ભાલાવાળાની સામો તલવાર લઈને લડ્યો, અને તલવારની અણીવતી તે સામા માણસને વગાડ્યા સિવાય તેને ઘોડા ઉપરથી ઢાળી પાડ્યો. કેટલાએક કોળી સિપાઈઓ સામે માટીનું ચક્કર મૂકી તેમાં તીર પીંછાં સુધ્ધાં પેસે એવી શરતે આઘેથી તીર મારતા હતા. કેટલાએક સવારો પોતાના ઘોડાને કાવો જ ફેરવ્યા ફરતા; કેટલાએક તેઓને નચાવતા; કેટલાએક ઘોડાને થોડુંક દોડાવી પાછા લાવતા. એ પ્રમાણે ત્યાં ગમ્મત થઈ રહી હતી. આશરે એક કલાક સુધી કસરત કરી સવાર લોકો તથા સિપાઈઓ રાજાને જુહાર કરી પોતપોતાને ઠેકાણે ગયા. તમાશગીર લોકો તે દહાડાની હકીકતની વાતો કરતા તથા સવારીની ટીકા કરતા-કરતા પાછા વળ્યા. રાજા હાથી ઉપરથી ઊતરી મહેલમાં જઈ લૂગડાં, ઘરેણાં ઉતારી, દેવની પૂજા કરી આરતી ઉતારી ચંદ્રશાળામાં ગયો, અને ત્યાં ભોજન કરવાની તૈયારી કીધી. રાત્રે રાજા પોતાની રાણી સાથે જમતો, માટે ત્યાં બીજું કોઈ ન હતું. રૂપાના પાટલા માંડ્યા, અને મુખ્ય રાણી સોનાની થાળીમાં જમવાનું પીરસીને લાવ્યાં. જમી રહ્યા પછી સીસાઓ તથા વાડકા આવ્યા, તેમાં દરાખ તથા મહુડાનો દારૂ રાજાએ થોડો-થોડો પીધો. ખાઈ રહી હાથ-મોં ધોઈ, રાજાએ પાનસોપારી ખાધાં, અને

ત્યાર પછી આખા શરીર ઉપર ચંદન તથા મળિયાગરાનો લેપ કરાવ્યો; તે થઈ રહ્યા પછી એક રૂપાની સાંકળનો હિંડોળો તે ઓરડામાં હતો તે ઉપર રાજા આરામ લેવા જરા સૂતા. પાસે રૂપાની સુંદર દીવીઓ ઉપર દીવા બળતા હતા તેથી આખા ઓરડામાં ઝળઝળાટ થઈ રહ્યો હતો. એ ઓરડાનાં બારણાં આગળ ચોકીદાર બેઠા હતા, તેઓ રાજા હવે સૂઈ જશે એમ ધારતા હતા. પણ થોડી વાર પછી રાજા હિંડોળેથી ઊઠ્યો, અને એક હલકા રજપૂતનાં લૂગડાં રાખેલાં હતાં તે તેણે પહેર્યાં. તેણે પોતાનું મોં છુપાવવાને બુકાની બાંધી, અને પગે જૂના જોડા પહેર્યા. પછી એક ખવાસને બોલાવી હુકમ કીધો કે આજ રાત્રે વીરચર્યા કરવાનો એટલે નગરચર્યા જોવાનો મારો વિચાર છે, માટે એક લોટામાં પાણી ભરી લઈ મારી સાથે આવવું. ખવાસ હુકમ પ્રમાણે જલદીથી તૈયાર થયો, અને તે તથા રાજા બંને મહેલને પાછલે બારણેથી નીકળી પડ્યા.

તે વખતે દોઢ પહોર રાત થઈ હતી, અને દુકાનદારો દુકાન બંધ કરી પોત-પોતાને ઘેર જતા હતા. લોકો પોત-પોતાના ઘરમાં જ હતા, અને આખો દહાડો રઝળેલા તેના થાકથી ઘણાએક તો સૂઈ ગયા હતા. કેટલાએક બારીએ બેસી પડોસીઓ જોડે તડાકા મારતા હતા. કેટલેક ઘેર બાયડીઓ એકઠી થઈ માતાના ગરબા ગાતી તે જોવા તથા સાંભળવા કેટલાએક લોકો બહાર મોં ઉઘાડાં મૂકીને ઊભા હતા, અને ગરબાના વિષય, તે ગાવાની રીત, તથા ગાનારીઓના ઘાંટા ઉપર ટીકા કરતા હતા. પાતરવાડમાં પાતરો બારીએ દીવા મૂકીને પોતાનાં અંગ ઉપર કીમતી લૂગડાં, ઘરેણાં તથા ફૂલના હારગજરા પહેરીને બેઠેલી હતી. અને રસ્તે જતા-આવતા લોકોને મોહજાળમાં ફસાવવા ફાંફાં મારતી હતી. તેમાંથી કેટલાએક અભાગિયા લોકો તે જાળમાં ફસાઈ પડીને ક્ષણભંગુર સુખને વાસ્તે અક્ષય સુખનો આંધળા થઈ ત્યાગ કરતા હતા. કેટલીએક રામજણીના ઘરમાં રાગતાન થતાં હતાં, વાજિંત્રનો નાદ થઈ રહ્યો હતો, અને દીવામાં પડતાં પતંગિયાંની પેઠે કેટલાએક મૂર્ખ લોકો ત્યાં ઝંપલાવતા હતા; અને તેઓની આંખ ઉપર એવાં તો જાડાં પડ વળી ગયાં હતાં કે તેઓ તે સમયે જાણે વિષ્ણુના વૈકુંઠમાં બેઠા હોય એમ તે અધમ પુરુષોને લાગતું હતું. સાંકડી ગલીઓ તથા ઉજ્જડ રસ્તાઓમાં બુકાની બાંધેલા માણસો ચુપકીથી ફરતા હતા, અને લાગ ફાવે તો પારકો માલ પોતાનો કરવાનો તેઓનો ઇરાદો જણાઈ આવતો હતો. કોઈ કોઈ ઠેકાણે વંઠેલ સ્ત્રીપુરુષ પોતાનાં ઘરબાર છોડી દુષ્ટ વિચારથી આમતેમ ભટકિયાં મારતાં હતાં. એ સઘળું રાજાએ જોયું, અને તેમાંની ઘણીએક વાતનો બંદોબસ્ત કરવાનો પ્રધાનને હુકમ કરવો એવો પોતાના મનમાં નિશ્ચય કીધો. રાજસંબંધી વાત કોઈ પણ ઠેકાણે તેના સાંભળવામાં આવી નહીં. જ્યાં-જ્યાં કાંઈ પણ વાત થતી હતી, ત્યાં સવારીની જ વાત ચાલતી હતી. તેમાં સઘળાં તેના રૂપ, ગુણ, લૂગડાં, ઘરેણાં, ઇત્યાદિનાં વખાણ કરતાં હતાં. એટલું સાંભળી રાજાનું મન તૃપ્ત થયું નહીં તેથી શહેર બહાર ચાંદનીમાં ફરવા જવાનો તેણે નિશ્ચય કીધો.

દરવાનને થોડા પૈસા આપી દરવાજો ઉઘડાવ્યો, અને મેદાન ઉપર નીકળી ગયો. તે દહાડે શરદ મહિનાનો ચંદ્ર ખીલી રહ્યો હતો. આકાશ ઘણું જ નિર્મલ હતું. ચાંદરણાથી બધું મેદાન રૂપેરી રંગનું હોય એમ દેખાતું હતું. તેમાં વચમાં વચમાં ઘાસ ઊગેલી લીલી જગા હતી; તે ગૌરવર્ણની સ્ત્રીના હાથ ઉપર નીલમની વીંટીના જેવી માલૂમ પડતી હતી. તે ઠેકાણે કોઈ પ્રાણી નજરે પડતું ન હતું; પણ પાણીનાં ખાબોચિયાંમાંથી દેડકાઓ ડ્રેંડુંડ્રેંડું કરતા હતા, કંસારીઓ જગાએ- જગાએથી બંધ ન પડે એવો અવાજ કરતી હતી, અને કોઈ-કોઈ ઠેકાણેથી સાપનો શબ્દ પણ સંભળાતો હતો. એવી રીતે રાત રમણીક લાગતી હતી. આગળ ચાલતાં તેઓ સ્મશાન પાસે આવી પહોંચ્યા, ત્યાં ચાંદરણામાં ઝાડોની છાયાથી અંધારું હતું; અને સ્મશાન એ નામથી જ તે જગા ભયાનક લાગતી હતી. ત્યાં ઊભા રહીને રાજાએ દૂર નજર કીધી તો એક

ઝાડ નીચે મોટું તાપણું તેના જોવામાં આવ્યું, અને તે બળતાંની આસપાસ કેટલાંએક બૈરાં કૂંડાળું ફરતાં તેણે જોયાં. રાજાને તે તમાસો જોવાની ઘણી મરજી થઈ. તેની પાસે તલવાર તથા ખંજર હતાં તેથી તેના મનમાં બીક થોડી હતી. ખવાસ તો તે જોઈને ધ્રૂજવા લાગ્યો, અને હાથ જોડી બોલ્યો, "મહારાજ, એ તો કોઈ ડાકણી, યક્ષણી, પિશાચ, વંતરી એવી કોઈ બાયડીઓ હશે, માટે તેઓની પાસે જવામાં કાંઈ ફળ નથી." પણ રાજા કરણ એક વાત મનમાં લેતો તે કદી છોડતો નહીં, અને વળી બીને ત્યાં ન જવાથી રજપૂતની બહાદુરીને કલંક લાગે, માટે ગમે તે થાય તોપણ જવું એવો દૃઢ નિશ્ચય કરી તે આગળ ચાલ્યો.

જ્યારે તે ટોળા આગળ જઈ પહોંચ્યો ત્યારે સઘળી બાયડીઓ ક્રોધાયમાન થઈ સ્થિર ઊભી રહી, અને રાજાની સામા ડોળા કાઢીને બોલી, "અલ્યા માનવી, તું રંક હોય કે રાજા હોય, પણ તારે આવવાનું શું કામ હતું? તેં અમારી રમતમાં કેમ ભંગ પાડ્યો? શું તું તારે ઘેરથી રિસાઈ આવ્યો છે? શું આટલી નાની ઉંમરમાં તું આવરદાથી કંટાળી ગયો છે કે મોતના જડબામાં આવી ફસાઈ પડ્યો? અહીંથી એકદમ જતો નહીં રહે, તો અમે બધાં મળીને તને ચીરી નાંખી તારા લોહીની ઉજાણી કરીશું." રાજા કરણ એવી રાંડોથી બીએ એવો ન હતો. મ્યાનમાંથી તલવાર કાઢી તેણે જુસ્સાથી કહ્યું, "હું ક્ષત્રિય રાજપુત્ર, આખા ગુર્જર દેશનો રાજા કરણ વાઘેલો છું, અને તમે મારા રાજમાં રહો છો તેથી મારી રૈયત છો, માટે હું તમને આજ્ઞા કરું છું કે તમે સઘળાં કોણ છો તે તુરત મને કહો." વંતરીઓએ જાણ્યું કે આ તો દેશનો ધણી છે, તેથી તેઓ સઘળી તેની આગળ હાથ જોડીને ઊભી રહી, અને તેઓમાંથી એક બોલી, "રાજાધિરાજ! અમે વાણિયાબ્રાહ્મણની બાયડીઓ હતી, પણ અમે સઘળી સુવાવડમાં મરી ગઈ, અમારા ધણી બીજી વાર પરણ્યા, તેથી તેઓએ અમારી પાછળ યોગ્ય ક્રિયા કીધી નહીં માટે અમારી અસદ્ગતિ થઈ છે; માટે હે રાજા! જે તમે તેઓને કહી તેઓની પાસે અમારે સારુ નારાયણબળિ કરાવશો તો જ અમારો ઉદ્ધાર થશે."

રાજાએ તેઓના ધણીનાં નામ લખી લીધાં, અને તેઓને વચન આપ્યું કે હું તમારો જલદીથી આ ગતિમાંથી છૂટકો કરાવીશ. વંતરીઓ એ સાંભળીને એટલી તો ખુશ થઈ કે તેઓ સઘળી બોલી ઊઠી : "રાજા, તું માગ, જે માગે તે આપીએ." રાજાએ પોતાના ભવિષ્યની વાત પૂછી ત્યારે એક વંતરી બોલી, "મહારાજ! અમને ભવિષ્યનું ઘણું જ્ઞાન નથી, તોપણ જ્યારે તમે અમારા ઉપર આટલો ઉપકાર કીધો છે ત્યારે અમે પણ તમને એક શિખામણ દઈએ તે પ્રમાણે તમારે ચાલવું. તમે જાણો છો કે બાયડીઓથી જગતમાં ઘણી ઊથલપાથલ થઈ છે. સીતાને રાવણ હરી ગયો તેથી લંકાનો નાશ થયો, અને રાવણનું મૃત્યુ થયું. દ્રૌપદીનાં ચીર દુર્યોધને ભરી સભામાં ખેંચાવ્યાં તેથી કુરુક્ષેત્રનું યુદ્ધ થઈ તેમાં કૌરવોનો અને તેઓનાં તથા પાંડવ તરફનાં કરોડો માણસોનો નાશ થયો. માટે હે રાજા! બાયડીથી બહુ સંભાળીને ચાલવું, અને તેઓ સાથે જેમ બને તેમ થોડો સંબંધ રાખવો."

કરણ રાજા એટલું સાંભળી પાછો વળ્યો, અને આખે રસ્તે આ બનાવ વિશે એટલા બધા વિચાર તેના મનમાં આવ્યા કીધા કે તેણે રસ્તો કાંઈ જાણ્યો નહીં. તે એક યંત્રની પેઠે આગળ ચાલ્યા જ કરત, પણ એક મહાદેવના દેવસ્થાન આગળ ભારે ભીડ થઈ હતી ત્યાં લોકોની ઉપર તે અથડાયો ત્યારે તેને ભાન આવ્યું. આસપાસ જોઈ ભીડ થવાનું કારણ લોકોને પૂછ્યું ત્યારે એક જણે જવાબ દીધો કે દહેરામાં વૈરાટ પર્વનું નાટક થાય છે તે જોવાને લોકો મળ્યા છે. નાટકનું નામ સાંભળીને તે જોવાનું તેને મન થયું. અને ખવાસને બોલાવી બંને જણ દહેરામાં ગયા, તથા ધક્કામુક્કી કરી ઊભા રહ્યા તો ત્યાં વૈરાટ રાજાની સભા મળી હતી. અને પાંડવો એક પછી એક જુદોજુદો વેશ ધારણ કરી રાજાની પાસે નોકરી માગવા આવતા હતા. નાટકની ગમ્મતમાં રાજા એટલો બધો લીન થઈ ગયો કે વંતરીની વાત તે તમામ ભૂલી ગયો. કેટલીક

વારે ખવાસને અફીણને લીધે ઝોકાં તથા બગાસાં ખાતો જોઈને રાજાને પણ બગાસાં આવવા માંડ્યાં, અને એક પહોર રાત રહી છે, એમ સાંભળીને તેણે પાછા મહેલ ઉપર જવાનો ઠરાવ કીધો. જતાં પહેલાં મહાદેવનાં દર્શન કરવાને દહેરા તરફ ગયો, પણ બારણાં આગળ જાય છે એટલામાં ઝમઝમાટ કરતી આવતી એક સ્ત્રીને જોઈને પોતાની મરજી ઉપરાંત તે ત્યાં જ ઊભો રહ્યો, અને તેની શુદ્ધબુદ્ધ ઊડી ગઈ. તે સ્ત્રી ખરેખરી પદ્મિની હતી. તેનું મોં પૂર્ણિમાના ચંદ્ર જેવું હતું અને તેના ગાલના ગૌરવર્ણ ઉપર વખતે-વખતે તેની ભરજુવાનીને લીધે જ્યારે ગુલાબી રંગ ચઢી આવતો ત્યારે તેની આગળ ગુલાબના ફૂલનો રંગ પણ ઝાંખો જણાતો. તેનું મોં ઘણું નાનું હતું તથા તે ઉપરના બે હોઠ પાતળા પરવાળાના જેવા રંગના હતા. જ્યારે તે મંદ-મંદ હસતી ત્યારે તેના દાંત સમાકાર ધોળા મોતીના દાણા જેવા દેખાતા. તેને નાકે ઘણાં ઊંચાં પાણીદાર મોતીની વીંટલી ઘાલેલી હતી. તેનાં મોતી તેના પરવાળા જેવા હોઠને અડકતાં ત્યારે તે કમળની લાલ પાંદડી ઉપર ઓસનાં ટીપાં જેવાં ચળકતાં હતાં. તેના ગાલ ઉપર એક છૂંદણું હતું તેથી તેની ખૂબસૂરતી એટલી તો વધતી હતી કે જેમ ફારસી શાયર હાફિઝ, શિરાઝની એક બૈરીના ગાલ ઉપરના કાળા તલને વાસ્તે સમરકંદ તથા બોખારા શહેર આપી દેવાને તૈયાર થયો હતો તેમ તે છૂંદણાને માટે આખું ગુજરાતનું રાજ્ય કોઈ આપે તોપણ થોડું હતું. તેની આંખ જરા લાંબઘાટી હતી, અને સ્વાભાવિક રીતે કાળી હતી, તેની સાથે વળી તેમાં કાજળનું ઝીણું અંજન કીધેલું હતું તેથી તે વધારે મોહ પમાડતી હતી. તે ઘણી નરમાશવાળી તથા કામથી ભરપૂર દેખાતી હતી. તે એટલી ચપળતાથી ચોગરદમ ફરતી કે જે પુરુષ પર તે પડતી તેના હૃદયમાં કારી ઘા માર્યા વિના રહેતી નહીં. તેની ભમર પાતળી ઇંદ્રના ધનુષ્ય જેવી હતી. અને એ ધનુષ્યમાંથી મદનદેવ પોતાનાં શસ્ત્ર ઉડાવી હજારો લોકોના મનની શાંતિનો નાશ કરતો. તેના કપાળ ઉપર જે રાતો હિંગળોકનો ચાંલ્લો હતો તે બરફના મેદાન ઉપર લોહીના ટપકા જેવો દેખાતો હતો. ચોટલો નાગની ફેણ જેવો ઘટાદાર અને તેવો જ કાળો હતો. તેના કેશ જો છૂટા મૂકે તો તે કમર સુધી પહોંચતા, પણ હમણાં તો તેનો અંબોડો વાળેલો હતો. એ સિવાય તેના બીજા અવયવો પણ ઈશ્વરની બેહદ કારીગરી તથા ચાતુર્યના નમૂના હતા. એવી ખૂબસૂરતીતો મોહ કોણ અટકાવી શકે? માણસ તો માણસ જ! તેની બુદ્ધિ નબળી અને ઘણી જોરાવર લાલચને વશ ઘણું કરીને થાય જ, તેથી રાજા કરણ બેશુદ્ધ થઈ થાંભલાના જેવો ત્યાં જ ઊભો રહ્યો તેમાં કાંઇ ઘણું આશ્ચર્ય ન હતું. તે સ્ત્રી ગયા પછી થોડી વારે જ્યારે રાજા હોશમાં આવ્યો ત્યારે તે બોલી ઊઠ્યો : ‘‘અરે! હું જાગતો છું કે ઊંઘમાં? મેં કાંઈ ઊંઘમાં સ્વપ્નું તો નથી જોયું? અલ્યા ખવાસ! મને ચોંટી દે એટલે હું જાગતો છું તેની મને ખાતરી થાય. મેં શું જોયું? ઇંદ્રપુરીથી કોઇ રંભા આવી? શું શૂરા ક્ષત્રિયોને વરનારી સ્વર્ગમાંથી અપ્સરા ઊતરીને આવી? કે શું જગદંબા પોતે જાતે માનવી રૂપ ધારણ કરી મને દર્શન આપી ગયાં? અને જો એમ હોય તો હું કેવો પાપી દુષ્ટ અધમ કે હું તેને પગે પડ્યો નહીં!’’ ખવાસ આ સઘળું સાંભળી મનમાં કહેવા લાગ્યો કે રાજા કાંઈ ચળી ગયો, કે ઊંઘના જોરમાં બકે છે. પછી તેની ભ્રાંતિ ભાંગવાને માટે મોટેથી બોલ્યો : – ‘‘મહારાજ, એ કાંઈ રંભા, અપ્સરા કે જગદંબા, કોઈ નથી. એ તો આપણા પ્રધાનજી માધવની ધણિયાણી છે, અને તેની પાછળ ચાકરના હાથમાં સોનાની થાળી હતી, તેમાં ચંદન, પુષ્પ, ધૂપ, નૈવેદ હતું તેથી તે પૂજા કરવા આવી હશે.’’ વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ આ સાંભળીને કરણ ચમક્યો, અને બોલ્યો, ‘‘માધવની ધણિયાણી? પેલા માધવની! એ કાગડાને ત્યાં હંસણી! એ વાત ખરી છે? તું જૂઠું તો બોલતો નથી? આ દેવાંગના ઇંદ્રાસન ઉપર બેસવા યોગ્ય અથવા રાજ્યમંદિરમાં વાસો કરવા લાયક, એ રાજ્યમહેલનું આંગણું દીપાવે એવી સ્ત્રી એક બામણાના ઘરમાં! જે બામણો આજે તો પ્રધાન છે પણ કાલે અથવા થોડાં વર્ષ પછી કદાચ ઝોળી ભેરવી ભીખ માગવા નીકળે તેને ત્યાં! અરે ઈશ્વર! તારે ત્યાં ઘણો

અન્યાય છે. શું આવી બાયડીઓ આવા હલકા બ્રાહ્મણો, અથવા શૂરા ક્ષત્રિય સિવાય બીજા લોકો જેઓ આવાં અમૂલ્ય રત્નો પોતાની તલવાર વડે જાળવી શકે નહીં તેઓને વાસ્તે પેદા થયેલી છે? એમ હોય તો નહીં! એમાં કાંઈ પરમેશ્વરની ભૂલ થઈ છે. તેણે તો મારે જ સારુ કીધેલી, પણ વિધાતાની કાંઈ ચૂકથી તે મારા હાથથી છટકી ગઈ. પણ હવે તે ભૂલ સુધારવી જોઈએ; અને એ બિચારીનો આટલી લાંબી મુદત સુધીને ડૂબેલો હક્ક તેને પાછો આપવો જોઈએ. તેને માધવ પાસેથી લેવી તો જોઈએ. પણ હું શું માગવા જાઉં? એમ કરું તો મારી શોભા રહે નહીં. વળી એ નાગર છે તેથી બૈરી આપે એવો સંભવ પણ નથી. નાગર પણ શૂરાતનમાં ક્ષત્રિયથી જ ઊતરતા છે; માટે તે રસ્તેથી કાંઈ ફળ થવાની આશા રાખવી નહીં, ત્યારે શું કરવું? હથિયારબંધ માણસો માધવના ઘર ઉપર મોકલી તેને બળાત્કારે લઈ આવવી. પછી માધવને સામ, દામ, ભેદ ઉપાયથી સમજાવવો. બાયડી તો લૂગડાં, ઘરેણાંની દાસી, એટલે તે માધવને નકામી, તેથી અંતે તે નિરાશ થઈ પોતાના સ્વાર્થ ઉપર નજર રાખી, ઠેકાણે આવી જશે. એ વગર બીજો કોઈ રસ્તો નથી, માટે કાલે અનુકૂળ વખતે એ જ પ્રમાણે કરવું. એવો વિચાર કરતો-કરતો કરણ પોતાના મહેલમાં જઈ હિંડોળે સૂતો, પણ તેને જરા નિદ્રા આવી નહીં. પોતાની રાણી તેને તે વખતે શંખણી જેવી લાગી, અને સવાર થતાં સુધી તેણે એના એ જ વિચારમાં તળાઈ ઉપર પછાડા માર્યા કીધા. અરે રાજા કરણ! તારો અવિચારી સ્વભાવ તને છોડતો નથી. જ્યાં સુધી તારી મિટ્ટી મિટ્ટીમાં મળી જશે, ત્યાં સુધી એ તારા સ્વભાવથી તારી ખરાબી થયા કરશે. શું તું એટલી વારમાં વંતરીઓનું વચન ભૂલી ગયો? તું તારા કામના પરિણામ ઉપર કાંઈ વિચાર કરતો નથી? તું જાણે છે કે તારું ધારેલું કામ સહેલાઈથી પાર પડશે! પણ અલ્યા ઘેલા, તું ઝેરી બી ભોંયમાં વાવે છે અને તેનાં ઝેરી ફળથી તારો જ નાશ થવાનો છે. પણ તેમાં એ શું કરે? નાનપણથી તેનો સ્વભાવ જ એવો હતો, અને તેનો અખત્યાર તોડવાને તેણે કોઈ વખત યત્ન સરખો પણ કીધો ન હતો. હવે તો નદીના વહેણમાં ઘસડાયો અને તે કયા કાંઠે પડશે તેની તેને ખબર ન હતી. અરે! ઇતિહાસ લખનારે તારું ઉપનામ ઘેલો રાખ્યું છે તે વાજબી જ છે. તું ખરેખરો ઘેલો, ઘેલો જ છે.

પ્રકરણ ૩જું

જ્યારે કામજ્વરથી પીડાયલો કરણ રાજા પોતાનું ધારેલું કામ પાર પાડવાના વિચારમાં બિછાના ઉપર તરફડિયાં મારતો હતો તે વખતે બહાર રાતનો અમલ ઊતરીને રાત તથા દહાડાની મર્યાદાની વચ્ચેનો તકરારી વખત થયો હતો. આકાશ કેવળ સ્વચ્છ હતું. અરુણે સોનાની કૂંચી વડે પૂર્વ દિશાનો મોટો દરવાજો ઉઘાડ્યો. અને સૂતી દુનિયાને જાહેર કીધું કે હવે સૌને કામે વળગવાનો વખત થયો છે. અરુણ સારથિ આવ્યો એટલે તેની પાછળ સૂર્યનારાયણ રથમાં બેસીને જલદીથી આવશે એવું જાણીને રસ્તામાં રમતા છોકરાઓ મહેતાજીને આવતા જોઈ નાસી જાય છે તેમ તારાઓ એક પછી એક પોતપોતાનું મોં સંતાડવા લાગ્યા. ચંદ્ર તો તે પહેલાં અસ્ત થયેલો જ હતો. શુક્રનો તારો, જેને વિશે ગામડિયા લોકો કહે છે કે ચંદ્ર મૂઆ પછી એ તેની જગા સાચવશે, તે થોડી મુદત સુધી હિંમત રાખી ઊભો રહ્યો, પછી તે પણ જલદીથી ભરાઈ ગયો. સૂર્યદેવતાને આદરમાન આપવાને પૂર્વ તરફ વાદળાંમાં ઇંદ્ર રાજાએ ઘણા ભભકાદાર રંગના સાથિયા પૂર્યા. તળાવોમાં કમલનાં ફૂલ ખીલી તેઓએ પોતાના સૂર્ય પિતાને મળવાને પોતાનાં મોં પૂર્વ તરફ ફેરવ્યાં. કુમુદિનીના ફૂલની પાંદડી બિડાઈ જઈ નીચે નમી ગઈ. પોતાની પ્રિયાને ખીલેલી જોઈ ભમરાઓ કમળની આસપાસ ફરી ગુંજાગુંજ કરવા લાગ્યા. ચંપા, ચંમેલી, સેવતી, માલતી, વગેરે ફૂલોમાંથી મંદમંદ સુગંધે શીતળ વાયુની સાથે ઘસડાઈ આવીને નાસિકાઇંદ્રિયને મગ્ન કીધી. ઠેકાણે-ઠેકાણેથી દિવાકરના ચોપદાર કૂકડાઓએ નેકી પોકારી. ચલ્લીઓ માળામાંથી નીકળી ચીંચીં કરવા લાગી. કાગડાઓ કાકા બોલવા લાગ્યા. પાંજરામાંના પોપટ, મેના ઇત્યાદિ પક્ષીઓએ મીઠા બોલથી પોતાના ધણીને જગાડ્યા; અને વાડીઓ તથા ઝાડીઓ સુંદર નાદવાળાં પક્ષીઓના શબ્દથી આનંદકારક થઈ રહી. દેવસ્થાનોમાં દેવને જગાડવાને નોબત તથા શંખ વાગવા લાગ્યાં. શહેરમાં ગરીબ લોકોના ઘરમાં ઘંટીનો ઘોર તથા તેની સાથે દળનાર બાયડીઓનો શોર થઈ રહ્યો. કેટલાએક સવારે સૂતા-સૂતા પ્રભાતિયાં તથા બીજાં ભજન ગાવા મંડ્યા. છીપા, સોની, લુહાર, કંસારા વગેરે ઉધમી લોકોએ તે વખતે હથોડા ઠોકી શહેરના તે ભાગને ગજાવી મૂક્યો. કોઈ-કોઈ ઘરમાં એક અથવા વધારે બાયડીઓ બેસીને ઘરમાંના લાંબી મુદત ઉપર મૂએલા માણસને વાસ્તે અમથો રાગડો કાઢી જૂઠું રડવા લાગી. તેઓની આંખ તેઓનાં મોંને જવાબ દેતી ન હતી. કોઈ-કોઈ ઘરમાં દહીં વલોવવાનો શબ્દ સંભળાતો હતો. રાજાના મહેલમાં ચોઘડિયાં વગેરે બીજાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. વિદ્યાર્થીઓ ઓટલે બેસી પાનાં હાથમાં રાખી ધૂણતા-ધૂણતા આગલા દહાડાનું શીખેલું ફરીથી વાંચી જતા હતા. વાણિયાના છોકરા પોતાના અક્ષર ઠેરવવાને વાસ્તે દોપિસ્તાં લખવા બેઠા હતા. ગાય, ભેંસ ઇત્યાદિ પશુઓ ગળાના બંધ છૂટયાથી આનંદમાં ગોવાળિયાની પાછળ ચરવા જતાં હતાં. કુળવંતી, સારા સ્વભાવની બાયડીઓ ઊઠી પોતાનાં ઘર વાળીઝાડી પોતાનાં છોકરાં તથા ધણીને સુખ આપવાનાં સાધન કરવામાં પડેલી હતી; તેમ દુષ્ટ શંખણી બાયડીઓ બબડતી, ફફડતી, છોકરાંને ગાળ દેતી, તથા મારપછાડ કરતી, અને ધણીને ધમકાવતી આણીગમ તેણીગમ ઘરમાં ફરતી હતી. આળસુ, એદી, અફીણી અને એવા સુસ્ત લોકો બગાસાં ખાતા ઢોલિયા ઉપર બબડતા હતા; પણ ઉધમી ચાલાક લોકો ઊઠી દાતણપાણી કરી પોત-પોતાને ધંધે વળગ્યા હતા. દુકાનદારો તો થોડો નાસ્તો કરી લૂગડાં પહેરી હાથમાં મોટી કૂંચીઓ લઈ દુકાને જતા હતા. કેટલાક દુકાન ઉઘાડતા હતા, અને કેટલાક તો દુકાન ઉઘાડી વાળીઝાડી, ધોઈ, તેની પૂજા કરી, માલ ગોઠવી દુકાન આગળનો રસ્તો સાફ કરતા હતા. કેટલાક લોકો પાઘડી પહેરી અંગવસ્ત્ર ઓઢી હાથમાં લોટા લઈ શહેર બહાર જતા હતા. શહેરની સ્ત્રીઓ પાણી ભરીને માથા ઉપર બેડાં ઉપર બેડાં ચઢાવી ઘણી રમણીક ચાલથી, પોતાનાં ધણી,

સાસુ, નણંદ વગેરેની વાતો કરતી અને વખતે કોઈ એકલો પુરુષ જતો હોય તેની મશ્કરી કરતી ચાલી આવતી હતી. સહસ્રલિંગ તળાવ ઉપર બ્રાહ્મણો પોતે નાહ્યા વગર બેસી બીજાઓને નાહવાના પુણ્યનો બોધ કરતા હતા અને લૂગડાં સાચવવાને સારુ પૈસા લેતા હતા. તળાવમાં આસ્થાથી ઘણા લોકો નાહીધોઈને સ્વચ્છ લૂગડાં પહેરી ચાંલ્લા કરાવી દેવદર્શને જતા હતા. રાતના રાજા ઘુવડ તથા વાનવાગળાં સવાર થવાથી કાગડા વગેરે બીજાં પક્ષીની ધાકથી ઝાડોમાં સંતાઈ જવાને ઊડી જતાં હતાં. ચકોરપક્ષી તેના સ્વામી ચંદ્રના અસ્ત પામવાથી કોઈ ગુપ્ત જગાએ ભરાઈ બેઠું હતું. ચોર લોકો પોતાની આશા સફળ કરી અથવા તે નિષ્ફળ થવાથી નિસાસો મૂકતા ઉતાવળથી પોતપોતાને ઘેર જતા હતા. લંપટ સ્ત્રીપુરુષો મહાપાપી તથા અઘોરી કામથી પરવારી ફીકે તથા નિસ્તેજ મોંએ જાણે પોતાના દુરાચરણથી શરમાતાં હોય તેમ ચોરની પેઠે સંતાતાં પોતાના ઘર તરફ પાછાં ફરતાં હતાં. મુસાફરો ચાલતા, ઘોડે અથવા ગાડીમાં બેસીને ખુશીમાં અથવા ચિંતાતુર જતા હતા. રસ્તામાં ધોબી બળદ લાદીને આનંદથી ગાતા-ગાતા ઘાટ ઉપર જતા હતા. કેટલાક ધનુર્વિદ્યા શીખવાને અથવા તેમાં અભ્યાસ વધારવાને નિશાન મારતા હતા. રાજપૂત લોકો શહેર બહાર અથવા કોઈ ખુલ્લા મેદાનમાં ઘોડાને ફેરવવા લઈ જતા હતા. એ પ્રમાણે તે વખતે શહેરનો દેખાવ થઈ રહ્યો હતો.

એ સવારે માધવના ઘરમાં બારીએ માંચી ઉપર એક સ્ત્રી નીચું મોં ઘાલી ચિંતાતુર થઈ ઘણા વિચારમાં બેઠેલી હતી. તેનું લૂગડું જથરપથર તથા ચોટલો વીખરાયેલો હતો; તેણે શરીરે આછુંઆછું ઘરેણું ઘાલેલું હતું. તેથી તેની નાજુક તથા ખૂબસૂરત કાંતિની શોભા ઘટવાને બદલે તેમાં જુદી જ તરેહનો મોહ દેખાતો હતો. તેનાં અવયવો એવાં નાજુક હતાં કે દાતણવાળો રૂપાનો કળશિયો હાથે ઊંચકી પોતાની પાસે મૂક્યો તે વખતે તેનો નાજુક હાથ એટલા ભારથી પણ મરડાઈ જશે, એવી તેના શત્રુઓને પણ ફિકર લાગે. તે અઢાર વર્ષની ભરજુવાનીથી પ્રફુલ્લિત થયેલી હતી, અને તેનું નામ રૂપસુંદરી તેના રૂપને યોગ્ય જ હતું. પણ તે માધવની સ્ત્રી આ વખતે ચિંતાતુર થઈ શા માટે બેઠી હતી? આજે સવારે વહેલી ઊઠી ત્યારે તેનો ધણી કાંઈ કામસર ગામ જવાનો હતો તેથી નીચે ઊતરેલો હતો, માટે ધારા પ્રમાણે તેનાથી તેનું મોં જોવાયું નહીં, પણ તેને બદલે સાવરણી ખૂણામાં પડેલી હતી તે જોઈ; ઓરડામાંથી બહાર નીકળી એટલામાં એક બિલાડી આડી ઊતરી; બારી તરફ નજર ગઈ ત્યારે રસ્તામાં એક રાંડેલી બૈરી જતી જોઈ. એ પ્રમાણે સવારના પહોરમાં તેને નઠારા શકુન થયા. તેનો ધણી ગામ જવાનો તથા ત્યાં આખો દહાડો રહેવાનો તેથી તેનું શું થશે એ વિશે તેને ભારે ફિકર થઈ, અને તે ગામ તે દહાડે ન જવાને તેણે તેને ઘણો સમજાવ્યો. પણ કામ અગત્યનું, રાજાનો હુકમ થયેલો, અને પોતે નાગર એટલે વહેમ પણ થોડો તેથી વહુની વાત ન ગણકારતાં તે ગામ ગયો. તેના ગયા પછી તે મનમાં વિચાર કરવા બેઠી કે શકુનથી કાંઈ થતું નથી એ તો હું જાણું છું. પરમેશ્વરની ઇચ્છા વિના એક સળી પણ હાલતી નથી, તોપણ તેના મનમાં આવતું કે ભૂંડો ભૂંડાનો ભાવ ભજવ્યા વિના રહે જ નહીં, માટે શૂળીનું વિઘ્ન કાંટે જાય તો જગદંબાની મોટી કૃપા સમજવી.

એ પ્રમાણે વિચાર કરી રૂપસુંદરી નીચે ઊતરી સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરી પાટલે બેઠી. એટલામાં તેની નજર જોશી મહારાજ ત્યાં આવેલા હતા તે ઉપર પડી. જોશીને જોતાં જ તેને સવારના માઠા શકુન યાદ આવ્યા તેથી તેણે સઘળી વાત તેની આગળ કહી. જોશીએ જરા સૂર્ય તરફ નજર કરી આસપાસ જોઈ તોળા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ ગણવા માંડયુ‚ં અને જરા વિચાર કરી જવાબ દીધો : "શકુન નડે એવું કાળયોગ ઉપરથી જણાતું તો નથી તોપણ શાસ્ત્ર પ્રમાણે તે વખતે તમારા અંગ ઉપર જે-જે વસ્ત્રાભૂષણ હોય તે સઘળાં બ્રાહ્મણને દાન કરવાં જોઈએ. તમારી જન્મોત્રીની કુંડળી પણ મને મોઢે છે તે ઉપર ધ્યાન પહોંચાડતાં પણ કાંઈ વિપરીત થાય એવો સંભવ નથી; તમને માત્ર રાહુ પીડિત છે તેને માટે આજ તેનું દાન કરો તો

સારું. દાન ઘણું નથી, એક મહોર બસ છે.'' રૂપસુંદરીએ તે જ ક્ષણે સવારે પહેરેલાં તમામ લૂગડાં, ઘરેણાં તથા તે ઉપર એક સોનાની મહોર મૂકીને પગે પડીને જોશી મહારાજને આપ્યાં. તેમને વિદાય કીધા પછી થોડુંઘણું દેવપૂજન કરી તૈયારી કીધી. પણ એટલામાં ઘરના આગલા ચોગાનમાં શોરબકોર થતો સાંભળ્યો. ચાકરને તરત તેણે તજવીજ કરવાને મોકલ્યો, તેણે આવી જાહેર કીધું કે રાજાના હજારો સિપાઈઓએ આવી આપણો મહેલ ઘેરી લીધો છે, અને તેઓ આપણા ચોકીદારોને કાપી નાખે છે.

એ ખબર સાંભળતાં જ રૂપસુંદરી મૂર્છાગત થઈ ભોંય ઉપર પડી. કેટલાક નામરદ ચાકરો નાસી જઈ ઘરમાં ખૂણેખાંચરે ભરાઈ બેઠા, પણ કેટલાક સૂરા ઈમાનદાર નોકરોને એ વાત સાંભળી શૂર ચઢ્યું, અને પોતપોતાની ઢાલ, તલવાર વગેરે જે હથિયાર હાથ આવ્યાં તે લઈ લડવા તૈયાર થઈ ઊભા રહ્યા. રૂપસુંદરીની આગળ ઢાલ લઈને તેનો દિયર એટલે માધવનો ભાઈ કેશવ ઊભો રહ્યો. તેની ઉંમર આશરે પચીસ વર્ષની હતી, અને પોતાના મોટા ભાઈએ રળીને તેને ઘણી મુદત સુધી ખવડાવ્યું હતું તેથી નાનપણથી તેને રળવાની ફિકર ન હતી. તેણે તેની સોળ વર્ષથી બાવીશ વર્ષ સુધીની ઉંમર અંગકસરત, દાવપેચ, કુસ્તી, તલવારના પટા ઇત્યાદિ સિપાઈને ઉપયોગી થઈ પડે એવાં કામોમાં કાઢી હતી, તેથી જુવાનીના સ્વાભાવિક બળ સાથે તેનામાં કસરતથી મેળવેલું વિશેષ બળ હતું. તેનું અંગ મજબૂત તથા સીનાદાર હતું. તેની આંખ જુસ્સાથી રાતી જ રહેતી; અને તેને વેચાતી લડાઈ લેવાની એવી તો ટેવ પડી ગઈ હતી કે માધવે તેને સારા ઊંચા હોદ્દા ઉપર નીમેલો હતો તોપણ જેમ બને તેમ તેને બીજા લોકો સાથે થોડો જ પ્રસંગ પડવા દેતો. તે તેના ભાઈના જેવો ખૂબસૂરત તથા ગોરા વર્ણનો નહોતો; તોપણ લોહીની સ્વચ્છતાથી તેના રૂપ ઉપર જુદા જ પ્રકારનું તેજ દેખાતું હતું. તે બહાર આવો વાઘ હતો તોપણ ઘરમાં બકરી જેવો હતો, અને તેની છાતી બહારથી વજ્ર જેવી સખત હતી, તોપણ તેનું હૈયું ઘણું નરમ હતું. પોતાના ચાકર પાસે પોતાની વહાલી તલવાર મંગાવી એક હાથમાં તે પકડી બીજા હાથમાં ઢાલ રાખી ઊભો રહ્યો, અને હજારો માણસ તેના ઉપર એકદમ તૂટી પડે તોપણ મરાય તેટલા મારી આખરે મરવું એવો દૃઢ નિશ્ચય કરી, તોફાની સમુદ્રની વચ્ચોવચ પથ્થરના ખડકની પેઠે રૂપસુંદરીનું રક્ષણ કરવાને ઊભો રહ્યો. બહારના ચોગાનમાં ગડબડાટ વધી; ઊછળતી તલવારનો ખડખડાટ કેશવને કાને પડ્યો; તેનું ચાલે તો ઊડીને ત્યાં જઈ શત્રુના કટકે કટકા કરી નાંખે; પણ સ્ત્રીનું રક્ષણ કરવું તેથી તેનાથી ત્યાંથી ચસાય નહીં. એટલામાં એક મોટી ચીસની સાથે સો માણસ ઘરમાં પેઠા, અને બારણા આગળ ઊભેલા માધવના ચાકરોને હઠાવીને તથા કાપી નાંખીને આગળ વધ્યા. કેશવ તેમને આદરમાન આપવાને તૈયાર જ હતો. તેણે એક ઘાથી આગલા સિપાઈના બે કટકા કીધા અને બીજે ઘાએ બીજાનું માથું તેના ધડથી જુદું પાડ્યું. સિપાઈઓ જરા આંચકો ખાઈ ઊભા, અને પોતાના નાયક સામું જોયું. નાયકે કેશવને કહ્યું : ''સાંભળો ભાઈ! કંઈ અહીં મારામારી કરવા આવ્યા નથી. રાજાની ઇચ્છા રૂપસુંદરીને લેવાની છે, તે જો તમે સલાહસંપથી આપશો તો અમે મૂંગા-સૂંગા અમારું કામ કરીને ચાલ્યા જઈશું, નહીં તો અમારે બ્રહ્મહત્યા નકામી કરવી પડશે. માટે વિચાર કરીને કામ કરજો.'' કેશવ ક્રોધથી રાતો હિંગળોક વર્ણ થઈ ગયો. તે બોલ્યો : ''જો તારા કૃતઘ્ની, અધમ, વિષયી રાજાને રૂપસુંદરી જોઈતી હોય, અને તમને લેવા મોકલ્યા હોય. તો મને મારીને લઈ જાઓ. નાગરબચ્ચો કદી પોતાનો જીવ બચાવવા સારુ પોતાના કુળ, ધર્મ તથા ન્યાતને કલંક લાગવા નહીં દે.'' તે સાંભળી નાયકે ઇશારત કીધી, એટલે એકલા કેશવ ઉપર તલવારના ઘાનો વરસાદ વરસ્યો; પણ એક તસુ ખસ્યા સિવાય તે મરણતોલ ઘાયલ થયો ત્યાં સુધી તેની તલવારે પાંચ અથવા સાત માણસનાં રુધિર પીધાં. પણ ઘણા આગળ એકનો શો હિસાબ? તેનું શરીર ઘાએ વીંધાઈ ગયું; આખું અંગ લોહીથી કચરાબોળ થઈ ગયું, અને અંતે

એક કારી ઘા વાગ્યાથી, તથા લોહી વહેવાને લીધે અશક્ત થઈ જવાથી તે પડ્યો, અને એક ભયંકર ચીસની સાથે તેનો આત્મા આ દુષ્ટ તથા પ્રપંચી દુનિયાનો ત્યાગ કરી તેની અસલ ભૂમિમાં મહાન ન્યાયાધીશના તખ્ત આગળ જઈ ઊભો રહ્યો.

કેશવની મરતી વખતની ચીસ સાંભળતાં જ રૂપસુંદરીને ભાન આવ્યું, તથા આસપાસનો બનાવ જોઈ બોલી ઊઠી : "શિવ, શિવ, રે ભગવાન, આ તે શો દૈવકોપ!" તે વધારે બોલે છે એટલામાં રાજાના સિપાઈઓએ તેને પકડી લીધી અને ઘર બહાર લઈ ગયા. બેભાન અવસ્થામાં રૂપસુંદરીને સુખાસનમાં બેસાડી રાજમહેલમાં લાવ્યા, અને સિપાઈઓ પોતપોતાને કામે વળગ્યા.

રાજ્યપીઠિકાની ચંદ્રશાળામાં એક પલંગ ઉપર રૂપસુંદરી સૂતેલી હતી અને તેની પાસે કરણ રાજા બેઠેલો હતો. રૂપસુંદરીના કેશ છૂટા તથા વીખરાઈ ગયેલા હતા, તેની આંખ બેબાકળી થઈ ગયેલી હતી, અને અગર જો તેને શુદ્ધિ તો આવેલી હતી પણ આ અકસ્માત અને વગર ધારેલા બનાવથી તેનું મગજ ગૂંચવાઈ ગયેલું હતું. રાજા તેની આસનાવાસના કરતો હતો, અને તેના મનનું સમાધાન કરવાને, તથા હવે જે થયું તે થયું અને જેવો વખત તેવું ચાલવું એ વાત તેના દિલમાં ઉતારવાને તે ઘણા પ્રયત્ન કરતો હતો.

રાજા : "અરે રૂપસુંદરી, અરે મારી વહાલી, મારી આંખની કીકી, મારા હૈયાના હાર, તું કેમ બોલતી નથી? તારા મધુર શબ્દથી મારા જીવને સંતોષ પમાડ. જેમ રણમાં ઊગેલો, સૂર્યના સખત તાપથી કરમાઈ જતો છોડવો વરસાદનાં ટીપાંની આતુરતા રાખે છે, તેમ હું તારા શબ્દ સાંભળવાને તરસું છું. કાંઈ તો તું અપશબ્દ કહેશે, તું મારું નઠારું બોલશે, મને ગાળો દેશે, તોપણ તે તારાં અમૃતવચન મારા અંતઃકરણના ઘા ઉપર મલમ જેવાં લાગશે. મેં તારા ઉપર બળાત્કાર તો વાપર્યો. તારા પણિયત ધણીથી વિયોગ પાડ્યો તો ખરો. તારા દિયરે વગર ઉપયોગનો અટકાવ કીધો તેથી તે બિચારાનો પ્રાણ પણ ગયો, તે સઘળાંને માટે હું ખરેખરો શોક કરું છું. વળી તારા નાજુક શરીરને અહીં લાવતાં દુઃખ પણ થયું હશે, એ બધું તો ખરું છે. પણ તારું હિત કરવું એ જ મારી મતલબ છે તે ઉપર તો તું નજર રાખ! મારો વિચાર તારી સાથે લગ્ન કરવાનો છે; પછી તને હું પટરાણી કરી રાખીશ. લૂગડાંઘરેણાંની તો તારે કોઈ કસર જ રહેશે નહીં. લક્ષ્મી તો તારી દાસી થઈને રહેશે. તને એટલું તો સુખ આપીશ કે તે તારા સ્વપ્નમાં પણ નહીં આવતું હોય. તારો ધણી હમણાં તો પ્રધાન છે, અને હમણાં તો તને સઘળી વાતે સુખ હશે તોપણ કાલનો શો ભરોસો? કોઈ આફત આવી પડી, દરિદ્રતા તારા ઘરમાં આવી, તો તે ખમવાને તારું શરીર લાયક છે? તને પરમેશ્વરે વિપત્તિ ભોગવવા પેદા કીધી જ નથી. તું તો રાજમહેલ શણગારવાને જ જન્મી છે, અને આટલી વાર સુધી તારા નસીબ પર પાંદડું ઢંકાયું હતું તે હવે ઊઘડી ગયું છે, અને તને જે અર્થે સર્જેલી છે તે અર્થ હવે પાર પડ્યો છે. એ સઘળા ઉપર વિચાર કરી મિથ્યા શોક મૂકી દે. જે થયું તે શ્રીભગવાનની ઇચ્છા વિના થયું નથી, માટે જો તે ઉપર અસંતોષ બતાવશે તો તેની ઇચ્છાની તું સામે થઈ એમ કહેવાશે. તારું કાંઈ ચાલવાનું તો નથી એટલું જ નહીં, પણ તેમ કરવાથી ઊલટી તું મોટા પાપમાં પડીશ."

રાજાની એ સઘળી વાતથી રૂપસુંદરીના મનનું સમાધાન લેશમાત્ર પણ થયું નહીં. તેના હૈયામાં શોકનો ઊભરો ચઢી આવ્યો. તેના મનમાં વિચારના તરંગ ઉપર તરંગ ઊઠવા લાગ્યા : "અરે મારા ધણી, તેં મને લાડ લડાવવામાં કાંઈ બાકી રાખ્યું નથી. તને પ્રધાનવટું મળ્યું ન હતું, તું જ્યારે ગરીબ અવસ્થામાં હતો, ત્યારે પણ તેં દુઃખ ભોગવીને મને સુખ આપ્યું. પાણી માગેલું ત્યારે દૂધ આપેલું, અને કોઈ દહાડો મેં અપરાધ કીધા છતાં પણ તેં મને કડવો બોલ કહ્યો નથી. અરે! તે સુખ તો હવે વહી ગયું! હવે હું તારું મોં ફરીથી ક્યાં જોઈશ? તને પાનસોપારી હવે

ક્યારે આપીશ! તું જ્યારે ફિકરચિંતામાં ઘેર આવશે ત્યારે મોં હસતું રાખી તારી દિલગીરી કોણ કાઢી નાખશે? અરે હું દુષ્ટ ચંડાળણી, તારો પાડ તે હું ક્યારે વાળીશ? તારું કીધેલું કોઈથી થવાનું નથી. મને અત્યાર સુધી કાંઈ છોકરાં ન થયાં તોપણ મારા જીવને ક્લેશ થાય માટે તેં જરા પણ તે વિશે શોક બતાવ્યો નથી. હાય હાય રે! તે દહાડા તો ગયા, પણ હું જીવીશ ત્યાં સુધી તને ભૂલવાની નથી. અરે મહાદેવ, ઓ જગત્પિતા, મને પાપીને તું ગમે તે કર, પણ મારા પરમપ્રિય સ્વામીને તું સદા આરોગ્ય, સુખી ને ધનવંત રાખજે. મારી ખરા દિલની એ પ્રાર્થના છે તે તું સાંભળજે. અરે મારા દિયરજી, તારે સારુ તો હું આંસુએ સાગર ભરું તોપણ થોડું છે. તેં મારી આમન્યા કોઈ દિવસ લોપી ન હતી, તેં મને મા સમાન ગણી હતી, અને મેં તને મારી આંખે મારું રક્ષણ કરવામાં ભોંય ઉપર લોહીમાં આળોટતો જોયો. તેં તારું જોર, જુવાની, તારી આશા, સ્ત્રી, તારી આવરદા મને આવી ભયંકર રીતે અર્પણ કીધાં; તું મારી ખાતર ભરજુવાનીમાં મૂઓ. એ સઘળાનો બદલો હું તે ક્યારે વાળીશ? અરે મારી દેરાણી, તારું હમણાં કેવું મોં થયું હશે તે મારા મનમાં આવે છે ત્યારે મારી છાતી ફાટી જાય છે. હાય! હાય! તારી શી ગતિ થશે? તારી ઉંમર કેટલી? હજી તો હમણાં સોળ વર્ષ પૂરાં થયાં એટલામાં મૂવા દૈવે તને રંડાપો મોકલ્યો. હવે તે દહાડા તે કેમ જશે? તું મને લાખો ગાળો દેશે તેથી મારા જીવને નિરાંત વળશે. અરે રામ! તારા દુઃખનો કાંઈ કાંઠો નથી. તારી હવે કોણ પરવરીશ કરશે? તારા પિયરમાં પણ સુખ નથી; તારી ભાભી તને ટપલાં મારી સૂકો રોટલો ખવડાવશે; એ બધું મારે લીધે. તું જીવતી મૂઈ, અને તારા ધણીના તથા તારા મોતની હત્યા મારે માથે બેઠી. અરે પરમેશ્વર, તેં મને બળ્યું રૂપ શા સારુ આપ્યું? એ મૂઆ રૂપથી આ સઘળી ખરાબી થઈ છે. એ સઘળાં પાપથી હું ક્યારે છૂટીશ? જીવતાં સુધી મારા મનમાં પસ્તાવાનો તાપ બળ્યા જ કરશે તેથી, કદાપિ રાજા કહે છે તે પ્રમાણે મને ગમે તેટલું સુખ થશે તોપણ નહીં હોલવાય એવા અગ્નિથી હું બળી-બળીને મરી જઈશ. ઓ ભગવાન! તે દહાડો જલદી આવે તો સારું. વળી પરમેશ્વરે બ્રાહ્મણમાં અને સૌથી ઊંચી નાગરી ન્યાતમાં મને જન્મ આપ્યો તે સઘળું મિથ્યા. મારા એક ભવમાં બે ભવ થયા. કોણ જાણે કયા જનમનાં પાપ નડ્યાં, ન્યાત, જાત, સગાં, વહાલાં, માબાપ, ભાઈ, ભોજાઈ, બહેન વગેરે સઘળાં કુટુંબનાં માણસોને મન તો હું આજ મરી ગઈ. અરે! તમે મારું આજ સ્નાન કરજો. હું તેઓને કોઈ વખત મળીશ તો ખરી, પણ હવે કાંઈ પહેલાં જેવો વહેવાર રહેવાનો છે? શું હવે એકઠાં મળીને ખવાવાનું છે? આખા નગરમાં સૌ મારો ફિટકાર કરશે. રાજાના મહેલમાં સૌ મને શત્રુભાવે જોશે. બીજી રાણીઓ મારી અદેખાઈ કરશે. અને રાજાનો ભરોસો શો? તે હમણાં તો મારું રૂપ જોઈને મોહ્યો છે પણ રૂપ તો અનિશ્ચિત. રોગથી અથવા વૃદ્ધાવસ્થાથી એ સઘળું રૂપ જતું રહેશે, ત્યારે બીજી રૂપાળી સ્ત્રી ઉપર રાજાનું મન દોડશે, અને હું એક ઓરડામાં પાપણીની પેઠે સડ્યા કરીશ. ગુણને લીધે જે પ્રીતિ ઉત્પન્ન થાય તે જ ખરી. રૂપ તો ક્ષણભંગુર; રૂપ ઉપરનો મોહ ખોટો સમજવો. પણ લાચાર, હવે બીજો શો ઉપાય? જે બન્યું તે બન્યું. દૈવની ગતિ આગળ કોઈ ડાહ્યું છે? મારા નસીબમાં આ દુઃખ લખેલું હશે તે કોટિ ઉપાયે પણ મિથ્યા થનાર નથી. વિધાતાએ લલાટમાં જે લેખ લખ્યા હશે તે કદાપિ ફરવાના નથી; માટે હવે તો જે માથે આવી પડે તે મૂંગે મોંએ સહન કરવું.''

એ પ્રમાણે રૂપસુંદરી રાજાના મહેલમાં વિચાર કરે છે, તે વખતે આખા શહેરમાં તેમજ માધવના ઘરમાં જુદો જ દેખાવ થઈ રહ્યો હતો. રૂપસુંદરીનું હરણ તથા કેશવનું મરણ થયું, એ ખબર આખા શહેરમાં ચાલ્યાથી સઘળે હાહાકાર થઈ રહ્યો. ઘેરઘેર, દુકાને-દુકાને, ચકલે-ચકલે તથા મોહલ્લે-મોહલ્લે એની એ જ વાત ચાલવા માંડી. માધવ ઉપર આવી ભારે આફત આવી પડી તેથી તે બિચારા ઉપર સઘળાં દયા લાવતાં હતાં. માણસો વાત કરતા હતા કે હવે રાજા

કોને પ્રધાન કરશે, અને તે વિશે અનેક અટકળ કરતા હતા. કેશવને તો બિચારાને કોઈએ ગણ્યો જ નહીં. પણ રાજાની આ દુષ્ટ રીતથી સઘળાના મનમાં ત્રાસ પેસી ગયો. આજ તેને ઘેર ને કાલે આપણે ઘેર મોંકાણ મંડાય એવી સઘળાના મનમાં ફિકર ભરાઈ. વળી રાજધાનીના શહેરમાં બ્રહ્મહત્યા થઈ તેથી રાજ્ય ઉપર ઈશ્વર તરફથી શો કોપ થશે એ વિશે સૌ ફિકર કરવા લાગ્યા. સઘળા ભારે ઉદાસીમાં પડેલા હતા. બાયડીઓ સઘળી રૂપસુંદરીની વાતો કરતી હતી. કેટલીક કહેતી કે પકડાઈ તે વખતે તેણે પોતાનો પ્રાણ કાઢવો હતો; બ્રાહ્મણ ટળી રજપૂત થવું પડશે તે કરતાં મોત હજારગણું સારું. કેટલીક કહેતી હતી કે એ બિચારી શું કરે? જીવ તે હાથે કેમ કઢાય? પરમેશ્વરે એને રૂપ આપ્યું તેમાં એનો શો વાંક? રજપૂત તો રજપૂત પણ જીવ કાંઈ કઢાય નહીં. કેટલીક બોલતી કે રાજા તે રૈયતનો માબાપ, અને જ્યારે તે પોતાનાં છોકરાં ઉપર આવી દુષ્ટ નજર કરે, અને જોરજુલમથી બાયડીઓને પકડી લઈ જાય ત્યારે રાજ્યમાં રહેવાય પણ કેમ? આજે એને અને કાલે બીજા કોઈને. પરમેશ્વર એ રાજાનો અપરાધ સાંખવાનો નથી. જોજો, થોડા દહાડા પછી એના ઉપર ભારે દુ:ખ આવી પડશે. એની રાણીને કોઈ લઈ જશે, અને રાજાને પાપે આખી રૈયત દુ:ખી-દુ:ખી થશે. ભગવાને જે ધાર્યું હશે તે ખરું. કેટલીક ખૂબસૂરત પણ વિષયી બાયડીઓ તો મનમાં મગ્ન થતી દેખાઈ. આજ એનો વારો તો કાલે આપણો પણ આવે, એમ વિચાર કરવા લાગી અને પોતાનું રૂપ રાજાની દૃષ્ટિએ પડે તેના ઉપાયો શોધવા લાગી. રૂપસુંદરી એવી શું રૂપવંતી છે કે રાજા તેને જોઈને મોહી ગયો; શહેરમાં તેના કરતાં ઘણાંયે વધારે દેખાવડાં છે. આપણે તેનાથી ઊતરતાં નથી. વળી તે વાંઝણીને રાખીને રાજા શું કરવાનો છે? તેનાથી કાંઈ રાજગાદીનો વારસ આવવાનો છે? વારુ, હજી વખત ઘણો છે. ધીરજ રાખવી અને યોગ્ય વખત ચૂકવો નહીં. એ પ્રમાણે આખા નગરમાં ચર્ચા ચાલી રહી હતી.

માધવનો મહેલ સૂનોસૂનો નિસ્તેજ અને ઉદાસ દેખાતો હતો. મોહલ્લામાં કૂતરાં કઠોર સાદે રડતાં હતાં. બાયડીઓ અને ભાયડાઓ ટોળે મળી ઓટલે બેઠેલાં હતાં, અને પ્રધાનના ઘરને બારણે નાગર ગૃહસ્થો ડાઘુને વેશે કોઈ રડતા હતા, તથા કોઈ ભારે દિલગીરીમાં બેઠા હતા. તેના જૂના મિત્ર, તેના સગા કહેવડાવનારા, તેની ઓળખાણમાં આબરૂ માનનારા, તેને બારણે રોજ જોડા ફાડનારા, તેને બાપજી બાપજી કહેનારા, એ સઘળામાંથી કોઈ ત્યાં ન હતું. જેમ પાણી સુકાયા પછી માછલાં નાસી જાય છે, જુવાર કપાયા પછી દૈયા બીજે ઠેકાણે ઊડી જાય છે, જેમ ગળપણ ખસેડ્યા પછી તેના ઉપર બબણતી માખીઓ જતી રહે છે, તેમ તે લીલા વનના સૂડા, ઊગતા સૂરજને પૂજનારા, આવતાની બોલબાલા તથા જતાનું મોં કાળું કહેનારા, આ વખતે માધવને ઘેર ફરક્યા જ નહીં.

માધવે થોડી મુદત સુધી જ પ્રધાનપણું કીધું હતું, પણ તેટલા વખતમાં તેણે સારાં કામો કીધેલાં હતાં તેથી જ લોકો તેના ઘરને વાસ્તે શોક કરતા હતા. તેનાં સગાં તથા કેશવનાં સાસરિયાં સઘળાં ત્યાં આવ્યાં હતાં. તેઓએ વિલાપ કરી હવેલી ગજાવી મૂકી હતી. વખતે-વખતે તેઓ એકઠાં મળીને કૂટતાં હતાં, તે વખતે તેઓ એટલા જોરથી છાતી ઉપર હાથ અફાળતાં હતાં કે છાતીનો રંગ લોહીવર્ણ થઈ જતો હતો. કેટલાકને તો તે જગાએથી લોહીની સેર ચાલતી હતી, અને જો કૂટવાનું કામ વધારે જારી રહેશે તો રોવા આવેલાંમાંથી બીજું કોઈ મરનારની પાછળ જશે એમ લાગતું હતું. ઘર આગળના ચોગાનમાં ચોકીદાર સિપાઈઓનાં મુડદાં કપાઈ ગયેલાં પડ્યાં હતાં તેને ઠીક ગોઠવી બાળવા લઈ જવાની તૈયારીમાં સૌ-સૌની ન્યાતના લોકો કામે વળગ્યા હતા. મરનાર સિપાઈઓની સંખ્યા આશરે પચાસની હતી. તે સઘળાની ન્યાતજાતના લોકોની તથા બાકી રહેલા જીવતા ચાકરોની રડારડથી ત્યાં ભારે ગડબડ થઈ રહી હતી. તેની સાથે બાયડીઓ ત્યાં આશરે હજારેક એકઠી મળી તરેહ-તરેહના અવાજ

કાઢી વિલાપ કરતી હતી; તથા જીવથી બચેલા નોકરો "જીવતા શા સારુ રહ્યા," અને 'ધણીની પાછળ પ્રાણ શા સારુ અમારો ન ગયો," એવા શબ્દો કાઢી મોટેથી બૂમ પાડી રોતા હતા. ઘરમાં ગયા કે પરસાળમાં એક ભયાનક દેખાવ નજરે પડતો હતો. એક ખૂણામાં કેશવની વહુની મા, બહેન, માસી, ઇત્યાદિ બીજાં સગાં બેઠેલાં હતાં, અને બીજે છેડે કેશવનું શબ પડેલું હતું. ગાયના પવિત્ર છાણથી સ્વચ્છ કીધેલી ભોંય ઉપર દર્ભ પાથરીને શબને સુવાડેલું હતું, અને તેના માથા આગળ નીચું માથું ઘાલી તેની ધણિયાણી બેઠેલી હતી.

એ સ્ત્રી તેની ઉંમરના પ્રમાણમાં વધારે લાંબી હતી; તેનો રંગ ઘઉંવર્ણો હતો; અને અગર જો તે કાંઈ દેખાવડી ગણાતી ન હતી તોપણ આ પ્રસંગે તેના લોહીમાં જુસ્સો આવવાથી તેના તમામ શરીરનો રંગ રતાશ મારતો હતો. તેના ઉપર એક પ્રકારનું તેજ પથરાયેલું હતું. તેની આંખો તો વિકરાળ તથા હિંગળોકવર્ણ થઈ ગઈ હતી કે તેને જોઈને કોઈ પણ પુરુષ થથરી જાય, અને તે કોઈ ઈશ્વરી માતા છે એવું તેના મનમાં આવી તેને પગે પડવાની તેની મરજી થઈ આવે. તેનો એવો ઉગ્ર ચહેરો જોઈને તેની માની પણ તેની પાસે જવાની હિંમત ચાલતી ન હતી. તે એટલી પોતાના સ્વામીને એકાગ્રચિત્તે જોઈને બેસી રહેલી હતી, અને તેની આસપાસ જે રડાપીટ તથા શોરબકોર થતો હતો તે ઉપર તેનું જરા પણ લક્ષ જતું ન હતું. ઘણા લોકોના મનમાં હતું કે તેને જલદીથી સત ચઢશે; પણ હજી તેમ થવાનાં ચિહ્ન નજરે પડતાં ન હતાં. તેની મા ઘેલી જેવી થઈ ગઈ હતી, અને છોકરીને આ રંડાપો આવ્યો તેના અત્યંત દુઃખની સાથે તેને જોસ ચઢશે તો તે પણ બળી મળશે એવી ધાસ્તી પેદા થવાથી તેને વધારે સંતાપ થવા લાગ્યો હતો. અત્યાર સુધી તેનો એવો અભિપ્રાય હતો કે છોકરી રંડાય તેના કરતાં મરે તે સારું. રંડાય તો મોં આગળ એક ધગધગતી સગડી થઈને પડે; તેને જોયાથી નિરંતર દુઃખનું સ્મરણ રહે; તેના જીવને ઘડી ઘડી ક્લેશ થયા કરે તેથી તેનાં માબાપના હૈયાનો તાપ હોલવાય જ નહીં. એથી ઊલટું તે મરે તો ઘણું દુઃખ લાગે ખરું, પણ તે દુઃખનો અંત પણ તે જ વખતે; પછી દેખવુંયે નહીં અને દાઝવુંયે નહીં. પણ હવે તેને લાગ્યું કે મરવા કરતાં રંડાઈને જીવતી રહે તે સારું. તે એવી અવસ્થામાં જીવે તેમાં ઉપર કહેલાં દુઃખ તો થાય, પણ છોકરી જીવતી રહી પોતાની આંખ આગળ રહે તેથી જીવને શાંતિ વળે. વળી તેને સલાહ પૂછવા, સાથે જવાઆવવા, તથા ઘરનું કામકાજ કરવામાં કામ આવે. બીજું તે ઘરડી અશક્ત થઈ ખાટલે પડે ત્યારે રાંડેલી છોકરી તેની ચાકરી કરવામાં તથા તેની સંભાળ રાખવામાં લાખ રૂપિયાની થઈ પડે. દુઃખનું ઓસડ દહાડા, રાંડેલાં બૈરાં ધણીનું દુઃખ પણ કેટલેક વર્ષે ભૂલી જાય ત્યારે રાંડેલી તો રાંડેલી પણ જીવતી છોકરીથી તેનાં માબાપના અંતઃકરણમાં તો સંતોષ થાય. એ પ્રમાણે વિચાર ગુણસુંદરી (કેશવની વહુ જેનું નામ તેને યોગ્ય જ હતું, કેમ કે અગર જો તેનું રૂપ તેની જેઠાણીના જેવું ન હતું તોપણ તેનામાં ગુણ રૂપસુંદરી કરતાં વધારે હતા, અને તેના કેટલાક ગુણો તો માણસોમાંથી પણ થોડામાં જ શોધ્યા જડે એવા હતા)ની માએ કર્યો. હવે જો છોકરી સતી થાય તો સારું કેટલું? આખા શહેરમાં બલકે આખા ગુજરાતમાં તેનું નામ કીર્તિવંત થાય, તેની આખી ન્યાતને તેથી શોભા મળે, તેના કુટુંબની પ્રતિષ્ઠા વધે, અને તેનાં માબાપને સૌ કોઈ ધન્ય-ધન્ય કહે. વળી શાસ્ત્ર પ્રમાણે તેનો તથા તેના ધણીનો ઉદ્ધાર થાય અને બધા દેવલોક તેને જોઈને પ્રસન્ન થાય. એ સઘળા વિચારથી ગુણસુંદરીની માના મનમાં ધર્મનો જુસ્સો ભરાયો. અને તેની છોકરી જીવે તે કરતાં મરે તો સારું એવું તેના મનમાં નક્કી થયું. તોપણ પોતાની છોકરીનું મન જોવાને તેને પૂછ્યું : "બહેન, લોકોમાં વાત ચાલી રહી છે કે તું તારો દેહ તારા ધણીને અર્પણ કરનાર છે. એ વાત ખરી હોય તો મારી જાત ઉપર, મારી ઉંમર ઉપર, મારી અવસ્થા ઉપર વિચાર કરીને જે કામ કરવું હોય તે કરજે. તારા વિના મારાથી જિવાવાનું નથી. તારી પાછળ હું મારો દેહ પાડીશ, પછી તારા બાપની, તારાં નાનાં-નાનાં ભાઈબહેનની શી વલે થશે?

શું હું તને મરતાં જોઉં? શું તું તારી મેળે મરે, અને હું ડોશી તને વળાવી જીવું? એમ કદી થનાર નથી. માટે તારા દુઃખના જોશમાં તેં જે કાંઈ ગાંડો વિચાર કર્યો હોય તે મનમાંથી કાઢી નાંખ, અને પરમેશ્વરે જે આફત મોકલી તે સહીને દુઃખેપાપે દહાડા કાઢવા ઉપર નજર રાખ. જો તારી આવરદા ટૂંકી જ હશે તો વધારે જીવવું નહીં પડે. પણ જાણીજોઈને તે કેમ મરાય? માટે હવે જીવવું, અને જે થાય તે જોવું. તે સિવાય બીજો કાંઈ ઉપાય નથી.''

આ વાત સાંભળતાં જ ગુણસુંદરીના મોં ઉપર વધારે લોહી ચઢી આવ્યું; તેની આંખ વધારે લોહીવર્ણ થઈ; તેનું આખું શરીર થરથર ધ્રૂજવા લાગ્યું; અને જે મહાભારત દુઃખ તેના ઉપર પડ્યું હતું તેની અસર તેના અવાજ ઉપર થવાને બદલે તેના શબ્દ વધારે જુસ્સાથી તથા સ્પષ્ટતાથી નીકળવા લાગ્યા, અને તે કોઈ દહાડો વાચાળ ન હતી તેવી આ વખત થઈ. તે બોલી : ''હવે જીવવું? તેણે મારો હાથ પકડ્યો, જેની સાથે ઘણાં વર્ષ આ સંસારમાં સુખમાં અથવા દુઃખમાં કાઢવાની આશા બાંધી, જેણે મને મનગમતાં લાડ લડાવ્યાં, જેણે આટલાં વર્ષમાં એક કડવો સુખન કહ્યો નથી, જે બહાર વાઘ જેવા ગણાતા, પણ સાથે જેની વર્તણૂક ગરીબ ગાયના જેવી હતી, તે આટલી નાની ઉંમરમાં આવે અકાળ મોતે મારાથી રિસાઈ ગયા, અને હું દુષ્ટ પાછળ પડી જાઉં? ના ના, તે જ્યાં જશે ત્યાં હું જઈશ. તેનું જે થશે તે મારું થશે. હવે જીવવું? જીવીને મારા ધણીની અસદ્ગતિ કરાવવી, અને જે પૂર્વજન્મનાં પાપથી તેનું આવું મૃત્યુ થયું તે પાપ ધોઈ નાંખવાનું મારા અખત્યારમાં છતાં આ ક્ષણભંગુર જગતમાં થોડા દહાડા દુઃખેપાપે કાઢવા સારુ તેના અક્ષયસુખનો નાશ કરું? હવે જીવવું? જીવીને ઘરેણાંનો ત્યાગ કરી રુદ્રાક્ષની માળા ધારણ કરવી, અને મારાં વહાલાં લૂગડાં બચકે બાંધી ધોળું વસ્ત્ર પહેરી ફરવું! હવે જીવવું? જીવીને સઘળા વ્યવહારથી દૂર રહેવું, અને સઘળાં શુભ કામમાં મારો ઓળો પડવા ન દેવો. હવે જીવવું? જીવીને શું સુખ ભોગવવું? જીવવાથી ફળ શું? માટે એવી રીતે જીવવા કરતાં મરવું લાખગણું સારું. માટે મરવું એ જ સિદ્ધાંત; એમાં કંઈ સંશય નહીં. માટે મારા ધણીની સાથે મારી પણ તૈયારી કરવી.'' એટલું બોલતાં-બોલતાં તેને બેહદ જોસ ચઢી ગયો, અને તે 'જય અંબે' બૂમ પાડી ઊઠી. એ બૂમ સાંભળતાં જ સઘળાં બૈરાં સતી માની પાસે આવી તેને પગે પડ્યાં, અને જે કોઈ રોતું હતું તેને ધમકાવવા લાગ્યાં.

તે વખતે બે પિંડ તૈયાર કરાવી ગોરે એક શબનો અને બીજો પાંથક, એ પ્રમાણે એક શબની નીચે દર્ભ ઉપર અને બીજો આંગણે મુકાવ્યો. અને શબને સ્મશાન લઈ જવાની તૈયારી થઈ જોઈને બાયડીઓ ગુણસુંદરીને બીજા ઓરડામાં લઈ ગઈ. ત્યાં તેને સ્નાન કરાવ્યું. પછી તેણે પોતાને હાથે ઘણાં જ કીમતી વસ્ત્ર પહેર્યાં, અને ઘલાઈ શકાય એટલાં ઘરેણાં ઘાલ્યાં. બાકી જે પોતાનું રહ્યું તે સઘળું પોતાની બહેન, ભોજાઈ વગેરે સગાંને વહેંચી આપ્યું. તે સતી માતાનો પ્રસાદ તેઓએ ઘણા હર્ષની સાથે લીધો. પછી, પોતાને કપાળે પિયળ કાઢી, ચોટલો છૂટો તથા ભીનો રાખ્યો, અને એવે વેશે તે પછી પોતાના ધણીના શબ પાસે આવી. તેનાં દર્શન કરવાને મોહલ્લાનાં તથા શહેરનાં એટલાં લોક એકઠાં થયાં કે ત્યાં દેવમંદિરના જેવી ભીડ થઈ રહી. તે સઘળાં તેને પગે લાગતાં અને તેઓને તે આશીર્વાદ દેતી. કેટલીક વાર ચૂપ રહ્યા પછી તે બોલી, ''સાંભળો લોકો, એક વાર મહાદેવના સસરાએ યજ્ઞ કીધો તેમાં તેણે પોતાના જમાઈને નોતરું દીધું નહીં, તેથી તે મહાદેવની સ્ત્રી સતીને ક્રોધ ચઢ્યો, અને તે તેના બાપના ઘરમાં અગ્નિકુંડમાં પડીને બળી મૂઈ. તે બીજે જન્મે પાર્વતી થઈ હિમાચળને ઘેર અવતરી, અને મહાદેવને પછી વરી. એ જ રીતે આજે હું મારા ધણીની ચિતામાં બળી મરી, બીજા જન્મમાં અવતરી તેને જ પરણીશ, અને જેટલું સુખ ભોગવવું બાકી રહ્યું છે તેટલું ત્યાં ભોગવી લઈશ.'' તે સાંભળી લોકો ''જય અંબે'' બોલ્યા, તે વખતે સતી માએ પોતાના બે હાથ ઘસીને તેમાંથી મુઠ્ઠેમુઠ્ઠા હિંગળોક કાઢ્યો, અને તે વડે સઘળી સૌભાગ્યવંતી સ્ત્રીઓને ચાંલ્લા કીધા. ઘણીએક

ઓળખીતી સ્ત્રીઓના માથા ઉપર અથવા વાંસે હાથ ફેરવ્યા; અને બીજીઓને લાંબા હાથ કરી આશીર્વાદ દીધો. કેટલીક સ્ત્રીઓ પોતાનાં માંદાં છોકરાંને ત્યાં સતી માતાનાં દર્શન કરાવવા લાવી હતી તેના ઉપર સતીમાનો હાથ મુકાવવાને તેઓ ઘણી આતુર હતી. તે સઘળાંને રાજી રાખવાને બધાં માંદાં છોકરાંને આશીર્વાદ દીધો, એટલે જેઓ સુસ્ત થઈ પડી રહ્યાં હતાં તે હસવા તથા રડવા લાગ્યાં. લોકો આવેલાં કોઈ જાય નહીં, અને નવાં આવ્યાં જ કરે તેથી શબ લઈ જવાને વખત ન મળે માટે બ્રાહ્મણોએ સઘળા લોકોને ઘર બહાર કાઢી મૂક્યા, અને શબને બહાર કાઢ્યું, એવે વખતે સાધારણ રીતે રડારડ તથા બૂમાબૂમ પડે છે તે કાંઈ તે વખતે ત્યાં થયું નહીં. જ્યાં સતી થવાની હોય ત્યાં રડવાનું કામ બંધ પડે છે. સતી હાથ ચોળતાં અને હાથમાંથી હિંગળોક વેરતાં-વેરતાં બહાર આવી સુખાસનમાં બેઠાં. આગળપાછળ લોકોનું ટોળું અને વચમાં શબને ઊંચકનારા બ્રાહ્મણો તથા સતીનું સુખાસન હતું. લોકો પાછળથી "જય અંબે" "જય અંબે" "અંબે માતકી જય" કરતા હતા, અને તેમાં સતી મા પણ સામેલ થતાં હતાં. આગળ રણશિંગડાં, શરણાઈ, તુરાઈ, ઢોલ, નોબત, ઘંટા, ઘડિયાળ, શંખ, થાળી, ઝાંઝ વગેરે વાજિંત્રનો એકત્ર થયેલા જેવો પણ બેસૂરો તથા ભયાનક નાદ થતો હતો. એવી રીતે તે સઘળાં શહેરના દરવાજા આગળ આવ્યાં, તે વખતે વાંઝિયાં બૈરાં પુત્રવંતાં થવા સારુ સતી માતાનો હાથ માથે મુકાવવા આવ્યાં, તેઓ સઘળાંને તેણે રાજી કરી પાછાં વાળ્યાં. જે બૈરીઓને સાસરે અથવા પિયર દુઃખ હતું, જેઓના ધણી તેઓના કહ્યાસર નહીં હતા, જેઓને રંડાપો વહેલો આવશે એમ લાગતું હતું, જેઓને છોકરાં આવતાં પણ જીવતાં નહીં, સઘળાંને સતી માએ આશીર્વાદ દીધો. પછી પુરુષોનાં ટોળેટોળાં પોત-પોતાનાં ધારેલાં કામ પાર પડે એવા હેતુથી સતીને પગે પડી આશીર્વાદ માગવા લાગ્યાં. તેઓ સઘળાં તૃપ્ત થયાં ત્યાર પછી જે કોઈએ કોઈ પણ વખત સતીના ઉપર દ્વેષ રાખ્યો હશે, જેઓએ ખુલ્લી રીતે તેને અપશબ્દ કહ્યા હશે, અથવા ગાળો દીધી હશે, તેઓએ પણ તેની પાસેથી ક્ષમા માગી, તે તેમને મળી. આગળ ચાલતાં શબને દરવાજા બહાર વિસામા ઉપર મૂક્યું, અને ત્યાં ધારા પ્રમાણે પિંડદાન કરવામાં આવ્યું. તે વખતે લોકોનાં ટોળાંમાંથી એક ચીંથરિયા રજપૂતે બહાર નીકળી હાથ જોડી સતીને વિનંતી કીધી "માતા! પરાપૂર્વથી એવો સંપ્રદાય છે કે જ્યારે કોઈ સતી થાય છે ત્યારે તે શહેરના, અથવા ગામના દરવાજા ઉપર હિંગળોકના હાથ મારે છે, અને શહેર અથવા ગામના રાજા તથા રૈયત એ બંનેને આશીર્વાદ દે છે, તે પ્રમાણે માતાએ પણ આ વખત કરવું જોઈએ." તે જ ક્ષણે સતીએ પોતાના બે હાથ ચોળી બળતા અંગારાએ ખોબો ભર્યો, અને તે શહેર ઉપર ફેંકી બોલ્યાં, "જે રાજાએ વગર વાંકે પરસ્ત્રી, પોતાના મુખ્ય પ્રધાનની વહુ, બ્રાહ્મણી, અને તે પણ વળી નાગર જ્ઞાતિની, એવીનું હરણ કીધું, જે રાજાએ એવું કામ કરી તેના મુખ્ય પ્રધાનને, તેનું ભલું ઇચ્છનારને, તેના રાજ્યનું સુખ વધારનારને તેના દરબારમાંથી હંમેશ સુધી કાઢી મૂક્યો, જે રાજાએ બળાત્કારે પરસ્ત્રી હરણ કરવામાં તેનો કારભારી જે ઊંચો બ્રાહ્મણ હતો તેના ભાઈની હત્યા કરાવી, અને જે રાજાએ બ્રહ્મહત્યાની સાથે સ્ત્રીહત્યા પણ કરાવી, અને અગર જો તે સ્ત્રીના મનને મરવું દુર્લભ છે અને કૈલાસલોકમાં જવા જેવું છે, તોપણ તેના અકાળ મૃત્યુથી તેનાં માબાપ, ભાઈ, બહેન, સગાંવહાલાં, ઇત્યાદિને જે પરમ દુઃખ થશે તેનું કારણ જે રાજા છે, તે રાજા ગણ્યા દહાડામાં વનવન રઝળશે; તેની બૈરી પારકા લઈ જશે; તેની છોકરી દુઃખ પામી-પામીને પરપુરુષના હાથમાં જઈ પડશે; તેનું મોત તે પોતે માગી લેશે; તે ક્યાં તથા ક્યારે મૂઓ તે કોઈ જાણશે નહીં; તેનું નામ કે નિશાની કાંઈ રહેશે નહીં; તેના મહેલમાં તેના શત્રુ આવી વસશે; અને રાજાના પાપથી રૈયત દુઃખી થાય એવો નિયમ છે તે પ્રમાણે આ અણહિલપુર પાટણનો નાશ થશે; તેનું દ્રવ્ય લૂંટાઈ જશે, તેના વ્યાપારીઓ જડમૂળથી ઊખડી જશે; અને કેટલાક કાળ પછી આ ઠેકાણે આવું મોટું શહેર હતું તેનું એક પણ ચિહ્ન રહેશે

નહીં. જે જગદંબા! મારો આ શાપ ફળજો. જો મારું આ વચન સિદ્ધ ન થાય, તો મને પાપી, દુષ્ટ, ઢોંગી અને મિથ્યા સતી સમજજો; માટે રે તેત્રીસ કરોડ દેવતાઓ! મને સહાય થજો, અને મારું વાક્ય ફળીભૂત થજો.''

એ વચન સાંભળીને તથા તે બોલતી વખતે સતીમાનું દેવતાઈ તથા ઉગ્ર સ્વરૂપ જોઈને પેલો રજપૂત તો પગથી માથા સુધી થરથર ધ્રૂજવા લાગ્યો અને તેના મનમાં એવા તો વિરુદ્ધ વિકારો ઉત્પન્ન થયા કે તેના જોરથી તેને ચકરી આવી, અને જો પાસેના લોકોએ તેને પકડી લીધો નહીં હોત તો તે ભોંય ઉપર પડત. તેને એવી અવસ્થામાં જોઈને તે કોણ છે, અને તેને બીજા કરતાં આટલો વધારે શોકાતુર થવાનું શું કારણ છે તેની તજવીજ કરવાની બીજાઓને ઘણી ઇચ્છા થઈ; પણ તે ગડબડાટમાં તે ઊઠીને એવો તો છટકી ગયો કે ગમે તેટલું શોધ્યા છતાં પણ તે જડ્યો નહીં અને તેથી લોકોનું આશ્ચર્ય વધ્યું, અને તે કોઈ પરલોકનો પુરુષ હશે એમ બધા લોકોના મનમાં શંકા ઉત્પન્ન થઈ. લોકોમાં પણ ભારે વાતો ચાલવા લાગી. સતીનો શાપ સાંભળીને સઘળાંઓનાં લોહી ઊડી ગયાં. ધનવંત લોકોએ પોતાનું ધન સંતાડવાનો મસૂબો કીધો. દરબારી લોકો શી રીતની આફત આવી પડશે તે વિશે અટકળ કરવા લાગ્યા. બીજા લોકો મોં લાંબાં કરી રાજાનાં સઘળાં આગલાં કામો સંભારવા લાગ્યા. લુચ્ચા ચોર અને એવા લોકો, જેઓને રાજ્યની ઊથલપાથલમાં હંમેશાં લાભ થાય છે તેઓ અંતઃકરણમાં ખુશ થઈને ખરાબીનો દહાડો જેમ બને તેમ જલદી આવે એમ પરમેશ્વર પાસે માગવા લાગ્યા; અને જે વખતે હરામીના બે ભાગ થાય તે વખતે ગરીબનો મરો થાય જ એ નિયમથી બીને ગરીબ નબળા લોકોએ શહેર છોડી પરદેશમાં વળવાનો નિશ્ચય કર્યો.

એવા વિચારમાં ને વિચારમાં તેઓ શબની સાથે સ્મશાનમાં આવ્યા, અને ઊંચકનારા બ્રાહ્મણોએ તે શબને ઉતારીને નદીના પાણીમાં ડૂબતું મૂકી ચિતા તૈયાર કરવા માંડી. માણસના આત્મા વગરના શરીરને વાયુ તથા પૃથ્વીમાં મેળવી દેવાને જે ઉપાય કરવામાં આવ્યો હતો તે ઉપર સઘળાઓની નજર દોડી. બાવળની સાથે અગર તથા સુખડનાં લાકડાંની એક ચોરસ ચિતા સીંચી હતી, અને તેના ઉપર એક લાકડાંની મઢૂલી બનાવી તેની ચારે બાજુએ ઘાસ, કાંટા તથા બીજા જલદીથી બળે એવા પદાર્થથી ઢાંકી નાખી હતી. મથાળા ઉપર મોટી ભારે ગાંઠો ગોઠવી હતી, અને એક બાજુએથી માંહે પેસવાનો રસ્તો રાખ્યો હતો. સ્મશાનમાં ગયા પછી સતી સુખાસનમાંથી ઊતર્યાં. તે વખતે તેના ચહેરા ઉપર જરા પણ દહેશત જણાતી ન હતી. તેની ચાલ ઉપરથી પણ તે મરવાનું પાસે આવ્યું એમ જાણી જરા પણ આંચકો ખાતી હોય એમ દીસતું ન હતું. તેનું મોં હસતું તો નહીં, તોપણ તેના ઉપર શાંતિ તથા જે કામ કરવા ધારેલું તે કરવાનો દૃઢ નિશ્ચય જણાતો હતો. તે ત્યાંથી ચાલીને ચિતા સામે ઊભી રહી, અને શબની સઘળી ક્રિયા થઈ રહ્યા પછી તેણે ચારે દિશાને નમસ્કાર કીધા. અને સૂર્ય તરફ નજર કરી બોલી : ''સૂર્ય દેવતા! તું પ્રત્યક્ષ દેવ છે, તારું તેજ સઘળે વ્યાપી રહ્યું છે. તું સઘળા જીવનનું મૂળ છે અને તું આખું જગત બહારથી જુએ છે એટલું જ નહીં, પણ વસ્તુઓનાં માંહેલાં તત્ત્વ તથા પ્રાણીમાત્રના અંતઃકરણના વિચાર જાણે છે; માટે મેં જે પાપ કીધાં હોય તે બાળી નાંખી મને શુદ્ધ કર. અગ્નિદેવતા! જો મેં ખરેખરું પતિવ્રત પાળ્યું હોય, અને મને ખરેખરું સત્ ચઢયું હોય, તો મને અંગીકાર કરજો, નહીં તો મને તમારો સ્પર્શ પણ થવા ન દેશો.'' ત્યાર પછી તેણે પરમેશ્વરની સ્તુતિ ઊંચું મોં રાખી નીચે પ્રમાણે કીધી :

શાર્દૂલવિક્રીડિત છંદ

દીનાનાથ દયાળ તું જગતમાં, દાતા દુખીઆ તણો,
પ્રાણી માત્ર રહી મહીતળ સહુ, આભાર માને ઘણો;

ભાનુ ચંદ્ર બિરાજતા ગગનમાં, તારા પ્રકાશે અતિ,
ગિરિ, સાગર, ઝાડ-પાન સઘળાં, માનું હું તારી કૃતિ. ૧
વાડી ખેતરનાં ફૂલો મઘમઘે, રૂપે રળિયામણાં,
ભૂમિ ઘાસ છવાયલી ખુશનુમા, શોભા તણી ના મણા;
કોટિ કોટિ લઘુ જીવો પવનમાં, નાચે રમે સૌ મળી,
આકાશે બહુ શોભતાં ખગચરો, ઊડે ફરે તે વળી. ૨
ઝાડી રાન મધે રહે વનચરો, ખાએ, ખુશીમાં વસે,
લીલા એ સહુ ઈશ્વરી નિરખતાં, બુદ્ધિ જ પાછી ખસે;
પાપી માનવી ક્લેશમાં રઝળતો, દીસે ઉદાસી ખરે,
આશામાં રહી કાળ તે નિરગમે, ભામા વૃથા તે કરે. ૩
માયા તો અદ્ભુત છે હરિતણી, થાએ નહીં માપ રે,
પીડા કારણ શું હશે જગતમાં, શોધ્યા તણું પાપ રે;
માટે વિનતિ હું કરું કરગરી, પ્રીતે સુણી રાખજે,
પાપો ઘોર કીધાં જ મેં સરવદા, બાળી સહુ નાંખજે. ૪

એ પ્રમાણે સ્તુતિ કર્યા પછી તેને ચિતાની આસપાસ ત્રણ પ્રદક્ષિણા ફેરવી. ફરતી વખતે તેણે તેના અંગ ઉપરથી તમામ ઘરેણાં કાઢી નાખી બ્રાહ્મણોને વહેંચી આપ્યાં, અને ત્રીજી પ્રદક્ષિણા ફરતી વખતે તેનું ચિત્ત આ દુનિયા ઉપરથી એટલું તો ઊઠી ગયું કે તેની આંખ આંધળી જેવી થઈ ગઈ, અને તેણે ઠોકર ખાધી. તે વખતે તેના ગોરે તેનો હાથ પકડ્યો. પડવાથી લોકોમાં નામોશી થશે એવા વિચારથી જાગ્રત થઈ તેણે હાથ ઝટકી નાખ્યો, અને લોકોની સામું મોં ફેરવીને ઊભી રહી. તેને જોઈ લોકો સ્તબ્ધ થઈ ઊભા રહ્યા. શરદ મહિનાનો બે પહોર દહાડાનો આકરો તડકો પડતો હતો. ભીડથી તથા તાપથી લોકોનાં મોં ઉપર પરસેવાના રેલા ચાલતા હતા, લોકો એવા તો ચૂપ હતા કે ત્યાં એક પૈસો પડે તો તેનો પણ અવાજ સંભળાય; પવન એટલો તો બંધ હતો કે ઝાડ ઉપરનું એક પણ પાતરું હાલતું ન હતું; અને સરસ્વતીનું પાણી તળાવના જેવું નિર્મળ તથા સ્થિર રહેલું હતું. સ્વદેહરક્ષાણ એ સૃષ્ટિનો એક નિયમ છે. ધન, માલ, બૈરી, છોકરાં ઇત્યાદિ જગતમાં જે વહાલામાં વહાલું હોય તેને અર્પણ કરી સ્વદેહનું રક્ષણ કરવાની સઘળામાં પ્રેરણા મૂકી છે, તે નિયમ, તે પ્રેરણા તોડવાને એક માણસ ધર્મના જુસ્સામાં આવીને, ધર્મશાસ્ત્ર ઉપર ભરોસો રાખીને, અને વગર જોયેલી અને વગર અનુભવેલી વાતો ઉપર વિશ્વાસ રાખીને, પોતાનો દેહ પોતાની રાજીખુશીથી, અક્કલ હોશિયારીથી અર્પણ કરવાને તૈયાર થયેલું જોઈને જાણે આખું વિશ્વ વિસ્મિત થઈ તમાશો જોવાને સ્થિર ઊભું હોય એમ લાગતું હતું.

પણ સતી મા તેના સ્વામીને મળવાને આતુર થઈ રહ્યાં હતાં. તે મઢૂલીનું એક પાસું ઉઘાડીને તેમાં પેઠાં. પોતાના ધણીનું માથું ખોળામાં મૂક્યું, અને બ્રાહ્મણને ઇશારત કીધી. બ્રાહ્મણોએ તે ઉપર ઘી પુષ્કળ રેડ્યું, અને મશાલ વડે ઘાસકાંટાને સળગાવીને મૂક્યાં; તાપનો એકદમ મોટો ભડકો થયો. મઢૂલીનું મથાળું કડકડ થઈને તૂટી પડ્યું, બાજુ તરફના પ્રજ્વલિત પદાર્થો વચ્ચોવચ પડ્યા. રણશિંગડાં, તુરાઈ, ભૂંગળ, ઢોલ, નોબત, શરણાઈ, ઝાંઝ, થાળી વગેરે વાજિંત્રોનો એવો મોટો અવાજ થઈ રહ્યો કે લોકોને પોતાના કાન હાથે બંધ કરવા પડ્યા,

અને અવાજના આંચકાથી આભ તૂટી પડશે એવું લાગ્યું. એ બધાંની સાથે લોકો પણ જેમ પડાય તેમ જોરથી “જે અંબે”, “જે અંબે”, “અંબે માતાની જે”, એવી ચીસ પાડવા લાગ્યા. તે વખતે જે ભયાનક તથા રાક્ષસી દેખાવ થઈ રહ્યો તેનું બ્યાન જ થઈ શકે નહીં. ગુણસુંદરીનું સુંદર શરીર લાકડાંની કપઠારો નીચે છૂંદાઈ ગયું, અને એક પણ મરતી વખતની ચીસ પાડ્યા સિવાય તેના તથા તેના સ્વામીના આત્માના મૃત્તિકા-ગૃહો અગ્નિની મારફતે પંચમહાભૂતમાં મળી ગયા, અને તે દેહરૂપી ઘરમાં વસતા તેમના આત્મા જે-જે બક્ષિસો લઈ આ દુનિયામાં આવ્યા હતા તેનો ઉપયોગ શી રીતે કીધો તેનો હિસાબ આપવાને રાજાઓના રાજાની હજૂર રજૂ થયા.

લોકો સઘળા ઉદાસ થઈને તથા દુનિયા તરફની વૃત્તિ ઉઠાવી પોતપોતાના ઘર તરફ વળ્યા. માત્ર એક રજપૂત ત્યાં ઊભો રહ્યો. તેની કલ્પનાશક્તિ આ સઘળા બનાવથી એવી તો તીવ્ર થઈ ગઈ હતી કે તેણે સતીની મરતી વખતની ચીસ સાંભળી એમ તેના મનમાં ભ્રાંતિ પેઠી. એ કેવા અપશકુન? હવે શી અવસ્થા થશે? હવે હું શું કરું? એવા વિચારમાં તે ડૂબી ગયો; અને અસહ્ય દુઃખ થવાથી એક પથ્થર ઉપર બેસી નાના છોકરાની પેઠે તે રડવા લાગ્યો.

જેના મનમાં પાપ તેને કદી સુખ થતું નથી. દુનિયામાં જે-જે બનાવો બને છે તેથી તેને નુકસાન પહોંચશે એવી તેને હંમેશાં ધાસ્તી રહે છે. એક કાંકરો પડે તો તે જાણે છે કે એક પહાડ તેના ઉપર પડ્યો. તેને રાત્રે જરા પણ નિદ્રા આવતી નથી. એક ઘડી પણ ચેન પડતું નથી. ખરેખરી અને કલ્પિત દહેશતોથી તે પીડાયા કરે છે. માઠાં કામ કરેલાં તેનો પસ્તાવો નહીં છંટાય એવો અગ્નિ થઈ તેનું આખું શરીર બાળી નાખે છે. અને તેની પાસે ગમે તેટલું દ્રવ્ય, કુટુંબ-કબીલો, નોકર, ચાકર તથા દુનિયાનું સઘળું બહારનું સુખ હોય તોપણ પાપનો કીડો તેનું કલેજું કોતરી ખાય છે, અને અંતે તે નરકમાં જવાની ખાતરી રાખી પોતાનો પ્રાણ મૂકે છે. એવી મહા દુઃખદાયક અવસ્થા તે રજપૂત – જે કરણ જ હતો – તેના મનની હતી.

પ્રકરણ ૪થું

અરે રામ! આ શું થયું? અરે દુષ્ટ દૈવ! આ તારો શો કોપ? અરે ભગવાન! મેં શું કીધું કે મારા ઉપર આટલી ઉપરાઉપરી આફત આવી પડી? રાજાએ તે દહાડે મને ગામ જવાને હુકમ કીધો તેની મતલબ હવે સમજાઈ. તે દુષ્ટ ચંડાળનો મારું ઘર જ ઊખેડી નાંખવાનો વિચાર હતો. એવો કૃતઘ્ની રાજા પૃથ્વી ઉપર કોઈ થયો જ નથી, અને થશે પણ નહીં. જ્યારે સારંગદેવ મરી ગયા ત્યારે એને ગાદીએ બેસાડવાને કેટલી મહેનત કરવી પડી છે? કેટલી યુક્તિઓ કામે લગાડવી પડી છે? કેટલાં કાવતરાં કરવાં પડ્યાં છે? અને એ બધું કર્યા પછી તેને ગાદી મળી ત્યારે તેણે કેવાં મને વચન આપ્યાં છે! પણ તે સઘળાં જૂઠાં. 'ગરજ સરી એટલે વૈદ્ય વેરી' એ કહેવત પ્રમાણે થોડા વખતમાં મેં કરેલો ઉપકાર તે ભૂલી ગયો. હું જ મૂર્ખ કે એવા સાપના બચ્ચાને મેં દૂધ પાઈને ઉછેર્યું, કે તે મોટું થયા પછી પહેલો તેણે મને જ ડંખ માર્યો. પણ એવી કૃતઘ્નતા પરમેશ્વર સાંખવાનો નથી. પણ ભવિષ્યની વાત શી કરવી? હમણાં તો તેના દુષ્ટ કામનાં સારાં ફળ તે ભોગવે છે. જો તે દહાડે મેં મારી વહુની વાત સાંભળી હોત તો હું ગામ જાત નહીં, અને આ આફત કદાચ આવી પડત નહીં. પણ દૈવની સામે કોણ ડાહ્યો છે? લખિત વાત સો ભવે પણ મટતી નથી. વિધાતાના જે લેખ છે તે પ્રમાણે થયા વિના રહેતું જ નથી. પણ આવું દુઃખ સામટું કોઈને પડ્યું જ નહીં હશે. સ્ત્રીને રાજા લઈ ગયો એટલું જ દુઃખ માણસનું અંતઃકરણ કોતરવાને બસ છે; પણ તેની સાથે આ તો મારો નાનો ભાઈ, જેને મેં લાડથી ઉછેરેલો, જેને મેં લાડથી મારા છોકરા જેવો ગણેલો, તે આવે અકાળ મોતે મૂઓ એથી તો સીમા વળી. અરે કેશવા, તને ધન્ય છે! તેં તારો જીવ આપ્યો, પણ જીવતો રહી આપણા ઘરની સ્ત્રીને પારકાના હાથમાં જવા ન દીધી. તેં તારા જોરનું સાર્થક કીધું. સબળે અબળનું રક્ષાણ કરવું જોઈએ; તેમ કરવામાં તેં તારો દેહ પાડ્યો તેથી તું હમણાં કૈલાસલોકમાં બિરાજતો હોઈશ અને તે વિચારથી મારું દુઃખ અર્ધું ઓછું થાય છે. પણ એટલું પણ દૈવને બસ ન લાગ્યું. હમણાં જેઠાશાનો મોતીશા આવ્યો, તેના કહેવાથી જણાયું કે ગુણસુંદરી સતી થઈ, ને તેના સ્વામીની સાથે બળી મૂઈ. એથી હરખાવું કે શોક કરવો તે સમજાતું નથી. ઘર તો જડમૂળથી ઊખડી ગયું. વંશવૃદ્ધિની તો હવે આશા રાખવી ફોકટ. પણ નામ તો અમર રહેવાનું. ગુણસુંદરીના સ્વાત્માર્પણથી આખા કુળની, આખી ન્યાતની પ્રતિષ્ઠા વધી, અને મારી સાત પેઢી તરી. શી માણસની અવસ્થા છે! મોટાઈ કેવી અનિશ્ચિત છે! આજ છે અને કાલે નથી. જેવું બીડમાંનું સૂકું ઘાસ, જેને બળતાં જરા પણ વાર લાગતી નથી; સૂર્યાસ્ત થતી વખતની જેવી છાયા, તે વખતે તો તે ઘણી મોટી દેખાય છે, પણ થોડી વાર પછી નહીં સખી થઈ જાય છે; તે તો એક નિદ્રાનું સ્વપ્નું, જાગ્યા એટલે કાંઈ મળે નહીં. દશેરાને દહાડે કેવી સ્થિતિ હતી, અને આજ કેવી? આશરે દશ કોશ સુધી દમ ખાધા વિના પગે ચાલીને હું અહીં આવી પહોંચ્યો. મારા બધા ચાકર, સિપાઈ આજ ક્યાં ગયા? હું તો એકલો ફરું છું. તોપણ હું જીવું છું એટલી મહાદેવજીની કૃપા છે. જો હું પણ મરી ગયો હોત તો એ દુષ્ટ રાજા સુખેથી બેસત. પણ હું હવે તેનો કાળ થઈ ભટક્યા કરીશ. અને તેને એક દહાડો પણ ચેન પડવા દઈશ નહીં. એનું વેર લીધા વિના રહેવાનો નથી. અરે! ક્રોધપુત્ર વેર, તું મારી છાતીમાં જાગ્રત થા. હવે તારું કામ છે. જ્યાં લગી આ દેહમાં આત્મા છે, ત્યાં સુધી તું છાતીમાં જ વાસો કરજે. વેર તો આખા જગતમાં પથરાયેલું છે. કદાપિ કેટલાંક પુસ્તકોમાં તેની નિંદા કરેલી હશે પણ તેઓથી કાંઈ તેની શક્તિ જરા પણ ઘટી નથી. નિર્જીવ પદાર્થો પણ વેર લે છે. જો હું આ ભીંત ઉપર મારો હાથ ઠોકું તો તે ભીંત મને સામું તેટલું જ મારે છે. તે શું વેર નથી લેતી? કૂતરાને પથ્થર મારીએ તો તે સામો ભસીને કરડવા નથી આવતો? સાપને પગ તળે છૂંદીએ તો તે આપણને કરડીને આપણો પ્રાણ

નથી લેતો? એ પ્રમાણે કયું અવાચક પ્રાણી જેનામાં વેર લેવાની શક્તિ છે તે તેને ઉપદ્રવ કીધા છતાં સામું વેર નથી લેતું? વળી માણસને ધર્મશાસ્ત્રમાં 'ક્ષમા કરવી, દયા લાવવી', એ વગેરે બોધ થયા જ કરે છે, તોપણ તેઓ વેર લીધા વિના ચૂકતા નથી. દેવતાઓ પણ વેર લે છે એવી વાર્તા આપણે પુરાણમાં ક્યાં નથી વાંચી? વેર તો જગતનું રક્ષણ છે. જો કોઈ વેર લે નહીં તો દુનિયા ચાલે પણ નહીં. જો કોઈ માણસને કોઈ ટપલો મારે તો તે સામા બે મારે છે; જો તેનામાં તેમ કરવાનું જોર નહીં હોય તો જ ક્ષમા કરે છે, અથવા રાજા આગળ ફરિયાદ કરી તેને શિક્ષા કરાવે છે. એ તો अशक्तिमान भवेत साधु् । — જો એક માણસ બીજા કોઈનો કાંઈ માલ ચોરી જાય. અથવા તેને બીજી કોઈ પણ રીતે કાંઈ નુકસાન પહોંચાડે તો તેનું તે વેર લે છે, અથવા લેવડાવે છે. ડાહ્યા પુરુષો કહે છે કે જો સઘળા લોકો પોતાના ઉપર ગુજરેલા અન્યાયને માટે પોતાની મરજી પ્રમાણે વેર લે તો દુનિયાની અવ્યવસ્થા થઈ જાય, અને જલદી તે લય પામે; માટે હરેક ગુનાને વાસ્તે રાજાને ફરિયાદ કરવી. અને જો તેનાથી દાદ ન મળે, તો પરમેશ્વર તરફથી ઇન્સાફ મળશે જ એવો દૃઢ વિશ્વાસ રાખી બેસવું. પણ રાજા કાંઈ હંમેશાં નિષ્પક્ષપાત હોતો નથી, અથવા ખરેખરો ન્યાય કરતો નથી, અને ઘણી વખતે તેમ થઈ શકતું પણ નથી. રાજા પોતે જ જ્યારે અપરાધી હોય, ત્યારે તેનો ઇન્સાફ કોણ કરે? કોઈ લાચાર થયા વિના પરમેશ્વરના ઇન્સાફ ઉપર રહેવા દેતું નથી. એ તો મન વાળવાની વાત છે. જો મન મોટું રાખી આપણે હરેક ગુનેગારને ક્ષમા કરીને જવા દઈએ તો દુનિયામાં ગુનેગારની સંખ્યા વધી જાય, અને જેટલા ગુના થાય તે સઘળાનું પાપ આપણે માથે પડે, પરમેશ્વરની શિક્ષાથી થોડા જ બીએ છે. કોણ તે જોઈ આવ્યું છે? જો સરકાર ઇન્સાફ મૂકી દઈને લોકોને કહે કે જે ગુનો કરશે તેનો બદલો પરમેશ્વર તરફથી મળશે તો પછી ગુનો કરવાથી કેટલા અટકે છે તે જણાય. માટે વેર તો લેવું જ જોઈએ; અને જ્યારે આપણી બાબતમાં ગુનેગાર રાજા છે ત્યારે સ્વહસ્તે વેર લેવું, અને જો તેમ ન લેવાય તો જ તેને પરમેશ્વરને સોંપવો.

એવા વેરના તરંગ સિદ્ધપુરમાં રુદ્રમાળના દેવસ્થાનનાં સરસ્વતી નદી ઉપર જવાનાં પગથિયાંની પગથાળ ઉપર એક જુવાન માણસ રાતને વખતે ફરતો હતો, તેના મનમાં ઊઠતા હતા. તેની છાતી ક્રોધથી ઊભરાઈ જતી હતી, અને તેનો ક્રોધ વાજબી છે એમ જાણી સૃષ્ટિ પણ તેવી જ રીતે ક્રોધાયમાન દેખાતી હતી. સરસ્વતી નદીમાં એટલું તો જોરથી પૂર વહેતું હતું કે તેમાં ઝાડનાં ઝાડ તથા મૂએલાં જાનવર ઘસડાઈ જતાં હતાં. આકાશ એવું તો વાદળાંથી ઘેરાઈ ગયેલું હતું કે સામો માણસ અથડાય ત્યાં સુધી તેનું મોં દેખાતું નહીં, વરસાદ પણ ઝરમર-ઝરમર આવતો હતો. પવન એટલા જોરથી વાતો હતો કે તેના ઘૂઘવાટથી છાતી ધબક્યા વિના રહે નહીં. તેની સાથે વાયુબળથી પાણી ગજગજ ઊંચાં ઊછળતાં હતાં. ઝાડો ભોંયની સાથે અફળાતાં, અને કેટલાંક તો જડમૂળથી ઊખડી જશે એમ લાગતું હતું. આકાશમાં વીજળીના ઝળકાટ થઈ રહ્યા હતા; અને તેથી જ વખતે-વખતે અજવાળું પડતું તે વડે રુદ્રમાળના કીર્તિસ્તંભ, તેનું નક્શીદાર તોરણ, નાનાં-નાનાં દહેરાંનાં શિખરો, વગેરે જણાતાં હતાં. વીજળી થઈ રહ્યા પછી ગર્જનાના કડાકા એવા તો જોરથી થતા કે તેના જોરથી તથા પવનથી બધું દેવસ્થાન તૂટી પડશે એવી દહેશત લાગતી હતી. એવે વખતે, એટલે જ્યારે ઈશ્વર કોપાયમાન થયો હોય એવો દેખાવ ચોમેર થઈ રહ્યો હતો ત્યારે માણસ ક્રોધને વશ થાય એમાં શું આશ્ચર્ય? એવે વખતે મનને શાંતિ થવાને બદલે તે વધારે જોશ ઉપર ચઢે, અને જેવો સઘળો દેખાવ કાળો તેવાં કાળાં કામ કરવાને મન પ્રવૃત્ત થાય એમાં શી નવાઈ? એવી સ્થિતિ તે વખતે માધવના મનની હતી. તેનું શરીર ધ્રૂજતું હતું. અને તેના મનની અવસ્થા તેના શરીરની અવસ્થા ઉપરથી જણાઈ આવતી હતી. તેણે મોતીશાના મોંથી ફરી સઘળી વાત સાંભળી લીધી, અને તેથી ઊલટું અગ્નિમાં તેલ હોમાયું. આવી વખતે તેણે મોતીશાનો ઉપકાર પણ માન્યો નહીં. જે

વખતે માધવના તમામ મિત્રો તેને છોડી ગયા, તે વખતે એ શાહ પોતાનું ઘર, ધણિયાણી, છોકરાં, દોલત તથા બીજું સુખ તજીને પોતાના અસલ મિત્રને સહાય કરવા આવ્યો. જેના ઉપર રાજાની ઇતરાજી થઈ તેની પાસે ઊભા પણ રહેવું નહીં એવો જેઠાશાનો મત હતો, પણ તે ન જાણે તેમ શહેરમાંથી તે નીકળી આવ્યો. મિત્રાચારી તો એવી જ જોઈએ; અને એવી પ્રીતિ જુવાનીમાં જ્યારે અંતઃકરણ ગરમ હોય છે ત્યારે જ થાય. ઘડપણમાં જ્યારે સ્વાર્થનું જોર વધે છે ત્યારે પ્રીતિ ઓછી થાય છે; માટે ઘરડા માણસોમાં એવી મિત્રાચારી ક્વચિત જ હોય છે.

રાત ઘણી ગયા પછી મોતીશા તથા માધવ દહેરાની એક ધર્મશાળામાં સૂતા. પણ માધવને ઊંઘ આવે નહીં; વેર, વેર તેના આખા શરીરમાં વ્યાપી ગયું હતું; અને તે શી રીતે લેવું તેના વિચારમાં ને વિચારમાં તેણે પછાડા માર્યા કર્યા. કેટલીક વારે તે અર્ધી ઊંઘમાં પડ્યો, એટલે તેના સામી એક ઘણી રૂપાળી સ્ત્રી આવીને ઊભી રહી. તેનું તેજ એટલું હતું કે માધવની આંખ ઊઘડી ગઈ; અને તે બોલ્યો : "વેરદેવી, તું માનવ હોય કે દાનવ, મૃત્યુલોકમાંની કે સ્વર્ગલોકમાંની ગમે તે હોય, પણ દુષ્ટ કરણ રાજાનું વેર શી રીતે લેવું તે બતાવ." સ્ત્રી બોલી, "અલ્યા માધવ! તું નાગર છે તેથી તું મારો આશ્રિત છે. હું જગતની માતા અંબા ભવાની છું, અને મારો વાસ આરાસુર પર્વતની ઉપર છે, માટે તું મારું દર્શન કરવાને ત્યાં આવજે એટલે હું તને શું કરવું તે બતાવીશ." એવું કહી માતાજી અદૃશ્ય થઈ ગયાં, અને માધવ આસપાસ જોવા જાય છે તો ત્યાં કાંઈ જ દીઠું નહીં. માધવને હવે નક્કી થયું કે માતાજી મને સહાય થશે, માટે કાલ સવારે ઊઠીને તેનાં દર્શન કરવા જવું, પછી ત્યાંથી જે ઉપદેશ મળશે તે પ્રમાણે ચાલીશ.

એટલો નિશ્ચય કરવાથી તેને જરા શાંતિ થઈ. દહાડાનો થાક લાગ્યો હતો, તથા તેના મનમાં જે ઊથલપાથલ થઈ રહી હતી, એ સઘળાંથી તેના મગજ ઉપર અસર થઈ, તે નિદ્રાને વશ થયો, અને સૂર્યોદય થયો, અને તડકો તેની આંખ ઉપર આવવા લાગ્યો, ચલ્લીઓ તથા બીજાં પક્ષીઓ શોરબકોર કરવા લાગ્યાં, અને દહેરામાંના સાધુ વૈરાગી મોટા અવાજથી ગાતા આણીગમ-તેણીગમ ફરવા લાગ્યા, ત્યારે જ તે ઊઠ્યો. ઊઠતાં જ વાર ગામમાં જઈ તેણે બે ઘોડા વેચાતા લીધા અને સવારના કામથી પરવારી તે તથા મોતીશા ઘોડા ઉપર સવાર થઈ માતાજીના સ્થાનક તરફ જવા નીકળ્યા. મોટે રસ્તે જાય તો રાજાનાં માણસોના જોવામાં આવે, માટે તેઓ સરસ્વતીને કિનારે-કિનારે ચાલ્યા. થોડા દહાડા તો વસ્તીવાળો મુલક આવ્યો; પણ જેમ-જેમ તેઓ સરસ્વતીના મુખ આગળ આવતા ગયા તેમ-તેમ જમીન વધારે પહાડી તથા જંગલી થતી ગઈ. થોડીક વાર તેઓનો રસ્તો એક જંગલી પણ રમણીય તથા ફળવાન ખીણમાં થઈને હતો. તે ખીણની આસપાસ ઝાડોથી ઢંકાયેલા પહાડો ચોતરફ હતા. આ ઠેકાણે આ એકાંત નદીને કિનારે-કિનારે તેઓ ચાલતા હતા તે વખતે સાંજ પડી ત્યારે અઘોર રાન વધારે ભયાનક દેખાવા લાગ્યું. વાઘ, વરુ, શિયાળ ઇત્યાદિ જંગલી જાનવરોનો અવાજ થવા માંડ્યો. અને તેઓની આસપાસ કાળા અને નાગા વનના માણસો કોઈ આઘાં ગામોમાં નોબત વગાડતા તેનો કઠોર અવાજ તેઓને કાને પડ્યો. એટલામાં આઘે એક બળતું થયેલું નજરે પડ્યું. ભીલ લોકો તેઓની દેવીને બલિદાન આપતા હતા, અને ભડકો સૂકાં લાકડાંમાંથી નીકળીને એક પહાડથી બીજા પહાડ ઉપર મોટા સર્પની પેઠે વીંટળાતો હતો. એવે રસ્તે થઈને તેઓ અંબા ભવાનીના દેવસ્થાન આગળ સરસ્વતી નદીના મુખની પાસે કોટેશ્વર મહાદેવનું દેવાલય છે ત્યાં પહોંચ્યા અને મહાદેવનાં દર્શન કરી ત્યાં રાત રહ્યા.

બીજે દહાડે, અંબા માતાના દહેરા તરફ જવાનો રસ્તો ઘણો વિકટ તથા ત્યાં ચોર અને વાઘનો ભય ઘણો હોવાથી, ચક્રાવો ફરી પહાડની તળેટી ઉપર દાંતા ગામ અંબા માતાના ઘણા માનીતા પરમાર રાજાઓનું હતું ત્યાં તેઓ પહોંચ્યા. તે વખતે માતાજીનો જાત્રાનો વખત ન હતો તોપણ કેટલાંક માણસો માનતા ચઢાવવાને જતાં હતાં, તેઓ તે બંનેને મળ્યાં. તેમની સાથે

બીજે દહાડે સવારે પહાડ ઉપર ચઢવા માંડ્યું. ચઢાવ ઘણો લાંબો પણ સરળ હતો, તોપણ ઠેકાણે-ઠેકાણે ખડબચડો તથા વાંકોચૂકો હતો. જાત્રાળુ લોકોએ રાતાં, પીળાં, ધોળાં, ઇત્યાદિ ના-ના પ્રકારના રંગનાં વસ્ત્ર પહેરેલાં હતાં. કેટલાક પાસે ચળકતી તલવારો હતી. કેટલાકનાં અંગ ઉપર ઝળકતાં સોનાનાં ઘરેણાં ઘાલેલાં હતાં, તે સઘળાં તડકામાં ચળકતાં હતાં. તેઓ રસ્તે ચાલતા ત્યારે મેદાન આવતું તેમાં લાંબી હાર દેખાતી. કેટલીક વાર તો રંગબેરંગી પહાડોથી થોડા ઢંકાઈ જતા, અને કોઈ-કોઈ વાર ઝાડોના ઓથામાં આવ્યાથી બિલકુલ નજરે પડતા ન હતા. ચઢાવના ઘણા સીધા ભાગની વચ્ચોવચ એક જૂની વાવ હતી, ત્યાં સંઘે થોડી વાર મુકામ કર્યો. પછી પાણી પી તાજા થઈને આગળ ચાલ્યા, અને ઉદાસ તથા ઉજ્જડ ટેકરામાંથી નીકળી રમણીય મેદાન ઉપર આવ્યા. તે વખતે આરાસુરના સુગંધીદાર પવનની લહેરોથી તેઓને આનંદ થયો. તે વખતે સંઘમાંના આગળ ચાલનાર લોકોએ બૂમ પાડી કે દહેરું પાસે આવ્યું. એ બૂમ સાંભળતાં જ સઘળા પોતપોતાના ઘોડા ઉપરથી ઊતરી પડ્યા, અને જમીન ઉપર લાંબા થઈ પગે લાગીને "જય અંબે," "અંબે માતકી જય," એવી બૂમ પાડી ઊઠ્યા. દહેરું આરાસુરના પહાડમાં આરાવલી પર્વતોની શાખા જ્યાં નૈઋર્ત્ય કોણમાં પૂરી થાય છે ત્યાં હતું. તે દહેરું નાનું હતું, અને બીજાં કેટલાંક નામાંકિત દહેરાં કરતાં ઓછું શોભાયમાન હતું. તેની આસપાસ મજબૂત કોટ હતો, તેમાં દેવીના પૂજારી, નોકરચાકરો તથા જાત્રાળુ લોકોને રહેવાને માટે ધર્મશાળા હતી. તેમાં એક નાનું લશ્કર પણ રહેતું હતું, પણ માણસના બળ તથા શસ્ત્ર વડે અંબા માતાનું રક્ષણ થાય છે એમ ના કહેવાય માટે બહાર દરવાજો રાખવાને અંબા માતાએ ના કહી હતી. આ દહેરામાં જેનું પૂજન થતું હતું તે મહાદેવની પત્ની, હિમાચલ તથા મેનાની પુત્રી દુર્ગા હતી. ચાંપાનેર આગળ પાવાગઢ ઉપર તેનું ઉગ્ર તથા સર્વભક્ષક કાળિકાનું રૂપ છે તેવું ત્યાં નહોતું પણ ભવાની એટલે સ્વયંભૂની કામ કરવાની શક્તિનું, તથા અંબાજી એટલે સૃષ્ટિની માનું રૂપ હતું. આરાસુરનું દહેરું ઘણા પ્રાચીનકાળથી ત્યાં હતું. એવું કહેવામાં આવે છે કે એ ઠેકાણે જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન બાળક હતા ત્યારે તેમના વાળ લેવડાવ્યા હતા, અને ત્યાર પછી જ્યારે રુક્મિણીને શિશુપાળની સાથે પરણવા ન દેતાં તેને ભગવાન લઈ ગયા, ત્યારે તે દેવીનું પૂજન કરવા આવી હતી તે આ ઠેકાણે જ આવી હતી. હજારો વર્ષ થયાં જાત્રાળુ લોકો ત્યાં આવતા તેથી સઘળું આંગણું ઘસાઈ ગયું હતું.

એ દહેરામાં માધવ અને મોતીશા આવ્યા, એક ધર્મશાળામાં ઊતર્યા, અને રસોઈપાણી કરી, થાક ખાઈ સાંજની વખતે માતાજીનાં દર્શન કરવા ગયા. માતાજીનું સ્વરૂપ જુદા-જુદા લોકોને જુદું-જુદું દેખાય છે ખરું; પણ માધવને તો જુદાં જ દર્શન થયાં. માતાનો વેશ મ્લેચ્છનો હતો. તેના એક હાથમાં ખડ્ગ હતું, અને બીજા હાથમાં એક માણસની ચોટલી હતી. માતાનું આવું રૂપ જોઈને તે આશ્ચર્ય પામી ઊભો રહ્યો. અને વધારે જુએ છે એટલામાં તે માણસ જોરે કરી માતાજીના હાથમાંથી નીકળી ગયો, અને તેના હાથમાં તેની ચોટલી રહી ગઈ એવું દીઠું. તેનો અર્થ શો હશે એ વિશે તે ઊંડા વિચારમાં પડ્યો. એટલામાં સિદ્ધપુરની રુદ્રમાળની ધર્મશાળામાં આવેલું સ્વપ્નું તેને યાદ આવ્યું, તે ઉપરથી તેણે અટકળ કરી કે મ્લેચ્છનો અર્થ મ્લેચ્છ અથવા તુર્ક લોકોનો દિલ્હીનો રાજા, અને પેલો માણસ એટલે ગુજરાતનો કરણ રાજા, એ ઉપરથી દિલ્હીનો તુર્ક રાજા કરણને સપડાવશે, પણ તે તેનું રાજ મૂકીને નાસી જશે – એ સિવાય બીજો કોઈ અર્થ દેખાતો નથી. માતાજીએ વેર લેવાનો રસ્તો બતાવ્યો તો ખરો! માટે હવે દિલ્હી જવું અને ગુજરાત ઉપર ચઢાઈ કરવાને ત્યાંના સુલતાનને વિનંતી કરવી. એવી રીતે તેનો ખુલાસો થયો, તેથી તે ઘણો આનંદ પામીને માતાજીને પગે પડ્યો. પછી ફૂલના હાર, નાળિયેર, પૈસા, તથા ઘરેણાં માતાજીને ચઢાવ્યાં. વળી તેણે વસ્ત્ર, નિશાન, સોના-રૂપાનાં વાસણ, ઘંટ અને માતાજીની પૂજાનો બીજો કેટલોક જરૂરી સામાન અર્પણ કીધો. રાત્રે માતાને

થાળ મોકલી તેમાં બકરાં, મુરઘા, ઇત્યાદિ માતાને બલિદાન આપી શકાય એવાં પ્રાણીઓનું માંસ તથા મદિરા મૂકેલાં હતાં. માધવ જ્યાં સુધી ત્યાં રહ્યો ત્યાં સુધી ખાવામાં અથવા બીજા કોઈ પણ કામમાં તેણે તેલ વાપર્યું નહીં, સઘળે ઠેકાણે તેણે ઘીનો જ ઉપયોગ કર્યા કર્યો. માતાજીને માધવે ઘણી કીમતી બાધા ચઢાવી તેથી રાત્રે તેને ચમર કરવા દીધી; તેના બદલામાં વળી તેણે સિદ્ધપુરના ત્રણ ઔદીચ્ય બ્રાહ્મણો જે ત્યાંના પૂજારી હતા, અને જેઓએ તે કામ દાંતાના રાણાને કેટલાક પૈસા આપવા કબૂલ કરી ઇજારે રાખ્યું હતું, તેઓને કાંઈ આપ્યું. તેઓએ તેને પહેલાં દર્શન કરતી વખતે ચાંલ્લો કર્યો હતો.

બીજે દહાડે તેણે તેઓને તથા બીજા બ્રાહ્મણોને સારી પેઠે મિષ્ટાન્ન લેવડાવી તૃપ્ત કીધા, અને યથાયોગ્ય દક્ષિણા આપી જાત્રા પૂરી થઈ તેની નિશાનીનો કંકુનો હાથ તેના ખભા ઉપર દેવડાવ્યો. હવે બીજું કાંઈ કામ રહ્યું નહીં, તેથી પાસે માનસરોવરના કાંઠા ઉપર અપરાજિત માતાનું દહેરું છે ત્યાં તેઓ દર્શન કરવા ગયા. ત્યાંથી આવ્યા પછી અંબા ભવાનીના દેવસ્થાનની પશ્ચિમે આશરે એક કોશ ઉપર એક પહાડ હતો તે ઉપર ગબરગઢ નામનો કિલ્લો તે વખતે હતો તે જોવાને તેઓનો વિચાર થયો. તે પહાડ આગળ નાના-નાના ટેકરા એવી રીતે આવી રહેલા હતા કે જો કોઈ તેને આઘેથી જુએ તો ત્યાં એક મોટો કમાનદાર દરવાજો હોય એમ લાગે. તે ઉપરથી એવી કથા ચાલે છે કે અંબામાતા તે પહાડના પોલાણમાં રહે છે. જ્યારે માધવે ત્યાં પૂજારીને તે જગાનો મહિમા પૂછ્યો, ત્યારે તેણે નીચે પ્રમાણે એક વાત કહી, “કોઈ વખત ઉપર માતાજીની ગાયો ગોવાળિયાની બીજી ગાયોની સાથે આખો દહાડો ચરતી, અને રાતની વખતે આ પહાડમાં પાછી આવતી. એ ગાયો કોની છે તે જાણવાનું પેલા ગોવાળિયાને ઘણું મન થયું, અને ગમે તે થાય તોપણ એ ગાયોનો ધણી શોધી કાઢી તેની પાસે ચરામણી માગવાનો તેણે નિશ્ચય કીધો. એક સાંજરે જ્યારે ગાયો ધારા પ્રમાણે પોતાના ઘર તરફ વળી, ત્યારે ગોવાળિયો તેની પાછળ ગયો, અને તેની સાથે પહાડમાં પેઠો. પહાડમાં પેઠા પછી એક અતિ શોભાયમાન મહેલ આવ્યો, અને તેમાં ઘણા વિશાળ ઓરડાઓ દીઠા. મુખ્ય ઓરડામાં એક હિંડોળા ઉપર માતાજીને બેઠેલાં જોયાં; તેની આસપાસ તેની ઘણી સખીઓ હતી. ગોવાળિયો હિંમત પકડીને માતાજી આગળ ગયો, અને પૂછ્યું કે આ ગાયો તમારી છે? તેમણે હા કહી. તે ઉપરથી ગોવાળિયાને વધારે બોલવાની હિંમત આવી. તે બોલ્યો : – “મેં આ ગાયોને બાર વર્ષ થયાં ચરાવી છે, માટે હવે મને તેની ચરાઈ આપવી જોઈએ.” માતાજીએ તેની પાસે એક બૈરી ઊભી હતી તેને આજ્ઞા કીધી કે ભોંય ઉપર જવનો ઢગલો પડેલો છે તેમાંથી થોડાક તેને આપો. તેણે એક સૂપડું જવે ભર્યું, અને ગોવાળિયાને આપ્યું. તેણે તે લીધું, અને નાઉમેદ થઈને તથા ખીજવાઈને ઘરની બહાર નીકળ્યો, અને આંગણા આગળ જવ ભોંય ઉપર નાખી દીધા. પોતાને ઘેર જઈ જોયું તો તેનાં લૂગડાં ઉપર ઘણી ઊંચી જાતના સોનાના કેટલાએક રવા વળગેલા જોયા. ગોવાળિયાએ બીજે દહાડે ફરીથી પહાડમાં પેસવા માંડ્યું, પણ તેને રસ્તો જડ્યો નહીં અને માતાજીની ગાયો પણ ફરીથી ચરવા આવી નહીં.”

અંબાજીની પાસે એક નાની નદી ઉપર જંગલી ચમેલી તથા બીજાં સુગંધીદાર ફૂલોની એક વાડી જેવું હતું, ત્યાં કેટલાંક સુંદર સફેદ આરસપહાણનાં બાંધેલાં જૈન ધર્મનાં દહેરાં હતાં, ત્યાં જવાનો મોતીશાએ આગ્રહ કીધો, અને તે જૈન થઈને તેની સાથે અંબાજી આવ્યો માટે તેનાં દહેરાં આગળ ગયા વિના માધવને ચાલે નહીં, તેથી તેઓ બંને ત્યાં ગયા. એ દહેરાં વિશે જે દંતકથા તેઓએ સાંભળી તે નીચે પ્રમાણે હતી : – વિમળશાને માતાએ ઘણું દ્રવ્ય આપ્યું તેથી તેણે ત્યાં પારસનાથનાં ત્રણસેં ને સાઠ દહેરાં બાંધ્યાં; પછી માતાજીએ તેને પૂછ્યું કે એ દહેરાં તેં કોની સહાયતાથી બાંધ્યાં? ત્યારે તેણે જવાબ દીધો કે ગુરુની સહાયતાથી. માતાજીએ એનો એ પ્રશ્ન ત્રણ વાર પૂછ્યો, પણ ત્રણે વાર તેણે એનો એ જ જવાબ દીધો. ત્યારે તેણે તેને કહ્યું કે,

"અલ્યા, જેમ નસાય તેમ નાસ." એક દહેરાનું ભોંયરું જેમાં થઈને દેવલવાડાનાં દહેરાંના ભોંયરામાં જવાતું હતું તેમાં તે ઊતર્યો, અને નીચેની સુરંગમાં થઈને આબુ પહાડ ઉપર નીકળ્યો. પછી માતાજીએ પાંચ સિવાય બધાં દહેરાં બાળી મૂક્યાં, અને એ વાત સૌ કોઈના જાણ્યામાં આવે માટે તે પાંચ જ રહેવા દીધાં. જે ત્રણસો ને પંચાવન દહેરાં બાળી મૂક્યાં તેના બળેલા પથ્થર ભોંય ઉપર પડેલા હતા. તે જોઈ શાહને પાકી ખાતરી થઈ કે શ્રી અંબાજી કોપાયમાન થઈને તેણે એ દહેરાં બાળી મૂક્યાં, તેથી તેણે આબુના દેવલવાડામાં એક દેવસ્થાન બાંધ્યું તે ઉપર માતાજીને શાંત કરવાને નીચે પ્રમાણે કોતરાવ્યું :

"તારા પાતરાં જેવા હાથ અશોકના ઝાડનાં પાતરાં જેવા રાતા છે. તું અતિ ઘણી સુંદર દીસે છે. તારો રથ કેસરી સિંહ ચલાવે છે. તારા ખોળામાં બે છોકરા છે. એવી તું સતી અંબિકા સદ્ગુણી પુરુષોના પાપનો નાશ કર."

"એક વાર રાત્રે વિમળશાને શાણી અંબિકાએ આજ્ઞા કીધી કે આ પહાડ પાપરહિત જગા છે તે ઉપર યોગનાથનું એક સારું દહેરું બાંધ."

"શ્રી વિક્રમાદિત્ય પછી એક હજાર અઠ્યાસી ચોમાસાં ગયાં એટલે ઈ. સ. ૧૦૩૨માં અર્બુદાના શિખર ઉપરથી આદિદેવનું વિમળે સ્થાપન કીધું તેને હું પૂજું છું."

એ દહેરામાં મોતીશા તથા માધવે દર્શન કર્યાં. પછી ત્યાંથી આબુના પહાડ ઉપર જવાનો તેમણે ઠરાવ કર્યો. રસ્તો ઘણો જ રમણીય હતો. એક નાના નાળાની કોરે-કોરે તેઓ ચાલ્યા. આકાશમાં એક પણ વાદળું ન હતું. અમરાઈમાંથી કોયલો ટહુકા કરતી હતી. બીજાં જંગલનાં પક્ષી વાંસની ઝાડીમાંથી સાદ કરતાં હતાં; અને તેતરનાં ટોળેટોળાં ઝાડો ઉપર બેસીને હોલાઓની સાથે આનંદથી સંવાદ ચલાવતાં હતાં. લક્કડખોદ ઝાડોના થડ ઉપર તેઓની કઠણ ચાંચ ઠોકતા હતા તેના અવાજથી આખું વન ગાજી રહ્યું હતું. ત્યાં ના-ના પ્રકારનાં સુંદર ફૂલ તથા સ્વાદિષ્ટ મેવા નજરે પડતા હતા. ઝાડો ઉપર ચઢતા વેલાનાં ધોળાં તથા પીળાં ફૂલોમાંથી મધમાખીઓ મધ કાઢતી હતી. ત્યાં કોઈ માણસની વસ્તી ન હતી. કોઈ કોઈ વાર કોઈ રજપૂત સવાર ઢાલ બાંધીને તથા ભાલો હાથમાં રાખીને અંબાજીનાં દર્શન કરવા જતો હોય તે જોવામાં આવતો; અથવા કોઈ તળાવની પાસે વણજારાઓ ગૂણ નાખીને બળદ છૂટા મૂકીને પડેલા હતા તે નજરે આવતા હતા. આગળ ચાલતાં એક સપાટ ખીણ આવી, તે રેતાળ હતી, પણ તેમાં ઠેકાણે ઠેકાણે ખેડાણ હતું. વળી રસ્તામાં અનાજનાં ખેતર આવતાં, અને વખતે-વખતે નાનાં ગામો દેખાતાં, અને આઘેના પહાડમાંથી નીકળેલી નદીઓ વહેતી નજરે પડતી હતી. ત્યાંથી ધુમ્મસે ઘેરાયલો આબુ પહાડ દેખાયો. તેની બાજુઓ ઉપર ઝાડ તથા ઝાડી અને નાની નદીઓ દેખાવા માંડી. આગળ જતાં એક ટેકરી ઉપર દોરા જેવો રસ્તો દેખાયો. તે કોઈ ઠેકાણે ચઢતો અને કોઈ ઠેકાણે ઊતરતો હતો. એ રસ્તા ઉપર ઝાડીની ઘટા આવી રહી હતી. તેમાં ચઢતાં-ચઢતાં એક કરાડની નીચે એક મેદાન આવ્યું; ત્યાં ઘણાં શોભાયમાન ઝાડોની વચ્ચોવચ વસિષ્ઠમુનિનું દહેરું હતું. તે દહેરાની વાડીમાં માધવ તથા મોતીશા થાક ખાવાને ઊતર્યા. એ વાડીમાં ઘણાં સુગંધીદાર ફૂલો ઊગેલાં હતાં. તેમાં કેવડાથી તમામ જગા મહેક-મહેક થઈ રહી હતી. વળી ત્યાં એક પથ્થરના ખડકમાં ગાયનું મોં કોતરેલું હતું, તેમાંથી પાણીનો ધોધ પડી નીચે એક મોટી ટાંકલીમાં પડતો, તેથી કર્ણેંદ્રિયને પણ ઘણો આનંદ થતો હતો.

મુનિનું દહેરું નાનું હતું તેમાં વસિષ્ઠ જેણે અચલેશ્વરના અગ્નિકુંડમાંથી રજપૂતના મૂળ પુરુષોને કાઢ્યા તે મુનિની કાળા પથ્થરની મૂર્તિ હતી. ત્યાં સવારે, બપોરે અને સાંજરે નોબત વાગતી હતી. તેના નાદથી તે જગ્યા ઘણી રળિયામણી લાગતી હતી. વસિષ્ઠમુનિના દહેરા આગળ પથ્થરમાં લાંબાં પગથિયાં કાપી કાઢેલાં છે તે ઉપર થઈને ઊંચે ચઢવાનું હતું. તે ઉપર ચઢતાં-ચઢતાં તેઓ આખરે આબુના સપાટ મેદાન ઉપર પહોંચ્યા. તે ઠેકાણે તેઓ ગયા ત્યારે

જાણે એક નવા જગતમાં. વાયુમાં તરતા એક બેટમાં આવ્યા હોય એમ તેમને લાગ્યું. તેઓની આસપાસ ચોતરફ ઊંચીનીચી ટેકરીઓ હતી તે ઉપર નાનાંમોટાં ગામો હતાં. તેમાં એક સરોવર હતું, અને એક કરતાં વધારે નાળાં હતાં. તે સઘળી ટેકરીઓમાં સૌથી ઊંચી ટેકરી ઉપર એક મુનિનું નાનું દહેરું હતું તે ઉપરથી તેને મુનિનું શિખર કહેતા હતા; અને બીજી એક ટેકરી ઉપર પ્રસિદ્ધ અચળગઢનો કિલ્લો હતો.

આબુના સઘળા પહાડોમાં સૌથી ઊંચો મુનિ-શિખર હતો તે ઉપર માધવ તથા મોતીશા ચઢ્યા. જ્યારે તેઓ ઉપર ગયા ત્યારે દક્ષિણ તરફથી ઠરી જવાય એવો ટાઢો પવન આવવા લાગ્યો તેથી તેઓએ કાળી કામળી શરીર ઉપર વીંટાળી અને એક ટેકરીની પાછળ ભરાઈને ભોંય ઉપર લાંબા થઈને સૂતા. દેખાવ ઘણો ભભકાદાર તથા સુંદર હતો. તેઓના પગ નીચે વાદળાં આવી રહ્યાં હતાં અને તેમાંથી સૂર્યનાં કિરણ નીચે ઊતરતાં હતાં. એ ઊંચી, આંખે તમ્મર આવે એવી, ટોચની ઉપર એક નાનું ગોળ મેદાન હતું, તેની આસપાસ એક નીચો કોટ હતો. એક બાજુએ આશરે દશ ગજ ચોરસ ગુફા હતી તેમાં એક મોટો પથ્થર હતો તે ઉપર વિષ્ણુનો અવતાર જે દત્તભૃગુ તેનાં પગલાં હતાં. તે પાદુકા પૂજવાને માટે જ મોતીશા આટલું જોખમ ખમી ઉપર ચઢ્યો હતો. અને બીજા ખૂણામાં સીતાભક્તોના મહાન્ ગુરુ રામાનંદની પાદુકા હતી. આ ભયાનક સ્થળમાં તે પંથનો એક સાધુ રહેતો હતો. તેણે એક ઘંટ વગાડવા માંડ્યો, અને જ્યારે માધવે તેને દક્ષિણા આપી ત્યારે જ તે ઘંટ વગાડતો બંધ થયો. સાધુની પાદુકાની આસપાસ જાત્રાળુ લોકોની લાકડીઓનો ઢગલો પડ્યો હતો. તેઓ આટલી હિંમત ચલાવી ઉપર આવ્યા તેની યાદગીરીને વાસ્તે તે ઢગલો ત્યાં રાખવામાં આવ્યો હતો. પહાડના ઘણા ભાગમાં અગણિત કોતરો હતાં, તે ઉપરથી જણાતું હતું કે ત્યાં આગલા કાળમાં ગુફામાં રહેનાર માણસોની વસ્તી હશે; અને બીજાં ઘણાં ગોળ બાકાં હતાં તે તોપના ગોળાને વાસ્તે કરેલાં હોય એમ લાગતું હતું. તે વખતે ચોમાસું તરત જ ગયેલું હતું, અને હવા ઘણી સ્વચ્છ હતી તેથી કોઈ કોઈ વાર જોધપુરનો કિલ્લો, અને લુણી ઉપરના બાળોવા શહેર સુધી રેતનું મેદાન દેખાતું હતું. એટલે દૂર સુધી તો આખો દહાડો નજર પહોંચતી ન હતી, તોપણ ભીત્રીલની ફળવાન ખીણ સિરોહી સુધી દેખાતી, તથા પૂર્વ તરફ આશરે પંદર કોશ ઉપર આરાવલીનાં વાદળાં સુધી પહોંચેલા પહાડોની વચ્ચોવચ અંબા ભવાનીનું પ્રખ્યાત દેવાલય નજરે પડતું હતું. નીચે નજર કરતાં એક મોટી કરાડ દેખાતી હતી, પણ ત્યાંથી આંખ ઊંચી કરી જમણી તરફ અર્ધું ચક્કર ફેરવીએ, તો પરમાર રજપૂતોનો કિલ્લો દેખાતો હતો. તેથી વધારે જમણી તરફ દેવલવાડાનાં શિખરો દેખાતાં હતાં, ઉપર નાની-નાની નદીઓ વહેતી હતી. દેખાવ કેવો જુદો જુદો? આકાશ આસમાની, મેદાન રેતાળ, દહેરાં સ્ફટિકનાં, ઝૂંપડાં નીચાં, જંગલ મોટાં અને પહાડો ઊંચાનીચા હતા.

મુનિ-શિખર ઉપરથી ઊતરીને અચળેશ્વરના અગ્નિકુંડ તથા દેવસ્થાન આગળ તેઓ ગયા. અગ્નિકુંડ આશરે ૪૫૦ ગજ લાંબો તથા ૧૨૦ ગજ પહોળો હતો. તે એક પહાડમાંથી કોતરી કાઢેલો હતો, અને તેની બાજુએ મોટીમોટી ઈંટો ચણી લીધેલી હતી. કુંડની મધ્યે એક પથ્થરનો ટેકરો રહેવા દીધેલો હતો તે ઉપર માતાનું એક દહેરું હતું. કુંડના ઉત્તર તરફના મથાળા ઉપર પાંચ પાંડવનાં પાંચ દહેરાં હતાં. પશ્ચિમ બાજુએ આબુનો ઇષ્ટદેવ જે અચળેશ્વર, તેનું દહેરું હતું. આ દહેરું કાંઈ મોટું અથવા નકશીદાર ન હતું, પણ ઘણું સાદું હતું. તે એક મોટા ચોગાનની વચ્ચોવચ હતું, અને તેની આસપાસ કાળી સ્લેટના પથ્થરનાં બાંધેલાં નાનાં-નાનાં દહેરાં હતાં. અગ્નિકુંડની પૂર્વ બાજુએ પરમારના મૂળ પુરુષનું દહેરું હતું, આદિપાળની મૂર્તિ તેમાં બેસાડેલી હતી, તે સફેદ આરસની હતી. તેની ઊંચાઈ આશરે અઢી ગજ હતી. ભેંસાસુર એટલે ભેંસના માથાવાળો રાક્ષસ રાત્રે આવીને અગ્નિકુંડનું પવિત્ર પાણી પી જતો હતો, તેને ન આવવા દેવાને

પરમેશ્વરે પરમારને સરજાવ્યા. તે ભેંસાસુરને બાણ વતી મારી નાંખતો હોય એવી રીતની તે આદિપાળની મૂર્તિ હતી. એ અગ્નિકુંડ જોયા પછી અચળગઢનો કિલ્લો જોવાને તેઓ ગયા. કેટલેક સુધી ઊંચે ચઢ્યા પછી હનુમાન ભાગળમાંથી નીચલા કિલ્લામાં પેઠા. પછી બીજી ભાગળમાં થઈને માંહેના કિલ્લામાં ગયા. તેમાં જોવાલાયક કાંઈ ન હતું. કિલ્લામાં એક મોટું તળાવ હતું. તેનું નામ શ્રાવણ-ભાદરવો હતું, અને એ ચોમાસાના બે માસનું તેને નામ આપ્યું હતું, તે તેને યોગ્ય જ હતું, કેમ કે તે ભર ઉનાળામાં પણ પાણીથી ભરેલું રહેતું હતું.

હવે દેવલવાડા જોવાનું રહ્યું, અને ત્યાં જવા સારુ તેઓ વસિષ્ઠ મુનિના આશ્રમ આગળ પાછા ગયા. ત્યાંથી તે દેવલવાડા સુધીના રસ્તામાં ખેતીવાડી સારી હતી; લોકોની વસ્તી પણ વધારે હતી; નદીઓ તથા ઝાડો પણ ઘણાં જ હતાં; વખતે-વખતે જમીન ઉપર લીલો ફરશ બિછાવ્યો હોય એવી લીલી હરિયાળી જેવી જગ્યા આવતી હતી. કમેર પક્ષી જે બીજે સ્થળે ક્વચિત જ માલૂમ પડે છે તેનો ત્યાં મધુર સાદ સંભળાતો હતો; અને એક ઝાડીમાં નિર્મળ નદી વહેતી હતી તેમાંથી કોયલનો તીણો તથા સ્પષ્ટ શબ્દ આવતો હતો. સઘળાં ખેતરોમાં અનાજ વાવેલું હતું. અને ઘણા થોડા વખતમાં આબુનાં બાર ગામોમાંથી ચાર તેઓએ વટાવ્યાં. તે ગામોમાં ઘર સુઘડ તથા સુખદાયક અને ગોળાકાર હતાં; તેની ભીંત મટોડીની હતી પણ તે ગેરુથી રંગેલી હતી; હરેક વહેતા નાળાને કાંઠે ખેતરમાં પાણી સીંચવાનું ચક્કર હતું; ખેતરોની વાડ થોરની હતી તે ઉપર ધોળાં ફૂલ હતાં, અને માંહેમાંહે શિવને વહાલાં સેવતીનાં ફૂલ હતાં. એક કાળા પથ્થરની ટેકરી ઉપર પુષ્કળ દાડમડી હતી, અંજીરીઓની પણ કાંઈ ખોટ નહોતી, દરાખના વેલા કોઈ-કોઈ ઠેકાણે દેખાતા હતા; અને એક ઊંડી ખીણમાં મીઠાં લીંબુનાં ઝાડ હતાં. આંબાનાં તો વનેવન હતાં, તેનાં લટકતાં આસમાની તથા સફેદ ફૂલ ઘણાં જ શોભાયમાન દીસતાં હતાં. આંબાને વીંટળાયેલા વેલાને પહાડમાં વસનારા લોકો અંબાત્રી કહેતા, તે તેઓને ઘણા જ ગમતા હોય એમ લાગતું હતું, કેમ કે જ્યાં-જ્યાં તેઓ પહોંચાય એટલા ઊંચા તે ઊગતા હતા ત્યાં ત્યાંથી તેઓને તોડી લઈ તેઓ ચોટલામાં ગૂંથતા અથવા પાઘડીમાં ખોસતા હતા. ઝાડોમાં ઘણી ભીનાશ હતી તેથી તેઓ સેવાળ તથા વેલાથી તમામ ઢંકાઈ ગયેલાં હતાં. અને અચળગઢ આગળ ખજૂરીનાં ઊંચાં ઝાડ પણ મૂળથી તે ટોચ સુધી એ જ પ્રમાણે ઢંકાયેલાં હતાં. ફૂલોનાં ઝાડ તો ત્યાં પુષ્કળ ઊગેલાં હતાં, તેઓમાં ઘણાં ચમેલી તથા તેના જેવાં બીજાં ફૂલોનાં હતાં. સોનેરી ચંપાનાં ઝાડ જે ફૂલનાં સઘળાં ઝાડોમાં ઊંચામાં ઊંચાં ગણાય છે, જે મેદાન ઉપર ક્વચિત જ જોવામાં આવે છે, અને જેને અગરના ઝાડની પેઠે સો વર્ષમાં એક જ વાર ફૂલ આવે છે એવું લોકો કહે છે. તે ઝાડ થોડે-થોડે છેટે મોરોથી ભરેલાં ઊગેલાં હતાં, અને તેથી તમામ હવામાં ખુશબો પથરાઈ રહી હતી. નદીઓ અને પહાડો, મેવાનાં ઝાડો, ટેકરીઓ, ઝાડી, અનાજનાં ખેતર, દરાખના વેલા, અને પહાડી કિલ્લા એવી રીતની બધી શોભા ત્યાં એકઠી થયેલી હતી.

ત્યાં એક નખી તળાવ ઘણું જ રમણીય હતું. તેમાંના બેટો ઝાડોથી ભરપૂર હતા અને તેની આસપાસના ટેકરાઓ તાડ, ખજૂરાં વગેરે ઝાડોથી ઢંકાયેલા હતા. તેના પાણી ઉપર ઘણા આનંદથી જળકૂકડીઓ તરતી હતી. એ તળાવની પાસે દેવલવાડા એટલે દેવળોનું ઠેકાણું હતું. તેઓમાં મુખ્ય દહેરાં તેજપાળ તથા વિમળશાનાં બાંધેલાં હતાં. ઉપર લખ્યા પ્રમાણે વિમળશાનું દહેરું ઈ. સ. ૧૦૩૨માં બંધાયું. તે અગાઉ એ પવિત્ર ડુંગર ઉપર કોઈ પણ જૈન લોકોનું દેવસ્થાન ન હતું. એ દહેરાં કાંઈ મોટાં અથવા બહારથી ઘણાં શોભાયમાન ન હતાં, પણ માંહેથી તેઓમાં નકશીનું કામ એટલું બધું હતું કે તેઓનું યથાસ્થિત વર્ણન આ ઠેકાણે કરી શકાતું નથી. આગલો ઘૂમટ અષ્ટખૂણ હતો, અને પાછળ અગણિત ઘૂમટો હતા. સઘળાં દહેરાં સફેદ સ્ફટિકનાં હતાં અને તેના ઉપર જે નકશી હતી તે એવી તો બારીક કોતરેલી હતી કે એવી

બારીકી મીણ સિવાય બીજી કોઈ પણ વસ્તુમાં થઈ શકે એ વિચારમાં જ ઊતરી શકે નહીં. તેમાં જે ચિત્ર કોતરેલાં હતાં તે નિર્જીવ વસ્તુઓનાં જ હતાં એમ નહીં. સ્ત્રીપુરુષ પોત-પોતાનાં કામ કરતાં હોય તેનાં, વહાણનાં, તથા વ્યાપારનો સંબંધ રાખતાં, અને રણસંગ્રામમાં યુદ્ધ થતું હોય તેનાં પણ ચિત્રો હતાં. હમણાં એ નક્શીદાર દહેરાં જે-જે અંગ્રેજ લોકો જુએ છે તેઓ તેની ઘણી જ તારીફ કરે છે, અને આ દેશના લોકો ઇમારત બાંધવાના કામમાં તથા નકશી કોતરવામાં આવા પ્રવીણ હતા, એ વાતની તેઓની આ ઠેકાણેનાં દેવસ્થાનો જોયાથી ખાતરી થઈ છે.

આવી-આવી ઈશ્વરી તથા માણસની કળાથી ઉત્પન્ન થયેલી શોભા જોવાથી, આવાં આવાં પવિત્ર સ્થળો તથા દેવભૂમિમાં પગ મૂક્યાથી, આવી-આવી ચમત્કારી વસ્તુઓ નજરે પડ્યાથી, આવા-આવા મહિમાવાળા તથા જાગતાજોત કહેવાતા દેવો તથા દેવીઓનાં દર્શન કરવાથી, માધવનો જીવ એટલો તો પ્રસન્ન થઈ ગયો કે તેના અંતઃકરણમાં જે તોફાન થઈ રહ્યું હતું તે શાંત થયું; તેના હૈયામાં જે વેરદેવીએ વાસો કીધો હતો તે ત્યાંથી ઊઠી એક ખૂણે દબાઈ બેઠી, અને તેના ઉપર પડેલી મહાભારત દુઃખ તે ઘણુંકરીને ભૂલી ગયો. જ્યાં ઈશ્વરે મોકળે હાથે સુખ પાથર્યું છે, જ્યાં ઈશ્વરની મોટાઈ અને શક્તિ પ્રકટ થઈ આવે છે, જ્યાં માણસની અશક્તિ તથા તુચ્છપણું જણાઈ આવે છે, જ્યાં ઈશ્વરનાં કામો કાળપર્યંત ટકે છે, અને માણસનાં કામો થોડી મુદતમાં નાશ પામતાં માલૂમ પડે છે, જ્યાં પશુ, પક્ષી તથા બીજાં પ્રાણીઓની ઉપર પરમેશ્વરની અનંત દયા ડગલે-ડગલે દીઠામાં આવે છે, ત્યાં માણસનું અંતઃકરણ નરમ તથા કોમળ થાય તેમાં શું આશ્ચર્ય?

માધવના મનમાં જે દુષ્ટ તથા વિપરીત વિચારો ઉત્પન્ન થયેલા હતા તે જોકે દબાઈ ગયા હતા, તોપણ તેનો સમૂળો નાશ થયો નહોતો. જ્યાં સુધી આવી રમણીય ભૂમિનો મહિમા રહ્યો ત્યાં સુધી તેનું મન શાંત રહ્યું, પણ જ્યારે તે મેવાડના મેદાન ઉપર નીકળ્યો, અને કાંઈ મનને વિચાર કરવાનું કામ મળે એવા દેખાવો તેના જોવામાં આવ્યા નહીં, એટલે તે વિચારો પાછા તેના મનમાં પુરજોશથી આવવા લાગ્યા. વળી હવે તેઓ બંને એકલા પડ્યા, અને એના એ વિષય ઉપર વાત કરવા લાગ્યા, તેથી દિલની આગ હોલાવાને બદલે તે વધારે જુસ્સાથી બળવા લાગી; વાટ ઘણી લાંબી દીસવા લાગી; ખાવુંપીવું કાંઈ ભાવે નહીં; અને તેઓને જો કોઈ સંગાથ મળ્યો ન હોત, જો એ પ્રમાણે થવાથી તેઓનું મન બીજા વિષય ઉપર ગયું ન હોત, તો માધવ રસ્તામાં માંદો પડત, અને તેનું ધારેલું કામ સિદ્ધ કર્યા વિના તેનો આત્મા તેનો દેહ મૂકીને ચાલ્યો જાત. પણ ગુજરાતના દુર્ભાગ્યને લીધે તથા મ્લેચ્છ લોકોનો દહાડો ચઢતો તેથી તેમ બન્યું નહીં.

તે વખતે કેટલાક ગૂજરાતના લોકો એકઠા મળીને ગોકુળ મથુરાજીની જાત્રા કરવા જતા હતા તેઓ તેમને મળ્યા. આવો સંગાથ જોઈને માધવ તથા મોતીશા પણ તેઓમાં સામેલ થયા, અને તેઓ બદરીકેદારનાથની જાત્રાએ જાય છે એમ તેઓએ બીજા લોકોને કહ્યું. સંઘના લોકો જુદી-જુદી જ્ઞાતિના હતા. તેઓ બપોરે કોઈ ઝાડ નીચે જુદા-જુદા ચૂલા બનાવીને રસોઈ કરતા અને તડકાનો વખત ગાળીને પાછલા પહોરના અને થોડી રાત જાય ત્યાં સુધી ચાલતા. કેટલાક ઘોડાઓ ઉપર, અને કેટલાક ગાડામાં બેસીને મુસાફરી કરતા. એ લોકોના સમાગમથી માધવ તથા તેના સોબતીને ઘણી ગમત થઈ, અને તેથી રસ્તો પણ ઘણો નીકળી ગયો. એ સંઘમાં એક વાણિયાની ન્યાતની ઘરડી ડોશી હતી તે એટલી તો વહેમી હતી, તથા તેની પાસે જે પૂંજી હતી તે જાળવવાની તેને એટલી તો ફિકર હતી કે બીજા લોકો જાત્રા કરવા જાય છે તે વખતે પોતાની માલમતા પોતાના ગામમાં સગાંને અથવા કોઈ બીજા વિશ્વાસુ માણસને સોંપી આવે છે તેમ તે ડોશીએ કર્યું ન હતું. આશરે સો મહોર જે તેણે દળી-ખાંડીને તથા બીજાં વૈતરાં કરી મેળવી હતી તેનું એક પોટલું બાંધીને તે પોતાની પાસે જ રાખતી, અને રાતે ઊંઘતી વખતે તે

પોટલું તેની બગલમાં ઘણા જોરથી દાબીને સૂતી. તેની ઊંઘ એવી કૂતરા જેવી હતી કે તેને કોઈ જરા અડકે તો જાગી ઊઠી શોરબકોર કરી આખો સંઘ જગાડી દેતી. એ ડોશીની આવી રીતથી તેને સઘળા ચીઢવતા હતા, આખે રસ્તે મશ્કરી કરતા, અને રાત્રે ઘણી વાર તેને છેડીને વારે-વારે તેને ભરઊંઘમાંથી જગાડ્યા કરતા હતા. તેને તે પૈસામાંથી એક પણ ખરચવો પડતો ત્યારે તેનો જીવ જવો બાકી રહેતો. જાત્રામાં ધર્મદાન થાય, અને જે બાકી રહે તેમાંથી તેના મૂઆ પછી ન્યાતમાં છૂટું ઘી પીરસાય એ તેની મોટામાં મોટી ઉમેદ હતી. જીવતાં તો ન્યાતના તરફની આબરૂ મળી નહીં, ત્યારે મૂઆ પછી ઊજવાવું અને ન્યાતના લોકો પાસે વાહવાહ કહેવડાવવી, એ તેને સ્વર્ગ જવા બરોબર ખુશી ઉપજાવનાર હતું; બલકે તેમ કીધાથી વૈકુંઠ જવાશે એમ તેને પક્કી ખાતરી હતી, કેમ કે તેનો એવો અભિપ્રાય હતો કે જેની મૂઆ પાછળ વાહવા થઈ તે પરમેશ્વરને ત્યાં પણ સારી જ ગતિ પામે. તેનો એક ભત્રીજો તેની સાથે આવેલો હતો તે ઘણી ગરીબ હાલતમાં હતો, અને અગર જો તે ડોશીને કાંઈ છોકરાં ન હતાં, અને પૈસા ખાનાર એ ભત્રીજા સિવાય બીજું કોઈ ન હતું તોપણ જ્યાં સુધી તે જીવતી રહે ત્યાં સુધી તે ભત્રીજો ભૂખે મરી જાય તોપણ એક પૈસો પણ આપતી નહીં. ડોશીનો વિચાર એવો હતો કે મરતી વખતે તે પૂંજી ન્યાતના પટેલને સોંપવી, અને તેમાંથી તેના કહ્યા પ્રમાણે મૈયતનો ખરચ થયા પછી જે બાકી રહે તે તેના ભત્રીજાને સોંપવું. એટલું છતાં પણ તે ડોશીનું તેના ભત્રીજા પર ઘણું જ હેત હતું, અને તે જ્યારે માંદો પડતો ત્યારે તે મરશે તો પાછળ કોઈ પોતાને આગ મૂકનાર રહેશે નહીં, એ ફિકરથી તે તેની પોતાના છોકરાના જેટલી બરદાસ્ત કરતી હતી. તોપણ જ્યારે તે પૈસાના દુઃખની વાત તેની આગળ કરતો ત્યારે તે વાત બદલી નાંખતી, અથવા મારી પાસે કાંઈ જ નથી એમ કહેતી. હવે ભત્રીજાને એવી ડોશી ઉપર હેત તો ક્યાંથી જ હોય? ચાર દહાડા લાંઘણ કીધી હોય તોપણ ડોશી સૂકો રોટલો પણ તેને ખવડાવે નહીં તો એક પૈસો તો ક્યાંથી જ આપે? માટે તે ડોશીની મરવાની ઘણી આતુરતાથી રાહ જોતો હતો. પણ જેમ તેની તેને મરવાની ઉતાવળ તેમ ડોશીનું આવરદા લાંબું થતું, અને તેને ઘણા-ઘણા રોગ થઈ ગયા તોપણ રીઢા વાસણની પેઠે તેના શરીરને જરા પણ નુકસાન લાગ્યું ન હતું. ભત્રીજાની પૈસા સંબંધી અવસ્થા વધારે-વધારે ખરાબ થતી ગઈ, અને ડોશીનો લોભ દહાડે દહાડે વધતો ગયો. જ્યારે ડોશી જાત્રા કરવા જવા નીકળી, ત્યારે તેને તે પૈસા સોંપશે એવી તેણે આશા રાખી તે પણ ભંગ થઈ, ત્યારે પોતાની પાસે જે કાંઈ સામાન હતો તે વેચીને તેના થોડાક પૈસા ઉપજાવ્યા અને તે લઈ તે પણ ડોશીની સાથે જવા નીકળ્યો. ડોશીને તે જરા પણ પરવડ્યું નહીં; પણ શું કરે? લાચાર. ભત્રીજાએ જતી વખત જ નિશ્ચય કર્યો કે હવે વધારે વાર સબૂરી ન રાખતાં રસ્તામાં જ તેને ઠાર કરવી અને તેના પૈસા લઈ લેવા. પણ તે એટલી તો જાગ્રત રહેતી તથા ત્યાં લોકોની આખી રાત એટલી તો વસ્તી હતી કે તેના દુષ્ટ વિચાર તેનાથી હજુ સુધી અમલમાં મુકાયા ન હતા. તેને લાગ મળતો ન હતો તેથી તે ઘણો હિજરાયા કરતો હતો, અને જેમ-જેમ દહાડા જતા ગયા તેમ-તેમ તેના ખૂની વિચાર વધારે દૃઢ થતા ગયા.

એક વખત મધ્યરાત્રે સઘળાં ભરઊંઘમાં પડેલાં હતાં તે વખતે પેલો ભત્રીજો ઊઠ્યો, અને તે ડોશી પાસે જઈ એકદમ તેણે તેની ગળચી પકડી અને બૂમ પાડવાને મોં ઉઘાડે છે એટલામાં એક ચીંથરાનો ડૂચો તેમાં ઘાલી દીધો. પછી ડોશીની ગળચી એવા જોરથી દાબી કે તે ગૂંગળાઈને તરત મરણ પામી. ત્યાર પછી તેની બગલમાંથી પોટલું કાઢી પાસેના ઝાડ નીચે એક ખાડો ખોદીને દાટ્યું, અને ત્યાં સારી પેઠે નિશાની રાખી પાછો સૂઈ ગયો. બીજે દહાડે સવારે વહેલાં જ્યારે લોકો ઊઠયાં ત્યારે તેઓએ ડોશીને જગાડવા માંડી, પણ ડોશીમા તો સ્વધામ પધારેલાં, તેથી કાંઈ જવાબ દીધો નહીં; ત્યારે તેને જગાડવા સારુ તેની બગલમાં હાથ ઘાલ્યો, પણ પોટલું કાંઈ માલૂમ પડ્યું નહીં. તે ઉપરથી સઘળાઓને વહેમ પડ્યો ને દીવો મંગાવીને

જોયું તો ડોશીને મૂએલી જોઈ, પણ તેનું મોત શી રીતે થયું તે કોઈથી નક્કી થઈ શક્યું નહીં. એવી ગડબડ થતાં જ તેનો ભત્રીજો ત્યાં દોડતો આવ્યો, અને એકદમ મોટો ઘાંટો કાઢી છાતી કૂટી રડવા માંડ્યો. ડોશીને કોઈએ મારી નાંખી અને તેના પૈસા કોઈ લઈ ગયું એવી વાત થવા માંડી; એટલામાં ભત્રીજાએ આંખ લૂછી સાવધ થઈને આસપાસ જોયું અને કહ્યું કે આ નવા જાત્રાળુ આવેલા છે તેમાં એક તો શ્રાવક છે તેથી તે તો એવી હત્યા કરે નહીં, પણ બીજો બ્રાહ્મણ છે તેના ઉપર મને ઘણો શક જાય છે. તેણે જ ખૂન કર્યું હશે, માટે તેનો ઝાડો જોવો. એટલું સાંભળતાં જ તેણે તથા બીજા લોકોએ માધવને પકડ્યો, અને તેનો સઘળો સામાન જોયો, તેમાં કેટલાક પૈસા નીકળ્યા તે ડોશીના છે એમ તેનો ભત્રીજો કહેવા લાગ્યો, અને માધવને ઘણુંયે સમજાવ્યો તોપણ તેણે એવું કહ્યાં જ કર્યું કે એ તો મારા છે. માધવના કહેવાની તે ભત્રીજાને પતીજ થઈ નહીં તેથી પાસેના ગામના રાજા આગળ ફરિયાદ કરવી, અને ખરો ખૂની માધવ છે કે નહીં તેની તજવીજ કરાવવી એમ ઠર્યું.

બીજે દહાડે તેઓ એક મોટા ગામમાં જઈ પહોંચ્યાં, ત્યાં ધર્મશાળામાં સઘળા સંઘે ઉતારો કર્યો. જ્યારે સઘળા રસોઈ કરવામાં પડ્યા હતા તે વખતે તે ભત્રીજો તે ગામના રાજાના કારભારી આગળ ગયો અને સઘળી હકીકત કહી. કારભારીને પાનસોપારી મળ્યાં, તેથી તેણે ઠરાવ કર્યો કે તપાસ ચાલે તેમાં ભત્રીજાને બચાવી લેવો. પાછલે પહોરે જ્યારે દરબાર ભરાયો ત્યારે ભત્રીજો ત્યાં ગયો અને ''ફરિયાદ'' ''ફરિયાદ'' એમ બૂમ પાડી. તે સાંભળી તેને રાજા પાસે બોલાવી તેની સઘળી વાત પૂછી લીધી. તેમાં કારભારીએ મરીમસાલો ભભરાવી આપ્યો, તે ઉપરથી રાજાએ હુકમ કર્યો કે આવતી કાલે સવારે અગ્નિદિવ્ય કરવું, અને તે બ્રાહ્મણ ગુનેગાર છે કે નહીં એ વાત નક્કી કરવી. તે વખતે ત્યાં જવાને રાજાએ કારભારીને હુકમ કર્યો. બીજે દહાડે સવારે સૂર્યોદયને વખતે ગામના પાદર ઉપર એક લીમડાના ઝાડ આગળ હજારો માણસ જોવા મળ્યાં હતાં. ભત્રીજો આગળથી આવી ઊભો હતો. સંઘના લોકો માધવને લઈને આવ્યા, કારભારી ઝાડ નીચે એક શેતરંજી પથરાવી બેઠો અને થોડેક દૂર દેવતા સળગાવી તેમાં પૈડાંની લોઢાની વાટ એક લુહારે તપાવી લાલચોળ કરી. તે વાટને કારભારી આગળ મૂકી. પહેલાં તો ભત્રીજાને તે વાટ ભોંય ઉપરથી ઊંચકવાનો હુકમ થયો. ભત્રીજો આગળ આવી ઊભો રહ્યો, અને સૂર્ય તરફ મોં ફેરવીને બોલ્યો; ''સૂરજ બાપજી! જો મારામાં સત હોય તો મારા હાથ દાઝવા દેતો મા.'' એમ કહી વાટને એક આંગળી અડકાડી, એટલે કારભારી બોલી ઊઠ્યો : ''બસ, હવે થયું, એ તો પાર પડ્યો; હવે એ બ્રાહ્મણે વાટ ઊંચકવી જોઈએ.'' માધવ વાટને જોઈને થરથર ધ્રૂજવા લાગ્યો, અને તેના શરીર ઉપરનું તમામ લોહી ઊડી ગયું, તે જોઈને લોકો માંહોમાંહે વાત કરવા લાગ્યા કે આ ચંડાળ બ્રાહ્મણે ખૂન કર્યું છે. માધવના મનમાં એ સાંભળી ઘણું કષ્ટ થયું; તેથી કાંઈ વખત મળે તો ધીરજ આવે એ મતલબથી તેણે એક પાસેના કૂવામાં નહાવા જવાની રજા માગી. રજા મળ્યા પછી પોતાનાં લૂગડાં ઉતારીને કૂવા પાસે ગયો; ત્યાં ઊભો રહી વિચાર કરવા લાગ્યો કે હવે શું કરવું? 'સાચને કદી ન આવે આંચ' એ પ્રમાણે કહેવત છે ખરી તોપણ સાચાનો હાથ ન બળે અને જૂઠાનો બળે એ તો લોકોનો વહેમ છે, એ હું સારી પેઠે જાણું છું. સત્યુગ અને બીજા પાછલા યુગમાં એમ થતું હશે; પણ આ કળિયુગમાં તો એવા પ્રત્યક્ષ ચમત્કાર બનતા નથી. શાસ્ત્રમાં કોઈ વાર એમ કહે છે કે કળિયુગમાં ઈશ્વરના ચમત્કાર વધારે જોવામાં આવે છે, અને કોઈ વાર કહે છે કે આ યુગમાં સઘળા દેવતાઓ ઊંઘે છે, ત્યારે શું માનવું? જગતમાં ઘણા સત્યવાદી લોકો ભૂખે મરે છે, અને જૂઠા લોકો પ્રપંચ કરી ગાડીઘોડે બેસીને ફરે છે, ત્યારે પરમેશ્વરની સહાયતા ક્યાં ગઈ? અગ્નિનો સ્વભાવ જ છે કે જે તેને અડકે તેને તે બાળે. ત્યારે સાચા-જૂઠાનો મેળ ક્યાં રહ્યો? માટે જો સાચવટ ઉપર ભરોસો રાખી વાટ હાથે ઉઠાવવા જઈશ તો હાથ બળશે જ, એટલે રાજા તથા લોક મને ખૂની ઠરાવશે

અને ચંડાળને હાથે મારું મોત આવશે. તે કરતાં આ કૂવામાં ભૂસકો મારી મરવું ઘણું સારું. એવું વિચારીને તે કૂવામાં પડવા જાય છે, એટલે નીચેથી એક ગેબી શબ્દ સંભળાયો. सत्यमय जयते;. એ શબ્દ સાંભળીને તે ઘણું આશ્ચર્ય પામ્યો, અને આસપાસ કોઈ માણસ ન હતું તેથી તેની ખાતરી થઈ કે ઈશ્વરે કૃપા કરી મને ધીરજ આપી. પછી તુરત જ કૂવામાંથી પાણી કાઢી સ્નાન કર્યું, અને ભીને શરીરે ઊની વાટ આગળ ગયો. ત્યાં જઈને તેણે ઘણી વાર સુધી મહાદેવ તથા માતાજીની સ્તુતિ કીધી. પછી સૂર્ય તરફ ફરીને બે હાથ જોડીને બોલ્યો : "રે સૂર્યદેવતા, તું પ્રત્યક્ષ દેવ છે, તારાથી છાનું કાંઈ કામ થઈ શકતું નથી, તું સઘળા માણસના મનના વિચાર જાણે છે, માટે જો મેં ડોશીનું ખૂન કર્યું હોય તો આ વાટ પકડતાં જ મારા હાથ બળી જજો, અને જો મારા ઉપર જૂઠો આરોપ આવ્યો હોય તો જેમ એક ફૂલ ઊંચકું તેમ એ વાટ મારાથી ઊંચકાજો." એટલું કહી વાટ ઊંચકવાની તૈયારી કરી. પણ જ્યારે તે વાટને ધગધગતી જોઈ, અને તેની નીચેની ધૂળ પણ તાપથી તપી ગયેલી લાગી, ત્યારે ફરી તેની હિંમત છૂટી ગઈ, અને તે ત્યાંથી પાછો હઠતો હતો એટલામાં તે વાટ ઉપર એક કીડીની હાર ચાલતી હોય એમ તેને ભ્રાંતિ થઈ. એ કીડીને ચાલતાં જોઈને તેને ફરીથી ધીરજ આવી અને તેણે તુરત વાટ ઊંચકી પોતાની ડોકમાં ભેરવી દીધી. સઘળા લોકો એ તમાશો જોઈ વિસ્મિત થયા, અને માંહોમાંહે કહેવા લાગ્યા કે, આ દુષ્ટ કળિયુગમાં પણ પરમેશ્વર ઊંઘતો નથી, પણ તે સાચાને મદદ કરવાને હજી પ્રવૃત્ત રહે છે. કારભારીએ તે વાટ માધવની ડોકમાંથી કઢાવી નખાવી અને તેને ઘણું માન આપી રાજાની પાસે લઈ ગયો. તેણે તેને બ્રાહ્મણ જાણી તેનું પૂજન કરી કેટલીક સોનાની મહોર બક્ષિસ આપી. માધવે કોઈ વખત આગળ દક્ષિણા લીધી ન હતી, તોપણ તે વખતે તેની પાસે ઘણા પૈસા ન હતા, અને દિલ્લીમાં તેને પોતાનું ધારેલું કામ પાર પાડવામાં પૈસાની કેટલી બધી જરૂર પડશે તે વાત સારી પેઠે તે જાણતો હતો, તેથી ઘણી નાખુશીની સાથે તેણે તે વખતે મહોરો લીધી, અને મોતીશાને બોલાવી, સંઘમાંથી જુદા પડી એકલા મુસાફરી કરવાનો ઠરાવ કર્યો.

પહેલે જ દહાડે તેઓ એકલા અને વાટ દેખાડનાર કોઈ ભોમિયો નહીં તેથી ભૂલા પડ્યા, અને ધોરી રસ્તો છોડીને એક જંગલમાં પેઠા. જેમ-જેમ તેઓ આગળ ચાલતા ગયા તેમ-તેમ જંગલ વધારે ગાઢું થતું ગયું, અને જ્યારે સાંજ પડી ત્યારે ત્યાં એટલું તો અંધારું થઈ ગયું કે એક ડગલું પણ તેઓનાથી આગળ જવાયું નહીં. નિરાશ થઈને તેઓએ ઘોડા ઉપરથી ઊતરીને ઘોડા ઝાડ સાથે બાંધ્યા. જંગલી જનાવરોની દહેશતને લીધે તેઓ ઝાડ ઉપર ચઢી ત્યાં આખી રાત સૂઈ રહેવાનો મનસૂબો કરતા હતા, એટલામાં પાસેના ઝાડમાંથી બે બ્રાહ્મણો હાથમાં નાગી તલવાર લઈને તેઓની સામા ઊભા રહ્યા. જ્યારે તે ચારે જણની આંખ મળી ત્યારે બ્રાહ્મણો બોલ્યા : "યજમાન રાજા, કલ્યાણમસ્તુ, અમે દક્ષિણા લેવા આવ્યા છીએ." માધવે આશ્ચર્ય પામીને તેઓની સામું જોઈને પૂછ્યું, "ગોરમહારાજ! તલવાર ઉઘાડી રાખી દક્ષિણા માગતા બ્રાહ્મણોને મેં મારી જિંદગીમાં આજે જ જોયા. તમારી હકીકત કાંઈ વિચક્ષણ હશે, માટે કૃપા કરી તમે કોણ છો, તથા તમારો ધંધો શો છે તે કહો." બ્રાહ્મણો બોલ્યા : "યજમાન રાજા, અમે બે ભાઈઓ છીએ, અને અમે વેદાંતી ધર્મ પાળીએ છીએ. થોડાં વર્ષ ઉપર કાંઈ ધંધો ન મળવાથી અમે એવા તો દરિદ્રી થઈ ગયા, અને તેથી અમારી બાયડીઓ અમને એટલા તો રોજ ઠોક પાડવા લાગી કે કાંઈ પણ ધંધો કરવાનો અમે નિશ્ચય કીધો. એવામાં એક દહાડો એક વ્યાસજી વેદાંત ઉપર કથા કરતા હતા તે સાંભળવાને અમે બેઠા. કથામાં વ્યાસજી બોલ્યા : "આ જગત માયા રૂપી છે. ભાઈઓ, એક બાજીગરનો ખેલ છે. જેમ જાદુગર લોકો નજરબંધી કરી ધૂળ હોય ત્યાં પાણી દેખાડે છે, તેમ માણસ સઘળું ખોટું દેખે છે. જગતમાં આત્મા અને પરમાત્મા સિવાય બીજું કાંઈ નથી. જે-જે પ્રાકૃતિક પદાર્થ આપણી ઇંદ્રિયો વડે માલૂમ પડે છે

તેઓ ખરેખર જગતમાં છે જ નહીં. એ તો માત્ર આભાસ છે. જેમ સ્વપ્નમાં આપણને હજારો વસ્તુ દેખાય છે, અનેક શબ્દ સંભળાય છે, અને સઘળાં ઇંદ્રિયસુખ મળે છે, પણ જાગ્યા એટલે તેમાંનું કાંઈ ત્યાં હોતું નથી, તેમ આ જગતમાં આપણી અવસ્થા સ્વપ્નવત્ છે. પદાર્થ કાંઈ છે જ નહીં. માટે રે ભાઈઓ, જગતમાં લોકો પૈસા મેળવવાને જે શ્રમ કરે છે તે સઘળો મિથ્યા છે. જેટલું લોકો મારું-તારું કરે છે, તે ફોકટ છે. અલ્યા, મારું કાંઈ નથી અને તારું પણ કાંઈ નથી.'' એ કથા સાંભળીને અમારા મન ઉપર એટલી તો અસર થઈ કે અમે વેદાંતી થઈ ગયા, અને મારા અને તારામાં કાંઈ અંતર ગણવું નહીં એવો નિશ્ચય કર્યો. પછી એક વાર અમે અમારા યજમાનને ઘેર કાંઈ કામસર ગયા, ત્યાં એક પૈસાની થેલી પડી હતી તે જોઈને અમે વિચાર કરવા લાગ્યા કે આને માનવી પૈસો કહે છે, પણ ખરેખરો તો તે છે જ નહીં, એ તો માત્ર આભાસ છે. વળી જગત કારમું છે, તથા આવરદા ક્ષણભંગુર છે, તેથી એ પૈસા મૂકીને યજમાનને કોઈ દહાડો જવું પડશે, અથવા એ પૈસા યજમાનને મૂકીને જતા રહેશે, એ બેમાંથી એક વાત તો નિશ્ચય બનવાની જ. હવે યજમાન પૈસાને મૂકીને હમણાં જાય એવો સંભવ નથી, અને જાય તોપણ તેથી અમને કાંઈ લાભ નહીં. ત્યારે પૈસાએ આજે યજમાનને મૂકીને જવું જોઈએ. વળી મારું-તારું એ સઘળું મિથ્યા છે, માટે યજમાનના પૈસા અને અમારા પૈસા એમાં ભેદ શો? એમ વિચારીને તે થેલી ઊંચકી લીધી, અને તે લઈને જતા હતા એટલામાં યજમાનના દુષ્ટ ચાકરોએ અમને પકડ્યા, અને યજમાનના કહેવાથી અમને રાજા આગળ લઈ ગયા. રાજાની પણ આંખ ઉપર માયાની અંધારી બાંધેલી તેથી તેણે મારાતારામાં ભેદ ગણ્યો, અને વેદવ્યાસજીના વેદાંતમતથી વિરુદ્ધ ચાલીને અમને પાંચ વર્ષ બંદીખાનામાં નાખ્યા. કારાગૃહમાં એટલાં વર્ષ મફતનું વગર મહેનતે ખાધાપીધા પછી અમે છૂટી ગયા. હવે શું કરવું? જગત તો દુષ્ટ માયામાં વીંટાયેલું, અને પરમાત્મામાં લય પામવાનાં સાધન શોધવાને બદલે મારાતારામાં લડીમરી ઘાંચીના બળદના પેઠે ચોરાશી લાખના ફેરા ફર્યા કરે છે. એવા લોકોમાં સર્વોત્કૃષ્ટ વેદાંતમત ચલાવવા જઈએ તો સંકટમાં આવી પડીએ, તેથી ઋષિઓની પેઠે વનવાસ કરવો એવો નિશ્ચય કર્યો; અને આ જંગલમાં ત્રણ મહિના થયાં આવ્યા છીએ. પણ લાડુ ને ઘી ખાધેલાં તે હવે કંદ, મૂળ, ફળાદિનો આહાર શી રીતે થાય? તેથી કોઈ યજમાન શોધવાને રાતની વખતે નીકળીએ છીએ. તમે પહેલા જ મળ્યા છો, માટે જો તમે વેદવ્યાસજીને માનતા હો તો લૂગડાં, પાઘડી આદિ જેને તમે તમારું કહો છો તે અમારું કરો, નહીં તો આ તલવાર વડે તમને પરમાત્માનો મેળાપ કરાવી આપીશું.'' માધવને એ બે વેદાંતી બ્રાહ્મણોની વાત સાંભળી ઘણું હસવું આવ્યું, અને પેટના દુઃખથી તેઓના મગજ ઉપર અસર થઈ છે એમ સમજીને તેઓને એક સોનાની મહોર આપી, તે લઈને આ બંને ઘણા પ્રસન્ન થયા. વિદાય કરતી વખતે માધવે તેઓને બોધ કર્યો કે હજી વેદવ્યાસજીનો મત દુનિયામાં ચાલ્યો નથી, માટે હવે પછી જો તમે મારુંતારું સમાન ગણવા જશો, તો આ તમારી જ તલવારથી તમારે જ પરમાત્મા સાથે ઓળખાણ કરવું પડશે. વેદાંતી ભાઈ તેઓને આશીર્વાદ દઈ ચાલતા થયા.

પ્રકરણ ૫મું

મહાભારતમાં પ્રસિદ્ધ થયેલા હસ્તિનાપુરની પડોશમાં જમના નદીને કિનારે દિલ્હી શહેર જે હમણાં છે, ત્યાં પહેલાં રજપૂત રાજાઓ રાજ્ય કરતા હતા. છેલ્લો તુમાર વંશનો રજપૂત રાજા નિર્વંશ મરણ પામ્યો, ત્યારે અજમેરનો ચૌહાણ વંશનો રજપૂત રાજા પૃથુરાજ દિલ્હી તથા અજમેર એ બંને સંસ્થાનોનો ગાદીપતિ થયો. એ પૃથુરાજની કારકિર્દીમાં મુસલમાન લોકોના પાદશાહ શાહબુદ્દીન ઘોરીએ દિલ્હી ઉપર ચઢાઈ કરી, અને તે પહેલી વાર પરાજિત થયો તોપણ બીજી લડાઈમાં તેનો જય થયો, પૃથુરાજ પકડાયો, અને દિલ્હી મુસલમાનોના હાથમાં ગયું.

દિલ્હીનો પહેલો મુસલમાન પાદશાહ કુતુબુદ્દીન હતો, તેણે અને તેની પછી જે પાદશાહો થયા તેઓએ દિલ્હી શહેરને ઘણું શોભાયમાન કર્યું, અને રાજ્યની મર્યાદા વિસ્તારીને ઘણા હિંદુ રાજાઓની સંઘરેલી લક્ષ્મી દિલ્હી શહેરમાં ઘસડી લાવ્યા.

ઈસવી સન ૧૨૯૬ની દિવાળીમાં આ શહેરમાં ઘણી જ શોભા થઈ રહી હતી. લોકોએ રાતે બજારમાં તથા ઘેર-ઘેર રોશની કરી હતી, તથા દિવસે ઘણાં ઊંચાં તથા કીમતી લૂગડાં પહેરીને તેઓ ફરતા હતા. ઘેર-ઘેર ઉત્સવ થઈ રહ્યો હતો, તથા લોકો ઘણા આનંદમાં દેખાતા હતા. એ સઘળી ખુશીમાં દિલગીરીનું એક મોટું વાદળું ટંગાઈ રહેલું હતું. થોડી મુદત ઉપર જલાલુદ્દીન ફિરોઝને દગો કરી ઠાર માર્યો હતો. તે રાજા ઘણા નરમ સ્વભાવનો, દયાળુ, તથા શાંત ગુણનો હતો. તેના વખતમાં લોકો ઘણા સુખી હતા. રંક અને રાય એ બંનેને પાદશાહની તરફથી સરખો ઇન્સાફ મળતો હતો; કોઈના ઉપર પાદશાહના જાણ્યા છતાં જુલમ કરવામાં આવતો ન હતો, તથા ધર્મને વાસ્તે પણ કોઈને ઉપદ્રવ થતો નહીં. એથી ઊલટું સઘળા લોકોને માલૂમ હતું કે નવા પાદશાહ અલાઉદ્દીનનો સ્વભાવ તેથી જુદી જ તરેહનો હતો. તેને લડાઈનો ઘણો શોખ હતો તથા તે જાતે ઘણો બહાદુર હોવાથી એવી ફિકર રાખવામાં આવતી હતી કે તેના આખા રાજ્યમાં લડાઈ હંમેશાં થયા કરશે, અને તેથી રૈયતની ઘણી ખરાબી થશે. વળી તે સ્વભાવે ઘણો ક્રૂર, દગલબાજ તથા હઠીલો હતો, તેથી પણ લોકોને પોતાના જાનમાલની ઘણી દહેશત રહેતી હતી, તથા તેને ધર્મને વાસ્તે પણ ઘણું ઝનૂન હતું. તેની લુચ્ચાઈ, નિમકહરામી તથા દુષ્ટતાથી લોકો ઘણા ત્રાસ પામી ગયા હતા. તેઓને હજી સાંભરતું હતું કે જલાલુદ્દીન કેવો વિશ્વાસ રાખી કરા આગળ તેના ભત્રીજા અલાઉદ્દીનને મળ્યો; અલાઉદ્દીન કેવો ઢોંગ કરીને એકલો આવી પોતાના કાકાને પગે પડ્યો; કેવા લાડથી જલાલુદ્દીને તેને હાથ પકડીને ઉઠાડ્યો, અને તેના ગાલ પર હાથ ફેરવી બોલ્યો : 'મેં તને બચપણથી ઉછેર્યો, તારા ઉપર મેં બાપ જેવી પ્રીતિ રાખી, તથા મારા પોતાના છોકરા કરતાં પણ તારા ઉપર વધારે વહાલ રાખ્યું, તે મારા ઉપર તને કદી શક આવે જ નહીં;' કેવા ક્રૂરપણાથી તથા વિશ્વાસઘાતથી અલાઉદ્દીને તે વખતે પહેરેગીરને ઇશારત કરી, તે ઉપરથી એક મહમૂદ બીન સાલમે જલાલુદ્દીનના ખભા ઉપર તલવારનો ઘા કર્યો; ગુસ્સાથી જલાલુદ્દીન હોડીમાં બેસી જવા દોડ્યો; પણ તેટલામાં અખતીઆરૂદ્દીને આવીને બિચારા અશક્ત ડોસાને પકડ્યો, અને તેને ભોંય ઉપર નાખી દઈ તેનું માથું કાપી નાખ્યું; અને કેવા દુષ્ટ અંતઃકરણથી અલાઉદ્દીને પોતાના કાકાનું માથું એક ભાલા ઉપર ઘોંચીને આખા લશ્કરમાં તથા શહેરમાં ફેરવ્યું! વળી જલાલુદ્દીનના મૂઆ પછી તેની રાણી મલેકાજહાને, વગર વિચારે તથા અમીરોની સલાહ લીધા વિના, કદરખાં ઉરફે રૂકનુદ્દીન ઇબ્રાહીમ નામના તેના નાના છોકરાને તખ્ત ઉપર બેસાડ્યો; પોતાનો મોટો છોકરો અરકલીખાં જે પાદશાહનો ખરેખરો વારસ હતો, તથા જે તે વખતે મુલતાનમાં હતો તેને રાણી મલેકાજહાને ઘણા સંદેશા મોકલ્યા અને પોતાના ભાઈ માટે મોટું લશ્કર લઈ આવવાની ઘણી અરજ કરી.

અરકલીખાં મુલતાનથી આવ્યો નહીં, પણ એવો જવાબ કહેવડાવ્યો કે નદીને તેના મૂળ આગળ અટકાવી શકાય છે, પણ તે મોટી થયા પછી તેનો વોહો કોઈ રોકી શકતું નથી. અલાઉદ્દીને દિલ્હી આગળ આવી છાવણી નાંખી. કદરખાં પોતાનું લશ્કર એકઠું કરીને અલાઉદ્દીનની સાથે લડવાને બહાર આવ્યો. તેના સોબતીઓ તથા તેની તરફના અમીર-ઉમરાવો તેની પાસેથી જતા રહી અલાઉદ્દીનને જઈને મળ્યા. કદરખાં પોતાની માને તથા કેટલાંક માણસોને લઈને મુલતાનમાં નાસી ગયો, તથા અલાઉદ્દીન દિલ્હીમાં પેસીને પોતાને પાદશાહ કહેવડાવવા લાગ્યો; અને પોતાના નામના સિક્કા પડાવ્યા. એ સઘળી વાત તેઓને તાજી યાદ હતી. ત્યાર પછી અલાઉદ્દીને મુલતાન શહેર તાબે કરી અરકલીખાં તથા કદરખાં એ બે શાહજાદાઓને પકડી પોતાની પાસે લાવવાને એક મોટું લશ્કર આપી પોતાના ભાઈ અલફખાં તથા ઝફરખાંને મોકલ્યા. તેઓએ મુલતાન શહેરને ઘેરો ઘાલ્યો; તે બે મહિના સુધી ચાલ્યો. આખરે શહેરના લોકોએ તથા સિપાઈઓએ મુલતાનનો કિલ્લો પાદશાહી સરદારને સ્વાધીન કરવાનું કબૂલ કર્યું; પણ એટલી તેઓએ શરત કરી કે બે શાહજાદાની જિંદગી બચાવવી. એ શરત અલફખાંએ મંજૂર કરી, અને તે પાળવા બાબત પણ સખત કસમ ખાધા. એ પ્રમાણે તે શાહજાદાઓને પોતાના હાથમાં લઈ સઘળી હકીકત અલાઉદ્દીન પાદશાહને કહેવડાવી.

પાદશાહ ઘણો જ ખુશ થયો. તેની ઘણી લાંબી મુદતની ધારેલી મતલબ હવે હાંસલ થઈ. હવે તેના હક્ક વિશે તકરાર ઉઠાવનાર કોઈ રહ્યું નહીં. શહેરમાં મોટો આનંદોત્સવ પોતાના ખરચથી કરાવ્યો, અને એકલા મુસલમાનોને જ તેણે પૈસા આપી રાજી કર્યા નહીં, પણ પોતાની હિંદુ રૈયતને પણ તેઓનાં દેવાલયોમાં તેઓના ધર્મ પ્રમાણે ભક્તિ કરી પોતાની ફતેહ તથા સુખાકારી તેઓના દેવ પાસે માગવાનો હુકમ કર્યો. તેણે મુખ્ય-મુખ્ય બ્રાહ્મણોને બોલાવી તેઓની ક્રિયા કરાવવાને જેટલો ખરચ બેસે તે સઘળો પૂરો પાડ્યો. એ અધર્મ જોઈને બીજા મુસલમાનોને ઘણો ગુસ્સો લાગ્યો, અને કાફર લોકોના ધર્મને ઉત્તેજન આપ્યું, તથા ખોટા દેવોની પ્રાર્થના કરાવવાથી ખરો ખુદા ઘણો કોપાયમાન થશે એમ સમજી બ્રાહ્મણોને પૈસા ન આપવા માટે પાદશાહને ઘણો સમજાવ્યો. અલાઉદ્દીનની મરજી બધા લોકોને ખુશ કરવાની તથા સઘળાઓની પ્રીતિ સંપાદન કરવાની હતી, તેથી તેઓની વાત કાને ધરી નહીં. અગર જો મુસલમાનો પાદશાહની હઠીલાઈથી ઘણા ના-ઉમેદ થઈ ગયા તોપણ એ કામ ઉપર તેઓનો ક્રોધ કાયમ રહ્યો, તથા તેઓએ કોઈ પણ રીતે હિંદુઓ સાથે ટંટો કરવાનો ઠરાવ કર્યો. તે દહાડે દિલ્હીની સઘળી મસ્જિદોમાં વાએઝ કરાવવાનો તથા અલફખાંના મોકલેલા ફતેહના સમાચારનો કાગળ વંચાવવાનો પણ હુકમ થયો હતો. દિવાળીને દહાડે મુસલમાનોનો જુમાનો પાક દહાડો હતો તેથી તે જ દિવસે એ પાદશાહનો હુકમ અમલમાં આવ્યો. સઘળી મસ્જિદોમાં બપોરે બાર વાગે બાંગ પોકારવામાં આવી, તે સાંભળીને શહેરના તમામ મુસલમાન લોકો સારાં-સારાં લૂગડાં પહેરીને તથા પોતાનાં છોકરાંને સાથે લઈને પાસેની મસ્જિદોમાં જવા નીકળ્યા. હિંદુઓનાં દહેરાંઓમાં પણ ઘણી ધામધૂમ થઈ રહી હતી. દરેક દેવાલયમાં ઘણા બ્રાહ્મણો મોટા-મોટા ઘાંટા કાઢીને મંત્રો ભણતા હતા, તથા જે પૈસા મળ્યા હતા તેનો બદલો વાળતા હતા. હજારો લોકો દર્શન કરવાને જતા હતા. દહેરાં ઘણાં શણગારેલાં હતાં, તથા ત્યાં લોકોની ઘણી જ ભીડ થઈ રહી હતી. એવા એક મોટા નામાંકિત દેવસ્થાનમાં બીજાં બધાં દહેરાં કરતાં લોકોનો વધારે જમાવ થયો હતો, તથા ત્યાં બ્રાહ્મણો ઘણા હોવાને લીધે શોરબકોર પણ પુષ્કળ થઈ રહ્યો હતો. એવામાં ત્યાંથી મુસલમાનોનું એક ટોળું મસ્જિદમાં જતું હતું, તેઓને આ સઘળો ઠાઠમાઠ જોઈને એટલો તો ગુસ્સો ચઢ્યો, તથા કાફર લોકોના ઢોંગી તથા નાપાક ધર્મને આટલી આબરૂ મળવાથી તેઓને એટલો તો ક્રોધ ચઢ્યો કે તેઓએ સઘળા હિંદુઓના દેખતાં તેઓના દેવને ઘણી ગાળ દીધી, તથા કેટલાક બ્રાહ્મણોને ડાંગ વતી માર્યા.

હજી હિંદુઓ છેક નિર્બળ ભાજીખાઉં થઈ ગયેલા ન હતા. તેઓમાં હજી શૂરાતન બાકી રહેલું હતું, તેથી આ ગાળો, દેવને અપમાન, તથા ડાંગનો માર તેઓ ઢોરની પેઠે ધીર રાખી ખમી રહ્યા નહીં. તેઓમાંથી કેટલાક મુસલમાનો ઉપર તૂટી પડ્યા, અને ત્યાં સારી પેઠે મારામારી થઈ. મુસલમાનો થોડા, અને હિંદુઓ ઘણા, તેથી મુસલમાનોનું કાંઈ ચાલ્યું નહીં. તેઓએ ઘણો માર ખાધો, અને બેત્રણ તો મરવા જેવા થઈ ગયા. શહેરમાં આ લડાઈની બૂમ ચાલી. મુસલમાનો ગલીએ-ગલીએ તથા ચકલે-ચકલેથી તથા મસ્જિદોમાંથી હથિયારબંધ દોડી આવ્યા, તેમજ હિંદુઓનો પણ ઘણો જમાવ થઈ ગયો. શહેરમાં સઘળાંઓએ પોતાનાં બારણાં બંધ કરી દીધાં, તથા હવે શું થશે એ વાતની તેઓ ભારે ફિકરમાં પડ્યા. લડાઈ તો ભારે ચાલી. લાકડી, તલવાર, ખંજર, પથ્થર, ઘરનાં નળિયાં, વગેરે જે-જે હથિયાર લોકોના હાથમાં આવ્યાં તે લઈને લડવા લાગ્યા. ત્યાં ઘણી જ ગડબડ થઈ રહી. હિંદુઓ તથા મુસલમાનો સેળભેળ થઈ ગયા; અને જેને દાઢી હોય તેને હિંદુઓએ અને દાઢી વગરના હોય તેને મુસલમાન લોકોએ દયા લાવ્યા વિના ઘણો જ માર માર્યો. બંને તરફના ઘણા માર્યા ગયા; કેટલાક મરણતોલ જખમી થયા; કેટલાક થાકીને ભોંય ઉપર પડ્યા, તેઓ લોકોના પગ તળે છૂંદાઈને મરણ પામ્યા. લડાઈનો શોરબકોર ઘાયલ તથા મરતા માણસોની ચીસાચીસ તથા બીજા ઘણી તરેહના અવાજથી ત્યાં કાન બહેર મારી જતા હતા. મુસલમાનો તથા હિંદુઓનાં ટોળે-ટોળાં આવ્યાં જ જતાં હતાં; અને જો અલાઉદ્દીન પાદશાહને એ વાતની ખબર પડી ન હોત, તથા તેણે લડાઈનું સમાધાન કરવા તથા બંનેના જે લોકો આગેવાન હોય તેઓને પકડી પોતાની હજૂરમાં લાવવાને એક લશ્કર મોકલ્યું ન હોત. તો આ લડાઈનો ક્યારે પાર આવત તે કહેવું મુશ્કેલ હતું.

પાદશાહનું લશ્કર આવતું જોઈને લડનારાઓમાંથી ઘણા નાસી ગયા. કેટલાક પાસેના ઘરમાં ભરાઈ ગયા, અને કેટલાક ઓટલા ઉપર ‘અમે લડવામાં સામેલ નથી,’ એમ જણાવવાને બેસી ગયા. મુસલમાનોના કરતાં હિંદુઓને વધારે દહેશત લાગી, તેથી તે લોકોમાંથી વધારે છટકી ગયા. લશ્કર આવતાં જ તેના સરદારે હુકમ કર્યો કે લડાઈ એકદમ બંધ કરવી, અને હથિયાર ભોંય ઉપર નાખી દેવાં. લડનારાઓ લાચાર થઈ ગયા, અને હવે વધારે લડવામાં કાંઈ ફાયદો નથી એમ જાણીને તે ઉપરીનો હુકમ માથે ચઢાવીને ઊભા રહ્યા. ત્યાર પછી તે લશ્કરના સરદારે તેઓમાંથી મુખ્ય-મુખ્ય માણસોને પકડી લીધા, અને તેઓને બાંધીને પાદશાહની આગળ લઈ જવાને તેઓ નીકળ્યા. પકડાયેલા માણસોમાં મુસલમાનો કરતાં હિંદુઓ વધારે હતા, તેઓને ભય પણ વધારે હતો. તેઓ પોતાના જીવની આશા મૂકીને ચાલતા હતા, અને જે બને તે ખમવાને તેઓ તૈયાર થઈ રહ્યા હતા. થોડી વારમાં તેઓ સઘળાને પાદશાહ અલાઉદ્દીનની હજૂરમાં ઊભા રાખ્યા. તે દહાડે દરબાર ભરપૂર ભરાયેલો હતો. પાદશાહ સોનાના હીરાજડેલા તખ્ત ઉપર બેઠો હતો. તેનો પોશાક તથા ઝવેરાત જોતાં આંખ ઝંખવાઈ જાય એટલો તે શણગારાયેલો હતો. સોનું, હીરા, મોતી, માણેક વગેરે રત્નોની કાંઈ જ કસર રાખવામાં આવી ન હતી. તેના દબદબામાં કાંઈ શોભા ઉપર જરા પણ દુર્લક્ષ આપવામાં આવ્યું ન હતું. તેના શણગારનો ઇરાદો શોભા આપવા કરતાં તેની અગણિત દોલત લોકોમાં પ્રસિદ્ધ કરવાનો વધારે હતો; અને દોલત પણ તેણે બેશુમાર મેળવી હતી. કોઈ પણ પાદશાહની પાસે તખ્ત ઉપર બેસતી જ વખતે એટલું ધન હશે એમ તવારીખ ઉપરથી જણાતું નથી. તેણે સૌથી પહેલાં દક્ષિણ તરફના દેશો ઉપર ચઢાઈ કરી હતી, અને ત્યાંની ઘણા કાળની એકઠી થયેલી દોલત તે લૂંટી લાવ્યો હતો. મુસલમાન ઇતિહાસકર્તા લખે છે કે જ્યારે જલાલુદ્દીન ફિરોઝના રાજ્યમાં તેણે દેવગઢનું રાજ્ય જીત્યું, ત્યારે ત્યાંના રાજાએ તેને શાંત કરવાને છસો મણ મોતી, બે મણ હીરા, માણેક, લીલમ, અને પોખરાજ, એક હજાર મણ રૂપું, અને ચાર હજાર રેશમનાં થાન નજર કર્યાં, અને તેની સાથે બીજી પણ ઘણી કીમતી વસ્તુઓ આપી. અગર જો આ

લખાણમાં મુસલમાન લોકોની રીત પ્રમાણે અતિશયોક્તિ તો ઘણી હશે, તોપણ તે ઉપરથી એવું જણાય છે કે દક્ષિણમાંથી તે બેશુમાર દ્રવ્ય હરી લાવ્યો હતો. તેણે તેના રાજ્યમાં એ કરતાં પણ વધારે દોલત મેળવી, તે એટલી કે એના જેવો બીજો કોઈ પણ પાદશાહ ધનવાન ન હતો. એ દ્રવ્યનો તે ઉપયોગ પણ ઘણો કરતો. તેની શોભાનો કોઈ પાર ન હતો. તેના ઘરનો ખરચ પણ આશ્ચર્યકારક હતો. તેની પાસે માત્ર ખાનગી ઘરના ચાકરો સત્તર હજાર હતા, એ ઉપરથી જ તેનો બીજો વૈભવ કેવી તરેહનો હશે એનો વાંચનારાઓએ ખ્યાલ કરવો.

એવી રીતે અલાઉદ્દીન ખિલજી તે દહાડે બિરાજેલો હતો. તેનું મોં એવું મોટું ને વિકરાળ હતું, કે તેને જોઈને સઘળાને ત્રાસ લાગ્યા વિના રહે જ નહીં. તેને આવી વખતે હિન્દુસ્તાનમાં ફિતૂરી લોકો ઉપર મજબૂત રીતે તથા સખ્તીથી રાજદંડ પકડવાને જ પરમેશ્વરે સરજેલો હોય એમ દેખાતું હતું. તેની આંખ ગોળ તથા ઘણા તેજથી વાઘની આંખની પેઠે જ ચળકતી હતી, અને તેમાં દયા કે ક્ષમાની કાંઈ પણ નિશાની માલૂમ પડતી ન હતી. તેનું આખું શરીર એવું પ્રૌઢ તથા કૌવતદાર હતું કે તેને જોઈને મોટામાં મોટા અમીરો પણ થરથર કાંપતા હતા. અલાઉદ્દીન ખિલજીનો એટલો ત્રાસ હતો કે તે આજ પણ ગુજરાતનાં ગામોમાં અલાઉદ્દીન ખૂની એ નામથી ઓળખાય છે. તેની આસપાસ મોટા-મોટા અધિકારીઓ બેઠેલા હતા. એક તરફ તેનો વજીર ખાજા ખતીર હતો, તે તેના વખતમાં ઘણો સદ્ગુણી માણસ ગણાતો હતો; અને બીજો દીવાની અદાલતનો મુખ્ય ન્યાયાધીશ કાઝી સદ્રુદ્દીન એરીફ ઉર્ફે સદ્રેજહાન હતો. ઉમદતુલમુલ્ક, મલેક હમીદુદ્દીન અને મલેક અયઝુદ્દીન એ બંને ઘણા વિદ્વાન અને બુદ્ધિશાળી મુનશી બેઠેલા હતા. બીજી તરફ દિલ્હીનો કોટવાળ નુસરતખાં હતો; બીજો મલેક ફકરૂદ્દીન કૂચી, ફોજદારી અદાલતનો મુખ્ય ન્યાયાધીશ હતો, અને મુખ્ય મુનશી મલેક ઝફરખાં હતો. એ સિવાય બીજા ઘણા અમીર ઉમરાવો, સૂબાઓ, કાઝીઓ, મોલવીઓ, લશ્કરના સરદારો, ફકીરો, દરવેશો તથા બીજાં ઘણાં માણસો હતાં.

એવા દરબારમાં તે પકડાયેલા ફિતૂરી લોકોને લાવી ઊભા રાખ્યા. પાદશાહે ઇન્સાફ કરવાનો તથા જે અપરાધી ઠરે તેઓને શિક્ષા કરવાનો હુકમ કર્યો. તે પ્રમાણે ફોજદારી અદાલતના મુખ્ય ન્યાયાધીશ મલેક ફકરૂદ્દીન કૂચીની પાસે તેઓને લઈ આવ્યા. તેણે તે વખતે સઘળાના હાજર જામીન લઈ છોડી મૂક્યા, અને બીજે દહાડે હાજર રહેવા ફરમાવ્યું. ઠેરવેલે વખતે સઘળા કેદીઓ હાજર થયા, તેઓની પાસેથી પૂછપરછ કરી લડાઈ થવાનું કારણ તથા તેને લગતી સઘળી હકીકત ફકરૂદ્દીને જાણી લીધી. ઇન્સાફની આંખે જોતાં તો સાફ હતું કે મુસલમાન લોકોએ કજિયો ઉઠાવ્યો; તેઓએ પહેલાં હિંદુઓના દેવોનું અપમાન કર્યું. તથા કેટલાક હિંદુઓને માર્યા. પછી હિંદુ લોકે સામા થઈ તેઓને માર્યા, એ તેઓની ન્યાયાધીશ નજરમાં એક મોટી ચૂક હતી. અસલ જ્યારે રાજ્ય સ્થાપન થયાં ત્યારે જબરાની સામા નબળાનું રક્ષણ કરવું એ જ રાજ્ય કરનારનો મુખ્ય ધર્મ હતો, અને રાજ્ય સ્થાપવાનો એ જ હેતુ હતો. જો સઘળા પોતપોતાની મરજી પ્રમાણે જે તેઓની નજરમાં ગુનો લાગે તેનું વેર લે, તો જનસમાજનું બંધારણ તૂટી જાય, લોકો એક રાની પશુઓનાં ટોળાં જેવા થઈ જાય, જાનમાલની સલામતી રહે નહીં, અને માણસના સુખનો નાશ થાય એટલું જ નહીં, પણ તેઓનો પણ થોડી મુદતમાં અંત આવે. માટે જે ઠેકાણે સારા બંદોબસ્તવાળું રાજ્ય છે, ત્યાં ખાનગી રીતે વેર લેવાનો કોઈને અખત્યાર નથી. જે માણસને નુકસાન લાગ્યું હોય તેણે પોતાની મરજી પ્રમાણે શિક્ષા કરવાને બદલે રાજાની આગળ ફરિયાદ કરવી અને તે રાજા ત્રાહિત માણસ હોવાથી તેને બેમાંથી કોઈ ઉપર ઘણુંકરીને દુશ્મની હોતી નથી, તથા બે દુશ્મનો વચ્ચે જે જુસ્સો તથા અંટસ ઘણુંકરીને હોય છે, અને તેથી તેઓની વિવેકબુદ્ધિ ઉપર જે પડદો વળી જાય છે, તેમ રાજાને થતું નથી. તે હંમેશાં નિષ્પક્ષપાત તથા શાંત વૃત્તિનો હોવો જોઈએ; તેથી તે

બંનેનો ગુનો તપાસવાને, તેઓમાંથી વધારે કસૂર કોની છે તે શોધી કાઢવાને, તથા જેનો ગુનો માલૂમ પડે તેને ઘટતી શિક્ષા આપવાને વધારે લાયક છે. અગર જો આ રસ્તો વાજબી છે, તથા તેનો ઉપયોગ અને ફાયદા સઘળા માણસો કબૂલ કરે છે, તોપણ લોકો હંમેશાં તે પ્રમાણે કરતા નથી; અને જ્યારે તેઓ તેમ કરે છે ત્યારે પણ એ વાત સઘળાને ફાયદાકારક છે એમ સમજીને નહીં, પણ તેઓને વેર લેવાની શક્તિ હોતી નથી તેથી તેઓ આ રસ્તો પકડે છે. તેનું કારણ સમજવું ઘણું મુશ્કેલ નથી. માણસોમાં પરમેશ્વરે પશુઓ અને બીજાં કનિષ્ઠ પ્રાણીઓની પેઠે કેટલીક પ્રેરણાઓ મૂકેલી છે, તેની સામે વિવેકબુદ્ધિનું ઘણી વખતે કંઈ પણ ચાલતું નથી. એ પ્રેરણા પ્રમાણે માણસો ઘણાં કામો કરે છે તેમાં વિચાર કરવામાં આવતો નથી, અથવા તેમ કરવાને વખત પણ મળતો નથી. દુઃખને બદલે દુઃખ દેવું એ એક સઘળાં પ્રાણીઓમાં પ્રેરણા છે. ખામોશી અને ક્ષમા વિચારશક્તિ વડે જ ઉત્પન્ન થાય છે. જ્યારે એ પ્રેરણાને જીવવાનો અને પોતાની મદદે વિવેકબુદ્ધિને બોલાવવાનો વખત મળે છે ત્યારે જ ખામોશી, દયા, ક્ષમા, કામમાં આવે છે. પણ સઘળાં માણસોને એ સ્વાભાવિક પ્રેરણા જીતવાને મનનું સામર્થ્ય હોતું નથી; માટે જ્યારે તેઓને કોઈ પણ પ્રકારે ઉપદ્રવ પહોંચે છે ત્યારે તુરત તેનો બદલો વાળવાની જ તેઓની વૃત્તિ થઈ જાય છે. તે વખતે તેઓને રાજા અથવા કાયદાનું કાંઈ પણ ભાન રહેતું નથી, તે વિચાર પાછળથી આવે છે. આ પ્રમાણે કરવું એટલું તો સાધારણ તથા સ્વાભાવિક છે, અને એથી ઊલટું ચાલવું એટલું તો મુશ્કેલ છે, કે કાયદા કરનારાઓએ કાયદા કરતી વખતે તે વાત ધ્યાનમાં લીધેલી જ છે; કારણ કે જ્યારે કોઈ ગુનેગાર ઉપર પહેલાં કાંઈ છેડખાઈ થઈ હોય, અથવા તેને ગુનો કરવા સામા માણસે કાંઈ મજબૂત કારણ આપ્યું હોય ત્યારે તેને શિક્ષા કરતી વખતે તે આગળની સઘળી હકીકત ઉપર વિચાર કરવામાં આવે છે, અને જે પ્રમાણે આગલાં કારણો મજબૂત અથવા નબળાં હોય તે પ્રમાણે તેને વધારે અથવા ઓછી સજા કરવામાં આવે છે. તેને શિક્ષા તો થવી જોઈએ, અને તે પ્રમાણે થાય છે. તેની સ્વાભાવિક પ્રેરણાને લીધે તેને માફી તો મળતી નથી; પણ તે ઉપર ધ્યાન પહોંચાડીને શિક્ષામાં ઘટાડો કરવામાં આવે છે. હિંદુઓ શિક્ષાને પાત્ર તો હતા. તેઓએ લોકોની સુલેહમાં ભંગ કર્યો; તેઓએ ઘણા મુસલમાનોના પ્રાણ લીધા તથા ઘણાને જખમી કર્યા; તેને માટે તેઓને સજા તો થવી જ જોઈએ. પણ તે જ પ્રમાણે મુસલમાનોએ વગર કારણે હિંદુઓના જીવને દુખવ્યા તથા પોતાની પાસેની લાકડીનો પ્રસંગ વિના ઉપયોગ કર્યો, તથા પાછળની મારામારીમાં પણ તેઓએ બન્યું તેટલું બળ વાપર્યું અને તેઓના હાથથી થોડા હિંદુઓ માર્યા ગયા તે તેઓની ખામોશીને લીધે નહીં પણ તેઓનું સામર્થ્ય ઓછું હોવાને લીધે જ બન્યું. માટે તેઓનો ગુનો પણ હિંદુઓના જેટલો જ હતો, અને તેઓને પણ તેટલી જ સજા થવી જોઈતી હતી, એવું આપણે ઇન્સાફની રાહે ધારીએ ખરા. પણ મુખ્ય ન્યાયાધીશ ફકરૂદીનનો વિચાર એ પ્રમાણે ન હતો. મનુષ્યના ડરને નહીં ગણકારતાં ફક્ત ઈશ્વરનો જ ડર રાખી અદલ ઇન્સાફ આપવો એવો કાંઈ તેનો ઉદ્દેશ ન હતો. તેની અદાલતમાં ઇન્સાફનું જે ચિત્ર કાઢેલું હતું તે આંધળું ન હતું; તેને એક આંખ હતી તે મુસલમાન લોકોને જ જોતી હતી; તેના એક હાથમાં અદલનો જે કાંટો હતો તે સમતોલ થયેલો ન હતો; પણ જે પલ્લામાં મુસલમાન હતા તે પલ્લું નીચે ઝૂકતું; તેના બીજા હાથમાં જે તલવાર હતી તે માત્ર બિચારા હિંદુઓને જ મારવા કરેલી હતી. તે જ પ્રમાણે ઇન્સાફના ખાશવદની આંખ ઉપર પોતાના જ ધર્મનો પડદો વળેલો હતો. તથા મન ઉપર જાતિનાં જાળાં પથરાયેલાં હતાં, તેથી તેણે વિચાર્યું કે પાદશાહે કાફર મૂર્તિપૂજકોને પૈસા આપી તેઓનાં શેતાન દહેરાંઓમાં ધામધૂમ કરાવી તે જોઈને હરેક સાચા મુસલમાનને ગુસ્સો આવ્યા વિના રહે જ નહીં. માટે જે મુસલમાનોએ હિંદુઓના દેવનું અપમાન કર્યું, તથા કાફરોને ડાંગ વતી માર્યા તેમાં તેઓએ ખોટું કર્યું નથી. તેઓને કરવું પડ્યું તે પાદશાહના અધર્મી કામને લીધે કરવું પડ્યું, માટે

જે મુસલમાન લડાઈમાં માર્યા ગયા તેનું પાપ પાદશાહને શિર છે. કાફર હિંદુઓ મૂઆ તેમાં તો ઘણી ફિકર હોય જ શેની? તેઓ દુનિયામાં કાંઈ કામના નથી. તેઓ આખર તો દોઝખમાં જવાના જ હતા, ત્યારે જરા વહેલા ગયા, અને પાપ કરતા ઓછા થયા. મુસલમાનોને હિંદુઓએ માર્યા એ તેઓએ મોટામાં મોટો ગુનો કર્યો; અને તેથી તેઓને મોટી સજા કરવી જોઈએ. એવો વિચાર કરી ફકરૂદ્દીન ન્યાયાધીશ બોલ્યો : – "લડાઈ ઉઠાવનાર મુસલમાન લોકો હતા એ વાત ખરી છે, પણ જેઓએ એ પ્રમાણે કર્યું તેઓ આ પકડી લાવેલા મુસલમાન છે, એમ માલૂમ પડતું નથી, માટે તેઓ નિરપરાધી છે. જે હિંદુઓ આ ઠેકાણે ઊભેલા છે તેઓ મારામારીમાં સામેલ હતા, અને તેઓને લીધે આટલા બધા મુસલમાન લોકો માર્યા ગયા, માટે તેની સજા એટલી જ કે જે દહેરા આગળ લડાઈ થઈ તે દહેરા આગળ તમને પચીસ હિંદુઓને ભોંયમાં અર્ધા દાટવા અને તમામ મુસલમાનોએ ઈંટ, પથ્થર, બૈદાં વગેરેનો તમારા ઉપર માર ચલાવવો, એટલે સુધી કે તે મારથી તમારો પ્રાણ જાય." આ હુકમથી અદાલતમાં જેઓ બેઠેલા હતા તેઓના મન ઉપર તેઓની જાત પ્રમાણે જુદી-જુદી અસર થઈ. જેઓ મુસલમાન હતા તેઓ આ હુકમ સાંભળીને ઘણા જ ખુશ થયા, અને કાફરોએ પાક દીનવાળાઓ ઉપર હાથ ઉપાડ્યો તેને માટે જેવી સજા તેઓને ઘટતી હતી તેવી જ તેઓને મળી એમ જાણી ન્યાયાધીશની વિચારશક્તિ તથા નિષ્પક્ષપાતપણાની બેહદ તારીફ કરવા લાગ્યા. એથી ઊલટું જેઓ હિંદુ હતા તેઓ આ સજા સાંભળીને ઘણા જ દિલગીર થયા, અને આજે એમને અને કાલે આપણને એમ સમજી તેઓ ઘણા ત્રાસ પામ્યા. કેદીઓ ન્યાયાધીશનો આ ગેરવાજબી, દુષ્ટ તથા પક્ષપાતભરેલો હુકમ સાંભળીને જડભરત જેવા થોડી વાર થઈ ગયા, અને કેટલીક વાર પછી તેઓએ ન્યાયાધીશને જાહેર કર્યું કે "ખુદાવંદ! જો લડાઈ ઉઠાવનાર આ હાજર કરેલા મુસલમાન ન હતા, તો લડાઈમાં પહેલાં સામેલ થનાર અમે પણ ન હતા. જે પ્રમાણે મારામારી થયા પછી તે લોકો આવ્યા હશે તે પ્રમાણે અમે પણ પછવાડેથી આવ્યા હતા, માટે તેઓના કરતાં અમારો અપરાધ શા કારણથી વધારે છે એ અમારાથી સમજાતું નથી." ન્યાયાધીશથી એ કારણ બતાવી શકાય એવું ન હતું. તેના ધર્માંધપણા સિવાય બીજું કાંઈ પણ કારણ ન હતું. પણ તે કારણ તેને પૂછવાની એ લોકોએ હિંમત ચલાવી એટલા જ ઉપરથી તે કોપાયમાન થયો, અને જુસ્સામાં બોલી ઊઠ્યો કે "તમે પહેલી લડાઈ શરૂ કરી કે નહીં તેની તજવીજ કરવાની મારે કાંઈ જરૂર નથી. તમે લડાઈમાં સામેલ હતા, તથા તમારા હાથથી મુસલમાન લોકોના જીવ ગયા એટલો અપરાધ બસ છે, અને એટલા જ ઉપરથી તમને જે શિક્ષા કરી છે તે તમને જોઈએ તે કરતાં ઓછી છે. માટે તેઓને જલદીથી લઈ જાઓ, અને સજા અમલમાં લાવી મને તુરત ખબર આપો!' એવો તેણે તેના માણસોને હુકમ આપ્યો. તે બિચારા હિંદુઓને વધારે બોલવાનો વખત મળ્યો નહીં. તેઓને ઘસડીને અદાલતની બહાર લઈ ગયા, અને જે દહેરા આગળ તે હુલ્લડ થયું હતું ત્યાં તેઓને ઊભા રાખી પચીસ હિંદુઓને માટે પચીસ ખાડાઓ ખોદાવ્યા.

એ ઠેકાણે જે ભયંકર બનાવ બન્યો એનું યથાસ્થિત વર્ણન કરવું અશક્ય છે. ત્યાં દુષ્ટ અને લોહીના તરસ્યા હલકા મુસલમાનોનું ટોળું મળેલું હતું. તેઓ સઘળા રાક્ષસની પેઠે આનંદભેર દેખાતા હતા. તેઓએ પથ્થર, ઈંટ, સડેલાં ઈંડાં વગેરે ઘણી ફેંકવાની વસ્તુઓ તૈયાર રાખેલી હતી. તે દુષ્ટ ચંડાળોમાં તેઓના ધર્માંધપણાને લીધે ઇન્સાફ કે દયા કાંઈ પણ જણાતી ન હતી, પણ તે બિચારા નિરપરાધી હિંદુઓનું આ ભંકર મોત જોવાને ગીધ તથા રાની પશુની માફક ઉમંગથી ઊભા હતા. ત્યાં હિંદુઓ તો કોઈ જ આવ્યા નહીં. માત્ર તે પચીસ અભાગિયા લોકોનાં બૈરાંછોકરાં તથા સગાંવહાલાં તેઓને છેલ્લી વાર મળવાને આવ્યાં હતાં. પણ મરતી વખત આ દુનિયામાં જે વહાલાં હોય ને તેઓની મુલાકાતથી જે મરનારને થોડું સુખ થાય છે તે સુખ પણ

તેઓને મળ્યું નહીં. બૈરાંછોકરાં વગેરેને કેદીઓ પાસે આવવા દીધાં નહીં. તેઓ આઘેથી રડારડ કરતાં હતાં, તથા બીજી ઘણી રીતે તેઓનો શોક બતાવતાં હતાં. તે જોઈને મુસલમાનોને ઊલટો આનંદ થતો હતો અને તેઓ તે કેદીઓ ઉપર તથા તમામ હિંદુઓ ઉપર ગાળોનો વરસાદ વરસાવતા હતા. એ ગાળો તથા અપમાન અને પોતાનાં પ્યારાં સગાંઓનો વિલાપ સાંભળીને તે બિચારા કેદીઓનાં અંતઃકરણ વીંધાઈ જતાં હતાં; પણ લાચાર. શું કરે? માટે તેઓ ખરા દિલથી પરમેશ્વર પાસે એટલું જ માગી લેતા હતા કે તેઓનું મોત જલદીથી આવે, તથા તેઓના શત્રુઓ જેઓ માણસના આકારે રાની હિંસક પશુના જેવા નિર્દય તેઓનાં શસ્ત્રમાં વધારે શક્તિ આવે.

મુખ્ય કોટવાલે ઇશારત કરી એટલે તે બિચારા નિરપરાધી હિંદુઓ ઉપર પથ્થર, ઈંટ વગેરે હરેક ફેંકી શકાય એવી વસ્તુઓનો વરસાદ વરસ્યો. એ વૃષ્ટિમાંથી કોઈ ઘણી વાર સુધી જીવતો રહે એવી તો આશા થોડી જ હતી. કેટલાકનાં માથાં ચિરાઈ ગયાં, કેટલાકની છાતી ભાંગી ગઈ, કેટલાકનાં શરીરના બીજા ભાગ છૂંદાઈ ગયા. એ પ્રમાણે તેઓની દુર્દશા થઈ. લોહી તે ઠેકાણે વહેવા લાગ્યું. થોડાક તો તત્કાળ મરણ પામ્યા; કેટલાક હસહસતા થઈ ગયા; કેટલાક બેભાન થઈ ગયા; અને જેઓમાં થોડીઘણી શુદ્ધિ રહી તેઓ અતિશય દરદને લીધે ચીસાચીસ પાડવા લાગ્યા. જિંદગી અને મોતની વચ્ચે આ લડાઈ ઘણી વાર સુધી પહોંચી નહીં. થોડી વારમાં એક પછી એક મરવા લાગ્યા, અને આશરે એક કલાક પછી પથરાઓ મુડદાં ઉપર પડવા માંડ્યા. આ ભયંકર કામ થઈ રહ્યા પછી તે સઘળાને એક જલ્લાદે તપાસ્યા, અને તેઓમાંથી જીવતો અંશ જતો રહ્યો છે એવી ખાતરી થવા ઉપરથી તેઓને ખોદી કાઢ્યા, તે વખતે તેઓનાં સગાંવહાલાંઓએ તેઓની લાશ લેવાને અને પોતાના ધર્મ તથા સંપ્રદાય પ્રમાણે તેઓને અવલમંજલ પહોંચાડવાની રજા માગી. પણ વજ્રહૃદયના મુસલમાન અમલદારે એટલી પણ તેઓના ઉપર દયા કરી નહીં. તેઓએ ખુદાતાલાના માનીતા લોકોને માર્યા એ તેઓનો અપરાધ તેની નજરમાં એટલો તો ભારે હતો કે એટલી સજા પણ તેને હલકી લાગી, અને જીવતા ઉપરનું બાકી રહેલું વેર મુડદાંઓ ઉપર કાઢવાને, તેઓને જલ્લાદને હાથે શહેર બહાર એક ઊંડા ખાડામાં એકઠા હડસેલાવી દીધા અને કોઈ પણ જાતની ક્રિયા કર્યા વિના તેઓના ઉપર માટી પુરાવી દીધી.

આ બનાવ બન્યાથી સઘળા હિંદુઓના મનમાં ઘણો જ ત્રાસ પેસી ગયો, અને તેઓ મુસલમાનોથી ઘણા જ ડરવા લાગ્યા. પણ એકલી એ જ ભયંકર વાત બની એમ ન હતું. શાહજાદા અરકલીખાં તથા કદરખાં અને માજી પાદશાહની બેગમ મલેકાજહાન તથા બીજા કેટલા માણસો મુલતાન આગળ અલફખાંના હાથમાં આવ્યા પછી તે તેઓને લઈને દિલ્હી તરફ આવવાને નીકળ્યો. તે જ વખતે પાદશાહ અલાઉદ્દીને મલેક નુસરતખાં કોટવાલને શાહજાદાઓની આંખ ફોડવાનો હુકમ આપી અલફખાંને મળવાને સામો મોકલ્યો. નુસરતખાંએ જઈને અલફખાંને પાદશાહનો હુકમ પહોંચાડ્યો, અને જે જગાએ તેઓ બંને મળ્યા તે જ સ્થળે તે દુષ્ટ કામ કરવાની તૈયારી થવા લાગી.

એક ઉનાળાની સ્થિર સાંજે તે બે શાહજાદાઓ એક કિલ્લાની બારી આગળ બેઠા-બેઠા પોતાની દુર્દશા વિશે વાત કરતા હતા. આખા દહાડામાં સખત તાપ પડ્યો હતો, તેથી સઘળી વસ્તુઓ ગરમ થઈ ગઈ હતી તે હવે ધીમે-ધીમે ઠંડી પડવા લાગી. બારીમાંથી ટાઢો પવન થોડો-થોડો આવતો હતો તેથી તેઓનાં શરીરમાં બીજો તાપ ન હોત તો તેઓને ઘણું સુખ થાત; પણ આ વખતે તે બિચારાઓના વિચાર તેઓનાં શરીરના સુખ તરફ હતા જ નહીં. તે જગ્યાએ મુકામ કરવાનું તથા તેઓની મા વગેરે બીજાં બૈરાંને દિલ્હી મોકલી દેવાનું શું કારણ હશે એ વિશે તેઓને ઘણો અંદેશો થયા કરતો હતો. અલફખાંએ તેઓને મુલતાન આગળ અભયવચન

આપ્યું હતું તેથી આટલી થોડી વારમાં તે વચન તે તોડશે, અને તેઓનો પ્રાણ લેશે, એ વિચાર તેઓના મનમાં મુશ્કેલીથી જ આવતો. પણ જ્યારે તેઓને મુકામ કરવાનું કાંઈ કારણ જડ્યું નહીં, તથા આપેલો કોલ તોડવો એ તે વખતમાં કાંઈ ઘણું હલકું ગણાતું ન હતું, તથા અલાઉદ્દીનનો ક્રૂર તથા સ્વાર્થી સ્વભાવ તેઓ સારી પેઠે જાણતા હતા, તેથી તેઓને વખતે-વખતે મરવાની દહેશત લાગ્યા કરતી હતી. જ્યારે તેઓ આ પ્રમાણે ઊંડા વિચારમાં પડેલા હતા, તથા હવે મરીશું કે જીવતા રહીશું બાબતે એ સંશયમાં હતા, તે વખતે બે માણસોએ ધીમે-ધીમે પાછળથી આવીને તેઓને પાડી નાખ્યા, અને તેઓના હાથપગ તરત બાંધી દઈને તેઓના મોંમાં ડૂચા ઘાલ્યા. પોતાનો જીવ એક ક્ષણમાં જનાર છે, એમ જાણીને તેઓએ ઘણા પછાડા માર્યા, પણ તે ચંડાળો ઘણા જોરાવર હતા, તેથી તેઓનું કાંઈ ચાલ્યું નહીં. તેઓને ચત્તા પાડ્યા પછી એક બારીક ચપ્પુની અણી વડે તેઓ બંનેની આંખોના ડોળા બહાર કાઢી નાખ્યા. મરવાની દહેશતથી, આંખ ફૂટવાના દરદથી, તથા આંખમાંથી લોહીની ધાર ચાલી રહી તેની વેદનાથી, તેઓ કેટલીક વાર સુધી તો બેહોશ થઈ પડી રહ્યા. તે વખતે પાદશાહના હુકમથી ઉપરાંત ચાલીને તે ચંડાળોએ મોટા જંગીઝખાંના છોકરાના છોકરા ઊલુઘખાંની, અહમદ હબીબની તથા બીજા કેટલાક હલકી પાયરીના માણસોની પણ આંખો ફોડી નાખી.

શાહજાદાઓને જ્યારે ભાન આવ્યું ત્યારે તેઓને કેટલું દુઃખ લાગ્યું હશે તેની કલ્પના માત્ર કરવી. જીવતા તો રહ્યા પણ તેઓની અમૂલ્ય રત્ન જેવી બે આંખ જતી રહી એ વાત તેઓને જ્યારે માલૂમ પડી ત્યારે તેઓ અતિ દુઃખ તથા ક્રોધને લીધે ગાંડા જેવા થઈ ગયા, અને મોટા જોરથી બૂમાબૂમ પાડવા લાગ્યા : જીવતા રાખ્યા તે આટલા સારુ? અરે, આંધળા થઈને જીવવું તે કરતાં મરવું હજાર વાર સારું. આંધળાનું જીવવું તે મરવા કરતાં ઘણું જ ભૂંડું. મરવું તો છે જ, પછી વહેલું કે મોડું. પણ જીવીને દુનિયાનો ત્યાગ કરવો, જગતના અજવાળાથી બહાર રહેવું, સૃષ્ટિની ખૂબી જોવાથી બંધ પડવું, સઘળાં ભારે કામ કરવાથી અટકવું! અરે! એ તે જીવવું? એ તો જીવતું મોત. અરે! એ તો જીવતા ભોંયમાં દટાવું! અરે! જીવને શરીરની કબરમાં દફન કરીને ફરવું. એ કરતાં અમને મારી શા માટે ન નાખ્યા? જો મરી ગયા હોત તો સઘળું પૂરું થાત. પછી કાંઈ દેખવું નહીં અને દાઝવું પણ નહીં. મરનારને મન તો સઘળું સરખું. એના ઉપર કોઈ જુલમ કરી શકતું નથી, તેને કોઈથી દુઃખ દેવાતું નથી, તેના ઉપર વધારે આફત આવી પડતી નથી, પણ આ જીવતું મોત ખરા મોત કરતાં કેવું નઠારું? સઘળી કામ કરવાની શક્તિ નિરર્થક થયા પછી પણ સઘળાં દુઃખ સહન કરવાની શક્તિ તો રહે છે, એટલે ઢોરની પેઠે જ્યાં કોઈ દોરે ત્યાં દોરાવું. અરે! ઢોર તો અટકાવ પણ કરી શકે છે, તથા લાત અને શિંગડાં મારે છે; પણ આંધળા માણસ તો તેઓના શત્રુઓના હાથમાં જ ગયા એમ સમજવું. અરે રાજ મેળવવાનો લોભ કેવો ભૂંડો છે! અને પાદશાહના વંશમાં હોવામાં કેટલી કમબખ્તી છે! જો અમે કોઈ ગરીબ માણસના છોકરા હોત તો આ આફત અમારા ઉપર પડત નહીં. થોડાં વર્ષ સુખ તો ભોગવ્યું; પણ આગળ ઉપરની મોટી મોટી ઉમેદોને લીધે તે વખતનું સુખ તુચ્છ જેવું લાગ્યું, પણ તેટલું જ જો જીવતાં સુધી કાયમ રહ્યું હોત તોપણ અમે પરવરદિગારના નામનો શુકર કરત. પણ આ દુઃખ આગળ તે સઘળું બળી ગયું. અમારી બેવકૂફ માના લોભને લીધે અમારા ઉપર આ વિપત્તિ આવી પડી. અમારે રાજ જોઈતું ન હતું; પણ તેણે અમારી મરજી ઉપરાંત અલાઉદ્દીનની સામા માથું ઉઠાવ્યું. તેનાં ફળ અમે ભોગવીએ છીએ. અરે પરમેશ્વર! અમારા ઉપર આટલો બધો જુલમ શા માટે ગુજાર્યો! અમે કોઈને ઉપદ્રવ કર્યો નથી; અમે કોઈનું બગાડ્યું નથી; બલકે અમારાથી જેટલું બની શક્યું તેટલું ઘણાનું સારું કર્યું છે. પણ હવે દુઃખ રડવામાં શો ફાયદો છે? જે થયું તે થયું. તેનો કાંઈ હવે ઇલાજ નથી. ઊલટું અમારું નબળું મન દુશ્મનોની આગળ પ્રગટ કરીએ છીએ; માટે જે થવાનું હોય તે થાઓ, તે ખમવાને અમે તૈયાર

છીએ, ખુદાની એ પ્રમાણે જ મરજી હશે, તો તેનો હુકમ અમે માથે ચઢાવીએ છીએ.'' આટલું બોલી તેઓએ પોતાનું મોં સીવી લીધું.

બીજે દહાડે અલફખાંની છાવણી ઊઠી, અને તેઓ સઘળા હાંસી શહેરમાં ગયા. ત્યાં કિલ્લામાં તે બે આંધળા શાહજાદાને કેદમાં રાખ્યા, પણ આવા અર્ધા મૂએલા શાહજાદાઓ જીવતા રહે ત્યાં સુધી અલાઉદ્દીનને ચેન પડે નહીં એમ જાણી, તથા આપણે જે કરીશું તે પાદશાહ પસંદ કરશે એવી ખાતરીથી અલફખાં તથા નુસરતખાંએ તેઓને બંનેને ઠાર મારવાનો નિશ્ચય કર્યો. એ કામ હવે કાંઈ મુશ્કેલ ન હતું. જ્યારે મધ્યરાત્રિને વખતે તે એ શાહજાદાઓ ભરઊંઘમાં પડેલા હતા તે વખતે બે મારાઓ ખંજર લઈને તેઓના સૂવાના ઓરડામાં પેઠા. જે છેલ્લી આફત તેઓના ઉપર જલદી પડનાર હતી તેની લેશમાત્ર શંકા પણ તેઓના મનમાં નહીં હોવાથી તે વખતે તેઓ બંને સ્થિર ચિત્તથી સૂતા હતા. તેઓના દુઃખી તથા નિર્દોષ ચહેરા જોઈને તે દુષ્ટ મારાઓને પણ દયા આવી; પણ તેઓ જાણતા હતા કે દયાનો આ વખત નથી, અને જો તેઓ પોતાનું કામ બજાવશે નહીં તો તેઓ જાતે માર્યા જશે, તેથી તે બેમાંના એકે મન કઠણ કરી અરકલીખાંના પેટમાં ખંજર માર્યું અને તે જ વખતે બીજાએ પણ કદરખાં ઉપર જખમ કર્યો. એ જખમથી કદરખાં તો તરત મરણ પામ્યો; પણ અરકલીખાંને વાસ્તે તે એક ઘા બસ થયો નહીં. તેણે તરફડિયાં મારવા માંડ્યાં, અને ''શુકર અલ્લા! આ દુઃખમાંથી જલદી તેં છુટકારો કર્યો.'' એવી રીતે તે બોલ્યો. પોતાનં્ુ કામ બરાબર થયું નહીં તેથી તે ખૂની ગભરાયો. શાહજાદાએ તેની તરફ પોતાનું મોં ફેરવ્યું, અને ગુસ્સાથી બોલી ઊઠ્યો, ''કાફર હરામખોર, જલદીથી બીજો ઘા મારી આ જિંદગીનો દોરો એકદમ તોડી નાખ. તારા અણઘડપણાથી મને કેટલું દુઃખ થાય છે તે તું જાણતો નથી. માટે માર બીજો ઘા, અને આ દુષ્ટ, પાપી જહાનમાંથી મને છોડાવ.'' પણ તે માણસની અક્કલ ગુમ થઈ ગઈ; તે જડભરત જેવો ઊભો રહ્યો; તેના હાથમાંથી ખંજર પડી ગયું; અને તેના મન ઉપર તેનો અખત્યાર નહીં રહેવાથી તે ત્યાંથી નાસી ગયો. અરકલીખાંને લાગ્યું કે મારનાર તો તેને એવી અવસ્થામાં મૂકીને જતો રહ્યો. તેનું ખંજર પડ્યું હતું તેનો અવાજ તેણે સાંભળ્યો હતો, અને જેમ-જેમ વખત જતો ગયો તેમ-તેમ તેની વેદના પણ અસહ્ય થતી ગઈ. તે વખતે તેનામાં સેતાનનું જોર આવ્યું. તે એકદમ બેઠો થયો, અને હાથ લાંબા કરી ખંજર તેણે શોધી કાઢયું. હાથમાં તે ખંજર લઈ તેણે ઈશ્વરની સ્તુતિ કરી, અને ''બિસ્મિલ્લાહ ઉર્ રહેમાન ઉર્ રહીમ'' એટલું કહી તેણે તે ખંજર પોતાના કલેજામાં એટલા જોરથી માર્યું કે તેને પાછું કાઢવાનો પણ તેને વખત મળ્યો નહીં, પણ તે લાગતાં જ તેનો આત્મા પરમેશ્વરની હજૂરમાં જઈ ઊભો રહ્યો.

S

દિલ્હીમાં એક કિલ્લાના એક ઓરડામાં એક બૈરી નીચું માથું ઘાલીને બેઠી હતી. ઓરડાની સ્થિતિ એ બૈરીના મનની સ્થિતિના જેવી જ હતી. અંધકાર, અંધકાર સઘળે વ્યાપી રહેલો હતો. ઓરડાની આસપાસની ચાર દીવાલોમાંથી એકમાંથી પણ અજવાળાનું કિરણ પ્રવેશ કરી શકતું ન હતું. ભીંતની છેક ઉપર બે-ત્રણ જાળિયાં હતાં તેમાંથી હવા માત્ર આવતી, અને તેથી તેમાં રહેલી બૈરીના પ્રાણને આધાર માત્ર મળતો. પણ તેમાંથી જે કંઈ પ્રકાશ પડતો તે એટલો તો થોડો હતો, તથા ઓરડો મોટો હોવાને લીધે તેમાંનું અંધારું એટલું બધું તો ગાઢું હતું કે તે અજવાળું અંધારાની સાથે મળી જતું અને તેનું જોર બિલકુલ ચાલતું ન હતું. એ અંધારામાં બેઠેલી બૈરી જો જોઈ શકાય તો દુઃખ એટલે શું, અને અતિ દુઃખથી માણસની અવસ્થા કેવી થાય છે એ સંપૂર્ણ જાણવામાં આવે. જો કોઈ ચિતારાને એક મહા દુઃખી માણસનું ચિત્ર દોરવું હોય, અથવા જો કોઈ કવિને તેના માણસના દેખાવનું વર્ણન કરવું હોય, તો તેણે તે બૈરીને જોવી. તે ખરેખરું દુઃખનું સ્વરૂપ હતું. જો દુઃખ માનવદેહ ધારણ કરી શકે તો તે આ બૈરીના

જેવું જ સઘળાને માલૂમ પડે. તેને પોતાના શરીરનું બિલકુલ ભાન ન હતું. તે પોતાના બે પગની વચ્ચે માથું ઘાલીને બેઠી હતી. તે ઘણી રૂપાળી હતી, પણ દુઃખના આવેશમાં તેનું રૂપ બદલાઈ જઈને તેની સિકલ ઘણી બિહામણી થઈ ગઈ હતી. તેના મોં ઉપરની નસો ફૂલી આવી હતી. તેનું શરીર સઘળું સોસવાઈ ગયું હતું. તેના ઉપરનું તમામ લોહી ઊડી જવાથી તે મુડદાની જેવી ફિક્કા રંગની દેખાતી હતી. જો તે હાલચાલ કરીને જીવતી છે એમ ન જણાવે, તો તેની અને મુડદાની વચ્ચે કાંઈ ભેદ માલૂમ પડે એવું ન હતું. તેની આંખ ફાટેલી તથા લાલચોળ થઈ ગયેલી હતી. અને સાધારણ રીતે જે ચળકાટ તથા બુદ્ધિનો અંશ ઘણું કરીને બીજી આંખોમાં માલૂમ પડે છે તે તેમાં જણાતો ન હતો. તેઓ કોઈ વખત એક જ વસ્તુ તરફ સ્થિર માંડેલી રહેતી; કોઈ વખત વગર મતલબે આણીગમ-તેણીગમ ફર્યા કરતી. જો તેની આંખ ઉપરથી જ પરીક્ષા કરીએ તો તે છેક ગાંડી થઈ ગયેલી છે એમ આપણી ખાતરી થયા વિના રહે નહીં. તેના મનનો વિકાર તેની આંખમાં જ જણાઈ આવતો હતો એટલું જ નહીં પણ તેનું બોલવું પણ ચિત્તભ્રમ અભાગિયા માણસો જેવું જ હતું. તેના શબ્દ તેના મોંમાંથી તૂટક-તૂટક તથા વગર અર્થના નીકળતા. તેના બોલવામાં કાંઈ સંબંધ ન હતો. ઘણા જ ક્રોધમાં આવેલાં માણસો જેમ તૂટક તૂટક વાક્યો વાપરે છે તેવાં વાક્યો તે બોલતી; અને ઘડીએ ઘડીએ મોટીમોટી ચીસ પાડવી અથવા ઘાંટો કાઢી પોક મૂકીને રોવું એ સિવાય તેના જુસ્સા વડે તેનાથી વધારે થઈ જતું હતું. જ્યારે તેને ઘણો આવેશ આવતો ત્યારે તે હાથે પોતાના માથાના નિમાળાની લટ જોરથી તોડી નાખતી; તેનાં પહેરેલાં લૂગડાં ફાડી નાખતી; માથું તથા છાતી એટલા જોરથી કૂટતી કે તેઓ આવા ઘાની સાથે સલામત શી રીતે રહેતાં એ જ આશ્ચર્યકારક હતું. પણ એટલાથી તેને નિરાંત વળતી નહીં. વખતેવખતે તે ઊઠીને દોડતી, અને ભીંતની સાથે ઘણા જોરથી પોતાનું માથું અફાળતી. પોતાના હોઠ દાંત વડે એવા તો કરડતી કે તેમાંથી લોહીની ધાર ચાલતી. તેના માથામાંથી નીકળતા લોહીથી તેનાં સઘળાં કપડાં ખરાબ થઈ ગયેલાં હતાં, તથા હોઠમાંના લોહીથી તેનું મોં રક્તવર્ણ થઈ ગયું હતું. તેનું આખું શરીર થરથર ધ્રૂજતું હતું, અને તેનામાં કોઈ જીન ભરાયો હોય એવી તે દેખાતી હતી. ઘણા દુઃખથી તે બિચારીનું મગજ ઊંધુંચત્તું થઈ ગયું હતું, અને તે દુનિયાના તેમજ પોતાના મનને મરી ગયેલા જેવી હતી. તેનામાં જીવ તો હતો, પણ તેના મન ઉપરથી તેનો સઘળો અખત્યાર જતો રહ્યો હતો, એટલે જીવવાનું કાંઈ ફળ રહેલું ન હતું. એ સઘળી હકીકત ધ્યાનમાં કલ્પશો, તો માજી પાદશાહ જલાલુદ્દીન ફિરોઝની મુખ્ય બેગમ તથા શાહજાદા અરકલીખાં તથા કદરખાંની મા મલેકાજહાનની અવસ્થાનો તથા દેખાવનો યથાસ્થિત ચિતાર તમારા મનમાં આવશે.

તે જાતે ઘણા મજબૂત મનની, ખટપટી, તથા રાજ્યકારભારની લોભી હતી. પોતાના ધણીના મર્યા પછી તેણે વગર વિચારે, તથા દુશ્મનનું સામર્થ્ય જાણ્યા વિના પોતાના મોટા છોકરાને ખબર ન કરતાં, નાના કદરખાંને ગાદીએ બેસાડ્યો. તે કામ પાર પડ્યું નહીં; તેને, તેના છોકરાને, તથા તેના મળતિયા લોકોને દિલ્હીમાંથી નાસીને મુલતાન જવું પડ્યું. એ પ્રમાણે તેની રાજ્યકાજની મોટી મોટી ઉમેદો પાણીના પરપોટાની પેઠે એકદમ ફૂટી ગઈ. એ દુઃખ કાંઈ ઓછું ન હતું. પણ તેટલેથી બસ થયું નહીં. તેને તથા તેના છોકરાને મુલતાનમાં ઘેર્યાં; અને તેઓને જીવતાં રાખવાનું વચન અલફખાંએ આપ્યું; તે ઉપરથી જ તેઓને મુલતાનના લોકોએ શત્રુના હાથમાં સ્વાધીન કર્યાં. એથી ઊલટી તેઓના ઉપર વધારે આફત પડી. તોપણ તેને એવી આશા હતી કે તેના છોકરા જ્યાં સુધી જીવતા છે ત્યાં સુધી તેઓના બાપનું રાજ પાછું મેળવવાને તેમને કોઈ વખત પણ તક મળશે. એ ઉમેદથી તેણે દહાડા કાઢ્યા. પણ જ્યારથી તે શાહજાદાઓથી છૂટી પડી ત્યારથી તે નિરાશ થતી ગઈ, અને રાત્રે અને દિવસે તેના મનમાં ઘણા જ ભયંકર વિચારો આવવા લાગ્યા. ઊંઘમાં તે વારે-વારે પોતાના છોકરાની કફનમાં વીંટાળેલી લાશ જોયા

કરતી, અને તેને લીધે તેનું ચિત્ત ઘણું જ આકુળવ્યાકુળ થઈ ગયું હતું. જે તેના મનમાં દહેશત હતી, જે નઠારા વિચાર તેના અંતઃકરણમાં ઉત્પન્ન થયા કરતા, તે સઘળું છેલ્લી વારે ખરું પડ્યું. તેને એક ખાનગી જાસૂસે ખબર કરી કે શાહજાદાઓને આંધળા કરી મારી નાખ્યા છે. એ ખબર સાંભળતાં જ તે ભોંય ઉપર બેહોશ થઈને પડી, અને તે બેશુદ્ધિમાંથી થોડી વાર પછી જાગ્રત થઈ તો ખરી, પણ તેની અક્કલ ગુમ થઈ ગઈ. તે જાગ્રત તો થઈ, પણ નહીં જેવી જ; તેનું ભાન જે ગયું તે ફરીને પાછું આવ્યું નહીં; અને જે અવસ્થામાં આપણે તેને જોઈ તે અવસ્થામાં બિચારી આવી પડી.

જ્યારે મલેકાજહાનની આવી દુર્દશાની ખબર પાદશાહને પડી ત્યારે તેને અંધારા ઓરડામાંથી કાઢીને એક સારા, હવાદાર, અજવાળાવાળા ઓરડામાં રાખી. પણ એ જગ્યાના ફેરફારથી તેના મન ઉપર કાંઈ અસર થઈ નહીં. ઊલટું લોકોને તથા દુનિયાને જોઈને તેના દુઃખમાં અને તેને લીધે તેની ઘેલછામાં વધારો થયો. તે કોઈ-કોઈ વાર બારીએ ઊભી રહેતી, અને જે લોકો આવતાજતા તેઓને એકી નજરે જોયા કરતી. લોકોને તેને જોઈને ઘણી દયા આવતી, તથા તેના દુઃખને વાસ્તે તેઓ ઘણો અફસોસ કરતા. માત્ર દરવેશ લોકોને તેના ઉપર દ્વેષ હતો, અને અગર જે તે કંઈ પણ વાત બરાબર સમજી શકતી ન હતી તોપણ તેઓ પોતાનો ગુસ્સો વખતોવખત જણાવ્યા વિના રહેતા નહીં. એક વખતે બેગમ બારીએ ઊભી હતી તે વખતે એક દરવેશે ઊંચું જોઈ પોકાર કર્યો : "બેગમસાહેબ! સીદી મૌલાને યાદ કરો. તે એક ફિરસ્તો થઈ ગયો. તેની સખાવત એટલી તો હતી કે રોજ તેને બારણે હજારો લોકો એકઠા મળતા. અને તેઓમાં તે રોજ એક હજાર મણ આટો, પાંચસો મણ ગોશ્ત, બસો મણ ખાંડ, તથા તે પ્રમાણે ચોખા, તેલ, ઘી, તથા બીજી ખાવાની વસ્તુઓ વહેંચતો. એવા સખી દરવેશને તારા દુષ્ટ ખાવિંદે વગર કારણે નાલાયક કાફર લોકોની શિખામણથી મારી નખાવ્યો. તેનાં શાં શાં ફળ નીપજ્યાં છે તે તું જાણે છે? તેણે મરતી વખતે શું કહ્યું છે તે તને યાદ છે? સીદી મૌલાના મરણથી ખુદાતાલા ઘણો ગુસ્સે થયો, વાવંટોળિયો થયો તે અર્ધા કલાક સુધી પહોંચ્યો, તેટલામાં એટલું તો અંધારું થયું કે દહાડો રાત જેવો દેખાયો, રસ્તામાં લોકો એકેક સાથે અથડાયા, અને તેઓને ઘેર જવાનો રસ્તો સૂઝ ્યો નહીં. તે વરસે વરસાદ આવ્યો નહીં તેથી દુકાળ પડ્યો, અને હજારો હિંદુઓ ભૂખથી રસ્તે રસ્તે અને ગલીએ-ગલીએ મુડદાં થઈ પડ્યા, અને આખાં કુટુંબ ને કુટુંબ દુઃખને લીધે જમના નદીમાં ડૂબીને મરી ગયાં. દરબારમાં ફૂટ પડી. પાદશાહને ઘર તરફની મોટી આફત પડી, તેનો મોટો છોકરો ખાનખાનાં માંદો પડ્યો, અને થોડે દહાડે મરી ગયો. પાદશાહની પણ થોડી મુદતમાં એવી જ દશા થઈ. તેને તેના ભત્રીજા હાલના પાદશાહે મારી નાખ્યો. તેના વંશમાંથી રાજ્ય જતું રહ્યું. તેના બાકી રહેલા બે છોકરા પણ હમણાં જ માર્યા ગયા અને તારી આ અવસ્થા થઈ. સીદી મૌલાનો શાપ આવી રીતે અમલમાં આવ્યો; માટે બીજાનાં કરેલાં પાપનાં ફળ તું ભોગવે છે."

દરવેશની આ સઘળું કહેવાની મતલબ એટલી જ હતી કે તે બેગમને ચીઢવવી, તથા દરવેશ લોકોને વાસ્તે તેનો કેવો વિચાર છે તે તેની પાસેથી કઢાવવો; પણ એ વાતમાં તે બિલકુલ નાઉમેદ થઈ ગયો. તેને જવાબ આપવાને બદલે બેગમ પહેલાં પ્રમાણે જ જડભરત જેવી ઊભી થઈ રહી, અને કેટલીક વાર પછી ખડખડ હસી પડી. પોતાના બોલો પવનમાં ઊડી ગયા એમ જાણીને તે દરવેશ નિરાશ થઈને આગળ ચાલ્યો ગયો.

પ્રકરણ ૬ઠ્ઠું

માગશર મહિનામાં એક સવારે દિલ્હી શહેરમાં ઘણો રમણીય તથા જોવા લાયક દેખાવ બની રહ્યો હતો. તે દહાડે શહેર બહાર એક કાળિકા માતાનું દહેરું હતું તેનો પાટોત્સવ હતો, તથા અલાઉદ્દીન પાદશાહના વડા શાહજાદા ખિઝરખાંની સાલગિરાહ હતી, તેથી હિંદુ તથા મુસલમાન એ બંને લોકોને તે દિવસે તહેવાર હતો. સવારે જે વખતે હિંદુ લોકોનાં ટોળેટોળાં એકઠાં થઈ શહેર બહાર કાળિકા માતાનાં દર્શન કરવા જતાં હતાં. તે સવારે ટાઢ ઘણી જ પડી હતી, તેથી સઘળાઓએ શાલ, દુશાલા, ધાબળી વગેરે ઊનનાં ગરમ લૂગડાં શરીર ઉપર ઓઢેલાં હતાં, તથા ગરીબ લોકો બિચારા ધ્રૂજતા-ધ્રૂજતા, દાંત કકડાવતા, અદબ કરી ચાલ્યા જતા હતા. કેટલેક દૂર ગયા પછી તેઓ કુતુબમિનાર આગળ આવી પહોંચ્યા. એ મિનારો દિલ્હીના પહેલા મુસલમાન પાદશાહ કુતુબુદ્દીનના રાજ્યમાં બંધાવા માંડ્યો હતો તે અલ્તમશ પાદશાહના રાજ્યમાં પૂરો થયો. તે ઘણો જ શોભીતો છે; તેનો આકાર મિનારા જેવો છે તથા તે ઉપર રવેશો છે તેમાં ઘણી જ બારીક નકશી કોતરેલી છે. તે ૧૨૧ સુતારી ગજ ઊંચો છે. એક વાર ધરતીકંપ થયાથી તેનો કેટલોક ભાગ પડી ગયેલો છે, તોપણ તેના જેટલો ઊંચો મિનારો દુનિયામાં બીજો કોઈ નથી. તેની પાસે એક અધૂરી મસ્જિદ છે, તે તેની બાંધણી તથા શોભામાં હિંદુસ્તાનમાં બીજી કોઈ પણ ઇમારતથી ઊતરતી નથી. તે ઉપર લેખ કોતરેલા છે તે ઉપરથી જણાય છે કે તે શાહબુદ્દીન ઘોરીના રાજ્યમાં બંધાવા માંડી હતી. એ મસ્જિદની પડોશમાં કાળિકાનું દહેરું હતું. તેનું કદ નાનું હતું તથા બહારથી કાંઈ શોભાયમાન ન હતું; પણ તેનો પરચો એટલો હતો કે તે દહાડે ત્યાં આખા દિલ્હી શહેર તથા પડોશના ૪૦ અથવા ૫૦ કોશ સુધીનાં ગામો તથા શહેરોથી હિંદુ લોકો દર્શન કરવા આવ્યા હતા. જુદી-જુદી જાતના જુદા-જુદા પહેરવેશ તથા રંગબેરંગી પાઘડીઓથી તમાશો ઘણો સુંદર હતો; પણ ત્યાં લોકોની ભીડ સિવાય બીજું પણ કેટલુંક જોવા લાયક હતું.

કાળિકા દેવીનું રૂપ ઘણું ઉગ્ર થતા બિહામણું હોય છે અને તેને પ્રાણીનાં બલિદાન આપવામાં આવે છે. તેને રક્તપાતમાં ઘણો આનંદ લાગે છે તેથી તેની યાત્રાઓમાં ઘણાં નિર્દય કામો થતાં જોવામાં આવે છે. આ વખતે દેવીના મંદિર આગળ ઘણા ભક્તો એકઠા થયા હતા, તેઓમાંથી કેટલાક પોતાની જીભમાં પાળી ખોસતા હતા. બીજે ઠેકાણે ઝીણા અણીદાર ખીલાઓને તેઓની અણી ઉપર રાખીને ભોંયમાં એવા પાસે-પાસે દાટેલા હતા કે તેનું એક બિછાનું થઈ રહ્યું હતું, તે ઉપર એક પાલખ બાંધેલી હતી તે ઉપરથી કેટલાક નીચે ખીલાઓની શય્યા ઉપર પડતા હતા. કેટલાક પોતાની કૂખમાં લોઢાની કડી ઘાલીને તેમાં એક દોરડું બાંધીને એક ઝૂલતા લાકડાના કટકા સાથે લટકતા હતા, અને કેટલીક વાર સુધી તેઓ ચક્કર ખાતા હતા. બીજા કેટલાક ફૂલના પુષ્કળ હાર ઘાલીને તથા શરીરે હિંગળોક ચોળીને ઊભા હતા, અથવા કાંઈ રાગનું વાજિંત્ર વગાડતા હતા.

આ ભયંકર તથા કંટાળો ઉપજાવનાર તમાશો જોઈને સઘળા લોકો ખુશ થતા હતા. તેમાં એક પરદેશી તેના પહેરવેશ તથા રીતભાતથી તરત બીજાઓથી જુદો પડતો હતો. તે ઘણા ઊંડા વિચારમાં પડેલો હતો, અને બીજા લોકોનાં મોઢાં ઉપર જેટલો ઉમંગ દેખાતો હતો તેટલો તેના ઉપર ન હતો. જે કામને અર્થે તે દિલ્હીમાં આવ્યો હતો તે કામ હજી પાર પડ્યું ન હતું એટલું જ નહીં, પણ તે સિદ્ધ થશે એવો સંભવ પણ ઘણો દૂર દીસતો હતો. પોતાની મતલબ શી રીતે હાંસલ કરવી, એ વિશે તે નિરંતર રાતદહાડો મનમાં વિચાર કર્યા કરતો, અને વારે-વારે નિસાસા મૂક્યા કરતો હતો.

વાંચનારાઓએ તેને ઓળખ્યો તો હશે; તે ગુજરાતના કરણ રાજાનો માજી પ્રધાન માધવ

હતો એમ આ ઠેકાણે સ્પષ્ટ કહ્યું ન હોત તોપણ સઘળાના જાણ્યામાં આવત. આ વખતે તે આ સઘળો તમાશો જોઈ ઘણો વિસ્મિત થયો, અને તે મોટેથી બોલી ઊઠ્યો : "જો દેહકષ્ટ કર્યાથી પરમેશ્વર પ્રસન્ન થતો હોય તો આ લોકો નક્કી સ્વર્ગે જશે." તેની પાસે એક સંન્યાસી ઊભેલો હતો તે આ વાત સાંભળી બોલ્યો : "અરે ભૈયા! જો દેહકષ્ટથી પરમેશ્વર પ્રસન્ન થાય તો અમારા ઉપર થાય. અમારા દેહકષ્ટ આગળ એ લોકોનો કાંઈ હિસાબ નથી. તેઓ તો વર્ષમાં એકબે દહાડા આ પ્રમાણે કરે છે, પણ અમારે તો આખા જન્મારામાં દેહકષ્ટ કર્યા જ કરવું જોઈએ. સંન્યાસી દુનિયાનો શી રીતે ત્યાગ કરે છે તે વિશે જે મનુસ્મૃતિમાં લખેલું છે તે સાંભળો. 'જ્યારે કોઈ કુટુંબના મુખ્ય માણસનું શરીર સઘળું ઢીલું પડી જાય, તથા નિમાળા સફેદ થાય, તથા તે પોતાનાં છોકરાંનાં છોકરાં જુએ, ત્યારે તેણે વનવાસ કરવો. શહેરમાં જે ખાવાની વસ્તુઓ હોય તે તથા ઘરનાં વાસણ-કૂસણ મૂકી દઈને એકાંત વનમાં જવું. પોતાની વહુ તથા છોકરાંને તજવાં, અને જો વહુની સાથે આવવાની ખુશી હોય તો તેને જોડે લેવી. તેણે પોતાની સાથે પોતાના ઘરનો અગ્નિ તથા હોમ કરવાનો સઘળો સામાન લેવો, અને વનમાં જઈને પોતાની જ્ઞાન તથા કર્મેંદ્રિયો ઉપર અખત્યાર રાખી રહેવું. ઋષિઓ જે ખાતા તે કંદ, મૂળ, ફળ, ઇત્યાદિ પવિત્ર વસ્તુઓ તેણે ખાવી. તેણે કાળા હરણનું ચામડું અથવા છાલનું વસ્ત્ર પહેરવું, સાંજ-સવાર સ્નાન કરવું. માથા તથા દાઢીના નિમાળા વધારવા અને નખ મોટા થવા દેવા. જે તેને ખાવાનું મળે તેમાંથી દાન વગેરે કરવું, તથા તેના આશ્રમમાં જેઓ આવે તેઓનો સત્કાર કરી તેને કંદ, મૂળ, ફળ પાણી આપવાં. તેણે હંમેશાં વેદાભ્યાસ કરવો. ગમે તેવી વિપત્તિ આવી પડે તોપણ ધૈર્ય રાખી પરોપકાર કરવો; પરબ્રહ્મ ઉપર મન સ્થિર રાખવું : નિરંતર દાન આપ્યા કરવું, પણ કાંઈ દાન લેવું નહીં; અને સઘળા જીવવાળા પદાર્થો ઉપર દયા રાખવી. ભોંય ઉપર તેણે આખો દિવસ લપસ્યા કરવું, અથવા પગની એક આંગળી ઉપર ઊભા રહેવું, અથવા ઊઠબેસ કર્યા કરવી; સૂર્યોદયની વખતે, બપોરે તથા સૂર્યાસ્ત થતી વેળા તેણે સ્નાન કરવા જવું; ઉનાળામાં તેણે પંચાગ્નિ વચ્ચે બેસવું; એટલે ચાર અગ્નિ આસપાસ સળગાવવા ને પાંચમો અગ્નિ માથે સૂર્ય, એ સઘળાનો તાપ સહન કરવો. વરસાદના દહાડામાં જ્યારે ભારે ઝાપટાં આવતાં હોય ત્યારે એક પણ વસ્ત્ર ઓઢ્યા વિના વરસાદમાં ઊભા રહેવું. શિયાળામાં તેણે હવાયેલાં વસ્ત્ર પહેરવાં અને ધીમે-ધીમે દેહકષ્ટમાં વધારો કર્યા કરવો. પછી શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે પોતાના પવિત્ર અગ્નિને રાખ્યા પછી, બીજો દેવતા સળગાવ્યા વિના મૌનવ્રત લઈને રહેવું, અને કંદ, મૂળ ખાવાં; અથવા સંન્યાસીએ પત્રાવળીમાં, હાથમાં, અથવા તૂમડીમાં શહેરમાંથી ખાવાનું લઈ આવવું, અને તેમાંથી આઠ કોળિયા માત્ર ખાવા. જે બ્રાહ્મણ વનવાસ કરે તેણે આ તથા એવા બીજા નિયમો પાળવા. પોતાના આત્માને પરમાત્મા સાથે લીન કરવાને તેણે ઉપનિષદોનો અભ્યાસ કરવો. એ પ્રમાણે તેના આવરદાના ત્રીજા ભાગમાં વનમાં રહી ધર્મનાં કૃત્યો કર્યા પછી ચોથા ભાગમાં તેણે સંન્યાસી થવું. તેણે સઘળું સંસારી સુખ ત્યાગ કરવું, અને પરબ્રહ્મ ઉપર વિશ્વાસ રાખી મોત પણ માગવું નહીં, અને આવરદા પણ ઇચ્છવી નહીં. જેમ ચાકર પોતાનો પગાર લેવાને મહિનો પૂરો થવાની રાહ જુએ છે તેમ તેણે તેના નિયત વખતને માટે વાટ જોઈ બેસવું.

"હવે સંન્યાસી થવાની વિધિ નીચે પ્રમાણે છે. પહેલાં તો એક સારો દહાડો શોધી કાઢવો, અને તે દહાડે તેણે સ્નાન કરવું, અને એક લૂગડાના દશ કકડા ભગવા રંગીને તેઓને સાથે લઈ મુકરર જગ્યાએ જવું. એ દશ કકડામાંથી ચાર પોતાના ખપને વાસ્તે રાખવા, અને છ ક્રિયા કરાવનાર બ્રાહ્મણોને વહેંચી આપવા. સંન્યાસીએ બીજા સામાનમાં એક તો સાત ગાંઠવાળો વાંસનો દંડ, બીજી તૂમડી, ત્રીજું હરણનું ચામડું, ચોથું રૂપા તથા તાંબા-નાણું, ફૂલ, રાતા રંગેલા ચોખા, ચંદન ઇત્યાદિ રાખવાં. પછી એક ઘણો જ બદસ્વાદ રસ તૈયાર કરીને તેને આપવામાં આવે છે તે ઇંદ્રિયોનું સુખ હવે ત્યાગ કર્યું એમ જણાવવાને પેલા સંન્યાસીએ પી જવો. પછી

ગુરુ તેના કાનમાં મંત્ર ભણે છે; તથા સંન્યસ્ત લીધા પછી શું-શું કરવું તે તેને સમજાવે છે. પછી તે ભગવાં વસ્ત્ર પહેરે છે. ન્યાતજાતનો ત્યાગ કર્યો તે જણાવવાને તેની જનોઈ તોડી નાખે છે, અને ચોટલી બોડાવે છે. સઘળી ક્રિયા થઈ રહ્યા પછી દંડ, તૂમડી તથા હરણનું ચામડું લે છે, અને તૂમડીમાંથી ત્રણ આચમન મંત્ર ભણીને પીએ છે એટલે તે સંન્યાસી થયો એમ ગણાય છે; પછી તેને સંસાર સાથે કાંઈ સંબંધ રહેતો નથી. સંન્યાસીએ હરેક સવારે સ્નાન કર્યા પછી આખા શરીર ઉપર ભસ્મનો લેપ કરવો, દહાડામાં એક વાર ખાવું, પાનસોપારી ખાવાં નહીં, બૈરાં તરફ દૃષ્ટિ પણ કરવી નહીં, હરેક મહિને દાઢી, મૂછ તથા માથું બોડાવવું, પાવડી પહેરવી, જ્યારે બહાર ફરવા નીકળે ત્યારે તેણે એક હાથમાં સાત ગાંઠાનો દંડ પકડવો, બીજા હાથમાં તૂમડી લેવી, અને બગલમાં હરણનું ચામડું ઘાલવું. તૂમડીમાં પાણી ભરાય અને ચામડું આસનને ઠેકાણે કામ આવે. તેણે ભિક્ષા માગી પેટ ભરવું, કારણ ભિક્ષા માગવાનો તેને અધિકાર છે. જો સંન્યાસી પાસે દ્રવ્ય એકઠું થાય તો તેણે દાન કરી દેવું, અથવા તે વડે ધર્મશાળા, દેવસ્થાન, વાવ, કૂવા વગેરે બંધાવવાં. તેઓએ પોતાનો આશ્રમ નદી અથવા તળાવને કાંઠે રાખવો, કેમ કે ત્યાં સ્નાન કરવાનું ઘણું સુગમ પડે.''

એ સંન્યાસીની સઘળી વાત સાંભળી એક યોગી ત્યાં પાસે ઊભો હતો તે બોલ્યો : ''ભૈયા! કરે તે ભલો; મારે તેની તલવાર; અને પાળે તેનો ધર્મ છે. અમારા યોગીઓ તો જે દેહકષ્ટ કરે છે તેની આગળ તમારી તો રમત છે. અમારામાંથી કેટલાક પોતાના હાથ એટલાં વર્ષ સુધી બંધ રાખે છે કે નખ વધી હાથમાં પેસી જાય છે. કેટલાક વર્ષોનાં વર્ષ એક જ ઘાટીએ ઊભા રહે છે. વળી કેટલાક તેઓના હાથ ઊંચા લાંબા રાખે છે તે એટલે સુધી કે નકામા પડવાથી તે હાથ ચીમળાઈ જાય છે અને જડ તથા અશક્ત થઈ જાય છે, કેટલાક મોટો ભાર વહી જાય છે અથવા તેઓના શરીરના કોઈ કોમળ ભાગમાં એક સાંકળની કડી ભેરવીને તે જ્યાં જાય ત્યાં તે સાંકળ ઘસડતા જાય છે. કેટલાક વર્ષોનાં વર્ષ સુધી, અથવા કોઈ મોટા રાજ્યની પ્રદક્ષિણા કરી રહે ત્યાં સુધી ભોંય ઉપર કીડાની પેઠે પેટ ઘસડતા ચાલે છે. કેટલાક જગન્નાથપુરી સુધી આખે રસ્તે પગે પડતા-પડતા જાય છે, અથવા શરીરને દડા જેવું કરી નાખી સિંધુ નદીને કાંઠેથી ગંગા નદીના કાંઠા સુધી ગબડતા જાય છે, અને એવી રીતે જતાં જે કાંઈ પૈસા મળે તે એકઠા કરી તે વડે દેવાલય બંધાવે છે, કૂવા અથવા વાવ ખોદાવે છે, અથવા કાંઈ ગુપ્ત પાપનું પ્રાયશ્ચિત્ત કરે છે. કેટલાક ભર ઉનાળામાં બળતા તાપ ઉપર હીંચકા ખાય છે, અથવા ઘણા આકરા તાપ ઉપર નીચું માથું રાખી ટીંગાઈ રહે છે. કેટલાક ભોંયમાં ગરદન સુધી દટાય છે, ફક્ત શ્વાસ લેવાને એક નાનું કાણું રાખે છે. કેટલાક શરીર ઉપર ચાબખા મારે છે. ખીલાની શય્યા ઉપર કેટલાક સૂએ છે. કેટલાક જીવતાં સુધી પોતાના શરીરને કોઈ ઝાડના થડ સાથે સાંકળ વડે બાંધી લે છે. એ પ્રમાણેનાં દેહકષ્ટ તેઓ કરે છે. જો એ વાતની લખેલી સાબિતી જોઈતી હોય તો કાળિદાસકૃત શાકુન્તલ નાટક વાંચો; તેમાં એક ઠેકાણે આ પ્રમાણે લખ્યું છે.

''દુષ્યંત રાજાએ પૂછ્યું કે મારિચિ ઋષિનો આશ્રમ ક્યાં છે? ત્યારે માતલિએ જવાબ દીધો કે :

શાર્દૂલવિક્રીડિત વૃત્ત

વલ્મીકે[1] થઈ છે નિમગ્ન અરધી કાયા જ જેની ભલી
લાંબી સર્પતણી વીંટાઈ ઉરને એને બધી કાંચળી;[2]
કંઠે જીર્ણ થયેલ વેલ તરુની ચોપાસ કંઠી બની
તે પીડા કરતી જણાય તપસીકેરા ગળાને ઘણી. ॥ ૨૭૯ ॥

ખાંધે છે પ્રસરાયલું શિરથકી એનું જટામંડળ,
તેની માંહ શકુન્તપક્ષિ કરતું માળા નિવાસાર્થ જો!
એવું રૂપ ધરી વસે મુનિ પણે મોઢું કરે સૂર્યની
સામે બિમ્બભણી રહી અચલની પેઠે સ્થિરાકારમાં ॥ ૨૮૦ ॥

(ઝ. ઉ. યા.)

એવાં-એવાં દેહકષ્ટ યોગી લોકો કરે છે તેની આગળ તમારા સંન્યાસીનાં અથવા આ કાળિકાના ભક્તોનાં કામ કાંઈ ગણતરીમાં નથી.''

માધવ કાળિકાદેવીના ભક્તોનાં કામ નજરે જોઈ, તથા સંન્યાસીઓએ શું કરવું જોઈએ, અને યોગીઓ શું કરે છે તથા કરતા હતા, તેની વાત સઘળી લક્ષપૂર્વક સાંભળી ઘણો જ આશ્ચર્ય પામ્યો કે માણસનું નાજુક તથા કોમળ શરીર આટલી વેદના શી રીતે ખમતું હશે? ત્વચા, જેની સ્પર્શશક્તિ એટલી તો બારીક છે કે એક ઝીણી સોયની અણી ભોંકાવાથી પણ દુઃખ થાય, એવી ચામડીથી આટલું બધું દરદ શી રીતે સહેવાતું હશે? ઘણાં માણસો ઠોકર વાગવાથી અથવા બગાસું આવવાથી અથવા એવાં બીજાં દેખીતાં નજીવાં કારણથી તત્કાળ મરણ પામતાં માલૂમ પડે છે તે છતાં પણ આ લોકો આવાં ભારે દરદ હાથે કરી પેદા કરે છે, તેથી મરતા કેમ નહીં હોય? માણસનું શરીર જેવું ટેવાય છે તેવું થાય છે. જે કારણોથી એક માણસનું મૃત્યુ થાય છે તે જ કારણથી બીજાનું શરીર જોરાવર થાય છે. એ સઘળો ટેવનો મહિમા છે. પણ ટેવની સત્તાને કાંઈ મર્યાદા છે કે નહીં? એ વાત ગમે તેમ હોય તોપણ દેહકષ્ટ કરવામાં શો લાભ છે? પરમેશ્વરે માણસને સુંદર તથા ચમત્કારિક આંખ આપેલી છે તે વડે તે સૃષ્ટિને નીરખે છે, તેની ખૂબી તપાસે છે, અને તે તપાસતાં સૃષ્ટિના કર્તાની અપાર શક્તિ, અનંત ડહાપણ, બહોળી દયા, તથા ડગલે-ડગલે તેના સંકેતનાં ચિહ્નો શોધી કાઢીને વધારે ભક્તિથી તથા વધારે સાચા દિલથી તેને તે સેવે છે. એવી આંખનો માણસે શું ઉપયોગ ન કરવો? જે કાન વડે સૃષ્ટિ માંહેલા ચિત્તાકર્ષક નાદ, પક્ષીઓનો સુંદર અવાજ, તથા માણસના ગળામાંથી જે નાના પ્રકારના રમણીય સાદ નીકળે છે તે સંભળાય છે તે શું સર્વ ન સાંભળતાં કાન બંધ કરી રાખવા? જે નાક વડે વાસવાળા પદાર્થોની સુગંધ અથવા દુર્ગંધ પારખી શકીએ છીએ તે નાક શું કામે ન લગાડવું? તથા ગંધ વિશે તે જે સૂચના આપે તે ન માનવી? વળી જીભ વગેરે મોં-માં જે સાધનો પદાર્થના જુદા-જુદા સ્વાદ લેવાને આપેલાં છે તેઓનો ઉપયોગ કેમ ન કરવો? સ્વાદમાં જે ભેદ છે તે ખોટો માનીને શું મીઠો તથા કડવો એક જ સમજવો? અને અનાજ વગેરે જે-જે વસ્તુ સ્વાદને સારી લાગે છે તથા શરીરને પોષણકર્તા છે તે-તે પદાર્થો પરમેશ્વરે ખાવાને સરજ્યા છે, અને કડવી તથા બદસ્વાદની વસ્તુઓ જેથી શરીરને પુષ્ટિ મળતી નથી, તેઓ તે કામને માટે પેદા કરેલી નથી એ વાત અનુભવથી જાણ્યા છતાં, શું ખોટી માનવી? અગણિત છિદ્રવાળી તથા અસંખ્ય જ્ઞાનરજ્જુઓથી ભરપૂર એવી ત્વચા, જેને બહારના પદાર્થથી જે સુખદુઃખ થાય છે તે ઓળખવાની શક્તિ આપેલી છે તેને શું પોતાનું કામ ન કરી શકે એવી કરી નાખવી? વળી જગતમાં ચોતરફ નજર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ દેખાય છે કે સઘળી વસ્તુઓ જાણે માણસના આનંદ તથા સુખને માટે જ સરજાયેલી છે, તે વસ્તુઓનો ઉપયોગ ન કરતાં દુનિયામાં જેવા આવ્યા તેવા જવું, અને આપણે થઈ ગયા તેની એક પણ નિશાની પાછળ રહેવા ન દેવી? માણસના મનના વિકારો તથા વૃત્તિઓ તરફ જ્યારે નજર કરીએ છીએ ત્યારે આપણે દુનિયામાં આપણા મનુષ્યજાતિના ભાઈઓ એકઠા રહેવાને ઉત્પન્ન થયેલા હોઈએ એમ લાગે છે; તે છતાં જો આપણે એકાંત વનવાસ કરીએ તો દયા, ક્ષમા આદિ આપણા સારા ગુણોનું શું કામ પડે?

એ સઘળા ઉપરથી સહેજે અનુમાન થાય છે કે માણસે દુનિયામાં રહીને જે દુઃખ પડે તે ધૈર્યથી સહન કરવું, અને જેમ મધમાખી બધાં ફૂલોમાંથી મધ ચૂસી લે છે તેમ આપણે સઘળા પદાર્થોમાંથી સુખ ખેંચી કાઢવું. દેહકષ્ટ શા માટે કરવું? હવે માણસ જેનામાં ઈશ્વરે વિવેકબુદ્ધિ મૂકેલી છે, તેથી જે કાર્ય તે કરે છે તેમાં કાંઈ પણ કારણ હોવું જોઈએ; માટે આ દેહ દમવાનું પણ કાંઈ કારણ હશે. અગર જો સૃષ્ટિની ખૂબી આંખો વડે જણાય છે, ચંપા, ચમેલી, મોગરા વગેરે ખુશબૂદાર ફૂલોની સુવાસ ઘ્રાણેંદ્રિયથી માલૂમ પડે છે; અગર જો રસેંદ્રિયથી જ ખટ્રસનો સ્વાદ સમજાય છે; ટૂંકામાં માણસને સુખ થાય એવી જ આ જગતની રચના કરેલી છે. તોપણ એ ઇંદ્રિયો આપણને હંમેશાં તાબે રહેતી નથી. જો તેઓને આપણે જીતીશું નહીં તો તેઓ આપણને જીતશે. ઇંદ્રિયો વડે જેટલું સુખ થાય છે તેટલું જ દુઃખ પણ થાય છે, અને એટલા દુઃખથી કાંઈ બસ થતું નથી. એ ઇંદ્રિયોના જો આપણે ગુલામ થયા તો આપણે પશુ સમાન થઈ જઈએ છીએ, અને ખરુંખોટું સમજવાની તથા પરમેશ્વરને ઓળખવાની જે શક્તિ એકલા મનુષ્યને જ બક્ષેલી છે તેનો ખોટો ઉપયોગ કરીએ છીએ. આંખ વડે કેટલાકની ઈશ્વર ઉપરની શક્તિ દૃઢ થાય છે, ત્યારે ઘણા તો તે વડે દુષ્ટ અને અધર્મી કર્મો કરે છે, અને કારીગરીની શોભા તથા ચતુરાઈ જોવામાં ગરક થઈ કારીગરની શક્તિ તથા ડહાપણ જોવું ભૂલી જાય છે, અથવા કારીગરીમાં ખામી કાઢી કારીગર છે જ નહીં એમ કહે છે અથવા છે તો તેનો ઇન્સાફ, દયા, ડહાપણ, ચતુરાઈ તથા સારાપણામાં ખામી છે એવો મત ચલાવે છે. એવા ભયાનક ખાડામાં પડતાં બચવાને જ, કેટલાક ભક્તોએ પોતાની આંખ પોતાને હાથે ફોડી નાખી છે. માટે ઇંદ્રિયો જેમ આપણી મિત્ર તેમ આપણી શત્રુ પણ છે. તે એક નદીના પ્રવાહ જેવી છે; જ્યાં સુધી તે ધીમે ચાલે છે ત્યાં સુધી સઘળાને ફાયદો કરે છે, પણ જ્યારે તે જુસ્સાથી વહે છે ત્યારે તેના સપાટામાં જે આવે તેને ઘસડી જાય છે. તે એક વાઘ જેવી છે. જ્યાં સુધી તેને પાંજરામાં ગોંધી રાખે ત્યાં સુધી કાંઈ ચિંતા નહીં, પણ તેને પાંજરું તોડતાં વાર લાગતી નથી. તેને જીતવી એ ઘણું કઠણ કામ છે, અને ઘણા જ થોડા માણસથી તે બની શકે, માટે તેઓને ફાવવા જ ન દેવી એ ડહાપણ છે. એટલાં કારણોથી સંન્યાસી, યોગી, વગેરે પોતાની ઇંદ્રિયો ઉપર ભરોસો રાખતા નથી.

વળી આ સંસાર એક મોટો વિકટ સાગર છે, તેમાં કરોડો વહાણો હંકારાય છે. તે વહાણોમાં તેના ધણી પોતાની સાથે સંબંધ રાખનાર માણસો લઈને બેસે છે. એ દરિયામાં અગણિત નાના-મોટા ખડકો પાણીમાં ઢંકાયેલા છે. તે ઉપર કેટલાંક વહાણો ગર્ભપુરી બંદરમાંથી નીકળતાં જ અથડાઈને ભાંગી જાય છે, અને તેમાં બેઠેલાં તમામ માણસો ગરક થઈ જાય છે. બીજાં કેટલાંક થોડે આગળ ચાલ્યા પછી ડૂબે છે. એ પ્રમાણે એક પછી એક વહાણ એ ખડકોને લીધે ભાંગતાં માલૂમ પડે છે, અને બીજાં નવાં ગર્ભપુરી બંદરની ગોદીમાંથી દરિયામાં બહાર પડે છે. જ્યાં સુધી વહાણો મુક્તિપુરી બંદરે પહોંચે ત્યાં સુધી આખે રસ્તે સાગરનાં મોટાં ઊછળતાં તોફાની મોજાંથી તેઓ ઊંચાંનીચાં થાય છે, અને હમણાં ડૂબશે, હમણાં ડૂબશે, એવી તેમાં બેસનારાઓને દહેશત રહે છે. દરિયામાં ડૂબેલા ખડકો સિવાય બીજા અગણિત ઊંચા આવેલા, પથ્થરની સીધી બાજુવાળા બેટો છે, તે ઉપર લીલોતરી તથા રળિયામણા પર્વતો હોવાને લીધે સુંદર દેખાય છે. વળી તે ઉપર દેખીતી ખૂબસૂરત દુર્ગુણ નામની રાક્ષસીઓ બેસીને મધુર રાગથી ગાયન કરે છે. કટાક્ષબાણથી વહાણમાં બેસનારાઓને ત્યાં આવવાને ઇશારત કરે છે. વહાણના ધણીની સાથે જેઓ બેઠેલા હોય છે તેઓમાંથી કેટલાક તેના ખરા મિત્ર હોય છે; કેટલાક તો તે દુષ્ટ રાક્ષસીઓનાં સગાં તથા મદદગાર હોય છે, અને તેઓ વહાણના ધણીને તે બેટોમાં જવાને નિરંતર સમજાવ્યા કરે છે. જ્યાં સુધી વહાણનું સુકાન વિવેકની પાસે હોય છે ત્યાં સુધી સામે પવને પણ તે સદ્ગુણની સાંકડી નાળમાં જ તે

વહાણ ચલાવે છે, પણ તે રસ્તામાં તે વહાણના ધણીને મજા પડતી નથી. તેના વહાણમાં બેસનારા, તોપણ તેના શત્રુઓ તેના હંમેશાં કાન ભર્યા કરે છે, અને વિવેક જે રસ્તે વહાણ લઈ જાય છે તે રસ્તામાં કાંઈ જોવા જેવું નથી, તથા જ્યારે આ સાગરમાં આવ્યા ત્યારે ત્યાંની સઘળી મોજ ચાખીએ નહીં તો ફેરો મિથ્યા, એવી શિખામણ આપી વિવેક પાસેથી સુકાન છીનવી લેવડાવીને અવિચારને સુકાનીનું કામ સોંપાવે છે. પછી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર રૂપી સઢો ચઢાવવામાં આવે છે; અને તૃષ્ણા રૂપી પૂંઠનો પવન જોરથી ફૂંકાતાં વાર જ વહાણ સદ્ગુણની નાળમાંથી ઘસડાઈને બહોળા દરિયામાં પડે છે. પછી જે રસીલો બેટ પાસે હોય છે તે તરફ વહાણ હંકારાય છે. આ વખતે નાળમાંના વહાણવાળાઓ બહાર પડેલા વહાણવાળાઓને મોટેથી પોકાર કરીને બેટ પાસે જવાની ખરાબી સમજાવે છે, તથા જે વહાણવાળા તે બેટની પાસે લગભગ ગયા હોય એવા, તથા જેનાં વહાણો બેટના પથ્થરની સીધી બાજુઓ ઉપર અથડાઈને કટકે કટકા થઈ ગયાં હોય તે તેઓને દેખાડે છે. પણ મૂર્ખ વહાણવટી તેઓની વાત લગાર પણ કાને ધરતો નથી. દુર્ગુણ નામની રાક્ષસીઓના મદદગાર તથા જાસૂસો તેને સમજાવે છે કે જેઓ ભરદરિયામાં પડ્યા નથી, તેઓ તેની ખૂબી જાણી શકતા નથી, તથા જેઓનાં વહાણ અથડાયાં છે તેઓના સુકાની સારા નહીં હોય અથવા તેઓએ બેટ ઉપર જવાનો ખોટો રસ્તો પકડ્યો હશે; આપણને એમ થશે નહીં, અને એમ કરતાં જો વહાણને જોખમ લાગે એવો જરા પણ સંભવ લાગશે તો તરત સઢ વીંટાળી લઈ વહાણને પાછું નાળમાં ઘાલી દઈશું; પણ નુકસાન લાગશે એવી નકામી બીકથી એક સાંકડી નાળમાં ચાલ્યા કરવું, અને આ સાગરમાંના અગણિત બેટોમાં શું-શું છે તે શોધ્યા વિના રહેવું તેમાં વહાણ ચલાવવાની ખૂબી શી? એવી સલાહ માન્ય કરી વહાણ આગળ બેટ તરફ ચલાવે છે, અને રસ્તામાં ડૂબતાં બીજાં વહાણો જુએ છે, તથા તે બેટની પાસે લાખો વહાણો ભાંગતાં તેની નજરે પડે છે તોપણ તે બેધડક આગળ ચલાવ્યે જાય છે, એટલે સુધી કે તે પણ બીજાઓની પેઠે તળિયે બેસે છે. તે વખતે તે રડે, શોક કરે કે પસ્તાય તે શા કામનું? જોત-જોતામાં વહાણ નીચે બેસતું જાય છે, પણ કોઈ તેને લેખવતું નથી, અથવા બચાવવાનો વખત વીતી જવાથી નાળમાંના ઘણા વહાણવાળાઓ તેઓની તરફ દોરડાં ફેંકી તથા નાના નાના મછવા મુકાવીને તેઓને ઉગારવાને જે મહેનત કરે છે તે સઘળી નિષ્ફળ જાય છે. ધન્ય છે એવા મદદ કરનારા વહાણવાળાઓને કે આટલી બધી લાલચ તુચ્છ ગણીને, આટલું બધું જોખમ વેઠીને, બલકે ડૂબતા તથા ડૂબવાની તૈયારી ઉપર આવેલા વહાણવાળાઓની ગાળ ખાઈને, તથા તેઓની તરફથી અપમાન સહીને તેઓને મુક્તિપુરીના સાચા રસ્તા ઉપર લઈ આવવાને તેઓ આટલો બધો શ્રમ કરે છે. એ પરોપકારી પરમાર્થી વહાણવાળાઓની મહેનત કાંઈ હંમેશાં અફળ થતી નથી. અગર જો ઘણાં વહાણો તેઓની તરફથી સહાયતા આવ્યા પહેલાં અથવા આવ્યા છતાં પણ ભાંગે છે, તોપણ થોડાંકને તો તેઓ બચાવી શકે છે, અને તેઓને પાછાં નાળમાં ઘાલી દે છે. નાળ બહાર લાલચના ટાપુઓ એટલા તો અસંખ્ય છે, અને તેઓના ઉપર એટલી તો મોહ પમાડનાર સ્ત્રીઓ બેઠી-બેઠી મધુર સ્વરે સઘળાને બોલાવે છે કે જેઓ તૂતક ઉપર બેઠેલા હોય છે તેઓને ત્યાં જવાનું મન થાય છે. વિવેકસુકાનીનું પ્રબળ તૂટેલું ન હોય તો તેઓ પાછા નાળમાં ઘસડાઈ આવે છે. એ પ્રમાણે નાળમાંનાં વહાણ ઝોલાં ખાય છે, અને વખતે-વખતે થોડી વાર નાળ બહાર જઈ આવી પાછાં રસ્તે પડે છે. એ પ્રમાણે નાળમાં છતાં પણ તૂતક ઉપર બેસનારાઓને જોખમ છે, અને નાળમાંથી જરા પણ ખસ્યા તો મુક્તિપુરીના બંદરમાં પેસવાને ત્યાંના ફુરજાના દારોગા તરફથી પરવાનો મળશે નહીં, એવા ધાકથી કેટલાક તે તૂતક છોડી ભંડારમાં જઈ ભરાઈ રહે છે, અને આગળ વહાણ લંગરવાર થાય ત્યાં સુધી પોતાનું મોં બહાર બતાવતા નથી. કેટલાક તૂતક ઉપર રહે છે, તેઓ વહાણને નાળ બહાર ઘસડાતું

અટકાવવાને હંમેશાં તેને નબળું પાડ્યા કરે છે, એટલે તે મેદાન પડી શકતું નથી. એ પ્રમાણેનો સંસાર છે. તેમાંની હજારો લાલચોના ફાંદામાં ન પડવાને માટે તથા તે લાલચ તરફ મન ન દોડે તેટલા માટે ઘણા માણસો દેહને કષ્ટ કરે છે. વળી દેહને અને મનને એવો નિકટનો સંબંધ છે કે જો દેહને કષ્ટ થાય તો મન પણ કષ્ટ પામે છે, અને તેમ થયાથી મોહજાળમાં ફસાઈ પડવાને તેને કદાચ અટકાવ થાય છે. એ કારણ સિવાય બીજું કાંઈ જડતું નથી, એવા વિચાર કરતો-કરતો માધવ પોતાને ઘેર જતો હતો ત્યારે પાદશાહી મહેલ આગળ એક મોટો તમાશો થઈ રહ્યો હતો.

શાહજાદા ખિઝરખાંની આજ સાલગિરાહ હતી તેથી દરબારી કામ સઘળું બંધ હતું, તોપણ પાદશાહ તથા શાહજાદાને મુબારકબાદી આપવાને સઘળા અમીર-ઉમરાવો એકઠા થયા હતા, તથા ખુદ અલાઉદ્દીન પોતાના તખ્ત ઉપર બિરાજેલો હતો. આ વખતે રાજ્યના કારભારીઓમાં કેટલોક ફેરફાર થયેલો હતો. જ્યારે અલાઉદ્દીન ગાદીએ બેઠો, ત્યારે માજી પાદશાહની બેગમ તથા શાહજાદા અરકલીખાં તથા કરદખાંએ રાજ્ય મેળવવાને લડાઈ ચલાવી હતી, તેમાં કેટલાક અમીરોએ તેમને મદદ આપી હતી, તેના બદલામાં તેઓની પાસેથી ઘણું દ્રવ્ય તેઓને મળ્યું હતું. તે તેઓની પાસેથી છીનવી લીધું એટલું જ નહીં, પણ તેઓ સઘળાની આંખ ફોડી નાંખી, તથા તેઓની સઘળી માલમિલકત જપ્ત કરી. એ રીતે તેણે પાદશાહી ખજાનામાં ઉમેરો કર્યો પણ એટલાથી તે ધરાયો નહીં. પોતાને ગાદી મળવામાં કાંઈ હરકત પડે નહીં માટે તેણે પોતે પણ ઘણા અમીરઉમરાવોમાં પુષ્કળ પૈસા વહેંચ્યા હતા. તે સઘળા હમણાં તેણે તેઓની પાસેથી પાછા માગ્યા; અને તેની સાથે વળી લાંચરુશવત લોકો પાસેથી તેઓએ લીધી છે તથા સરકારની પણ મોટી-મોટી રકમો ઉચાપત કરી છે એવું તેણે કેટલાક કામદારો ઉપર તહોમત મૂક્યું. આ કામમાં તેના વજીર ખાજાખતીરે તેને કાંઈ પણ મદદ આપી નહીં એટલું જ નહીં પણ પાદશાહના આ ગેરઇન્સાફ તથા જુલમની સામા ઊલટો અભિપ્રાય આપવાની તેણે હિંમત ચલાવી. પાદશાહ ઘણો જ નાખુશ થયો, અને જો ખાજાખતીરની સાચવટ તથા સદ્ગુણે તેનો બચાવ કર્યો ન હોત તો તેની ગરદન કપાઈ જાત. અગર જો તે જીવતો રહ્યો તોપણ તેના અધિકાર ઉપરથી તેને કાઢી મૂક્યો, અને નુસરતખાંને વજીરાત આપી. એ નવા વજીરે પાદશાહનો ગેરવાજબી હુકમ માથે ચઢાવ્યો, અને તેણે અમીરો ઉપર સખ્તી કરીને તેઓની પાસેથી આપેલા પૈસા પાછા કઢાવવા માંડ્યા. અમીર લોકો આ જુલમથી ઘણા ગભરાયા, તથા બીજો કાંઈ ઇલાજ નથી, એમ જાણી તેઓ તે હુકમની સામે થયા, તથા ઘણા જણે એકઠા મળી એક બંડ ઉઠાવ્યું; પણ તેઓનું કાંઈ વળ્યું નહીં. ઊલટું તેના સઘળા પૈસા ગયા એટલું જ નહીં, પણ સઘળાને કેદખાનામાં નાખ્યા, જ્યાં તેઓને કેટલીક મુદત સુધી સડ્યાં કરવું પડ્યું. પાછળથી પોતાની બેવકૂફીનો ઘણો પસ્તાવો થયો, તથા પોતાના ગુનાને માટે તેઓએ પાદશાહની ઘણી વાર માફી માગી, પણ કઠણ મનના તથા નિર્દય અલાઉદ્દીને તેઓને ક્ષમા આપી નહીં.

હમણાં અલાઉદ્દીનના સઘળા શત્રુઓ છૂટા પડી ગયા હતા, તથા તેને હવે પોતાના રાજ્યની સલામતીને વાસ્તે કાંઈ પણ દેહશત રહી ન હતી; તેથી તેણે વિચાર્યું કે હવે એ અમીરો તરફથી રાજ્યને કાંઈ પણ નુકસાન પહોંચવાનું નથી; તેથી ખિઝરખાં શાહજાદાની સાલગિરાહને રોજ તેઓ સઘળાને છોડી મૂકી તે દહાડાની ઉત્સવની ખુશાલીમાં વધારો કરવાનો તથા લોકોમાં વાહવાહ કહેવડાવવાનો તેણે નિશ્ચય કર્યો. બધા અમીરોને તેણે કેદખાનામાંથી બોલાવી મંગાવી પોતાની સામા ઊભા રાખ્યા. તેઓ બિચારા મરણતોલ થઈ ગયા હતા; અને જીવથી ઊગર્યા તથા બંદીખાનામાંથી એટલા જલદી છૂટયા તેને વાસ્તે તેઓ પરમેશ્વરની અંતઃકરણથી સ્તુતિ કરતા હતા. 'તમે સઘળા હવે બંદીખાનામાંથી છૂટયા.' એટલું પાદશાહના મોંમાંથી નીકળતાં જ તેઓની છાતીમાં હર્ષ ઊભરાઈ ગયો, અને 'શુકરઅલ્લા' એટલા જ અક્ષર તેઓના મોંમાંથી

નીકળી ગયા. તે વખતે મિજલસમાં ઘણા મોટા મોલવી તથા મુસલમાની ધર્મ તથા શરેહના ઘણા કાબિલ લોકો બેઠેલા હતા. તેઓમાં મુખ્ય મોધીસુદ્દીન કાઝી હતો, તે કાઝીસાહેબની સામું જોઈ અલાઉદ્દીન પાદશાહે કહ્યું કે આજે દરબારી કામ સઘળું બંધ છે, તથા આજનો દિવસ ઘણો ખુશી-ખુશાલીનો છે, માટે તમને મારે શરેહ બાબતે કેટલાક સવાલ પૂછવા છે. આગળ કોઈ વખત પણ પાદશાહે ઇલમી લોકોની સલાહ પૂછી ન હતી, તથા એવા સઘળાઓને તે ઢોંગી તથા લુચ્ચા ગણતો હતો, તેથી પાદશાહની ઉપલી વાત સાંભળી કાઝીસાહેબના હોશ ઊડી ગયા, તથા હવે શું થશે તેની ફિકર તેને પડી. તે બોલ્યો : "જહાંપનાહ! આપ જે ફરમાવો છો તે ઉપરથી નક્કી થાય છે કે મારો અંતકાળ પાસે આવ્યો છે, તથા મારા દહાડાની ગણતરી થઈ ચૂકી છે. જો એમ હોય, અને તેમ કરવાની જહાંપનાહની મરજી હોય તો મરવાને હું તૈયાર છું. પણ બંદાની અરજ એટલી જ છે કે જો સાચેસાચું બોલવાને માટે તથા જે ખુદાનો કલામ છે તે પ્રમાણે ખરેખરી દેહશત રાખ્યા વિના અભિપ્રાય આપવાને માટે જો આપ મને ગરદન મારશો, તો મને મારી નાખવાના ગુનામાં ઘણો ઉમેરો થશે. એટલા માટે જ હું ઘણો દિલગીર છું; બીજી કશી વાતની મને દરકાર નથી." આ વાત સાંભળીને પાદશાહે પૂછ્યું : "તમે શા ઉપરથી આટલી દહેશત રાખો છો?" કાઝીએ જવાબ દીધો : "જો હું સાચું બોલીશ, અને તેથી જહાંપનાહને ગુસ્સો લાગશે તો મારી જિંદગી પૂરી થશે, અને જો હું જૂઠું બોલીશ, અને જહાંપનાહને બીજાઓથી સાચી વાતની ખબર થશે તોપણ હું મોતની શિક્ષાને યોગ્ય થઈશ." અલાઉદ્દીને કાઝીને ધીરજ આપી, તથા શાંત મન રાખી પેગંબર સાહેબની શરેહ પ્રમાણે સઘળા સવાલોના સાચા જવાબ આપવાની ભલામણ કરી. પછી પાદશાહે એક પછી એક સવાલો પૂછવા શરૂ કર્યા.

પહેલો સવાલ – જે સરકારી નોકરોએ રુશવત લેવાનો અન્યાય કર્યો હોય, તથા જેમણે સરકારની ઉચાપત કરી હોય, તેમણે ચોરી કરી હોય અને તેઓ ખરેખરા ચોર જ હોય તે માફક તેઓને સજા કરવી મુનાસિબ છે કે નહીં?

જવાબ – જો કોઈ પણ સરકારી નોકરને તેના કામની મહેનત તથા જવાબદારી પ્રમાણે જોઈએ તેટલો મુશારો મળતો હોય, અને તે છતાં પણ તે રુશવત લેવાનો તથા જે લોકોની સાથે તેને કામ પડે તેઓની પાસેથી બળાત્કારે પૈસા કઢાવવાનો ગુનો કરે તો સરકારની નજરમાં આવે તેવા ઉપાયથી તે પૈસા વસૂલ કરી લેવાનો તેને અખત્યાર છે. પણ કોઈ સાધારણ ગુનેગારની પેઠે તેને દેહાંતદંડ કરવાનો તથા તેના હાથ-પગ વગેરે શરીરનું એકાદું અંગ કાપી નાખવાનો સરકારને હક્ક નથી.

પાદશાહે કહ્યું કે આ વાતમાં હું શરેહ પ્રમાણે બરાબર ચાલું છું. કેમ કે સરકારી નોકરોએ જોરજુલમથી ફોસલાવીને અથવા દગાફટકાથી જે પૈસા લોકો પાસેથી લીધા હોય છે, તેઓની પાસેથી હું ગમે તે ઉપાયથી, વખતે મારફાડ કરી તથા તેઓના શરીરને દુઃખ દઈને પાછા કઢાવું છું.

બીજો સવાલ – હું તખ્ત ઉપર બેઠો તે પહેલાં મેં દેવગઢ ઉપર ચડાઈ કરી ત્યાંથી દ્રવ્ય હરી લાવ્યો તે મારી ખાસ મિલકત ગણી તેને મારી પાસે રાખવાનો મારો હક્ક છે કે નહીં? શું તે પૈસા મારે સરકારી ખજાનામાં મૂકવા જોઈએ? અને લૂંટના કોઈ પણ ભાગ ઉપર લશ્કરના લોકોને કાંઈ હક્ક છે કે નહીં?

જવાબ – પાદશાહની સાથે લડાઈમાં જેટલા સિપાઈઓ હતા તેઓમાંના દરેક સિપાઈને જેટલો હિસ્સો આપવો જોઈએ તેટલો જ હિસ્સો લેવાને જહાંપનાહને હક્ક છે.

આ જવાબ સાંભળીને પાદશાહ ઘણો નાખુશ થયો, અને જરા ચિડાઈને બોલ્યો કે જે વખતે હું ફક્ત સરદાર હતો તે વખતે મારી જાતની મહેનતથી મેળવેલી લૂંટ ઉપર સરકારનો

અથવા ખાનગી સિપાઈઓનો શો હક્ક પહોંચે છે. તે મારાથી સમજાતું નથી.

કાઝીએ જવાબ દીધો કે જેટલી લૂંટ આપે પોતાની મહેનતથી મેળવેલી હોય તેટલા ઉપર જ ફક્ત આપનો દાવો વાજબી છે; જેટલી લૂંટ સિપાઈઓની મહેનતથી મેળવી હોય તે ઉપર આપની સાથે તેઓનો પણ હિસ્સો ગણાવો જોઈએ.

ત્રીજો સવાલ – ઉપલી તમામ મિલકત ઉપર મારી જાતનો તથા મારાં છોકરાંનો કેટલો હક્ક પહોંચે છે?

કાઝીએ પોતાના મનમાં નક્કી કર્યું કે હવે મારું મોત પાસે આવ્યું છે, કેમ કે મારા આગલા જવાબથી જ્યારે પાદશાહ ગુસ્સે થયો છે, ત્યારે હમણાં જે જવાબ આપીશ તેથી તે વધારે કોપાયમાન થશે.

પાદશાહ બોલ્યો – બોલ, હું તારા એક પણ વાળને ઈજા કરીશ નહીં.

કાઝી – જહાંપનાહ! એ સવાલનો જવાબ ત્રણ રીતે દઈ શકાય. પહેલી તો એ કે જો આપને અદલ ઇન્સાફ તથા ખલીફાઓના કાયદા મુજબ કામ કરવું હોય તો જેટલા લોકો આપની સાથે સામેલ હતા તેઓ સઘળા જોડે સરખે હિસ્સે એ સઘળી લૂંટ વહેંચી લેવી જોઈએ. બીજી એ કે જો જહાંપનાહને વચલો રસ્તો પકડવો હોય તો જે મોટામાં મોટો હિસ્સો કોઈ પણ લશ્કરી અમલદારને ભાગે આવે તેટલો લઈ સંતોષ પામવો જોઈએ, અને ત્રીજી એ કે જો જુલમી કામો કરાવવાને પાદશાહોને મસલત આપનારાઓ તેવાં કામોની મંજૂરિયતને માટે શરેહનો ગમે તેવો અર્થ મરડીને કરે છે તેવા લોકોના અભિપ્રાય પ્રમાણે ચાલવાની આપની મરજી હોય તો કોઈ લશ્કરી અમલદારને મોટામાં મોટો હિસ્સો મળ્યો હોય તે કરતાં પણ વધારે લેવો. તે લેવાને કાંઈ પણ આધાર મળી શકતો નથી. સાધારણ સિપાઈને ભાગે અથવા કોઈ મોટા અમલદારને હિસ્સે જેટલું આવે તેટલું જહાંપનાહના શાહજાદાઓને મળી શકે.

આ સાંભળી પાદશાહ ઘણો ક્રોધાયમાન થયો અને બોલ્યો "શું, મારા ઘરકબીલાને વાસ્તે તમામ ખરચ કરું છું, તથા નજરાણા તથા ઇનામો વહેંચવામાં જે પૈસા વાપરું છું, તે શરેહથી ઊલટું છે?"

કાઝીએ ધીમેથી જવાબ દીધો, "જ્યારે જહાંપનાહ મને શહેરનો ખુલાસો પૂછો છો ત્યારે હું કુરાને શરીફ પ્રમાણે જવાબ દેવાને બંધાયેલો છું. પણ રાજનીતિ ઉપર નજર રાખી મને જવાબ દેવાનું ફરમાવશો તો બંદો એટલી જ અરજ કરશે કે જહાંપનાહ જે કરે છે તે વાજબી તથા બર-હક્ક છે; કેમ કે રાજનીતિ એવી છે કે જેમ આપ વધારે દોલત એકઠી કરશો, તેમ આપના દરબારને તથા રાજ્યને વધારે શોભા મળશે."

પાદશાહ – જે સિપાઈ હાજરીની વખતે ગેરહાજર રહે છે તેનો ત્રણ વર્ષ સુધી એકેક મહિનાનો પગાર હું અટકાવું છું. જે શખ્સ બંડ ઉઠાવે છે તેની હું જડમૂળથી નસલ કાઢું છું તથા ગમે તે દેશમાં તેઓની સ્થાવર અથવા જંગમ મિલકત હોય તે હું તરત જપ્ત કરું છું. શું તમારો અભિપ્રાય એવો છે કે વ્યભિચારી, ચોર, છાકટા લોકોને દંડવા મુનાસિબ નથી?

આ સાંભળીને કાઝી તો થરથર ધ્રૂજવા લાગ્યો, તથા રાજાની રીતભાત, બોલવાનો જુસ્સો, તથા મોંની શિકલ જોતાં જ તેણે ઊઠી નાસવા માંડ્યું; પણ જ્યારે ઉમરા આગળ ગયો ત્યારે ઊભો રહી ત્યાં પાદશાહને પગે પડ્યો, અને ઊઠીને બોલ્યો કે "જહાંપનાહ, જેટલું કરો છો તેટલું શરેહથી ઊલટું છે." એટલું કહેતાં જ તે લાગલો નાસી ગયો. તેણે ઘેર જઈ વસિયતનામું કર્યું, અને ખુદાતાલાની બંદગી કરી મન શાંત રાખી જલ્લાદની રાહ જોતો બેઠો, પણ તેની દહેશત પ્રમાણે કાંઈ બન્યું નહીં. પાદશાહ કાઝીનું બોલવું તથા આવી રીતે એકદમ નાસી જવું જોઈને ઘણો તાજુબ તથા ગુસ્સે થયો તો ખરો, તોપણ તેણે જેટલું કહ્યું તેટલું સાચા દિલથી તથા ઈશ્વરનો ડર રાખી કહ્યું તેટલા જ ઉપરથી પાદશાહને ઘણી રહેમ આવી, અને તેણે જ્યારે

તે કાઝીને બોલાવી મંગાવવાને એક માણસ મોકલ્યું ત્યારે દરબારી લોકો ઘણા ભય પામ્યા, અને આગળ શું થશે, એ વાતની તેઓને ભારે ફિકર પડી.

કાઝી સાહેબ કાંપતા-કાંપતા પાદશાહની હજૂરમાં આવી ઊભા રહ્યા; પણ પાદશાહે તેના ઉપર ક્રોધની કાંઈ નિશાની દેખાડવાને બદલે તેને આદરમાન આપ્યું, તથા સત્કાર કર્યો; તે જોઈ તે તથા બીજા અમીર-ઉમરાવો ઘણું આશ્ચર્ય પામ્યા. કાઝી સાહેબને એક જરીનો જામો તથા એક હજાર તનખાની થેલીનો સરપાવ થયો; અને એ કીમતી બક્ષિસ આપતી વખતે અલાઉદ્દીન આ પ્રમાણે બોલ્યો : "કાઝી સાહેબ! અગર જો મેં આપની કિતાબનો અભ્યાસ કર્યો નથી, તોપણ મેં મુસલમાનને પેટે જન્મ લીધો છે તે હું કદી ભૂલનાર નથી. તેથી તમે જે સઘળા જવાબ દીધા છે તે સાચા છે એમ મારે કબૂલ કર્યા વિના ચાલતું નથી. તોપણ હું એટલું તો હજી કહું છું કે જો હું તમારા ખરા અભિપ્રાય પ્રમાણે રાજ્ય ચલાવું તો હિંદુસ્તાનનું રાજ્ય એક દહાડો પણ બરોબર ચાલે નહીં. જો ગુનાઓને માટે સખ્ત સજા કરવામાં ન આવે તો ગુના કોઈ કાળે બંધ થાય નહીં. માટે એવી બાબતોમાં મારી અક્કલ પ્રમાણે જ્યારે ઘણી સખ્તાઈથી ચાલું છું, ત્યારે હું ખુદા ઉપર બિલકુલ ભરોસો રાખું છું, અને ઘણી નમનતાઈથી એ દયાળુ, પાક પરવરદિગારની બંદગી કરું છું કે જો મારી ભૂલ થાય તો હું તોબા કરીશ, એટલે હું મહાપાપી ઉપર તે મહેર કરશે."

પાદશાહનું આ બોલવું સાંભળી સઘળા દરબારમાં બેઠેલા લોકો દિંગ થઈ ગયા, અને કાઝી સાહેબની અજાયબ જેવી હિંમત તથા પાદશાહના અદલ ઇન્સાફ તથા ડહાપણ ઉપર તેઓએ હજાર આફરીન કર્યો. છૂટેલા અમીરો પાદશાહને પગે પડ્યા, અને ફરીથી કોઈ વાર તેની સામા માથું ન ઉઠાવવા તેમણે ખરા મનથી વચન આપ્યું. પછી પાદશાહ દરબારમાંથી ઊઠ્યો, અને ખિજરખાં શાહજાદો બધા અમીરોની ટોળીમાં સામેલ થયો. હવે તે દહાડાની ગમ્મત તથા મોજ શરૂ થઈ. કંચનીઓના નાચ થવા માંડ્યા, તથા શરાબબાજી પણ પુષ્કળ ચાલી. તે સઘળું થઈ રહ્યા પછી તેઓ સઘળા પોત-પોતાને ઘેર ગયા. પછી બપોરે અમીર લોકો પાદશાહી મહેલમાં પાછા એકઠા થયા તે વખતે એક પેટીમાં સોના તથા રૂપાની બદામ ભરીને એક ખવાસ શાહજાદા પાસે લાવ્યો, તેમાંથી તેણે મૂઠી ભરીને અમીર લોકોની વચ્ચે ઉડાવી. તે વખતે આ શ્રીમંત લોકો શાહજાદાને માત્ર ખુશ કરવાને માટે ભિખારીની પેઠે બદામ વીણવાને તૂટી પડ્યા, અને તે ગરબડાટમાં કેટલાકની પાઘડીઓ ઊડી પડી, કેટલાક રગદોળાયા, કેટલાક છૂંદાયા, તથા કેટલાક ચીસો પાડવા લાગ્યા, તે જોઈને શાહજાદા તથા બીજાઓને ઘણી રમૂજ થઈ. તે થઈ રહ્યા પછી તોળા થવાનું કામ શરૂ થયું. પહેલાં તો એક મોટો કાંટો મંગાવ્યો. એના એક પલ્લામાં સોનું, હીરા, માણેક તથા બીજું જવાહિર મૂક્યું, અને જ્યારે તે સઘળું તોલમાં શાહજાદાની બરાબર થયું ત્યારે તેને પોતાના ખાસ ચાકરોમાં વહેંચી દીધું. બીજી વાર પોતાની સામા રૂપાના સિક્કા મૂક્યા, અને તે સઘળા સિપાઈ લોકોને આપી દીધા. ત્રીજી વાર તે કીમતી વસ્ત્ર તથા તેજાના સાથે તોળાયો, અને તે બીજા સાધારણ ચાકરોને આપ્યાં; અને ચોથી વાર બીજા પલ્લામાં અનાજ, ઘી વગેરે ખાવાની વસ્તુઓ મૂકી, અને તે જેટલું થયું તે ગરીબ લોકોમાં વહેંચી આપ્યું. એ પ્રમાણે તોળા થઈ રહ્યા પછી મહેલની આગળ એક બંધિયાર ચોગાન હતું તેમાં હાથી તથા વાઘની લડાઈ કરાવવાનો હુકમ થયો. એ ચોગાનની આસપાસ ઊંચો કોટ હતો. તેના મથાળા ઉપર તમાશગીર લોકોથી ઊભા રહેવાય એવી સગવડ હતી. તે કોટમાં બાકાં રાખેલાં હતાં તેમાંથી માણસ બહાર નીકળી શકતું. જોનારાઓની આ વખતે ઠઠ મળી હતી. મહેલમાં પાદશાહ, શાહજાદાઓ, વજીર વગેરે મુખ્ય માણસો બારીએ જ બેઠેલા હતા. ઉપરના માળની બારીએ ચક નાંખી ઝનાનાનું સ્ત્રીમંડળ બેઠેલું હતું. અને નીચે રવેશ ઉપર અમીર-ઉમરાવો ગાદીએ બિરાજેલા હતા. હાથી ઘણો મસ્ત તથા ચાલાક હતો, અને વાઘ પણ

પાતળો, ઊંચો તથા બિહામણો હતો. જ્યારે આ બે પશુઓને છૂટાં મૂક્યાં ત્યારે લોકોએ ખુશીથી બૂમાબૂમ પાડી આખું ચોગાન ગજવી મૂક્યું. પછી વાઘે પોતાની ચપળતાથી તથા ઝડપથી હાથીની સૂંઢ ઉપર ચડવાને ઘણાં ફાંફાં માર્યાં, પણ તેણે તે સૂંઢ ઊંચી જ રાખી તેથી તેનું કાંઈ ફાવ્યું નહીં. હાથી તેને પોતાના પગ નીચે લાવીને કચડી નાંખવાને યુક્તિ કરતો હતો, પણ દુશ્મન એટલો ચાલાક હતો કે તે હરેક વખતે તેના સપાટામાંથી તરત છટકી જતો. જ્યારે-જ્યારે આ બેમાંથી કોઈ મરવાની અણી પર આવતું ત્યારે લોકોના મોં ઉપરથી લોહી જાણે ઊડી જતું, અને તે બચી જાય ત્યારે તેઓને બેહદ હર્ષ થતો. એ પ્રમાણે એક કલાક સુધી રમત ચાલી પણ બેમાંથી એકેનો જય થયો નહીં. તે બંને પશુઓ ઘણાં ખીજવાયાં, અને પોતાનો તમાશો જેમ બને તેમ જલદીથી પૂરો થાય એવી રીતે ઘણા જુસ્સાથી એકએકની સામાં થયાં. અંતે વાઘ હાથીના સપાટામાં આવી ગયો, તેને તરત સૂંઢમાં પકડ્યો અને તેના શરીર ઉપર એક પગ મૂકી તેને ચીરી નાખ્યો. એ ભયંકર તમાશો જોવાથી લોકોના મનમાં દયા ઉત્પન્ન થવાને બદલે તેઓ ઘણા જ ખુશી થયા, અને જાણે કોઈ દુશ્મન ઉપર મોટી ફતેહ મેળવી હોય તેમ તેઓએ જયજયકારની બૂમ પાડી. પછી લોક પોતપોતાને ઘેર ગયા. હાથીના માવતને મોટો સરપાવ થયો. પાદશાહી મહેલમાં પાછો રંગ મચી રહ્યો, અને ચોગાન જેવું હતું તેવું સાફ થઈ રહ્યું.

રાતના વખતે શહેરની શોભાનું વર્ણન થઈ શકે એવું ન હતું. શાહજાદાની સાલગિરાહ તેથી તે શહેર બહાર દરવેશ સીદી મૌલાની કબર ઉપર ફૂલ ચઢાવવાને સવારી સહિત તે રાત્રે જવાનો હતો. એ દરવેશના મોતથી અલાઉદ્દીન પાદશાહ થયો; તે જીવતો હતો ત્યારે તે ઘણો ચમત્કારી પુરુષ ગણાતો હતો; અને મૂઆ પછી તેની માનતા ચાલવા લાગી તેથી તે પીરની સંખ્યામાં દાખલ થયો. શહેરમાં રોશની કરેલી હતી, તેમાં વિશેષે કરીને જે રસ્તેથી સવારી જવાની હતી ત્યાં દીવાનો ભભકો એટલો બધો હતો કે ત્યાં આગ લાગી હોય એટલું અજવાળું થઈ રહ્યું હતું. મોટા અમીર લોકોના મહેલમાં પણ માંહેથી તથા બહારથી ઘણી જ રોશની કરવામાં આવી હતી અને આગળ હોજ ઉપર જે દીવાઓ મૂકેલા હતા તથા તે ઉપર ચોતરફ ફૂલોના હાર બાંધેલા હતા તેનું પ્રતિબિંબ પાણીમાં પડતું તેથી ઉપર તથા નીચે બંને ઠેકાણે ઝળઝળાટ થઈ રહ્યો હતો. દુકાનો ઉપર પણ રોશનીની સાથે ફૂલોનાં તોરણ બાંધેલાં હતાં. વળી આખે રસ્તે ચીનના કારીગરોની બનાવેલી આતશબાજી મંગાવેલી હતી તેમાંથી તરેહતરેહવાર ઝાડ થોડે-થોડે અંતરે દાટેલાં હતાં. રસ્તામાં લાખો લોકો ઘણા સુંદર પોશાક પહેરીને ફરતા હતા. હિંદુઓ બિચારા બી-બીને રસ્તાની બાજુએ ચાલતા હતા. મુસલમાન ફકીરોનાં ટોળેટોળાં લોકોને હડસેલા મારતાં તથા બીજી રીતે ઉપદ્રવ કરતાં જતાં હતાં. પઠાણ લોકો જેઓનું રાજ્ય હતું, તેઓ ઘણા ડોળથી પતરાજીની સાથે ધીમે-ધીમે ડગલાં ભરતા હતા. મુસલમાન સવારો ઘોડા નચાવતા તથા કુદાવતા અને કોઈ માણસ છૂંદાશે તેની પરવા ન રાખતાં રસ્તાઓમાં લોકોને આણીગમ-તેણીગમ દોડાવતા હતા. સિપાઈ લોકો પણ ઘણી બેપરવાઈથી હારની હાર લોકોને હડસેલતા જતા હતા. થોડાક મોગલ લોકો જેઓનો ચઢતો દહાડો હજી આવ્યો ન હતો તેઓ ભરાતા-ભરાતા તથા ગુપચુપ વાત કરતા ચાલ્યા જતા હતા. અમીર તથા પૈસાવાળા મુસલમાન લોકો ઘોડા, હાથી, પાલખી અથવા ગાડીઓમાં બેસીને દોડાવતા આગળ જઈ કોઈ સારે ઠેકાણે ઊભા રહેતા હતા, એ પ્રમાણે સઘળે રસ્તે એટલી તો ભીડ થઈ રહી હતી કે લોકોનાં માથાં ઉપરથી થાળી ચાલી જાય તોપણ નીચે પડે નહીં.

થોડી રાત ગયા પછી સવારી નીકળી. આગળ ડંકા, નોબત તથા નિશાનવાળાઓ ઘોડા, હાથી તથા ઊંટ ઉપર બેસીને આવ્યા. પછી સવારો, સિપાઈઓ વગેરેનાં ટોળેટોળાં વગર બંદોબસ્તે ચાલતાં હતાં. છેલ્લે શાહજાદાનો હાથી આવ્યો. તે ઘણો જ શણગારેલો હતો. તેના

ઉપર સોનેરી ઝૂલ હતી તથા હીરામાણેકનાં ઘરેણાં તેને ઘાલેલાં હતાં. શાહજાદાનો શણગાર પણ તેવો જ ઉમદા હતો. તેણે ઘરેણાં ઘાલેલાં હતાં એમ કહીએ તો ખોટું પડે, તેને ઘરેણાં વડે લાદેલો હતો, અને મહમૂદ ગઝનવી, શાહબુદ્દીન ઘોરી ઇત્યાદિ જે મોટા પાદશાહો થઈ ગયા તે કરતાં પણ અલાઉદ્દીને વધારે દોલત હિંદુસ્તાનમાંથી લૂંટફાટથી મેળવી હતી તે આ વખતે જણાઈ આવતું હતું. હીરા, મોતી, માણેક તો રેતીના કાંકરાની પેઠે વાપરેલાં હતાં. સોનું તો તેના મનને પિત્તળ અને રૂપું તો કલાઈ જેવું ગણાતું હતું. એ સઘળાની પાછળ છૂટી આતશબાજીનાં ગાડેગાડાં ભરેલાં ચાલતાં હતાં, દીવાઓની રોશની તથા આતશબાજીના અજવાળાથી શાહજાદાનાં ઝવેરો જે ઝેબ મારતાં તથા તેઓમાંથી જે ઝળકાટ નીકળતો તેથી તેનું શરીર સૂર્યના બિંબ જેવું દેખાતું એટલે તેની સામું જોવાને કોઈની આંખમાં કૌવત ન હતું, એ પ્રમાણે સવારી મોટા બજારમાં આવી. સઘળા તમાશગીરોમાંના અર્ધા તો ત્યાં જ એકઠા મળેલા હતા. તે સિવાય ગાડી, ઘોડા, હાથીની કાંઈ ખોટ ન હતી. વળી રસ્તો ઘણો સાંકડો તથા આતશબાજીનાં ઝાડ ઘણાં પાસે દાટેલાં તેથી પહેલું જ ઝાડ છૂટતાં લોકોમાં કચડાકચડી થઈ અને જો લોકો એકદમ ઓછા નહીં થાય તો ફક્ત ભીડાભીડથી જ કેટલાક મરી જશે, એવી દહેશત લાગવા માંડી. પણ કમનસીબે બીજું ઝાડ જે સળગાવ્યું તે ફાટ્યું અને તેમાંથી જે તોટા તથા હવાઈ છૂટી તે કેટલીક સવારીના લોકો ઉપર, કેટલીક તમાશગીરો ઉપર, અને કેટલીક પાછળનાં આતશબાજીનાં ગાડાંમાં પડી. તે વખતે તમામ લોકોમાં ઘણો ગભરાટ થયો. પાછલાં ગાડાંમાંથી જે આતશબાજી સળગી તે સઘળી ઊડીને લોકો ઉપર પડી તેથી હજારો માણસોનાં પાઘડી-લૂગડાં સળગી ગયાં. લોકો નાસવાનું કરે પણ કાંઈ તાગ લાગે નહીં. એકેકને અડક્યાથી તથા દબાયાથી કેટલાકનાં લૂગડાં હોલવાઈ ગયાં, પણ બીજાઓનાં સળગ્યાં. લોકો મારામાર કરી, તથા જેઓની પાસે હથિયાર હતાં તેઓ તલવાર, કટાર, ખંજર લોકોના શરીરમાં ઘોંચી બહાર મેદાનમાં પડવાનું કરે, પણ લોકોનો જે કોટ થઈ રહેલો તેમાંથી નીકળાય નહીં. બળવાના તથા છૂંદાવાના દરદથી લોકો ચીસાચીસ પાડવા લાગ્યા. ઘરડા, અશક્ત તથા બાળક બિચારાં ભોંય ઉપર પડી રગદોળાતાં તેઓ બૂમાબૂમ પાડતાં, તેમાં તોટા, હવાઈ, ફટાકા વગેરેનો સણસણાટ તથા ફડફડાટ થઈ રહ્યો હતો તેથી તે સ્થળ એક રણસંગ્રામના જેવું થઈ રહ્યું. વળી અધૂરામાં પૂરા ઘોડાઓ ચમકી તથા હાથીઓ ઘેલા થઈ લોકોમાં દોડવા તથા કૂદવા લાગ્યા. તેઓએ પોતાના સવારોને પાડી નાખ્યા, અને આવો લાગ ફરીથી મળશે નહીં એવો જાણે વિચાર કરી જોરથી વગર મતલબે આણીગમ-તેણીગમ દોડવા તથા લોકોને પગ તળે છૂંદી નાખવા લાગ્યા. ધનવાન અને નિર્ધન, જુવાન ને ઘરડા, શેઠ અને ચાકર, અમીર અને ફકીર એ સઘળામાં કાંઈ અંતર રહ્યું નહીં. તેઓ સઘળા એકસરખા ધૂળમાં રગદોળાયા. જેઓ સવા મણની તળાઈ ઉપર સૂતા, જેઓને ચંપી કરનારા ખિદમતગાર હતા, જેઓને વા નાખનાર ચાકરો હતા, સારાંશ જેઓને કોઈ દહાડો ઊનો વા લાગેલો નહીં તેઓ હમણાં ધૂળ ઉપર પડેલા હતા, તથા તેઓનાં આખાં શરીર ઉપર એટલી તો ચંપી થતી હતી કે હવે ફરીથી તેઓના જન્મારામાં તેઓને ચંપી કરનારાઓનો ખપ પડવાને ન હતો.

અત્યાર સુધી શાહજાદાના હાથીને તેના માવતે તથા બીજા ચાકર નફરોએ એવો જોરથી પકડી રાખ્યો હતો કે તેના ઉપર આગના ગોટા પડતા તોપણ તેનાથી એક તસુ પણ ખસાતું ન હતું. શાહજાદાના કીમતી પોશાકમાં ઠેકાણે-ઠેકાણે બાકાં પડ્યાં અને આસપાસના લોકોની મહેનત ન હોત તો તે પણ બળીને કોયલો થાત. પણ એ પ્રમાણે ઘણી વાર નભ્યું નહીં. એક મોટો આગનો ગોળો હાથી ઉપર પડતાં જ તે ગાંડો થઈ ગયો અને એટલું જોર કરીને આગળ ધસ્યો કે બીજા લોકો સઘળા પાછળ પડી ગયા. હાથીએ છૂટો થતાં જ માવતને સૂંઢ વતી લોકોની વચ્ચે ઉડાવી દીધો. પછી સ્વતંત્ર થઈ લોકોમાં તેણે દોડવા માંડ્યું, તેથી ઉપરનો

મેઘાડંબર ઢીલો પડી ગયો, અને હમણાં પડશે, એમ દહેશત લાગવા માંડી. શાહજાદાનાં કપડાં સળગવા લાગ્યાં અને ત્યાં કોઈ મદદગાર ન હોવાથી તેનું આવું અકાળ મૃત્યુ નિશ્ચય આવ્યું એમ સૌને જણાયું. પણ જેને સાહેબ રાખનાર તેને કોણ મારી શકે? શાહજાદો ગભરાયો તો ઘણો; જો ઉપર બેસી રહે તો બળીને મરે એ નક્કી, એ ભૂસકો મારી નીચે પડે તો ભીડમાં કચરાઈ મરે એ પણ નિશ્ચય. આવે વખતે જ્યારે સૌ-સૌને પોતાના જીવની ફિકર પડેલી તે વખતે શાહજાદો અને ફકીરજાદો બંને એકબીજાને મન સરખા. હમણાં મારી કોઈ સંભાળ લેવાનું નથી, એવો વિચાર કરી પરમેશ્વરની તેણે બંદગી કરી. પણ તે કરવામાં જ તેનાં લૂગડાં ફરીથી સળગ્યાં, અને તે બળતું તેના શરીર ઉપર ઝડપથી પથરાતું હતું એટલામાં એક જુવાન શખ્સ ભીડમાંથી ઘણું જોર કરી બહાર નીકળ્યો, હાથી આગળ ગયો, અને કેટલાક લોકોના ખભા ઉપર ઊભા રહી એક છલંગ મારી તેણે શાહજાદાને પકડી લીધો, અને તેઓ બંને પાછા ભોંય ઉપર પડ્યા. પરમેશ્વરના કરવાથી ત્યાં આગળથી લોકો આ બનાવથી આશ્ચર્ય પામીને ખસી ગયેલા તેથી, ત્યાં ખાલી જગ્યા રહેલી માટે તેઓને કાંઈ નુકસાન લાગ્યું નહીં. શાહજાદાને બચાવનાર તેને પકડી પાછો ઊઠ્યો, અને જેટલા જોરથી તે માંહે આવ્યો હતો તેટલું જોર કરી બહાર નીકળી ગયો. બજાર બહાર એક ખુલ્લી જગ્યા હતી ત્યાં તેઓ બંને મરવા જેવા થઈ પડ્યા. શાહજાદો મરવાના ધાકથી, આ સઘળી ગડબડાટથી, તથા અકળામણથી બેશુદ્ધ થઈ ગયો. તેનો બચાવનાર પણ ઘણી મહેનતથી, મનના જુસ્સાથી, પોતાનું ધારેલું કામ વગર જોખમે પાર પડ્યું તેના હર્ષથી, તથા તેણે જે કામ કર્યું તેનાં પરિણામ સારાં તથા ધાર્યા પ્રમાણે નીપજશે એવી ઉમેદથી બેભાન થઈ પડ્યો. થોડી વાર પછી ઠંડા પવનની અસરથી બંને એકી વખતે જ જાગ્રત થયા. તે વખતે શાહજાદાનું અંતઃકરણ ઉપકારથી ભરાઈ આવ્યું, અને તેના જોશમાં તે તેના જીવ બચાવનારને ભેટ્યો, અને તે જે માગે તે આપવાનું વચન આપ્યું. માધવને (શાહજાદાનો બચાવનાર તે જ હતો) હર્ષનાં આંસુ આવ્યાં, અને પોતાનો દિલ્હી આવવાનો ફેરો સફળ કરવાના તથા તેના તથા હૈયામાં વેરદેવી હતી તેને બલિદાન આપી તૃપ્ત કરવાના ઇરાદાથી માત્ર પાદશાહ અલાઉદ્દીનની એક વાર મુલાકાત માગી. શાહજાદાએ તે ઘણી ખુશીથી કબૂલ કરી, તેનું નામઠામ લખી લીધું તથા બીજે દિવસે સવારે તેને વાસ્તેથી હાથી, ઘોડા, સવાર વગેરે મોકલી ધામધૂમથી પાદશાહની હજૂરમાં બોલાવવા, અને ત્યાં કાંઈ મોટું ઇનામ અપાવવા શાહજાદાએ કબૂલાત આપી. એટલામાં શાહજાદાનાં માણસો આવ્યાં, તેઓ તેને લઈ ગયાં. લોક પોત-પોતાને ઘેર ગયા. સવારી પાછી વળી. માધવ પોતાને ઉતારે ગયો. અને આખી રાત મોટી-મોટી મશાલો સળગાવી લોકોએ પોતાના મરતા તથા મૂએલા સગા તથા મિત્રોને શોધ્યા કર્યું.

માધવને તે રાતે જરા પણ ઊંઘ આવી નહીં. શાહજાદાને બચાવવાનો વિચાર શી રીતે સૂઝ ્યો, આટલી અથાગ ભીડમાંથી હાથી પાસે શી રીતે જવાયું, તથા શાહજાદાને લઈને શી રીતે જીવતાં બહાર અવાયું, અને હવે કાલે સવારે પાદશાહને શી રીતે મળવું, ત્યાં શી વાત કરવી, મારે માટે શું માગી લેવું, પાદશાહ મારી વાત કબૂલ કરશે કે નહીં, આ સઘળા વિચાર તેના મનમાં આવ્યા કર્યા, તેથી સવાર થતાં કાંઈ જ વાર લાગી નહીં. તેણે ઊઠીને સ્નાન કર્યું, અને જે ઊંચામાં ઊંચો પોશાક પોતાની પાસે લાવ્યો હતો તે પહેર્યો. એટલામાં પાદશાહની તરફથી હાથી તથા સવાર તેને તેડવાને આવ્યા. માધવ ઘણા હર્ષમાં તથા મોટી ધામધૂમની સાથે પાદશાહના મહેલમાં ગયો. ત્યાં થોડી વાર રાહ જોયા પછી તેને પાદશાહની હજૂરમાં દાખલ કર્યો. આગલા દહાડાની તમામ હકીકતથી પાદશાહ સારી પેઠે વાકેફ હતો તેથી માધવને તે વાત કહેવી પડી નહીં. માધવને બેસવાની જગ્યા આપીને તેનું નામ, જાત, ધંધો તથા આગળ તેણે શાં-શાં કામ કર્યાં તે સઘળું પૂછ્યું, તે ઉપરથી તેણે તે દહાડા સુધીનો પોતાનો સઘળો અહેવાલ

કહી સંભળાવ્યો, અને છેલ્લી વારે બોલ્યો : "જહાંપનાહ! આખા હિંદુસ્તાનમાં ગુજરાત જેવો ફળવાન તથા દ્રવ્યવાન પ્રાંત બીજો કોઈ નથી. તે હિંદુસ્તાનનું કાચું સોનું છે. તેમાં સઘળી જાતની પેદાશ થાય છે. તેની તમામ જમીન ખેડાય એવી છે. નદીનાળાંથી ભરપૂર છે. તેમાં ઘણાં સુંદર વન છે. તેમાં રળિયામણા પહાડો છે. સારાંશ કે તે આ લોકમાં દેવલોક જેવું છે. ત્યાંનો રાજા કરણ વાઘેલો દુષ્ટ, કૃતઘ્ની તથા હઠીલા સ્વભાવનો છે, તેથી તેના ઉપર લોકોની જરા પણ પ્રીતિ નથી. રાજ્ય અસલ તો બળવાન હતું પણ હાલ કેટલીક મુદત થયાં તે નિર્બળ થઈ ગયું છે. ખંડિયા રાજાઓ ખંડણી બરોબર આપતા નથી. સામંત લોકો અસંતોષી છે. સિપાઈઓના પગાર ચઢેલા રહે છે તેથી તેઓ પણ નાખુશ રહે છે. દેશમાં બીજા લોકોમાં શૂરાતન રહેલું નથી. મારા ઉપર લોકોની પ્રીતિ છે. મારા ઉપર જે જુલમ ગુજર્યો છે તે ઉપર લોકો ત્રાસ ખાય છે; હજી રાજ્યમાં મારા ઘણા મિત્રો છે. આપનાં ત્રાસથી બીજા રજપૂત રાજાઓ થરથરી ગયા છે, તેથી આ સમયે તેઓ પણ તેને સહાય થશે નહીં; બલકે તેના લશ્કરનો કેટલોક ભાગ મારે લીધે આપણને આવી મળશે, માટે ગુજરાત જીતવું કાંઈ જ મુશ્કેલ નથી. આપને મન તો તે છોકરાની રમત છે. તેથી મારી અરજ એટલી જ છે કે તે દેશ સર કરવો, અને તેનો સૂબો ગમે તેને મુકરર કરવામાં આવે તોપણ તેના હાથ નીચે મુખ્ય કારભાર મને સોંપવો."

અલાઉદ્દીને પોતાનું નામ બીજો સિકંદર રાખ્યું હતું, અને તે નામ તેણે સિક્કા ઉપર કોતરાવ્યું હતું તેથી તેને અસલ રૂમી સિકંદરની પેઠે દેશો જીતવાનો ઘણો શોખ હતો. માટે જ્યારે આવો વખત આવ્યો ત્યારે તેનો ઉપયોગ કર્યા વિના તેને જવા ન દેવો, એવો તેણે નિશ્ચય કર્યો. તેણે માધવની સઘળી વાત કબૂલ રાખી. થોડી મુદતમાં ગુજરાત જીતવાનું વચન આપ્યું, અને તેને કેટલુંક દ્રવ્ય આપી વિદાય કર્યો.

પ્રકરણ ૭મું

પાટણથી સિદ્ધપુર અને ત્યાંથી અંબાભવાની, આબુ, મેવાડ, મારવાડ વગેરેમાં થઈને દિલ્હી શહેર આપણે જોયું; ત્યાંની શોભા, પાદશાહની રીતભાત તથા રાજ્યનીતિ સઘળું આપણા જાણ્યામાં થોડુંક આવ્યું. હવે પાછા આપણે અણહિલપુર પાટણના કરણ ઘેલા રાજાની ભેટ લઈએ અને જેટલી વાર આપણે તેનાથી આઘા હતા તેટલી વારમાં શા-શા બનાવો બન્યા તેનું ટૂંકમાં વર્ણન કરી આગળ શું બને છે તેથી વાંચનારાઓને વાકેફ કરીએ.

રૂપસુંદરીનું હરણ થયું, કેશવ માર્યો ગયો, તેની સ્ત્રી ગુણસુંદરી તેની પાછળ સતી થઈ, તથા માધવ રાજ્યમાંથી નાસી ગયો, એ સઘળા બનાવો એકીવારે થયા તેથી શહેરના લોકોનાં મન ઉપર ઘણી જ અસર થઈ. જ્યાં જુઓ ત્યાં એની એ જ વાત થતી હતી, અને આગળ શું નીપજશે તે વિશે લોકોમાં ભારે દહેશત પેઠેલી હતી; અને તે કંઈક ખરી પણ પડી. ઉપલી સઘળી હકીકત બની ત્યાર પછી ત્રીજે દહાડે રાતે શહેરમાં મોટી આગ લાગી, અને તેને જેમ-જેમ છાંટતા ગયા તેમ-તેમ બીજાં નવાં ઘરો સળગતાં ગયાં. લોકો ઘણા ભયભીત થયા. કેટલાક લોકો કહેવા લાગ્યા કે આ તો દૈવકોપ થયો. કેટલાક બોલવા લાગ્યા કે અમે આકાશમાં ઊડતાં માણસોને આગ લગાડતાં જોયાં. આગ તો ઘણી મહેનતથી છંટાઈ, પણ એ બનાવ બનવામાં કાંઈ ચમત્કાર છે, એમ લોકોને થોડી વારમાં ખાતરી થઈ. કેટલાક લોકોની બારીએ રાતની વખતે મોટા-મોટા પથ્થરો અથડાયા; કેટલાકનાં ઘરમાં રાંધેલું ધાન બદલાઈને નરક થઈ ગયું; કેટલાકનાં ઘરમાં કૂવાનાં પાણી બદલાઈને લોહી જેવાં થઈ ગયાં; રાતે મોટી મોટી ચીસો સંભળાવા લાગી; કોઈથી દીવા થયા પછી બહાર નીકળાય નહીં. ઘણાંનાં ઘરમાં બૈરીઓ ધૂણવા લાગી; અને વારે-વારે શહેરમાં આગ લાગ્યા કરવા માંડી. એ પ્રમાણે પુરમાં હાહાકાર થઈ રહ્યો. રાજાના મહેલમાં પણ ઘણી ઊથલપાથલ થઈ ગઈ, અને એક દહાડો કરણની માનીતી સ્ત્રી જાંજમીર તળાજાની ફુલારાણી ઘણા જોસથી ધૂણવા લાગી, તથા તેનામાં એટલું તો સામર્થ્ય આવ્યું કે ભલભલાની તેની પાસે જવાની હિંમત ચાલે નહીં. સઘળાઓને હવે ખાતરી થઈ કે કોઈ મોટું જોરાવર ભૂત શહેરમાં આવ્યું છે, અને તે સઘળાઓને આવી રીતે ઉપદ્રવ કરે છે. હવે ભૂવા, જતિ વગેરે મંત્ર જાણનારા લોકોની રોજી જાગી. તેઓ ઠામેઠામ ભૂતને બોલાવવા લાગ્યા; શહેરના સઘળા દરવાજા ઉપર ખીલા ઠોક્યા; ચકલે-ચકલે ઉતાર મૂક્યા, જગાએ-જગાએ કાપેલાં તથા સિંદૂર ચોપડેલાં લીંબુઓ રઝળતાં પડ્યાં, તથા ઘેર-ઘેર મંત્રેલા અડદના દાણા વેરાવા લાગ્યા. ઘણા લોકોએ ઘરમાં સરસિયાના દીવા બાળવા માંડ્યા; પણ ભૂત શહેરમાંથી ગયું નહીં. તથા તેની પીડા પણ ઓછી થઈ નહીં. જ્યાં-જ્યાં ભૂત ધુણાતું ત્યાં ત્યાં તે પોતાનું નામ બાબરો કહેતું હતું, તેથી આખા શહેરમાં એક જ ભૂત છે એમ સાબિત થયું. લોકો ઘણા ત્રાસ પામ્યા, અને સઘળે ઠેકાણે અને સઘળી વખતે એના એ જ વિષય ઉપર ચર્ચા ચાલી રહી. એક દહાડો સવારે શહેરની આગળ એક કૂવા ઉપર બૈરીઓ પાણી કાઢતી હતી તે વખતે એકદમ કૂવામાં એક મોટો ધબાકો થયો, અને તે સાંભળતાં જ સઘળી બૈરીઓ જીવ લઈ નાસી ગઈ. તેઓમાંની એક કૂવામાં પડી, અથવા તેને કોઈએ ફેંકી દીધી, એમ કહીએ તો ચાલે. ઘણા લોકો એકઠા થયા, પણ કોની માએ શેર સૂંઠ ખાધી હોય કે તે ડૂબતી બૈરીને બહાર કાઢે. બાબરા ભૂતે તેને ફેંકી દીધેલી એટલે કૂવામાં ઊતરવાની કોઈની હિંમત ચાલે નહીં. એટલામાં ત્યાં એક રજપૂત સવાર આવી પહોંચ્યો. તેણે આ વાત સાંભળતાં જ પોતાના હાથમાં એક સવા મણનો ભાલો હતો તે તેની સાથેના એક માણસને આપ્યો, પોતાનાં લૂગડાં ઝટ વારમાં કાઢી નાંખી કૂવામાં ઊતરી પડ્યો, અને સહેજ વારમાં તે બૈરીને હસહસતી લઈ ઉપર આવ્યો. આ રજપૂતનું પરાક્રમ જોઈ સઘળા ઘણા વિસ્મિત થયા, અને તે જીવતો બહાર

નીકળ્યો તેથી તેઓ ઘણા હરખાયા. તે બૈરીનો ધણી તથા તેનાં માબાપ તે જગાએ આવી પહોંચ્યાં હતાં, તેઓએ તે રજપૂતનો ઘણો ઉપકાર માન્યો, અને તેને પણ પોતાને ઘેર પરોણા દાખલ તેડી ગયાં. રજપૂતને પણ કોઈ ઉતારો શોધવો જ હતો તેથી તેણે તેઓને ઘેર જવાનું કબૂલ કર્યું; અને લોકો સઘળા તે જગાએથી વેરાઈ ગયા.

તે બૈરીને ઘેર પહોંચ્યા પછી પેલો રજપૂત સવાર ઘણા ઊંડા વિચારમાં પડ્યો. કરણ રાજાને શી રીતે મળવું, એ વિશે કાંઈ તદબીર શોધી કાઢવામાં તેનું મન હમણાં લાગેલું હતું. ઘરધણીએ રસોઈ તૈયાર કરાવી તેને જમવાની વિનંતી કરી; અને જમતાં-જમતાં પોતાના પરોણા આગળ હમણાં થોડા દહાડામાં થયેલી સઘળી હકીકત વિગતવાર કહી સંભળાવી. બાબરો ભૂત જે શહેરમાં ખરાબી કરતો હતો, તથા રાજાની ફુલારાણીને તે વળગેલો હતો, તે વાત તેણે વિસ્તારીને કહી. રજપૂત આ સઘળું સાંભળી ઘણું હરખાયો, અને કોઈ મોટું પરાક્રમ કરી રાજાની નજર તળે આવવું, અને પછી પોતાની સઘળી વાત તેની આગળ કહેવી એવો તેણે ઠરાવ કર્યો. બાબરા ભૂતને મારી, ફુલારાણીને તેના જુલમથી બચાવવી, એ જ કામ હમણાં તેને કરવા લાયક હતું; માટે ગમે તે ઉપાયે કરવાનો તેણે નિશ્ચય કર્યો. પણ તે થાય શી રીતે? તે નાનપણમાં એક ભૂતનો મંત્ર શીખેલો હતો, અને તે ખરો છે, એમ તેણે ઘણી અજમાશથી નક્કી કર્યું હતું. પણ તેણે તે ઘણી મુદત થયાં અજમાવ્યો ન હતો, તેથી હાલ તેની અસર થશે કે નહીં એ સંબંધી તેને ખાતરી ન હતી. હવે કાળી ચૌદશને બે-ત્રણ દહાડા બાકી રહ્યા તેથી એ મંત્રને તે દહાડે મધ્યરાત્રીએ સાધવાનો તેણે મનસૂબો કર્યો. સઘળો સામાન તૈયાર કર્યો, અને કાળી ચૌદશની તે રાહ જોતો બેઠો.

કાળરાત્રીનો એક પહોર ગયો તે વખતે અણહિલપુરનું સ્મશાન ઘણું ભયંકર દેખાતું હતું. સઘળે અંધકાર વ્યાપી રહ્યો હતો. એક તો વદ ચૌદશની રાત એટલે અંધારું તો હોય જ, તે સાથે વળી આ વખતે તો ઘનઘોર થઈ રહ્યું હતું. આકાશમાં કાળાં વાદળાં છવાઈ ગયેલાં હતાં, તથા ઝરમર-ઝરમર વરસાદ વરસતો હતો. વીજળીના ચમકારા વખતે-વખતે થતાં, તેમાં સરસ્વતીનું કાળું પાણી તથા કાંઠા ઉપર ઊગેલાં ઘણાં ઝાડ તથા નાની નાની દહેરીઓ, દેવડીઓ, તથા મોટાં શિવાલયો દેખાતાં હતાં. વીજળી થયા પછી ભયાનક કડાકા સંભળાતા હતા, તથા વખતે-વખતે પવન એવા જોરથી વાતો હતો કે ઝાડની ડાળીઓ ભોંય સાથે તથા એકબીજા સાથે અથડાતી હતી. ઢોરનાં સૂકાં હાડકાં મસાણમાં સડ્યાં કરતાં હતાં તેમાંથી ફૉસ્ફરસ નીકળી ખુલ્લી હવાને લાગતાં તેમાં મોટા ભડકા થતા, તથા કીચડવાળી ભોંયમાંથી એક જાતનો વાયુ નીકળી તે પોતાની મેળે સળગતો, અને અંતરીક્ષમાં તેના ભડકા ઊડ્યા કરતા. એ બળતાં ઉપર વરસાદના ઝીણા-ઝીણા છાંટા પડતા ત્યારે તેમાંથી એક જાતનો છણછણાટ થતો સંભળાતો હતો. ત્યાં કોઈ પણ પ્રાણી નજરે પડતું ન હતું. નદીને સામે કાંઠે તેમ આ કાંઠે પણ આઘે-આઘે કેટલાક માછીઓ પોતપોતાની હોડીઓ લંગરવાર કરી મોટાં તાપણાં સળગાવી તેની આસપાસ બેઠા હતા. કંસારીનો ઝીણો શબ્દ તથા દેડકાંનો બેસૂરો અવાજ કાને પડતો હતો. એવી ભયંકર જગાએ તથા એવા ભયાનક વખતે વીજળીના તેજથી એક માણસ નદીના કિનારા ઉપર ફરતો દેખાતો હતો. તે જોઈ તેની હિંમતનાં વખાણ કર્યા વિના કોઈથી રહેવાય જ નહીં. વીજળીનો એક મોટો ચમકારો થયો એટલે માલૂમ પડ્યું કે એ ફરનાર માણસ પેલો રજપૂત સવાર, જેણે તે દિવસે કૂવામાંથી બૈરીને કાઢી હતી તે જ હતો; અને તે આ વખતે તથા આ જગાએ શા માટે આવ્યો હતો, તેની અટકળ પણ થઈ શકશે. આસપાસના દેખાવથી જરા પણ ડર ખાધા વિના જાણે ધોળે દિવસે પાટણના રસ્તા ઉપર તે ફરતો હોય એમ બેધડક તથા વગર બીકે ચાલતો હતો. અને કોઈ વસ્તુ શોધતો હોય એમ લાગતું હતું. કેટલીક વાર ચાલ્યા પછી તે એક જગાએ અટક્યો, અને ત્યાં ઊભો રહી પોતાની

પાસે એક નરાજ હતી તે વડે ત્યાં ખોદવા લાગ્યો. આશરે એક ઘડી સુધી ઘણા જોરથી ખોદ્યા પછી તે અટક્યો; નરાજ જમીન ઉપર મૂકી દીધી, અને પોતાના ધોતિયા વડે મોં ઉપર પરસેવાનાં મોટાં-મોટાં ટીપાં બાઝ્યાં હતાં તે લૂછી નાખ્યાં. તેણે કમર તાણીને બાંધી, અને તે ખાડામાં નીચે ઊતરવા જાય છે એટલે એક ચીસ અને પાણીમાં મોટો ધબાકો તેણે સાંભળ્યો. તે જ વખતે તે ત્યાંથી છલંગ મારી દશ કદમ પાછળ પડ્યો, અને ભયથી થરથર ધ્રૂજવા લાગ્યો. તે આ વખતે એક ક્ષણ વાર પણ ભયને વશ થયો ખરો, તોપણ તે છેક હિંમત હાર્યો નહીં. તે લાગલો જ કિનારા ઉપર ગયો અને ત્યાં જુએ છે તો એક સુસવાટ એક કૂતરાને પકડી પાણીમાં ઘસડતી તેની નજરે પડી. કૂતરાએ બહાર નીકળવાને ઘણાયે પછાડા માર્યા, પણ પાણીમાં તેનું જોર ચાલ્યું નહીં; અને તેનો શત્રુ પોતાની મીનમાં હતો તેથી થોડી વારમાં તે બિચારો પાણીમાં ગરક થઈ ગયો. આ બનાવ જોઈ તેને પાછી ધીરજ આવી, અને તે ફરીથી ખાડા આગળ ગયો. નીચે ઊતરીને એક મડદું તે લઈ બહાર આવ્યો, પણ તે મડદું કેવી સ્થિતિમાં હતું? તેમાંથી ઘણું-ખરું માંસ ખવાઈ ગયું હતું; બધે મોટા-મોટા કીડા ખદબદતા હતા; આંખની જગાએ બે મોટા ખાડા પડી ગયા હતા; નાક અર્ધું ખવાઈ ગયું હતું; ખોપરી બહાર નીકળેલી હતી; માંસના લોચામાંથી ઘણી જ દુર્ગંધ નીકળતી હતી; તથા શરીરનાં સઘળાં હાડકાં ઉઘાડાં જણાતાં હતાં. તે મડદા ઉપરના કીડા તેના શરીરને વળગ્યા, અને વીજળીના અજવાળાથી જ્યારે તેણે તે બિહામણું પ્રેત જોયું ત્યારે તરત તે તેના હાથમાંથી પડી ગયું. પોતાના શરીરમાં સળવળાટ થઈ રહ્યો હતો; તે ઉપરથી મડદાના કીડા તેનાં લૂગડાંમાં ભરાયા હશે, એમ જાણી તેણે તે સઘળાં ઉતારી ખંખેરી નાખ્યાં, અને તેને પાછાં પહેરી તે મડદાને પગ વતી હડસેલતો કિનારા પર લઈ ગયો. તેનો વિચાર તેને ધોઈ નાખી સાફ કરવાનો હતો, પણ જેવો તે તેને પાણીમાં ગબડાવે છે એટલે તેના પગે કોઈ જાનવરે બચકું ભર્યું. રજપૂત તો દરદથી બે હાથ ઊંચો ઊછળ્યો, અને પાછો તેને જોવા જાય છે તો મડદું તેને ઘસડાતું લાગ્યું. તે જ વખતે એક મોટો ભડકો થયો, અને તે તેના શરીર ઉપર વીંટળાઈ જશે, એમ લાગ્યાથી તે ત્યાંથી ઊભી પૂંછડીએ નાઠો. મડદું ઘસડાતું ચાલ્યું. તેની પાસે જવાની તેની હિંમત ચાલી નહીં. હાય! સઘળી મહેનત નિષ્ફળ ગઈ. આ તો કોઈ ભૂત અથવા પિશાચ તેને લઈ જાય છે. હવે હું શું કરું? એમ રજપૂત ઊભો-ઊભો વિચાર કરવા લાગ્યો. પણ તેણે પોતાનું અંતઃકરણ પથ્થર જેવું કઠણ કર્યું હતું; બીક તો ઘેર મૂકી આવ્યો હતો; તથા ગમે તે થાય તોપણ પોતાનું કામ પાર પાડ્યા વિના તે ઠેકાણેથી ન જવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો, તેથી તે પોતાની નામર્દાઈથી શરમાયો, અને તે મડદાને પકડી લાવવાને તે આગળ ધસ્યો. વીજળીનો એક મોટો ચમકારો થયો તેમાં તેને માલૂમ પડ્યું કે મડદાને ઘસડનાર તો એક શિયાળવું હતું. હવે તેની દહેશત ઊડી ગઈ. તેને પગે એક પથ્થર અથડાયો તે ઊંચકી લઈ જે દિશામાં મડદું ઘસડાતું તે દિશા તરફ જોરથી ફેંક્યો. એક મોટી ચીસ સંભળાઈ, કોઈ દોડતા જનાવરનાં પગલાં કાને પડ્યાં ને મડદું ઘસડાતું બંધ થયું. ત્યાં જઈ તેને પાછું પાણીમાં તેણે હડસેલી મૂક્યું, અને તેને સુસવાટ ઘસડી ન જાય માટે પોતે ત્યાં ઊભો રહ્યો. પાણીમાં વારે-વારે ધબાકા થયા કરતા હતા. માછલાની પાંખમાંથી ચળકાટ વખતે થતો, અને વખતે સાપની ડોંખલી પાણી આગળથી સંભળાતી હતી. થોડી વાર ઊભા રહ્યા પછી તેને લાગ્યું કે હવે મુડદા ઉપરના કીડા ધોવાઈ ગયા હશે, તથા તે ઉપરનું મટોડું તથા કચરો સાફ થયો હશે. રાત થોડી અને વેશ ઘણા, માટે તેને ઘણી ચટપટી થતી હતી, અને પોતાની ધારેલી મતલબ પાર પડશે કે નહીં, એ વાતની ફિકરથી તેને સઘળું કામ ઉતાવળથી કરી નાખવાની ઘણી આતુરતા હતી. મડદાને હાથમાં લીધું પણ તે આટલું તો ઠંડુંગાર થઈ ગયું હતું કે તે તેના શરીરને લાગતાં જ તેને કંપારી છૂટી, તેનાં ગાત્ર શિથિલ થઈ ગયાં, અને તેને સંધિવાયુ થયો હોય તેમ તેના હરેક સાંધામાં કળતર થવા માંડ્યું, અને તેનાથી એક પગલું આગળ મુકાયું નહીં.

હવે શું કરવું? હિંમત, હિંમત. બીજો કાંઈ ઇલાજ નહોતો. મનમાં આવેશ લાવી તેણે એક છલંગ મારી, અને જીવ લઈને નાસતો હોય તેમ દોડી એક નાના દહેરા આગળ ચત્તોપાટ પડી ગયો. પાછું મન ઠેકાણે આણ્યું, બીકને મનમાંથી ઝટ કાઢી નાખી, અને ઊભો થઈને તે મડદાને લઈ તે દહેરામાં પેઠો. ત્યાં તેણે સઘળો સામાન આગળથી જ તૈયાર રાખ્યો હતો. હવે પોતે પણ નાહવું જોઈએ, માટે લૂગડાં ઉતારી પાછો ઘાટ ઉપર ગયો. આ વખતે તેનું ચિત્ત શાંત હતું તેથી તેને કાંઈ દહેશત લાગી નહીં. તેણે મંત્ર ભણી સ્નાન કર્યું અને ભીને ધોતિયે પાછો દહેરામાં આવ્યો. ત્યાં તેણે ચકમક પાડી દેવતા તૈયાર કર્યો, અને એક કોડિયામાં સરસિયું પૂર્યું હતું તથા તેમાં વાટ તૈયાર રાખેલી હતી તે સળગાવી. ચાર દિશાએ મંત્રેલાં લીંબુ કાપી સિંદૂર ભરી મૂક્યાં; ચાર ખૂણે ખીલા દાટ્યા; અને ચોતરફ મંત્ર ભણી અડદ વેર્યા. પછી સઘળી વાતની આગળથી તૈયારી કરી કપાળે સિંદૂરની આશકા કરી; શરીરના કેટલાક ભાગ ઉપર હનુમાનની મળી ચોપડી; હાથે કેટલાંક તાવીજ બાંધ્યાં; તથા ગળે એક મોટું માદળિયું પહેર્યું. એ પ્રમાણે ભૂત, પ્રેત, પિશાચ, શંખણી, યક્ષણી વગેરે બલાની સામાં હથિયાર બાંધી તેણે તે મડદાનું આસન કર્યું, અને તે ઉપર ઘોડો ફલંગીને બેસી મંત્રનો જપ કરવા લાગ્યો. તે હમણાં પોતાના કામમાં એટલો તો તલ્લીન થઈ ગયો હતો કે તેને આસપાસનું કાંઈ પણ ભાન રહ્યું ન હતું; તેમ દહેશત ઉપજાવે એવું તો કેટલીક વાર સુધી કાંઈ બન્યું પણ નહીં. માત્ર પવન વધારે જોરથી વાવા લાગ્યો; વીજળીના ચમકાટ વધારે તેજસ્વી થવા લાગ્યા, કડકડાટ કાન બહેર મારી જાય એવા સંભળાવા લાગ્યા; વરસાદનું એક મોટું ઝાપટું આવ્યું; હવે અંધકાર વધારે ભયંકર થઈ ગયો. પણ આ સઘળા સૃષ્ટિના ભયાનક દેખાવથી તે રજપૂતના મન ઉપર કાંઈ પણ અસર થઈ નહીં. તે તો પોતાનો જપ કર્યો જ ગયો, પણ ઘણી વાર સુધી તે કામ નિર્વિઘ્ને ચાલ્યું નહીં. જે મડદા ઉપર તે બેઠો હતો તે તેની નીચેથી હાલવા તથા થોડી વારમાં ઊછળવા લાગ્યું. મડદા સાથે તે પણ ઊછળતો ગયો અને તેના પગ વડે તે મડદાને એવી તો તેણે ચૂડ ભેરવી કે તે તેની પાસેથી છટકી શક્યું નહીં. જ્યારે આ પ્રમાણે તે નાસવાનું કરતું હતું, પણ તેનાથી નીકળી જવાતું ન હતું, તે વખતે ત્યાં ચીસાચીસ તથા બરાડાબરાડ થઈ રહી. હજારો ભૂતો તેની આગળ નાચવાકૂદવા લાગ્યાં; કેટલાંક ખડખડ હસવા લાગ્યાં; કેટલાંક તેને મારવા આવતાં હોય તેમ પાસે આવવા લાગ્યાં; કેટલાંક આઘેથી ધમકી આપવા લાગ્યાં; કેટલાંક મોટાં વિકરાળ મોં કરી તેને બિવડાવતાં હતાં; ચુડેલ તથા વંતરીઓ માથે ધગધગતા અંગારાવાળી સગડી લઈને ત્યાં શોરબકોર કરી રહી હતી; ઘણા જ ભયંકર રાક્ષસો, ભેંસાસુરો ઇત્યાદિ ત્યાં આવી તે રજપૂતને ખાઈ જવાનો પ્રયત્ન કરતા હતા. પણ તે સઘળું વ્યર્થ ગયું. રજપૂત મનમાં બીધો તો ખરો; તેના શરીર ઉપરના સઘળા નિમાળા ઊભા થયા; તેની ચામડી ઉપર મરતી વખતના જેવાં શીત આવ્યાં; આખે અંગે જાડો ચીકણો પરસેવો વહેવા લાગ્યો; તથા છાતી પણ ઘણા જોરથી ધબકવા લાગી. કોઈ-કોઈ વાર તેનાથી બૂમ પાડી દેવાશે એમ તેને લાગ્યું. દોડવાની તો ક્યાંથી પણ ત્યાંથી એક તસુ પણ ખસવાની તેનામાં શક્તિ રહી ન હતી. પણ તેણે પોતાનું મન આવે બારીક વખતે પણ એવું સાવધ રાખ્યું કે તે તેનું કામ કરી શક્યો. તેના જપમાં ઘણી હરકત પડવા દીધી નહીં. મડદું વધારે જોરથી ઊંચે ઊછળવા લાગ્યું. ભૂતપ્રેતની ભયંકર ચીસો તથા જપના કામમાં ભંગાણ પાડવાની તેઓની મહેનત વધારે થતી ગઈ; પણ તે રજપૂતે પોતાની આંખ આંધળી તથા કાન બહેરા જેવા કરી નાખ્યા હતા તેથી તેણે તેઓની કાંઈ દરકાર કરી નહીં. તેણે બધી દિશાએ આગળથી એવો પાકો તથા મજબૂત બંદોબસ્ત કરી રાખ્યો હતો કે એ સઘળાં મલિન પ્રાણીઓથી તેની પાસે અવાતું ન હતું. તે પ્રમાણે ત્રણ કલાક કામ જારી રાખ્યું, અને પોતાનો મંત્ર એકસો ને આઠ વાર જપી રહ્યો.

મંત્ર જપાઈ ચૂક્યો, અને તેની સાથે રાતનો અમલ પણ ઊતર્યો. અરુણનો ઉદય થયો;

દીવાનું તેજ ઝાંખું પડ્યું; વસ્તુઓ થોડી-થોડી દેખાવા લાગી; અને આખી સૃષ્ટિનું રૂપ જાણે બદલાઈ ગયું. થોડીક વાર થયાં વરસાદ બંધ પડ્યો હતો; વાદળાં વિખેરાઈ ગયાં હતાં; અને થોડો-થોડો પવન વાતો હતો; તેથી એકાએક તેઓ એક પછી એક નાસાનાસ કરી રહ્યાં હતાં. વીજળી બંધ થયેલી હતી, તથા ગર્જના સંભળાતી ન હતી. સઘળાં ઝાડપાન લીલાં કુંજાર જેવાં દેખાતાં હતાં. અને ના-ના પ્રકારનાં ફૂલોમાંથી ચોમેર સુવાસ પથરાઈ રહેલી હતી. એવે સમયે તે રજપૂત દહેરાની બહાર નીકળ્યો. તેણે તેની ખાંધ ઉપર સામાનની ઝોળી નાખી હતી, અને એક લાકડી હાથમાં રાખી તે આગળ ચાલ્યો. તેણે કોઈ મોટું સંકટ ભોગવ્યું હોય, તેના માથા ઉપર કોઈ ભારે આફત આવી ગઈ હોય એમ તેનું મોં ફિક્કું, તેજ ઊડી ગયેલું, તથા ચિંતાતુર દેખાતું હતું. પોતાનું ધારેલું કામ પાર પડ્યું, એ જાણીને તેના અંતઃકરણમાં ઘણો આનંદ થયો હતો. તોપણ હજી સુધી ભયની અસર તેના મન ઉપર એટલી તો ચોંટેલી હતી કે તે હર્ષને બહાર નીકળવાને વખત મળ્યો ન હતો. તે ઘણા ઊંડા વિચારમાં પડી આસપાસ શું છે તે જોયા વગર મોટાં-મોટાં ડગલાં ભરી ઝડપથી ચાલતો હતો. તેના મનની આવી અવસ્થા પણ ઘણી વાર ટકી નહીં. શહેરના કોટ આગળ તે જ્યારે આવી પહોંચ્યો ત્યારે એક કૂવા આગળ એક બૈરી પાણી ભરતી હતી. તે વખતે તે રજપૂતને ઘણી જ તરસ લાગી હતી તેથી તેણે તે બૈરી પાસે જઈ પાણી માગવાનો ઠરાવ કર્યો. તે તેની આગળ જઈ કેટલીક વાર ઊભો રહ્યો, પણ તે સ્ત્રીએ તેની સામે પણ જોયું નહીં. આવી તેની બેપરવાઈથી રજપૂતને ઘણો ક્રોધ ચઢ્યો, અને તેણે બૂમ પાડી પાણી માગ્યું. પણ કૂવો સાંભળે તો તે સાંભળે. રજપૂતે ધાર્યું કે એ બૈરી બહેરી હશે તેથી તેણે તેનો હાથ પકડ્યો, અને તેને હલાવવા જાય છે એટલામાં તે બૈરી તાડ જેટલી લાંબી થઈ ગઈ. રજપૂત તો તેને જોઈ ગગડી ગયો, અને તે એટલો તો ભય પામ્યો કે, તેનાથી એકે તરફ નસાયું નહીં. થોડી વાર ઊભી રહી તે સ્ત્રી બોલી : ''કેમ રે રજપૂતડા! પાણી જોઈએ છે?'' થોડી વારમાં તે રજપૂતમાં પાછી હિંમત આવી. એક બૈરીથી તે આટલો બીધો તેથી તેના મનમાં ઘણું શરમાયો, અને નામર્દાઈનું કલંક ખસેડવાને તેણે જુસ્સાથી જવાબ દીધો : ''રાંડ! તું ગમે તે હોય, તેથી હું કાંઈ બીવાનો નથી. હું ક્ષત્રિય બચ્ચો છું. મારા બાપદાદાઓએ મોટાં-મોટાં યુદ્ધ કરેલાં છે. તેઓ કોઈથી ડરતા ન હતા. માટે જો હું તારા જેવી રેંજીપેંજીથી બીઉં તો હું મારા બાપદાદાનો ખરો છોકરો નહીં. તારું માથું સ્વર્ગને અડકે, અને તારા પગ પાતાળે પહોંચે તોપણ તું આખરે અબળા અને હું તે રજપૂત શૂરવીર કહેવાઉં, માટે તું ગમે તેવો વેશ ધારણ કરશે, તું ગમે તેટલી લાંબીપહોળી થશે, અને ગમે તેટલા ચાળાચસકા કરશે, તોપણ હું લગારે ડરવાનો નથી. હું તારી પાસેથી ભલમનસાઈથી અથવા બળાત્કારે પણ પાણી પીશ. પછી જે થાય તે ખરું.''

પેલી સ્ત્રીને આ સઘળી વાત સાંભળીને ઘણી નવાઈ લાગી, અને તે તેના મનમાં તે પુરુષનાં વખાણ કરવા લાગી. પણ હજીયે તેની વધારે પરીક્ષા કરવાને તે બોલી : ''અલ્યા વેંતિયા! તું મારા હાથને તો પહોંચતો નથી ને બળાત્કારે પાણી તે શી રીતે લઈશ, તે જોવાની મને ઘણી જ ઇચ્છા છે.''

આખી રાત આથી વધારે ભયાનક દેખાવો જોયા, આથી વધારે બિહામણાં ભૂતપ્રેતથી બીધો નહીં અને આ પ્રસંગે ડરવું એ તો બાયલાનું કામ, એમ જાણી તે રજપૂતે પોતાના હાથમાંની ડાંગ ફેરવી એવા જોરથી તે સ્ત્રીના પગમાં મારી કે તે તરત ભોંય પર ચત્તીપાટ પડી; તેનું રૂપ બદલાઈ એક સ્વર્ગની રંભા જેવું થઈ ગયું. તેની ખૂબસૂરતી ખરેખરી દેવાંગના જેવી દેખાઈ, અને તેની આંખમાંથી બોરબોર જેવડાં આંસુ પડવા લાગ્યાં; તોપણ તેણે પોતાનો એક હાથ લાંબો રાખી પાણીનું બેડું પકડી રાખ્યું; ફરીથી તેણે તેની પાસે પાણી લેવાનું કર્યું, પણ પાછો તેનો હાથ ઊંચો ચઢવા લાગ્યો. રજપૂત ઘણું આશ્ચર્ય પામ્યો, અને તેના હાથ ઉપર

ડાંગનો એક બીજો ઘા મારીને બેડું નીચે પાડવાનો તેણે વિચાર કર્યો. પણ આવી નાજુક રૂપાળી સ્ત્રીના કેળના ગર્ભ જેવા હાથ પર ઘા તે કેમ કરાય? અબળા ઉપર હાથ કરવો એ ક્ષત્રિયનો ધર્મ નથી, એમ જાણી તે ત્યાં ઊભો થઈ રહ્યો. તે સ્ત્રીએ તેના મનના વિચાર પારખ્યા, અને તે ખરેખરો રજપૂતના નામને યોગ્ય છે, તથા તેણે કદી નહીં જોયેલો એવો તે નર છે, એવી તેની ખાતરી થઈ. પણ હજી તેને વધારે કસવાની તેની ધારણા હતી. તેણે તરત પોતાનું રૂપ બદલ્યું અને એક છલંગ મારી રજપૂતની ગળચી પકડી તેને નીચે પાડ્યો. હવે તે કંઈ રૂપાળી નાજુક અબળા દેખાતી ન હતી, પણ તેનો દેખાવ એક બિહામણા રાક્ષસ જેવો હતો. હવે દયા લાવવાનો વખત ન હતો. હવે હાથ બંધ રાખવાની જરૂર ન હતી. તેણે તે રાક્ષસના હાથ છોડાવવાને ઘણી મહેનત કરી, પણ વ્યર્થ ગઈ. ગળું વધારે ને વધારે દબાવા લાગ્યું, અને શ્વાસના રોકાણથી તેને એટલો ગૂંગળાટ થયો કે તેની આવરદાની દોરી હમણાં તૂટશે, એમ તેને નક્કી થયું. તેણે તેની આગળ યમના દૂત જોયા, અને તેના આત્માને પકડી જનારા પોતાનું કામ જલદીથી કરી નાખવાને તૈયારી કરતા હોય એમ તેને લાગ્યું. તેના હોશ તો સઘળા ઊડી ગયા હતા, પણ કુદરતે છેલ્લો બચાવ કરવાને વાસ્તે પોતાનું સઘળું સામર્થ્ય વાપર્યું. તેણે આ છેલ્લી વખતે એટલું તો જોર કર્યું કે તે સ્ત્રીનો હાથ છટકાવી દીધો. અને એક છલંગ મારી તે તેના ઉપર ચઢી બેઠો. પાછું તે સ્ત્રીનું રૂપ બદલાઈ અપ્સરા જેવું થઈ ગયું; પણ આ વખતે તેના હાથમાંનું બેડું મુદ્દલ જોવામાં આવ્યું નહીં. તે રજપૂતે આ વખતે તેના અનુપમ રૂપ સામું જોયું નહીં; આ વખતે તેને તેના ઉપર દયા આવી નહીં; અને આ વખતે તેણે પોતાના ક્ષત્રિયધર્મ ઉપર વિચાર કર્યો નહીં. ઉપર ચઢી બેસતાં જ તેણે તે સ્ત્રીનો ટોટો એવા જોરથી દાબ્યો કે તેના શરીરનું તમામ લોહી તેના મોં ઉપર પથરાઈ ગયું. તે સ્ત્રીનો મરણકાળ હવે પાસે આવ્યો, એમ જણાયું; તેની જીભ તેના મોંમાંથી બહાર નીકળી પડી; તેના મોંમાંથી ફીણના ગોટેગોટા નીકળવા લાગ્યા; તેની આંખના ડોળા બહાર લબડી ગયા; તથા તેને આખે શરીરે આંચકા આવવા માંડ્યા, આવી વખતે જ્યારે તે રજપૂતને ખાતરી થઈ કે હવે રાંડનું મોત પાસે આવ્યું છે તે વખતે તે સાપની પેઠે તેની પાસેથી છટકી જઈ, અને તેની સામે પોતાના અસલ રૂપમાં આવી ઊભી રહી. રજપૂત તેને જોઈ ઘણું ચિઢાયો. અને તે કોઈ દેવલોકની રંભા છે એમ તેણે નક્કી જાણ્યું. થોડી વાર ચૂપ રહ્યા પછી તે સ્ત્રી બોલી : "અલ્યા રજપૂત! તને ધન્ય છે. તું ખરેખરો ક્ષત્રિયવંશનો છે. હું ઘણાં વર્ષ થયાં કોઈ શૂરા રજપૂતને શોધું છું પણ અત્યાર સુધી તેવો મને જડ્યો ન હતો. હમણાં મારી ખાતરી થાય છે કે જેવો મારે જોઈએ છે તેવો જ તું છે. તું મને હજી ઓળખતો નથી. આટલી વારમાં તને ખાતરી તો થઈ હશે કે હું કાંઈ આ લોકની સ્ત્રી નથી. હું અંબાભવાનીની એક જોગણી છું. હું એક શક્તિ છું. પણ માનવીઓનો સંસાર કેવો છે, તથા એ સંસારમાં કેવું તથા કેટલું સુખ ભોગવવાનું છે તે જાણવા સારુ તથા ચાખવા સારુ હું પૃથ્વી ઉપર ઘણી મુદ્દત થયાં ફર્યા કરું છું. મારે કોઈ વર વરવાની ઇચ્છા છે, અને તારા જેવો મને ધણી મળે તો હું ઘણો સંતોષ પામું; માટે હું તારા ઉપર પ્રસન્ન થઈ છું, અને તારે ઘેર આવી તારી પરણેલી સ્ત્રી તરીકે રહેવાને ખુશ છું. માટે મારી વિનંતી કબૂલ રાખી મારી સાથે હમણાં જ લગ્ન કર, એટલે હું તને કશી વાતે ખોટ પડવા દઈશ નહીં, તથા બધી રીતે તને સુખી કરીશ.'

તે રજપૂત, શક્તિની આ સઘળી વાત સાંભળીને ઘણો હરખાયો, તથા જ્યારે લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે મોં ધોવા જવું એ મૂર્ખાઈનું કામ, એમ ધારી તે તેને પગે પડ્યો, અને મોટા હર્ષની સાથે તેણે તેનો હાથ પકડ્યો. તેણે જાણ્યું કે હવે ખરેખરો મારા ભાગ્યનો ઉદય થયો; હવે મારા ઉપર પરમેશ્વર રાજી થયા; હવે મારું ધારેલું કામ પાર પડશે; અને હવે મને કોઈ રીતે દુઃખ થશે નહીં. રજપૂત તથા શક્તિ બંને ઉતારે ગયાં, અને પછી તે પોતાને વાસ્તે

એક મોટું ઘર ભાડે રાખવા શહેરમાં ફરવા ગયો. કેટલીક પૂછપરછ કર્યા પછી તેણે એક સારો મહેલ શોધી કાઢ્યો, ત્યાં તે તથા શક્તિ તે જ દહાડે જઈ રહ્યાં.

હજુ સુધી શક્તિએ તેના પતિને તેની આગલી કાંઈ પણ વાત પૂછી ન હતી. તેના ચહેરા ઉપરથી, તેના બોલવા ઉપરથી, તથા તેની હિંમત અને બીજા રજપૂત નામને યોગ્ય એવા ગુણો ઉપરથી, તેના સમજવામાં આવ્યું હતું કે કોઈ સાધારણ માણસ નહીં, પણ કોઈ રાજવંશી હોવો જોઈએ. પણ તેનાં માબાપ કોણ તથા કેવાં છે, તે જીવે છે કે મરી ગયાં છે, તેને પોતાનો દેશ શા સારુ છોડવો પડ્યો; તથા પાટણમાં આવી તેણે શું કરવા ધાર્યું છે, એ સઘળી વાતથી વાકેફ થવાને તે ઘણી આતુર હતી. જ્યારે રાત પડી, અને બંને વાળુ કરી નિરાંતે એકઠાં બેઠાં ત્યારે વાત તેની પાસેથી કઢાવવાનો પ્રસંગ આવ્યો.

શક્તિ – હું કોણ છું, અને તમને વરવાની મારી શી મતલબ છે, એ સઘળું મેં તમને કહી સંભળાવ્યું છે; પણ તેની સાથે તમે કોણ છો તે વિશે મેં કાંઈ તજવીજ કરી નથી. વગર તપાસે મેં તમારી સાથે લગ્ન કર્યું છે; માટે તમારી અવસ્થા જાણવાની મારી જિજ્ઞાસા પૂરી પાડો. હું તમને જેવા ગણું છું તેવા જ તમે તમારી હકીકત ઉપરથી નીકળી આવશો એવો મને પાકો ભરોસો છે, માટે તમારી હકીકત માંડીને કહો, એટલે જણાશે કે મારી અટકળ ખોટી નથી.

રજપૂત – અગર જો તું મને વગર ઓળખાણે પરણેલી છે, (મારાથી તું કહેવાય છે માટે ક્ષમા કરજે કેમ કે હવે આપણો ધણીધણિયાણીનો સંબંધ થયો છે એટલે લોકાચાર પ્રમાણે મારે તમારી સાથે બોલતાં “તું” શબ્દ વાપરવો જોઈએ) તેં મારી રીતભાત, ગુણ, સ્વભાવ, રૂપ, રંગ વગેરેથી અનુમાન તો કર્યું હશે કે હું કોઈ હલકો માણસ નથી, તોપણ મારી વાત સવિસ્તર કહેવાથી તારી વધારે ખાતરી થશે, અને તું મને વગર પૂછપરછે પરણી છે તે બાબતનો તને કદી પસ્તાવો કરવો પડશે નહીં, પહેલાં તો મારું નામ હરપાળ છે. મારો બાપ કચ્છ દેશના કિરંતીગઢનો રાજા કેસર નામે હતો; અને મારી મા આ ગુજરાત દેશના કરણ વાઘેલા રાજાની માની બહેન હતી. એ ઉપરથી તને હવે નક્કી થયું હશે કે મારું કુળ નીચું નથી, હું રાજાનો છોકરો છું અને કરણ રાજાનો માસીનો દીકરો-ભાઈ થાઉં છું; પણ એટલા જ ઉપરથી હું કાંઈ આબરૂ માનતો નથી. રાજાનો છોકરો તો કોઈ મૂઢ પણ હોય, અને કરણની માસીનો છોકરો કોઈ કાયર, અધમ પુરુષ પણ હોય. હું મારા દાદાની વાતથી શરૂ કરી મારા બાપની હકીકત કહી સંભળાવીશ, અને તેઓએ કેવાં પરાક્રમ કર્યાં છે તે તને બતાવીશ. હજી મારી ઉંમર નાની છે અને મારું શૂરાતન દેખાડવાનો વખત આવ્યો નથી, તથા કાંઈ પરાક્રમ કરી નામ મેળવવાનો હજી પ્રસંગ પડ્યો નથી તોપણ મને નક્કી છે કે સિંહનાં બચ્ચાં તે સિંહ જેવાં જ નીવડે; કહેવત છે કે “મોરનાં ઇંડાં ચીતરવાં ન પડે.” માટે જ્યારે વખત આવશે ત્યારે હું પણ મોટું નામ મેળવી મારા બાપદાદાના નામને વધારે ઝેબ આપીશ. બાપ કરતાં બેટો સવાયો ન નીકળું તો મારું નામ હરપાળ નહીં. હવે હું મારું ટાહેલું ચલાવું છું. મારો દાદો નામે વેહિયાસ કચ્છમાં કિરંતીગઢમાં રાજ્ય કરતો હતો. તે રાજ્ય તેના બાપદાદાથી તેને ઊતરેલું હતું, અને તેઓ મકવાણા કહેવાતા હતા. જ્યારે મારા દાદાનો અંતકાળ પાસે આવ્યો ત્યારે તેનો જીવ કેમે કર્યો જાય નહીં. તેના છોકરા તથા સગાંવહાલાંએ ઘણી બાધા લીધી તથા કેટલાંક વ્રત કરવાનું વચન આપ્યું, પણ કાંઈ વળ્યું નહીં. ત્યારે તેના છોકરા કેસરે તેને પૂછ્યું : “બાપા! તમારો આત્મા તમારો દેહ શા માટે છોડતો નથી? તમારા મનમાં જે હોય તે મને કહી દો, અને હું જો તમારા પેટનો હોઈશ તો ગમે તેમ કરી તમારી મરતી વખતની આજ્ઞા બજાવીશ.” ત્યારે વેહિયાસે જવાબ દીધો : “સામૈયું કરીને એક શહેર છે, તેમાં મારો કટ્ટો શત્રુ હમીર સુમરો રાજ્ય કરે છે. જો તેની ઘોડારમાંથી તેના સવાસો ઘોડા લઈ આવી મારી ત્રયોદશાને દિવસે ભાટ લોકોને બક્ષિસ કરવાનું વચન આપો તો જ મારો જીવ જાય.” તે વખતે વેહિયાસના ભાઈઓ તથા ભત્રીજા

તેની આસપાસ ઊભા હતા, પણ તેઓમાંથી કોઈએ જવાબ આપ્યો નહીં. તે વેળા કેસરની વય કાચી હતી તોપણ તે મેદાને પડ્યો, અને આગળ આવી પોતાના બાપના હાથમાં પાણી મૂક્યું, અને વચન આપ્યું કે હું તમારી આજ્ઞા પાળીશ. આ વાત સાંભળતાં જ વેહિયાસ દેવલોક પામ્યો. જ્યારે ત્રયોદશાનો દહાડો પાસે આવ્યો ત્યારે કેસરે પોતાના બાપનો શોક મૂકી દીધો; પાઘડી બાંધી; અને પોતાનાં સગાંને સામૈયું નગરની સામા લડવા જવાને બોલાવ્યાં; પણ કોઈ આવ્યું નહીં. કેટલાક બોલ્યા કે તારા જેવા આજકાલના છોકરા સાથે જાણીજોઈને મરવા કોણ આવવાનું છે? જ્યારે સઘળાઓએ એ પ્રમાણે ના કહી ત્યારે કેસર જરા પણ નાશહમત થયો નહીં. તેણે પોતાના જ સામર્થ્ય ઉપર વિશ્વાસ રાખ્યો : કહેવત છે કે "આપ સમાન બળ નહીં, અને મેઘ સમાન જળ નહીં." તેના હાથ એટલા તો લાંબા હતા કે તે તેના ઘૂંટણની નીચે પહોંચતા; તે સવા મણ વજનનો ભાલો એક હાથે પકડતો; તે ધનુષ્ય બાણ નિરંતર બાંધી જ રાખતો; અને તેનો બેસવાને ઘોડો વિષ્ણુના ગરુડ જેવો હતો. તેણે સામૈયા ઉપર ચઢાઈ કરી, અને ત્યાંથી સવા સો ઘોડા લઈ આવ્યો, અને પોતાના બાપના તેરમાને દહાડે ભાટોને આપી પોતાનો બોલ પાળ્યો. આ પરાક્રમ કર્યા પછી કેસરે રાજ્યજોશીને બોલાવી મંગાવ્યા, અને પોતાની આવરદા પૂછી. જોશીએ જન્મોત્રી તપાસી ઘણી દિલગીરીથી કહ્યું કે તમારું આયુષ્ય ટૂંકું છે. આ સાંભળી કેસર બોલ્યો કે જો હું મારા ઘરના ખૂણામાં મરી જઈશ તો મને કોઈ ઓળખશે નહીં, પણ જો હું યુદ્ધમાં પડીશ તો મારું નામ પ્રસિદ્ધ થશે. એવું વિચારી તેણે ફરીથી સામૈયા ઉપર ચઢાઈ કરી, અને એની નદી આગળ હમીરનાં સાતસો ઊંટ ચરતાં હતાં તે સઘળાંને લઈ ગયો, અને કિરંતીગઢના ભાટોને વહેંચી આપ્યાં. આટલું-આટલું કર્યા છતાં પણ હમીરને કાંઈ ગુસ્સો લાગ્યો નહીં, તથા તેણે વેર લેવાને કેસર ઉપર લશ્કર મોકલ્યું નહીં. જ્યારે તે આ સઘળું અપમાન ધીરજથી ખમી રહ્યો, અને 'ધોલ મારી તો ધૂળ ઊડી ગઈ' એમ માન્યું, ત્યારે કેસર ત્રીજી વાર લડવાને નીકળ્યો. જે દહાડે તે સામૈયા નગર આગળ પહોંચ્યો તે દહાડો દશેરાનો હતો માટે હમીરની વહુ તથા છોકરી રથમાં બેસી એશઆરામ કરવાને બાગમાં જતી હતી. કેસર તે બાગમાં પેસી તેઓને ખેંચી ગયો, અને તેઓની સાથે સવા સો સુમરી સ્ત્રીઓને પણ તે લઈ ગયો. હવે હમીર જાગ્યો, અને તેણે કિરંતીગઢમાં પોતાના પ્રધાનને મોકલ્યો. એ પ્રધાને આવી કેસરને કહ્યું કે જે સ્ત્રીઓને તમે લઈ આવ્યા તે સઘળી હમીર રાજાની વહુ તથા બહેન છે. અને હમણાં તેઓ તમારે ઘરે આવેલાં છે, માટે જેમ પિયરથી સાસરે વળાવેલી સ્ત્રીઓને પૈસા, લૂગડાં સાથે મોકલવામાં આવે છે તેમ તમારે પણ તેઓને તે પ્રમાણે વળાવવાં જોઈએ. પ્રધાનનું આ બોલવું સાંભળીને કેસર ખડખડ હસ્યો, અને બોલ્યો કે એ સ્ત્રીઓ તો હવે અમારી મિલકત થઈ ચૂકી, માટે તમને પાછી આપવામાં આવશે નહીં. એ સઘળી તો હવે મારી ધણિયાણી થઈ. આ જવાબ લઈને પ્રધાન સામૈયે ગયો. પછી કેસરના જેટલા સગા કિરંતીગઢમાં હતા તેઓ સઘળાને તેણે તેડાવ્યા, અને એકેકને એક સુમરી સ્ત્રી આપી દીધી. પોતાને વાસ્તે ચાર રાખી, અને બીજી ઘણી તેની રાણી હતી તેમાં ઉમેરો કર્યો. એ પ્રમાણે દશબાર વર્ષ વહી ગયાં, પણ લડાઈ બંધ પડી નહીં. એટલા વખતમાં તેને તથા તેના પિત્રાઈને સુમરી સ્ત્રીઓને પેટે અઢાર દીકરા જન્મ્યા. કેસરને ફરી લડાઈ કરવાનું મન થઈ આવ્યું, ત્યારે તેણે હમીરને કહેણ મોકલ્યું, અત્યાર સુધી જ્યારે કેસર હમીરને કહેતો, 'આવ, પડોશી, લડીએ' ત્યારે હમીર જવાબ દેતો કે 'લડે મારી બલા', પણ આ વખતે તો તેણે કેસરને કહેવડાવ્યું કે તારી સાથે યુદ્ધ કરવા આવવાનું મને ઘણું મન થાય છે, પણ કિરંતીગઢના રાજ્યમાં ખાર સિવાય બીજું કાંઈ નથી, ત્યારે ત્યાં આવ્યા પછી મારા લશ્કરને ખાવાનું ક્યાંથી મળે એ મને મોટી ફિકર છે. આવું કહેણ જ્યારે હમીરે મોકલ્યું ત્યારે તેના જવાબમાં કેસરે કહેવડાવ્યું કે જો તું મારા રાજ્યમાં આવશે તો તારા લશ્કરના ખોરાકને વાસ્તે હું એક હજાર

વીઘાં જમીનમાં ઘઉં રોપાવીશ. પછી હમીર એક મોટું લશ્કર લઈ કિરંતીગઢ તરફ આવ્યો, અને તેની તથા કેસરની વચ્ચે ઘણી લડાઈ થઈ. ઘણા રજપૂતોના પ્રાણ ગયા, અને ઘણી રીતે આખા રાજ્યની ખરાબી થઈ. આખરે એક મોટી લડાઈ થઈ તેમાં કેસર પોતે, તથા મારા સિવાય તેના સઘળા છોકરા માર્યા ગયા. મારા કાકા તથા પિત્રાઈ ભાઈઓ સઘળા રણસંગ્રામમાં પડ્યા. કિરંતીગઢને હમીરે બાળી જમીનદોસ્ત કરી નાખ્યું; અને સુમરી રજપૂતાણીઓ પોતાના સ્વામીઓની સાથે ચિતામાં બળી મૂઈ. એ પ્રમાણે મારા કુટુંબનો નાશ થયો; એ પ્રમાણે અમારું નસંતાન ગયું; એ પ્રમાણે અમારું રાજ્ય ધૂળધાણી મળી ગયું; અને એ પ્રમાણે સઘળાનો અંત આવ્યો. હવે હું જ માત્ર જીવતો રહ્યો તે એકલો શું કરું માટે મેં આણીગમ-તેણીગમ ફર્યાં કર્યું, પણ કોઈ રાજાએ મારો પક્ષ ધર્યો નહીં. મેં કોઈ બીજા રાજાની પાસે જઈ ત્યાં મોટાં પરાક્રમ કરી નામ કરવાનો નિશ્ચય કર્યો, અને ગુજરાતનો કરણ રાજા મારી માસીનો દીકરો થાય છે, એમ જાણીને તેને મળવાને થોડા દહાડા ઉપર હું પાટણ શહેરમાં આવ્યો. અહીં આવતાં જ મેં બાબરા ભૂતની વાત સાંભળી વિચાર કર્યો કે બાબરા ભૂતને શહેરમાંથી કાઢીશ તો રાજા મારા ઉપર ઘણો પ્રસન્ન થશે, અને આખા શહેરમાં બલકે આખા ગુજરાતમાં મારી પ્રતિષ્ઠા વધશે, પછી હું તેને મારું સગપણ જણાવીશ, અને હું સુખેથી અહીં રહીશ. હું નાનો હતો ત્યારે ભૂત કાઢવાનો એક મંત્ર શીખેલો હતો, અને તે વડે મેં ઘણાં કાઢ્યાં પણ હતાં. પણ બાબરો ભૂત ઘણો બળવાન છે એમ જાણી તે મંત્ર ફરીથી સાધવાને હું ગઈ રાત્રે સ્મશાનમાં ગયો. ત્યાં મેં મડદા ઉપર બેસી જપ કર્યો. હજારો ભૂત, પિચાશ, વંતરી વગેરે મલિન પ્રાણીઓએ મને બિવડાવ્યો, તોપણ મેં મારું કામ કરી લીધું. પછી ત્યાંથી પાછા આવતાં તારો મેળાપ થયો, અને તેનું પરિણામ એ થયું કે આપણે બે આ ઠેકાણે પાસે-પાસે બેઠાં છીએ. હવે જ્યારે ફુલારાણીને ભૂત આવશે ત્યારે હું કોઈ ભૂવાનો વેશ લઈ કરણના મહેલમાં જઈશ, અને ઈશ્વરકૃપાથી તથા તારી મદદથી બાબરા ભૂતનું કાસળ કાઢીશ.

શક્તિ – તમારી સઘળી હકીકત જાણી મને ઘણો આનંદ થયો, અને મને પક્કી ખાતરી થઈ કે તમને જેવા ધાર્યા હતા તેવા જ છો. મેં જે તમારી સાથે સંબંધ કર્યો છે તેથી હું હવે જરા પણ પસ્તાવાની નથી. તમારું ધારેલું કામ પાર પડશે; તમે બાબરા ભૂતને જીતશો; એમાં હિંમતનું માત્ર કામ છે. પણ હું તમને એક શિખામણ દઉં છું તે ખૂબ યાદ રાખજો; તે તમને ઘણી કામ લાગશે, અને જો તે નહીં માનો તો કદાપિ તમારા મંત્ર છતાં પણ તમારો જીવ જશે. તે શિખામણ એ છે કે, જો બાબરો ભૂત તમારી સાથે બહાર નીકળી લડવા આવે તો તરત તેની ચોટલી પકડી લેજો, એટલે તેનું જોર કાંઈ ચાલશે નહીં અને તે તમને તરત વશ થશે.

બીજે દહાડે સવારે તેઓ ઊઠ્યાં, અને રસોઈ કરી બંનેએ મિષ્ટાન્ન લીધાં. પછી તેઓ બેઠાં હતાં એટલામાં શહેરમાં બૂમ ચાલી કે ફુલારાણીને બાબરો ભૂત વળગ્યો છે, અને તે ઘણું તોફાન કરે છે. હરપાળ એ સાંભળીને તરત ઊઠ્યો, અને એક હિંદુસ્તાની માણસના જેવો પોશાક પહેરી રાજમહેલમાં જવા નીકળ્યો. શક્તિએ તેને આશીર્વાદ દીધો, અને ચોટલી પકડવાની વાત ફરીથી યાદ દેવડાવી. કરણના મહેલમાં કોઈ પણ ભૂવાને જવાને કાંઈ હરકત પડતી ન હતી, તેથી હરપાળ વગર અડચણે માંહેના મહેલમાં દાખલ થયો, અને જે ઓરડામાં કરણ બેઠો હતો ત્યાં જઈ તેણે રાજાને જુહાર કર્યો. કરણે તેને તેનું નામ, ઠામ કે કામ પૂછતાં જ તે બોલ્યો : “મહારાજ! હું લખનોર શહેરનો ભૂવો છું. હું સઘળા જંત્રમંત્રમાં પ્રવીણ છું. હું મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટણ, સ્તંભન, આકર્ષણ વગેરે ઘણી મેલી વિદ્યામાં કુશળ છું. હું બદરીકેદારનાથથી તે સેતુબંધ રામેશ્વર સુધી અને દ્વારિકાથી જગન્નાથપુરી સુધી સઘળા ભરતખંડમાં ફરી આવ્યો છું. મેં આખી પૃથ્વીના મુખ્ય-મુખ્ય જાદુગરો તથા ભૂવાઓ સાથે મેળાપ કરેલો છે, અને તેઓ સઘળાના મંત્ર હું જાણું છું. પણ તેટલાથી હું સંતોષ પામ્યો નથી.

સઘળે ઠેકાણે પ્રવાસ કર્યા પછી હું છેક પૂર્વમાં કામરૂદેશના સ્ત્રિયા-રાજ્યમાં જઈ પહોંચ્યો. ત્યાં મને ત્યાંની રાણીએ રાખ્યો. દહાડે પોપટ અને રાત્રે પુરુષને આકારે રાણી સાથે ત્રણ વર્ષ રહ્યો અને ત્યાંથી સર્વોત્કૃષ્ટ મંત્રશાસ્ત્ર શીખી લાવ્યો. હું ત્યાંથી છળભેદ કરી નાસી આવ્યો, અને આપના રાજ્યમાં ફરતો હતો એટલે મેં બાબરા ભૂતની વાત સાંભળી. ગુજરાત સરખા મોટા રાજ્યમાં એવો એક ભૂત કાઢનાર કોઈ ઇલમી આટલા દહાડા થયાં મળતો નથી તે જોઈને મને ઘણું આશ્ચર્ય લાગ્યું, અને તમારા, તમારી ફુલારાણી તથા નગરના સઘળા રહેવાસી ઉપર ઘણી દયા આવી. હું અહીં આવ્યો, અને ભૂતનો નાશ કરવાને હું આપની હજૂરમાં આવ્યો છું, માટે મને મારી વિદ્યા અજમાવવા દેશો તો હું એક પલકમાં તે ભૂતની નસલ કાઢીશ.''

કરણ આ જાદુગરની વાત સાંભળીને દિંગ થયો, અને અત્યાર સુધી કોઈ આવો ભૂવો આવ્યો નથી, તથા તે બાબરા ભૂતને કાઢશે જ, એમ જાણીને તેનું સન્માન કર્યું અને તેને ફુલારાણીના ઓરડામાં લઈ જવાને ચાકરોને હુકમ કર્યો. હરપાળ ત્યાં ગયો, ને જોયું તો આશરે સો બ્રાહ્મણો હારબંધ બેસી ચંડીપાઠના મંત્ર ભણતા હતા; બીજા ઓરડામાં ઘણા હિંદુ તથા જૈન ભૂવા, જતિઓ ધંતરમંતર કરતા હતા; પણ કોઈની ફુલરાણીના ઓરડામાં જવાની છાતી ચાલતી ન હતી. હરપાળને જોઈ સઘળાઓએ પોતપોતાનું કામ મૂકી દીધું, અને કોઈ મોટો ઇલમી હિંદુસ્તાનથી આવ્યો છે તે એ જ છે, એમ જાણી તે શું કરે તે જોવા તેની પાસે તે સઘળા આવી ઊભા રહ્યા. હરપાળે ઘણી હિંમત ધરી ફુલારાણીના ઓરડાનાં કમાડ ઉઘડાવી નાખ્યાં, અને માંહે જોયું તો તેને ખાટલા ઉપર બેઠેલી દીઠી. તેની આંખ લાલ હિંગળોકવર્ણી હતી, તથા તે એવી સ્થિર એકીનજરે જોયા કરતી હતી કે તેનાં પોપચાંનો પણ પલકારો થતો ન હતો. તેનું મોં ફિક્કું અને બિહામણું થઈ ગયું હતું, અને તેનું રૂપ એવું તો ઉગ્ર દેખાતું કે આ વખતે તે શક્તિ દેવીના જેવી લાગતી હતી. તેની કાન્તિ ઘણી જ નાજુક હતી, તથા તેની વય આશરે વીશેક વર્ષની હશે એમ અટકળથી લાગતું હતું. આવી રીતે તેને બેઠેલી જોઈ હરપાળને હિમ્મત આવી, અને તેણે થોડાક અડદના દાણા હાથમાં લઈ મંત્ર ભણી તેના ઉપર છાંટયા. જેવા તે દાણા ફુલારાણી ઉપર પડ્યા કે તે જ વખતે તેમાં ભરાયેલો ભૂત જાગ્રત થયો, અને એક છલંગ મારી એવા જોરથી તે ભોંય ઉપર પડ્યો કે સઘળી જમીન ધ્રૂજી ગઈ. તેની સાથે તેણે એવી તો મોટી ચીસ પાડી કે તેથી આખો મહેલ ગાજી રહ્યો, અને શહેરના પણ ઘણા ભાગમાં તે સંભળાઈ. હવે વખત બારીક આવ્યો, બાબરો ભૂત (હવે આપણે ફુલારાણીને એ નામથી લખીશું) હરપાળની સન્મુખ આવી ઊભો રહ્યો, અને તેને પકડવાનું કર્યું એટલે તેણે બીજા દાણા મંત્રીને તેના ઉપર નાખ્યા. આ વખતે તે પાછો તો ખસ્યો, પણ તેણે પોતાનું ખરેખરું વિકરાળ સ્વરૂપ પ્રકાશ્યું, બીજા આસપાસ ઊભા રહેલા લોકો ભૂતનું આ રૂપ જોઈને નાઠા. હરપાળ એકલો ઊભો રહ્યો, અને મોટા અવાજે તેને પૂછ્યું કે, "તું કોણ છે, અને તું શા કારણ સારુ અણહિલપુરના રહેવાસીઓને, રાજાને તથા રાણીને આટલા બધા ઉપદ્રવ કરે છે?" આ સાંભળી બાબરો ખડખડ હસવા લાગ્યો, અને એક મોટી ગર્જના કરી બોલ્યો : "સાંભળ રે માનવી! હું કોણ હતો તે મેં હજુ સુધી કોઈને કહ્યું નથી, તથા કોઈને કહેવાનો મારો વિચાર ન હતો, તોપણ તું કોઈ મોટો ઇલમી જણાય છે, માટે તારી આગળ હું કહું છું. તું કોઈ પરદેશી જેવો જણાય છે, માટે, તારી આગળ હું સઘળી વાત યથાસ્થિત કહીશ, અને પછી તું ન્યાય કરજે કે હું જે કરું છું તે વાજબી કે ગેરવાજબી છે. હું મારા પાછલા ભવમાં નાગર હતો. અને મારો ભાઈ માધવ આ દુષ્ટ, ચંડાળ, કૃતઘ્ની રાજાનો પ્રધાન હતો. મારી ભાભીને એ પાપી રાજા બળાત્કારે લઈ ગયો, અને તેનો બચાવ કરવામાં મારો પ્રાણ ગયો. મારી સાથે મારી સ્ત્રી સતી થઈને બળી મૂઈ, તેથી અમારી અસદ્ગતિ તો થાય જ નહીં; પણ વેર વાળવાને મેં યમ રાજાની આજ્ઞા લઈ ભૂતનું રૂપ ધારણ કર્યું અને રાજની માનીતી રાણીને વળગ્યો છું. રૈયતને દુઃખ તે

રાજાને જ સમજવું, એમ જાણી હું તેઓને પણ પીડું છું. જ્યારે મારું વેર તૃપ્ત થશે ત્યારે હું મારી મેળે જ આ મારા દેહનો ત્યાગ કરીશ, અને કૈલાસલોકમાં વાસો કરીશ.''

હરપાળે આ સઘળી વાત સાંભળી લીધી, અને ભૂતનું કામ વાજબી છે એમ તેને જણાયું, પણ તે વાજબી કે ગેરવાજબી ગમે તેવું હોય તોપણ તેને કાઢવામાં તેનો સ્વાર્થ હતો તેથી તે બોલ્યો : ''અલ્યા બાબરા! હવે બસ થયું; હવે આ રાણીનો તથા આ શહેરના લોકોનો કેડો છોડ અને તું તારે ઠેકાણે જા; જો ભલમનસાઈથી નહીં માને તો બળાત્કારે હું તને કાઢીશ, માટે આબરૂથી જા.'' પણ હરપાળની વાત બાબરાએ ગણકારી નહીં. તે પાછો નાચવા, કૂદવા તથા બરાડા પાડવા લાગ્યો. હરપાળે ત્રીજી વાર અડદના દાણા મંત્રીને તેના ઉપર નાંખ્યા એટલે તે પાછો ગાંડો થયો, અને ઘણા જુસ્સાથી આવી તેણે તેનું ગળું દાબ્યું. બંને જણા ભોંય ઉપર પડ્યા; ત્યાં શોરબકોર થઈ રહ્યો; તેઓ બંને જમીન ઉપર ગબડ્યા; અને વખતે એક ઉપર અને વખતે બીજો ઉપર એમ ઊથલપાથલ થવા માંડી. આટલી વાર સુધી તો બાબરો રમત કરતો હતો. તેણે તેનું પૂરું જોર અજમાવ્યું ન હતું. પણ હવે જ્યારે મારામારી ઉપર વાત આવી, અને લડાઈ બંધ કરવાને ઘણું સમજાવ્યા છતાં હરપાળે માન્યું નહીં, ત્યારે બાબરો ઊભો થયો, તેણે હરપાળને પોતાના એક હાથમાં ઊંચકી લીધો અને તેને ભોંય ઉપર પછાડી મારી નાખવાની ધમકી આપી. હરપાળ કાંઈ બીધો નહીં. તે હવામાં ઊંચો ઊછળ્યો, અને ભોંય ઉપર પછડાવાની તૈયારીમાં હતો એટલે તેણે ચાલાકીથી તેનો હાથ પકડી લીધો. અને તેના શરીરને બાથ ભીડી દીધી. હવે બાબરાએ તેનું ગળું પકડ્યું, અને તેને એવા જોરથી દાબ્યું કે તેનો પ્રાણ તત્કાળ નીકળી જાત, પણ આ વખતે તેને શક્તિની શિખામણ યાદ આવી, અને તેણે મહામહેનતે એક છલંગ મારી બાબરા ભૂતની ચોટલી જોરથી હાથમાં પકડી લીધી. તે જ ક્ષણે બાબરો નરમ ઘેંશ થઈ ગયો; વાઘનો એકદમ બકરી થઈ ગયો; તે એક ગરીબ ગાયની પેઠે ઊભો રહ્યો. 'છોડ ચોટલી' એટલું જ તેનાથી બોલી શકાયું, હરપાળને હવે જીવમાં જીવ આવ્યો, અને બાબરો અંતે જિતાયો એ જોઈને તેના હૈયામાં હર્ષ માયો નહીં. બાબરા સામું જોઈ તે બોલ્યો : – ''હવે નીકળો, બચ્ચા! હવે ખરેખરા દાવમાં આવ્યો છો, હવે સપડાઈ ગયા છો, માટે શરણ થાઓ.'' બાબરો છેક લાચાર થયો, અને દેશ છોડી જતાં રહેવાનું કબૂલ કર્યું; પણ હરપાળની મરજી તેને ગુલામ કરી લેવાની હતી માટે બોલ્યો કે જો મારાં સઘળાં કામમાં મારે જ્યારે તારી સહાયતા જોઈએ તે વખતે તરત હાજર થઈ મને સહાય થવાનું વચન આપે તો જ હું તને જવા દઉં. બાબરાએ એ શરત કબૂલ કરી, પણ તેના બદલામાં તેણે પણ તેની સાથે એવી શરત કરી કે જ્યારે તું મને કાંઈ કામ સોંપશે નહીં ત્યારે હું તને ખાઈ જઈશ. હરપાળે કહ્યું, 'કબૂલ'. પછી તેણે એક શીશો મંગાવી તેમાં ઊતરવાનું બાબરાને કહ્યું, હવે તે છેક નિરાશ થઈ ગયો હતો, તથા તેનું કાંઈ ચલણ રહ્યું ન હતું, તેથી તે શીશામાં ઊતર્યો. પછી તેને બંધ કરી તે ઉપર લાખ ચોઢી મંત્ર ભણીને છાપ મારી, અને તે શીશો લઈ કરણ રાજાની આગળ આવી ઊભો રહ્યો. અત્યાર સુધી જે-જે હકીકત બની હતી તે સઘળીથી કરણ વાકેફ થયો હતો, અને તેનો હર્ષ ઊભરાઈ જતો હતો; તે હરપાળને પગે પડ્યો. અને તે જેટલા રૂપિયા માગે તેટલા આપવાનું તેણે કબૂલ કર્યું.

હવે હરપાળને બોલવાનો વખત આવ્યો. તે હાથ જોડી રાજા આગળ ઊભો રહ્યો, અને પોતાની સઘળી વાત તેણે અથથી ઇતિ સુધી કહી. આ વાત સાંભળીને કરણને ઘણું આશ્ચર્ય લાગ્યું; અને કેટલીક વાર સુધી તો તેણે તે સાચી માની નહીં. જ્યારે હરપાળે કસમ ખાઈને તેની ખાતરી કરાવી ત્યારે કરણને ઘણો જ આનંદ થયો, અને આંખમાં હર્ષનાં આંસુ લાવી તેને ભેટી પડ્યો. મહેલમાં સઘળે તે વાત પથરાઈ. અને ત્યાંથી સઘળા સમાચાર શહેરમાં ફેલાયા. ઘેર-ઘેર આનંદ થઈ રહ્યો; અને કરણના માસીના દીકરા હરપાળે બાબરા ભૂતને શહેર બહાર કાઢ્યો

તેથી લોકો ઘણા ખુશ થયા. એક મોટી સવારી કાઢી શીશાને આખા શહેરમાં ફેરવ્યો અને તેને ગુજરાતની સરહદ બહાર મોકલાવી દીધો. પછી કરણે હરપાળને એક મોટો સરપાવ આપ્યો; તેને પોતાના દરબારમાં સામંત કરી ઠેરવ્યો અને પોતાની સાથે મહેલમાં તેને રાખવાનો ઘણો આગ્રહ કર્યો, પણ હરપાળે પોતાની નવી સ્ત્રીની સાથે જુદા ઘરમાં રહેવાની ખુશી જણાવી તે ઉપરથી રાજાનો એક બીજો મહેલ શહેરમાં હતો તે તેને સ્વાધીન કર્યો; અને તેને ઘણી ધામધૂમ સાથે તેના નવા ઘરમાં વિદાય કર્યો.

પ્રકરણ ૮મું

બાબરા ભૂતના ત્રાસથી તથા ઉપદ્રવથી કરણ રાજા, ફુલારાણી તથા રાજમહેલના સઘળા લોકો, અને પાટણના સર્વ રહેવાસીઓ છૂટયા, તેથી બેસતા વર્ષને દહાડે સઘળે આનંદ થઈ રહ્યો. ઘેરઘેર ખરી દિવાળી તો તે જ દહાડે થઈ, અને લોકો ઘણા ઉમંગથી સવારના પહોરમાં એકબીજાને જુહાર કરવા, બોણી લેવા તથા અન્યોન્ય ભેટ લેવા ઘણાં ઊંચાં વસ્ત્ર પહેરીને નીકળ્યાં. તે વખતે પોતાના મહેલમાં હરપાળ તથા શક્તિ દેવી ઉલ્લાસથી વાત કરતાં હતાં, રાજાના દરબારમાં જવાની તૈયારી કરવામાં પડ્યાં હતાં, તથા કરણ રાજા જો કાંઈ ઇનામ આપવાનું કહે તો શું માગવું તે વિશે ખાનગી ગોઠડી કરતાં હતાં.

આશરે દોઢ પહોર દહાડે દરબાર ભરાવા લાગ્યો. દશેરાને દહાડે જેઓ મળ્યા હતા તેઓની સાથે આ વખતે પુરના મુખ્ય વ્યાપારીઓ તથા બીજા શ્રીમંત લોકો પણ દરબારમાં બિરાજેલા હતા. હરપાળ પણ ઘણાં ભભકાદાર લૂગડાં પહેરીને આવ્યો. તેને રાજાએ પોતાના જમણા હાથ તરફ પાસે બેસાડ્યો. જુહારનું તથા તે દહાડાનું બીજું કામ થઈ રહ્યા પછી કરણે હરપાળની તરફ જોયું, તેણે જે મહાભારત કામ કર્યું તેને માટે તેનો શાબાશી સાથે ઉપકાર માન્યો, અને એ કામનો ઘટતો બદલો તો તે આપી શકે તેમ ન હતું તથાપિ જે કાંઈ તે માગે તે ઘણી ખુશીથી તેને આપવાનું તેણે કબૂલ કર્યું. હરપાળે ઊઠી રાજાને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને હાથ જોડી એટલું જ માગી લીધું કે એક રાતમાં જેટલાં ગામ ઉપર તોરણ બંધાય તે સઘળાં મને ઇનામમાં આપવાં.

હરપાળ એટલું જ માગશે એમ કરણને આશા ન હતી; એથી વધારે ઇનામ માગી લેશે એમ તેને ફિકર હતી. પણ હમણાં જ્યારે તેણે હરપાળની વિનંતી સાંભળી ત્યારે તે ઘણો જ ખુશ થયો; અને એક રાતમાં તો ઘણાં જ થોડાં ગામો ઉપર તોરણ બંધાઈ શકાશે, એમ ધારી તેણે તેની અરજ તરત કબૂલ કરી. દરબાર બરખાસ્ત થયા પછી હરપાળ પોતાને ઘેર ગયો, અને જે સઘળું બન્યું હતું તે પોતાની વહુને કહ્યું. હવે રાત્રે જેમ બને તેમ વધારે ગામો ઉપર તોરણ બાંધી શકાય એવી ગોઠવણ કરવાના કામને વાસ્તે એકલી શક્તિ દેવી બસ હતી. પણ માત્ર તેમનાથી જ તે કામ મનમાનીતી રીતે થઈ શકશે એવો પાકો ભરોસો હરપાળને આવ્યો નહીં. થોડોક વિચાર કર્યા પછી તેને બાબરો ભૂત યાદ આવ્યો. જ્યારે જરૂર પડે ત્યારે તેને મદદ કરવાનું ભૂતે કબૂલ કર્યું હતું, અને વળી જો તેને કાંઈ કામ સોંપવામાં નહીં આવે તો તે તેને ખાઈ જશે એવી તેની સાથે શરત થઈ હતી તેથી બાબરાને એકદમ બોલાવી મંગાવી તેને પણ શક્તિની સાથે સામેલ રાખવો એવો તેણે ઠરાવ કર્યો. બાબરાનું ધ્યાન ધરતાં જ તે તરત હરપાળ આગળ આવી ઊભો રહ્યો, અને તેની સઘળી વાત સાંભળી લીધી. એક તો તે હરપાળને પૂરતી રીતે મદદ કરવાને બંધાયેલો હતો, અને બીજું તેને વધારે મદદ કરવાથી કરણનું નુકસાન વધારે થશે, અને તેથી તેના મનનું ધારેલું વેર કંઈક લેવાશે એ બન્ને વિચારથી તે ઘણો ખુશ થયો, અને દીવા થતે પોતાની સાથે બીજા મદદગાર ભૂતોને લઈને હાજર થવાને વચન આપ્યું. કબૂલ કરેલ વખતે તે સવા લાખ ભૂતને તેડીને આવ્યો, અને શક્તિદેવીને સાથે લઈ તેઓ સઘળાં તોરણ બાંધવા નીકળ્યાં.

બીજે દહાડે સવારે કરણે પોતાના પ્રધાનને એક સાંઢણી આપીને કેટલાં ગામો ઉપર તોરણ બંધાયાં તેની તપાસ કરવાને મોકલ્યો. આગળ જતાં માલૂમ પડ્યું કે પહેલું તોરણ પાટડી ઉપર રાત્રે નવ વાગતે બંધાયું. પછી તેના તાબાનાં છસો ગામો ઉપર તોરણ બંધાયાં, અને સવારના ચાર વાગતાં સુધીમાં કુલ બે હજાર ગામો ઉપર તોરણ બંધાયાં. પ્રધાન ઘણો ગભરાયો, અને ધાર્યું કે આ તો હરપાળે ગજબ કર્યો. તેણે તે ગામોની એક ટીપ કરી, અને કરણને આપી. એ

ટીપ વાંચીને તેને જે ક્રોધ ચઢ્યો, તથા આશ્ચર્ય લાગ્યું તેનો વિચાર માત્ર કરી લેવો. બે હજાર ગામ ઇનામમાં આપવાં! શું બાબરા ભૂતને કાઢવાને બે હજાર ગામનું ઇનામ? અરે કેશવને મારતાં બે કોડી પણ ખરચ થયો નથી, અને તેના મરી ગયા પછી તેના ભૂતને ગામ બહાર કાઢવાને આટલી મોટી બક્ષિસ કરવી? ગુજરાતના કોઈ પણ રાજાએ આટલી મોટી જાગીર કોઈને આપી નથી. કોઈ પણ રાજાએ પોતાના પ્રાણ બચાવનારને પણ આટલું મોટું ઇનામ આપવું પડે છે? હું વચનથી બંધાયો છું; મેં મારો કોલ આપ્યો છે; અને રાજાનું વચન કદી પણ મિથ્યા થવું ન જોઈએ. વળી હરપાળ મારી માસીનો દીકરો છે તેથી તેને આપવાથી મને જરા સંતોષ થાય છે. હવે ગમે તેમ મન વાળવું. ખરું પૂછો તો મારા દહાડા જ વાંકા બેઠા છે, અને મારા સઘળા ગ્રહોએ ગામ જવા માંડ્યું છે, અને મારી દુર્દશા થવાનો સમય પાસે આવતો જાય છે. હશે, વધારે વિચાર કરવાથી સારું ફળ નથી, માટે બક્ષિસનામા ઉપર સહીમહોર કરી આપવાં.

તે જ દહાડે રાત્રે કરણ જ્યારે ફુલારાણીના મહેલમાં ગયો ત્યારે તેની ઉદાસ વૃત્તિ જોઈને રાણી ઘણી જ દિલગીર થઈ. ભૂતનો ઉપદ્રવ મટવાથી તે ઘણી જ ખુશ થઈ હતી, અને આ રાત તેણે તેના ધણી સાથે આનંદમાં કાઢવાનો ઠરાવ કર્યો હતો, પણ કરણના મોંએ તેના ઉલ્લાસ ઉપર ટાઢું પાણી રેડ્યું. પોતાના સ્વામીની દિલગીરીનું શું કારણ છે તેની તજવીજ રાણીએ કરવા માંડી, પણ ઘણી વાર સુધી કરણે તેની આગળ પોતાનું મન ખોલ્યું નહીં. પણ સ્ત્રીહઠ આગળ પુરુષ ઘણી વાર લાચાર થઈ જાય છે તેમ કરણ પણ આ વખતે થયો. તેને પોતાની મરજી ઉપરાંત તેની સ્ત્રી આગળ પોતાના ખેદનું ખરું કારણ બતાવવાની જરૂર પડી. ફુલાદેવી સઘળી વાત સાંભળીને ઘણું આશ્ચર્ય પામી, પણ રજપૂતાણી તેના ડહાપણ તથા સમયસૂચકતાને માટે પ્રસિદ્ધ છે. તેને એક ઉપાય તરત સૂઝ ્યો, અને તે બોલી : ''મારા સ્વામી! તમે જરા પણ એ વિશે ફિકર રાખશો મા. હું હરપાળની દૂરની સગી થાઉં છું; તે મને બહેન કહે છે; માટે આવતી બળેવે જ્યારે તેને રાખડી બાંધીશ, ત્યારે તેમાંથી ઘણાં ગામ માગી લઈશ.'' કરણ આ તદબીર સાંભળીને હરખાયો તો ખરો, પણ તેને લાગલું જ યાદ આવ્યું કે હરપાળ તો કાલે સવારે પાટડી જાય છે. અને ત્યાંથી તે પાછો આવવાનો નથી. ફુલારાણીએ આ પણ તેની ચિંતા મટાડી. તેણે પોતાના ચાકરને બોલાવી પોતાનો રથ જોડાવી મંગાવ્યો, અને લૂગડાંઘરેણાં પહેરી તેમાં બેસી હરપાળના મહેલમાં ગઈ.

હરપાળ તે વખતે જાગતો હતો તેથી તેની મુલાકાત સહેજ થઈ. માંહોમાંહે ખબરઅંતર પૂછી, અને બાબરા ભૂતને કાઢી તેને મહા વેદનામાંથી ઉગારી તેને વાસ્તે તેનો ઘણો જ ઉપકાર માન્યો. આગળ વાતચીત કરતાં જ્યારે ફુલારાણીને જણાયું કે હરપાળ બીજે દહાડે સવારે પોતાના ઇનામી ગામ ઉપર જનાર છે ત્યારે તે બોલી : ''ભાઈ! તું તો જાય છે, પછી મારી કોણ બરદાસ્ત લેશે? મારાં માબાપ તો મરી ગયાં છે તે તું જાણે છે. આખા જગતમાં મારો પિયરનો સગો તું જ માત્ર છે, માટે જ્યારે તું જઈશ ત્યારે તે તરફનું કામ કોણ કરશે? તથા તે તરફનો વહેવાર કોણ સાચવશે? માટે ભાઈ! જતાં પહેલાં મારો કાંઈ બંદોબસ્ત કર, મારા ખરચને વાસ્તે કાંઈ કરતો જા.'' આ સઘળું સાંભળીને હરપાળ ઘણું ગૂંચવાયો, પણ તે લાચાર; તે હવે શું કરી શકે? તેણે તેને પહેલાંથી બહેન કહેલી એટલે હવે સગપણનો ઇન્કાર પણ કેમ કરાય? અને તેનું વાજબી માગણું આપ્યા વિના કેમ જવાય? માટે જીવ કઠણ કરીને ત્યાંથી ઊઠી એક કાગળ તથા લખવાનાં બીજાં સાધન લઈ આવ્યો, અને ભાલનાં પાંચસો ગામ તેને લખી આપ્યાં. ફુલારાણી બક્ષિસનામું લઈને થોડી વાર બેસી વિદાય થઈ, અને કરણને કાગળ આપ્યો.

બે હજાર ગામોમાંથી પાંચસો પાછાં આવ્યાં, એટલા ઉપરથી કાંઈક સંતોષ માનવા જેવું હતું

ખરું, પણ પંદરસો ગામો ગયાં તે કાંઈ થોડું નુકસાન ન હતું. હવે બીજો કંઈ ઉપાય ન હતો તેથી તેણે જેમ-તેમ મન વાળી ફુલારાણી સાથે તે રાત કાઢી. તે વખતે હરપાળ તથા શક્તિ ઘણા ઊંડા વિચારમાં પડ્યાં હતાં. બાબરા ભૂતને કાંઈ કામ સોંપવામાં ન આવે તો તે તેને ખાઈ જાય એવી તેણે શરત કરી હતી, માટે પાટડી જતાં પહેલાં કાંઈ એવું કામ તેને આપવું કે તેનો પાર જ આવે નહીં. તે શું આપવું તે બાબત તેઓ વિચાર કરતાં હતાં. આખરે શક્તિને એક યુક્તિ સૂઝી. તેણે બાબરા ભૂતને બોલાવવાને હરપાળને કહ્યું. બાબરો તરત હાજર થયો. તેને એક મોટો લાંબો વાંસ લાવવાને શક્તિએ હુકમ કર્યો. ભૂત તેવો એક વાંસ તરત લાવ્યો. તેને ભોંયમાં દટાવ્યો, અને તે ઉપર ચઢવું અને પાછા ઊતરવું, પાછું ચઢવું ને ઊતરવું એ પ્રમાણે કર્યા કરવાને તેણે ભૂતને હુકમ કર્યો, અને ફરમાવ્યું કે જ્યારે એમ ચઢ-ઊતરનું કામ પૂરું થાય ત્યારે બીજું કામ લેવાને મારી પાસે આવવું. એ પ્રમાણે બાબરા ભૂતનો નિકાલ થયો.

એ વાત બન્યાને એક મહિનો વીતી ગયો. હવે કરણ છેક નવરો પડ્યો, હવે તેને કાંઈ અગત્યનું કામ કરવાનું રહ્યું નહીં, તેથી તેના મનનું જોર તેના શરીર ઉપર ચાલ્યું, અને તેની મનોવૃત્તિઓ સઘળી પ્રબળ થઈ. પોતાના રાજ્યની ટૂંકી મુદતમાં જે કામો તેણે કર્યાં હતાં તે ઉપર વિચાર કરવા લાગ્યો, હવે પસ્તાવાનો કીડો તેના કલેજામાં પેદા થયો, અને તેને ધીમે-ધીમે કોતરવા લાગ્યો. તેને ખાવું, પીવું તથા બીજી કોઈ તહેરનો એશઆરામ જરા પણ ગમે નહીં; રાત્રિએ નિદ્રા આવે નહીં; અને જો થોડી વાર કાંઈ ભાંગી-તૂટી ઊંઘ આવે તો ઘણાં ભયાનક સ્વપ્નાં આવી ઊંઘ તથા આરામનું ખંડન કરે. દશેરાની રાતની વંતરીઓ, તેઓને આપેલો કોલ, તેને દીધેલી શિખામણ, ગુણસુંદરીનો મરતી વખત પહેલાંનો દેખાવ, શહેરના દરવાજા આગળ તેને તથા આખા રાજ્યને તેણે દીધેલો શાપ, તેની બળતી વખતની ચીસ તેના સાંભળ્યામાં આવી એવી કલ્પના, કેશવ બાબરો ભૂત થઈ ફુલારાણીને વળગ્યો તથા આખા પુરને ભારે ઉપદ્રવ કર્યો તે, એ સઘળું વારે-વારે અનુક્રમે તેના મનમાં રાત-દહાડો આવ્યા જ કરતું હતું. રોજ-રોજ જ્યારે મધ્ય રાત્રે મનના ઉકળાટથી તથા ઊંઘ ન આવવાથી ઉત્પન્ન થતી અકળામણથી અર્ધો ઊંઘતો, અર્ધો જાગતો સૂતેલો હોય તે વખતે કેશવ તથા ગુણસુંદરી બંને તેની આગળ જાણે ઊભાં રહેતાં, અને જે દુષ્ટ કામોથી તેઓનો પ્રાણ ગયો તેને વાસ્તે તેઓ રાજાને એટલા તો ઠોક પાડતાં કે તેને આખે શરીરે ઝરી છૂટતી; બધું અંગ ઠંડુંગાર થઈ જતું; અને શુદ્ધિ આવતાં જે પશ્ચાત્તાપ તથા અંતઃકરણને ભારે કષ્ટ થતું તેની તો કલ્પના જ માત્ર થઈ શકે, એવું મહાભારત દુઃખ તેને સહેવું પડ્યું. અને તેની અસર તેના શરીર તથા મન ઉપર પણ જણાઈ આવી. આગળ તેનું જે બળવાન શરીર હતું તે ધીમે-ધીમે ઘસાવા લાગ્યું. તેનું લોહી જે લાલચોળ હતું તે ફિક્કું પડવા લાગ્યું. તેના ગાલ બેસી ગયા. તેની આંખ ઊંડી ખાડામાં પેસવા લાગી. તેનો ચહેરો આગળ જે નિશ્ચિંત તથા હસમુખો હતો તે ઉપર ચિંતા આવી બેઠી, અને તે ઊંડા વિચારમાં પડેલો હોય એમ હંમેશાં દેખાવા લાગ્યો. તેની રાણીઓએ તેને અંગમોહથી, ચતુરાઈથી, તથા બાહ્ય વસ્તુઓની સહાયતાથી દિલગીરીમાંથી કાઢવાને ઘણા પ્રયત્નો કર્યા, પણ સઘળા વ્યર્થ ગયા. જે રૂપસુંદરીને વાસ્તે તેના ઉપર આ સઘળું દુઃખ આવી પડ્યું, જેને વાસ્તે તેણે આ લોકમાં અપજશનો ગાંસડો બાંધ્યો, અને પોતાના રાજ્યને તથા શરીરને જોખમમાં નાખ્યું, જે રૂપસુંદરીને વાસ્તે તેણે પોતાના અમર આત્માને અક્ષય દુઃખના ખાડામાં નાખ્યો, અને આ ક્ષણભંગુર જગતમાં હલકી જાતનું અનિશ્ચિત સુખ મેળવવામાં પરલોકમાંના સર્વોત્કૃષ્ટ, અમર્યાદ, અનંતકાળ સુધી પહોંચે એવાં અચળ સુખ ઉપરથી હાથ ઉઠાવ્યો, તે રૂપસુંદરીને પણ એક ખૂણામાં રહેવા દીધી, અને તેની અપ્સરા જેવી કાંતિ તથા પરી જેવા વદનને જોવાથી જે અપાર સંતોષની આશા રાખતો હતો, તે પૂરી ન પડતાં ઊલટી તે નજરે પડતાં જ, બલકે તેનો વિચાર મનમાં આવતાં જ, તેને ઘણો જ સંતાપ ઊપજવા લાગ્યો. હાય હાય! રૂપસુંદરી!

રાજાની સાથે સમાધાન કરતી વખતે તેણે તને મોટાં મોટાં સુખની જે આશા આપી હતી તથા પોતાની પટરાણી કરવાનું તને જે વચન આપ્યું હતું તે સઘળું પાણીના પરપોટાની પેઠે ફૂટી ગયું. તું રાજમહેલના એક ખૂણામાં પડી રહી, અને રાજાએ તને ન માની, એટલે આખા મહેલમાં તું શૂન્ય જેવી થઈ પડી.

માણસનું મન કેવું ચળ તથા અનિશ્ચિત! જ્યાં સુધી તેને કાંઈ વસ્તુ મળી નથી ત્યાં સુધી તેના ઉપર તેનો અતિ ઘણો મોહ રહે છે. અને તે તેને મેળવવાને તન, મન, અને ધન સઘળું અર્પણ કરવાને તૈયાર થાય છે; અને મળ્યા પછી કેવું જતન કરી તેનો કેવો ઉપયોગ કરીશ, તે વિના મારાથી એક ઘડી પણ જિવાશે નહીં, અને આટલા દહાડા તે વગર ચાલ્યું એ કેવું આશ્ચર્ય, એવા અનેક વિચાર કરે છે. પણ તે એક વાર મળી એટલે તે તુચ્છ જેવી તેને દેખાય છે, તેની કિંમત પાણીના રેલાની પેઠે ઊતરી જાય છે, અને જે આઘેથી હીરો દેખાતો હતો તે પાસે આવવાથી એક કાચનો કટકો ઠર્યો તેથી તે બીજી નકામી વસ્તુઓમાં ભળી જાય છે, અને જેમ એક નાનું છોકરું રડીને એક રમકડું લે છે, અને તે મૂકી બીજાને લેવાનું કરે છે, તેમ તેનું મન તે વાત ઉપરથી બીજી નવી વાત ઉપર દોડે છે. એ પ્રમાણે ફોકટ શ્રમ કરવામાં તેનું આખું આયુષ્ય વહી જાય છે, અને જે સુખ મેળવવાને તેનો અમૂલ્ય અવતાર અર્પણ કરે છે તે સુખ એક ભૂતના તાપણાની પેઠે આઘું ને આઘું જ જતું જાય છે.

કરણ રાજાને એ પ્રમાણે જ થયું. તેની જિંદગીના રસ્તા ઉપર તોફાન તથા અંધકાર આગળ આવવાનાં છે એમ તે જાણતો ન હતો, તોપણ જેટલું દરદ તેને હમણાં લાગતું હતું તે એટલું તો તીવ્ર હતું કે તે પોતાની જિંદગીથી એ કંટાળી ગયો; અને દુઃખની સામા થવાને તથા પાછું હડસેલવાને જુવાનીમાં જે ગુણ હોય છે તે તેનામાં દબાઈ ગયેલો, તેથી પૂર્વે કેટલાક રાજાઓએ કર્યું હતું તે પ્રમાણે દુનિયાનો ત્યાગ કરી કોઈ પવિત્ર સ્થળે જઈ એકાંતવાસ કરી જગતની ચિંતાથી વિરક્ત થઈને પરમેશ્વરની ભક્તિમાં બાકી રહેલી આવરદા કાઢવાનો તેણે નિશ્ચય કર્યો. પણ હજુ તેનું મન સંસારની માયાની જાળમાંથી છૂટું થયું ન હતું. હજી તે સંસારના મોહથી છેક કાયર થયો નહોતો; હજુ તેના મનમાં રાજપાટ ચલાવવાની, વિષયાદિ સુખ ભોગવવાની ઇચ્છા પ્રબળ હતી, તેથી દુનિયાનો ત્યાગ તેનાથી થયો નહીં. હમણાંનું દુઃખ જલદીથી જતું રહેશે, આગળ ઘણું સુખ થશે, મનને વિશે જે અંધકાર, હમણાં આવીને ઠસેલો છે, તે વેરાઈ જઈને ત્યાં ભરપૂર અજવાળું પ્રકાશશે એવી તેને આશા હતી, અને એ આશાને જોશી લોક ઉત્તેજન આપતા હતા. તેના મહેલમાં રોજ-રોજ જોશીઓનાં ટોળેટોળાં આવતાં હતાં, અને તે લોકોની કમાઈ તે વખતમાં એટલી તો વધી ગઈ હતી કે સઘળાં બ્રાહ્મણો તથા જતિઓનું મન બીજી વિદ્યાઓ પડતી મૂકી જ્યોતિષશાસ્ત્રનો થોડોઘણો અભ્યાસ કરવા ઉપર દોડ્યું. તેની જન્મોત્રી જોવાતાં જોવાતાં, તથા ઘણાના હાથમાં જવાથી ફાટીને ચીંથરા જેવી થઈ ગઈ, અને અગર જો કોઈ વૈદ્ય અથવા સુરઇયો તે ફાટેલા કાગળને વાસ્તે એક પૈસો આપતાં પણ આંચકો ખાય, તોપણ જોશીઓએ સ્વાર્થ રૂપી ચશ્માં તેઓની આંખે પહેરેલાં તેથી તેઓને તો તે ચીંથરિયા કાગળના કટકામાં કુબેરના ભંડાર જેટલી સમૃદ્ધિ, રાજા કરણ જેટલી ઉદારતા, રાજા વિક્રમ જેટલો પરોપકાર, યુધિષ્ઠિર જેટલી સત્યતા, ભીમ જેટલું અંગબળ, અર્જુન જેટલું પરાક્રમ દેખાતું હતું. જ્યારે ઘણા માણસો એકની એક જ વાત એક માણસને કહ્યાં કરે ત્યારે તે છેતરાઈને સાચું માને એમાં કાંઈ ઘણું આશ્ચર્ય નથી. દુનિયામાં ઘણી વાતો ઘણાના કહેવા ઉપરથી જ સાચી મનાય છે, ત્યારે જેઓ જ્યોતિષશાસ્ત્ર સાચું માને, તેઓ આવા આધાર ઉપરથી કહેલી વાત સહેલાઈથી માન્ય કરે એમાં શી નવાઈ? વળી જે વાત આપણને અનુકૂળ હોય તથા માનવી ગમે તે ઉપર, પ્રતિકૂળ તથા માનવાને અણગમો થાય એવી વાત કરતાં આપણો વધારે જલદીથી વિશ્વાસ બેસે છે. તેથી કરણ રાજાએ જોશીઓના કહેવા ઉપર

ભરોસો રાખ્યો, તથા તેઓનાં વચન સાચાં માનીને ખોટી આશાથી તેણે પોતાના મનને દિલાસો આપ્યા કર્યો, અને મહારણમાં થાક તથા તરસથી કષ્ટાતો મુસાફર મૃગજળ જોઈને પાણીની આશા રાખી ચાલ્યો જ જાય છે, તેમ કરણ રાજાએ આગળ ઉપર સારાની ઉમેદ રાખી સંસારરૂપી પ્રવાસમાં શાંત મનથી ચાલવાનો નિશ્ચય કર્યો.

પણ કરણના અંતઃકરણમાં પશ્ચાત્તાપનો કીડો હજી જીવતો હતો તે તેને નિરંતર કોતરી ખાતો હતો, તથા દુષ્ટ કર્મનો અગ્નિ તેનામાં હોલવાયો ન હતો. તે તેના શરીરને બાળ્યા જ કરતો હતો. તેનો ઉપાય જોશીઓના હાથમાં ન હતો. જોશીઓનું કામ ભવિષ્યકાળને લગતું હતું, વર્તમાન કાળને લગતું ન હતું, તેથી જોશીઓ સિવાય બીજા લોકોનું પણ તેને કામ પડ્યું. દરરોજ પુરાણીઓ એના જેવી અવસ્થામાં આવી પડેલા તથા ત્યાર પછી સુખી થયેલા રાજાઓની કથા કરી દૃષ્ટાંત રૂપી ઉપદેશ આપી દિલાસો આપતા હતા. પવિત્ર વેદના શબ્દ કાને જ માત્ર પડે તો તેથી અઘોર પાપ સૂકા વાંસની પેઠે બળી જાય, તથા મુક્તિ થાય, એવો ભરોસો આપીને વેદિયા બ્રાહ્મણો તેના મહેલમાં વેદનાં પારાયણ કરતા હતા. શાસ્ત્રી લોકો બ્રહ્મહત્યા સુધીનાં પાપનાં જુદાં-જુદાં પ્રાયશ્ચિત્તો બતાવી તે પ્રમાણે રાજા પાસે કરાવી ઘણા પૈસા તેની પાસેથી કઢાવતા હતા. ગૌદાન, પ્રાજાપત્ય, આદિ બીજી ઘણી દક્ષિણા બ્રાહ્મણોને મળવા લાગી. એટલું કર્યા છતાં પણ રાજાને શાંતિ થઈ નહીં તેથી ધીમે-ધીમે તેનો વિશ્વાસ શાસ્ત્રના ઉપાયો ઉપરથી ઊઠવા લાગ્યો. તે જોઈને બ્રાહ્મણો ઘણા ગભરાયા, અને આવો વખત જતો રહેશે તો ફરીથી પાછો આવવાનો નથી, એમ જાણીને તેઓ ઘણા ચિંતાતુર થયા. તે વખતે થોડાક વૃદ્ધ બ્રાહ્મણો રાજા પાસે ગયા, અને જે-જે ક્ષેત્રો તથા પવિત્ર સ્થળો શાસ્ત્રમાં કહેલાં છે તથા લોકોમાં મનાય છે તે સઘળાંનાં માહાત્મ્ય કહી સંભળાવ્યાં, અને અંતે એવું કહ્યું કે "કાશી, ગયા, પ્રયાગ વગેરે બીજાં ક્ષેત્રો તો ઘણાં દૂર પડ્યાં, અને ત્યાં આપ જેવા રાજાઓથી જવાય એવું નહીં, તેથી આપણા રાજ્યમાં તથા પાડોશમાં સરસ્વતીને કાંઠે શ્રીસ્થળ (સિદ્ધપુર) ક્ષેત્ર છે તેનો મહિમા ઘણો છે, માટે ત્યાં જઈ સરસ્વતીમાં સ્નાન કરવું, અને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત્ત કરી રુદ્ર મહાકાળેશ્વરનાં દર્શન કરવાં, એટલે દેહનું સાર્થક થશે, તથા મુક્તિનું સાધન મળશે એટલું જ નહીં પણ હાલમાં આપના મન વિશે જે ઉકળાટ છે તે શાંત થઈને સ્વચ્છ તથા નિર્મળ થશે. થોડી વાર રાજ્યધાનીની બહાર જવાથી રાજ્યને કાંઈ નુકસાન થવાનું નથી. માટે અમારી સલાહ જો માન્ય કરો તો શ્રીસ્થળની યાત્રાએ જાઓ. યાત્રાઓમાં દેવદર્શનથી જે લાભ થાય છે તે એક કોરે મૂકીએ તોપણ તેથી મન ઉપર ઘણી સારી અસર થાય છે. જુદી-જુદી યાત્રાઓના મહિમા યાત્રાળુ લોકોએ સાંભળ્યાં હોય તેથી તેઓને આગળથી જ નક્કી હોય છે કે ત્યાં જવાથી આપણાં સઘળાં પાતકોનો નાશ થશે, અને જ્યારે એ મનને નિશ્ચય હોય ત્યાં ગયા પછી શાંતિ થયા વિના રહેતી જ નથી. કલ્પનાની મન તથા શરીર ઉપર ઘણી સત્તા છે. ઘણી જોરાવર કલ્પનાથી ન હોય એવી વસ્તુઓ જોવામાં, તથા ખોટા અવાજ આપણા સાંભળવામાં આવે છે. તેથી સઘળી જ્ઞાનેંદ્રિયો છેતરાય છે, તથા આખા જગતમાં ના-ના પ્રકારના વહેમ તથા ખોટા વિચાર ચાલે છે. કલ્પનાથી જ માણસ વખતે ઘેલો થઈ જાય છે, અને કલ્પનાની સત્તા વડે જ તે બેશુદ્ધ થઈ નિદ્રાવસ્થામાં પડે છે. એ સિવાય કલ્પનાની શક્તિ બીજી ઘણી રીતે ચાલે છે. માટે જો શ્રીસ્થળના મહિમા ઉપર પૂરો ભરોસો રાખી ત્યાં જશો તો કલ્પનાની સત્તા વડે જ મનની શાંતિ થશે. વળી જગાના ફેરફારથી પણ ઘણું કાર્ય થાય છે. જો શરીરના રોગી લોકોને જગાફેર થવાથી ઘણી વાર આરામ થાય છે તો મનના રોગીઓનું દુઃખ તેમ કર્યાથી શા માટે નિવારણ નહીં થાય? વળી જેઓને પશ્ચાત્તાપની મહાપીડા નડે છે, તેઓને જગા બદલવાથી ઘણો ફાયદો થયા વિના રહેતો નથી. જગતમાં જે-જે વસ્તુઓનું આપણને જ્ઞાન થાય છે, તેની પ્રતિમા આપણા સ્મરણ-સંગ્રહસ્થાનમાં રહેલી હોય છે. પણ ત્યાં તેઓ એકલી હોતી નથી.

હરેક પ્રતિમાને વીંટળાયેલી કેટલીક હકીકત હોય છે, તે સુખદાયક અથવા દુઃખદાયક હોય તોપણ જ્યારે વિચારશક્તિ વડે તેઓમાંથી એક પ્રતિમા તે સંગ્રહસ્થાનમાંથી બહાર નીકળે છે એટલે તેને લગતી હકીકત પણ તેની સાથે એકદમ બધી ધસી આવે છે. જ્યારે પરદેશમાં સ્વદેશ યાદ આવે ત્યારે તેની સાથે આપણાં માબાપ, સગાંવહાલાં, ઓળખીતા લોકો, મિત્રો, આપણો નાનપણનો વખત, તેની ખુશી, જુવાનીનો વખત, તેમાં ભોગવેલાં સુખ, એ વગેરે હજારો વાતો તેની સાથે ધસી આવે છે; અને તેમાંની કેટલીકથી આપણને સુખ અને કેટલીકથી દુઃખ ઉત્પન્ન થાય છે. તેમજ માણસે જ્યાં ખૂન કરેલું હોય ત્યાં તે રહે તો તે જગા ઉપરથી જ ખૂન વિશેના ભયંકર વિચારો તેના મનમાં નિરંતર આવ્યા કરે; અને તેથી તેને જરા પણ સુખશાતા વળે નહીં. એથી ઊલટું તે જો તે જગા છોડીને બીજે ઠેકાણે જાય તો ત્યાંની નવી વસ્તુઓની પ્રતિમા તથા તેઓની સાથેની નવી હકીકતો સ્મરણસ્થાનમાં આવી ભરાય, અને તેમ છતાં નીચે દબાયેલી પ્રતિમાઓને ઉપર આવવાનું કઠણ પડે, તેથી તેઓ કોઈ-કોઈ વાર જ નીકળી આવી તેને ઉપદ્રવ કરે. એવી રીતે નવી પ્રતિમાઓનો સંગ્રહ વધારે થવાથી જૂની ઉપર ભાર વધારે થાય, અને તેઓ વધારે દબાતી જાય, અને તેનું પરિણામ એ થાય કે મનને વધારે સુખ તથા શાંતિ થતી જાય. એવું જગા બદલવાનું માહાત્મ્ય છે. વળી પ્રાચીન કાળના મહર્ષિઓએ જે-જે ક્ષેત્ર તથા યાત્રાનાં તીર્થ પસંદ કરેલાં છે તે રમણીય તથા ચિત્તાકર્ષક સ્થળ જોઈને જ કરેલાં છે. પ્રાચીન કાળથી પ્રસિદ્ધ થયેલી નદીઓ ઉપર જે-જે જગા છે તેઓમાંથી કેટલીકમાં યાત્રા ભરાય છે. સૃષ્ટિમાં જે સઘળી વસ્તુઓ છે તેમાં નદીઓ ઘણી જ ચમત્કારી છે. વરસાદનું પાણી કોઈ ડુંગરના પોલાણમાં એકઠું થઈ તેમાંથી ઊભરાઈને વહે, અને તે ધીમે-ધીમે મોટી થઈ આગળ ચાલે, તથા લાખો લોકોના પ્રાણનો આધાર થઈ પડે છે, તે જોવાથી માણસનું મન ઘણું વિસ્મિત થાય છે. નદીથી તેના કાંઠા ઉપરનાં શહેરના લોકોને પાણી પૂરું પાડે છે, તથા આસપાસનાં ખેતરોમાં પાણી સિંચાય છે એટલું જ નહીં, પણ હિંદુ લોકોને અને ખાસ કરીને બ્રાહ્મણોને સ્નાનસંધ્યાદિ કર્મો કરવાને તે ઘણી કામની થઈ પડે છે. વળી મોટાં વહાણ ચાલે એવી નદીઓથી વ્યાપારની વૃદ્ધિ થઈ તે ઉપરનાં શહેરોની આબાદીમાં વધારો થાય છે, તથા એક સ્થળની નવાઈની તથા વધારાની જણસો બીજે સ્થળે લઈ જઈ શકાય છે. નદીના જુદા-જુદા ઘાટ આગળ ઘણા લોકો નહાતા હોય, ઘણી સ્ત્રીઓ પાણી ભરતી હોય, કેટલીક સ્ત્રીઓ લૂગડાં ધોતી હોય, કેટલાક બ્રાહ્મણો સાંજસવાર સંધ્યાદિ કર્મો કરતા હોય, તે વખતે કાચ જેવા નિર્મલ પાણી ઉપર પવનની લહેરથી નાનાં મોજાં થતાં હોય, સામા કાંઠા ઉપર ઝાડો હોય, વચમાં હોડીઓ તથા વહાણો ખલાસી સહિત ડોલતાં હોય, તે જોઈને મનને શાંતિ તથા આનંદ ઊપજે છે વળી નદીને જોવાથી માણસને તેનો સંસાર યાદ આવે છે. જેમ નદી પહાડમાંથી નીકળતી વખતે નાની હોય છે તથા બહાર પડ્યા પછી થોડેક સુધી તે ફૂલોમાં તથા કાંકરામાં રમતી જાય છે, તેમ માણસ બાલ્યાવસ્થામાં હોય છે. નદી આગળ ચાલ્યા પછી તેમાં બીજી નદીઓ આવીને મળે છે, તેમ માણસો મોટા થયા પછી ઘણા જોડે સંબંધ બાંધે છે. નદી વધારે આગળ ચાલ્યા પછી એટલી મોટી થાય છે કે તે ઘણાં માણસોને ઘણી અગત્યની થઈ પડે છે, તથા તે ઉપર વહાણો ફરવાથી વ્યાપાર ચાલે છે તથા માણસના સુખને તથા શોખને વાસ્તે જે વસ્તુઓ જોઈએ તે સઘળી પૂરી પાડે છે, તેમ માણસ ભરજુવાનીમાં બીજાઓને ખપ લાગે છે તથા ભારે-ભારે કામો માથે લે છે. અને નદી જેમ છેલ્લી વારે અમર્યાદ સમુદ્રને મળી જાય છે, તેમ માણસ પણ અંતે લય પામી તેનું અંતવાન આયુષ્ય અનંતકાળ સાથે મળી જાય છે. માટે નદીઓ જોયાથી માણસની જિંદગી ઉપર તેનો વિચાર દોડે છે, તથા પરમેશ્વરના એક મોટા કામ આગળ શૂન્ય જેવો તે થઈ જાય છે. કેટલાંક તીર્થ મોટી ઝાડી તથા મહા વનમાં હોય છે, ત્યાં ઝાડોની ઘટામાં એકાંતપણાનો વાસો હોય છે. વળી એવે કેટલેક ઠેકાણે મોટા-મોટા

પર્વતો હોય છે. એવી રળિયામણી જગામાં કોના મનમાં ભક્તિ આવ્યા વિના ન રહે? જ્યાં ઈશ્વરે બહોળે હાથે પોતાની ઉદારતા વાપરેલી છે, જ્યાં જગત્કર્તાનાં મોટાં કામો માણસનાં હલકાં તથા નબળાં કામોની જાણે મશ્કરી કરતાં હોય એમ લાગે છે, જ્યાં ઘણી તરેહની સૃષ્ટિની શોભા એકઠી મળેલી હોય છે, જ્યાંની ભૂમિ એવી તો પવિત્ર તથા દેવતાઈ જણાય છે કે ત્યાં કાંઈ દુષ્ટ કામ કરતાં જ માણસને ત્રાસ લાગે છે, તથા જેનો નમૂનો લઈ પૃથ્વી ઉપરના કેટલાક જંગલી લોકોએ પોતાનું સ્વર્ગ કલ્પેલું છે, એવાં રમણીય તથા પવિત્ર સ્થળોમાં માણસને પોતાનું તુચ્છપણું તથા હલકાઈ સમજાય, પોતાના કરતાં અતિ ઘણી બળવાન કોઈ બીજી શક્તિ છે એમ તે જાણે, તથા તે શક્તિ આગળ નમ્રતા પકડી તેને નમીને તેને પોતાનો દેહ તથા આત્મા સોંપે, તેની બેહદ સ્તુતિ કરે, તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખી ભક્તિમાં વધારો કરે, તથા જે થાય છે તે તેની ઇચ્છાથી જ થાય છે એમ ખાતરી કરી ધૈર્ય તથા શાંતિ મનને વિશે રાખે, એમાં કાંઈ આશ્ચર્ય નથી.'' ઘરડા બ્રાહ્મણોએ ઉપર પ્રમાણે યાત્રાનો મહિમા રાજા આગળ કહી સંભળાવ્યો.

ઉપલી સઘળી વાત સાંભળીને કરણના મન ઉપર ઘણી અસર થઈ, અને તે જ વખતે સિદ્ધપુરની જાત્રાએ જવાની તૈયારી કરવાનો હુકમ કર્યો. બે-ત્રણ દહાડા પછી થોડાંક માણસ લઈ તથા કાંઈ પણ ધામધૂમ કર્યા સિવાય રાજા કરણ સિદ્ધપુર જવાને નીકળ્યો. સિદ્ધપુરમાં ઘણાં શૈવ તથા જૈન દેવસ્થાનો હતાં. તેઓમાં શૈવ દેવસ્થાનો ઉપર ધજા ચઢતી, પણ કેટલાંક વર્ષ થયાં જૈન દહેરાં ઉપર ધજા ચઢાવવાની મના થયેલી હતી. તે છતાં પણ જ્યારે મોતીશાને દિલ્હીથી પાછા આવ્યા પછી કારભાર મળ્યો ત્યારે તેની હિમાયત ઉપરથી, તથા તેની છાની ઉશ્કેરણીથી તેઓના ઉપર ધજા ચઢાવવા માંડી. આ જોઈને બ્રાહ્મણોને ઘણો જ ક્રોધ ચઢ્યો ને તેઓએ એ બાબત રાજાની આગળ ફરિયાદ કરી, પણ મોતીશાએ યુક્તિ કરી તેઓનું કાંઈ ચાલવા દીધું નહીં. રાજા હવે તેમના ગામમાં આવ્યો, અને તેમનું હવે નક્કી કામ પડશે એવું જોઈ તેઓએ ઠરાવ કર્યો કે જ્યાં સુધી રાજા જૈન દેવસ્થાન ઉપરથી ધજા ઊતરાવે નહીં ત્યાં સુધી તે સવા લાખ સોનાની મહોર દક્ષિણા આપે તોપણ કોઈ રીતની ક્રિયા તેઓએ તેને કરાવવી નહીં. બીજે દહાડે સરસ્વતી નદીમાં સ્નાન કરી દેહશુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવાનો રાજાનો મનસૂબો હતો, અને તે કારણસર તેણે ગામના મુખ્ય બ્રાહ્મણોને બોલાવ્યા, અને તેઓની આગળ પોતાનો વિચાર કહ્યો. બ્રાહ્મણોએ દૃઢતાથી જવાબ દીધો કે શૈવમાર્ગી રાજાના રાજ્યમાં જૈન ધર્મવાળાઓએ પોતાનાં દેવસ્થાનો ઉપર હુકમથી ઊલટા ચાલીને ધજા ચઢાવી છે તે ઊતરાવવાને અમે ફરિયાદ કરી, પણ તમારા જૈન મંત્રીની સલાહથી તમે અમારી વાત ઉપર ધ્યાન આપ્યું નહીં, માટે જ્યાં સુધી અમારી વિનંતી કબૂલ કરવામાં આવશે નહીં ત્યાં સુધી અમારામાંથી એક પણ આપને કોઈ જાતની ક્રિયા કરાવશે નહીં.

બ્રાહ્મણોનું આવું બોલવું સાંભળીને રાજા ઘણો કોપાયમાન થયો, અને તેણે બ્રાહ્મણોને અપમાન કરી કાઢી મૂક્યા. પછી એ સઘળી હકીકત તેણે મોતીશાને કહી. તે વખતે મોતીશાએ જોયું કે હવે લાગ આવ્યો, એમ જાણીને તેણે બ્રાહ્મણો ઉપર જુલમ કરવા માંડ્યો, તથા તેઓનાં દેવસ્થાનના અંગના હક્ક ખોટા કરવા તરફ લક્ષ લગાડ્યું. એ જ વખતે તેણે રાજાને જૈન માર્ગમાં લાવવાને ઘણા પ્રયત્નો કર્યા, તથા સઘળે ઠેકાણેથી ઘણા પ્રવીણ જતિઓને બોલાવી મંગાવ્યા. તેઓએ વાદવિવાદ કરી તથા બંને ધર્મનો મુકાબલો રાજા આગળ કરી દેખાડી તેને આદિનાથનો ભક્ત કરવાને ઘણો શ્રમ કર્યો, પણ રાજામાં ધર્મ સંબંધી જુસ્સો થોડો હતો, તથા તેણે એકતરફી સઘળી વાત સાંભળી હતી, તેથી તેના મન ઉપર કાંઈ અસર થઈ નહીં. જ્યારે જતિઓએ તેનું માથું ઘણું ફોડાવ્યું ત્યારે તેણે બંને પક્ષોના ભણેલા લોકોની સભા કરી વાદવિવાદ કરવાનો વિચાર જણાવ્યો, તે તેઓએ કબૂલ કર્યું. પછી ગામમાંના સઘળા

બ્રાહ્મણોને સભામાં આવવાનાં નિમંત્રણ દીધાં, અને મુકરર કરેલે દહાડે ઘણા બ્રાહ્મણો તથા જતિઓ એકઠા થયા. રાજા એક ઊંચા આસન ઉપર બેઠો. મોતીશા તથા બીજા મોટા કારભારીઓ તેની પાસે હારબંધ બેઠા, અને રાજાની સાથેના તથા ગામમાંના બીજા લોકો પાછળ ઊભા રહ્યા. સઘળા બેઠા પછી એક જતિએ બ્રાહ્મણોને કહ્યું કે – કુમારપાળ રાજાના વખતમાં જે વાત બની હતી તે તમને સાંભરતી નથી? નહીં સાંભરતી હોય તો હું તમને કહી સંભળાવું. બ્રાહ્મણોએ કાંઇ ઉત્તર વાળ્યો નહીં, તેથી જતિ બોલ્યો :

“એક દહાડે કુમારપાળ રાજા પાલખીમાં બેસીને ચૌટામાંથી જતા હતા ત્યારે તેને હેમાચાર્યનો શિષ્ય મળ્યો, તેને તેણે પૂછ્યું કે આજે શી તિથિ છે? તે દહાડે ખરેખરી અમાસ હતી, પણ શિષ્યથી ભૂલથી કહેવાઈ ગયું કે મહારાજ! આજે પૂનમ છે. તે વખતે કેટલાક બ્રાહ્મણો તે રસ્તે થઇને જતા હતા તેઓએ એ જવાબ સાંભળ્યો, અને ખડખડ હસી પડી તે શિષ્યની મશ્કરી કરી બોલ્યા કે, આ બોડકો શું જાણે? આજે તો અમાવાસ્યા છે. કુમારપાળે આ વાત સાંભળીને ઘેર જઈને હેમાચાર્યને બોલાવ્યા. પેલો શિષ્ય તેના અપાસરામાં જઈ પહોંચ્યો ત્યારે તે ઘણો શરમાયો, તથા ખેદ પામ્યો. આચાર્યે તેને પૂછ્યું કે શું થયું છે? તે ઉપરથી તેણે તેની આગળ સઘળી વાત કહી, ત્યારે આચાર્યે તેને કહ્યું કે એ વાતમાં તારે કાંઈ ચિંતા રાખવી નહીં. રાજાના માણસો સાથે તે મહેલમાં ગયો. કુમારપાળે પૂછ્યું કે આજે શી તિથિ છે? ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે અમાવાસ્યા; પણ હેમાચાર્યે કહ્યું કે પૂર્ણિમા. બ્રાહ્મણોએ કહ્યું કે રાત્રે જણાશે. જો પૂનમ હશે તો પૂર્ણ ચંદ્ર દેખાશે, અને એમ થાય તો સઘળા બ્રાહ્મણોએ રાજ્ય છોડી જતા રહેવું, પણ જો ચંદ્ર ન ઊગે તો જતિઓને દેશનિકાલ કરવા. હેમાચાર્યે એ વાત કબૂલ કરી, અને પોતાને અપાસરે ગયો. તેને એક દેવીનું સાધન હતું તેની તેણે આરાધના કરી, અને તે દેવીની યુક્તિથી સઘળાની નજર બંધાઈ તેથી પૂર્ણિમાનો ચંદ્ર ખરેખરો ઊગ્યો હોય એમ સઘળાએ જોયું. બ્રાહ્મણો હાર્યા, અને તેઓને દેશનિકાલ કરવાનો હુકમ થયો.”

જતિએ આ વાત કહી એટલે એક બ્રાહ્મણ બોલ્યો કે જ્યારે પૂર્વાર્ધ કહ્યો ત્યારે ઉત્તરાર્ધ શા માટે કહેતા નથી? જો તમારી કહેવાની ખુશી ન હોય તો સઘળા સભાસદોને હું કહી સંભળાવું : – “તે વખતે દેવબોધી આચાર્યને પાટણમાં બ્રાહ્મણો બોલાવી લાવ્યા. સવારે કુમારપાળ રાજાએ બ્રાહ્મણોને બોલાવી મંગાવ્યા. અને રાજ્યની બહાર જવાનો હુકમ કર્યો. તે વખતે દેવબોધી આચાર્ય આગળ પડી બોલ્યા કે કોઈને રાજ્ય બહાર કાઢી મૂકવાની શી જરૂર છે? આજે નવ કલાકે મહાસાગર પોતાની મર્યાદા છોડીને આખા દેશ ઉપર ફરી વળશે. એ સાંભળીને રાજાએ હેમાચાર્યને બોલાવ્યા, અને પૂછ્યું કે બ્રહ્મચારી કહે છે કે જળપ્રલય થનાર છે તે ખરું છે કે નહીં? હેમચાર્યે કહ્યું કે જળપ્રલય કદી થનાર નથી, અને જગતને આરંભ નથી માટે લય પણ નથી. દેવબોધી આચાર્યે કહ્યું કે ઘડી મૂકો, અને શું થાય છે તે જુઓ. ત્રણે જણા ઘડીની પાસે બેઠા. જ્યારે નવ કલાકની તૈયારી થઈ, ત્યારે તેઓ મહેલની પહેલી મેડી ઉપર ચઢ્યા, અને પશ્ચિમ તરફની બારીમાંથી જોયું તો દરિયાનાં મોજાં તેઓની તરફ જલદીથી આવતાં દીઠાં. મોજાં આગળ આવતાં જ ગયાં, તે એટલે સુધી કે શહેરનાં સઘળાં ઘરો પાણીમાં ગરક થયાં. રાજા તથા બંને આચાર્યો ઉપર જતા ગયા, પાણી પણ તેમજ ચઢતું ગયું; જ્યારે તેઓ છેલ્લી અથવા સાતમી મેડી ઉપર ગયા અને નીચે જોયું તો આખું શહેર, ઊંચામાં ઊંચાં ઝાડ, તથા ઊંચાં દહેરાંનાં શિખરો ડૂબી ગયેલાં દીઠાં અને પાણીનાં મોજાં સિવાય કાંઈ બીજું દેખાયું નહીં. કુમારપાળ રાજાએ ઘણો ભય પામીને દેવબોધી આચાર્ય તરફ જોયું, અને પૂછ્યું કે બચવાનો હવે કોઇ રસ્તો છે કે નહીં? તે બોલ્યો કે પશ્ચિમ તરફથી એક હોડી આવશે તે આ બારી પાસે થઈને જશે. જે તેમાં જલદીથી કૂદી પડશે તે બચશે. તે ત્રણે જણાએ પોતપોતાની

કમર બાંધી અને હોડીમાં જલદીથી કૂદી પડવાની તૈયારી કરી. એટલામાં આઘે એક હોડી દેખાઈ. તે પાસે આવતી ગઈ, તે વખતે દેવબોધી આચાર્યે રાજાનો હાથ પકડ્યો; અને કહ્યું કે હોડીમાં ઊતરવાને આપણે એકબીજાને સહાય થવું જોઈએ. હોડી બારી આગળ આવી ત્યારે રાજાએ તેમાં કૂદી પડવાનું કર્યું, પણ સ્વામીએ તેને પાછળ ખેંચી લીધો. હેમાચાર્યે બારીમાંથી છલંગ મારી; પણ દરિયો તથા હોડી એ બંને ખોટાં હતાં, તેથી આચાર્ય નીચેની ફરશબંધી ઉપર પડ્યો અને તેના કટકે કટકા થઈ ગયા. પછી હેમાચાર્યના શિષ્યોને કતલ કર્યા, અને રાજા કુમારપાળ સ્વામીનો ભક્ત થયો.''

એ બંને વાત સાંભળી કરણ રાજા બોલ્યો : ''બંને પક્ષવાળા સમાન થઈ રહ્યા. બલકે હેમાચાર્યના કરતાં દેવબોધી આચાર્યે વધારે પરાક્રમ કર્યું, તથા વધારે ચમત્કાર કરી દેખાડ્યો.'' તે ઉપરથી બ્રાહ્મણ બોલ્યો : ''રાજાધિરાજા! જગતમાં અસલ દેવધર્મ હતો. વેદ અનાદિ છે, તથા તેમાં જે લખેલું છે તેમાં કોઈ માણસથી ચૂક કાઢી શકાતી નથી. જ્યારે વેદના ગુહ્યાર્થ સમજવા કઠણ પડ્યા, ત્યારે તે ઉપર ભાષ્ય, ટીકા, મહર્ષિઓએ કરી. પછી વેદ ઉપરથી ધર્મ તથા ક્રિયા બતાવી આપવાને છ શાસ્ત્ર થયાં. પહેલાં તો એ મીમાંસા રચાઈ. પ્રથમ એટલે પૂર્વમીમાંસા જૈમિનીએ રચી, તેમાં વેદોક્ત કર્મો કરવાથી સ્વર્ગસુખ મળે છે માટે યજ્ઞાદિ કર્મ કરવાં એ બતાવ્યું છે. ઉત્તરમીમાંસા વ્યાસે રચી તેમાં અધ્યાત્મજ્ઞાન છે. ન્યાય ગૌતમે રચ્યો, તેમાં ન્યાયશાસ્ત્ર લખેલું છે. કણાદનું તર્કશાસ્ત્ર તેમાં જગતની ઉત્પત્તિ પરમેશ્વરે પરમાણુથી પોતાની ઇચ્છા વડે કરી છે એમ બતાવ્યું છે. કપિલમુનિનું નિરીશ્વરી શાસ્ત્ર તથા પતંજલિનું ઈશ્વરી શાસ્ત્ર, એ બંને છેલ્લાં કહેલાં શાસ્ત્રનું નામ સાંખ્યશાસ્ત્ર છે. એ છ શાસ્ત્રોમાંથી ગૌતમના ન્યાયશાસ્ત્રમાં તથા કણાદની તેની શાખામાં નિરીશ્વરી મત દેખાડેલો છે. કપિલના સાંખ્યશાસ્ત્રમાં પરમેશ્વરને કબૂલ રાખેલો નથી, તથા પતંજલિએ એવો અભિપ્રાય આપ્યો છે કે પ્રકૃતિ અનાદિ છે. બુદ્ધ જેણે બૌદ્ધ ધર્મ પ્રવર્તાવ્યો તેની મરજી હિંદુ ધર્મમાં સુધારો કરવાની હતી, પણ પોતાની કીર્તિ પાછળ કાયમ રાખવાને તેણે નવો માર્ગ ચલાવ્યો. તેણે પહેલાં તો અનાદિ વેદની સત્યતા અને સાંખ્યશાસ્ત્રનો અભ્યાસ કરી તે પ્રમાણે નિરીશ્વરી મત ચલાવ્યો. તેના શિષ્યો ઘણું કરીને આખા હિંદુસ્થાનમાં વધી ગયા, અને કેટલીક વાર સુધી એવી ધાસ્તી રહી કે વેદધર્મ દુનિયામાંથી ડૂબી જાશે. પણ ઈશ્વરે તે વખતે કુમારિલ ભટ્ટાચાર્ય, ઉદયનાચાર્ય, તથા શંકરાચાર્યને મોકલ્યા. તેમણે આખા ભરતખંડમાં ફરી, બૌદ્ધ ધર્મના ઘણા જ વિદ્વાન પંડિતો સાથે વાદ ચલાવી, તેઓનો મત ખંડન કર્યો. ઉદયનાચાર્યકૃત બૌદ્ધ ધર્મખંડન પુસ્તક અધાપિ છે. તેઓએ હિંદુ ધર્મને પાછો જીવતો કર્યો. બૌદ્ધ ધર્મમાંથી સેંકડો વર્ષ પછી જૈન શાખા નીકળી. એ જૈન તથા બૌદ્ધ માર્ગમાં થોડોઘણો ફેર છે; પણ તે બતાવી આપવાનું આ ઠેકાણે ફળ નથી. હિંદુ ધર્મ અને જૈન ધર્મ એ બેમાં કેટલું મળતાપણું તથા જુદાઈ છે, તે મારા અલ્પ જ્ઞાન પ્રમાણે હું દેખાડી આપીશ.

જૈન લોકો માને છે કે પરમેશ્વર છે જ નહીં, અથવા હોય તો તેનામાં કામ કરવાની અથવા જગત ચલાવવાની શક્તિ નથી. તેઓ માને છે કે પદાર્થ અનાદિ છે. તેઓના ઋષિઓને તેઓ ઈશ્વર જેવા માને છે. હરેક પ્રાણીને જીવતું રાખવાને ઘણી સંભાળ રાખે છે. તેઓના જતિનું કામ વંશપરંપરા ઊતરતું નથી. વેદ ઈશ્વરની તરફથી આવેલા છે એમ તેઓ માનતા નથી, તેઓ બલિદાન કરતા નથી, તથા અગ્નિને માનતા નથી. અને તેઓ માને છે કે શાંતિ રાખી એકાગ્રચિત્તે ધ્યાન ધરવું એ જ સર્વોત્કૃષ્ટ સુખ છે. તેઓમાં પણ હિંદુઓની પેઠે જ્ઞાતિભેદ છે. અગર જો વેદને તેઓના ધર્મનો પાયો તેઓ સમજતા નથી, તોપણ તેઓમાંથી જે વાત તેઓના ધર્મથી વિરુદ્ધ હોતી નથી તેને તેઓ ઘણું માન આપે છે. વેદમાં પશુનો વધ કરવાની આજ્ઞા આપેલી છે, તથા પ્રાણી સિવાયનાં બલિદાનમાં પણ અજાણતાં જીવહિંસા થયા વિના રહે જ નહીં, એટલી જ વેદ

સામે તેઓની મુખ્ય હરકત છે. તેઓ હિંદુઓના સઘળા દેવતાઓને કબૂલ રાખે છે, અને તેઓમાંના કેટલાને પૂજે છે, પણ તેઓને પોતાના ઋષિઓથી ઊતરતા ગણે છે, અને તે ઋષિઓને સૌથી વધારે માન આપે છે. એ ઋષિઓએ તપશ્ચર્યા કરી દેવતાઓની ઉપર શ્રેષ્ઠતા મેળવેલી છે, એમ તેઓ ગણે છે. તેઓને તીર્થંકર કહે છે. તેઓ આ યુગના ચોવીશ, પાછલા યુગના ચોવીશ, અને આવતા યુગના ચોવીશ છે. તેઓમાંથી કેટલીક જગાએ રિશોબા એટલે આ યુગનો પહેલો તીર્થંકર ઘણો મનાય છે, પણ સઘળે ઠેકાણે ત્રેવીશમો પારસનાથ તથા ચોવીશમો મહાવીર એ બંને ઘણા પૂજાય છે. હિંદુઓના દેવોની હકીકતમાં તથા તેઓની પદવીમાં જૈન લોકોએ કેટલોક ફેરફાર કર્યો છે. તેઓ ઘણા દેવોને માનતા નથી, તથા તેઓની કુલ સંખ્યામાં વધારો કર્યો છે. ઉદાહરણ, તેઓ ચોસઠ ઇદ્ર તથા બાવીસ દેવીઓને માને છે.''

બ્રાહ્મણની ઉપલી વાત સાંભળી એક જતિ બોલ્યો, ‘‘એ સઘળું તો ઠીક છે, પણ આપણા બંને ધર્મમાં મુખ્ય તફાવત તો એટલો જ કે પરમેશ્વરે કોઈ કાળે સૃષ્ટિ ઉત્પન્ન કરેલી છે એમ તમે માનો છો; સૃષ્ટિ કોઈ કાળે પણ પેદા થયેલી નથી, પણ પદાર્થ અનાદિ છે, એમ અમે માનીએ છીએ. હવે એ બે મતમાંથી કયો ખરો છે તેનો નિશ્ચય કરવો જોઈએ. કોઈ પણ વસ્તુ બનાવ્યા વિના પોતાની મેળે પેદા થતી નથી, એવો લોકોમાં વિચાર ચાલી રહેલો છે. એક પથ્થરનું પૂતળું જોઈને સહેજે વિચાર ઉત્પન્ન થાય છે કે તેને કોઈ વખત પણ કોઈએ બનાવ્યું હશે. જ્યારે કોઈ ઉજ્જડ દેશમાં આપણે જઈએ, અને ત્યાં એક ભાંગેલું-તૂટેલું ઘર આપણા જોવામાં આવે તો આપણે તે ઉપરથી અનુમાન કરીએ છીએ કે કોઈ માણસે તે બાંધ્યું હશે, અને કોઈ કાળે આ ઠેકાણે માણસ રહેતું હશે. અગર જો એ વાત ખરી છે કે કોઈ-કોઈ વખત અકસ્માત્ કેટલાક પદાર્થના સમાગમથી એક નવો પદાર્થ બને છે, જેમ કે મટોડી તથા બીજા કેટલાક પદાર્થો એકઠા મળી તેઓના ઉપર પાણીની ક્રિયા લાગ્યાથી તેના જુદી-જુદી આકૃતિના તથા મહત્ત્વના પથ્થરો બને છે ખરા, તોપણ જે વસ્તુઓની બનાવટમાં સંકેત માલૂમ પડે તે વસ્તુઓ અકસ્માત્ કોઈના બનાવ્યા સિવાય થયેલી છે એમ માનવું મુશ્કેલ પડે છે. ઘરો જેના જુદા-જુદા ભાગ જોવાથી ખાતરી થાય છે કે તેઓ માણસને રહેવા સારુ બનાવેલાં છે; વહાણો જેને તપાસવાથી જણાય છે કે તેઓને પાણી ઉપર તરવાને યોગ્ય કરેલાં છે; તથા તેવી બીજી ઘણી મનુષ્યકૃત વસ્તુઓ જેમાં કાંઈ સંકેત માલૂમ પડે છે તેઓ સઘળીનો કોઈ બનાવનાર હોવો જ જોઈએ, અને તે બુદ્ધિમાન હોવો જોઈએ, એવું સઘળાએ અનુમાન કરેલું છે. તે જ પ્રમાણે માણસનું શરીર, પક્ષીઓનો આકાર, તથા બીજા સૃષ્ટિ માંહેલા પદાર્થોમાં સંકેતનાં ચિહ્નો દેખાય છે, તે ઉપરથી તેનો કર્તા છે, તથા તે બુદ્ધિમાન છે, એવું આપણે અનુમાન કરીએ; પણ એ સઘળાં અનુમાન માણસના ટૂંકા અને અનુભવથી કરેલાં. વાસ્તવિક કહેતાં માણસ કાંઈ પદાર્થ બનાવી શકતો નથી; તે તો તેનું રૂપ ફેરવે છે, તથા જુદા-જુદા પદાર્થોને એકત્ર કરે છે. સૃષ્ટિમાં જે-જે પદાર્થો આપણે જોઈએ છીએ તેઓ સઘળા મિશ્ર હોય છે, પણ અમિશ્ર પદાર્થો જે સઘળા પદાર્થોમાં પરમાણુ રૂપે રહેલા છે તેઓને પણ કોઈએ બનાવ્યા હોય, એમ આપણાથી કહી શકાતું નથી વળી પદાર્થોની બનાવટમાં સંકેત છે તે ઉપરથી તેઓ જુદા-જુદા અમિશ્ર પદાર્થોના અકસ્માત્ મિશ્રણથી થયેલા છે, એમ આપણાથી કહી શકાતું નથી. પદાર્થોના સઘળા ગુણ આપણે તપાસ્યા નથી, માટે તેઓમાં ફલાણો ગુણ નથી, એમ કહેવું મૂર્ખાઈભરેલું છે; પદાર્થોમાં બુદ્ધિ એ એક ગુણ છે, અને તે ગુણ વડે તેઓ એવી રીતે એકત્ર થાય છે કે તેથી સંકેતનાં ચિહ્નો તેઓમાં જોવામાં આવે છે. જો પદાર્થોમાં બુદ્ધિનો ગુણ ન હોત અને તે છતાં પણ સૃષ્ટિનો દેખાવ હમણાંના જેવો હોત તો તેઓનો બુદ્ધિવાન કર્તા હોવો જોઈએ, એમ કબૂલ કરવું પડત. વળી તેમ કબૂલ કરવામાં ત્રણ મોટી હરકત નડે છે. એક તો એ કે શૂન્યમાંથી કાંઈ બની શકતું નથી. જેઓ માને છે કે પરમેશ્વરે કોઈ કાળે સૃષ્ટિ પેદા કરી, તેઓએ એમ પણ માનવું જ જોઈએ કે

સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાં અવકાશમાં કાંઈ જ ન હતું. ત્યારે તેનો પદાર્થ આવ્યો ક્યાંથી? શૂન્યાવકાશમાં કાંઈ શી રીતે ઉત્પન્ન થયું? એ વાત સંભવિત નથી. બીજું ઈશ્વર અનાદિ છે, અને સૃષ્ટિ તો કોઈ વખતે પેદા થઈ, ત્યારે તે ઉત્પન્ન થયા પહેલાં ઈશ્વર અનંતકાળ સુધી હતો અને અનંત કાળમાં તેણે શું કર્યું? તેટલા વખત સુધી તે નવરો બેસી રહ્યો? ત્યારે તે પછી સૃષ્ટિ બનાવવાનું તેને શું કામ હતું? આટલા અનંતકાળ ઊંઘ્યા કર્યું ત્યારે તેને તે વિચાર કેમ સૂઝ્યો નહીં? અને એક અમુક વખતે શા માટે અને શી અગત્ય પડી તેથી વિશ્વનું મંડાણ કર્યું, તેનો ઉત્તર કોઈથી દઈ શકાશે નહીં. વળી પદાર્થ નાશવંત નથી. કોઈ પણ વસ્તુ દુનિયામાં નાશ પામે છે, એમ કહેવું ખોટું છે. જેને આપણે નાશ કહીએ છીએ તે માત્ર અવસ્થાંતર છે. જ્યારે એક સગડીમાંના કોયલા બળી જાય છે, ત્યારે તેઓમાંના કેટલાક ભાગની રાખ થાય છે, કેટલાક ધુમાડામાંથી ઊડી જાય છે, તેમાંનો ભીનાશનો ભાગ વરાળ થઈને ઉપર ચાલ્યો જાય છે, અને બાકીનો ભાગ વાયુરૂપ થઈને હવામાં જતો રહે છે. જો એ સઘળા ભાગ એકઠા કરીને તોળીએ તો તેઓનું વજન અસલ કોયલાના જેટલું જ થાય. માટે કોયલાનો બળીને નાશ થયો એ કહેવું ખોટું છે, તેઓનું માત્ર રૂપ બદલાયું, તથા તેઓનાં ઘણાં રજકણ બીજાં રૂપ ધારણ કરી બીજે ઠેકાણે જતાં રહ્યાં, એ પ્રમાણે સૃષ્ટિ માંહેલા સઘળા પદાર્થોનો નાશ થતો નથી; માટે જગતનો લય પણ કોઈ કાળે થવાનો નથી. આ જગતનું રૂપ બદલાય, તેમાંની વસ્તુઓનાં રજકણો છૂટાં-છૂટાં પડી જાય, પણ તેનો ખરેખરો ક્ષય થઈ શકતો નથી. હવે જ્યારે તેનો ક્ષય થઈ શકતો નથી ત્યારે તેનો આરંભ પણ નથી, એમ માનવાને મજબૂત કારણ છે. એ ત્રણ કારણોને લીધે પદાર્થો અનાદિ છે એવો મત બાંધી શકાય; જેઓ સૃષ્ટિની ઉત્પત્તિ માને છે તેઓ પરમેશ્વરને સનાતન માને છે. માટે એ બેમાંથી એકને તો અનાદિ માન્યા વિના ચાલતું જ નથી, ત્યારે પદાર્થને તેવે રૂપે ગણવામાં શી હરકત છે? માત્ર એટલી જ કે તેઓ છેક નાનપણથી સાંભળતા આવ્યા છે કે પરમેશ્વરે સૃષ્ટિ રચી છે, તથા તેને કોઈએ બનાવ્યો નથી, માણસના એ પ્રમાણેના વલણ સિવાય પદાર્થોના અનાદિપણાને માનવાને કાંઈ અડચણ નથી, અને તેમ માન્યાથી ઘણું સુગમ પડે છે, તથા સંસારમાં વધારે સુખ ઊપજે છે.”

બ્રાહ્મણને આ સઘળી તકરાર સાંભળી ઘણું આશ્ચર્ય લાગ્યું, અને માણસ જેવો પ્રાણી જેને વિવેકબુદ્ધિ આપેલી છે તે તેનો આવો ઊંધો ઉપયોગ કરી જગતમાં ઈશ્વર નથી, એમ માને એ વાત તેને ઘણી જ દુષ્ટ તથા અસ્વાભાવિક લાગી. તે બોલ્યો : “તમારા ત્રણ અપવાદોનું વજન એક રતિભાર પણ નથી. આ જગત શૂન્યથી કાંઈ બની શકતું નથી એ વાત ખરી છે. પણ પરમેશ્વરની શક્તિ અપાર છે, તે આપણી ટૂંકી અક્કલ વડે માપી શકાતી નથી, અને તે શું કરી શકે તેની આપણાથી કલ્પના પણ થઈ શકતી નથી. માટે શૂન્યાવકાશમાં પોતાની ઇચ્છાના બળે કરીને જ તે પદાર્થ ઉત્પન્ન કરી શકે; એ ઠેકાણે આપણો ટૂંકો તથા અલ્પ અનુભવ કાંઈ કામ લાગતો નથી. બીજું, આ વિશ્વ રચાયા પહેલાં અનંતકાળ સુધી પરમેશ્વરે શું કર્યા કર્યું તે આપણાથી કહી શકાતું નથી, તથા તે જાણવાની આપણને જરા પણ અગત્ય નથી. જ્યારે તેને અનુકૂળ લાગ્યું હશે ત્યારે સૃષ્ટિ સરજી હશે. પણ તેણે શું કર્યું હશે એ ન જાણવાથી પરમેશ્વર છે જ નહીં એમ એકદમ અનુમાન કરવું, એ પણ ઘણી જ મૂર્ખાઈ છે. ત્રીજું અગર જો તમારા કહ્યા પ્રમાણે પદાર્થો નાશવંત નથી, તોપણ તેટલા ઉપરથી તેઓનો આરંભ નથી, એમ સિદ્ધ થઈ શકતું નથી. તમારા ધર્મ સિવાયના દુનિયાના સઘળા ધર્મના લોકો કોઈ પણ પ્રકારના પરમેશ્વરને માને છે, અને તેની સાથે એવું પણ કબૂલ રાખે છે કે આખી સૃષ્ટિ તેણે બનાવેલી છે. તેનું અસ્તિત્વ જગતમાં સઘળે ઠેકાણે મોટે અને વંચાય એવે અક્ષરે લખેલું છે, તથા માણસજાતના અંતઃકરણમાં કોતરેલું છે. મંદમંદ વાયુ આવીને સઘળી સૃષ્ટિને સુખ આપે છે તે, તથા વંટોળિયો અને તોફાની વા, ઝાડ તથા ઘરને તળિયાઝાટક કરી નાખી આખા જગતમાં

અતિ ઘણું નુકસાન કરે છે, 'પરમેશ્વર છે' એમ બહેરા લોકોને કહી સંભળાવે છે. પક્ષીઓ પોતાના મધુર રાગથી પરમેશ્વરના ગુણ ગાય છે, તથા નદીઓના મોટા ધોધ અને દરિયામાં મોજાંનો ગડગડાટ પરમેશ્વરનું અસ્તિત્વ દાંડી પીટી પ્રગટ કરે છે. જે ચમત્કારી સૂર્યનું તેજ તથા ગરમી જગતને જીવતું રાખે છે, જે શીતળ ચાંદરણું તથા અગણિત તારાઓનું ઝાંખું અજવાળું રાતને શોભાયમાન કરે છે, તેઓ પરમેશ્વરને દેખાડી આપે છે. જે ઊંચાં અને ભયાનક પર્વતોનાં શિખર વાદળાંઓની અડોઅડ ગયેલાં છે, તથા તેઓ પાણીનું આકર્ષણ કરી સઘળી પૃથ્વીને ફળવાન કરે છે તેઓ પરમેશ્વરની તરફ આંગળી કરે છે; સારાંશ, કે આખા વિશ્વમાં હરેક વસ્તુ તેના પેદા કરનારનું અસ્તિત્વ સિદ્ધ કરી આપે છે. તે છતાં પણ દુષ્ટ તથા ઊંધી અક્કલના માણસો, આંખકાન બંધ કરી તથા વિચારશક્તિ અને અનુમાનશક્તિનો અઘટિત ઉપયોગ કરી, કૃતઘ્ન થઈ, અભિમાનથી કહે છે કે પરમેશ્વર નથી, તથા જગ પોતાની મેળે બનેલું છે. અરે! અરે! સારી વસ્તુઓનો કેવો નઠારો ઉપયોગ થઈ શકે છે!''

બ્રાહ્મણનું આ જુસ્સાભરેલું ભાષણ સાંભળીને તથા પોતાનો ખરો અભિપ્રાય ન સમજતાં બધા જૈન લોકોને આવા સખત તેણે ઠોક પાડ્યા તે સાંભળીને જતિને ઘણું હસવું આવ્યું, અને બોલ્યો : ''મહારાજ! તમારામાં સમજ કરતાં જુસ્સો વધારે છે. પરમેશ્વર છે જ નહીં એમ કોણે કહ્યું? તકરારને આરંભે મેં એવો અભિપ્રાય જણાવ્યો હતો કે પદાર્થ અનાદિ છે, એટલે સૃષ્ટિ કોઈએ પેદા કરી નથી. પણ પરમેશ્વર નથી એમ મેં કહ્યું નથી... મેં આગળ કહેલું છે કે પદાર્થોમાં સંકેત તથા બુદ્ધિના ગુણ છે તે ગુણને એકત્ર કરીને તેમાં અહંકાર એટલે હુંપણું મેળવીએ, અને તે ગુણોના પુરુષનું રૂપ આપીએ તો એવી રીતે થયેલા અસ્તિત્વને પરમેશ્વર કહેવાય. અમારા મત પ્રમાણે એ પરમેશ્વર નિરંતર, અચળ, તથા શાંત રહે છે, અને તેની અથવા તેની ઇચ્છાની સત્તા પદાર્થોના બીજા ભાગ ઉપર ચાલતી નથી. અમારો પરમેશ્વર તમારા પરમેશ્વર જેવો ખટપટી, જંજાળી તથા સઘળાં કામમાં પોતાનું માથું ઘાલનારો નથી. તમે તો તમારા પરમેશ્વરને નામે લોકોને છેતરીને તમારું પેટ ભરો છો, અને જેમ માબાપ પોતાનાં છોકરાંને મહેતાજીનું નામ દઈ હંમેશાં ધમકાવ્યા કરે છે તેમ તમે પરમેશ્વરનો ભય લોકોને બતાવી તેઓની પાસેથી પૈસા કઢાવો છો. આપણા બંનેના ધર્મમાં પરમેશ્વર વિશેના મતમાં એટલો જ ફેર છે; માટે તમારા શબ્દ તમારે પાછા લઈ લેવા જોઈએ.''

બ્રાહ્મણ આ જતિનું બોલવું સાંભળી જરા પણ ગભરાયો નહીં, પણ તેણે ધીરજથી જવાબ દીધો કે ''તમારું પરમેશ્વર માનવા અને ન માનવાનું બંને સરખું જ છે. જે મહેતાજી મારે પણ નહીં અને ભણાવે પણ નહીં તે મહેતાજી શા કામના? જગતમાં તમારા જેવા પરમેશ્વરથી શો ફાયદો? જગતનું બંધારણ એવું કહેલું છે કે જો સઘળા માણસો ઈશ્વરી નિયમ પ્રમાણે વર્તે તો જ સંસાર સારી રીતે ચાલે. હવે ઈશ્વરી નિયમ પ્રમાણે ચાલવું, એ ઘણું કઠણ છે, તથા તેથી ઊલટું ચાલવામાં ઘણી વખતે તુરત લાભ થાય છે ખરો, તથા તે નિયમો તોડવામાં ઘણી લાલચ છે, તોપણ તે પ્રમાણે તેઓ ન કરે તથા તરતનું નુકસાન ભોગવીને પણ સઘળા સારે રસ્તે ચાલે, તેને માટે ભય કોનો? તથા ઊલટ શાથી થાય? સારાં કામ કરવાથી હંમેશાં દુનિયાનું સુખ મળતું નથી, તથા દુષ્ટ કર્મો કરનારને હંમેશાં દુનિયામાં શિક્ષા થતી નથી, ત્યારે જો પરમેશ્વર તરફથી સારા કામનાં સારાં ફળ ભોગવવાની આશા, તથા માઠા કામનાં માઠાં ફળ ભોગવવાનો ભય લોકોમાં ન હોય તો આ દુનિયામાં સારા ગુણ તો ક્વચિત જ જોવામાં આવે, અને દુષ્ટ વિકારનું પ્રબળ વધી જઈને જગતનો જલદીથી ક્ષય થાય. માટે પરમેશ્વરના ભયની જગતમાં જરૂર છે. વળી જ્યારે માણસ ઉપર કોઈ મોટી આફત આવી પડે. જ્યારે દુષ્ટ રોગોથી તેનું શરીર પીડાતું હોય, જ્યારે તેની વહાલી આશાનો ભંગ થાય, જ્યારે તેના કુટુંબનું કોઈ માણસ આ દુનિયાનો કોઈ વખતે ત્યાગ કરે, ત્યારે તેને શાંતિ ક્યાંથી આવે છે? તથા એવે વખતે

દિલાસો શાથી મળે છે? પરમેશ્વર ઉપરના ભરોસાથી જ. ઈશ્વરેચ્છા એ એક માણસની મોટી ઢાલ થઈ પડે છે. તે ઉપર વિપત્તિના કારી ઘા પડે છે તોપણ તેની અસર કાંઈ જણાતી નથી. તે એક ભરદરિયા વચ્ચે ખડક છે, તે ઉપર ઊછળતાં તથા તોફાની મોજાં અથડાય છે તોપણ તે જરા ડગતો નથી. જો માણસ સંસારનાં કામ ચલાવવામાં પોતાના કરતાં કોઈ પણ શ્રેષ્ઠ શક્તિને માને નહીં, તો તેના દુઃખનો કાંઈ કાંઠો રહે નહીં. પરમેશ્વરને તમે કહો છો તે પ્રમાણે જંજાળી, ખટપટી તથા સઘળાં કામમાં માથું ઘાલે એવો માનવાથી જગતને ઘણા ફાયદા છે; તે સઘળા વિસ્તારે કહેવા માંડું તો આખો દહાડો વહી જાય માટે એટલેથી જ પૂરું કરું છું. હવે તમારા ધર્મની એક બીજી વાત કહું છું. જીવહિંસા કરવી એ મહાપાતક છે, એમ અમે કબૂલ કરીએ છીએ; પણ તમે લોકો એ વાતમાં છેક હદ બહાર જાઓ છો. તમે જ્યાં બેસો છો ત્યાં પહેલાં વાળો છો. બોલો છો, ત્યારે મોંએ લૂગડું બાંધો છો, અને એ સિવાય જીવનું રક્ષણ કરવાને ઘણા હસવાલાયક ઉપાય કરો છો, એ સઘળો તમારો ઢોંગ છે. તમે નાના જીવો પાળો છો, અને મોટા જીવને મારો છો. તમે ધર્મ નિમિત્તે માણસને મારતાં બીતા નથી અને ઝીણાં જીવડાં ઉગારવાને હજારો બંદોબસ્ત કરો છો. તમે જાણતા તો હશો કે આખું વિશ્વ જીવથી ભરપૂર છે. જે હવાનો આપણે શ્વાસ લઈએ છીએ તેમાં અસંખ્ય જીવ હોય છે, અને ભોંય ઉપર ચાલનારાં પણ અગણિત ઝીણાં જીવડાં હોય છે, આપણે મોં ઉપર ગમે તેવું લૂગડું બાંધીએ, અથવા બેસતી વખતે જમીનને વાળીએ, તોપણ શ્વાસોચ્છ્વાસ લેવામાં હજારો જીવ શરીરમાં જાય છે, અને બેસતાં હજારો બલકે લાખો ઝીણાં જીવડાં છૂંદાઈ મરે છે. આપણો એ ઠેકાણે ઉપાય ચાલતો જ નથી. એવાં જંતુને જોઈ શકે, એવી પરમેશ્વરે આપણી આંખ તીક્ષ્ણ બનાવેલી નથી, ત્યારે તમારા જેવો ઢોંગ શા માટે કરવો જોઈએ?''

તકરાર ઘણી લાંબી ચાલી. અને તેનો પાર જલદીથી આવશે નહીં એમ જાણી કરણ રાજા વચ્ચે બોલી ઊઠ્યો : ''હવે બસ થયું, એ ભાંજઘડથી મારું માથું દુખવા આવ્યું, વધારે સાંભળવાની મારી ખુશી નથી. પરમેશ્વરે મને શિવમાર્ગી માબાપને પેટે જન્મ આપ્યો તેથી હું તો તે જ ધર્મ પાળીશ. મારે જૈન ધર્મનું કાંઈ કામ નથી. સઘળા ધર્મ ખરા છે. જે ધર્મમાં આપણે અવતર્યા હોઈએ તે જ જો બરાબર પાળીએ તો પરમેશ્વર પ્રસન્ન થાય. એક ગામ જવાના ઘણા રસ્તા હોય છે, તેમાં કોઈ લાંબો, કોઈ ટૂંકો, કોઈ વિકટ, કોઈ સુગમ, પણ સઘળેથી અંતે તે ગામે પહોંચાય છે. કોઈ સ્ત્રીએ પોતાના ધણી ઉપર વશીકરણ કર્યું તેથી તે બળદ થઈ ગયો; ત્યાં પડોશમાં કેટલાક છોડવા ઊગેલા હતા તે ખાધાથી તેનું રૂપ બદલાઈને તે પાછો માણસ થયો. તે છોડવામાં એવો ગુણ છે, તે ન જાણતાં બળદે તે ખાધા, છતાં તેને એ પ્રમાણે ફાયદો થયો. તેમ આપણા ધર્મનો મર્મ આપણે જાણીએ નહીં તોપણ તે પાળ્યાથી આપણને પણ તે બળદની પેઠે લાભ થાય. માટે હવે વાદ પૂરો થયો તેથી સૌએ પોતપોતાને ઘેર જવું.''

જતિઓથી પોતાનું ધારેલું કાર્ય સિદ્ધ થયું નહીં તેથી તેઓ દિલગીર તથા ઉદાસ થઈને ઊઠ્યા, અને આવી ખાતરી કરી આપે એવી તેઓની તકરાર છતાં પણ રાજાના મન ઉપર કાંઈ અસર થઈ નહીં, તેથી તેની અતિ સ્થૂળ બુદ્ધિ ઉપર અફસોસ કરીને ઘેર ગયા. મોતીશાનું લોહી પણ ઊડી ગયું; અને જે જતિઓ ત્યાં મળેલા હતા, તેઓની મૂર્ખાઈનો ધિક્કાર કરી ત્યાંથી ચાલ્યો ગયો. બ્રાહ્મણોએ એ પ્રમાણે જય મેળવ્યો તેથી તેઓનો હર્ષ માતો ન હતો. રાજાએ તે વખતે જૈન દેવસ્થાન ઉપરથી ધજા ઊતરાવી નાખવાની આજ્ઞા કરી, અને તેમ કરી આવા બારીક વખતે તેણે તેની રૈયતના મોટા ભાગનું મન ઊંચું કર્યું. બ્રાહ્મણોને મોટી-મોટી દક્ષિણા આપી, અને તેઓએ તેને દેહશુદ્ધ પ્રાયશ્ચિત્ત કરાવ્યું. પછી રાજા રુદ્ર મહાકાળેશ્વરનાં દર્શન કરવા પગે ચાલતો નીકળ્યો. રસ્તામાં થોડેક આગળ ચાલ્યો એટલામાં એક ટોળું જોઈ તે અટક્યો, અને આ ભીડ શાથી થઈ છે તેની તજવીજ કરવાને તે ત્યાં ઊભો રહ્યો. તપાસ કરતાં

તેને માલૂમ પડ્યું કે જે વાણિયાના ઘર આગળ લોકો મળ્યા હતા તે વાણિયાએ પોતાનો એક છોકરો પરણાવવાને બે હજાર રૂપિયા જેઠાશા શાહુકાર પાસેથી લીધા હતા. એ વાણિયો ઘણો વિષયી હતો તેથી તેણે ઘણાનું દેવું કરેલું હતું, અને તે સઘળું વાળવા જેટલી તેની પાસે મિલકત ન હતી, તેથી જેઠાશાએ તેને બે હજાર રૂપિયા ધીરતાં આંચકો ખાધો. હવે છોકરો તો પરણાવવો જોઈએ, અને તેમાં ખર્ચ પણ ન્યાતમાં મોટાઈ મેળવવાને વાસ્તે સારો કરવો જોઈએ, તેથી તે વાણિયો કોઈ સારો જામીન શોધવા નીકળ્યો, પણ કોઈએ તે દેવાળિયાની બાંહેધરી કરી નહીં; ત્યારે તે લાચાર થઈને એક ભાટ પાસે ગયો, અને તેને જામીન થવાને વિનંતી કરી. ભાટ લોકોના પૈસા કદી ખોટા થતા નથી, તથા તેઓ ગમે તે ઉપાયથી પોતાનું માગણું વસૂલ કરી શકે છે, તેથી ભાટે જામીન થવાને કબૂલ કર્યું, અને જેઠાશા પાસેથી પૈસા અપાવ્યા. વાણિયાએ ઘણી ધામધૂમથી લગ્ન કર્યાં; ન્યાતમાં ઘણો સારો જમણવાર કર્યો; લહાણું પણ કર્યું; અને એ પ્રમાણે બે હજાર રૂપિયા ઉડાવી દીધા. રૂપિયા ઉપર તો વ્યાજ ચઢવા લાગ્યું પણ તે વાતની વાણિયાને કાંઈ ચિંતા ન હતી. તેનો રૂપિયા પાછા આપવાનો વિચાર જ ન હતો. કેટલેક વર્ષે બે હજારના ચાર હજાર થયા. એટલાથી વધારે રૂપિયા લેવાશે નહીં, એમ જાણીને જેઠાશાએ ફરિયાદ કરી, અને વાણિયા પાસે તો મળે નહીં, તેથી તેના જામીન ભાટ પાસેથી તે સઘળા પૈસા વસૂલ કર્યા. હવે તે પૈસા પેલા વાણિયા પાસેથી લેવાના ભાટને રહ્યા. ભાટે રોજ-રોજ ઉઘરાણી કરી, પણ વાણિયો ક્યાંથી આપે? તેથી તેણે છેલ્લે નાગો જવાબ દીધો. ભાટ લોકો ઘણું કરીને પોતાના લહેણાની ફરિયાદ સરકારમાં કરતા નથી તેથી, તે ભાટે પણ કરી નહીં; અને કરત તોપણ તે વાણિયા પાસે શું લેવાનું હતું? તેથી તે તેને બારણે બેઠો, અને ત્રણ દહાડા સુધી પોતે અન્નજળ લીધું નહીં, તથા વાણિયાને અપવાસ કરાવ્યો. મહોલ્લાના લોક ઘણા કાયર થયા અને ભાટ પોતાના ધારા પ્રમાણે તે ઠેકાણે આપઘાત કરશે તો આખો મહોલ્લો ગોઝારો થશે, એમ જાણી વાણિયાને ઘણો સમજાવ્યો, અને અંતે ટીપ શહેરમાં ફેરવી ચાર હજાર રૂપિયા એકઠા કરી ભાટને આપવાનું કહ્યું, પણ તે વાણિયો જડ થઈને બેઠો, અને ભૂખ્યો મરી જાઉં પણ એક પૈસો એ ભાટને આપું નહીં, અને મારી તરફથી કોઈને આપવા પણ દઉં નહીં, એવો તેણે નિશ્ચય કર્યો. લોકો સઘળા લાચાર થયા, અને ભાટને તેઓએ વાણિયાનો ઠરાવ કહ્યો. તે સાંભળતાં જ ભાટ પોતાની સાથે તેની એંશી વર્ષની ઘરડી મા લાવ્યો હતો તેનું તલવારના એક ઘાએ માથું ઉડાવી નાખ્યું, તોપણ વાણિયો હઠ્યે નહીં. ત્યારે તે ભાટે ઘણા જુસ્સામાં આવી પોતાના એકના એક બાર વર્ષના છોકરાને બોલાવ્યો, અને તેના પેટમાં કટાર ખોસી મારી નાખ્યો. પછી તેનું વહેતું લોહી ખોબામાં લઈને વાણિયા ઉપર છાંટ્યું, અને બોલ્યો : "અરે ચંડાળ! આ ભોગ લે, અને જેમ મારો નિર્વંશ થયો તેમ તારો જજો, તારો પરણેલો છોકરો પણ એમ જ મરજો, અને તું પણ અથડાઈ અથડાઈ મહાદુઃખ પામી પીલાઈ-પીલાઈને મરજો." સઘળાં લોકો થરથર ધ્રૂજવા લાગ્યાં; પણ વાણિયાના વજ્ર જેવા હૈયા ઉપર કાંઈ અસર થઈ નહીં. ત્યારે હવે ભાટ પોતાનો જીવ કાઢવાને તૈયાર થયો. તે જ વખતે રાજા કરણ ત્યાં આવી પહોંચ્યો. ભાટે રાજાને જોઈ તેનું દુઃખ નિવારણ કરવાને કહ્યું, પણ રાજાએ તેની વાત ઉપર કાંઈ ધ્યાન આપ્યું નહીં. તેથી ભાટમાં વાઘ જેટલો જુસ્સો આવ્યો, અને ગાંડા જેવો થઈ એક છલંગ મારી વાણિયાના ઘરમાં ગયો, અને તરત તે વાણિયાનું તથા તેના બાળક નિર્દોષ છોકરાનું મડદું ઘરમાંથી ઘસડીને બહાર કાઢ્યું, અને ભોંય ઉપર નાખીને પોતાના પેટમાં ખંજર મારી તરત પડ્યો. આ સઘળાં કામો તેણે એવી ઝડપથી કર્યાં કે લોકોને તેને અટકાવવાને વખત મળ્યો નહીં. અને તેઓ સઘળા જડ થઈ ઊભા જ રહ્યા. વાણિયો તથા તેનો છોકરો તો તરત મરી ગયા; પણ ભાટનો જીવ જલદીથી ગયો નહીં. તેણે પછાડા મારવા માંડ્યા, અને શરીરના તથા મનના કષ્ટથી તેને ઘણી

જ અકળામણ થવા માંડી. તેની ચોતરફ ફરતી આંખ રાજા તરફ ગઈ એટલે તેને વધારે દરદ થયું, અને જેટલો ક્રોધ તેનામાં બાકી રહ્યો તેટલો મોં ઉપર લાવી બોલ્યો; "હે દુષ્ટ રાજા! બ્રહ્મહત્યા કરતાં પણ ભાટની હત્યા વધારે છે. તેં અહીં ઊભા રહીને તારી રૈયતના પ્રાણ જતા જોયા. ધૂળ પડી તારા ક્ષત્રિયપણા ઉપર, અને બળ્યું તારું રાજ્ય. તું રજપૂત થઈને તારાથી નિરપરાધી ભાટનો બચાવ થયો નહીં. આજે-જેટલા મૂઆ તેટલાનું પાપ સઘળું તારે માથે. તું જે કામને સારુ અહીં આવ્યો છે તે કામ સફળ થવાનું નથી. તું વન વન રઝળીશ. તારા ઘરનાં માણસ તને છેડીને જતાં રહેશે. અને તું ક્યાં મરીશ તે કોઈ જાણવાનું નથી." એટલું કહી ભાટ ચત્તોપાટ પડી ગયો, અને તેનો આત્મા પોતાનું માગણું વાણિયા પાસેથી વસૂલ કરવાને સારુ ઇન્સાફના છેલ્લા દરબારમાં ફરિયાદ કરવા ગયો.

ભાટનો શાપ સાંભળીને રાજાને એટલું તો કષ્ટ થયું કે તે બેશુદ્ધ થઈને ભોંય ઉપર પડ્યો. તેને તેના માણસો તરત ઊંચકી લઈ પાછા મહેલમાં લઈ ગયા. જ્યારે તેને શુદ્ધિ આવી ત્યારે આસપાસ બેઠેલા બ્રાહ્મણોએ ભાટનો શાપ બાળી નાખવાને શાસ્ત્રમાંથી કાંઈ પ્રાયશ્ચિત્ત શોધી કાઢી તે કરાવવાનું વચન આપ્યું. રાજાને તે સાંભળીને શાંતિ થઈ, અને તેના મનને દિલાસો મળ્યો. પણ એટલામાં પાટણથી એક દોડતો જાસૂસ આવ્યો, તે રાજાના ઓરડામાં ધસી આવી શ્વાસ ખાધા વિના બોલ્યો : "રાજાધિરાજ! એવી સઘળે ઠેકાણેથી ખબર આવી પહોંચી છે કે તુરકડા લોકો મોટું લશ્કર લઈ રાજ્યની હદ ઉપર આવ્યા છે, અને તેઓનો વિચાર આખું રાજ્ય જીતવાનો છે. તેમની સાથે આપણો માજી પ્રધાન માધવ છે. તેઓએ કેટલાંક ગામ માર્યાં છે, તથા લોકો ત્રાસ પામીને અહીંથી તહીં દોડે છે." તુરક લોકો ગુજરાત જીતવા આવ્યા તેથી હવે મોટી લડાઈઓ થશે એ વિચારથી જ કરણનું ક્ષત્રિય લોહી ઊકળવા લાગ્યું, અને તે ઘણી હિંમત પકડી બોલ્યો : "એ મ્લેચ્છ લોકોને ગુજરાતની ધરતીમાં દટાવું સર્જિત હશે તેથી કાળ તેઓને લલચાવીને અહીં લાવ્યો હશે. હજી મેં કાંચળી પહેરી નથી; હજી રજપૂત લોકોએ તેઓનું શૂરાતન ખોયું નથી; હજી દેશમાં હિમ્મતવાન માણસો છે; ગુજરાતના રાજાને લશ્કરની ખોટ નથી; મજબૂત કિલ્લાઓ પણ પુષ્કળ છે, માટે તેઓને આવવા દો. હું તેઓથી જરા પણ બીતો નથી. મારા હાથ શત્રુને મારવાને ચવળે છે, તથા મારી તલવારને લોહી મળ્યું નથી તેથી તેને ઘણી તરસ લાગી છે. વાહ! વાહ! હવે વખત આવ્યો છે. હું કેવો છું તે રણસંગ્રામમાં આખા જગતને દેખાડી આપીશ. જો એ પ્રમાણે ન બન્યું હોત તો મારું નામ આગળ ચાલત નહીં. જે થયું છે તે ઠીક છે. સઘળો સામાન તૈયાર કરો, કાલે અહીંથી કૂચ કરીશ, અને પાટણ જઈને યુદ્ધ કરવાને સઘળો બંદોબસ્ત કરીશ."

પ્રકરણ ૯મું

ગુજરાતની સરહદ ઉપર અલાઉદ્દીન ખિલજીનું લશ્કર છાવણી નાખીને પડ્યું હતું. લશ્કરની સંખ્યા તથા તેના મુખ્ય સરદારના અધિકાર, જે દેશ જીતવાનો હતો તેના મહત્ત્વને લાયક જ હતા. છાવણીમાં એક લાખ સવાર, પંદરસો હાથી, વીસ હજાર પાયદળ, તથા પિસ્તાળીસ મોટા સરદારો હતા. ગુજરાત જો જિતાય તો તેનું રાજ્ય ચલાવવાનું કામ અલફખાં જે પાદશાહનો ભાઈ હતો, અને આ સઘળા લશ્કરનો મુખ્ય સરદાર હતો તેને સોંપેલું હતું. તેના હાથ નીચે સઘળો કારભાર માધવને સોંપવો એવો બંદોબસ્ત કર્યો હતો, અને પાદશાહનો વજીર નુસરતખાં લશ્કરની સાથે આવેલો હતો, પણ દેશ સર થાય એટલે તેને દિલ્હી પાછા જવાનો હુકમ હતો. છાવણી એક મોટા શહેર જેવડી હતી. જેટલાં લડનારાં માણસો ઉપર ગણાવ્યાં, તે સિવાય બૈરાં, છોકરાં, દુકાનદાર, ચાકરો તથા બીજાં ઘણાં નકામાં માણસો છાવણીમાં રહેતાં હતાં. વળી ઘોડા, હાથી, ઊંટ, વગેરે લડાઈમાં તથા ભાર વહેવામાં ઉપયોગી જાનવરો લાખો હતાં; તેમાં ઘરોને બદલે તંબૂ, ડેરા, રાવટી, વગેરે એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવાય એવી રહેવાની જગા હતી. મોટા સરદારો તથા અમીરોના તંબૂઓ કિનખાબના, ઝરીના, તથા કીમતી લૂગડાંના હતા, અને તેઓ પણ શોભાયમાન દેખાતા હતા. ઠેકાણે-ઠેકાણે બજાર ભરાતી, તેમાં માંડવા નાખી દુકાનદારો જુદી-જુદી જાતનો માલ વેચતા હતા. છાવણીમાં હંમેશાં લોકોની ભીડાભીડ રહેતી, અને રાતને વખતે રોશનીથી ત્યાં મોટી આગ લાગી હોય એમ દેખાતું હતું. થોડી રાત વહી ગયા પછી સઘળા દીવા ઘેર કરવામાં આવતા, તથા છાવણીની આસપાસ મોટાં-મોટાં બળતાં કરી ચોકીદાર લોકો જાગતો પહેરો રાખતા હતા. એવી રીતે અલાઉદ્દીનનું લશ્કર ગુજરાત તથા મેવાડની સરહદ ઉપર પડેલું હતું. છાવણીની વચ્ચોવચ જે ભભકાદાર તંબૂઓ હતા તેમાંથી એક ઝરીના મોટા તંબૂમાં ત્રણ માણસ ઘણા ઊંડા વિચારમાં બેઠેલા હતા. તેઓ પાટણના રસ્તામાં જે-જે ગામ, નદી વગેરે આવે તે એક કાગળ ઉપર માંડતા હતા, તથા મુખ્ય રાજધાની શહેરમાં કયે રસ્તે જવું, તથા ક્યાં-ક્યાં મુકામ કરવો તેની તે નકશા ઉપર તેણે નિશાની કરી હતી. માધવે ગુજરાતના મંડળેશ્વર તથા મોટા સામંતોને ફોડવાને ગુપ્ત જાસૂસો મોકલ્યા, લોકોની પ્રીતિ રાજા ઉપરથી ઉઠાવીને પોતાની તરફ તેઓ ખેંચી લેવાની ઘણી મહેનત કરી તથા મુસલમાન લોકો કરણ રાજાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી બીજો નવો રાજા નીમી સઘળો રાજ્યકારભાર મને સોંપશે, અને તેઓ પાછા પોતાને દેશ જશે, ને પછી હું મારા મદદગાર લોકોને ઘણો જ લાભ કરી આપીશ, એમ લોકને સમજાવવાને ઘણા પ્રયત્ન કર્યા, પણ તે સઘળા નિષ્ફળ ગયા. માત્ર ત્રણસો ને સાઠ સવાર તેને આવી મળ્યા. તે ઉપરથી માધવ અથવા અલફખાં બેમાંથી કોઈ નિરાશ થયા નહીં. તેઓએ ગુજરાતના લોકોની સહાયતા ઉપર ભરોસો રાખ્યો ન હતો, એટલું જ નહીં પણ માધવના કહ્યા છતાં પણ કોઈ મદદ કરશે નહીં એમ આગળથી જ ધારીને તેઓએ બહોળું લશ્કર તથા લડાઈનો સઘળો સામાન સાથે રાખ્યો હતો. ગુજરાત જીતવામાં જુદા-જુદા માણસોનો જુદો-જુદો સ્વાર્થ હતો. પાદશાહી રાજ્યમાં વધારો થાય, અને પોતાના ભાઈ અલાઉદ્દીનનું રાજ્ય વિસ્તાર પામે, અને તે સઘળું કદાચ કોઈ દહાડો પોતાના હાથમાં આવે એટલો અલફખાંને ફાયદો હતો. નુસરતખાંને લાભ એટલો જ હતો કે પોતાની બહાદુરી તથા હોશિયારી વડે ગુજરાત સરખો મોટો ફળવાન પ્રાંત જિતાય તો બાદશાહ ઘણો ખુશ થાય, તેના ઉપર મહેરબાની વધે, તેની વજીરાતનો પાયો વધારે મજબૂત થાય, અને પોતાની કીર્તિ જો દેશમાં ફેલાય તો કોઈ વખત રાજ્યની ઊથલપાથલમાં તેને તખ્ત મળવાનો લાગ આવે. માધવની મુખ્ય નેમ કરણ રાજા ઉપર વેર લેવાની હતી, અને તેમ કરતાં કદાપિ ગુજરાતનું રાજ્ય ઊંધું વળે, ને રાજા પદભ્રષ્ટ થાય, અથવા લડાઈમાં માર્યો જાય, અને

તેની પછી ગમે તે પોતાના દેશ ઉપર રાજ્ય ચલાવે તોપણ તેની મુખ્ય મતલબ પાર પડે એટલી જ તેને ખુશી હતી. વળી તેને રાજ્યકારભાર મળવાની પણ ઉમેદ હતી, તેથી તે ઘણી વખતે ઉમંગમાં દેખાતો હતો. છાવણી બીજે દહાડે સવારે ઊઠવાની હતી તેથી અલફખાં, નુસરતખાં તથા માધવ એ ત્રણે નવ કલાકે મસલત કરવા બેઠા હતા.

અલફખાં–માધવજી, તમારા ધાર્યાં પ્રમાણે કરણ રાજા કેટલું લશ્કર એકઠું કરશે? પાટણ જતાં સુધી રસ્તામાં કાંઈ અડચણ નડશે કે નહીં? તે બહાર નીકળીને લડાઈ કરશે કે શહેરના દરવાજા બંધ કરી કિલ્લામાં ભરાઈ બેસી રહી શહેર આગળ આપણને રાહ જોવડાવશે? તમે રાજાની ચાલથી, કિલ્લાની મજબૂતીથી, અહીંના લોકોની બહાદુરીથી, તથા રાજાના લશ્કર તરફનું કેટલું જોર છે એ સઘળાથી વાકેફ છો, માટે તમારાથી એ ખબર પાકી મળશે.

માધવ – કરણ રાજા મારો કટ્ટો વેરી છે, તેણે મને બધી રીતે પાયમાલ કરી નાખ્યો છે, તોપણ બહાદુર નથી એમ મારાથી કહી શકાતું નથી. રજપૂત લોકોમાં શૂરાતનની કાંઈ કસર હોતી નથી, તે પ્રમાણે કરણમાં પણ શૌર્ય ઘણું છે. તેનામાં ભયનું તો નામ જ નથી; તે ભયને ઓળખતો જ નથી; લડાઈથી તે ઘણો આનંદ પામે છે અને અગર જો હજુ સુધી તેની હિંમત કોઈ પણ લડાઈમાં કસાયેલી નથી, અગર જો તેની સઘળી બહાદુરી હજુ સુધી તેના શબ્દોમાં જ રહેલી છે, કંઈ કામમાં વપરાયેલી નથી, તોપણ જ્યારે પ્રસંગ પડશે ત્યારે તે નામર્દ ઠરવાનો નથી. તેની બહાદુરીનાં આપણને પણ વખાણ કરવાં પડશે. પણ પરમેશ્વરની મહેરબાનીથી તેનામાં જોઈએ તે કરતાં પણ વધારે શૂરાતન છે તેથી જ્યારે આપણું લશ્કર ગુજરાતમાં પેસશે, તથા પાટણથી થોડેક દૂર આવી પહોંચશે, એટલે તે લડાઈ કરવાને એટલો બધો આતુર થઈ જશે કે પાટણનો મજબૂત કિલ્લો મૂકી બહાર મેદાનમાં યુદ્ધ કરવાને નીકળશે, એટલે કિલ્લાને ઘેરો ઘાલવાની મહેનત આપણને કરવી પડશે નહીં. શહેર આગળ જરા પણ ખોટી થવું પડશે નહીં, તથા અનાજ-પાણીની તંગી વેઠવી પડશે નહીં, જે થશે તે લડાઈમાં થશે. જો ઈશ્વરની કૃપાથી લડાઈમાં ફતેહ મળી તો આખો ગુજરાત દેશ જિતાયો એમ જાણવું. લડાઈના કામમાં તે બીજા લોકોની સલાહ માનશે નહીં. તે પોતાના જુસ્સાથી ઘસડાયો જશે, અને અંતે રણસંગ્રામમાં તે માર્યો જશે; અથવા મરણતોલ જખમી થશે ત્યાં સુધી તે લડાઈ બંધ પાડશે નહીં. પાટણમાં ઘણા શૂરા અને શાણા સામંતો છે; વળી તેનો વાણિયો મંત્રી પણ ધૈર્યવાળો તથા અગમ બુદ્ધિમાન છે. તેઓની શિખામણ જો રાજા સાંભળશે તો તે પાટણના કિલ્લામાં જઈને ભરાશે અને તે કિલ્લો ઘણો જ મજબૂત છે, તથા કિલ્લો લેવાનો સામાન આપણી પાસે જોઈએ તેટલો નથી; અને એ રીતે ગુજરાતના સઘળા કિલ્લા એક પછી એક લેવા પડે તો આપણી કમબખ્તી જાણવી; અન્નપાણીની ઘણી ખોટ પડશે. આપણી સાથે જે બહોળું લશ્કર છે તેને જોઈએ તેટલો ખોરાક પૂરો પડશે નહીં, ત્યારે તેઓમાંથી ઘણા ભૂખે મરી જશે. અને બીજાઓ એટલા તો નારાજ થઈ જશે કે તેઓને અહીં રાખવા ઘણું મુશ્કેલ થઈ પડશે, અને રહ્યા તોપણ તેમનું લડવા તરફ ઘણું દિલ રહેશે નહીં. ગામના લોકો તથા રાજાનું લશ્કર તેઓને હેરાન કર્યા કરશે, અને અંતે કાયર થઈ આપણને ગુજરાત છોડી જવું પડશે. તે વખત પાદશાહના અધીરા તથા ઉતાવળિયા સ્વભાવથી, તેનું ધારેલું કામ પાર પડ્યું નહીં તેની નાઉમેદીને લીધે તેને જેટલો ક્રોધ ચઢશે તેઓથી, લશ્કરમાં માણસ તથા પૈસા તરફથી ખરાબી થવાને લીધે પાદશાહના મન ઉપર જે અસર થશે તેથી, તથા પાદશાહનો કોઈ વખત પણ પરાજય થયો નથી, તથા ધારેલું કામ નિષ્ફળ ગયું નથી, છતાં આ વખતે જો તેની હાર થાય તો તેનું નામ તૂટી જાય, તેની આબરૂમાં ખલેલ પહોંચે, તેની શક્તિ વિશે તેના તાબાના રાજાઓના મનમાં હલકો વિચાર આવે, અને તેમ થવાથી રાજ્યમાં સઘળે ઠેકાણે બંડ થાય, અને તે જોઈને કોઈ અમીર અથવા બીજો શખ્સ ઊભો થઈ પાદશાહની ગાદી છીનવી લે, બલકે તેની જિંદગીને

પણ નુકસાન લાગે, એ સઘળાં પરિણામો પર નજર પહોંચાડી પાદશાહને કેટલી દિલગીરી થાય તથા તે દુઃખના આવેશમાં તે જે કરે તેથી આપણને કેટલો ભય લાગવાનું કારણ થઈ પડે તેનો ખ્યાલ માત્ર કરવો. પણ એ સઘળું મારી આપબુદ્ધિ તથા ટૂંકા અનુભવ પ્રમાણે બનવાનું નથી. રાજાનો સ્વભાવ ઘણો હઠીલો છે તેથી તેણે જો એક વાર પણ લડાઈ કરવાનો અને તેમાં પોતાનું શૌર્ય દેખાડવાનો ઠરાવ કર્યો તો ગમે તે થશે તોપણ તેમાંથી તે ફરવાનો નથી; અને જો એક વાર મેદાનમાં યુદ્ધ થાય તો જય મળવાનો વધારે સંભવ છે. અને તેમજ થશે તેની આશા પણ રાખવામાં આવે છે. રાજા જો લશ્કર એકઠું કરવાની ધીરજ રાખે તો ઘણું મોટું જોરાવર સૈન્ય તેની પાસે થાય. બધા મંડળિક રાજાઓ પોતપોતાનાં માણસો લઈને આવે. પણ હવે આપણે કરણને વખત આપીશું નહીં, આપણે જલદી-જલદી કૂચ કરી રાજ્યધાનીના શહેર ઉપર જવું, એટલે તે મંડળિક રાજાઓથી પોતાના સિપાઈઓ એકઠા કરી રાજાને મદદ કરવાનું બની આવશે નહીં. કરણ તેઓની રાહ જોવાનો નથી; પોતાની શક્તિ ઉપર તેને એટલો બધો વિશ્વાસ છે, તથા આપણા ઉપર તેને એટલો તો ધિક્કાર છે કે તે મદદની રાહ ન જોતાં લડાઈ કરવાને તૈયાર થશે. તેના ઘણા મંડળેશ્વર છે તેઓ પોતાના તાબાનાં માણસોને લઈને આવશે, તેમને તથા પોતાના ખાસ લશ્કરને લઈ રાજા લડાઈમાં આવશે. લશ્કરની બહાદુરી વિશે કહેવાની જરૂર નથી. આપણા લશ્કરે રજપૂત સિપાઈઓની સાથે ઘણી વખતે યુદ્ધ કરેલું છે. તેઓની હિંમત, લડવાની રીત વગેરેથી તે સારી પેઠે વાકેફ હશે. બહારથી સહાયતા મેળવવાનો તેને સંભવ નથી. દેવગઢનો રાજા આપણાથી એટલો તો ત્રાસ પામ્યો છે, તથા તેનો એટલી બધી વાર પરાજય થયેલો છે કે તે આ વખતે માથું ઉઠાવવાની હિમ્મત ચલાવશે નહીં. વળી તે આપણા પાદશાહનો ખંડિયો રાજા છે એટલે આપણી સામે થવાનો તેનો ધર્મ નથી. રાજસ્થાનમાંનાં ઉદેપુર, જોધપુર, અજમેર, ઇત્યાદિ સંસ્થાનોના રાણા, રાજાઓ પોતાના જાતભાઈને મદદ કરવા આવશે નહીં. જ્યારે ઘોરીશાહે દિલ્હીના પૃથુરાજ ઉપર ચઢાઈ કરી તે વખતે જેમ બીજા રજપૂત રાજાઓ તેને સહાય થયા હતા તેમ આ વખતે કરણને મેવાડ, મારવાડ અથવા બીજા કોઈ રજપૂત સંસ્થાનના રાજા તરફથી પૈસા અથવા લશ્કરની મદદ મળે એવો સંભવ નથી. રાજાઓએ સૂંઠનો સ્વાદ ચાખ્યો છે. આજ ઘણાં વર્ષ થયાં પાદશાહે પોતે જાતે તેઓની સાથે લડાઈ ચલાવી છે, તેમાં તેઓની ઘણી ખરાબી થઈ છે. તેઓ આપણા લશ્કરનું બળ અનુભવથી જાણે છે, તથા તેથી તેઓ ઘણા બીએ છે. વળી કરણને મદદ કરી તેઓ પાદશાહની ઇતરાજી કરાવશે નહીં. કરણ પણ એટલો અહંકારી છે, તથા તેને પોતાના બળ ઉપર એટલો વિશ્વાસ છે કે તેઓની સહાયતા માગશે નહીં, માગશે તોપણ તે મળવા જેટલો હવે વખત રહ્યો નથી. વળી જો તેઓની મદદથી કરણ જય પામે તો પ્રતિષ્ઠા સઘળામાં વહેંચાઈ જાય, અને થોડો ભાગ જ કરણને મળે. પણ તેમ થાય તેમાં કરણ નાખુશ છે. તેને સઘળી આબરૂ પોતાને જોઈએ છે, તેથી તે પોતે એકલો જ વગર મદદે લડશે એવો સંભવ છે. પછી તો શિવજી જાણે. પાટણ જવાના રસ્તામાં કાંઈ હરકત નડે એવું નથી. વચ્ચે કાંઈ મોટા પહાડ અથવા મજબૂત કિલ્લા આવતા નથી. દેશ સઘળો પાધર છે. ગામ ઘણાં મોટાં તથા પૈસાવાળાં છે; તથા અન્નપાણી પણ પુષ્કળ મળશે તેથી રસ્તામાં આપણને કશી વાતની આપદા પડવાની નથી.

માધવની આટલી વાત સાંભળી અલફખાંનું મન સંતોષ પામ્યું, અને રાત વધારે વહી ગઈ, એમ જાણી માધવને પોતાના તંબૂ ઉપર જવાની રજા આપી. તે વખતે છાવણીમાં સઘળું ચૂપાચૂપ હતું. બીજે દહાડેથી કૂચ થવાની હતી, તથા લડાઈનો સમય પણ પાસે આવ્યો હતો એમ જાણીને આગળથી થાક ખાઈ લેવાને ઘણા તે દહાડે રોજ કરતાં વહેલા સૂઈ ગયા હતા. તોપણ ઠેકાણે-ઠેકાણે ચોકીદાર સિપાઈ તાપણાની આસપાસ ઘણા ટોળાં વળીને તાપવા તથા

વાતચીત કરવા બેઠા હતા. તેઓ સઘળાની વાતનો વિષય ગુજરાત જ હતો. તેઓ જ્યાં-જ્યાં ગયેલા ત્યાં-ત્યાં જય મેળવેલો, અને કોઈ વખત પણ પોતાનું કામ સિદ્ધ કર્યા વિના આવેલા નહીં તેથી તેઓના પોતાના બળ ઉપર જોઈએ તે કરતાં વધારે ભરોસો હતો. માટે આ વખતે ગુજરાત જિતાશે એ વિશે તેઓને જરા પણ શંકા નહોતી. તેઓમાંથી જેઓ ઘણા નમાઝી તથા ધર્માંધ હતા તેઓ ગુજરાત જીત્યા પછી ત્યાંના સઘળા લોકોની પાસે બર હક્ક મનાવવાને એટલા તો આતુર હતા કે તેઓ રાતદહાડો પરમેશ્વરની પ્રાર્થના કર્યા કરતા કે તે સર્વશક્તિમાન આ કાફર દેશને પાકદીનવાળાના હાથમાં આપે, તેઓના મનનો અંધકાર દૂર કરે, અને તેમાં મુસલમાની ધર્મનું તેજસ્વી કિરણ પ્રકટ કરે, તથા સઘળી મૂર્તિઓ, અને લોકોને અલ્લાતાલાથી દૂર કરવાને સેતાને જે-જે તદબીર કરેલી છે તે સઘળી પાયમાલ થઈ જાય. તેઓના મનમાં દૃઢ વિશ્વાસ હતો કે આ ઊંચી તથા ઉમદા મતલબ પાડવાને જ માટે પરમેશ્વર આપણને ફતેહ આપશે, તથા કાફર લોકોનું જોર તોડી પાડશે; પણ લશ્કરમાં સઘળા લોકો એવા ન હતા. ઘણા તો ઘેર ભૂખે મરતા હતા, અને પૈસા લૂંટવાના હેતુથી જ તેઓ પોતાનાં બૈરાં-છોકરાંને છોડીને આટલે દૂર પોતાનો જાન જોખમમાં નાખી આવ્યા હતા. તેઓનો વિચાર પૈસા ઉપર જ હતો. રાત્રે તેઓ સૂતા ત્યારે સ્વપ્નામાં ગુજરાતના રાજા, વ્યાપારી, તથા બીજા લોકોની અગણિત દોલત તેઓના જોવામાં આવતી. અને સોના, રૂપા, મોતી, તથા જવાહરના ઢગલામાં તેઓ પોતાના હાથ ઘાલી જેટલું જોઈએ તેટલું તેમાંથી લીધા પછી પાછા દેશ જઈને મોટી હવેલીઓ બાંધવામાં, ગુલામો વેચાતા લેવામાં, ઝનાનામાં ઘણો વધારો કરવામાં, તથા બીજી રિયાસત ભોગવવામાં સઘળી દોલત ખરચીશું, એમ તેઓ ઊંઘમાં પણ વિચાર કરતા હતા.

ઉપર થયેલી સઘળી વાત ઉપર વિચાર કરતો ઘણી ઉદાસ વૃત્તિમાં માધવ પોતાના તંબૂ ઉપર જતો હતો. તેણે ત્યાં જઈ સૂવાને ઘણાં ફાંફાં માર્યાં, પણ નિદ્રાદેવીએ તેના ઉપર મહેરબાની કરી નહીં. તે બિછાના ઉપર પછાડા મારવા લાગ્યો, અને તેની આખી જિંદગીનું ચિત્ર એક તખ્તા ઉપર ચીતરાઈને તેની આંખ આગળ આવ્યું. તેને પોતાનાં માબાપ યાદ આવ્યાં; તેની નાનપણથી રમત તથા સોબતીઓ આંખ આગળ આવ્યાં; તેની જુવાની થતાં જે-જે ઉમેદ તેના મનમાં આવી હતી, તથા જે-જે શેખચલ્લીના વિચાર તેણે કર્યા હતા તે સઘળા એક પછી એક તેના સ્મરણ-સ્થાનમાંથી નીકળતા ગયા. તે પાટણમાં આવ્યો તે વખતે નિર્દોષ હતો, અને આ વખતે તેના મનમાં કેટલા ઊલટાસૂલટા વિચાર હારબંધ આવતા, તથા કેવું ભયંકર તોફાન થઈ રહેલું હતું? જુવાનીનો રમણીય તથા આશાથી ભરપૂર વખત ગયો તે ફરીથી આવવાનો નથી. પાટણમાં થોડી વાર રહ્યા પછી તેની આશા સફળ થતી ગઈ, તે દરજ્જે ચઢતો ગયો, અને છેલ્લી વારે કરણને ગાદીએ બેસાડીને તેનો મંત્રી થયો, એ સઘળું હમણાં જ બન્યું હોય એમ તેને જણાયું. પછી આફતો આવી પડી; પોતાની પદ્મિની જેવી સ્ત્રી રૂપસુંદરીને રાજા લઈ ગયો; તેનો નાનો ભાઈ કેશવ તે ગડબડાટમાં માર્યો ગયો. તેની ભાભી ગુણસુંદરી સતી થઈ; તથા તે પોતે પોતાનો હોદ્દો છોડી એક ચોરની પેઠે સંતાતો રાજ્ય છોડી ઘણાં સંકટો ભોગવી દિલ્હીમાં આવ્યો. દિલ્હીમાં જે બનાવ બન્યો તે, તેની પાદશાહ સાથે મુલાકાત, પાદશાહની ગુજરાત જીતવાની કબૂલાત. એ સઘળું તેને એકદમ યાદ આવ્યું ત્યારે તેની છાતી ભરાઈ આવી. અને મનમાં એટલો તો ઉકળાટ થઈ આવ્યો કે તે આ વખતે એક નાના છોકરાની પેઠે મોટે અવાજે પુષ્કળ રડ્યો. પોતાના દેશ ઉપર મ્લેચ્છ લોકોને લઈ આવ્યો તેથી તેના મનમાંનું વેર તો તૃપ્ત થયું, પણ તેના અંતઃકરણમાં તેના આવા કામથી ઘણો પસ્તાવો થયા કરતો, તથા ઘણી જ શરમ લાગ્યા કરતી હતી. જગતના ઇતિહાસ ઉપરથી જણાય છે કે એ પ્રમાણે કરવામાં માધવ કાંઈ એકલો ન હતો. અસલના વખતમાં બ્રિટન દેશમાં વારટિજર્ને જર્મનીથી સાકસન લોકોને, અને સ્પેનમાં કાઉંટ જુલિયને આફ્રિકાથી મુસલમાન સરદાર મુસાને પોતાના રાજા ઉપર

માધવના જેવા જ કારણને વાસ્તે વેર લેવાને તેડાવ્યા હતા, તે સિવાય સ્ત્રીહરણને લીધે ઘણા માણસોએ, રાજાની ખરાબી કરવા, પોતાના દેશને તથા લોકોને પરાયા લોકોને હાથ તાબે થવા દીધા હતા. પોતાની સ્ત્રીના પતિવ્રતપણાનું અભિમાન એવું જ હોય છે; તે ભંગ કરનાર ઉપર જુસ્સો પણ એવા જ પ્રકારનો હોય છે; તથા વેર પણ માણસના અંતઃકરણ ઉપર એટલા જ જોરથી અમલ ચલાવે છે. એ સઘળા માણસો પોતાનું વેર લીધા પછી પસ્તાય છે, ત્યારે માધવને ઉપર પ્રમાણે પશ્ચાત્તાપ થાય એમાં શું આશ્ચર્ય? માણસના મનના બંધારણનો સ્વાભાવિક ધર્મ છે કે જ્યારે કોઈ પણ એક વિચાર ઘણો પ્રબળ થાય છે ત્યારે તે બીજી સઘળી વૃત્તિઓને નિર્બળ કરી નાખે છે. એ વખતે બીજી વૃત્તિઓનું કંઈ ચાલતું નથી; પણ જ્યારે તે બળવાન વિકાર શાંત થાય છે ત્યારે તેનું જોર નરમ પડે છે, અને તેથી તે નીચે બેસે છે, અને બીજા જે વિકારો દબાયેલા હતા તેઓ સઘળા જોર પકડી ઉપર આવે છે, તેથી કરીને તે માણસને પાછળથી ઘણું દુઃખ થાય છે. એ પ્રમાણે માધવને બન્યું. અને સિદ્ધપુરના રુદ્રમાળની પગથાર ઉપર તે રાત્રે ફરતો હતો તે વખત વેરે તેનું મન વશ કર્યું હતું અને તેના મનની આંખ આંધળી થઈ હતી, પણ હવે તેની મતલબ પાર પડી, અને રાજા કરણ ઉપર મનમાનતી રીતે વેર લેવાનો સમય પાસે આવ્યો ત્યારે ડાહ્યા વિચારો આવવા લાગ્યા. તેનામાં આટલી વાર સુધી દેશાભિમાન તથા ધર્માભિમાન દબાઈ ગયાં હતાં, પણ તેઓનો બિલકુલ નાશ થયો ન હતો. હવે જે ગુજરાત દેશમાં તેનો જન્મ થયો, જે દેશમાં તેની બાલ્યાવસ્થા ખુશી તથા આનંદમાં ગઈ, જે દેશમાં તેની જુવાનીમાં તેની ઊગતી આશાની કળીઓ ફૂટી, અંતે ફાટીને તે ઉપર ફૂલ આવ્યાં, જે દેશમાં તેની ન્યાતજાત, સગાંવહાલાં, ઓળખીતા, મિત્રો રહેતાં હતાં, જે દેશમાં તેણે રાજ્યનો કારભાર ચલાવ્યો હતો, જ્યાંના રહેવાસી પોતાના સ્વદેશી કહેવાતા, જેઓ તેને એક વાર પોતાના પિતા સમાન ગણતા હતા, જેઓનું રક્ષણ કરવું તથા જેઓના સુખમાં વૃદ્ધિ કરવી એ તેનો મુખ્ય ધર્મ છે એમ તે જાણતો. તે દેશ તથા તે રહેવાસીઓનું સ્વતંત્રપણું હરી લેવા. દેશી રાજાને ઉઠાડી મૂકી પારકા રાજાનું રાજ્ય સ્થાપન કરવા, પોતાના દેશીઓને પગે બેડી પહેરાવવા, તથા હંમેશાં માટે ગુજરાતને ગુલામગીરીની હાલતમાં નાખવાનો તેણે ઉપાય કર્યો તે વિચારથી તેને મહાકષ્ટ થતું. વળી ધર્મ તરફથી પણ તેને થોડો પશ્ચાત્તાપ ન હતો. અગર જો શૈવ માર્ગી તથા જૈન માર્ગીઓ નિરંતર લડી મરતા હતા, અગર જો હિંદુ તથા જૈન લોકોના જુદા-જુદા પંથો ઉંદર-બિલાડીની પેઠે એકેક ઉપર વૈરભાવ રાખતા, તથા જે જોરાવર હોય તે કમજોરને મારવાને પ્રયત્ન કરતા, અગર જો રાજાઓ પોતાપોતાના મતથી વિરુદ્ધ માનનારા સઘળા લોકોને ઉપદ્રવ કરતા, તથા જુલમ કરી તેઓને તોડી પાડવાને મહેનત કરતા હતા, તોપણ તે સઘળી જુદી જ વાત હતી. તેઓ સઘળી એક ઝાડની શાખાઓ હતી. પણ હમણાં તો હિંદુઓના કટ્ટર શત્રુ તુરક લોકો ગુજરાત ઉપર આવેલા હતા, તેઓના ધર્મને ઉપર કહેલા સઘળા ધર્મ સાથે કાંઈ પણ સંબંધ ન હતો; બલકે હરેક ધર્મ સંબંધી તથા વ્યાવહારિક બાબતોમાં હિંદુ તથા મુસલમાન ઊલટા જ ચાલતા હતા. મૂર્તિના નામ ઉપર તેઓને ઘણો દ્વેષ હતો. શિવનું લિંગ, માતાની પ્રતિમા, તથા બીજા હિંદુ દેવની મૂર્તિઓ, તથા આદિનાથ તથા પારસનાથની મૂર્તિ, એ સર્વે તેઓની નજરમાં સરખી જ હતી. તેઓનો મત કુરાન કે તલવાર; દયા લાવે તો સુન્નત કે જઝિયો. ધર્મ ઉપર તો જુલમ થવાનો જ, અને કોઈ દહાડો તેનો લય પણ થાય. દેવસ્થાનની મસ્જિદ થઈ જાય; જ્યાં હમણાં ઘંટ વાગતા તથા શંખનાદ થતા ત્યાં કોઈ વખત મુલ્લાં બાંગ પોકારે; જે અધિકાર હમણાં બ્રાહ્મણો ભોગવતા તે હવે પછી મુલ્લાં તથા સૈયદ ભોગવે; તથા જ્યાં હમણાં ‘રામરામ’ તથા ‘શિવશિવ’ એ શબ્દ સંભળાતા ત્યાં ‘અલ્લા અલ્લા’ તથા પેગંબરનું નામ સંભળાય, એ કાંઈ થોડી વાત ન હતી.

જે ધર્મમાં માણસ જન્મ્યો હોય, જેમાં તે ઊછર્યો હોય, જેનો ઉપદેશ નાનપણથી તેના

કાનમાં પડ્યો હોય, જેમાં તેણે આ લોકની આશા બાંધી હોય, સારાંશ કે જે ધર્મની સત્યતા ઉપર તેને દૃઢ વિશ્વાસ હોય, તે ધર્મ ઉપર તેને પોતાના દેહ જેટલી પ્રીતિ બંધાય છે. તે ધર્મને નુકસાન લાગે તો પોતાના શરીરને તેટલું લાગ્યું એમ તે માને છે, અને ઘણેક પ્રસંગે તે ધર્મને વાસ્તે મહાભારત દુઃખ વેઠવાને તત્પર થાય છે, અને કોઈ વાર તે ધર્મને અર્થે પોતાનો પ્રાણત્યાગ કરવાને પણ આંચકો ખાતો નથી. માણસના અંતઃકરણ ઉપર ધર્મની આટલી સત્તા છે ત્યારે માધવને તે વખતે જે કષ્ટ થતું હતું તે કેવળ સ્વાભાવિક જ હતું. વળી લડાઈની આફત તથા ખરાબી સઘળા જાણતા હશે, જેઓને તે વીતી નહીં હોય તેઓએ તે બાબતે સાંભળ્યું હશે, અથવા તેઓ કલ્પના કરી શકતા હશે. આવા સુંદર રળિયામણા તથા ફળવાન ગુજરાતને ઉજ્જડ કરી નંખાવવું, તેના રહેવાસીઓને કતલ કરાવવા, તથા લોકોનું જે દ્રવ્ય તથા મૂલ્યવાન વસ્તુઓ તેઓએ શ્રમ કરી મેળવ્યાં હોય તથા ઘણું જતન કરી જાળવ્યાં હોય તે સઘળાં પારકે હાથે લૂંટાવા દેવાં, તથા તે સિવાય બીજી ઘણીક આફતો જે લડાઈથી દેશ ઉપર પડ્યા વિના રહેતી નથી તે સઘળી ગુજરાત ઉપર લાવવામાં સાધન થવું, એ વિચારથી જ માધવને ઘણી બેચેની થતી હતી, તથા તેની નિદ્રાનો અટકાવ થતો હતો.

સવાર પડી એટલે છાવણીમાં ગરબડાટ થઈ રહ્યો. સઘળા કૂચ કરવાને તૈયાર થયા, અને સૂર્ય ઊગ્યા પછી તરત લશ્કર આગળ ચાલ્યું. શત્રુનાં લાખો માણસો એ પ્રમાણે ગુજરાત ઉપર તીડનાં ટોળાંની પેઠે પડ્યાં, અને તે નુકસાનકારક જીવડાંની પેઠે તેઓના રસ્તામાં જે કાંઈ આવ્યું તેને ખરાબ તથા પાયમાલ કરતા ગયા. તે વખતે હોળીના દહાડા હતા. શિયાળો અને ઉનાળો દેશ પર સત્તા ચલાવવાને લડી મરતા હતા, અને લડી-લડીને થાકીને તેઓએ સમાધાન કર્યું હોય એમ જણાતું હતું. દિવસે ઉનાળાનો તથા રાતે શિયાળાનો અમલ ચાલતો હતો. ખેતરમાં રવી, એટલે શિયાળાનો પાક હતો તેની કાપણી કરવામાં આવી હતી, અને તેથી તેમાં ખુંપરા સિવાય બીજું કાંઈ જોવામાં આવતું ન હતું. ખેડૂત લોકો પોતાની મહેનતથી પરવારેલા હતા, તથા ખળીમાંના અનાજની પણ ધારા પ્રમાણે વહેંચણી થઈ હતી. આંબાનાં ઝાડ ઉપર મોર આવેલા હતા, તથા તે ઉપર કોયલ મધુરા સ્વરથી વસંતઋતુને આદરમાન આપતી હતી. ગામોમાં છોકરાં મોટેથી અપશબ્દો બોલીને તથા નિર્લજ્જ ચાળા કરીને હોળી માતાને પ્રસન્ન કરવાને યત્ન કરતા હતા, તથા મોટી ઉંમરના માણસો પણ ઘણી વાર તે છોકરાઓની સાથે હોળીની બેશરમ રમતમાં સામેલ થતા હતા. ઘણે ઠેકાણે ફાગ ખેલવાને કેસૂડાનાં ફૂલનો રંગ, ગુલાલ, અબીલ ઇત્યાદિ તૈયાર કરી રાખ્યાં હતાં. પણ તે વર્ષે ગુજરાતમાં તેના એક બાળકના કૃત્યથી જુદી જ રીતની હોળી ખેલાવાની હતી. હોળી માતાને આ વખતે ઘણી ભૂખ લાગી હતી, અને તે શાંત કરવાને હજારો માણસનો ભક્ષ લેવાનો મનસૂબો તેણે કર્યો હતો. જ્યાં લોહી જેવા રાતા રંગના પ્રવાહની રેલ ચાલવાની ત્યાં કેસૂડાના રંગની શી જરૂર? તથા ગુલાલઅબીલ શા કામનાં! આ વર્ષે કાંઈ સ્ત્રીપુરુષ હેતથી ફાગ ખેલવાનાં ન હતાં. તેને બદલે લાખો હિંદુ તથા મુસલમાન સામસામા આવી એક ભયંકર હોળી રમવાના હતા. તેમાં પ્યારને બદલે દ્વેષ, તથા મોહને ઠેકાણે વેર હતું. હોળીના ઉત્સવના દિવસ આવ્યા જાણી લોકોમાં જે આનંદ ઊપજવો જોઈએ તેને બદલે આ વખતે તો તેઓનાં હૈયામાં ભડભડ હોળી બળવા લાગી હતી. શત્રુનું લશ્કર પાસે આવતું સાંભળીને, તથા કરણ રાજાએ પોતાનું સૈન્ય તૈયાર કરવા માંડ્યું તે જોઈને જ્યાં-ત્યાં સઘળે ઠેકાણે હાહાકાર થઈ રહ્યો હતો. શહેરના તથા ગામોના દરવાજા દિવસને વખતે પણ બંધ રાખવામાં આવતા હતા; ઢોરોને શહેર તથા ગામોની માંહે ચરાવવા માંડ્યાં હતાં; સઘળા મરદો લડવાને અથવા નાસી જવાને તૈયાર થઈ રહી બુકાની બાંધીને ફરવા લાગ્યા હતા; સઘળાં સ્ત્રી-પુરુષો ઘણાં દુઃખી તથા ચિંતાતુર દેખાવા લાગ્યાં હતાં. ગામડાંના લોકો પોતાનું અનાજ તથા જે થોડાઘણા પૈસા હતા તે સઘળાં દાટીને, તથા કૂવા અને વાવો બની શકે

તેટલાં પૂરી નાખીને, પોતાનાં ગામ ઉજ્જડ કરી આગળ ચાલ્યાં જતાં હતાં. એ રીતે જેમ-જેમ પાદશાહી લશ્કર આવતું ગયું તેમ-તેમ નાસતા લોકોનો સમુદાય વધતો ગયો. બાળક, જુવાન અને ઘરડાં, સ્ત્રીઓ તેમજ પુરુષો, પોતાનાં પ્યારાં ગામોને બળતાં જોતાં, રડતાં તથા શોક કરતાં આગળ ચાલતાં. તેઓમાંથી ભૂખ, તરસ તથા પૈસાની તંગી અને એવાં બીજાં કારણોથી રસ્તામાં સેંકડો મુડદાં થઈ અથવા માંદાં થઈ પડતાં, અને પાછળ શત્રુ પાસે જ હોવાથી તેઓને તેમનાં તેમ મૂકી બીજાં પાટણમાં જલદીથી જઇ પહોંચવાને દોડાદોડ કરી રહ્યાં હતાં. જેઓ રાજાના લશ્કરમાં લડવાને ગયા હતા તેઓ પણ ઘણા જ દુઃખનું કારણ થઈ પડ્યા હતા. કોઈ ઘરડી ડોશી જેનો એકનો એક છોકરો લડાઈ ઉપર ગયો હતો તે જીવતો પાછો આવશે કે નહીં એ શંકાથી તે બિચારી નિરંતર રડ્યા જ કરતી, તથા તે મરશે તો તેનું આવી દુર્બળ અવસ્થામાં કોણ ગુજરાન કરશે, એ દુઃખથી તેનું અંતઃકરણ વીંધાઈ જતું હતું. કેટલાક તો ડોસાડોસીઓની ઘડપણની લાકડી તથા આંધળાની આંખ જેવા છોકરા લડવા ગયેલા તેથી તેઓ બિચારાં ઘણાં જ શોકાતુર દેખાતાં હતાં. કેટલીક સ્ત્રી પોતાના ભાઈ-ભત્રીજા વગેરેને વાસ્તે દુઃખ કરતી હતી. કેટલીક જુવાન સ્ત્રીઓ જેઓ તરત પરણી હતી, જેઓએ સંસારનું સુખ માત્ર ચાખવા માંડ્યું હતું, જેઓ ધણી-ધણિયાણીને સાંકળી દેનાર છોકરાં રૂપી બંધનથી બંધાયાં ન હતાં, જેઓની દુનિયાની ખુશી હજી ઊગતા સૂરજની પેઠે ક્ષિતિજમાં જ હતી, જેઓની સંસારને લગતી હજારો આશાઓ મનમાં જ ફક્ત રહેલી હતી, તે સ્ત્રીઓના ભરથાર લડાઈ ઉપર ગયેલા તેથી તેઓના ભવિષ્ય ઉપર એક અંધારો પડદો વળ્યો, તેઓની આશા મનમાં ને મનમાં જ રહી ગઈ, તથા તેઓના સુખના સૂરજ ઉપર એક મોટું વાદળું ફરી વળ્યું હતું. બીજી કેટલીક કન્યાઓ, જેઓ હજી પરણેલી ન હતી, પણ જેઓના ધણી નક્કી થયેલા હતા, તેઓ જ્યારે હસ્તમેળાપ કર્યા વિના મ્લેચ્છ તુરકડા સાથે તલવારની રમત રમવા ગયા, ત્યારે તે બિચારી અબળાના દુઃખનો કાંઈ કાંઠો જ ન હતો. તેઓનું સંસારી સુખ તો સ્વપ્નામાં જ આવ્યું અને ગયું; તેઓની પ્રીતિની ઊગતી કળીઓ લડાઈ રૂપી હિમ પડવાથી બળી ગઈ; તેઓની આગળની આશા તો ભવિષ્ય ઉપર રહી, અને હવે પછી તેઓનું શું થશે તેની વાંચનારાઓએ જ કલ્પના કરી લેવી. સુખમાં એ પ્રમાણે ભંગાણ પડ્યું, સુખદાયક તડકામાં એકાએક વાદળ ચઢી આવ્યું, અને ભયાનક વીજળી તથા ગડગડાટ સહિત વરસાદનું એક મોટું ઝાપટું આવવાનો સમય આવ્યો.

હવે પાટણ શહેરમાં કેવી ગડમથલ થઈ રહી હતી તે ઉપર આપણે નજર કરીએ. લશ્કરમાં જેઓ ગયા હતા તેઓનાં માબાપ, છોકરાં, ધણિયાણી તથા બીજાં સગાંસંબંધીઓને ઉપર બતાવ્યા પ્રમાણે દુઃખ થયું હતું. મોટા-મોટા વેપારીઓ જેઓએ છળભેદથી તથા હિંમત ચલાવી સાત પેઢી સુધી પહોંચે એટલું ધન ચાંચવે પાવડે ઉસેડ્યું હતું, તે ધન જોઈને તેઓની આંખમાંથી આંસુની ધાર ચાલતી, અને તેનું શું થશે તે બાબત તેઓ મહા ફિકરમાં પડ્યા હતા. તેઓએ ભોંયમાં મોટા ખાડા ખોદીને તેઓની સઘળી દોલત દાટી, અને આગળ શું થાય છે તેની રાહ જોતા બેઠા. સઘળા નાના વેપારીઓએ પણ એ જ પ્રમાણે કર્યું. દુકાનદારો પોત-પોતાના દેવની ભક્તિ કરવા લાગ્યા, અને મ્લેચ્છ શત્રુનો એકદમ નાશ થાય, રાજાનો જય થાય, ધર્મનું રક્ષણ થાય; અને ગુજરાતનું દેશી રાજ્ય કાયમ રહે, તેને માટે ધર્મને લગતા હજારો ઉપાયો સઘળા કરવા મંડી પડ્યા હતા. એ પ્રમાણે સઘળા લોકોમાં ચિંતા પથરાયેલી હતી, તોપણ શહેરમાં કેટલાક લોકો ઘણા આનંદમાં દેખાતા હતા. જેઓની પાસે કાંઈ ન હતું, એટલે જેઓને લૂંટાવાનો કંઈ ભય ન હતો, જેઓને આવી ઊથલપાથલમાં ઘણો લાભ મળવાની ઉમેદ હતી, તથા જેઓ દેશની દોલત સામાન્ય મિલકત માનતા, અને પારકા તથા પોતાનામાં કાંઈ ભેદ ન ગણતા, જેઓ વગર મહેનતે પોતાનું ગુજરાન ચલાવતા, તથા મધપૂડા રૂપી જગતમાં આળસુ મધમાખીઓની પેઠે બીજાનું મેળવેલું મધ પોતે ખાઈ જતા; તેઓને આ વખતે ખુશીનો કંઈ પાર

જ ન હતો. તેઓની તો ખરી મોસમ આવી હતી, અને તેનો લાભ લેવાને તેઓ તૈયાર થઈ બેઠા હતા. શહેરમાં આસપાસનાં ગામોના લોકો આવી ભરાયા હતા, તથા સઘળું લશ્કર પડ્યું હતું તેથી તેમાં તલ પડે એટલી જગા રહેલી ન હતી. ઘણા લોકો મેદાનમાં પડ્યા હતા, કેટલાક લોકો માંડવા બાંધીને તેમાં રહ્યા હતા, અને કેટલાકે ઘણાં ભારે ભાડાં આપી ઘરો લીધાં હતાં. સઘળા લશ્કરને ડેરાતંબૂઓ તાણીને તેમાં રાખેલું હતું. એ પ્રમાણે પાટણ સઘળું ખીચોખીચ ભરાઈ ગયું હતું. તે સઘળાઓને ખાવાનું જોઈએ તેથી સઘળી ખાવાની જણસોનો ભાવ ઘણો જ વધી ગયો હતો, અને તેને લીધે બીજી સઘળી વસ્તુઓ પણ તેવી જ મોંઘી વેચાવા માંડી હતી. એવી મોંઘવારીને લીધે ગરીબ લોકો ઘણું દુઃખ પામવા લાગ્યા, અને કેટલાંક ભૂખથી મરવા જેવાં થયાં. દુઃખના ઢગલા ઉપર ઢગલા વળ્યા, તેથી સઘળા લોકો લડાઈનો જેમ બને તેમ જલદીથી અંત આવે તે જોવાને ઘણા આતુર હતા.

દરબારમાં પણ ખળભળાટ થઈ રહ્યો હતો. સઘળા મંડળેશ્વરો પોતપોતાના તાબાનાં માણસો લઈને આવ્યા હતા. મંડળિક રાજાઓને મદદ લઈ આવવાને જાસૂસો મોકલ્યા હતા; પણ તેઓને આવતાં વાર લાગશે એમ જાણીને તેઓની તરફથી રાજાએ ઘણો ભરોસો રાખ્યો ન હતો. બહારના જુદા-જુદા સ્વતંત્ર રાજાઓના સંધિવિગ્રહિક લોકોએ પોતાના રાજાઓને લખવાને કબૂલાત આપી હતી; પણ એવા સાતપાંચની મદદથી લડાઈમાં જય મેળવવો એમાં કાંઈ પ્રતિષ્ઠા નહીં, તેમજ લડાઈમાં બહાદુરી બતાવી પોતાનું નામ અમર કરી લેવાની કરણ રાજાની ઇચ્છા હતી, અને જો બહારથી સહાયતા આવે તો તે ઇચ્છા પાર પડે નહીં, તેથી તે સંધિવિગ્રહિક લોકોનો ઉપકાર માની તેઓની તરફથી મદદ લેવાની તેણે ના કહી હતી. રાજા કરણ ઘણા જ ઉમંગમાં હતો. તેની સર્વ શક્તિઓ જે આજ લગી વાપરવામાં ન આવ્યાથી નિદ્રાવશ થઈ ગઈ હતી, સઘળી હવે જાગ્રત થઈ. રાજ્યકારભારમાં તેની સુસ્તી જણાતી હતી તે હવે ઊડી ગઈ. જેમ માછલી પાણીમાં, પક્ષી હવામાં, તથા ભૂચર પ્રાણીઓ જમીન ઉપર જ પોતપોતાનું બળ બતાવી શકે છે, પણ તેઓને તેમની નીમેલી જગામાંથી બહાર કાઢ્યાં એટલે તેઓ નિર્બળ દેખાય છે, તેમ જ્યારે હમણાં લડાઈનો પ્રસંગ આવ્યો ત્યારે જ કરણ રાજાનું ખરું રૂપ પ્રકાશી નીકળ્યું. તેણે લડાઈની સર્વ તૈયારી ધમધોકાર કરવા માંડી, અને તે કામમાં તેણે આખો દહાડો અને રાતનો ઘણો ભાગ જાતે મહેનત કરી. પછી મુસલમાન લોકોનું લશ્કર પાટણની પાસે આવતું જાય છે એમ જાણી તેઓની સાથે લડવા જવાને શહેરમાંથી જલદી કૂચ કરવી એવો તેણે ઠરાવ કર્યો. પોતાનો મનસૂબો અમલમાં લાવતાં પહેલાં તેણે પોતાના સઘળા મંડળેશ્વર તથા મુખ્ય સામંત સરદારોની એક સભા કરી, તેમાં કેવી રીતે લડાઈ કરવી, તથા રાજ્યનો બચાવ શી રીતે કરવો તે વિશેનો પ્રશ્ન કર્યો. તે વખતે સઘળા વૃદ્ધ અને શાણા સરદારોએ તેને સલાહ આપી કે મંડળિક રાજાઓ પોતપોતાનાં લશ્કર લઈને આવે ત્યાં સુધી આપણે પાટણના કિલ્લામાંથી બહાર જવું નહીં; એટલા વખતમાં મુસલમાનોનું લશ્કર આવશે, અને શહેરને ઘેરો ઘાલશે, તો તેઓનો નિશ્ચય નાશ થયો એમ જાણવું. જ્યારે મંડળિક રાજાઓ આવી પહોંચશે ત્યારે તેઓ પાછળથી તેઓના ઉપર હુમલો કરશે, તે જ વખતે આપણે પણ કિલ્લામાંથી નીકળીને આગળથી તેમના ઉપર હુમલો કરીશું. જ્યારે એ પ્રમાણે તેઓ બંને તરફથી સપડાશે ત્યારે તેમને બચવું ઘણું મુશ્કેલ થઈ પડશે. અને તેઓ સઘળા નક્કી માર્યા જશે. જો કદાચ આપણી તેમાં હાર થઈ તોપણ પાછા કિલ્લામાં ભરાઈ જવું બની આવશે. અને ત્યાં રહી આપણે તેઓને થકવી નાખીશું. તેઓનું લશ્કર મોટું છે ખરું, પણ તેઓની પાસે મજબૂત તથા મોટા કિલ્લા લેવાને જોઈએ તેવો તથા તેટલો સામાન નહીં હોય, તેમ એટલા બધા માણસોને ઘણા દહાડા સુધી ખોરાક પૂરો પાડી શકાશે નહીં તેથી તેઓના માણસોમાંથી કેટલાક ભૂખે મરી જશે, અને બીજાઓ નાહિંમત થઈ જશે, અને અંતે નિરાશ થઈ તેઓને દેશ

છોડી જતાં રહેવું પડશે, એવી અમારી સઘળાની સલાહ છે.

આ વિચાર કરણ રાજાને જરા પણ ગમ્યો નહીં. તે બોલ્યો : “તમારી સલાહ ઘણી ડહાપણભરેલી તથા ફાયદામંદ છે ખરી, પણ તે પ્રમાણે ચાલવું આપણા લોકોને યોગ્ય નથી. શું આપણે બાયડીઓની પેઠે ઘરમાં ભરાઈ બેસીએ? શું લડાઈમાં જીતવા જેટલું આપણામાં સામર્થ્ય નથી? જો કદાપિ આપણો એક લડાઈમાં પરાજય થાય તોપણ શું આપણે એવા નિર્બળ થઈ જઈશું કે તેઓની સાથે બીજી લડાઈ કરી શકીશું નહીં? શું રજપૂતોમાંથી પાણી ગયું? શું તેઓનું શૂરાતન ડૂબી ગયું? શું તેઓ ઘાસ ખાય છે? શું આપણે આળસમાં પડી વાણિયાવેપારીઓ જેવા કાયર થઈ ગયા? આપણી આગળના રાજાઓએ જે શૌર્ય દેખાડ્યું છે તે સઘળું શું વ્યર્થ સમજવું? જો આપણે ક્ષત્રિય થઈને રાંડીરાંડ ડોશીની પેઠે ખૂણો પકડી બેસીએ તો આપણે પુરુષ નહીં પણ વ્યંઢળ જાણવા. રાજપૂતોએ શત્રુથી બીવું! એમ કદી થાય નહીં. શૂરા સામંત સરદારો! આજ તમારી અક્કલ ઠેકાણે નથી, તમે તમારી સ્ત્રીઓની મસલત લીધી હશે, નહીં તો રજપૂત થઈ આવાં વચન તમે બોલો નહીં. એ ચંડાળ લોકોએ વગર કારણે એક બ્રાહ્મણના કહેવાથી સૂતો સિંહ જગાડ્યો છે; તેઓએ સાપના મોંમાં હાથ ઘાલ્યો છે; કાળને ખીજવી બોલાવ્યો છે; અને મોત પોતાને હાથે માગી લીધું છે. તેઓને દટાવાને પોતાના દેશમાં જગા ન મળવાથી આપણે ત્યાં આવ્યા છે. માટે હવે કાગડા, સમડી તથા ગીધને મોટી ઉજાણી મળશે, તેઓનું આપણાં ખેતરો તથા વાડીઓમાં સારું ખાતર બનશે, અને વળી આવતે સાલ જ્યારે પાક સારો થશે, ત્યારે તેઓને મારવાને જ જાણે પરમેશ્વરે મોકલ્યા એમ માની ખેડૂતો ભગવાનનો પાડ માનશે માટે લડવું, લડવું ને લડવું. કિલ્લામાં ભરાઈ બેસવું નહીં, પણ આપણી તલવાર ઉપર તથા સત્ય ઉપર ભરોસો રાખી રણસંગ્રામમાં ઊતરવું, પછી જે થાય તે ખરું. બાયડીઓની રીત પકડી જીવવું તે કરતાં લડાઈમાં પડવું એ લાખ દરજ્જે સારું છે.”

સામંતોએ રાજાની સઘળી વાત સાંભળી લીધી; તેઓ પણ રજપૂત હતા, તથા તેઓમાં હિંમતની કાંઈ કસર ન હતી, તેથી તેઓનું લોહી પણ લડાઈની વાતો સાંભળીને ઊકળી આવ્યું, અને તેઓની તરફથી હરપાળ ઘણા જુસ્સામાં બોલી ઊઠ્યો : “રાજાધિરાજ! તમારી સાથે રણસંગ્રામમાં આવવાને અમને જરા પણ ડર નથી; તેમ કરવામાં અમને ઘણી ખુશી છે; પણ જે કામ કરવું તેમાં પાછળથી દુનિયા આપણ સઘળાને મૂર્ખ કહે એ વાતનો વિચાર કરવો જોઈએ. શત્રુની સામે વર્તવાને હિંમતની સાથે ડહાપણ પણ જોઈએ. લડાઈ કરવામાં કાંઈ હરકત નથી; પણ ન કરે નારાયણ ને જો તેમાં આપણે હાર્યા, અને બીજી વાર લડવાની આપણામાં શક્તિ રહી નહીં, તો એકસપાટામાં આખું રાજ્ય આપણા હાથમાંથી જતું રહે, અને પછી ગુજરાતના લોકો સદા આપણી કસૂર કાઢે, તથા નિરંતર આપણી નિંદા કર્યા કરે, તે ઉપર વિચાર કરી અમે સલાહ આપી. પણ જો તમને તે પસંદ ન હોય, જો તમારી મરજી મેદાનમાં તેઓની સાથે યુદ્ધ કરવાની હોય, તો અમે સઘળા તૈયાર છીએ. જોશીઓને બોલાવી મુહૂર્ત પૂછવું અને શુભ દિવસે અત્રેથી કૂચ કરવી. અંબામા તથા તેત્રીસ કરોડ દેવતાઓ આપણને સહાય થશે.” એમ કહી તે જોરથી ખંખાર્યો તથા સઘળાઓએ પોતપોતાની મૂછ ઉપર તાલ દીધી.

જે દહાડાનું જોશીઓએ મુહૂર્ત આપેલું હતું તે દહાડે સવારે રાજા ટોપ તથા બખતર સજીને તથા લડાઈનાં સઘળાં શસ્ત્ર બાંધીને તૈયાર થયો. સઘળા સરદાર તે જ પ્રમાણે તૈયાર થઈ ઊભા રહ્યા. રાજ્યગોરે રાજાને કપાળે ટીલું કર્યું તથા આશીર્વાદ દીધો. ભાટ લોકો રાજાના મનમાં શૂર ચઢાવવાને કવિત બોલવા લાગ્યા. બારણા આગળ મોતીના સાથિયા પુરાયા. ચોગાનમાં સઘળું લશ્કર તૈયાર થઈ ઊભું રહ્યું. દશ હજાર સવાર, પાંચસો હાથી, વીશ હજાર

પાયદળ, પાંચસો રથ, એટલાં લડવાનાં સાધન હતાં. કરણ રાજા જ્યારે પોતાના કવચવાળા હાથી ઉપર સવાર થયો, ત્યારે જયજયકારનો નાદ થઈ રહ્યો; શંખનાદ જોરથી થયો; નોબત ગડગડી; તથા બીજાં રણસંગ્રામનાં વાજિંત્રો વાગ્યાં. રાજા તથા લશ્કરને જોવાને શહેરમાં લોકોની અથાગ ભીડ થઈ હતી. તેઓ સઘળા લડાઈને પરિણામને વાસ્તે ઘણા ચિંતાતુર દેખાતા હતા. રાજાનું સૈન્ય આટલું થોડું જોઈને તેઓને ઘણો ભય લાગતો હતો. અને જેમ હાથીઓના ટોળામાં એક વાઘના બચ્ચાનું અંતે કાંઈ ચાલે નહીં, તેમ એ સૈન્ય આખરે કપાઈ જશે, એવી દહેશત લોકોને રહેતી હતી. તોપણ શૂરા કરણ રાજાને જોઈને તેઓને ઘણો ઉમંગ આવ્યો. તેનો સાદો લડાઈનો પોશાક તથા શૂરથી ભરપૂર આંખ જોઈને તેઓ સઘળા ઇંદ્રજિત અથવા અર્જુન જોડે તેનો મુકાબલો કરવા લાગ્યા. રસ્તામાં તેના ઉપર ફૂલ તથા ફળની વૃષ્ટિ તેઓએ કરી. તેના હાથી આગળ ફૂલો વેરાતાં ગયાં, તથા તેના જયને વાસ્તે સઘળા લોકોના આશીર્વાદ સહિત કરણ રાજા શહેરની બહાર નીકળ્યો. એ પ્રમાણે રાજાએ એક દહાડામાં, ઘણા દહાડાનાં તેનાં કામોથી થયેલી લોકોની અપ્રીતિ દૂર કરી. શૌર્ય એ ઘણો વિચક્ષણ ગુણ છે. તે હજારો અવગુણને ઢાંકી નાખે છે. અંગબળ તથા હિંમતથી લોકો એટલા સાનંદાશ્ચર્ય પામે છે કે એ ગુણ સિવાય બીજા તેઓની નજરમાં આવતા જ નથી. જગતમાં જે-જે શૂરા પુરુષોએ પોતાની બહાદુરીથી દુનિયામાં માત્ર ખરાબી જ કરી છે તેઓનાં નામનો નાશ થવાને બદલે તેઓ અમર રહી ગયા છે, અને જગતના મહાન ખૂનીઓમાં કેટલાક દેવની પેઠે પૂજાય છે, અને કેટલાકનાં નામ દુનિયામાં દીવા જેવાં થઈ પડ્યાં છે.

કરણ રાજાએ પોતાના લશ્કર સહિત છાવણી કરી. તેની બે બાજુએ પહાડ હતા, અને પાછળથી નદી વહેતી હતી. એવે ઠેકાણે સઘળું લશ્કર ગોઠવીને લડાઈની રાહ જોતો તે ત્યાં રહ્યો. બીજે દહાડે મુસલમાન લશ્કર આવી પહોંચ્યું, અને કરણનું લશ્કર ક્યાં પડ્યું છે તેની અલફખાંને આગળથી ખબર મળી હતી તેથી તે પણ પોતાના લશ્કરની ગોઠવણ કરી લડવાની તૈયારી કરી આવેલો હતો. બપોરની વખતે બંને લશ્કર સામસામાં થયાં. મ્લેચ્છનું લશ્કર દશગણું મોટું જોઈને રજપૂત સિપાઈઓ જરા નાહિમ્મત થયા, અને એ ભય તેઓમાં કાયમ રહેશે તો લડાઈમાં ઘણાં માઠાં પરિણામ થશે એમ જાણી કરણ આગળ નીકળ્યો, અને સઘળા સિપાઈઓની આગળ તેણે નીચે પ્રમાણે ભાષણ કર્યું –

“આજે દાનવો તથા માનવોની વચ્ચે યુદ્ધ થવાનો પ્રસંગ આવ્યો છે, તેમાં દાનવો બળવાન દેખાય છે તથા તેઓની સંખ્યા ઘણી જ વધારે છે; તોપણ એ દુષ્ટ લોકોને ભગવાન સહાય થશે, એમ તમારે કદી ધારવું નહીં. જગતમાં સત્ય છે તે જ ઈશ્વર છે, એમ સત્ય આખરે જય પામ્યા વગર રહેતું નથી. એ મ્લેચ્છ તુરકડા લોકોની આયુષ્યની દોરી તૂટવાનો વખત આવ્યો હશે ત્યારે જ તેઓ ન્યાયાન્યાય વિચાર્યા વિના પારકા દેશને ઉજ્જડ કરવાને મોટું લશ્કર લઈને આવ્યા છે; પણ પરમેશ્વરની કૃપાથી તેઓમાંનો એક પણ તેના સોબતીઓના સમાચાર કહેવાને પાછો પોતાને દેશ જનાર નથી. સત્ય આપણી તરફ છે તેથી પરમેશ્વર પણ આપણા જ પક્ષમાં છે, એમ જાણવું. રણસંગ્રામમાં કેમ લઢવું એ રજપૂતોને કહેવાની જરૂર નથી. આપણે સઘળા ક્ષત્રિયવંશના છીએ. આપણા વૃદ્ધોએ મોટાં-મોટાં યુદ્ધો કરેલાં છે. કુરુક્ષેત્રની લડાઈમાં અઢાર દિવસ સુધી લડ્યા છે. તેઓના શૂરાતનની કીર્તિ આખા જગતમાં પથરાયેલી છે. તે રજપૂતો પોતાના બાપદાદાનાં નામ બોળી આવા રાની સિપાઈઓથી બીશે, એવો જરા પણ સંભવ નથી. આપણે આ સમયે આપણા વહાલા દેશને સારુ લડીએ છીએ. આપણી જાતને વાસ્તે, આપણા ઘરને વાસ્તે, આપણાં છૈયાંછોકરાંને વાસ્તે, આપણી સ્ત્રીઓના પતિવ્રતપણાના રક્ષણને અર્થે, આપણા અનાદિ ધર્મના બચાવને સારુ, આપણને જે જગતમાં વહાલામાં વહાલું છે તેને વાસ્તે યુદ્ધ કરીએ છીએ. એ વાત લડતી વખતે સઘળા મનમાં રાખજો. મરવું તો એક

વાર છે જ, માટે રણસંગ્રામમાં શા માટે મોતથી બીવું? હું આકાશ તરફ જોઉં છું ત્યારે અપ્સરાઓ શૂરા રજપૂતોને વરવાને ફૂલની વરમાળા હાથમાં લઈ તૈયાર થયેલી મારી નજરે પડે છે. ખોપરીઓનો હાર કરવાને શિવજી પોતે પધારેલા છે; તથા તેના અગણિત ગણો, ભૂત, પિશાચ વગેરે મોટી ઉજાણી કરવાને આવેલા છે. જોગણીઓ લોહી પીવાને ઊભી રહેલી છે. દેવતાઓ લડાઈનું પરિણામ જોવાને તત્પર થઈ રહેલા છે. એ સઘળાઓની સમક્ષ આપણે લડીએ છીએ, તેઓની આંખ આપણી ઉપર છે; માટે રે શૂરા રજપૂતો! તમારા ક્ષત્રિય નામનું આજ સાર્થક કરો. કોઈ વખત કૂતરાએ વાઘને હરાવ્યો હશે, પણ તે તો ચમત્કાર જાણવો, એવું કાંઈ હંમેશાં બનતું નથી, માટે ધૈર્ય ધરીને આજ એ ચંડાળ શત્રુઓના કાપી કકડે કકડા કરો; અને તેમ કરી આખા ભારતખંડમાંથી એ તુરકડાઓનો ભય મટાડો.''

રાજાનું આવું ભાષણ સાંભળી સઘળા સિપાઈઓને આવેશ આવ્યો અને તેના જવાબમાં એક મોટો પોકાર કરી તેઓએ આખી રણભૂમિ ગજાવી મૂકી. તે સાંભળી સઘળા તુર્ક સિપાઈઓ થરથર ધ્રૂજવા લાગ્યા. આ વખતે તેઓને હિંમત આપવાને અલફખાં આગળ આવ્યો ને બોલ્યો : ''પાકદીનના સિપાઈઓ! તમે સઘળા પોતાનાં ઘર તથા કુટુંબીઓ મૂકીને દૂર દેશ આવ્યા છો, તેમ કરવાની મુખ્ય મતલબ બે છે. પહેલી અને સઘળાથી અગત્યની તો એ કે કાફર લોકને ખરા દીનમાં લાવવા, તેઓનાં દહેરાં તોડી પાડી ત્યાં મસ્જિદો બાંધવી, તેઓની મૂર્તિઓ ભાંગી નાખવી, અને ''લાઇલાહા ઇલ્‌ઉલ્લાદ્ મહમ્મદુર રસૂલ અલ્લાહ''નો કલામ સઘળે પથરાવવો. બીજી મતલબ આપણું રાજ્ય વધારવું, આપણી કીર્તિ ફેલાવવી, આપણા પાદશાહની આબરૂ વધારવી, તથા આપણી દોલતમાં વધારો કરવો. એ બે મતલબ પાર ન પડે, જો અલ્લાતાલાના હુકમથી આપણી હાર થાય, તો નાસવાની કાંઈ જગા નથી એમ તમારે નક્કી જાણવું. આ ઠેકાણે જીતવું કે મરવું. નાસવાનો કાંઈ લાગ નથી; અને નાસવું શા સારુ? શું આપણા સિપાઈઓએ કોઈ ઠેકાણે હાર ખાધેલી છે? શું કાફરોને આપણે હજારો લડાઈઓમાં હરાવ્યા નથી? ત્યારે આ વખત શા સારુ બીવું? શું કૂતરાના ભસવાથી વાઘ ડરે છે? કદી નહીં. માટે રે બહાદુર સિપાઈઓ, આ મુડદાં જેવા લોકો તમારી સામા મરવા આવ્યા છે તેઓને ભાતનાં છાલાંની પેઠે ઉડાવી દો, અને તેઓનો દેશ સર કરી તેઓની અગણિત દોલત તમારે વાસ્તે લઈ લો. જોજો સિપાઈઓ! ઉપરથી અલ્લાતાલા તથા હઝરત પેગંબર સાહેબ તમારી લડાઈ જુએ છે. સઘળા ફિરસ્તાઓ આપણને મદદ કરવાને આવ્યા છે. માટે તેઓને એબ લાગે એવું કામ આજ કરશો તો ક્યામતને દહાડે તમારા હાલ ઘણા જ બૂરા થશે.''

મુસલમાન સિપાઈઓનો ધર્મ સંબંધી જુસ્સો બહાર નીકળ્યો તેથી તેઓ ''અલ્લાહો અકબર'' એવી મોટી ભયંકર ચીસ પાડી ઊઠયા. તે વખતે કરણ રાજા મોટા આવેશથી બહાર મેદાનમાં આવ્યો, ને અલફખાં તરફ મોં ફેરવી બોલ્યો : ''જ્યારે હાથી હાથી લડી મરે છે ત્યારે નાનાં-નાનાં ઝાડોનો વગર કારણે ક્ષય થાય છે. તમારા પાદશાહને ગુજરાત લેવું છે અને મારે તે રાખવું છે. પરિણામ જે નીપજશે તેમાં બિચારા સિપાઈઓને કાંઈ લાભ થવાનો નથી. ત્યારે તેઓ શા સારુ માર્યા જાય? માટે તમારામાંથી કોઈની માએ શેર સૂંઠ ખાધી હોય તે મેદાન પડો. હું ને તે બે એકલા યુદ્ધ કરીશું. જો હું જીતું તો તમારે દેશ છોડી ચાલ્યા જવું, અને હું મરું, તો મારું લશ્કર પણ તે જ પ્રમાણે કરશે, અને ત્યારથી આખું ગુજરાત તમારું જાણવું.'' મુસલમાન લશ્કરમાંથી કોઈએ જવાબ દીધો નહીં, તેથી રજપૂત સિપાઈઓએ હર્ષની બૂમ પાડી, તે સાંભળી અલફખાં બોલ્યો : ''જેવી એ કાફર પોતાની જિંદગીની કિંમત હલકી ગણે છે તેવી આપણે ગણતા નથી. આપણને આ જ હાથથી મોટાં કામો કરવાને ખુદાએ મોકલેલા છે. તે કામ પાર પાડ્યા વિના આપણે આપણી જિંદગી વગર જરૂરે ફેંકી દેવી જોઈતી નથી. વળી રાજા મૂઆ પછી તેનું લશ્કર લડશે નહીં એવો કોનો ભરોસો? માટે ધારા પ્રમાણે લડવું જોઈએ. પછી

જે થાય તે ખરું.'' એટલું કહી સામા લશ્કરને તેની જગાએથી ખસેડવાને તેણે તેના માણસોને હુકમ આપ્યો.

''અલ્લાહો અકબર''ની ચીસ પાડી મુસલમાન સિપાઈઓ આગળ ધસ્યા, અને રજપૂતોને તેઓની જગાએથી હડસેલવાને ઘણા પ્રયત્ન કર્યા, તેઓ પહાડની પેઠે જડ થઈ ઊભા રહ્યા. લડાઈ ઘણી ભારે ચાલી. ચોમાસામાં પવનના જોરથી વાદળાં સામસામાં અથડાય છે તેમ તે બંને લશ્કરો અથડાયાં. તલવારોના ખડખડાટથી કાન બહેર મારી ગયા; તેઓના વીજળીના જેવા ચળકાટથી આંખ ઝંખવાઈ ગઈ; તીર તો આકાશમાં એટલાં ઊડી રહ્યાં હતાં કે તેમાંથી કોઈ પક્ષીથી પણ જવાતું નહીં, અને વરસાદની પેઠે તેઓ નીચે પડતાં હતાં. જમીન ઉપર લોહીની રેલ ચાલી; યોદ્ધાઓની ચીસથી ત્યાં કાંઈ પણ શબ્દ સાંભળ્યામાં આવતો ન હતો. એ બધા ગડબડાટની સાથે ઘાયલ સિપાઈઓ ધૂળમાં રગદોળાતા હતા, તથા તેઓને તેમના ઘાથી દરદ થતું તે સઘળાના કષ્ટથી તેઓ બૂમાબૂમ પાડી રહ્યા હતા; બંને તરફના માણસો સેંકડો મૂઆ, પણ રજૂપત સિપાઈઓએ પોતાના ધારા પ્રમાણે તથા પોતાના ધર્મ પ્રમાણે પીઠ ફેરવી નહીં. કરણમાં જાણે ભૂત ભરાયું હોય તેમ જણાતું હતું. તેની આંખ ખૂનથી ભરેલી લાલચોળ થઈ ગઈ હતી. તે પોતાની તેજસ્વી તલવાર વડે ચોતરફ ફરી વળ્યો, અને જે તેના સપાટામાં આવ્યું તેના બે કકડા કર્યા વિના રહ્યો નહીં. એક વાર તેનો હાથી મરી ગયો, ત્યારે તે ઘોડા ઉપર સવાર થઈને લડ્યો. તે ઘોડો પણ કતલ થઈ ગયો ત્યારે તે પાયદળ સિપાઈઓમાં સામેલ થયો, અને પોતાના શરીરની કાંઈ ફિકર રાખ્યા વિના એક સાધારણ સિપાઈની પેઠે લડ્યો. જ્યારે રાજાના ઉપર ઘણાં તીર પડવા લાગ્યાં, જ્યારે તે એક-બે ઠેકાણે ઘાયલ થયો જ્યારે કેટલાકે તેને ઓળખીને જાણ્યું કે તે જો વધારે વાર સુધી આ ઠેકાણે રહીને યુદ્ધ કરશે તો બેશક માર્યો જશે, ત્યારે તેને સમજાવીને તેને એક ઘોડો આપ્યો, અને સવારોની હારમાં મોકલી દીધો. રાજાની આવી બહાદુરીથી તેના સામંતો પણ તેવી જ હિંમતથી લડ્યા, અને સાધારણ સિપાઈઓ પણ મરણિયાની પેઠે મોતનો ડર જરા પણ ન રાખતાં પોતાનાં શસ્ત્ર નિર્દયપણે વાપરવા લાગ્યા. મુસલમાન લશ્કરમાં માણસો થાક્યાં; તેઓમાંનાં ઘણાંએ ધૂળ ચાટી; ઘણાં જખમી થયાં; પણ રજપૂતો ઉપર કાંઈ અસર થઈ નહીં, તેથી તેઓ હઠીને પાછા પોતાને ઠેકાણે ગયા. થોડી વાર સુધી થાક ખાઈ પાછો તેઓએ ધસારો કર્યો, પણ રજપૂત સિપાઈઓ તેઓની ભેટ લેવાને તૈયાર થઈ રહ્યા હતા, અને સૈરંધ્રી જાણીને કૈચોકિચક ભીમની સોડમાં ભરાયો હતો તેમ મુસલમાન લોકોને પણ જોઈએ તેવું જ સામા પક્ષથી આદરમાન મળ્યું. પાછું યુદ્ધ પહેલાં પ્રમાણે જ જોરથી ચાલ્યું, પણ કાંઈ થાક લાગ્યો નહીં. સૂર્યદેવતા આ કાપાકાપીથી કંટાળી જઈને તથા પોતાના ભક્તોનું દુઃખ જોઈ કષ્ટ પામીને પશ્ચિમ દિશા તરફથી લાલચોળ મોં કરી ચાલ્યા ગયા; પૃથ્વી ઉપર અંધકાર પથરાવા લાગ્યો; પક્ષીઓ પોતપોતાના માળામાં જવા લાગ્યાં; તારાઓએ એક પછી એક પોતાનું મોં બતાવ્યું; કમળનાં ફૂલો બંધ થઈ ગયાં, અને જે મુસાફરો ગામમાં તે વખતે આવ્યા તેઓએ ત્યાં જ રાતનો વાસો કર્યો, લડનારાઓથી એકબીજાનું મોં જોઈ શકાતું ન હતું; એટલામાં ચંદ્રમાનો પ્રકાશ થયો. અજવાળું તો થોડું પરમેશ્વરની તરફથી આવ્યું, પણ લડવાનું સામર્થ્ય શત્રુઓમાં હમણાં રહ્યું ન હતું તેથી તેઓ પાછા પોતપોતાને ઠામે ગયા, અને રાતે લડાઈ બંધ રાખવાને તથા સવારે ઝળઝળું થતાં પાછો તેનો આરંભ કરવાને અલફખાંએ કરણ રાજાને કહેણ મોકલ્યું. રજપૂતો પણ ઘણા થાકી ગયેલા હતા, તેઓને થોડાક આરામની ઘણી જરૂર હતી તેથી એ પ્રમાણે તેઓએ કરવાનું કબૂલ કર્યું.

રાત ચાંદરણી હતી; રૂપાનાં પતરાં જેવું ચાંદરણું ખીલી રહ્યું હતું. પણ તે વેળા જમીન ઉપર કેવો ભયંકર દેખાવ જોવામાં આવતો હતો! એક મોટા મેદાન ઉપર હજારો માણસનાં વિકરાળ

મોંવાળાં મૂએલાં પડેલાં હતાં, અને તે ઉપર જ્યારે ચાંદરણું પડતું, અને તેઓનાં મોં ઉપર મૃત્યુથી ઉત્પન્ન થતા ફિક્કા રંગની સાથે અજવાળાનો રંગ મળતો, ત્યારે તેઓ ખરેખરાં ભયાનક દીસતાં હતાં. ઘાયલ લોકો ચીસાચીસ પાડતા, તેઓને પોતપોતાનાં માણસો લઈ ગયાં, અને તે ઠેકાણે જે ઓસડવેસડ થઈ શકે તે લગાડવામાં આવ્યું. લોહીની તો નીક ચાલી રહેલી હતી. અને તેનો લાલ રંગ બદલાઈને કાળો થઈ ગયો હતો. ગીધ, સમડી, કાગડા વગેરેને સારુ જે મિજબાની પાથરેલી હતી તેનો ઉપભોગ કરવાને તેઓ તે વખતે ત્યાં ન હતાં, પણ વનવાગળાં ઊંચાં ઊડ્યાં કરતાં, ઘુવડો પાસેનાં ઝાડ ઉપરથી અપશકુનવાળો તથા ભયાનક શબ્દ કાઢ્યાં કરતાં, અને શિયાળવાં મુડદાની ગંધથી ત્યાં આવીને મૂએલાં માણસોના આરામનો ભંગ કરતાં હતાં. સઘળું ચૂપાચૂપ હતું, અને લશ્કરમાંથી કાંઈ પણ મોટો અવાજ આવતો ન હતો. એટલાં બધાં માણસો એકએકનો પ્રાણ લેવાને એકઠાં થયાં હતાં, તેઓ આ રાતના દેખાવથી બીને, મોત તેઓની પાસે થઈને ફર્યા કરતું તેઓથી ડરીને, તથા આવી શાંત રાતની વખતે અવાજ કરવાથી રાત્રીના દેવોને ઉપદ્રવ થાય તે ન કરવાને સઘળાં મૂગાં રહેલાં હતાં. માત્ર કંસારી બોલ્યા કરતી તથા શિયાળવાંને ઉજાણીનું પર્વ હાથ લાગ્યું તેથી તેઓએ બૂમાબૂમ પાડી મૂકી હતી. મુસલમાન લોકોએ પોણી રાત નમાઝ પઢવામાં કાઢી. રજપૂત લશ્કરમાં તે વખતે મહાભારત વંચાતું હતું, અને કુરુક્ષેત્રની લડાઈમાં જે-જે શૂરાતનનાં કામો કરવામાં આવ્યાં હતાં તેમાં વિશેષે કરીને ભીમનાં પરાક્રમોની વાત વંચાવાથી સઘળા શૂરા રજપૂતોનું લોહી ઊકળી આવ્યું હતું. તે સિવાય ભાટ લોકોએ આગલા ક્ષત્રિય રાજાઓની લડાઈનાં કવિત કહી સંભળાવી સઘળાઓમાં શૂર ઉત્પન્ન કર્યું હતું. હવે એક પહોર રાત બાકી રહી. ચંદ્રમા અસ્ત થયો, અને અંધારાનું પ્રાબલ્ય થઈ રહ્યું. મુસલમાન લોકોનાં વચન ઉપર ભરોસો રાખી રજપૂત લોકોએ હજી લડવાની તૈયારી કરી ન હતી. જેવા તેઓ લડાઈના કામમાં પ્રમાણિક તથા વચન પાળનારા હતા તેવા તેઓના શત્રુ હશે એવો વિશ્વાસ રાખ્યાથી તેઓ છેતરાયા. મ્લેચ્છ તુરકડા મતલબ ઉપર માત્ર નજર રાખતા, તે મતલબ હાંસલ કરવાને ગમે તેવા ઉપાય કરવા પડે તે વિશે તેઓને જરા પણ ફિકર ન હતી. જ્યારે રજપૂત સિપાઈઓ ઉપર વર્ણવેલા કામમાં પડેલા હતા તે વખતે ખબર આપ્યા સિવાય મુકરર કરેલા વખતની પહેલાં મુસલમાન સિપાઈઓ તેઓના ઉપર તૂટી પડ્યા. રજપૂતો લડવાને બિલકુલ તૈયાર ન હતા તેથી તેઓમાં ભંગાણ પડ્યું; લશ્કરમાં તૂટ પડી; સઘળે ઠેકાણે ગરબડાટ થઈ રહ્યો; અને અંધારામાં મિત્ર કે શત્રુ કોઈ ઓળખાય નહીં. “અલ્લાહો અકબર” એ બૂમ સંભળાય ત્યારે રજૂપત સિપાઈઓ કપાઈ જતા એમ જણાતું. એવી “અલ્લાહો અકબર”ની બૂમ ઘણી વાર સંભળાતી હતી. કરણ રાજાએ પોતાના લશ્કરને ગોઠવવાની ઘણી મહેનત કરી, પણ વ્યર્થ ગઈ. કાપણી કરનારા ખેડૂતો દાતરડાંથી જેમ અનાજ કાપે તેમ રજપૂતો તે રાતે કપાઈ ગયા. રાજાનો ઘોડો વળી મરી ગયો એટલે રાજાએ ઊભા રહી લડવા માંડ્યું; પણ હવે જય મળે એવી આશા ન હતી. એક તલવારના ઘાથી તેનાં પાંસળાં કપાયાં, અને લોહી વહેવાથી અશક્ત થઈને તે ભોંય ઉપર પડ્યો. એ અવસ્થામાં તે કપાઈ મરણ પામત, પણ દૈવયોગે તે વખતે ઝાંખું-ઝાંખું અજવાળું પડ્યું, અને તેનું મોં શૂરા હરપાળે તુરત ઓળખ્યું. રાજા જીવતો રહેશે તો ગયેલું રાજ્ય કોઈ દહાડો પણ પાછું હાથ લાગશે, એવા વિચારથી તેણે બેશુદ્ધ રાજાને ઊંચકી લીધો, અને એક ઝડપદાર સાંઢણી ઉપર બેસી ચાલતો થયો. સવાર પડી એટલે રજપૂત સિપાઈની ખરેખરી અવસ્થા જણાઈ. રાતે અંધારામાં કેટલાક સિપાઈઓ નાસી ગયા હતા. ઘણા તો માર્યા ગયા હતા; અને બાકી રહ્યા તેઓ જીવની આશા છોડી ભારે જોસથી લડતા હતા. લડાઈના આરંભની વખતે કરણે પાસેના ગામમાં થોડાક સામંતો તથા કેટલુંક લશ્કર રાખી મૂક્યું હતું, અને આખરની વખતે તેઓ ઘણા કામ લાગશે એવી તેણે આશા રાખી હતી; પણ જ્યારે

તેઓએ જાણ્યું કે કરણ રાજા દેખાતો નથી, એટલે તે બેશક માર્યો ગયો હશે, લશ્કર સઘળું કપાઈ ગયું, અને જીતવાની હવે કાંઈ આશા નથી, ત્યારે તેઓએ વિચાર કર્યો કે હવે લડવા જવું એ તો પતંગની પેઠે દીવામાં ઝંપલાવવા બરોબર છે, માટે ખરેખર મરવા જવામાં શો ફાયદો? જે જીવે છે તેને આ આશા છે; જે જીવે છે તે ફરીથી લડી શકે છે, અને જે જીવે છે તે કોઈ વખત પણ પોતાનું ધારેલું કામ સિદ્ધ કરી શકે છે; માટે નકામું શા માટે મરવું? કોઈ પણ અનુકૂળ પ્રસંગ આગળ આવશે તે વખતે જય મેળવીશું, અને ત્યાં સુધી એ તુરકડાઓને જરા પણ ચેન વળવા દઈશું નહીં, તેઓને રાતદહાડો ઉપદ્રવ કર્યા કરીશું; માટે ગુજરાતની હદ બહાર જતાં રહેવું એમાં જ ડહાપણ છે; એમ કહી તેઓ ઘોડા ઉપર સવાર થયા, અને કમનસીબ તથા રંડાયેલા અણહિલપુર પાટણ ઉપર નજર કરી ઘણા જ જોશથી રડ્યા. તેઓ બોલ્યા : "રે ગુર્જરદેશ! રે અમારી જન્મભૂમિ! તારા ઉપર કેવી મોટી આફત આવી પડી છે! તારા છોકરાઓને પારકા લોકોએ મારી નાખ્યા; તારા ભરથારનો પણ એ જ દુષ્ટ લોકોએ પ્રાણ લીધો, અરે અમારી મા! તેં અમને ઉછેરીને મોટા કર્યા; તેં અમને શૂરાતન આપ્યું; અને જ્યારે તારા ઉછેરીને મોટા થયેલા છોકરાઓ કપાઈ ગયા, તારો લાડ લડાવનાર ધણી મરણ પામ્યો, અને તને દુષ્ટ રંડાપો આવ્યો, ત્યારે તું શા માટે પોકેપોક મૂકીને રડતી નથી? તારું હૈયું શું વજ્ર સરખું થઈ ગયું છે? તને શું રડવું આવતું નથી? શું તારી મરજી પુનર્લગ્ન કરવાની છે? શું આ દુષ્ટ મ્લેચ્છ તુરકડાઓનો પાદશાહ જેના હુકમથી તારું નસંતાન ગયું, તથા તને વિધવાવસ્થા પ્રાપ્ત થઈ, તે ખૂની ગોઝારા પાદશાહને તું વરવાનો મનસૂબો કરે છે? રે દુષ્ટ! રે ચંડાળ! તું અમારી મા નથી. અમે કોઈ દહાડો પણ સાવકા બાપના હાથ નીચે રહેવાના નથી; અને તને એક ઘડી પણ વિરામ થવા દેવાના નથી; તારા નવા ધણીને જરા પણ શાતા વળવા દઈશું નહીં. તું શા માટે બોલતી નથી? જો અમારા કહેવા પ્રમાણે તારો વિચાર નહીં હોય તો તેઓ સઘળાને ગળી શા માટે જતી નથી? હાય હાય રે હિંદુ ધર્મ! અને હાય હાય રે હિંદુ રાજ! તમારા બંનેનો આજે અંત આવ્યો. દેવો સઘળા ઊંઘી ગયા. તેઓથી પોતાનું રક્ષણ થતું નથી તો આપણું શું કરવાના છે? પણ વનરાજ, મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, સઘળા ક્યાં ગયા? તેઓ પોતાનાં છોકરાંની વહારે કેમ ધાતા નથી? પણ સઘળાઓએ મળીને સંપ કર્યો છે. સઘળાઓએ આ ગુજરાતનું રાજ્ય પારકે હાથ જવા દીધું છે. ઈશ્વરની એમ જ મરજી હશે, તેમાં આપણું શું ચાલવાનું છે? આપણાથી તો એટલું જ થઈ શકે કે દેશ મેલીને જતાં રહેવું. માટે ચાલો, ગુજરાતને છેલ્લા રામરામ." એમ કહી તેઓએ પોતાના ઘોડા દોડાવી મૂક્યા, અને પાયદળ સિપાઈઓ ઝડપથી કૂચ કરી ચાલ્યા, અને જ્યાં સુધી તેઓએ ગુજરાતના રાજ્યની સરહદ વટાવી ત્યાં સુધી તેઓ અટક્યા નહીં, તેમ રસ્તામાં અન્નજળ પણ ચાખ્યું નહીં.

પ્રકરણ ૧૦મું

કરણ રાજા પડ્યો, તેનું લશ્કર સઘળું કપાઈ ગયું, તથા તુરકડાઓનું સૈન્ય પાટણ ઉપર આવે છે એ દુઃખદાયક સમાચાર સાંભળીને શહેરમાં હાહાકાર થઈ ગયો. દ્રવ્યવાન લોકો પોતાની દોલતની ફિકર કરવા લાગ્યા, તથા અધિકારી વર્ગ પોતાના અધિકારની ચિંતામાં પડ્યો. જેઓનાં સગાંવહાલાં તથા મિત્રો રણસંગ્રામમાં માર્યાં ગયાં તેઓના દુઃખની તો કાંઈ સીમા ન હતી. કેટલીક ઘરડી ડોશીઓ તથા ડોસાઓ પુત્રરહિત તથા નિરાધાર થઈ બેઠાં; કેટલાંક નાનાં છોકરાં બાપ વિનાનાં થયાથી નિરાશ્રિત થઈ ગયાં; કેટલીક જુવાન સ્ત્રીઓને વિધવાવસ્થા પ્રાપ્ત થઈ; કેટલીક તરુણીઓના ધારેલા ભરથાર દેવલોકમાં અપ્સરાઓને વર્યા; અને કેટલાંક સ્ત્રીપુરુષના ભાઈ તથા મિત્રોએ આ જગતનો અનિત્ય સંબંધ તોડી નાખ્યો. શહેરમાં સઘળે રડારડ થઈ રહી; મોટા-મોટા મહેલ કે નીચાં નીચાં ઝૂપડાં સઘળામાં દુઃખ તથા શોકના શબ્દ સંભળાવા લાગ્યા. રાજાના મહેલમાં એક-અંદરના ઓરડામાં કરણની સઘળી રાણીઓ એકઠી થઈ. તેઓમાં આકાશમાં જેમ ચંદ્ર-સૂરજ પ્રકાશે છે, તેમ રૂપસુંદરી તથા કૌળારાણી પ્રકાશતી હતી. રૂપસુંદરીનું વર્ણન આપણે કરેલું છે. તે આ વખતે પહેલાંના જેવી જ રૂપાળી હતી, પણ તેને આટલા દહાડા સુધી મહેલના ખૂણામાં રાખી મૂકી, તથા તેટલી મુદત સુધી તેને શરીરનું તથા મનનું કાંઈ સુખ મળ્યું નહીં, તેમજ તેના વર તથા કુટુંબ તરફનું જે દુઃખ પડ્યું હતું તે વિસારવાને રાજાની તરફથી કાંઈ કરવામાં આવ્યું ન હતું, એ સઘળાં કારણોથી તેના મોં ઉપર ફિક્કાશ આવેલી હતી, તથા તેનો ચહેરો જરા ઝરડાઈ ગયેલો દેખાતો હતો. પણ કૌળારાણી જે રાજાની પટરાણી હતી તેના રૂપનું તો વર્ણન થઈ શકે એવું ન હતું. જે-જે ખૂબસૂરત સ્ત્રીઓ ચિત્રકારોએ તથા પ્રતિમાકારોએ કલ્પેલી છે, ઈટાલી દેશના નામાંકિત ચિતારાઓએ તથા મૂર્તિકારકોએ ઈસા પેગંબરની પવિત્ર માતા મરિયમની તસવીર તથા મૂર્તિઓ બનાવેલી છે, જે-જે અતિરૂપવંતી સ્ત્રીઓને કવિરાજો પોતાના મનમાંથી ઉત્પન્ન કરીને જગતને દેખાડેલી છે, તે-તે જાતનું સૌંદર્ય કૌળારાણીમાં હતું. તફાવત માત્ર એટલો જ કે તેનું રૂપ ક્ષત્રિયની સ્ત્રીને, એટલે રજપૂતાણીને યોગ્ય હતું. આખા ભરતખંડમાં તેના રૂપનો જોટો ન હતો. તેમાં આ વખતે મહાશોકમાં બેઠી હતી તેથી તેની ખૂબસૂરતીમાં ઘટાડો થવાને બદલે તેનું તેજ વધારે પ્રકાશતું હતું. ઈશ્વરની કારીગરી કેવી ચમત્કારિક છે! તેના શરીરનો ઘાટ એવો સંપૂર્ણ હતો કે કોઈ પણ માણસ, પછી તે જુવાન કે વૃદ્ધ ગમે તે હોય, તોપણ તેને આખા દહાડા સુધી નીરખ્યા જ કરે તોપણ તે ધરાય નહીં, અને તેને ભૂખ કે તરસ કે કાંઈ લાગે નહીં. એવી કૌળારાણી પાસે બે છોકરીઓ ઊભી હતી, અને મરઘીનાં બચ્ચાંને મારવા બાજ ઊંચે ઊડતાં ઊડતાં તલપ મારે છે તે વખતે બચ્ચાં જેમ તેની માની પાંખ નીચે ભરાઈ જાય છે, તથા તેના શરીરને દબાઈને ઊભાં રહે છે, તેમ આ પ્રસંગે તે છોકરીઓ તેની માની સોડમાં દબાઈને ભયભીત થયેલી ઊભી રહેલી હતી. તેઓમાંથી મોટી કનકદેવીની ઉંમર આઠ તથા નાની દેવળદેવીની ઉંમર ચાર વર્ષની હતી; પણ તેઓના શરીરનો ઘાટ તેઓનાં વર્ષ પ્રમાણે જેટલો હોવો જોઈએ તે કરતાં કાંઈક વધારે ખીલેલો હતો. તેઓનું રૂપ તેઓની માના જેવું જ હતું; માત્ર તેઓના મોં ઉપર બાલ્યાવસ્થાનું નિર્દોષપણું પ્રત્યક્ષ જણાઈ આવતું હતું, તથા તેઓના નિમાળા હજી સોનેરી હતા તથા તે ઉપર કાળાશ હજી ઘણી આવી ન હતી. એટલો જ તફાવત તેઓ તથા તેઓની માના વચ્ચે હતો.

સઘળી રાણીઓ શોકાતુર થઈ બેઠેલી હતી. તથા હવે શું કરવું તે કૌળારાણીને મોંએથી સાંભળવાને રાહ જોતી હતી. રૂપસુંદરીના વિચાર તે વખતે જુદા જ હતા. તેને કરણ રાજા સાથે કાંઈ પ્રીત થયેલી ન હતી, તેથી તેના મોતથી તે બીજી રાણીઓ પેઠે દિલગીર જણાતી ન હતી. ઊલટી તેના વર માધવને પાછો આવેલો સાંભળીને, તથા આ જય મળ્યાથી તે પાટણમાં

જલદીથી આવશે, અને તેને મુખ્ય કારભાર પાછો મળશે, પછી તે પાછી જશે, અને કેટલુંક પ્રાયશ્ચિત્ત કરાવી તે તેને રાખશે, એવી આશાથી તે તેના મનમાં ખુશી થઈ હતી. પણ બીજી રાણીઓની અવસ્થા જુદી જ હતી. તેઓએ કરણ રાજાની પ્રીતિ ચાખી હતી. સ્ત્રીજાતિની આબરૂ વિશે તેઓના વિચારો ઘણા ઊંચા પ્રકારના હતા, તથા રજપૂતાણીઓએ પોતાના ભરથાર મરી ગયા પછી શું કરવું તે વિશેના તેઓના અભિપ્રાય જુદા જ હતા. કૌળારાણી થોડી વાર વિચાર કરી બોલી : "અરે મારી બહેનો! આજ આપણા સુખનો સૂર્ય અસ્ત પામ્યો; આજ આપણો ભરથાર, આપણું શિરછત્ર, આપણું પ્રતિપાલન કરનાર, તથા આપણા માથાનો મુગટ રણક્ષેત્રમાં પડ્યો, તથા તેને જીતનાર તુરકડા મ્લેચ્છ લોકો થોડી વારમાં પાટણ શહેરમાં આવી પહોંચશે. આજ આખું ગુજરાત તથા આપણે સઘળાં રંડાયાં. રંડાયાં! એ શબ્દ સાંભળતાં સૂર્ય દેવતા, તું તારું મોં શા માટે સંતાડતો નથી? અને કરણ રાજા પડ્યો એ વાત પ્રસિદ્ધ કરવાને જગતમાં અંધકાર શા માટે વર્તાવતો નથી? એ શબ્દ સાંભળતાં, અરે ઇંદ્રરાજા! તું લોહીનો વરસાદ શા માટે વરસાવતો નથી? અને રૂપ તથા શક્તિમાં તારો બરોબરિયો આજે મૂઓ તેનો શોક શા માટે બતાવતો નથી? એ શબ્દ સાંભળીને રે શેષનાગ! તું ધ્રૂજીને ધરતીકંપ શા માટે કરતો નથી? તથા તારા ઉપર આવા શૂરા રજપૂતોનાં મડદાંઓનો આવો મોટો ભાર પડ્યો છે તે તને અસહ્ય લાગે છે, એમ શા માટે જણાવતો નથી? એ શબ્દ સાંભળીને ગુજરાતના પર્વતો! તથા સઘળી નિર્જીવ વસ્તુઓ! તમે શા માટે રડતાં નથી? તથા અમારા દુઃખમાં શા માટે ભાગિયાં થતાં નથી? અરે! એ શબ્દ સાંભળીને પશુપક્ષીઓ, જીવજંતુઓ, અને સઘળાં પ્રાણીઓ! તમે આનંદમાં ફરતાં કેમ દેખાઓ છો? તમારો સ્વામી રાજા કરણ માર્યો ગયો તે ખબર તમે સાંભળી નથી? અથવા સાંભળી હોય તો તમારાં અંતઃકરણ એટલાં બધાં વજ્ર જેવાં છે? અરે પથ્થરોએ પણ આંસુ ઢાળવાં જોઈએ : પણ હું ભૂલું છું. આપણે હવે મિથ્યા શોક શા માટે કરવો જોઈએ? આપણે રજપૂતાણીઓ છીએ. આપણી નસોમાં ક્ષત્રિયનું લોહી જુસ્સાથી વહે છે, આપણી જાતે શૂરા રજપૂતોને ઉદરમાં રાખ્યા છે, તથા આપણે હિંમતથી ભરપૂર દૂધે બહાદુર લોકોને ધવડાવ્યા છે, તે શું આપણે બેઠાં-બેઠાં અહીં રડ્યાં કરીશું? શું આપણને આપણી પ્રતિષ્ઠા વહાલી નથી? શું આપણે આપણા પતિવ્રતપણાનું રક્ષણ કરવું નથી? શું આપણે અહીં બેસી રહી રજપૂતાણીના નામ ઉપર કલંક લગાડવું છે? શું આપણી અવસ્થામાં આવી પડેલી જે રાણીઓ પૂર્વે થઈ ગયેલી છે તેઓનાં કૃત્યો આપણને માલૂમ નથી? માટે હવે આંસુ લૂછી નાખો; હવે હૈયાં કઠણ કરો; આપણા ઉપર આવી પડેલાં દુઃખ વીસરી જાઓ; અને હવે પછી શું કરવું તે ઉપર વિચાર કરો. મુસલમાન લોકો શહેરની લગભગ આવ્યા હશે; તેઓ આપણા પવિત્ર એકાંત ઓરડામાં પ્રવેશ કરશે; તેઓ આપણા ઉપર દુષ્ટ નજર તાકશે; આપણાં અંગ ઉપર જબરદસ્તી કરે એવા દુષ્ટ ચંડાળો તેઓ નહીં હશે, પણ કદાપિ હોય એવો આગળથી વિચાર રાખવો; તેઓના સરદાર આપણું રૂપ જોઈ આપણા પર મોહ પામે; આપણને પરણે; અને આપણા એક ભવમાં બે ભવ થાય; આપણો ધર્મ આપણને ત્યાગ કરવો પડે; તથા એ મ્લેચ્છ લોકોની રીતભાત આપણને પાળવી પડે; એ સઘળું ન થવા દેવાને માટે આપણે શું કરવું જોઈએ તે વિશે સઘળાંઓએ પોતપોતાનો અભિપ્રાય આપવો જોઈએ."

બીજી સઘળી રાણીઓ એક અક્ષર બોલી નહીં, તથા કૌળારાણી જે કરે તે પ્રમાણે કરવાનો તેઓએ પોતાનો ઠરાવ જણાવ્યો; તે ઉપરથી તે પટરાણી મોટા આવેશથી, રજપૂતના શૂરાતનથી, તથા ક્ષત્રિયોનું લોહી મોં ઉપર લાવીને ધીમેથી પણ દૃઢતાથી બોલી : "મરવું, મરવું અને મરવું. એ વિના બીજો કાંઈ ઉપાય નથી. મરવામાં કાંઈ મોટી વાત નથી. એક વાર તો મરવું જ છે, ત્યારે હમણાં મરવામાં શી ચિંતા છે? જ્યારે આપણી આવી દશા થઈ છે, મૃત્યુમાં શો ભય છે? જ્યારે હવે પછી કેવી અવસ્થા આપણી હશે એ વિશે આપણને શંકા ઉત્પન્ન થઈ

છે, અને દુર્દશા આવશે એવો સંભવ લાગે છે, ત્યારે જીવવા કરતાં મરવું હજાર દરજ્જે સારું છે. આ જગતમાં આપણે જન્મીએ છીએ અને મરીએ છીએ. જે ટૂંકી મુદત આપણે આ દુનિયામાં વાસો કરીએ છીએ તેટલી ટૂંકી મુદતમાં આપણે સૌ પોતપોતાનું કામ કરી લઈ આપણો મુકામ ઉઠાવીએ છીએ. અને ગયા પછી શું રહી જાય છે? કરોડો માણસ જગતમાં આવ્યાં અને ગયાં; તેઓની નામનિશાની કાંઈ રહેલી છે? તેઓ પૃથ્વી ઉપર થઈ ગયાં તેનાં ચિહ્નો નજરે પડે છે? સઘળાંનાં નહીં. ઘણાંખરાં તો કાળની મોટી રેલમાં ઘસડાઈ ગયાં, અને તેઓ હતાં જ નહીં એમ લાગે છે; પણ થોડાંક તો દરિયામાંના ખડકની પેઠે મજબૂત ઊભાં છે, અને તેઓ ઉપરથી કાળ રૂપી રેલ જોરથી ચાલી ગઈ તોપણ તેઓના પાયા હજી રહેલા છે; અને અનંત કાળ પર્યંત તેઓ અચળ રહેશે. એ પાયા રહી ગયા તે શું? તેઓનાં નામ; તેઓની આબરૂ. સારું નામ એક અમૂલ્ય વસ્તુ છે; તેની કિમ્મત આખા જગતના સોના, રૂપા, હીરા, મોતી, વગેરે ઝવેરાત કરતાં ઘણી જ વધારે છે. જેની પાસે સારું નામ છે તેના જેટલો શ્રીમંત બીજો કોઈ નથી. બીજી સઘળી દોલત નાશવંત છે, પણ સારું નામ અમર છે. બીજી દોલત તો ખૂટી જાય છે, અને તે દોલત મેળવનારનું નામ એક-બે પેઢી પછી નાશ પામે છે; પણ સારું નામ ધ્રુવના તારાની પેઠે અચળ રહે છે. દુનિયામાં લોકો પોતાના વંશ વડે જ આ લોકમાં અમર રહેવાની આશા રાખે છે, એ પ્રમાણે તો એક અથવા ઘણું તો બે પેઢી સુધી તે ઓળખાય છે, પણ પછી તેનું મીંડું વળ્યું, તે હતો અને નહીં હતો એ સરખું જ થાય છે; પણ સારું નામ એ તો જગતને એક મોટો વારસો આપી જવા જેવું છે. સારા નામવાળાનું સ્મરણ કાયમ રાખવાને વંશની જરૂર નથી; તે તો અંધકારમાં સૂર્યના એક કિરણની પેઠે પ્રકાશ્યા કરશે. સારું નામ અથવા આબરૂ એ એક મોટી વસ્તુ છે. સઘળાને તે પારસમણિ મેળવવાની આતુરતા હોય છે; પણ સઘળાના પ્રયત્ન સફળ થતા નથી. જેઓએ પોતાના અંગની, અથવા નીતિની શક્તિ વડે જગતમાં મોટા તથા અગત્યના ફેરફાર કર્યા છે તેઓનાં નામ અમર રહી ગયાં છે. વળી જેઓએ અસાધારણ કામો કર્યાં છે, એટલે જેઓએ સત્યને વાસ્તે અથવા આબરૂને વાસ્તે પોતાનો દેહ અર્પણ કર્યો છે, તેઓનાં નામ તેઓના દેશના અને વખતે આખી દુનિયાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાયેલાં છે. જગતમાં નામ મેળવવા ખાતર મરવું કોણ કબૂલ નહીં કરે? જે માણસ થોડા દહાડા વધારે દુનિયાની જંજાળ તથા ફિકર ખમવા સારુ પોતાનું સારું નામ જવા દે છે, પોતાની આબરૂ ખોવાનું કબૂલ કરે છે, તે ખરેખરો અધમ જાણવો; તેનાં કોઈ પણ વખાણ કરતું નથી; અને જ્યારે તે મરે છે ત્યારે જેમ વાડીમાંથી નકામા છોડવા નીંદાઈ જાય છે, અને તે છૂંદાઈ જાય છે; જેમ કીડો ભોંય ઉપર ઘસડાતો-ઘસડાતો ચાલતાં પગ તળે કચરાઈ જાય છે, તેને કોઈ ગણતું નથી; જેમ એક પશુ જંગલમાં મરી જઈ સડ્યા કરે છે; તેમ તે હતો જ નહીં એવો થઈ જાય છે; અને દરિયાના કિનારા ઉપરની રેતીમાંનો એક દાણો ઊડી જવાથી કાંઈ ખોટ જણાતી નથી, તેમ જગતમાં માણસની કુલ સંખ્યામાંથી તે ઘટેલો કોઈને લાગતો નથી. તેને કોઈ આબરૂ આપતું નથી; તેને વાસ્તે કોઈ રડતું નથી; અને તેની કીર્તિ વધારવાને કવિ તેની કવિતા બનાવતા નથી. સઘળાં માણસો આ પૃથ્વી ઉપરની ટૂંકી મુસાફરીથી તૃપ્ત થતાં નથી. તેઓને ઘણાં વર્ષ પર્યંત આ દુનિયામાં જીવવાની ઇચ્છા હોય છે, અને જ્યારે તેઓ એટલી મુદત સુધી જગતમાં ટકી શકતાં નથી; ત્યારે થોડાં વર્ષ પૃથ્વી ઉપર ને બાકી રહેલાં વર્ષો માણસોના સ્મરણસ્થાનમાં જીવવાનો પ્રયત્ન કરે છે. માણસની નજર હંમેશાં ભવિષ્ય ઉપર દોડે છે, અને ગમે તેવો હલકો માણસ હોય તોપણ પોતાનું નામ અમર રહે એવી તેનામાં સ્વાભાવિક ઇચ્છા હોય છે. એ સઘળાં કારણોથી આપણે સઘળાંઓએ મરવું જોઈએ, અને તેમ કરવાથી આપણાં નામ શૂરી સ્ત્રીઓ જેઓએ સ્વાત્માર્પણ કરી પોતાની પ્રતિષ્ઠા વધારી છે તેઓની ટીપમાં ઉમેરાશે; માટે આ મહેલમાં આગ લગાડી મૂકવી, અને આપણે સઘળાંઓએ એમાં રહી બળી

મરવું.”

મરવાની ભયંકર રીતથી કોઈ પણ રાણીનું મન ત્રાસ પામેલું દેખાયું નહીં. સઘળાંએ પોતાની તે પ્રમાણે કરવાની ખુશી દેખાડી. તે ઉપરથી સઘળી રાણીઓએ પોતાના દેહ અર્પણ કરવાની તૈયારી કરી. કૌળાદેવીએ પહેલો વિચાર પોતાની કુમળી વયની બે દીકરીઓને વાસ્તે કર્યો. એ બિચારી નાની ઉંમરમાં દુનિયાનું કાંઈ પણ સુખ ભોગવ્યા વિના આવી રીતે મૃત્યુ પામે એ વાત તેમની માની નજરમાં યોગ્ય લાગી નહીં. વળી તેઓના જીવવાથી તેઓની પ્રતિષ્ઠાને કાંઈ હાનિ પહોંચે એમ ન હતું, એ પ્રમાણે વિચાર કરી તેણે પોતાના એક ખાસ ચાકરને બોલાવી તેને તે છોકરીઓ સોંપી અને તેઓને પોતાના બાપ પાસે લઈ જવાને કહ્યું. આટલી વાર સુધી તેનામાં હિમ્મત રહેલી હતી. તેને પોતાના મરવા તરફનું કાંઈ પણ દુઃખ ન હતું; પણ પોતાની પ્રાણ સમાન વહાલી છોકરીઓનો વિયોગ થવાનો સમય આવ્યો, ત્યારે તેનું હૈયું ફાટી જવા જેવું થયું, અને તેની આંખમાંથી આંસુઓની નદી વહેવા લાગી, તેની છાતી ભરાઈ આવી, અને તે કેટલીક વાર સુધી પોકેપોક મૂકીને રડી. આ બહાદુર રજપૂતાણી નાની છોકરીની પેઠે રુદન કરવા લાગી, તથા શોકવૃત્તિને વશ થઈ ગઈ તે ઉપરથી કોઈએ તેની નિંદા કરવી નહીં, અથવા તેની હિંમત વિશે પણ હલકો વિચાર આણવો નહીં. સઘળું જગત પ્રીતિના પાશથી બંધાયેલું છે, તેમાં માની છોકરાં ઉપરની પ્રીતિથી તો આડો આંક છે. ક્ષુદ્ર જીવથી તે શ્રેષ્ઠ માણસ સુધી પ્રાણીમાત્રમાં જગકર્તા ઈશ્વરે માના અંતઃકરણમાં છોકરાં ઉપર ઘણું જ હેત મૂકેલું છે. જે સ્ત્રીઓ ઘણી નિર્દય હોય છે, જેઓનાં મન ઉપર પારકાનું દુઃખ જોવાથી કાંઈ પણ અસર થતી નથી, એવી વજ્રહૈયાની સ્ત્રીઓ પણ પોતાનાં છોકરાં ઉપર ઘણી જ નરમાશ રાખે છે; તેઓનું દુઃખ જોઈ તેઓ ઘણી પીડાય છે, તથા તેઓનું રક્ષણ કરવાને પોતાના પ્રાણને જોખમમાં નાખે છે, તે પ્રમાણે કૌળારાણી જોકે પોતે જાતે મૃત્યુથી જરા પણ ડરતી ન હતી, તોપણ પોતાની નાની છોકરીઓની નિરાશ્રિત અવસ્થા, તેઓથી જુદાં પડવાનું કષ્ટ, તથા તેઓની નિર્ભયતાને વાસ્તે દહેશત, એ સઘળી હકીકત ઉપરથી તેની આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી, એમાં શું આશ્ચર્ય? એ આંસુથી સિદ્ધ થયું કે તેનું અંતઃકરણ ઘણું કોમળ હતું, તથા તે આંસુઓથી તેના સ્ત્રીજાતીય સ્વભાવને શોભા તથા પ્રતિષ્ઠા મળી. છોકરીઓને વિદાય કરતી વખતે તે બોલી : “અરે મારી પરમપ્રિય દીકરીઓ! અરે મારી આંખની કીકીઓ, તથા હૈયાના હાર, તમને મેં મારા ઉદરમાં નવ માસ સુધી ઘણી પીડા ભોગવી રાખી, તમને ઘણા દેહકષ્ટની સાથે ઉછેરી. તમને એક ઘડી પણ મારાથી વેગળી કરી નથી. તમારું સુંદર વદન નિહાળતાં મને અતિ આનંદ ઊપજતો. તમારું કાલું-કાલું બોલવું સાંભળીને મારો આત્મા ખુશીથી ભરપૂર થતો. તમારા સુખથી હું સુખી, અને તમારા દુઃખથી હું દુઃખી થતી. મારા વિના તમારી કોણ સંભાળ રાખશે? બીજું કોણ તમને લાડ લડાવશે? બીજું કોણ તમને તમારી માગેલી વસ્તુ તરત પૂરી પાડશે? અને તમે જ્યારે બાલ્યાવસ્થામાંથી નીકળીને યુવાવસ્થામાં આવશો ત્યારે તમારી તપાસ કોણ રાખશે? તમને સીધો રસ્તો કોણ બતાવશે? તથા જુવાનીની અગણિત લાલચોમાં પડતાં અટકાવવાને તમને સારી સલાહ કોણ આપશે? પણ હવે બસ થયું. છોકરીઓની તરફથી ઘણી ફિકર કરવામાં મારો આગલો વિચાર અમલમાં આવતાં અટકશે, માટે હવે જાઓ. તેત્રીશ કરોડ દેવતાઓ તમારું રક્ષણ કરો; જગદંબા તથા તેની જોગણીઓ તમારી આસનાવાસના કરો; તથા તમારા ઉપર માના જેટલી પ્રીતિ રાખી તમને સારી પ્રેરણા કરી તમારા કુળની પ્રતિષ્ઠા જાળવો એ મારી પ્રાર્થના છે.” તેનાથી વધારે બોલાયું નહીં. છોકરીઓ તેને ચૂડ ભેરવીને ઊભી રહી, પણ તેઓને જોર કરી તરછોડી નાખી, અને ચાકરને તેઓને જલદીથી લઈ જવાનો હુકમ કરી કૌળારાણી ત્યાંથી આંખ મીંચતી તથા કાન બંધ કરી ચાલી ગઈ. સઘળી રાણીઓએ પોતપોતાના કામકાજનો બંદોબસ્ત કરી લીધો. પછી મહેલના

જે ભાગમાં જલદીથી બળે એવા પદાર્થો હતા ત્યાં એક મોટો કાકડો સળગાવી મૂક્યો. રાજમહેલ સળગવા લાગ્યો; લાકડાં કડકડાટ કરી પડવા લાગ્યાં; બળતાંએ છાપરાના એક ભાગને પકડ્યો; નળિયાં ઉપરથી નીચે પડવા લાગ્યાં; ધુમાડાના ગોટેગોટ ચાલ્યા; અને તાપના ભડકા ઓરડામાં ઉન્મત્તાઈથી રમત રમવા લાગ્યા. બહાર લોકોનું મોટું ટોળું મળ્યું. તેઓ પાણીના ઘડા, કુહાડા તથા આગ હોલવવાનો તથા ઘર તોડી પાડવાનો સામાન લઈને આવ્યા; પણ આગનું જોર વધી ગયું, અને જે મહેલ પાટણ શહેર વસાવતી વખતે વનરાજે બાંધેલો, જે મહેલમાં મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, ભીમદેવ, ઇત્યાદિ રાજાઓ જન્મ્યા, તથા મૂઆ, જે મહેલમાં જયના આનંદકારક શબ્દ ઘણી વાર સંભળાયેલા અને જેમાં પરાજયને લીધે વિલાપ તથા શોક ઘણી વાર થયેલો, જે મહેલે રાજ્યના નાના પ્રકારના ફેરફાર જોયેલા, અને જેણે આશરે સાડી પાંચસો વર્ષ, વાયુ, વૃષ્ટિ તથા કાળચક્રના અનેક સપાટા ખમેલા, તે મહેલ આજે અગ્નિદેવને ભેટ્યો; અને જેમ દેહ રૂપી ઘરનો ધણી બહાર નીકળી ગયા પછી તેને અગ્નિદાહ કરવામાં આવે છે, તેમ તે રાજમહેલનો ધણી રાજા કરણ તેનો ત્યાગ કરી ચાલ્યો ગયો ત્યારે તેણે પણ અગ્નિમાં પ્રવેશ કર્યો. પણ રાણીઓએ સારું નામ પ્રાપ્ત કરવાને તથા આબરૂ મેળવવાને જે પ્રયત્ન કર્યો તે નિષ્ફળ જવાનો હતો; પૃથ્વી ઉપરના તેઓના પ્રવાસની મુદત હજી પૂરી થયેલી ન હતી; તેઓનું કામ હજી બાકી રહેલું હતું; હજી તેઓને સુખદુઃખનો સ્વાદ વધારે ચાખવાનો હતો; તેથી એવું બન્યું કે જે વખતે આગનું જોર ભરપૂર ચાલી રહ્યું હતું, તથા રાણીઓને પોતાની ધારેલી મતલબ જલદીથી પાર પડશે એવી આશા હતી, તે વખતે મુસલમાન લોકોનું લશ્કર શહેરમાં આવી પહોંચ્યું, અને તે સઘળું બળતા મહેલ આગળ આવી ઊભું રહ્યું.

ગુજરાત જીતવાની એક મતલબ ત્યાંનું અગણિત દ્રવ્ય હરણ કરવાની હતી, તેથી જો મહેલ બળી જશે તો તે માંહેના સઘળા ખજાનાનો નાશ થશે એ બીકથી અલફખાંએ આગ તરત હોલવી નાંખવાનો પોતાના સિપાઈઓને હુકમ કર્યો. તે વખતે હજારો માણસો મહેલ ઉપર તૂટી પડ્યા, અને આગની ગડબડાટમાં લૂંટવાનો સારો વખત મળશે એવી ઉમેદથી ઘણા જોરથી કામે વળગી ગયા. જોતજોતાંમાં તેઓએ મહેલનો બળતો ભાગ તોડી નાખ્યો, અને પાણીનાં વાસણ પાસેનાં ઘરોમાંથી લાવી આગ હોલવવા લાગ્યા. થોડી વારમાં અંદર જવાનો રસ્તો થયો, અને થોડા બહાદુર મોતને ન ગણનારા સિપાઈઓએ મહેલમાં પેસી રાણીઓને તથા બીજાં કેટલાક માણસોને ખેંચી બહાર કાઢ્યાં, અને પડેલી-આખડેલી વસ્તુઓ જે હાથમાં આવી તે લઈ આગળ ચાલ્યા. આ વખતે કૌળારાણી છેક નિરાશ થઈ ગઈ, તથા શત્રુના હાથમાં પડવાની ફિકરમાં પડી. પણ તેણે હિંમત મૂકી નહીં. તે એક ઓરડામાં ભરાઈ, અને તેને માંહેથી બંધ કર્યો. પછી જલદીથી તેણે સ્ત્રીનો વેશ કાઢી નાખીને પુરુષનાં વસ્ત્ર પહેર્યાં, પોતાની ખુબસૂરતી ઢાંકવાને વાસ્તે મોં ઉપર રંગ લગાડ્યો, અને તેનું રૂપ બદલી નાખીને ઢાલ-તરવાર બાંધીને ઓરડાની બારીએ ઊભી રહી. ત્યાં આવીને “બળું છું રે બળું છું” એવી બૂમ પાડી. તે ઉપરથી નીચેના સિપાઈઓએ દયા લાવીને એક સીડી મૂકી, તે ઉપરથી તે નીચે આવી. તે કોઈ રાજાનો ખવાસ હશે એમ જાણી તેના ઉપર કોઈએ ધ્યાન આપ્યું નહીં, અને તે વખતે સઘળાઓનું મન મહેલ લૂંટવા તરફ હતું, તેથી તેઓએ બીજી કશી વાત ઉપર લક્ષ આપ્યું નહીં. થોડી વાર આણીગમ-તેણીગમ ફરીને તે ત્યાંથી જતી રહી, અને એક તેના ઓળખીતા રજપૂત પાસે જઈ તેનો ઘોડો માગી લીધો. તે ઘોડો ઘણો તેજસ્વી તથા જલદ હતો. તે ઉપર સવાર થઈ. તથા રસ્તામાં કોઈ ઉપદ્રવ ન કરે માટે રજપૂતનો વેશ બદલી મુસલમાનનો વેશ ધારણ કરી શહેરના દરવાજા બહાર તે સહેલથી ચાલી ગઈ.

રાજમહેલ જલદીથી છંટાઈ ગયો. બીજી રાણીઓ જીવતી નીકળી. સઘળો ખજાનો

સહીસલામત હાથ લાગ્યો. અને શહેરમાં સઘળી વાતે બંદોબસ્ત કરી અલફખાંએ અલાઉદ્દીન પાદશાહની તરફથી ગુજરાતનું રાજ્ય કરવા માંડ્યું. રૂપસુંદરી માધવને જઈને મળી. ઘણા દહાડાના વિયોગ પછી તે ધણીધણિયાણી પાછાં મળ્યાં. તેઓ ભેટ્યાં, રડ્યાં, તથા હર્ષનાં બીજાં સઘળાં ચિહ્નો તેઓએ દેખાડ્યાં. વરવહુનો સંબંધ એવી રીતનો છે, અને જ્યારે તેઓની વચ્ચે નાનપણથી પ્રીતની મજબૂત ગાંઠ બંધાયેલી હોય છે ત્યારે તે છૂટવી ઘણી મુશ્કેલ થઈ પડે છે. મૃત્યુની તલવારથી જ્યારે તે કપાઈ જાય છે ત્યારે બેમાંથી જે જીવતું રહે છે, તેના અંતઃકરણની દોરી કોઈ વાર જોરથી તૂટી જાય છે, અને તે વખતે જે ભારે કષ્ટ થાય છે તેનો વિચાર જેને દુઃખ વીત્યું હોય તે જ કરી શકે. માધવની બાબતમાં તે ગાંઠ કાંઈ તૂટેલી ન હતી, પણ તૂટ્યા બરોબર હતી. રૂપસુંદરીને કરણ લઈ ગયો તેમાં તેની તરફનો કાંઈ વાંક ન હતો, તે માધવને સારી પેઠે માલૂમ હતું. બંનેના વિયોગમાં માધવનું દિલ રૂપસુંદરી ઉપરથી ઊતરી ગયું ન હતું, પણ તેને પાછી મેળવવાની તથા તેના હરણ કરનારનું વેર લેવાની તેની આતુરતા જે પ્રમાણે પ્રબળ થતી ગઈ તે પ્રમાણે તેનું તેની ધણિયાણી ઉપરનું હેત પણ વધતું ગયું. આટલી જલદીથી તથા સહેલાઈથી તેને પોતાની પ્રિયા મળશે એવી આશા ન હતી. જ્યારે રૂપસુંદરી આગળના જેટલા જ હેતથી તેને ભેટી, ત્યારે તેના હર્ષનો કાંઠો રહ્યો નહીં, રૂપસુંદરીના પ્યારમાં પણ કાંઈ ફેરફાર થયેલો ન હતો. જેટલી હોંશથી રાજા કરણે તેને પોતાના મહેલમાં બળાત્કારે પકડી મંગાવી, તથા જેટલો પ્યાર તેને જોવાથી રાજાના મનમાં આવ્યો હતો, તે હોંશ તથા પ્યાર જો પાછળ પણ કાયમ રહ્યાં હોત, તો તે માધવ પર આટલી પ્રીતિ રાખત કે નહીં એનો જવાબ આપવો કઠણ છે. પણ જ્યારે તેના અંતઃકરણમાંની પ્રીતિનું નિર્મળ ઝરણ પોતાનો માર્ગ બદલીને બીજી દિશાએ વહ્યું ન હતું, તથા તેના હેતના ખજાનાનો ભાગીદાર થવાને કોઈ બીજાએ દાવો કર્યો ન હતો; ત્યારે તે ઝરણે માધવની તરફ જ અસલ માફક વહ્યાં કર્યું, અને તેનું હેત માધવ ઉપર કાયમ રહ્યું એટલું જ નહીં, પણ તે પાસે ન હોવાથી તેમાં વધારો થયો. એવી સ્થિતિમાં તે બંને મળ્યાં, અને તેઓનું અસલનું હેત તેટલા જ જોરથી પાછું આવ્યું. માધવે શાસ્ત્રીઓની સભા કરી, અને બ્રાહ્મણની સ્ત્રીનો રજપૂત સાથે બળાત્કારથી સંસર્ગ થયો તેનો દોષ નિવારણ કરવાનું પ્રાયશ્ચિત્ત તેઓની પાસે શોધી કઢાવ્યું. પછી તે પ્રમાણે સઘળી ક્રિયા રૂપસુંદરી પાસે કરાવી, બ્રાહ્મણોને મનમાની દક્ષિણા આપી, અને લાડુનું ભોજન કરાવી સઘળા બ્રહ્મદેવોને સંતોષ્યા. હવે બીજી કાંઈ હરકત રહી નહીં તેથી માધવ થતા રૂપસુંદરીએ પાછો પોતાનો ધણીધણિયાણીનો સંબંધ જારી કર્યો. એ પાછા મળેલા સુખની યાદગીરીને વાસ્તે માધવે વર્દ્ધમાનનગર (વઢવાણ)માં એક વાવ બંધાવી, તે હજી તેના નામથી ઓળખાય છે.

ગુજરાત સઘળું એક લડાઈમાં જિતાયું તે સમાચાર પાદશાહને હવે કહેવડાવવાના હતા. એકલી ખબર મોકલ્યાથી અલાઉદ્દીન જેવો પાદશાહ પ્રસન્ન થશે નહીં એવું અલફખાંને નક્કી હતું, તેણે ગુજરાતની કાંઈ નવાઈની વસ્તુ મોકલવી જોઈએ, અને બહાના દાખલ કેટલોક તે દેશનો ખજાનો પણ મોકલવો જોઈએ. અલાઉદ્દીનનો સ્વભાવ વિષયી હતો, તે અલફખાંને સારી પેઠે માલૂમ હતું; માટે કોઈ અતિ રૂપાળી સ્ત્રી પાદશાહને જો નજર કરાય તો તેના જેટલો બીજા કશાથી તેને સંતોષ વળે નહીં એમ તે અનુભવથી જાણતો હતો. કરણ રાજાની પટરાણી કૌળારાણીની ખુબસૂરતી આખા ભરતખંડમાં પ્રસિદ્ધ હતી. રૂપમાં તથા બીજી હોશિયારીમાં તે અનુપમ હતી; તથા તેની કીર્તિ દિલ્હી સુધી ફેલાઈ હતી. એવી કૌળારાણીને દિલ્હીમાં પાદશાહ પાસે મોકલવાને અલફખાંએ ઠરાવ કર્યો, અને તે મતલબસર તેણે તેની સઘળે ઠેકાણે શોધ કરાવી; જ્યારે સઘળી તેની તપાસ વ્યર્થ ગઈ, અને જ્યારે તેને બીજી રાણીઓથી ખબર મળી કે કૌળારાણી તો શહેર મૂકીને જતી રહી, ત્યારે તે ઘણો નિરાશ થયો, અને હવે શું કરવું તે તેને સૂઝ ્યું નહીં. આટલા મોટા લશ્કરમાંથી તથા બળતા મહેલમાંથી તે શી રીતે નાસી ગઈ, તે

ક્યે રસ્તે અને ક્યાં ગઈ, તેના કાંઈ પણ સમાચાર તેને મળ્યા નહીં. પણ તેટલા ઉપરથી અલફખાં હિંમત હાર્યો નહીં પણ તે જ્યાં હોય ત્યાંથી તેને પકડી આણવાને તેણે ચોતરફ સવારો મોકલ્યા.

જ્યારે અલફખાં કૌળારાણીની રાહ જોતો હતો તે વખતે તે એકલી ઘોડા ઉપર બેસીને પોતાના બાપના દેશ ઝાલાવાડ તરફના રસ્તા ઉપર ઘણી ઉતાવળથી મુસાફરી કરતી હતી. રૂપ હોવાથી જે દહેશત સ્ત્રી-જાતકને હોય છે તે કૌળારાણી ઉપર આવી પડી. તે મહા ફિકરમાં પડી, ઘોડો દોડાવતી દોડાવતી આગળ જતી હતી, પણ તેનું ખરું રૂપ જણાઈ આવશે એવી તેને ક્ષણે-ક્ષણે ધાસ્તી પડતી. વેશ બદલ્યો હતો તે છતાં પણ તેને કોઈની સામું જોવાની હિંમત હતી નહીં. તે ધોરી રસ્તો મૂકી આડેઅવળે ઠેકાણેથી જંગલ, પહાડ, તથા વિકટ રસ્તે જતી હતી; તે કોઈ પણ ગામમાં વાસો કરતી ન હતી; પણ કોઈ જંગલમાં એકાંત સ્થળ જોઈ ત્યાં રસોઈપાણી કરી બપોર ગાળતી, તથા તેવે જ ઠેકાણે રાત્રે વાસો કરતી. જે બાગબગીચામાં રહેતી, જેની આગળ રોજ ફુવારા ઊડી રહેતા, જેને ઠંડક કરવાને ખવાસો રોજ પંખા નાખ્યા કરતા, જેને શરીરે ચંદન અરગજાનો લેપ થતો, તેને હમણાં ફાગણ મહિનાના બપોરનો સખત તડકો ખમવો પડ્યો; જે હંમેશાં સુખપાલમાં બેસીને ફરતી તેને ઘોડાની સખત સવારી કરવી પડી. જે સવા મણ રૂની તળાઈમાં સૂતી, તથા જેને નિદ્રા લાવવાને હજારો ઉપાય કરવા પડતા તેને હમણાં ભોંય ઉપર સૂકાં પાતરાં ઉપર, અથવા વખતે ઝાડ ઉપર સૂવું પડ્યું, અને ત્યાં તેને રાજપલંગ કરતાં મીઠી ઊંઘ આવતી. જે રોજ પકવાન અને બીજાં મિષ્ટ ભોજન આરોગતી તે હમણાં વનફળ અથવા કાંઈ હલકું-પાતળું ખાઈને દેહને આધાર આપતી. જેને જરા પણ કામ કરવું પડતું ન હતું, જેનો હુકમ બજાવવાને સેંકડો ખિદમતગારો રજૂ રહેતા તેને હાથે રાંધવું પડતું, તથા બીજું સઘળું કામકાજ કરવાને પોતાની જાત સિવાય બીજું કોઈ ત્યાં ન હતું. કેટલાક દહાડા સુધી એ પ્રમાણે મુસાફરી કરતાં-કરતાં એક મોટા અરણ્યમાં તે જઈ પહોંચી. તે જંગલ ઘણું ઘોર તથા બિહામણું હતું. તેમાં ઝાડ તો એટલાં હતાં કે ખરે બપોરે ત્યાં તડકો આવી શકતો નહીં, તથા ઝાડોની ઘટાથી ત્યાં સદા અંધકાર રહેતો, આગળપાછળ નાનામોટા ડુંગરો હતા, તથા તેમાંથી નિર્મળ નદીઓ વહેતી હતી. પવનથી ઝાડનાં પાતરાં હાલતાં તેથી ત્યાં નિરંતર શબ્દ થયા જ કરતો; તેની સાથે જ્યારે રાત પડતી ત્યારે શિયાળવાં મોટે અવાજે રડતાં, વાઘ બરાડા પાડતા, તથા બીજાં જંગલી પશુઓ જુદા-જુદા અવાજ કરી રાતને ભયંકર કરી નાખતાં. એવા જંગલમાં કૌળારાણી ભયભીત થઈ ભટકતી અને દહેશતને લીધે તેનું શરીર વખતે-વખતે થરથર ધ્રૂજતું. તેને રાની પશુઓથી એકલો ડર હતો એમ ન હતું. તે ઓળખાઈ આવે, અને તેને પકડીને પાછા પાટણ લઈ જઈ મ્લેચ્છ લોકોના સરદારને કોઈ સ્વાધીન કરે તે પણ દહેશત તેને હતી; વળી તેને ચોરની તરફથી પણ ઘણી ધાસ્તી હતી. એક તો તેના અંગ ઉપર ઘણાં કીમતી ઘરેણાં છુપાવીને રાખેલાં હતાં તે લઈ જવાની લાલચથી ચોર લોકો તેનો કદાપિ જીવ લે; અને બીજું તે સ્ત્રી હતી, અને પુરુષનો વેશ માત્ર લીધેલો હતો, તે વેશ નીકળી ગયા પછી તેની ખરી જાત ઉઘાડી પડી આવે તથા દુષ્ટ લોકો તેને ઉપદ્રવ કરે, તથા તેની પવિત્ર કાયાને ભ્રષ્ટ કરે એ પણ તેને ઘણી ફિકર હતી. એ પ્રમાણે તેને ચોતરફથી ચિંતા વળગેલી હતી. તોપણ તેણે હિંમત તથા ધૈર્ય રાખી આગળ ચાલ્યા જ કર્યું; તથા રસ્તામાં આવતાં કોઈ પણ ગામમાં અટકી નહીં. સારા ભાગ્યે તેણે મુસલમાનનો વેશ ધારણ કરેલો હતો. તે વખતે તે લોકોનો એટલો બધો ત્રાસ પડી ગયેલો હતો કે રસ્તામાં કોઈએ તેનું નામ પૂછ્યું નહીં. એથી ઊલટું તે જ્યાં-જ્યાં ગઈ ત્યાં-ત્યાં તેને માનપ્રતિષ્ઠા મળતાં ગયાં; તથા તેને જે જોઈતું તે સઘળું તેના ડરથી લોકો તરત આણી આપતા. પણ એ પ્રમાણેનું નિરાંતપણું વધુ દહાડા સુધી કાયમ રહ્યું નહીં; જ્યારે તે જંગલ વટાવવાની તૈયારીમાં હતી, અને જ્યારે તેની સઘળી દહેશત થતા

ફિકરચિંતા મટવા ઉપર આવી હતી. તે વખતે એક દહાડો જળવજળ દહાડો રહ્યો હતો તેવામાં તેની સામે દશ માણસનું ટોળું આવી ઊભું રહ્યું, અને "લૂગડાં ઉતાર" એવી રીતે તેને મોટે સાદે કહ્યું. કૌળારાણીના શરીરમાંનું તમામ લોહી પાછું હઠીને અંતઃકરણમાં જઈ રહ્યું, અને ઘોડા ઉપરથી હમણાં પડી જશે એવો વખત આવ્યો. પણ તેણે તે વખતે રજપૂતાણીનું નામ રાખ્યું. હિંમત પકડીને તે ઘણી ધરપતથી બોલી : "હું મુસલમાન સવાર છું. અમારા લોકોએ તમારા કરણ રાજાને હરાવ્યો. તથા કતલ કર્યો છે; અમે આખું ગુજરાત તાબે કર્યું છે : અને અમે હમણાં સઘળા મુલકના ધણી છીએ; અમારા સરદાર સાહેબે મને ગુજરાત સર કર્યાના સમાચાર દિલ્હીના પાદશાહ અલ્લાઉદ્દીન ખિલજીને પહોંચાડવા મોકલ્યો છે. હું પાદશાહી કામ ઉપર જાઉં છું. માટે જો તમે મને અહીં રોકશો, મને લૂંટશો, બીજી રીતે ઉપદ્રવ કરશો, અથવા મારો જાન લેશો તો તમારી કમબખ્તી આવી એમ જાણવું. તમે પાદશાહને ઓળખો છો? તે આખી જહાનનો રાજા છે. જો તમે તેના માણસને છેડશો તો તમે આકાશ, પૃથ્વી કે પાતાળ ગમે ત્યાં હશો તોપણ ત્યાંથી તે તમને શોધી કાઢશે, તમારાં ઘરબાર બાળી મૂકશે; તમારાં બૈરી-છોકરાંને કાપી નાખશે; અને તમને પણ રિબાવી-રિબાવીને મારી નાખશે. માટે દૂર રહો, અને મને તાકીદથી જવા દો. મારી પાછળ બીજા કોઈ આવે તેને ગમે તે કરજો, પણ જો તમને તમારી તથા તમારાં વહાલાંઓની જિંદગી પ્યારી હોય તો મને છેડશો મા." આ ધમકીથી ચોરના મન ઉપર જરા પણ અસર થઈ નહીં. કૌળારાણીના આ ધરપતના શબ્દ પવનમાં ઊડી ગયા, અને તેથી દહેશત ખાવાને બદલે આ રાનના પુત્રો ખડખડ હસી પડ્યા. તેઓમાંથી એક આગળ આવી બોલ્યો, "અમારા મનને હિંદુ અને મુસલમાન, પાદશાહનો માણસ કે ગામનો રાવણિયો, એ સઘળા સરખા છે. અમે કાંઈ માણસને જોતા નથી, પણ તેની પાસે જે હોય છે તે ઉપર ધ્યાન આપીએ છીએ. તમારા પાદશાહને અમે ઓળખતા નથી, અને ઓળખવો પણ નથી. તે અલુદીન ખીચડી કે અલુદીન ઘી ગમે તે હોય તેની અમને શી ચિંતા છે; અને તે અમને મારી નાખશે તેની અમને કાંઈ ફિકર નથી. અમે મોતની પડોશમાં રહીએ છીએ; અમે તો મોતની સાથે હળી ગયેલા છીએ; મોત તો અમારો સોબતી છે; તેથી અમે તેનાથી જરા પણ ડરતા નથી. તારા પાદશાહથી અને બીજા કોઈથી મોત કરતાં બીજું શું વધારે થઈ શકવાનું છે, માટે ઉતાર લૂગડાં, નહીં તો બળાત્કારે લઈ લઈશું." હજી કૌળારાણીએ લૂગડાં ઉતારવાની આનાકાની કરી તેથી તે ચોરને ગુસ્સો ચઢ્યો અને તેઓએ પાસે આવીને તેને ઘોડા ઉપરથી પાડી નાખી, અને તેનાં લૂગડાં કાઢવા માંડ્યાં. ઉપરનું વસ્ત્ર ખસેડતાં મોતી તથા હીરાના હાર જોઈને ચોરોને ઘણું આશ્ચર્ય લાગ્યું, પણ તેવામાં તેનામાં જ્યારે સ્ત્રીનાં લક્ષણ તે ભીલ લોકોએ જોયાં ત્યારે તેઓ એવા તો વિસ્મિત થયા કે ત્યાં હવે શું કરવું તેનો વિચાર કરતા જ ઊભા રહ્યા. કૌળારાણી બેશુદ્ધ થવા જેવી થઈ ગઈ, અને અકળામણમાં તે બોલી ઊઠી : "શિવ શિવ શિવ! રે ભગવાન! આ શી અવસ્થામાં આવી પડી છું! હું કોણ અને ભીલ લોકો કોણ! કોઈ વખત ઉપર તેઓ મારી સામું પણ જોઈ શકતા ન હતા, અને આજે તેઓ મારું આટલું અપમાન કરે છે. અરે મારા ભરથાર! અરે કરણ રાજા! તું શા માટે જ્યાં હોય ત્યાંથી આવીને તારી પરમ પ્રિય સ્ત્રીનું રક્ષણ કરતો નથી? અરે યમરાજ! જો મારો ધણી તારી હદમાં હોય તો તેને ત્યાંથી જલદીથી મોકલી દે કે તેની પટરાણીને આ વખતે તેની તલવારના જોરથી આ દુષ્ટ ચોરોના હાથથી મુકાવે." કૌળારાણીના આ શબ્દ સાંભળીને ભીલ લોકો ત્રાસ પામ્યા, અને તેઓના મનમાં ખાતરી થઈ કે એ કરણ રાજાની રાણી હશે. તેના દરજ્જા ઉપરથી તથા તેના શરીર ઉપર જે ઘણાં મૂલ્યવાન ઘરેણાં હતાં તે ઉપરથી, જો તેઓના નાયકને ખબર કર્યા વિના તેને લૂંટી લે, અને સઘળો માલ પોતે રાખે તો નાયક ઘણો કોપાયમાન થાય, અને કાયદો તોડવાની તેઓને ભારે શિક્ષા થાય, એ વિચારથી તેઓએ તેને નાયક પાસે લઈ જવાનો ઠરાવ કર્યો. પણ

તેઓમાંથી એક જે બીજા કરતાં વધારે લોભી હતો તેને એ વાત ગમી નહીં. નાયક પાસે લઈ જઈશું તો તે સઘળું લઈ લેશે, અને તેઓને તેમાંથી ઘણું થોડું મળશે એ વિચારથી તેણે તેના સોબતીઓને કહ્યું : – “શું જોયા કરો છો? તેનું માથું કાપી નાખો; સઘળાં લૂગડાં-ઘરેણાં ઉતારી લો; અને તેના મુડદાને કોઈ ઠેકાણે ફેંકી દો. નાયક પાસે લઈ જવામાં આપણને શો ફાયદો છે?” બીજા ભીલ લોકોનો અભિપ્રાય તેના જેવો ન હતો. એક સ્ત્રી અને તે વળી આવી મોટી રાણી, તેને નકામી મારી નાખતાં તેઓનું દિલ ચાલ્યું નહીં. વળી ઘરેણાં એટલાં બધાં કીમતી હતાં કે વેચવા જવાથી પકડાઈ જવાય, અથવા એ વાત છાની રહે નહીં એવી તેઓની ખાતરી હતી, માટે તેઓએ તેઓના સોબતીની વાત કાને ધરી નહીં. તેઓ કૌળારાણીને માનપૂર્વક ઊંચકી ઘોડા ઉપર બેસાડી પાસેના ગામમાં તેઓના નાયકના ઘરમાં લઈ ગયા.

નાયક એક ઝૂંપડામાં એક ખાટલા ઉપર બેઠેલો હતો. તેની ઉંમર ત્રીસ અને ચાળીશની વચ્ચે હતી, પણ તેનો ધંધો ભટકવાનો, તથા જોર વધારે એવો હોવાથી તે પચીશ-ત્રીશ વર્ષની વચ્ચેની ઉંમરનો હોય એવો દેખાતો હતો. નાયકને રામ રામ કરી સઘળા ચોરોએ કૌળારાણીની પહેલેથી તે છેલ્લે સુધી તમામ હકીકત કહી, અને તેને સ્વાધીન કરી. નાયકે ચોરોને ઘણી શાબાશી આપી. અને થોડા દહાડા પછી તેઓને ભાગ આપવાની કબૂલાત આપીને તેઓ સઘળાઓને વિદાય કર્યા.

જ્યારે નાયક એકલો રહ્યો ત્યારે તેણે કૌળારાણીની તરફ જોયા કર્યું. જેમ-જેમ તેણે તેને વધારે નિહાળી તેમ-તેમ તેના અંતઃકરણમાં કામવિકાર ઉત્પન્ન થતો ગયો. તેણે પોતાની વહુનાં લૂગડાં મંગાવ્યાં, અને કૌળારાણીની પાસે પુરુષનો વેશ ઊતરાવીને તેને બૈરીનાં વસ્ત્ર પહેરાવ્યાં. અગર જો તેણે પોતાનું સુંદર રૂપ છુપાવવાને મોં ઉપર રંગ લગાડ્યો હતો, તોપણ તેની ખુબસૂરતી તે રંગમાંથી પણ પ્રકાશી નીકળતી હતી, અને જ્યારે તે તેની એવી અપૂર્ણ ખુબસૂરતીથી મોહ પામ્યો, ત્યારે જો તેની અસલ કાન્તિ નાયકના જોવામાં આવી હોત તો તે શું કરત તે કહી શકાતું નથી.

નાયક તેની પાસે ધીમે-ધીમે આવતો ગયો, અને તેને ખુશ કરવાને તેણે ઘણા પ્રયત્ન કર્યા, પણ તે સઘળા નિષ્ફળ ગયા. તે બોલ્યો : “જેવો કરણ રાજા આખા ગુજરાતનો રાજા હતો, તેવો હું આ ગામનો રાજા છું. તેની પાસે જેટલી દોલત તેના રાજ્યના પ્રમાણમાં હતી તેટલી જ મારા રાજ્યના પ્રમાણમાં મારી પાસે છે; તે કરતાં પણ કાંઈ વધારે છે. જેમ તેના મહેલમાં તું સુખથી રહેતી તેમ તું મારા મહેલમાં સુખેથી રહીશ; જેટલું માન તને ત્યાં મળતું હતું તેથી વધારે તને અહીં મળશે. જેટલા નોકરો ત્યાં તારી સેવામાં હતા તેટલા અહીં તને આપીશ. તારો ભરથાર કરણ રાજા તો મરણ પામ્યો. ત્યારે તું શું આટલી જુવાન અવસ્થામાં વિધવા થઈને રહીશ? હું શું નઠારો છું! જ્યારે કોઈ રાજાનું રાજ્ય જાય છે ત્યારે તેને નિશાળના મહેતાજીનો ધંધો કરવામાં પણ થોડો સંતોષ થાય છે, ત્યારે મારી પાસે તો એક નાનું સરખું રાજ્ય છે. તું કદાચ મારા ધંધાને ધિક્કારતી હોઈશ, પણ તેમાં ચૂક છે. રાજાઓને પોતાને રૈયતનું રક્ષણ કરવાને અર્થે જેટલા પૈસા જોઈએ છે તે કરતાં વધારે પૈસા પોતાના સુખને તથા મોજશોખને સારુ રૈયત પાસેથી જોરજુલમથી તે લે છે, તે પણ એક પ્રકારની ચોરી જ છે. રાજાના કારભારીઓને લોકનું કામ કરવાને માટે પગાર મળે છે તે ઉપરાંત તેઓ ગરીબ લોકો ઉપર જુલમ તથા અન્યાય કરી રુશ્વત લે છે, રાજાના પૈસા ખાઈ જાય છે, કામમાં રસળ્યાં કરે છે, એ પણ એક ચોરી છે. સુતાર, કડિયા, મજૂર વગેરે લોકો રોજના પૈસા લઈ, દહાડાનો ઘણો ભાગ આળસમાં કાઢે છે, અને ધણી પાસેથી આખા દિવસના બરાબર પૈસા ચૂકવી લે છે, એ ચોરી નહીં તો બીજું શું? સિવાય દરજી, સોની વગેરે બીજા સઘળા કારીગર લોકો કસબચોર હોય છે. માટે દુનિયામાં સઘળા ચોર છે એમ કહીએ તો ચાલે. અમારામાં અને તેઓમાં એટલો જ

તફાવત છે કે તેઓ ગુપ્ત રીતે ચોરી કરે છે, ને અમે પ્રગટ રીતે ચોરી કરીએ છીએ. વાસ્તવિક કહેતાં તો અમારી ચોરી વધારે સારી છે. બીજા સઘળા સામા ધણીને છેતરીને, વિશ્વાસઘાત કરીને, તથા જૂઠું ડોળ ઘાલીને લૂંટે છે; પણ અમે તો ખુલ્લી રીતે તેને જણાવીને તથા વખતે સામા લડીને લૂંટીએ છીએ. માટે સઘળાઓમાં આબરૂદાર ચોર અમે છીએ; પણ દુનિયાનો ધારો ઊલટો છે કે આવા છાના ચોરોને સજા થતી નથી; એથી ઊલટું તેઓને સન્માન મળે છે, અને અમારા લોકોનો તિરસ્કાર થાય છે; અમને તેઓ પાપી, દુષ્ટ ગણે છે; તથા અમને શૂળીએ ચઢાવવાને તૈયાર થાય છે. પણ અમે એ વાત મનમાં આણતા નથી. જેટલી બીજા લોકોની આબરૂ છે તે કરતાં વધારે અમારી છે એમ અમે માનીએ છીએ, અને તારે પણ એમ માનવું જોઈએ. માટે મારી સાથે તને રહેવામાં શી હરકત છે? તું શા માટે બોલતી નથી? હું તને સાફ કહું છું કે તારી ખુશી હશે અથવા નહીં હશે તોપણ તું મારે હાથ પડી છે તે હું તને જવા દેવાનો નથી. હું તો તને રાખવાનો જ, માટે ખુશીથી હા જ કહેવામાં સારું છે.'' કૌળારાણીએ જોયું કે સામા થવામાં કાંઈ લાભ થશે નહીં, તેથી થોડી વાર વિચાર કરી તેણે નાયકની વાત કબૂલ કરી. પછી નાયકે રાત્રે સારી પેઠે મિષ્ટાન્ન લીધાં, અને સૂતાં પહેલાં રોજ કરતાં બેત્રણ પૈસાભાર અફીણ વધારે ખાધું. જ્યારે તે સૂવાની તૈયારી કરતો હતો તે વખતે કૌળારાણી ઉદાસ થઈ ઊંડા વિચારમાં પડી. તેણે જગદંબાની સ્તુતિ કરી અને પોતાની અવસ્થા જગતની પરમ કૃપાળુ માતા આગળ નીચે પ્રમાણે કહી સંભળાવી. તે બોલી : ''અરે આરાસુરી! અરે અંબા ભવાની! રે જગતનું પ્રતિપાલન કરનાર! હું કેવી સ્થિતિમાં આવી પડી છું? જેમ કાંકરાઓમાં હીરો, જેમ કાંટાનાં ઝાંખરામાં મોગરાનો છોડ, જેમ ખરસાણીમાં કેળનું વૃક્ષ, જેમ ગીધના ટોળામાં કબૂતર, જેમ વાઘના કોતરમાં ગાય, તેમ આ ચોરોના નાયકના ઝૂંપડામાં હું રાણી સપડાઈ ગઈ છું. આ દુષ્ટ ચંડાળ મારા ઉપર બળાત્કાર કરવાની તૈયારીમાં છે. જો હું સામી થઈ હરકત કરીશ તો તે મારો પ્રાણ લેશે. જો હું બોલીશ નહીં તો મારું પતિવ્રતપણું જશે. હે માતા! હવે હું શું કરું? એ સઘળા સંકટમાંથી ઉગારનાર તારા વિના બીજું કોઈ નથી. પણ મને હવે યાદ આવ્યું. મારી પાસે એક ખંજર છે તે હું મારી સાડીમાં સંતાડી રાખું, અને એ દુષ્ટ જ્યારે મારી પાસે આવે તે વખતે હું તેને યમદૂતની સોડમાં મોકલું. એવા ચંડાળને મારવામાં કાંઈ પાતક નથી. દુષ્ટ રાક્ષસો જેઓના પાપથી પૃથ્વી ઉપર અતિ ઘણો ભાર થતો, તથા જેઓ દેવતાઓ તથા મનુષ્યને ઉપદ્રવ કરતા તેઓનો સંહાર કરવાને વિષ્ણુને દશ અવતાર લેવા પડ્યા હતા; માતાજીએ પણ શુંભ, નિશુંભ તથા એવા દૈત્યોને માર્યા હતા. જ્યારે એ નાયક દુષ્ટ મતિથી મને ભ્રષ્ટ કરવા ઇચ્છા રાખે છે ત્યારે તેને માર્યામાં જરા પણ દોષ નથી.'' એવો વિચાર કરી ખંજર પોતાની કમરે ખોસ્યું, અને મન કઠણ કરી આ ભયંકર કામ કરવાને તત્પર થઈ. નાયકને અફીણની કેફ જ્યારે ચઢી ત્યારે તે કૌળારાણી પાસે આવ્યો, પણ તે પાસે આવે એટલામાં તેણે તેનો તોટો પકડ્યો, અને બીજે હાથે ખંજર કાઢી તેના પેટમાં એવો તો કારી ઘા માર્યો કે એક ક્ષણમાં તે ભોંય ઉપર પડી મરણ પામ્યો. આ કામ તેણે એવી હોશિયારીથી તથા ચપળતાથી કર્યું કે મરનારથી કાંઈ પણ બૂમ પાડી શકાઈ નહીં અને તે મૂવો તેની ખબર તેના ઘરમાં કોઈને પડી નહીં. આ ભયાનક કામ કર્યા પછી નાયકના મડદાને એક પેટી પાછળ ગબડાવી દીધું, અને તેનાં લૂગડાં પહેરીને તે વાડામાં ગઈ. ત્યાં તેના ઘોડામાંથી એક સારો જલદ ઘોડો પસંદ કરી તે ઉપર સ્વાર થઈ રાત્રે ને રાત્રે આગળ ચાલી. નાયક જાણીને તેને કોઈએ હરકત કરી નહીં, અને સવારે જ્યારે નાયકના ઘરનાં માણસોને તેના મોતની ખબર પડી, અને ત્યાર પછી તે ખબર આખા ગામમાં પથરાઈ, અને ગામના કેટલાક લોકો કૌળારાણીને પકડવાને નીકળ્યા, ત્યારે તે ઘણે આઘે ચાલી ગઈ હતી. કૌળારાણીને ખાતરી હતી કે સવારે ગામના લોકો તેની પાછળ લાગશે, અને જો તે આગળ ચાલ્યા કરશે તો કોઈ દહાડો પણ તે પકડાઈ જશે, એ દહેશતથી એક ગામ આવ્યું

ત્યાંના રાજા પાસે થોડા દહાડા સુધી રહેવાનો તેણે ઠરાવ કર્યો. રાજાની આગળ તેણે પોતાની સઘળી હકીકત કહી, અને તે સાંભળીને તેને એટલી તો દયા આવી કે પોતાને માથે ભારે જોખમ ખમીને તેને રાખવાનું તેણે કબૂલ કર્યું. સંકટમાં આવી પડેલા માણસોને સહાયતા ન કરવી એમ કેમ થાય? તેમાં વળી આશ્રય માગનાર સ્ત્રી એટલે ના કહેવી એ તો મુશ્કેલ જ.

જ્યારે કૌળારાણી તે ગામમાં શત્રુના ભયથી બચી, તે વખતે ભીલના નાયકના માણસો ઘોડા ઉપર બેસીને તેને પકડવાને આવતા હતા. એ ભીલ લોકોને અલફખાંએ પણ તે જ કામને માટે મોકલેલા સવારો મળ્યા. તે બંને ટોળાનાં માણસોએ માંહોમાંહે વાતચીત કરવા માંડી તે ઉપરથી મુસલમાન સવારોને ખાતરી થઈ કે જે રાણીને તેઓ શોધે છે તે જ નાયકને મારનાર છે. એ સઘળા તે ગામ તરફ ચાલ્યા, પણ રસ્તામાં તેઓ બંનેની વચ્ચે મોટી તકરાર થઈ. જો કૌળારાણી પકડાય તો તેને પોતાના ગામમાં લઈ જવી, અને નાયકનાં બૈરાંછોકરાંની સમક્ષ તેનો રિબાવી-રિબાવીને પ્રાણ લેવો એવો તે ભીલોનો મનસૂબો હતો. મુસલમાન સવારોને એવો હુકમ મળેલો હતો કે તેને જીવતી પકડીને અલફખાંની રૂબરૂ રજૂ કરવી. હવે એ બે વાત શી રીતે બને? માટે તેઓ માંહોમાંહે તકરાર ઉપરથી ગાળાગાળી ઉપર આવ્યા, અને તેમ કરતાં મારામારી ઉપર વાત આવી ગઈ. બંને તરફના કેટલાક માણસો કપાઈ ગયા, અને જો બંને તરફ બે વૃદ્ધ માણસો વચ્ચે પડ્યા ન હોત તો તેઓ સઘળા ત્યાં અનંતકાળ પર્યંત વાસો કરત; કૌળારાણી સુખેથી પોતાના બાપ પાસે જઈ પહોંચત; અને અલફખાં ઘણો જ નાઉમેદ થઈ જાત. પણ એમ થવા દેવાની ઈશ્વરની મરજી ન હતી. બે વૃદ્ધ માણસોએ એવું સમાધાન કર્યું કે જે લોકો તેને પહેલી પકડે તેઓ તેને લઈ જાય. બંને તરફના માણસોએ એ વાત કબૂલ કરી; પણ મુસલમાન સવારો મનમાં ભીલો ઉપર ઘણા ખીજવાઈ રહેલા હતા, અને જો કદાપિ રાણી ભીલોના હાથમાં આવશે તો તેઓ તેને લઈ જશે, તેઓની સઘળી મહેનત નિષ્ફળ જશે, તથા અલફખાંને ખુશ કરી પોતાને ફાયદો કરી લેવાનો આવો પ્રસંગ ફરીથી આવશે નહીં, એ સઘળી વાત ઉપર નજર રાખીને તેઓએ ભીલ લોકોને નક્કી કરવાનો નિશ્ચય કર્યો. પછી એક રાત્રે જ્યારે તેઓ સઘળા સૂતેલા હતા, તે વખતે મુસલમાન સવારો સંકેત પ્રમાણે એકદમ ઊઠ્યા, અને સઘળા ભીલ લોકોને કતલ કર્યા. એ નિર્દય કામ ઊંઘતાં માણસો ઉપર કર્યા પછી તેઓ ગામમાં પેઠા, અને ત્યાં રાણીની તજવીજ કરવા લાગ્યા. દૈવયોગે એવું બન્યું કે રાજાના વાળંદને તેઓએ તે બાબત પૂછ્યું. સઘળા દેશોમાં હજામની જીભ ઘણી લાંબી તથા પેટ ઘણું નાનું હોય છે, તે પ્રમાણે તેણે તેઓને કહી દીધું કે અહીંના રાજાના મહેલમાં એક-બે દહાડા થયાં એક પરોણો આવેલો છે. તેનો રાજાજીએ ઘણો સત્કાર કરેલો છે. સવારોને નક્કી થયું કે એ જ કૌળારાણી હશે, તેથી તેઓએ રાજાને તરત સંદેશો મોકલ્યો કે જે નવો માણસ તેની પાસે આવેલો છે તેને અમારે સ્વાધીન કરવો. શરણાગતને શત્રુના હાથમાં આપી દેવો એ સમાન બીજું કાંઈ મોટું પાપ નથી એમ સમજીને, તથા કૌળારાણીએ ઘણા કાલાવાલા કર્યા તેથી દયા લાવીને રાજાએ થોડી વાર આનાકાની કરી, પણ જ્યારે સવાર લોકોના ઉપરીએ ફરી કહેવડાવ્યું કે અમારા કહેવા પ્રમાણે એકદમ કરશો નહીં તો આખું પાદશાહી લશ્કર તમારા ગામ ઉપર તૂટી પડશે. તમારું સઘળું રાજ્ય ઉજ્જડ કરશે, અને તમને ગાદીએથી ઉઠાડી મૂકશે, ત્યારે તે રાજા ભય પામ્યો, અને કૌળારાણીને એ સઘળી વાત સમજાવીને કહી. તેણે તે ગામમાંથી નાસી જવાનો ઠરાવ કર્યો, પણ જો તે એ પ્રમાણે કરે તો મુસલમાન લોકોના મનમાં એવું આવે કે તેણે તેને જાણીજોઈને જવા દીધી અને તેઓ તેના ઉપર તેઓનો સઘળો ક્રોધ કાઢે, તેથી તેણે દરવાનોને હુકમ આપ્યો કે જે અજાણ્યો માણસ ગામ બહાર જવાનું કરે તેને પકડી પાદશાહી સવારોના ઉપરીને સ્વાધીન કરવો. તે પ્રમાણે સવારે કૌળારાણી તે રાત્રે ગામ બહાર જવાનું કરતી હતી તે વખતે દરવાને તેને પકડીને તે ઉપરીને સોંપી દીધી. તે મરદના વેશમાં બૈરી છે એ

જાણવામાં કાંઈ મુશ્કેલી પડી નહીં, અને જ્યારે એ પ્રમાણે નક્કી થયું ત્યારે તે કરણ રાજાની નાસી ગયેલી રાણી સિવાય બીજું કોઈ નહીં હોય એમ તેઓને ખાતરી થઈ. પોતાની મહેનત સફળ થઈ, તથા અલફખાં તેઓના ઉપર ઘણો પ્રસન્ન થશે એવી ઉમેદથી તેઓ કૌળારાણીને લઈ ઘણી ઝડપથી પાટણમાં આવી પહોંચ્યા. કૌળારાણી જીવતી હાથ આવી, તથા તેને અલાઉદ્દીન પાદશાહ પાસે મોકલીશ તો તે ઘણો ખુશ થશે એ વિચારથી અલફખાંના મનમાં હર્ષ માયો નહીં. કૈળારાણીને બીજે દહાડે રાજમહેલમાં લાવ્યા, અને ત્યાં તેને બીજી રાણીઓ પાસે ઓળખાવી. તેની ચામડીનો રંગ તડકાથી શામળો પડી ગયો હતો તથા તેણે જે મોં ઉપર રંગ લગાડ્યો હતો તેની અસર હજી સુધી કાયમ હતી, તેથી તેની ખુબસૂરતી અલફખાંના સાંભળ્યા પ્રમાણે જણાઈ નહીં. બીજી રાણીઓના કહેવાથી તેને એક મહિનો મહેલમાં રહેવા દીધી, અને એ પ્રમાણે થવાથી તેને મરજી વિરુદ્ધ તેનું સુંદર રૂપ પાછું આવ્યું. મહિનો વીત્યા પછી અલફખાંએ તેને જ્યારે જોઈ ત્યારે તેનામાં આવો ફેરફાર થયેલો જોઈને તે ઘણો જ આશ્ચર્ય પામ્યો, અને તેની અપ્સરા કરતાં પણ વધારે રૂપાળી કાંતિ જોઈને તેનો જીવ ઘણો આકુળવ્યાકુળ થયો. તેની આગળ તે સૌંદર્યના એક માનવી અવતાર, આરસની એક પૂતળી જેવી ઊભી રહી. તેને અલાઉદ્દીન પાદશાહ પાસે મોકલી દેવાનો તેનો મનસૂબો છે તે તેને કહી સંભળાવ્યો, અને દિલ્હીમાં જઈ પાદશાહના જનાનખાનામાં મુખ્ય રાણીની મિસાલે રહેવા જવાની તૈયારી કરવાને તેણે કહ્યું. કૌળારાણી માઠામાં માઠા સમાચાર સાંભળવાને તૈયાર જ હતી. તેથી આ વાત જાણતાં જરા તે ગભરાઈ નહીં, પણ ડોકું હલાવીને પોતાના ઓરડામાં ચાલી ગઈ. થોડા દહાડા પછી શહેરમાં એક મોટી ધામધૂમની સાથે સવારી નીકળી ત્યારે જ પાટણ શહેરના લોકોએ જાણ્યું કે ગુજરાતની રાણી, અતિ રૂપાળી કૌળાદેવી, મ્લેચ્છ પાદશાહનો મહેલ શણગારવા જાય છે. લોકો તે સવારી જોવાને કોઈ બહાર આવ્યા નહીં. સઘળા ઘણા મોટા શોકમાં પડ્યા. કૌળારાણીનું અંતઃકરણ લોકોની પ્રીતિ જોઈને ભરાઈ આવ્યું, અને પોતાની જન્મભૂમિ હવે છેડવાનો વખત આવ્યો એ દુઃખથી તેના મન ઉપર એવી તો અસર થઈ કે તે ઘણા જોરથી રડી, અને નીચે પ્રમાણે તેણે વિલાપ કર્યો :

લલિત છંદ

કરણ રાજ! તું, ક્યાંહ રે ગયો; નગર છોડીને શીદ રે રહ્યો;
કરમ કૂટિયું, પ્રાણ જાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.
તુજ વિના હવે, અન્ન ના ગમે; મન તણી મહા વેદના દમે;
દરદ તાહરું ના ખમાય રે; સુખ સદા ગયું, હાય હાય રે
કરમની કથા, જાય ના કથી, દુઃખ સમુદ્રનો, પાર તો નથી;
ફિકર ચિત્તમાં, ના સમાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.
કનકદેવલી! ક્યાં રે હશો; રઝળતી મૂકી, ક્યાં હવે જશો;
ધીરજ છાતીમાં, ના રખાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.
રજપૂતો! તમે, ન્યાય જાત રે; સકળ સ્નેહીઓ, માતભ્રાત રે;
વિરહ તે તણો કેમ થાય રે; સુખ સદા ગયું હાય હાય રે.
પરમ પ્રિય જે, બાપ તેમણે; કસર ના કીધી, મુજ કારણે;
વચન મીઠડાં, ના ભુલાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.

ગૂર્જર દેશ! રે, જન્મભૂમિ તું; અવતરી ત્યહાં, પાપણી જ હું;
અધમ લોકને, હાથ જાઉં રે; સુખ સદા ગયું, હાય હાય રે.
ધરમ મૂકીને, મ્લેચ્છ થાઉં છું; કુળવિચાર સૌ, છોડી જાઉં છું;
તુરકડા વચે, ના વસાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.
ઘરધણી મૂઓ, દીકરી ગઈ; નગર છોડીયું, ભ્રષ્ટ તો થઈ;
અખૂટ પાપ તે, ના કપાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.
અખિલ વિશ્વમાં તું જ જે ધણી; અકળ ઈશ જે; છે દયા ઘણી;
તુજ કૃપા થકી, શાંતિ થાય રે; સુખ સદા ગયું, હાય હાય રે.

પ્રકરણ ૧૧મું

સૃષ્ટિનાં ઘણાં રમણીય સ્થળો જ્યાં અપ્સરાઓ પણ રમવા આવે, તથા સ્વર્ગવાસીઓને પણ વાસો કરવો ગમે, એવા એક રળિયામણા સ્થળમાં એક કિલ્લો બાંધેલો હતો, અને તેની નીચે એક સુંદર નાનું શહેર વસેલું હતું. એ શહેરની ચોતરફ ઊંચા-ઊંચા પહાડોનો કોટ થઈ રહેલો હતો; અને તેમાંનાં ઘરો વચલા પોલાણમાં ચઢતાં-ઊતરતાં જ ખુબસૂરત હારબંધ બાંધેલાં હતાં. આ શહેરનું પહાડોને લીધે પરમેશ્વર તરફથી રક્ષણ થયેલું હતું, તોપણ તેનો વધારે બચાવ કરવા સારુ તેની આસપાસ ફરતો ઘણો મજબૂત પથ્થરનો કોટ હતો, અને તેની સાથે વળી એક ઊંચી ટેકરી, જેની નીચે સઘળું શહેર આવી રહ્યું હતું, તે ઉપર એક કિલ્લો બાંધેલો હતો. એ શહેરનું નામ બાગલાણ હતું, અને તે દેવગઢના રાજા રામદેવના તાબામાં હતું. કિલ્લો ઘણો મજબૂત તથા શોભીતો હતો, અને તેમાં રહેવાને સારુ ઘણો વગ હતો. વળી તેની આસપાસની જગા પણ એવી શોભાયમાન હતી કે તેનું યથાસ્થિત વર્ણન કોઈ મોટા કવિની કલ્પનાશક્તિથી પણ થઈ શકે નહીં. ચોતરફ ઊંચા-ઊંચા પહાડો હતા અને તેઓ સૂર્યોદય અથવા સૂર્યાસ્ત થતી વખતે એવા તો મનોહર લાગતા કે તે જોવાને જેટલો શ્રમ તથા પૈસો ખરચ કરીએ તેટલો સઘળો વળી જાય. તેઓના ઉપર પુષ્કળ ઝાડી હતી, અને સાગ, આંબા વગેરે ઝાડો નાટકશાળાની બેઠકની પેઠે એક ઉપર એક ઊગેલાં હતાં તે જોઈને આંખને આનંદ તથા સંતોષ ઊપજતો હતો. એ ઝાડીઓમાં વાઘ, રીંછ વગેરે રાની પશુઓ નિરંકુશ અમલ ચલાવતાં હતાં, અને તેઓના રાજ્યપદ વિશે તકરાર લેનાર માણસ ત્યાં ક્વચિત જ આવતું. નાનાંમોટાં પક્ષીઓ ઘણા ભરપૂર નાદથી તે સ્થળને ગજાવી મૂકતાં, અને તેઓનાં સુંદર રંગબેરંગી પીંછાંનો ઝળકાટ તડકામાં પડતો તે જોઈને ઈશ્વરની લીલાથી મન વિસ્મિત થયા વિના રહેતું જ નહીં. વળી ઠેકાણે-ઠેકાણે નાની-નાની નદીઓ વહેતી હતી, અને જ્યારે તેઓ ઊંચી જગાએથી ઊતરતી, અને પથ્થરાઓ ઉપર અથડાતી, નાના છોડવા તથા ફૂલોને છૂંદતી, તથા પહાડોના ઘસારાથી કાળા નાના કાંકરાઓમાં રમતી આગળ ચાલતી, ત્યારે તેમની સ્થિતિ જોઈને આપણને આપણી બાલ્યાવસ્થા યાદ આવ્યા વિના રહે નહીં. બીજી કેટલીક નદીઓ ઊંચા ટેકરાઓ ઉપરથી નીચે પડતી તેના મોટા ધોધથી ગર્જના થઈ રહેતી, તેની ઉપર ફીણના જે ગોટા આવતા, અને તેના ઉપર જ્યારે સૂર્યનાં કિરણ પડતાં ત્યારે તેઓનું વક્રીભવન થઈને તેઓમાંના સાત જુદા-જુદા રંગો છૂટા પડીને ઇંદ્રના ધનુષ્ય જેવો આકાર ત્યાં થતો તે ઘણો જ આશ્ચર્યકારક લાગતો હતો. એવા ધોધ નીચે પડીને આગળ વહેતા, કેટલાક નીચે પડી ત્યાં એકઠા થઈ રહેતા, એટલે ત્યાં નીતર્યું કાચ જેવું તળાવ બનતું, અને કેટલીક નદીઓના જુસ્સાથી જમીન ઘસાઈને ત્યાં મોટી મોટી ખાઈઓ થતી, અને તેમાંથી તેઓ વીજળીને વેગે દોડતી. જ્યારે ચોમાસામાં અષાઢ મહિનામાં વાદળાંની ઘોર ઘટા થઈ રહેતી, તથા વીજળીના ચમકારા અને મેઘગર્જનના કડાકા થતા ત્યારે તે જગાનો દેખાવ ખરેખરો દબદબાભરેલો તથા ભયાનક થઈ રહેતો હતો. વાદળાં તો જાણે આપણા પગ નીચે ગોટા અથવા ધુમ્મસની પેઠે પથરાયેલાં દેખાતાં હતાં, અને તેઓ પીગળીને પાણીનાં ટીપાં થઈ નીચે પડતાં તે આપણને લાગતું જ નહીં. વીજળી ઝાડ અથવા ટેકરીઓની ટોચથી ખેંચાઈ આવીને પડતી તે વખતે પથ્થરોના ફાટવાથી તથા ઝાડોના પડવાથી મોટા-મોટા અવાજ થતા હતા. વળી ગર્જનના શબ્દ પણ એક પહાડ ઉપર અથડાઈ બીજા ઉપર પડતા, અને ત્યાંથી અથડાઈ ત્રીજાને લાગતા, અને એવી રીતે થયાથી ગડગડાટના કડાકા ને કડાકા કેટલીય વાર સુધી પહોંચ્યા જ કરતા. વરસાદ પણ ત્યાં એટલો બધો વરસતો કે તેનો ખ્યાલ મેદાનમાં વસનારાઓથી થઈ શકે નહીં એ સઘળું પાણી એકઠું થઈ નદીઓમાં વહેતું તેથી તે સઘળાં ઝરણાં ભરપૂર થઈ જતાં હતાં. ઉનાળાના

સખત તાપથી ઝાડો બળી ગયેલાં હોય, પથ્થરો તપી ગયેલા હોય, તથા પહાડો જે ખાવા ધાતા હોય એમ દેખાતા હોય ત્યાં સઘળું લીલું કુંજાર થઈ રહેતું. ઝાડો ઉપર આકાશમાંથી વૃષ્ટિરૂપી અમૃત પડતું, તેથી તેઓ સજીવન થઈ, પાછાં પ્રફુલ્લિત થઈ શોભાયમાન દેખાતાં, તથા પાણીનો પુષ્કળ મારો હોવાથી સઘળે ઠંડક-ઠંડક થઈ રહેતી, તથા શીતળ વાયુથી અગણિત ફૂલોની સુગંધ ઘસડાઈ આવતી. 'ડુંગર દૂરથી રળિયામણા' એ જે કહેવત છે તે તે વખતે ખોટી પડતી, અને તેઓ આઘેના કરતાં પાસેથી વધારે રળિયામણા દેખાતા હતા. એવી જગાએ જે કિલ્લો હતો તેની છેક અંદરના ઓરડામાં બે જણાં બેઠાં-બેઠાં વાત કરતાં હતાં.

એ બે જણમાંથી એક પુરુષ તથા એક સ્ત્રી હતી. પુરુષ હતો તેની ઉંમર ચાળીશ વર્ષની લગભગ હતી, પણ તેટલા કાળની અસર સાધારણ માણસના શરીર ઉપર જોવામાં આવે છે તે કરતાં તેની ઉપર વધારે દેખાતી હતી. કોઈ પણ તંદુરસ્ત માણસની જુવાની ચાળીશ વર્ષે જતી રહેતી નથી; અને કેટલાક દેશમાં તો તે વખતે માણસ ભરજુવાનીમાં ગણાય છે. પણ તે પુરુષનાં વર્ષ વધારે ઝડપથી દોડ્યાં હતાં, તથા કાળચક્રનો ઘસારો તેના ઉપર વધારે થયો હતો. તેનું શરીર ૫૦ અથવા ૫૫ વર્ષની ઉંમરના માણસના જેવું દેખાતું હતું. ઘણી ચિંતાથી તેના ગાલ બેસી ગયેલા હતા, તથા સર્વાંગે નિમાળા સફેદ થઈ ગયા હતા; તોપણ તેની આંખમાંથી જુસ્સો હજી મરી ગયેલો ન હતો, અને તેના બંને ડોળા અગર જો ઊંડા પેઠેલા હતા તોપણ તેઓમાં હજુ શૂરાતનનું તેજ હતું. તેની શિકલ ઉપરથી હજી જણાતું હતું કે તેનામાંથી તેનો અવિચારી હઠીલો સ્વભાવ ગયેલો ન હતો. તેનો સઘળો દેખાવ માન આપવા યોગ્ય હતો, અને તેણે કોઈ વેળા સારા દહાડા જોયા હોય એમ તેને જોતાં જ જણાતું હતું.

એ માણસ કોણ હતો તે વાંચનારાઓએ જાણ્યું તો હશે. તેને છેલ્લી વાર મળ્યાંને આજે લાંબાં નવ વર્ષ થયાં હતાં, તોપણ ઉપલા ટૂંકા વર્ણનથી તે ઓળખાઈ આવ્યો હશે. તે આપણો મિત્ર કરણ વાઘેલો ગુજરાતનો છેલ્લો રજપૂત રાજા હતો. જે દહાડે પાટણની પડોશમાં રજપૂત સૈન્ય કપાઈ ગયું, જે દહાડે મ્લેચ્છ લોકો જય પામી આખા ગુજરાતનું રાજ્ય લઈ બેઠા, જે દહાડે માધવનું વેર તૃપ્ત થયું, અને જે દહાડે ગુજરાતના શૂરા સામંતો અણહિલપુરને છેલ્લા રામરામ કરી ઘોડા દોડાવી મૂકી દેશ છોડી ચાલ્યા ગયા, તે દહાડે કરણ મરણતોલ ઘાયલ થયો, અને તેને ઓળખીને હરપાળ તેને સાંઢણી ઉપર બેસાડીને ગુજરાતની સરહદપાર લઈ જવાને નીકળ્યો, એ સઘળું આપણે કહી ગયા છીએ. જ્યારે કરણ બાગલાણ શહેર આગળ આવ્યો ત્યારે તે થાકથી તથા ઘાથી એવો અશક્ત થઈ ગયો હતો કે તેની આવરદા પૂરી થવા આવી છે, એમ જાણી હરપાળે તેને તે શહેરમાં રાખ્યો, અને તેની એવી અવસ્થાના સમાચાર રામદેવને દેવગઢમાં કહેવડાવ્યા. નિર્બળને આશ્રય આપવો એ રજપૂતનો તથા તે વખતના રાજાઓનો મુખ્ય ગુણ હતો; અને અગર જો તેને દિલ્હીના પાદશાહનો ઘણો ધાક હતો, અને તેને આશ્રય આપ્યાથી અલફખાંને ઘણો ક્રોધ ચઢશે એમ તે નક્કી જાણતો હતો, તોપણ આવે વખતે મહાપાપથી દુર્દશામાં આવી પડેલા, તેના કરતાં સઘળી વાતે શ્રેષ્ઠ એવા ગુજરાતના રાજાને મરવાને નિરાંતની જગા આપવાની તેનાથી ના કહેવાય નહીં. ત્યાં રહેવાની રજા મળી એટલે તેને તે કિલ્લામાં રાખ્યો, અને જે વૈદ્યો મળી આવ્યા તેઓના ઉપચાર કરવામાં આવ્યા. પણ ઘા ઘણા કારી વાગેલા, તથા તેના મનમાં મહાભારત તોફાન ચાલતું, તે સાથે આ સઘળા બનાવથી તેની નિદ્રા અથવા આરામનો પણ નાશ થયો હતો, તેથી અગર જો મોત તો અટક્યું તોપણ પીડા ઘણી જ વાર પહોંચી, અને વૈદ્યોના ઉપાય તેના ઘા ઉપર કેટલીક વાર સુધી તો બિલકુલ ચાલ્યા જ નહીં. જ્યારે તે શરીરની તથા મનની પીડાથી ટળવળતો તથા બરાડા બરાડા પાડતો હતો, જ્યારે તે મહા વ્યથામાંથી છૂટવાને સારુ ક્ષણે-ક્ષણે મૃત્યુની પ્રાર્થના કરતો હતો, તે વખતે પરમેશ્વરે તેની સામું જોયું. તેનું આટલું કષ્ટ જોઈને પરમ દયાળુ ઈશ્વરને કરુણા

આવી. તેના દુઃખ રૂપી અરણ્યમાં સુખનો પાણીનો ઝરો દેખાયો. તેની અવસ્થાના અંધકારમાં શાંતિનું કિરણ પ્રકાશ્યું. તેની દુર્દશાની તપેલી ભોંય ઉપર દિલાસા રૂપી ઓસનાં ટીપાં પડ્યાં; અને આફતનો શેતાન તેને ઉપદ્રવ કરતો હતો તેમાંથી તેનું રક્ષણ કરવાને બે ફિરસ્તા જાણે આકાશમાંથી ઊતર્યા.

જ્યારે કૌળારાણીએ મહેલને આગ લગાડી ત્યારે તેની બે નાની દીકરીઓ કનકદેવી તથા દેવળદેવીને તેણે એક ચાકરને સોંપી પોતાના બાપ પાસે ઝાલાવાડમાં મોકલી હતી. રસ્તામાં તે ચાકરને ખબર મળી કે કરણ રાજા હજી જીવે છે, તથા તે બાગલાણમાં રહેલો છે, સાંભળીને તેણે તેનો રસ્તો બદલ્યો, અને તેના મહાભારત દુઃખમાં તેની પુત્રીઓના મેળાપથી તેને જે સુખ થશે તે ઉપર વિચાર કરીને, તથા છોકરીઓ ઉપર માના બાપ કરતાં પોતાના બાપનો વધારે હક્ક છે, એમ જાણીને તેઓને તેની પાસે લઈ જવાને નીકળ્યો. રસ્તામાં ઘણી અડચણો ભોગવીને તથા ઘણાં સંકટોનું નિવારણ કરીને અંતે તે બાગલાણના કિલ્લા પાસે સહીસલામત પહોંચ્યો, અને કરણ રાજાની બે બાથમાં તેની કુમળી વયની બે દીકરીઓ ભરાઈ. આવે વખતે આવી અવસ્થામાં બાપ તથા દીકરીઓનો મેળાપ થયો તે વખતે તે દુર્ભાગી રાજાને જે બેહદ આનંદ થયો તેનું વર્ણન થઈ શકતું નથી. મોટી છોકરી આઠ વર્ષની હતી. તે ઘરમાં સઘળું સ્ત્રીનું કામકાજ કરતી, અને તેની સંભાળથી તથા તેની ઘરબાબતની સઘળી ગોઠવણથી કરણ રાજાના ઘા ધીમે-ધીમે રુઝાવા લાગ્યા, અને તે કેટલીક વાર પછી બિલકુલ સારો થયો. માણસના સુખને વાસ્તે બૈરાં કેટલાં અગત્યનાં થઈ પડે છે તે જ્યાં તેમની ખોટ પડે ત્યાં જ જાણવામાં આવે છે. તેઓનો ઉપયોગ ઘણા લોકો બરોબર સમજતા નથી, તથા તેઓની કિંમત જોઈએ તેટલી તેઓ કરતા નથી. માણસ અને બૈરીના ગુણોમાં પરમેશ્વરે મોટો તફાવત રાખેલો છે. અગર જો કેટલાક માણસોમાં બૈરાંના ગુણો અને કેટલીક સ્ત્રીઓમાં માણસના ગુણો હોય છે, તોપણ તેઓ સાધારણ નિયમથી ઊલટાં છે. સામાન્ય નિયમ તો એવો છે કે પુરુષોમાં કામકાજ કરવાના અને એવા બીજા સખત ગુણો હોય છે; અને સ્ત્રીઓમાં સહન કરવાના અને નરમ ગુણો માલૂમ પડે છે. દયા, મનની કોમળતા, ધૈર્ય, વગેરે બીજાને સુખી કરવાને જરૂરના ગુણો ઘણું કરીને સ્ત્રીવર્ગમાં વધારે હોય છે. એ જ કારણને લીધે તેઓ ઘર ચલાવવાને તથા પોતાના ધણીને સુખ ઉપજાવવાને વધારે લાયક છે. જ્યારે માણસ કોઈ આફતમાં આવી પડે છે ત્યારે તેને બૈરી સિવાય બીજું કોઈ શાંત કરી શકતું નથી. જ્યારે તેના મનમાં જુસ્સો ચઢી જાય છે ત્યારે તેની મનોવૃત્તિઓને નરમ પાડવાને તેને ઈશ્વરે સર્જેલી છે; પણ વિશેષે કરીને જ્યારે તેના ઉપર મંદવાડ આવી પડે છે, જ્યારે તેની એક નાના બાળકની પેઠે બરદાસ્ત લેવી પડે છે, જ્યારે તેનો સ્વભાવ એવો ચીઢિયો થઈ જાય છે કે તેનો બોલ બીજા કોઈ સાંખી શકતા નથી, તે જ વખતે બૈરીનું ખરેખરું કામ પડે છે; તે જ વખતે તેની ખરી કિંમત થાય છે; અને તે જ વખતે તેનું દુઃખ મટાડવાને પરમેશ્વરે તેને મોકલી હોય એમ પુરુષને લાગે છે. તેની ચાકરી કરવાની રીતથી જ અર્ધું દરદ ઓછું થાય છે. તેના મધુર શબ્દો રામબાણ ઓસડ જેવા થઈ પડે છે, અને તેના નરમ હાથ શરીર ઉપર ફરે છે એટલે જ ઘણી ઠંડક થાય છે; માણસને તેની જિંદગીના હરેક ભાગમાં સ્ત્રીથી સુખ મળે છે. નાનપણમાં માની ઘણી જ જરૂર હોય છે, બલ્કે તેની આવરદાનો આધાર ઘણું કરીને તેની મા અથવા એવી બીજી કોઈ સ્ત્રી હોય છે. મોટપણે તેની પત્ની વડે તે સંસારરૂપી સાગરમાં વધારે ચેનથી સફર કરી શકે છે, અને જો કમનસીબથી તેની સ્ત્રી તેના પહેલાં મરણ પામે તો કેટલુંક સ્ત્રીનું કામ તેની છોકરી ચલાવી શકે છે. કરણ રાજાને પણ તે જ પ્રમાણે થયું. કનકદેવીનું સઘળું લક્ષ પોતાના બાપને આરામ કરવા તરફ તથા તેની પીડા જેમ બને તેમ ઓછી કરવા તરફ હતું, અને તેમ કરવા સારુ તેની ઉંમર પ્રમાણે તેનાથી જેટલો બની શક્યો તેટલો તેણે શ્રમ કર્યો, અને પરમેશ્વરની કૃપાથી તે સઘળો સફળ

થયો. નાની છોકરી જે દેવળદેવી હતી તે તે વખતે માત્ર ચાર વર્ષની હતી, તથા તેનાથી પોતાની બહેનના જેવું કામ થઈ શકતું ન હતું, તોપણ તેના બાળપણના જુદા-જુદા ખેલથી, તેના કાલાકાલા બોલથી, તથા ખરા દિલથી પોતાના બાપને ખુશ કરવાને તે જે પ્રયત્ન કરતી હતી તેથી કરણ રાજાને અર્ધો આરામ થયો. એ બે છોકરીઓ તેના બાપને ખરેખરાં રત્નો હતાં, અને અગર જો તેણે દુનિયામાં સઘળું ખોયું હતું તોપણ તે મોટો ખજાનો તેને નસીબે રહી ગયો હતો. તેઓ તેના ઘા ઉપર ઠંડા મલમની જેવી હતી. જેમ ભૂખ્યાને અન્ન, જેમ તરસ્યાને પાણી, જેમ દરદીને ઔષધ, તેમ કરણ રાજાને એ બે છોકરીઓ હતી. જેમ-જેમ સઘળી દુનિયાએ તેનો વધારે ત્યાગ કર્યો, તેમ-તેમ તેઓએ તેને પ્રેમની જાળમાં વધારે સાંકળી લીધો. જ્યારે બીજા લોકો તેને આડી આંખે જોવા લાગ્યાં તે વખતે તેઓ પ્રીતિથી ભરપૂર નેત્રથી તેને નિહાળતી હતી. જ્યારે તેના ખોટા મિત્રો લીલા વનના સૂડાની પેઠે ઊડી ગયા ત્યારે ઈશ્વરે તેને શુદ્ધ પ્રેમવાળી પુત્રી મેળવી આપી, અને જ્યારે તેના ચાકરો, સિપાઈઓ, વગેરે કામ કરનારા જતા રહ્યા ત્યારે તેને ભાડૂતી નહીં પણ ખરા હેતવાળી મદદ કરનાર પુત્રી આવી મળી.

એ પ્રમાણે કરણનું સુખ માત્ર પાંચ વર્ષ સુધી પહોંચ્યું. પરમેશ્વરની ગતિ અકળ છે, તથા તેનાં કામોનાં કારણો શોધી કઢાય એવાં નથી. આટલું બધું સંકટ ભોગવ્યા પછી કરણ રાજાને જે થોડું સુખ મળ્યું તે તેને ઘણી મુદત સુધી અથવા તેના જીવતાં સુધી પહોંચશે એવી આશા રાખવામાં આવે, અને ઈશ્વર મરતાને વધારે મારશે નહીં એવી કલ્પના થાય; પણ એ આશા તથા કલ્પના ઘણી વાર ખોટી પડે છે. માણસ ઉપર જ્યારે દુ:ખ આવી પડે છે ત્યારે ઘણું કરીને સામટું જ આવી પડે છે, અને એ સઘળી આફતોમાં જે માણસ પોતાનું ધૈર્ય છોડતો નથી; તથા પરમેશ્વર ઉપરનો જેનો દૃઢ વિશ્વાસ જરા પણ ડગતો નથી તે માણસ ખરેખરો ધર્મી, તથા તે જ ખરેખરો ઈશ્વરનો ભક્ત જાણવો. માણસના વિશ્વાસની તથા ભક્તિની એ પ્રમાણે પરમેશ્વર પરીક્ષા લે છે; તેમાંથી ઘણા જ થોડા પસાર થાય છે. હમણાં તો કરણ રાજાનો વારો આવ્યો, અને જે વખતે તેનાં આગલાં દુ:ખોના ઘા પૂરેપૂરા હજુ રૂઝયા ન હતા, તથા જે વખતે સુખનો જરા સ્વાદ ચાખવા માંડ્યો હતો, તે વખતે તેને એક બીજો કારી જખમ લાગ્યો. મોતના દૂત તેના એકાંત કિલ્લા ઉપર ઊતર્યા, અને એક ઝપાટો મારી તેની વહાલી છોકરી કનકદેવી જે હમણાં તેર વર્ષની થઈ હતી, જે તેનાં સઘળાં સુખનું મૂળ હતી, જે તેની નિર્બળ અવસ્થાનો આધાર હતી તેને ઘસડી ગયો. આ અકસ્માત્ આવી પડેલા દૈવકોપથી કરણને જે મહાવ્યથા થઈ તેનું વર્ણન કરવાની જરૂર નથી. તે યથાસ્થિત થઈ શકે પણ નહીં; ને થાય તોપણ તેથી વાંચનારાઓને સંતાપ માત્ર ઊપજે, તેથી તે ઉપર પડદો ઢાંકી દઈ બીજાં ચાર વર્ષ કૂદી જઈને ઈ. સ. ૧૩૦૬ના વર્ષના અષાઢ મહિનામાં કરણ તથા તેની નાની છોકરી દેવળદેવી એક ઓરડામાં એકઠાં બેઠાં હતાં તે વખતનો દેખાવ બતાવવાનો પ્રયત્ન કરીએ.

દેવળદેવી તે વખતે તેર વર્ષની ઉંમરની હતી, અને તેનું રૂપ કોઈ રંભા અથવા અપ્સરાને લજવે એવું હતું. તેની ચામડીનો રંગ એવો તો ગૌર હતો, તથા તેમાં તેના લોહીના રાતા રંગનો એવો તો આભાસ પડતો હતો કે તેને જોઈ કોઈ ગુલાબનું ફૂલ પણ પોતાનું માથું નીચું નમાવે. તેની સાથે તેની ચામડી એવી પાતળી તથા પારદર્શક હતી કે તેમાંથી તેની લોહીની નસો દેખાતી હતી. તેનું કદ તેની ઉંમર પ્રમાણે જેટલું જોઈએ તે કરતાં કાંઈક મોટું હતું. તેનાં અવયવોનો ઘાટ એવો સુંદર તથા નાજુક હતો કે તેને પરમેશ્વરે પોતાને જ હાથે ઘડી હોય એમ કહી શકાય. તેની ચાલ હંસના જેવી, તથા તેના બોલવામાં મધના જેવી મીઠાશ હતી. તેના બાપને સુખી કરવાને તથા તેની ઉદાસી કાઢી નાંખવાને તે જ્યારે ગાતી ત્યારે તેના શબ્દો મોહનમંત્રની પેઠે સઘળાને મોહિત કરતા, તથા જેમ ઓરફ્યુસની વીણાના મધુર નાદથી મોહ પામી જંગલમાંનાં પશુપક્ષીઓ પોતપોતાનો સ્વાભાવિક વૈરભાવ એક બાજુ પર મૂકી તેની આસપાસ આવી

વીંટળાતાં, તેમ દેવળદેવીનો મધુર કંઠ સાંભળવા જાણે પવન પણ સ્થિર ઠરતો, તથા તેનાં પાળેલાં હરણાદિ બીજાં પશુઓ તથા પક્ષીઓ તેના નાદથી આકર્ષાઈ તેની પાસે દોડતાં આવતાં. જ્યારે પોતાની વાડીમાં ફરતી, ત્યારે જાણે પોતાના અનુપમ રૂપથી બધાંને ભૂરકી નાખ્યાં ના હોય, તેમ તે વાડીનાં જનજનાવરો તેની પાછળ દોડતાં, અને તેના વિના તેઓને જરા પણ ચાલતું ન હતું. તે તેની મા કૌળારાણીના જેવી જ અથવા તે કરતાં પણ અધિક રૂપાળી નીકળશે, એ કહેવું કંઈ મુશ્કેલ ન હતું. ઈશ્વરની કારીગરીનો સંપૂર્ણ નમૂનો જોઈને કોને સાનંદાશ્ચર્ય લાગ્યા વિના રહે?

વળી તેની ઉંમર તેર વર્ષની! એ વયમાં જ એક જાતનો મોહ રહેલો છે. આપણા અને આપણા જેવા બીજા ઉષ્ણ દેશોમાં તેરમું વર્ષ બાલ્યાવસ્થા તથા યુવાવસ્થાની મર્યાદા ગણાય છે. એ વખતે શરીરે આરોગ્ય અને સુખમાં ઊછરેલી છોકરીઓમાં ઘણા અગત્યના ફેરફાર થાય છે. મોંનો ભરાવ થાય છે તથા તેના ઉપર તાજું લોહી આવેલું માલૂમ પડે છે. વળી તે ઉપર પહેલાં જે બાળપણનું સ્વચ્છંદપણું હતું તે જતું રહીને તે ગંભીર વિચારવંત દેખાય છે. આંખનો દેખાવ પણ તે જ પ્રમાણે બદલાઈ જાય છે. ખભા તથા છાતી પહોળાં થાય છે; તથા શરીરનાં બીજાં અવયવોમાં પણ તેવો જ વધારો થાય છે. શરીરનું કદ મોટું થાય છે, અને તેનું યથાસ્થિત પોષણ થવાને લોહીનો પણ ઉમેરો થાય છે. જેવો શરીરનો ફેરફાર થાય છે તેવો જ મનનો પણ થયા વિના રહેતો નથી. તેર વર્ષની ઉંમર! એ ઠેકાણે ઊભી રહીને કોઈ પણ બાળા જ્યારે ભૂતકાળ પર નજર કરે છે ત્યારે તેને િનઃશ્વાસ મૂકવાનાં કેટલાં બધાં કારણો જડી આવે છે? તેનું બાળપણ પાણીના રેલાની પેઠે વહી ગયું તે ફરીથી પાછું આવવાનું નહીં, અને તેની સાથે બાલ્યાવસ્થામાં ભોગવવાનાં સુખો તે પણ ચાલ્યાં ગયાં. જે નિશ્ચિંત મનથી તે રસ્તામાં રમતી, જે ખુશીમાં તેના દહાડા જતા, જે ભવિષ્યને વાસ્તે તેના મનમાં બેપરવાઈ હતી, જે આનંદ તેને વર્તમાન વખતને વાસ્તે વાગતો, જે ખુલ્લા મનથી સઘળા નાના અથવા મોટાની સાથે તે વાતચીત વગેરેનો વહેવાર ચલાવતી, જે ભોળા સ્વભાવથી તે ઘરના માણસનો તેમજ પારકાનો ઠોક જીવને ઘણો ક્લેશ કર્યા વિના સહન કરતી, જે મનના ઘણા સ્થિતિસ્થાપકત્વથી તે શોકનો ઝટ ત્યાગ કરી પાછી આનંદમાં આવતી, જે વેરરહિત મનથી તેની સાથે લડનારાઓને ટૂંકી મુદતમાં ક્ષમા કરતી, જે શુદ્ધ અંતઃકરણને લીધે બીજાઓના દુષ્ટ વિચારો તે પારખી શકતી નહીં, તથા જે નિર્દોષપણાથી તે પાપ શું તે જ ઓળખતી નહીં, અને પાપરહિત મન હોવાથી મનમાં જે સુખ તથા શાંતિ રહેતી તે સઘળું હોય! હવે સદાકાળને માટે ગયું. બાલ્યાવસ્થામાં આનંદ માનતી છોકરીના મનમાં શોક ઉત્પન્ન કરવા આ ભૂતકાળનું દર્શન જ બસ છે, છતાં તે શોકમાં વધારો કરવા બીજી ઘણી બાબતો એકઠી મળે છે. જ્યારે તે ભવિષ્ય ઉપર નજર કરે છે ત્યારે તે શું જુએ છે? અત્યાર સુધી તો તે સંસારરૂપી ઘરની આગળની વાડીમાં જ રમતી હતી; પણ તેરમે વર્ષે તો તે તેના દરવાજામાં પેઠી, અને તે ઘરમાં શું હશે તે વાતના સંશયથી જ તેની શાંતિ ક્ષીણ થાય છે. હવે સંસારમાં પડવાનો વખત આવ્યો. આગળ નજર કરે છે તો સઘળું ધુમ્મસ પથરાયેલું દેખાય છે, તેમાંથી તેનાથી કાંઈ દેખાતું નથી, માટે કલ્પનાશક્તિ વડે સઘળું સારામાં સારું પોતાને માટે નિર્માણ થયું હોય એમ તે દેખે છે. પણ બીજાઓની અવસ્થા જોઈ તેની સ્વપ્નવત્ કલ્પનાઓ, સૂર્યપ્રકાશથી ધુમ્મસ જેમ વેરાઈ જાય છે તેમ એક પળમાં ખરી જાય છે. ભવસાગર તેને સઘળો તરવો છે એ વિચારથી જ તે ત્રાસ પામે છે, તથા આગળ શાં-શાં સુખ તથા દુઃખો આવી પડશે એ વિશેના અંધકારમાં અથડાય છે. પણ પરમેશ્વરની કૃપાથી એ સઘળા વિચારો તથા ચિંતાને ડુબાડી દેનાર એક નવો મનોવિકાર તે વયે તેની છાતીમાં જન્મ પામે છે. એ મનોવિકાર તે પ્રીતિ છે. તે સઘળામાં ઊંચી પદવી ધરાવે છે. તેની અસર ઘણી જ આશ્ચર્યકારક છે. તથા તેના અદ્ભુત પ્રભાવથી પુરુષ અથવા સ્ત્રી જે કામો કરી શકે છે, તે

ખરેખરાં ચમત્કારિક છે. જ્યારે તે વિકારનો જન્મ થાય છે, ત્યારે આખા શરીરમાં અજાયબ ફેરફાર થઈ જાય છે, અંતઃકરણમાં પ્રીતિનું એક અખૂટ ઝરણ ફૂટવા માંડે છે. તેના પાણીને વહેવા તથા અંતે ખાલી થવા કોઈ પણ સ્થળ જોઈએ. તે સ્થલ જ્યારે તેને મળતું નથી, ત્યારે તેના હૈયામાં શૂન્યાવકાશ જેવું લાગે છે. જગત્ સઘળું સ્મશાન જેવું દેખાય છે. મન પોતાના જેવા કોઈ બીજાને સોબતી કરવાને આણીગમ-તેણીગમ ફાંફાં મારે છે, અને જ્યાં સુધી તેવું કાંઈ મળતું નથી ત્યાં સુધી તેને જરા પણ સુખ કે શાંતિ થતાં નથી. તેનું શરીર દિનપરદિન ક્ષીણ થતું જાય છે. તેના અંતઃકરણમાંનો અગ્નિ અપાર બુદ્ધિવંત પરમેશ્વરે ઘણા ડહાપણભરેલા હેતુથી સળગાવેલો છે. એ પવિત્ર વિકાર પરમેશ્વરને વહાલો છે, અને જેમ તે વધારે સ્વચ્છ હોય છે તથા તેમાં બીજા કનિષ્ઠ વિકારોનું મિશ્રણ જેમ ઓછું હોય છે, તે તે વિકાર પરમેશ્વર ઉપરની સર્વોત્કૃષ્ટ પ્રીતિને મળતો આવે છે. તે જ્યારે સ્વચ્છ હોય છે ત્યારે અગ્નિની પેઠે શરીરના અંતરાત્માને અંગારી નાખી શુદ્ધ કરે છે, તથા મનની દુષ્ટ વૃત્તિઓને નરમ પાડી તેઓનો સમૂળો નાશ કરે છે. આવી વખતે પુરુષ અથવા સ્ત્રીનું આખું શરીર પ્રેમથી ભરપૂર હોય છે, અને તે ઊભરાઈ જઈ તેની આસપાસનાં માણસો, પશુઓ, પક્ષીઓ, જીવજંતુઓ, અને ઝાડ તથા ફૂલો ઉપર તેનું અમૃત રૂપી પાણી ઢોળાય છે. તે કોઈ વેળા ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિ છતાં પણ નિરાશ થતું નથી; તેનામાં આશા અમર જ રહે છે. ગમે તેટલી વિપત્તિમાં પણ તેની ધીરજ ઓછી થતી નથી; તે હંમેશાં આગળ સારા ઉપર જ નજર રાખી હરેક તરેહનાં કષ્ટ ધૈર્યથી વેઠે છે, પ્રેમપૂરિત આંખ કાંઈ પણ નઠારું દેખતી નથી. તેની આગળ હંમેશાં તડકો જ હોય છે, કોઈ દહાડો વાદળાં તો થતાં જ નથી. તેનો ઇચ્છેલો સોબતી, તેની જિંદગીની મુસાફરીમાં જોડે આવનારો સાથી, તેની આંખે સંપૂર્ણ જ દેખાય છે. મજનૂની આંખે લયલા કેવી ખૂબસૂરત દેખાતી હતી! બીજાઓને તે ગમે તેવી કુરૂપ લાગે તેની તેને કાંઈ ફિકર ન હતી. એ વિકારને વશ થઈ ઘણી સ્ત્રીઓએ અસાધારણ કામો કર્યાં છે, તથા જે હિંમત બીજે કોઈ પણ વખતે તેનામાં નજરે પડે નહીં તેવી હિંમત તેઓએ આ વિકારના આવેશમાં બતાવેલી છે.

જગતના ઇતિહાસ ઉપરથી માલૂમ પડે છે કે જે લોકોમાં સ્ત્રીપુરુષ બાલ્યાવસ્થામાં લગ્ન કરતાં નથી, તેઓમાં કન્યા ગાય-ઢોરની પેઠે જેને આપે તેના હાથમાં જતી નથી, જેઓ સ્ત્રીપુરુષને લગ્ન જેવો પવિત્ર સંબંધ સામાન્ય માલની ખરીદી પેઠે માલ વેચનાર તથા ખરીદદારની વચ્ચે થતો નથી, જેઓમાં લગ્નની છૂટે નહીં એવી ગાંઠ બંને પક્ષની રીતભાત, ગુણ, સ્વભાવ વગેરે ઉપર કાંઈ પણ લક્ષ ન આપતાં બાંધવામાં આવતી નથી, જેઓમાં સ્ત્રીપુરુષો કેટલીક મુદત સુધી એકબીજાનો સ્વભાવ તથા યોગ્યતા જુએ છે, તથા જેઓમાં બંનેની રાજીખુશીથી તથા બંનેનાં માબાપની કબૂલાતથી લગ્ન કરવામાં આવે છે, તેઓમાં કોઈક વખતે એવું બને છે કે ગરીબ સ્થિતિનો જુવાન કોઈ શ્રીમંત અથવા તેનાથી ચઢતી સ્થિતિની કન્યા સાથે પ્રીતિ બાંધે છે; પણ એટલું તો ખરું, જ્યાં સુધી તેની અવસ્થા ગરીબ રહે ત્યાં સુધી તે કન્યાનો પ્યાર તેના ઉપર ગમે તેટલો હોય તોપણ તેની સાથે પરણવાની જરા પણ ઉમેદ એને હોતી નથી. તે કન્યાનાં માબાપ એવા ગરીબ માણસની સાથે તેને ડહાપણભરેલા વિચારથી, અથવા તો અહંકારના બળથી, પરણાવતાં નથી; તેમ પેલો પુરુષ પણ તેવી અવસ્થામાં તેને પરણીને પોતાની સાથે તેને દરિદ્રતાના દુઃખમાં નાખવાને ચાહતો નથી. તે કુમારિકા ઉપર તેને એટલી બધી પ્રીતિ હોય છે કે પોતાના સ્વાર્થને તથા તરતના સુખને એક બાજુ પર મૂકી તે તેને એવો દિલાસો આપે છે કે હું જાતે ઘણો શ્રમ કરી કોઈ ઊંચી જાતનો ધંધો શીખીશ, અને જ્યારે હું મારા પોતાના બુદ્ધિબળે કરીને આ દુનિયામાં પંકાઈશ, અને દ્રવ્ય મેળવીશ, ત્યારે જ હું તારા બાપ પાસે તને વરવાની રજા માગીશ. એવો શુભ પ્રસંગ આવતાં વર્ષોનાં વર્ષો વહી જાય તોપણ તેમાં શી ચિંતા? તે મધ્યરાત્રે દીવા આગળ બેસી અભ્યાસમાં જ તલ્લીન થયો હોય તે

વેળા તેની પ્રાણપ્રિયાનું ચિત્ર તેની આંખ આગળ જ પ્રકટ થાય છે, અને જ્યારે તે અભ્યાસના શ્રમથી, પૈસાની તંગીથી, તથા બીજી ઘણી મુસીબતોથી કંટાળી જઈ ધારેલું કામ મૂકી દેવાનું મન કરે છે, એટલે તે પ્રેમમય મૂર્તિ તેને ઠપકો દેતી હોય તેમ તેની સામું જુએ છે, તથા 'ધીરજ' 'ધીરજ' એવા મીઠા શબ્દ બોલે છે. તેને જે-જે અડચણો નડે તે બીજા લોકોને ગમે તેવી વિકટ તથા દુસ્તર લાગે, તોપણ તેના અંતઃકરણના સિંહાસન ઉપર બિરાજેલી દેવીની આરાધનાથી તથા કામના મંત્ર વડે તે સઘળી ફૂંક મારવાથી ઊડી જાય છે. સઘળાં કામોમાં તે દેવી તેની પીઠ થાબડે છે, અને એવી રીતે નિરંતર ઉત્તેજન મળ્યા કરવાને લીધે હાથમાં લીધેલું કામ પાર પડ્યા વિના રહેતું નથી. એટલા વખતમાં જો તે બાળા દૃઢ મન રાખી પોતાના વચનનો ટેક રાખે તો કોઈ વખતે તે બંનેનો સંબંધ થાય છે, પણ જો તે ચળ થઈને પોતાના એક વેળા માન્ય કરેલા પ્રિયને ભૂલી જાય તો એવી અનિત્ય પ્રીતિવાળી સ્ત્રીને પરણવામાં પરિણામે કાંઈ સુખ ન થાત, એમ સમજીને તેને પોતાના મનમાંથી બિલકુલ વિસારી મૂકે છે, અને જે સારી અવસ્થા તથા મોટું પદ તેને પ્રાપ્ત થયું તે સઘળું પ્રીતિને લીધે જ થયું એમ માનીને સંતોષ રાખીને રહે છે.

આવી સ્વર્ગીય પ્રીતિથી ઘણાંનાં લગ્ન થયાં છે, અને થાય છે, પણ એ ઉત્કૃષ્ટ વૃત્તિ સઘળા લોકોના સમજવામાં તો ક્યાંથી જ આવે? આવી દૃઢ પ્રીતિ આ દુનિયામાં ખરેખરી હોઈ શકે એ વાતનો ખ્યાલ જેને અનુભવ નથી તેનાથી થવો મુશ્કેલ જ છે. જે દેશમાં સ્ત્રી-પુરુષોનાં બાળપણથી લગ્ન થવાને લીધે તેઓમાં પ્રીતિ કરતાં ભક્તિનો ભાવ વધારે પ્રબળ હોય છે; જ્યાં પૂજ્ય તથા પૂજક વચ્ચેની જ પ્રીતિ તે બંનેની વચમાં હોય છે; જ્યાં લગ્નનો મુખ્ય ઉદ્દેશ પાર પાડવો, વંશની વૃદ્ધિ કરવી, ઘરનો તમામ ધંધો ઉપાડી લેવો, અને છોકરાંને મોટાં કરવાં, એ સિવાય સ્ત્રીનો બીજો ઉત્તમ ઉપયોગ લોકો જાણતા નથી; જ્યાં સ્ત્રીના મૃત્યુથી પૈસા સંબંધે જ ખરાબ થયા તથા ઘર ઊખડી ગયું એટલા જ દુઃખને સારુ તેનો ધણી માથાં કૂટી રડે છે; જ્યાં વહુના મરણ પછી થોડા જ દહાડામાં બીજી સ્ત્રી પરણવા તરફ તેનો સ્વામી મન દોડાવે છે; ત્યાં આ શુદ્ધ, પવિત્ર તથા મનને વીંટાળનાર, અને જિંદગીની સાથે મળી જનાર, ઉચ્ચ વિકારને લોકો શી રીતે ઓળખે? બાળપણમાં પરણ્યાં એટલે જે વખતે સ્ત્રીપુરુષના સંબંધનો આરંભ થાય છે, તે વખતે આ પવિત્ર વિકારનો તો તેઓને લેશમાત્ર અનુભવ પણ થયો ના હોય એટલે તે વિકારનો તેમને ખપ પણ શો પડે? સૃષ્ટિનો એવો નિયમ છે કે કોઈ પણ વસ્તુની જ્યારે ખોટ જણાય ત્યારે જ તે વસ્તુની કિંમત જાણવામાં આવે છે; પણ બાળપણમાં પરણેલા છોકરા તથા છોકરીઓના હૃદયમાં શુદ્ધ તથા પરિપક્વ વિકાર ઉત્પન્ન થવાનો વખત જ આવતો નથી. તે વખત આવ્યા પહેલાં જ કૃત્રિમ પ્રેમ તેઓના અંતઃકરણમાં પ્રવેશ કરે છે, તેથી પરિપક્વ તથા સ્વાભાવિક પ્રેમની ખૂબી તેઓના જાણવામાં આવે નહીં એમાં શું આશ્ચર્ય? જેઓ આ અપૂર્ણ પ્રીતિને જ માત્ર અનુભવે છે, તેમને એ ઊંચી જાતના પ્યારની ખૂબી કેમ સમજાય? વળી જેમનાં નાનપણમાં લગ્ન થાય છે તેમને એ પ્યારનો ઉપયોગ કરવાનો પ્રસંગ જ મળતો નથી, તથા તે પ્યારનો ઊભરો ખાલી કરવામાં જે-જે આતુરતા તથા હોંશ ઉત્પન્ન થાય છે તે તેમને થતી નથી. પરણવું અને પટેલાઈ તે તો કહેવત પ્રમાણે કોને ના ગમે? પણ જ્યાં બાળપણમાં લગ્ન થાય છે, ત્યાં તે પવિત્ર સંબંધથી ઉત્પન્ન થતા અનેક લાભનો આપણે નાશ કરીએ છીએ. બાલ્યાવસ્થામાં સારો વિદ્યાભ્યાસ કરી નામ કરવું, કોઈ સારો ધંધો શોધી કાઢી કુટુંબના ગુજરાનનાં સાધન આગળથી તૈયાર કરી રાખવાં, તથા જરૂર પડે તો પોતાની પસંદ કરેલી કન્યાની સ્થિતિ બરોબર આવી પહોંચવું, તથા તેને ખુશ કરવાને મોટાં મોટાં કામો કરવાં, એ સઘળી પ્રેરણાઓ નાનપણથી પરણેલાઓને હોતી જ નથી. જ્યાં પ્રીતિ ફક્ત શરીરની ઇંદ્રિયોની સાથે જ સંબંધ રાખે છે, ત્યાં તેનું કાર્ય શરીરના બહારના ભાગ સાથે માત્ર હોય છે. રૂપ એ તેનો મુખ્ય ઉત્તેજક છે. તેને મનના ગુણોની બિલકુલ દરકાર હોતી નથી. ખરેખરી પ્રીતિની અસર એ પ્રમાણેની

નથી. જ્યારે આત્માને આત્માનો સંયોગ થાય છે, જ્યારે ગુણો તથા સ્વભાવ એકએકમાં ભળી જાય છે, જ્યારે તે ઐક્યથી ઉત્પન્ન થયેલી પ્રીતિ ઉપર ઇંદ્રિયોની સત્તા ચાલતી નથી, જ્યારે તે ઉત્કૃષ્ટ પ્યારમાં આ સંસારનો કાંઈ ભાગ હોતો નથી, અને જ્યારે તે સ્વાર્થરહિત બિલકુલ હોય છે, ત્યારે જ તે વાસ્તવિક પ્રીતિ જાણવી. જેનામાં એવી પ્રીતિ વ્યાપેલી હોય છે, તે બહારના રૂપને તથા બહારની અવસ્થાને જોતાં જ નથી. જેમ તે અબળાનું અશક્તપણું વધારે તેમ તેનું રક્ષણ કરવાની તથા તેને સુખ આપવાની તેની આતુરતા વધારે હોય છે. જેમ તેની દરિદ્રતા વધારે તેમ તે અવસ્થામાંથી તેને છોડાવવાની તથા તેને પોતાના સુખમાં ભાગીદાર કરવાની હોંશ વધારે થાય છે. જેમ એ પ્રીતિ તૃપ્ત થતાં વાર લાગે છે તેમ તે વધારે દૃઢ થતી જાય છે. અને કદાપિ આ પૃથ્વી ઉપર તે ટૂંકી મુદત સુધી ભોગવાય તોપણ પરલોકમાં તે િનઃસ્વાર્થ પ્રીતિનું અનુસંધાન થશે, એવી તે ખરા દિલથી આશા રાખે છે. અરે! આ નિષ્કામ પ્રીતિ સઘળાના જાણવામાં આવે તો જગતમાં કેવો સારો ફેરફાર થઈ જાય! સંસારમાં અનેક પ્રકારનાં દુઃખો માણસના ઉપર આવી પડે છે તેમાં એ પ્રીતિ એક સુખ ઉપજાવનાર છે, દુઃખના દરિયામાં એ એક કંદીલિયું છે, તથા ડૂબતા માણસને તે એક દોરડા જેવી છે. માણસના સુખને અર્થે એ સ્વચ્છ પવિત્ર પ્યાર તેનામાં મૂકેલો છે, તેનો સારે રસ્તે ઉપયોગ માત્ર કરવો જોઈએ. અશક્ત, આંધળા, મૂગા, તથા દુનિયામાં નકામા જેવા છોકરા ઉપર તેની માનો કેટલો બધો પ્યાર હોય છે? જેમ તે છોકરાનું પરાધીનપણું વધારે, તેમ તે પ્યાર મજબૂત હોય છે. એ પ્યારમાં કાંઈ સ્વાર્થ તો હોતો જ નથી. તે શુદ્ધ પ્રીતિનું એક નિર્મળ ઝરણ છે. બે વૃદ્ધ વરવહુની પ્રીતિ પણ કંઈક તેના જેવી હોય છે, તેમાં વિષયવાસનાનું મિશ્રણ હોતું જ નથી. સમાન વયના તથા સરખી અવસ્થાના બે પુરુષોની સાચી મિત્રાચારી પણ એ જ પ્રકારની હોય છે. તેઓના આત્માનો સંયોગ થયેલો હોય છે; તેમાં સ્વાર્થ રૂપી નબળું બંધન જોવામાં આવતું નથી. જેમ કચરાને ધોઈ સાફ કરીને તેમાંથી સોનાના રજકણો કાઢવામાં આવે છે, જેમ મરડિયા કાંકરા જેવી વસ્તુને ઘસીને તેના ઘણા સ્વચ્છ પાણીદાર હીરા બનાવવામાં આવે છે, તેમ સ્વાર્થી પ્રીતિમાંથી સ્વાર્થ રૂપી કચરો કાઢી નાખી, તેને નિર્મલ કરી, તેનો અતિ વિસ્તાર કરવો, એટલે પછી જે પ્રીતિ બને તે જ આપણે સઘળાઓએ પરમેશ્વર ઉપર રાખવી.

દેવળદેવી તેર વર્ષની હમણાં થઈ હતી, અને તેના હૃદયમાં પ્રેમવિકાર ઉત્પન્ન થયો હતો. એ નવી વૃત્તિ પેદા થવાથી ઉપર જે સઘળા ફેરફાર કહ્યા તે તેનામાં થયા હતા. આવી એકાંત જગામાં તે રહેતી હતી તેથી તેના બાપ, ચાકર, તથા ગામના કેટલાક માણસો સિવાય બીજા કોઈ પુરુષ તેના જોવામાં આવતા ન હતા. તેના બાપની આવી અવસ્થા હોવાને લીધે તેને સ્વયંવરમંડપમાં કોઈ મનગમતા ગળામાં વરમાળ ઘાલવાનો સમય આવશે એવો સંભવ ન હતો, તથા કોઈ યોગ્ય વર તેને વરવાને તેના બાપને કહેણ મોકલશે એમ પણ લાગતું ન હતું. એ વિચારથી તે ઘણી જ ઉદાસ રહેતી. અને જો પરમેશ્વરે તેના ઉપર દયા લાવીને એ વિશે કાંઈ પણ આશા બતાવી તેને સુખી કરવાનો પ્રસંગ આપ્યો ન હોત તો તેનો ધીમે-ધીમે ક્ષય થાત. એક સુશોભિત ઝાડ તેના પૂર બહારમાં માંહેથી કીડાના કોતરવાથી એકદમ તૂટી પડે છે તેમ તે કોઈ દહાડો કામરૂપી કીડાથી ખવાઈ જાત, અને કોઈના કળ્યામાં ન આવે એવા કારણથી તેના અકાળ મૃત્યુથી અંત આવત. પણ એમ થવાનું સર્જિત ન હતું. દેવળદેવીની જિંદગીમાં તો ઘણા ફેરફાર થવાના હતા તેથી એક ખૂણામાં તે પડી રહે, એવું ઈશ્વરે નિર્માણ કર્યું ન હતું.

તે વખતે એવું બન્યું કે બાગલાણથી આશરે દશ કોશ ઉપર એક વાઘ અને વાઘણે રાહ પાડી. તેઓએ આસપાસનાં ગામોનાં ઢોર એટલાં તો મારી નાખ્યાં, તથા લોકમાં એટલો તો ત્રાસ પાડ્યો, કે તેને મારવાને ગામેગામથી લોકો એકઠા થયા; પણ તે એવાં વિકરાળ, જોરાવર તથા ચપળ હતાં કે તેમને મારવામાં કેટલાક લોકોના પ્રાણ ગયા તોપણ તેમાંથી એક પણ મૂવું

નહીં. એ વાઘોની વાત દેવગઢના રાજાને કાને પડી, તેથી તેણે પોતાના બે છોકરા ભીમદેવ તથા શંકળદેવને તેમને મારવાને તથા લોકોને નુકસાન થતું બચાવવાને મોકલ્યા. ભીમદેવની ઉંમર આશરે ૨૫ વર્ષની હતી અને બહાદુરીમાં તે રજપૂતના નામને એબ લગાડે એવો ન હતો. બીજો શંકળદેવ હતો તે રૂપમાં તથા શૂરાતનમાં ઇંદ્રના જેવો હતો, અને તેના ગુણો તથા સ્વભાવ ઊંચી જાતના રજપૂતને શોભા આપે એવા હતા. તે હજુ પરણેલો ન હતો, અને તેના ચિત્તને આકર્ષણ કરે એવી સુંદરી તેના જોવામાં હજુ આવી ન હતી. તેઓ બંને હાથી ઉપર સવાર થઈ બાણ, ભાલા વગેરે શસ્ત્ર સજી કેટલાંક માણસો સાથે લઈ નીકળ્યા; અને બે દહાડે બાગલાણની પડોશમાં તેઓએ મુકામ કર્યો. કરણ રાજાને પણ શિકારનો ઘણો શોખ હતો, તથા એવાં કામોમાં પડ્યાથી તેના દુઃખમાં થોડી વાર ઘટાડો થશે એમ જાણીને તેઓએ તેને સંદેશો મોકલ્યો, અને પોતાની સાથે આવવાની તેને વિનંતી કરી. કરણ રાજાએ પણ કાંઈ કામ જડે તો તેમાં પડી કાળ નિર્ગમન કરવાનો ઠરાવ કર્યો હતો, તથા જે કામોમાં શૂરાતન દેખાડવાનો પ્રસંગ આવે તે કામો ઉપર તેને ઘણો શોખ હતો, તેથી શિકારમાં જવાને તેણે કબૂલ કર્યું. તેણે હજુ સુધી દેવળદેવીને વીલી મૂકી ન હતી, તેથી તેને એકલી રાખીને જતાં તેનું મન માન્યું નહીં. તેણે દેવળદેવીને પોતાની સાથે લીધી, અને હથિયાર બાંધીને તે ભીમદેવ તથા શંકળદેવને જઈને મળ્યો. પછી તેઓ સઘળા જે જંગલમાં પેલા વાઘો હતા ત્યાં ગયા; અને એક માંડવો તૈયાર કરાવીને તે ઉપર દેવળદેવી તથા કેટલાક માણસોને રાખી કરણ તથા દેવગઢના બે રાજપુત્રો જંગલમાં આગળ ચાલ્યા. ગામના કેટલાક લોકોએ ગાઢ ઝાડી-કોતરો આગળ જઈ મોટા અવાજ કર્યા, અને વાઘને ભય પમાડીને બહાર કાઢવાને ઘણી તરેહના પ્રયત્નો કર્યા. એટલામાં એક કિકિયારી કરી વાઘ એક છલંગ મારી બહાર નીકળ્યો, અને એક પંજાના સપાટાથી ગામના એક માણસને મરણતોલ કરી ભોંય ઉપર પાડ્યો એટલે બધા જીવ લઈને નાઠા. તેઓમાંથી એકની ગરદન પકડી તેને પણ મારી નીચે પાડ્યો, તે વખતે કરણે એક તીર માર્યું; પણ તેની ચપળતાને લીધે જ્યાં તાકીને માર્યું હતું ત્યાં ન વાગતાં તેને પૂંછડી આગળ જખમ લાગ્યો. વાઘે ખીજવાઈને દોડ કરી તે વખતે તે ત્રણ રજપૂતો સિવાય સઘળા નાસવા લાગ્યા. વાઘે આવી ભીમદેવના હાથી ઉપર તલપ મારી, અને જો તે જ ક્ષણે શંકળદેવે એક તીર મારી વાઘને પાછો પાડ્યો ન હોત તો તે હાથીનો નિશ્ચય કાળ આવત અને ભીમદેવની શી દશા થાત એ કહેવાત નહીં. પણ શંકળદેવના તીરનો ઘા તેના કલેજામાં વાગ્યો તેથી તે પડ્યો. તે જ વખતે ભીમદેવે નીચે ઊતરીને તેના મોંમાં એક ભાલો માર્યો, તેની સાથે લોહીનો ધોધ તેના મોંમાંથી નીકળ્યો, અને એક ભયંકર ચીસ પાડી તે જોરાવર વાઘ, તે વનના પશુઓનો રાજા, તે પ્રાણઘાતક પશુ, તે અગણિત હિંસા કરનારું જાનવર મડદું થઈ ચત્તુંપાટ પડ્યું. પણ તેની મરતી વખતની ચીસથી આખું રાન ગાજી રહ્યું, અને તેનો અવાજ એક ભાગમાં તેની માદા પડેલી હતી ત્યાં સંભળાયો. પોતાના સ્વામીનો કોઈએ પ્રાણ લીધો તેનું વેર લેવાને ક્રોધના આવેશથી તેણે છલાંગ મારી, અને વીજળીને વેગે દોડતી આવી. તેને મારવાને કોઈને વખત મળ્યો નહીં. એટલામાં તો તે માંડવા સાથે અથડાઈ, અને તેના ધણીને મારનાર માંડવા ઉપરના માણસો હશે એમ ધારી તેના એક ટેકાને તે વળગી. વાઘમાં જોર અતિશય હોય છે, અગર જોકે તે ઝાડ ઉપર ચઢી શકતો નથી તોપણ કોઈ નબળા-પાતળા ઝાડને તેના ઘણા જ સામર્થ્ય વડે તે તોડી પાડી શકે છે. આ વખતે વાઘણે તે માંડવાના એક ટેકાને એટલા જોરથી આંચકો માર્યો કે તે આખો માંડવો એક મોટા અવાજ સાથે નીચે કકડી પડ્યો. તે ઉપર જે માણસો હતાં તેઓમાંથી કેટલાંક જીવ લઈને નાઠાં, કેટલાંકનાં શરીર આટલે ઊંચેથી પડવાથી એવાં તો બહેર મારી ગયાં કે તેઓથી તરત ઉઠાયું જ નહીં, અને બાકીનાં ભયથી એવાં બેભાન થઈ ગયાં કે તેઓને શું બન્યું તેની કંઈ ખબર રહી નહીં. વાઘણે પોતાના પંજા વડે એ–બે માણસોને સખત જખમી કર્યાં, અને

દેવળદેવી બેહોશ જેવી પડી હતી તે ઉપર તરાપ મારવાની તૈયારી કરી. પણ જ્યારે આ પૃથ્વી ઉપરની અપ્સરા, આ નિર્દોષ છોકરી, આ કરણ રાજાના જીવનો આધાર, જિંદગી અને મોતની હદ ઉપર આવી પડી હતી, બલકે જ્યારે તે મૃત્યુની અગાધ કરાડ ઉપર નિમાળાને આધારે લટકેલી હતી, જ્યારે તેને મદદ કરે એવું કોઈ દેખાતું ન હતું, તે વખતે પાસેની ઝાડીમાંથી એક માણસે આવી તે વાઘણ ઉપર તલવારનો ઘા કર્યો, અને જેવી તે પાછી ફરી તેના ઉપર હુમલો કરવાનું કરે છે એટલામાં તેના મોંની વકાશમાં તેણે ભાલો એવા જોરથી ખોસી ઘાલ્યો કે તે તેના દાંત પાડી નાંખીને તેના તાળવામાં ભોંકાયો. એ ઘા તેને વાસ્તે બસ હતો. એક મોટી ભયાનક ચીસ પાડી તે તમરી ખાઈ નીચે પડી, અને પડતાંવાર તેના તલવાર વતી તે માણસે કકડેકકડા કરી નાખ્યા. જોખમનો વખત તો ગયો; મોતનું વાદળું ઘસડાઈ ગયું; ભરદરિયાના ભારે તોફાનમાંથી વહાણ લગભગ ભાંગી પડતું બચ્યું; તોપણ આવા અચાનક મોતના ભયથી તેને જે આંચકો લાગ્યો હતો, તેની અસર જલદીથી જતી રહી નહીં. દેવળદેવી કેટલીક વાર બેશુદ્ધ રહી, અને તેને જાગ્રત કરવાને ગમે કેટલા ઉપાય કામે લગાડ્યા તોપણ તેથી કંઈ વળ્યું નહીં. કરણ તો પોતાની અતિ વહાલી છોકરીને આવી અવસ્થામાં જોઈને ઘેલા જેવો થઈ ગયો, અને તેનાથી તો તેને શુદ્ધિમાં આણવાને કાંઈ બન્યું નહીં. શંકળદેવનું સઘળું તન અને મન એ કામમાં લાગેલું હતું, અને તેની મહેનત તથા અગણિત યુક્તિઓને લીધે જ તેને પાછી શુદ્ધિ આવી. જે વખતે દેવળદેવીએ આંખ ઉઘાડી, ત્યારે તેના પ્રાણ બચાવનાર શંકળદેવ ઉપર તેણે પોતાની નજર માંડી. તેટલી નજર શંકળદેવના મનનું હરણ કરવાને બસ હતી. તેની આંખમાં ઉપકાર તથા પ્રીતિ એ બંને એકઠાં મળેલાં હતાં, તેની અસર જલદીથી થઈ ગઈ. ધન્વંતરિ તથા લુકમાન હકીમોએ ઔષધનાં જુદાં-જુદાં મિશ્રણો કર્યાં હશે, તેઓની અસર પણ આવી તત્કાળ થઈ નહીં હોય. એ દૃષ્ટિ પડ્યા પછી શંકળદેવની આખી જિંદગી જ બદલાઈ ગઈ; તે એક નવો જ માણસ થયો; અને નવા નવા વિકારો તેના મનમાં એક પછી એક આવવા લાગ્યા. તે સઘળાની એકઠી થયેલી અસર તેનાથી ખમાઈ નહીં, તેથી તે ગભરાટમાં ત્યાંથી નાસી ગયો અને એક ઝાડને ઓથે બેસી સ્વપ્નવત્ અવસ્થામાં કેટલીક વાર સુધી પડી રહ્યો.

વાઘ તથા વાઘણ મરાયાં, અને દેવળદેવીના હોશ ઠેકાણે આવ્યા, એટલે ત્યાં વધારે વાર રહેવાનું પ્રયોજન રહ્યું નહીં, તેથી તેઓ સઘળાઓએ કૂચ કરી. ગામડાંના લોકો ખુશ થઈને પોતાને ઘેર ગયાં, અને ભીમદેવ તથા શંકળદેવ દેવગઢ તરફ વળ્યા. રસ્તામાં દેવળદેવી તથા શંકળદેવનું એકબે વાર સિવાય વધારે મળવું થયું નહીં પણ તે એકબે વારમાં તે બંને જણની ખાતરી થઈ કે તેઓએ એકમેકનું મન ચોરી લીધું હતું, તથા તેઓ પોતાનું સુખ તથા શાંતિ તે જંગલમાં મૂકી આવ્યાં હતાં. પુરુષ કરતાં સ્ત્રી સ્વભાવે નરમ હોય છે, તેથી જ્યારે સ્ત્રીપુરુષ વચ્ચે સ્નેહ બંધાય છે ત્યારે તેની અસર સ્ત્રીના મન ઉપર વધારે થાય છે. સ્ત્રીના અંતઃકરણ ઉપર તે વધારે અમલ ચલાવે છે; સ્ત્રીને જે કાર્ય ઈશ્વરે સોંપેલું છે તેમાં પ્રીતિનો ઘણો ખપ પડે છે; વળી તે ઘરમાં એકાંતમાં બેસી રહે છે તેથી તેને એ બાબતના જ વિચાર કર્યા કરવાને ઘણો વખત મળે છે, તે કારણોને લીધે સ્ત્રીની છાતીમાં પ્રીતિ વધારે સજ્જડ મૂળ ઘાલી રહે છે. એથી ઊલટું પુરુષ વધારે કઠણ છાતીનો હોય છે, તેનામાં લોભ, દુનિયામાં વખણાવાની તથા પ્રતિષ્ઠા વધારવાની વૃત્તિ, વધારે જોરાવર હોય છે, તથા દુનિયા સંબંધી તેને ઘણાં કામકાજ કરવાનાં હોય છે, તેથી તેના અંતઃકરણ ઉપર કામની સત્તા તેટલી બળવાન થઈ શકતી નથી, એ જ કારણથી આ દેશમાં સ્ત્રીઓ પોતાના સ્વામી પ્રત્યેનો અતિઘણો પ્યાર બતાવવાને તેની પાછળ સતી થતી હતી; એ જ કારણથી આ દેશની ઊંચી જ્ઞાતિની સ્ત્રીઓને તેમની આખી જિંદગીમાં એક કરતાં વધારે પુરુષ સાથે પરણવાનો પ્રતિબંધ કર્યો છે; અને એ જ કારણથી સ્ત્રીપુરુષની પ્રીતિ તૂટવાથી સ્ત્રીને વધારે દુઃખ થાય છે, અને કેટલીક વાર તેનો દેહ પણ પીડાઈ-પીડાઈને તે

પાડે છે. પુરુષને એ પ્રમાણે ક્વચિત જ થાય છે. કોઈ પણ દેશમાં પુરુષે પોતાની સ્ત્રીને માટે પોતાનો દેહ અર્પણ કર્યો હોય એવું આપણા જાણ્યામાં નથી. કોઈ દેશમાં એક સ્ત્રીના મરણ પછી બીજી સ્ત્રી પરણવાનો પુરુષને પ્રતિબંધ હોય તે પણ આપણે જાણતા નથી, તથા સ્ત્રીના મરણના દુઃખથી તેનો ધણી પણ તેની પાછળ મરી ગયો, એવું આપણે ક્વચિત જ સાંભળ્યું હશે.

દેવળદેવીના અંતઃકરણમાં જે પ્રીતિ બંધાઈ હતી તે ઘણી જોરદાર હતી, તેની આ પહેલી જ પ્રીતિ હતી, અને જે વખતે તેના પ્યારનું ઝરણ ઊભરાવા લાગ્યું તે જ વખતે તેને ઝીલી લેવાને યોગ્ય એવું બીજું અંતઃકરણ તેને સુભાગ્યે જડ્યું. વળી તેની પ્રીતિમાં ઉપકાર પણ ભળેલો તેથી તેની સત્તા વધારે બળવાન થઈ હતી. દુનિયામાં માત્ર ઉપકારથી જ પ્રીતિ ઘણી વાર બંધાય છે, અને તે ઉપકારની સત્તા એટલી જોરાવર છે કે તેની નીચે આવી પડેલાં સ્ત્રીપુરુષો વય તથા અવસ્થા પર વિચાર નહીં કરતાં લગ્નની પવિત્ર ગાંઠથી સંધાય છે. દેવળદેવીના મનમાં શંકળદેવ જેવા જુવાન અને રૂપાળા પુરુષને જોવાથી, તથા તેના પ્રાણ બચાવનારનો ઉપકાર વાળવાના હેતુથી, જે પ્રીતિ ઉત્પન્ન થઈ તે ઘણી દૃઢ હતી, એ કેવળ સ્વાભાવિક જ હતું.

શ્રાવણ મહિનો આવ્યો. જગાએ-જગાએ નાના છોડવાઓ વરસાદના પડવાથી ઊગી નીકળ્યા. જમીન ઉપર ઘાસની ખૂબસૂરત શેતરંજી પથરાઈ ગઈ. વાડીઓમાં શાક-તરકારીના વેલાઓ રોપવામાં આવ્યા. ફૂલો પણ સારાં-સારાં ખુશબોદાર ઊગ્યાં. ખેતરો ચાસ પડેલાં તથા કેટલાંકમાં અનાજના નાના છોડો ઊગેલા દેખાતા હતા. ખેડૂત લોકો પણ કામમાં ફરતા હતા; તથા તેઓના બળદ લીલો ચારો ચરી તાજા થયેલા સાંજરે ઘણણ-ઘણણ અવાજ કરતા પાછા આવતા હતા. ભેંસો ઘણી મગ્ન દેખાતી હતી, અને કાદવ તથા પાણીનાં ખાબોચિયાંમાં આખો દહાડો આળોટ્યા કરતી હતી. નદીનાળાં ભરપૂર થઈ ગયાં હતાં, અને રસ્તાઓ કીચડથી એવા ચીકણા થઈ ગયા હતા કે ગાડાં જઈ શકતાં ન હતાં. મુસાફરો ઘોડા અથવા બળદ ઉપર બેસીને જતા હતા. શહેરમાં રસ્તાઓ પણ કાદવ તથા પાણીથી તેવા જ ગંદા તથા દુર્ગંધવાળા થઈ ગયા હતા; અને લોકો તે પર વગર જોડે, ધાબળા અથવા કામળાના ઘૂમટા ઓઢીને ફરતા હતા. વરસાદનું જોર નરમ પડી ગયું હતું. આ મહિનામાં વખતે-વખતે વાદળાં થઈ આવતાં, પણ વરસાદ ઝરમર-ઝરમર જ આવતો.

એવા મહિનામાં એક દિવસે સાંજના દેવળદેવી પોતાની વાડીમાં સુંદર સુવાસદાર ફૂલોથી ઢંકાયેલા એક માંડવામાં ઉદાસ વૃત્તિમાં પગ લાંબા કરી, તથા પોતાના શરીરનું કાંઈ ભાન ન રાખતાં અઢેલીને પડેલી હતી. તેનું આખું શરીર કામથી વ્યાપેલું હતું; તેની હરેક નસમાં કામથી મિશ્ર થયેલું લોહી વહેતું હતું; તેની આંખ કામવિકારથી ઘુમરાયેલી હતી; અને તેના સઘળા વિચાર તે જ વિષય ઉપર દોડતા હતા. વાડીમાં મંદ-મંદ શીતળ વાયુ વાતો હતો તેથી કામનો અગ્નિ ઠંડો પડવાને બદલે ઊલટો વધારે જોરથી બળતો હતો. ના-ના પ્રકારનાં ફૂલોની સુગંધ પવનની લહેરોની સાથે ઘસડાઈ આવતી તેથી ઊલટો મદમાં વધારો થતો, તથા ઇંદ્રિયસુખના ઉપભોગને માટે વધારે ઊલટ હતી. આકાશમાં વાદળીઓ ઘણા વેગથી દોડતી તેની સામે દેવળદેવી જોયા કરતી, તે તેના પ્રિય શંકળદેવની તરફથી કાંઈ સંદેશો લાવે છે એવી મનગમતી કલ્પના કરતી, અથવા તે પોતાનાં બીજાં મનગમતાં વાદળાંને મળવાને ઘણી આતુર છે એમ મનમાં લાવતી. અરે! જો તેને વાદળાંના જેવી ગતિ અથવા પક્ષીઓના જેવી પાંખ હોત તો તે તરત ઊડીને તેના પ્રાણપ્રિયને મળત. જેની આંખમાં કમળો થયો હોય તે સઘળું જ પીળું દેખે, તેમ જેની આંખમાં કામનો વિષય ભરાયો તે સઘળાંને કામાતુર દેખે છે. કેતકીનાં ફૂલોની આસપાસ ભમરા ઊડ્યા જ કરતા, અને તેમાંથી મધ ચૂસ્યા કરતા. ખરે, એ ભમરા જેવું કોઈ ભોગી નથી. તે પોતાની પ્રિયાની આસપાસ ફરતાં કદી થાકતા નથી. તથા તેની મીઠાશ ચાખતાં

કદી ધરાતા નથી. પણ દેવળદેવી બિચારી કેવી અભાગણી કે તેનો પ્રિય દૂર પડેલો, અને તેનાં દર્શન સરખાં પણ દુર્લભ. તેનું અધરામૃત ઊભરાઈ જતું, પણ તેનું પાન કરવાને પાસે કોઈ ન હતું. અરે કેતકી! તમે પણ દેવળદેવી કરતાં અતિ ઘણી ભાગ્યવાન છો. આંબાનાં ઝાડોની આસપાસ જે વેલા વીંટાયેલા હતા તે કેવા ચૂડ ભેરવીને વૃક્ષની અડોઅડ રહેલા હતા? રખેને તેને કોઈ વછોડી નાખે. પણ દેવળદેવીનું કેવું દુર્ભાગ્ય કે તેને આવું આલિંગન આપવાને કોઈ ન હતું. વેલા અને સ્ત્રી એ બંનેને કાંઈ પણ આશ્રયની જરૂર છે. તે ન હોય તો તેઓ બંને કરમાઈને મરી જાય. વેલાઓને તો એવો આશ્રય તરત જ મળે છ,ે અને તેને ચૂડ ભેરવીને તેઓ રહે છે અને વધે છે, અને ઘણી વાર તો તે આશ્રયથી જ તેઓનું પોષણ થાય છે. સ્ત્રીને પણ આવો આશ્રય મળે તો ખરો, પણ ઘણી વાર તેને મનગમતો તે મળતો નથી, અથવા તેથી તેનું બરાબર પોષણ થતું નથી. મોર પોતાનાં રંગબેરંગી પીંછાં વિસ્તારીને કળા કરીને નાચતા હતા. તેને તે વખતની મજાથી આનંદ ઊપજતો હતો, અને તેની ખુશીમાં ભાગ લેનાર ઢેલો તેના જેવી રૂપાળી તો નહીં પણ જેવીતેવી, ત્યાં ફરતી હતી. જ્યારે ઢેલ સરખી કુરૂપ માદાને આવો રૂપાળો નર મળે, અને તેઓ શ્રાવણ સરખા રમણીય માસમાં મજા કરે ત્યારે દેવળદેવી કેવી પાપણી કે તેનું અનુપમ રૂપ છતાં પણ તેની સાથે ગેલ કરવાને તથા તે ઋતુનું સુખ ભોગવવાને કોઈ ન હતું. પક્ષીઓ પણ આનંદથી એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ના-ના પ્રકારના મીઠા સ્વર કાઢીને ઊડતાં હતાં, અને તેમના મધુર નાદથી આખી વાડી ગાજી રહી હતી. તેઓની ખુશીને કાંઈ હદ ન હતી; બિચારી દેવળદેવી એકલી પોતાના વહાલાના વિયોગથી મહા પીડામાં દેખાતી હતી, અને પક્ષીઓની અવસ્થા ઉપર અદેખાઈ લાવી ઉત્તમ માનવીદેહનો ત્યાગ કરી. પક્ષીઓનો દેહ ધારણ કરવાને તે પરમેશ્વર પાસે માગતી હતી. તેની પાળેલી હરણી પાસે આવી, અને હંમેશના ધારા પ્રમાણે તે તેના ઉપર હાથ ફેરવશે, અથવા બીજી ઘણી રીતે લાડ લડાવશે, એવી આશા રાખી ત્યાં ઊભી રહી, પણ તેની આશા સફળ થઈ નહીં. તે બિચારી તેની સદાની સોબતી પાસે ઊભી જ રહી, પણ તેના ઉપર એક પ્રેમદૃષ્ટિ પડી નહીં. તે બિચારી શું જાણે કે તેના પાલકની સઘળી પ્રીતિ એક ઠેકાણે એકઠી થઈ ત્યાં જ બંધ થયેલી હતી, તેમાંથી તેના ઉપર કેવી રીતે નીકળે? અંતે તેનું નિરાશ, ગરીબડું મોં જોઈને દેવળદેવીને દયા આવી, અને તેના ઉપર હાથ ફેરવી તે બોલી : ‘‘અરે! તું પણ મારા જેવી જ અભાગણી છે. તને પણ કોઈ નર નથી, અને તે કોઈ દહાડો મળશે એવો તું જ્યાં સુધી મારી પાસે રહેશે ત્યાં સુધી સંભવ પણ નથી, માટે હું તને થોડા દહાડામાં છોડી મૂકીશ, તું જંગલમાં ફરતી ફરજે, અને તારી જાતના નર સાથે જેટલું અને જેવું સુખ ભોગવાય તે ભોગવજે. પણ હજી મારા કરતાં તું વધારે સારી છે. તું મારી સાથે ગેલ કરે છે, અને મારી પ્રીતિથી સંતોષ માનીને સદા આનંદમાં રહે છે. પણ મારી સાથે પ્રીતિ કરનાર કોઈ જ નથી. અને મને કોઈ લાડ લડાવનાર મળવાનો પણ નથી.’’ એટલામાં વાદળાં ચઢી આવ્યાં, અને સઘળે ઘોર ઘટા થઈ રહી. ઝરમર-ઝરમર વરસાદ આવવા લાગ્યો. ફૂલોએ પોતાનાં મોં આકાશમાંથી અમૃત પડતું હતું તે ઝીલવાને ઉઘાડ્યાં. પક્ષીઓ જે ઊડતાં તથા ગેલ કરતાં હતાં તેઓ ઝાડોમાં ભરાઈ ગયાં. મોર વધારે કળા કરી તથા વધારે આનંદ પામી નાચવા લાગ્યા. હરણી પણ ખુશીના આવેશથી તેની પાસેથી કૂદતી નાસી ગઈ. તે સ્થળે તો દેવળદેવી અને વરસાદ એ બે જણાં એકલાં રહી ગયાં. શું આ વરસાદના પાણીથી તેના મનની આગ હોલવાય? કદી નહીં. જેમ બળતા ઉપર થોડું-થોડું પાણી પડવાથી તે વધારે જાગ્રત તથા પ્રદીપ્ત થાય છે, તેમ દેવળદેવીના અંતકરણમાંનો તાપ વૃષ્ટિ પડવાથી વધારે જુસ્સાથી બળવા લાગ્યો. આસપાસ ઝાડીઓમાંથી કોયલ મીઠા શબ્દ કાઢતી હતી, અને સઘળાં પક્ષીઓને છેલ્લા રામરામ કરતી હતી. પપૈયા પીઉ પીઉ કરી દેવળદેવીને શંકળદેવનું સ્મરણ કરાવતા, તથા તેની છાતીમાં ઘા મારતા હતા. દેડકાઓ પગ ખાબોચિયાંમાંથી તેઓનો બેસૂરો અને કઠોર નાદ

સંભળાવતા હતા. સઘળે ઠેકાણે આનંદ-આનંદ થઈ રહ્યો હતો. પણ કામથી પીડિત સ્ત્રીને આવા રળિયામણા દહાડામાં સ્વામી વિના શી રીતે સંતોષ થાય? તેના મનની આગ કેમ હોલવાય? અરે કવિઓ! તમે કામદેવનાં બાણ ફૂલનાં બનેલાં કલ્પો છો પણ એ જૂઠું છે. કદાપિ તે ફૂલોનાં બનેલાં હશે, તોપણ તેઓમાં ઘણા તીક્ષ્ણ કાંટાઓ છે, તેથી જ્યારે તેઓનાં અંતઃકરણને લાગે છે ત્યારે તે કાંટાઓ ભોંકાઈ જાય છે, અને તેના ઘા રૂઝવા ઘણા કઠણ થઈ પડે છે. દેવળદેવીની છેક આવી અવસ્થા થઈ હતી. એ દુઃખની વખતે સમાન વયની સખીઓ આગળ દિલનો ખુલાસો કર્યાથી જે શાંતિ થાય છે તેમ કરવાને પણ દેવળદેવીને કોઈ ન હતું. આ વખતે તેની મા હોત તોપણ સારું. તેની તીક્ષ્ણ દૃષ્ટિ તેના અંતઃકરણમાં ઠેઠ સુધી પહોંચત; અને તેનો ગુપ્ત ભેદ જાણી તેનું દુઃખ મટાડવાને તે કાંઈ ઉપાય કરત. તેની મોટી બહેન પણ મરી ગઈ હતી. તે હોત તોપણ તેની આગળ તેના મનનો ઊભરો ખાલી કરત, અને તેનો ઇલાજ કદાપિ તેનાથી થાત નહીં તોપણ એ વિશેની વાતો કરવાથી જ તેના મનને કાંઈક સંતોષ ઊપજત. તેને બીજી કોઈ સખીઓ પણ ન હતી, એટલે તે હંમેશાં મૂંઝાયા કરતી. આવે વખતે તે પોતાનું દુઃખ તેની એક દાસીને કહેત, પણ તે તો ઘરડી થઈ ગઈ હતી, અને તેનું દિલ હવે જુવાન સ્ત્રીના કામવિષયમાં કેમ લાગે? વળી એ બાબતમાં જુવાન તથા વૃદ્ધ સ્ત્રીઓના વિચાર મળતા આવે જ નહીં. તેઓને એ વાતમાં સમાનભાવ થતો જ નથી; અને તે કેમ થાય? ધગધગતા અંગારા અને બરફનો સંયોગ શી રીતે થાય? બે સામસામી દિશાનાં બળો એકબીજાનું કાર્ય તોડી નાખે છે એવો સૃષ્ટિનો નિયમ છે, ત્યારે આવી વખતે દેવળદેવીને તેની વૃદ્ધ દાસી કાંઈ કામ લાગી નહીં. તેનો બાપ એકલો રહ્યો, પણ તે તો બિલકુલ નકામો, તે એ વાતમાં શું સમજે? અને સમજે તોપણ તેની આગળ કાંઈ કહેવાય પણ નહીં, અને કહેવાય તોપણ તેની જરા પણ કદર તે જાણે નહીં. અને ઊલટું કામ બગડે એ વિશેના વિચાર દેવળદેવીને થતા, તેની સાથે તેને વારે-વારે બીજો પણ એક સંશય પડ્યા કરતો. જેવી હું શંકળદેવને વાસ્તે પ્રીતિથી પીડાઉં છું, તેવો તે પીડાતો હશે કે નહીં? આ મારો પ્યાર એકતરફી હશે કે અન્યોન્ય હશે? હું જ્યારે પરમેશ્વરની પેઠે તેનું નિરંતર સ્મરણ કર્યા કરું છું, ત્યારે તે કદાચ બીજાં કામોમાં પડી મને લગાર યાદ પણ કરતો નહીં હોય; કદાચ તેનું મન કોઈ બીજી સ્ત્રીએ હરણ કર્યું હશે; કદાચ તેનું અંતઃકરણ પ્રીતિથી વિરક્ત હોય; કદાચ તેને મારું રૂપ તથા ગુણ ગમતાં નહીં હોય. જો એમ હોય, (અરે પરમેશ્વર! એમ ન હોય તો કેવું સારું) તો આ બધી કેવળ વ્યર્થ પીડા હું ભોગવું છું. પણ એમ હોય તો નહીં એવો વિચાર કરવામાં જ હું પાપ કરું છું. મારું અંતઃકરણ માંહેથી સાક્ષી પૂરે છે, મારા મનમાં સ્વાભાવિક રીતે પ્રેરણા થાય છે કે એમ નથી. પ્રીતિ અન્યોન્ય છે; તે પણ મારે વાસ્તે વલખાં મારે છે; તે પણ કામની મહાવ્યથામાં પડેલો છે; તેને પણ મારી પેઠે અન્ન ભાવતું નથી; તેના અંતઃકરણમાં પણ મારી છબી જડાઈ ગઈ છે. હવે તેનો અને મારો મેળાપ એક વાર પરમેશ્વર કરાવે તો કેવું સારું! હું ફરીથી તેને છોડું નહીં, હું તેની આગળ મારો સઘળો ઊભરો કાઢું અને મારા તરફ તેની વૃત્તિ કેવી છે તે સહેજ જાણી લઉં.

એવી રીતે દેવળદેવી વિચાર કરતી હતી તે વખતે પાસેના ખેતરમાંથી આવતો મોરલીનો નાદ તેણે સાંભળ્યો. મોરલીનો સ્વર હંમેશાં ઘણો મીઠો લાગે છે, તેમાં વિશેષે કરીને જ્યારે ચોમાસાના દહાડામાં વરસાદ ઘેરાયેલો હોય તે વખતે તેના મધુર સ્વરથી જીવને ઘણો જ આનંદ ઊપજે છે. જેમ શ્રીકૃષ્ણની મોરલીના મોહ ઉત્પન્ન કરનારા નાદથી વ્રજની તમામ ગોપીઓ ગાંડીઘેલી જેવી થઈ જઈ તેઓની શુદ્ધબુદ્ધ ભૂલી જતી, તેમ આવે વખતે તે વાંસળીનો નાદ દેવળદેવીને કાને પડ્યો કે તરત તે આકુળવ્યાકુળ થઈ ગઈ. કામની પીડા વધારે જોરથી લાગવા માંડી. તથા તેના મનનો જુસ્સો ઘણો વધી ગયો. પણ આ ક્ષોભમાંથી તે સ્વસ્થ થાય છે,

એટલામાં વાડીના કોટ ઉપરથી કોઈ પુરુષે ભૂસ્કો માર્યો, અને એક ક્ષણમાં દેવળદેવીની સન્મુખ તેનો પ્રિય શંકળદેવ, ખરેખરો, અસ્થિ, માંસ અને ચર્મવાળો ખુદ જાતે આવી ઊભો રહ્યો. આમ અકસ્માત મેળાપ થઈ જશે, એવી દેવળદેવીને બિલકુલ આશા ન હતી, તેથી આશ્ચર્યને લીધે તે મૂર્છાગત થઈ ભોંય ઉપર પડી. શંકળદેવ પોતાની પ્રાણસમાન વહાલીને આવી અવસ્થામાં જોઈને ઘણો ગભરાયો, પણ ધીરજ રાખી તેને જાગ્રત કરવા અનેક ઉપાયો કરવા લાગ્યો. થોડી વારમાં તેને શુદ્ધિ પાછી આવી, અને તે બંને પ્રેમીજનની આંખો મળી. તેમના તે વખતના સુખનું કોણ વર્ણન કરી શકે? ફકીર, સંન્યાસી, સાધુ વગેરે બીજા આ દુનિયાનો તિરસ્કાર કરનાર જેઓ જગતમાં હંમેશાં નઠારું જ જોયા કરે છે, તથા જેઓ માણસની સ્થિતિમાં દુઃખ સિવાય બીજું કાંઈ જોતા જ નથી, તેઓએ જાણવું જોઈએ કે દુનિયામાં ઘણુંખરું નઠારું દેખાય છે એ વાત ખરી, તોપણ તેમાં ઘણે ભાગે સારું પણ છે; અને અગર જો જગતમાં માણસો ઉપર અગણિત દુઃખો આવી પડે છે તોપણ તેમાં કેટલાક સુખના પ્રસંગ પણ છે. તેમાં મુખ્ય, પવિત્ર પ્રીતિના બંધનથી બંધાયેલાં સ્ત્રીપુરુષનો સમાગમ એ એક છે. આ બે શરીરે જુદાં પણ એક જ મનવાળાં, શંકળદેવ તથા દેવળદેવી એકઠાં મળ્યાં તો ખરાં, તોપણ તેઓએ એકબીજાને જે કાંઈ કહેવાનું ધાર્યું હતું તે તેમનાથી કહેવાયું તો નહીં; એટલું જ નહીં પણ કેટલીક વાર સુધી તે બેમાંથી કોઈના મોંમાંથી એક શબ્દ સરખો પણ નીકળી શક્યો નહીં; તેઓ બે મૂગાં જ ઊભાં રહ્યાં એમ કહીએ તો તે ખોટું કહેવાય, કેમ કે અગર જો તેઓ અવાચક ઊભાં રહ્યાં હતાં તોપણ તેઓની આંખ પોતાની જુદી જ ભાષામાં વાતચીત કરવા મંડી પડી હતી. મોંની વાચા કરતાં આંખની ગૂઢ ભાષામાં વધારે અર્થ રહેલો હોય છે; તેની અસર વધારે લાગે છે; તથા તે વધારે ટૂંકી મુદતમાં મનના સઘળા વિચાર સમજાવી શકે છે. શબ્દથી ન થઈ શકે તેટલી આંખની ઇશારતથી તેઓએ એકબીજાને ખાતરી કરી આપી કે તેઓની પ્રીતિ અન્યોન્ય હતી; તેઓ બંનેનાં હૃદયમાં સરખા જ વિચાર ચાલતા હતા; તથા તેઓ બંને સુખને અથવા દુઃખને વાસ્તે પોતાનાં નસીબ મેળવવાને રાજી હતાં. પણ તેઓનું અંતઃકરણ ઊભરાઈ જતું હતું, તે ઊભરો બહાર કાઢવો જરૂરનો હતો, અને તે કામ મોંથી જ સારી રીતે થઈ શકે એમ હતું. પહેલું શંકળદેવે બોલવું શરૂ કર્યું, અને ત્યાર પછી દેવળદેવી હિમ્મત પકડીને બોલી. તેઓ બંનેની વચ્ચે શી વાતચીત થઈ તે આ ઠેકાણે લખવાની જરૂર નથી. પ્યારની અસરથી માણસ ઘણું વાચાળ થાય છે. અને તેવે વખતે માણસ જેવી રીતે તથા જેટલું બોલી શકે છે તેવી રીતે તથા તેટલું બીજી કોઈ વખતે બોલી શકતું નથી. માટે તે વખતે જે વાત તેઓની વચ્ચે થઈ તેની કલ્નપા વાંચનારાઓએ કરી લેવી. તેઓનો પ્યાર સાધારણ લોકોના પ્યાર કરતાં જુદી જ તરેહનો હતો; તેમાં વિષયવાસનાનો જેમ બને તેમ થોડો ભેગ હતો; તેની અસર આ લોકની પ્રીતિ કરતાં પરલોકની પ્રીતિને વધારે મળતી હતી. તેમની પ્રીતિ આવી સ્વચ્છ તથા પવિત્ર હોવાને લીધે જ શંકળદેવને દેવળદેવીના શરીરને માટે એટલી તો મર્યાદા રહી હતી કે તેને તે આ દુનિયાની નહીં પણ સ્વર્ગની ગણતો, અને તેવી જ રીતે તેની સામે માનપૂર્વક તે ઊભો રહ્યો હતો કે તેના સદ્ગુણોને માટે શંકળદેવનો અભિપ્રાય એટલો ઊંચો હતો કે તેને વિશે મનમાં કુવિચારનો પડછાયો પણ પડવા દેવો અને નરકના ઊંડામાં ઊંડા ખાડામાં તરત પડવું એ બરોબર છે એમ તે જાણતો, અને તેથી જ તેની પવિત્રતા જરા પણ મલિન ન થાય એ વિશે તેના મનમાં એટલી તો ફિકર હતી કે તેના નિર્મળ નામને લેશમાત્ર કલંક લાગે તે કરતાં તેના જેવા લાખો માણસોનો નાશ થાય તે વધારે સારું, એવો તેનો દૃઢ સંકલ્પ હતો. વળી આવી નિરાશ્રિત અવસ્થામાં આવી પડેલી અબળાને મોહના ફાંદામાં નાંખવી, તથા લાલચના રસ્તામાં જાણી-જોઈને ફસાવવી, એ પુરુષ નામ ધારણ કરનારનું લક્ષણ કહેવાય નહીં. એવું જે કરે તે માણસ નહીં પણ પશુ સમજવો. જે પોતાના મન ઉપર એટલી સત્તા રાખી શકતો નથી તે મરદ નથી પણ

બાયલો જ છે, તેમાં વળી તે ક્ષત્રિય તો ક્યાંથી જ કહેવાય? શંકળદેવે પણ પુરુષ નામને જે યોગ્ય ગણાય તે જ કર્યું. છેલ્લી વારે જ્યારે એકમેકથી છૂટાં પડવાનો વખત થયો ત્યારે તેઓ બંને પાસે ઊભાં રહ્યાં અને આકાશ તરફ મોં કરી તથા એકેએકના હાથ પકડી નીચે પ્રમાણે તેઓએ પ્રતિજ્ઞા લીધી :

"હે સૂર્યદેવતા! તારું તેજ સર્વત્ર પડે છે, તથા તું માણસોનાં બહારનાં કામો તથા માંહેના વિચારો જાણે છે. હે વનના દેવો! તમે આ વાડીમાં આવા રળિયામણા વખતમાં ફરતા હશો, તથા આ અમારો પવિત્ર કોલ થતો જોવાને આવ્યા હશો. વાયુદેવતા! તું પવનની હરેક લહેરમાં ફરે છે તથા માણસોના હરેક કામને જુએ છે. વરુણદેવતા! તું અહીંનાં નદીનાળાંનું રક્ષણ કરવાને હાજર જ હોઈશ. હે વાયુમાં વસનારા અગણિત ગણો તથા કનિષ્ઠ દેવો! તમે દુનિયા સંબંધીનું સઘળું કામકાજ કરો છો, તથા હે તેત્રીસ કરોડ દેવતાઓ! તમે તમારાં દેવી ચક્ષુઓ વડે ગમે ત્યાં હશો તોપણ આ અમારો મેળાપ જોઈ શકતા હશો. અંતે હે સર્વવ્યાપક અને સર્વજ્ઞ પરમેશ્વર! તારા એક મોટા મંદિરમાં અમે પ્રતિજ્ઞા લઈએ છીએ. તારા હુકમ સિવાય એક ઘાસનું તણખલું પણ હાલી શકતું નથી, તથા તારા જાણ્યા સિવાય કાંઇ પણ કામ થઈ શકતું નથી. તમે સઘળા દેવોની સમક્ષ અમે બે શંકળદેવ તથા દેવળદેવી, પ્રતિજ્ઞા કરીએ છીએ કે જે દૃઢ પ્રીતિ અમારા બેની વચ્ચે બંધાઈ છે તેને વધારે દૃઢ કરવાને, પ્રીતિ વડે આ દુનિયામાં જે સુખ પ્રાપ્ત થઈ શકે તે ભોગવવાને, પુરુષ તથા સ્ત્રીના સંયોગથી જગતની વૃદ્ધિ થાય છે તે નિયમ અમલમાં લાવવાને, તથા પ્યારનો ભંડાર ઈશ્વરે અનંત ડહાપણથી અમારા અંતઃકરણમાં મૂકેલો છે તેનો યથાયોગ્ય તથા સારે રસ્તે ઉપયોગ કરવાને, અને આ અમારું તન, મન અને ધન આ દુનિયામાં જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી મેળવવાને અમે બે જણ આજે પ્રતિજ્ઞા કરીએ છીએ. આજથી અમારું એક સ્વરૂપ જાણવું, તથા સુખ અથવા દુઃખ જે સંસારમાં પડે તે અમારે સમાન ભાગે વહેંચી લેવું. આજથી અમારે અમારા સ્ત્રીપુરુષના ધર્મ પ્રમાણે વર્તવું. અને જગતમાં પોતે સુખી રહી બીજાઓને સુખી કરવાનો પ્રયત્ન કરવો, આ અમારા કોલ ઉપર જગકર્તા ઈશ્વર! તું મહોર કરજે, તથા હે તેત્રીસ કરોડ દેવતાઓ! તમે સાક્ષી કરજો; એટલે જો એ પવિત્ર કોલથી અમે ફરીએ તો અમે અમારા બાપદાદાના, અમારી જાતના તથા પ્રાણીમાત્રના ધર્મથી ફર્યાં એમ જાણવું, ને એ અઘોર પાપને માટે નરકમાં જે મોટામાં મોટી શિક્ષા છે તેને અમે ખરેખરાં પાત્ર થયાં એમાં કાંઈ સંશય નથી. માટે રે અનાથના નાથ, રે દીનદયાળ પ્રભુ; રે જગતનું પ્રતિપાલન કરનાર! તું નીચે જોઈને આ અમારા નવા સંબંધને પવિત્ર કર. તું તેને આશીર્વાદ દે; તેનાં ફળ સુખરૂપ થાય એવું નિર્માણ કર; અને અમારી બંનેની સઘળી આશા સફળ કર. એ અમારી ખરા અંતઃકરણની પ્રાર્થના છે તે તું અપાર દયાવાન તથા અનંત પ્રીતિયુક્ત જગતનો પિતા સાંભળી લઈ માન્ય કરજે."

એ પ્રમાણે પ્રતિજ્ઞા કર્યા પછી તેઓ બંનેનાં મનને શાંતિ થઈ અને તેઓનાં અંતઃકરણ ઉપરથી હજારો મણનો બોજો ખસી ગયો હોય, એવું ચેન થયું. પણ હવે તેઓએ જુદાં પડવું જોઈએ. દેવળદેવીનો જમવાનો વખત થઈ ગયો તેથી તે જો જલદી ઘરમાં ન જાય તો કોઈ માણસ તેડવાને આવે, અને આ સઘળી વાત જણાઈ જાય, માટે હવે જવું જોઈએ. પણ એ કેમ થાય? એ તો કહેવું જ ઘણું સહેલું છે. આવી અવસ્થામાં જુદાં તે કેમ પડાય? પ્રિયજન એકઠાં મળે ત્યારે એક દહાડો એક પળના જેવો લાગે છે, ત્યારે આ એક કલાકના મેળાપથી તે બંનેમાંથી કોઈનું મન કેમ તૃપ્ત થાય? પણ હવે તો જવું જોઈએ અમૃત પીતાં કોણ ધરાયું છે? વિયોગ એ ભયંકર શબ્દ છે. આ દુનિયા એટલી તો અનિશ્ચિત છે, સઘળાં પાછળ મોત એવું તો ભમ્યાં કરે છે, તથા માણસોનાં ધારેલાં કામોને અટકાવવાને તથા તેઓની વહાલામાં વહાલી આશાઓનો ભંગ કરવાને એટલા બધા બનાવ બને છે કે ટૂંકી મુદત સુધી જુદાં પડવામાં પણ

ઘણી વાર નિરંતર જુદાં પડવાનું થાય છે. કદાચ દેવળદેવી તથા શંકળદેવનો મેળાપ આ છેલ્લો જ થાય. એ ભયથી તેઓને ઘણો શોક ઉત્પન્ન થયો. પણ અંતે લાચાર! પરમેશ્વર ઉપર તથા પોતાના ભાગ્ય ઉપર ભરોસો રાખી બંને છૂટાં પડ્યાં. તેઓ ફરી પાછાં મળશે કે નહીં તે આગળની વાત ઉપરથી જણાશે.

ચેન તથા નિશ્ચિંતપણામાં દહાડા જતાં વાર લાગતી નથી, તેમ દેવળદેવીને થયું. તેના પ્રાણપ્રિયની સાથે મેળાપ થયો તે જાણે ગઈ કાલે જ થયો હોય એમ તેને લાગતું હતું. એટલામાં એક દહાડો દેવગઢથી એક ભાટ તથા રાજગોર બાગલાણના કિલ્લામાં આવ્યા. કરણ રાજાએ તેઓનો ઘણો સત્કાર કર્યો, અને તેઓને આવવાનું કારણ પૂછ્યું. ભાટે કેટલીક ભાટાઈ કર્યા પછી દેવગિરિના રાજ્યનો વિસ્તાર, તેની દોલત વગેરે વૈભવનાં ઘણા વિસ્તારે વખાણ કર્યાં. અને પછી શંકળદેવને યુધિષ્ઠિર, અર્જુન, વિક્રમ, ભોજ, આદિ ઘણા નામાંકિત, સદ્ગુણી, તથા પરાક્રમી રાજાઓની ઉપમા આપી, અને વાઘના શિકારના દહાડાથી તે વાડીના મેળાપના દહાડા સુધી જે-જે બન્યું હતું તે વર્ણવ્યું, દેવગઢના રાજા સાથે સંબંધ કરવાથી જે-જે લાભ થશે તે સઘળા કહી સંભળાવ્યા, અને છેલ્લે શંકળદેવને વાસ્તે દેવળદેવીની માગણી કરી.

કરણ રાજાને આ ભાટની વાત સાંભળીને ઘણો ક્રોધ ચઢ્યો. તેના મોં ઉપર લોહી ચઢી આવ્યું, અને તે રીસે ભરાઈને બોલ્યો : “અરે ભાટજી! જો હું મારું સઘળું રાજ્ય ખોઈ બેઠો છું, મારી પરમ પ્રિય સ્ત્રીને બળાત્કારે દિલ્હીના મ્લેચ્છ પાદશાહ પાસે ઘસડી ગયા છે, નિર્ધન, અશક્ત, તથા રામદેવના આશ્રયમાં આવી રહ્યો છું, તોપણ હું હજી તમે ધારો છો એટલો અધમ થયો નથી. હજી મારામાંથી રજપૂતનું લોહી ગયેલું નથી. હજી મારો ક્ષત્રિયનો ટેક કાયમ છે; માટે તમારા કહેવા પ્રમાણે હું કદી કરનાર નથી. શું વાઘેલા રજપૂતે પોતાની કન્યા એક મરેઠા સાથે પરણાવવી? શું હંસણીને કાગડાના ટોળામાં ભેળવવી? શું ગાયને ગધેડામાં સામેલ કરવી? એમ કદી થનાર નથી. તમારો રાજા ગમે તેવો મોટો હશે. તમારું રાજ્ય ગમે તેટલું બળવાન, ધનવાન તથા વિસ્તીર્ણ હશે, તથા શંકળદેવમાં સઘળા દેવતાના ગુણો એકઠા થયા હશે, તોપણ તે મરેઠો, તે રજપૂતની કન્યા વરવાને યોગ્ય નથી. મારા પડતા દહાડામાં સઘળા મારું અપમાન કરે છે; હવે છેલ્લો વારો રામદેવનો આવ્યો. તેણે પણ હવે કાંઈ કસર રાખી નહીં. હજી મારામાં સામર્થ્ય છે, હું જીવું છું, અને જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી મારા નામને, મારા કુળને, તથા મારી જાતને કદી કલંક લગાડવા દઈશ નહીં. આ ઊંચા કુળની કન્યા નીચ કુળના વરને પરણાવું? મારા ઉપર આથી વધારે આફત આવી પડે, મને કાપીને કકડા કરે, તોપણ હું એમ થવા દઉં નહીં. અમારા લોકો પુત્રીના જન્મથી ઘણો શોક કરે છે તે વાજબી છે. તેઓ પોતાની આબરૂને ડાઘ ન પડવા દેવાને કુમળા બાળકની હત્યા કરે છે તેમાં તેઓનો કાંઈ વાંક નથી. મરેઠા જોડે રાજકન્યાનાં લગ્ન કરવાં? આકાશ તૂટી પડે, પૃથ્વી રસાતાળ જાય, તોપણ હું તેમ થવા નહીં દઉં. માટે તમારા રાજાને કહેજો કે તમે મારું ઘણું જ અપમાન કર્યું છે; તમારી આશા કદી સફળ થવાની નથી; તેથી તમારું બોલવું કદી પ્રમાણ થવાનું નથી. શંકળદેવ તથા દેવળદેવીએ ગુપ્ત રીતે લગ્ન કર્યાં હશે તે રદ છે. દેવળદેવીનો મારી રજા સિવાય કાંઈ પણ પ્રતિજ્ઞા કરવાને અખત્યાર નથી. તે હજી નાદાન છે તેથી તેનું કરેલું મંજૂર થાય નહીં; માટે મારી સાફ ના છે. તમે ઘણું કરશો તો મને આ જગાએથી કાઢી મૂકશો, પણ તેથી હું બીતો નથી. ચોખંડ પૃથ્વી પડી છે તેમાં ગમે તે એક ખૂણામાં પડી રહી મારી આવરદા પૂરી કરીશ; પછી મારા મૂઆ પછી જે કરવું હોય તે કરજો.” એટલું કહી તેણે ભાટ તથા રાજ્યગોરને વિદાય કર્યા.

પ્રકરણ ૧૨મું

"અરે ભગવાન! તું કીડીનો કુંજર તથા તરણાનો મેરુ કરી શકે છે. તારી ગતિનો પાર કોઈ પામી શકતું નથી." એ પ્રમાણે દિલ્હીના સરિયામ રસ્તા ઉપર એક મોટા મહેલ આગળ કોઈ હિંદુ નામે બિહારીલાલ ઘોડા ઉપર બેસીને આવ્યો તે તે મહેલ જોઈને બોલ્યો. તે બિચારો મહાસંકટમાં આવી પડ્યો હતો, અને તેમાંથી છૂટવાનો ઉપાય કરવાને તે ત્યાં આવ્યો હતો. સઘળા કાફર હિંદુઓ મુસલમાન ધર્મ ન માને તો શરેહ પ્રમાણે તેઓની પાસેથી જઝીઓ કર લેવામાં આવતો હતો. એ કર આપવામાં જેઓ હરકત કરતા, અથવા કાંઈ દગો કરી તે જેટલો જોઈએ તે કરતાં ઓછો આપતા, તેઓને ભારેમાં ભારે દેહાંતદંડની શિક્ષા કરવામાં આવતી હતી. બિહારીલાલે ઘરમાંનું એક માણસ છુપાવી ઓછો જઝીઓ આપ્યો એવું તેના ઉપર તહોમત આવ્યું હતું; અને અગર જો તે બિલકુલ પાયા વગરનું હતું, અગર જો તે નિરપરાધી હતો, તથા એ સઘળું કામ જઝીઆના ઉઘરાતદારની દુશ્મનીને લીધે ઊઠયું હતું, તોપણ આજે રાજ્યમાં હિંદુઓ ઉપર દ્વેષ, જ્યાં ઇન્સાફનો કાંટો પૈસા વડે ગમે તેણી ગમ નમે, અને જ્યાં સરકારને જે વાતથી નુકસાન થાય એવી વાત ન્યાયાધીશો રૈયતની વિરુદ્ધ ફેંસલો કરે એ નિશ્ચય, ત્યાં બિહારીલાલ પોતે નિર્દોષ છતાં પોતાના જાનમાલની મોટી ધાસ્તીમાં રહે એમાં કાંઈ આશ્ચર્ય ન હતું. ધાસ્તી તો શું પણ તેના મનમાં નક્કી હતું કે જો આ પ્રસંગે ઘટતા ઉપાય કરવામાં આવશે નહીં તો વધારે દહાડા જીવવાની આશા જ રાખવી નહીં. પણ પરમેશ્વરની મહેરબાનીથી એવા અન્યાયી જુલમી રાજ્યમાં શિક્ષામાંથી બચવાનો એક મોટો ઉપાય હોય છે, અને જ્યાં સુધી તે ઉપાય કરવો આપણા અખત્યારમાં હોય છે ત્યાં સુધી જિંદગી સલામત છે એમ કહી શકાય છે. એ ઉપાય પૈસા છે. 'જર ચાહે સો કર,' એ કહેવત કેટલીક વાતોમાં ખરી પડે છે. જરવાળો માણસ ખરા અથવા ખોટા ગુનામાંથી એ સાધનથી બચી શકે છે, એટલું જ નહીં પણ તે ગુના કોઈ બીજા ઉપર ઢોળી શકે છે, એવે ઠેકાણે જેઓ ગરીબ એટલે અશક્તિમાન, સાધનરહિત, હોય તેઓની ખરેખરી કમબખ્તી થાય છે. તેઓ પોતાના ઉપરના ખરા અથવા ખોટા અપરાધની શિક્ષા ભોગવે છે એટલું જ નહીં પણ બીજા શ્રીમંત લોકોના અપરાધની સજા ઘણી વખતે તેઓને ખમવી પડે છે, તેઓનો બેલી તો પરમેશ્વર જ છે; અને તેઓ જીવતા રહે એ જ આ જગતના તથા તેમના દેશના પાદશાહનો મોટો પાડ એમ તેઓએ માનવું જોઈએ. બિહારીલાલ મોટો વ્યાપારી હતો, અને તેણે થોડાંક વર્ષમાં ઘણું દ્રવ્ય મેળવ્યું હતું; પણ રાજ્યના જુલમને લીધે તેનાથી તે દ્રવ્યનો ઉપભોગ થઈ શકતો ન હતો. સરકારનાં માણસોની ગીધ જેવી નજર તેના ઉપર ન પડે તે માટે એક ખૂણામાં એક નાનાસરખા ઘરમાં રહેતો હતો. ખાવા જેટલો પૈસો બહાર રાખી તેણે પોતાની સઘળી દોલત ભોંયમાં દાટી મૂકી હતી; અને એવાં નઠારાં લૂગડાં પહેરીને તે ફરતો તથા ઘરમાં એવો થોડો ખરચ રાખતો હતો કે તેની પાસે પૈસો છે એવો શક કોઈને ઘણી જ મુશ્કેલીએ આવે. પણ પૈસાની બાબતમાં જુલમી સરકારની ઘ્રાણેંદ્રિય ઘણી જ તીક્ષ્ણ હોય છે. જેમ કેટલાક શિકારી કૂતરા ભોંયમાં દર કરી ભરાયેલાં સસલાંને સૂંઘવાથી બહારથી પારખે છે, જેમ મુડદાંની વાસ ગીધ તથા સમડીને ઘણે દૂરથી લાગે છે, તથા જેમ મંકોડા સાકરની પીમળ ગમે ત્યાંથી ઓળખી કાઢે છે, તેમ તેવા દાટેલા ધનની ગંધ સરકારના નાકમાં પહોંચી. હરેક માણસને કોઈ પણ શત્રુ હોય છે, અને વળી જો તેની અવસ્થા સારી હોય તો કેટલાક તેની અદેખાઈ કરનાર હોય છે. તેઓને પોતાનું વેર લેવાને, અથવા અદેખાઈનો તાપ હોલવવાને, બીજો કાંઈ ઉપાય જડતો નથી, ત્યારે તેની પાસે અખૂટ દોલત છે એવી સરકારમાં ખબર આપે છે. પછી તે ખબર ખરી હોય કે ખોટી તોપણ તેના ઘર ઉપર બીજે દહાડે પહેરો આવવાનો, તેના માલની જપ્તી થવાની તે કોઈ

અન્યાયને માટે સરકારમાં ઘસડાવાનો, તહોમત તેના ઉપર સાબિત થવાનું, સજા કરતી વેળા જાણીજોઈને ભાંજગડ કરવા કેટલાક પડવાના, તેની પાસે વધારે દોલત છે એ જ તેનો મોટો દોષ એમ તેની ખાતરી થવાની, તથા અંતે તેની દોલતનો અર્ધો ભાગ અથવા વખતે તેથી પણ વધારે ઘણી રકઝક તથા તકરાર પછી તેને આપવો પડવાનો, એમાં કાંઈ સંશય જેવું નથી. આવા ખાનગી દુશ્મનો તથા અદેખા લોકો એ કામને વાસ્તે જાણે બસ ન હોય તેમ સરકારના તરફથી ગુપ્તજાસૂસો પણ શહેરમાં ફર્યા કરતા હતા. તેઓ દિલ્હીના હરેક ભાગની, હરેક મહોલ્લાની, તથા હરેક ઘરની બાતમી રાખતા હતા, અને કોઈ પણ શિકાર તેઓને મળ્યો એટલે તરત તેના ઉપર પંજા લાંબા કરી તેઓ તરાપ મારતા હતા. એવે વખતે જે માણસ તે જાસૂસને રાજી રાખવાને તથા તેનું ગજવું ભરવાને આનાકાની કરે તેની ખરેખરી કમબખ્તી જાણવી. તે હોલામાંથી બચવા જતાં ચૂલામાં પડે છે; તેને 'બકરી કાઢતાં ઊંટ પેસે' છે; અને આખરે તેને સરકાર તથા જાસૂસ એ બંનેને ટાઢા પાડવા પડે છે. બિહારીલાલની દોલતની વાસ સરકારને પડી હતી, અને તે ખબર કરનાર જઝીઆનો ઉઘરાતદાર હતો. પોતાની સાચવટ ઉપર ભરોસો રાખી, તથા એવા લોકોનો જુલમ અટકાવવાના હેતુથી, તેણે ઉઘરાતદારને ખુશ કર્યો નહીં, અને તેનું પરિણામ એ થયું કે, થોડા દહાડામાં તેના ઘર ઉપર જપ્તી બેઠી; તેનાં બૈરીછોકરાંને એક ઓરડામાં ગોંધ્યાં, તથા તેને ગુનેગારની પેઠે બાંધીને સરકારમાં લઈ ગયા. તે દિવસે તો તે હાજરજામીન આપીને છૂટ્યો; પણ હવે શું થશે એ વાતની તેના મનમાં ઘણી જ ચિંતા રહી. તેને પોતાની જાતને વાસ્તે એટલી બધી ફિકર હતી એમ કાંઈ ન હતું. પોતાનો વહાલો પૈસો જે તેણે ઘણે શ્રમે, ઘણાં સંકટ ભોગવીને, તથા મોટાં જોખમ માથે લઈને મેળવ્યો હતો તે સઘળો એક પળમાં ઊડી જશે, અને તેનાં બૈરાંને માટે પણ મહાભારત દુઃખ આવી પડશે, અને તેના આવા કામને લીધે તેઓને પણ સજા થશે, એ વિચારથી તેના અંતઃકરણને તીક્ષ્ણ બાણ વાગતાં હતાં. જેમ ખ્રિસ્તી ધર્મ પ્રમાણે બાવા આદમના કરેલા ગુનાને માટે પરમેશ્વરે કરેલી શિક્ષા આપણે સઘળાં માણસો ભોગવીએ છીએ, જે પ્રમાણે માબાપના રોગ છોકરાંઓમાં વખતે ઊતરે છે, તથા જે પ્રમાણે માબાપનાં કરેલાં કામોનાં ફળ દુનિયામાં વખતે છોકરાંને ચાખવાં પડે છે તે પ્રમાણે અન્યાયી, જુલમી તથા આપઅખત્યારી રાજાના હાથ નીચે માબાપના ગુનાની સજા છોકરાંને ભોગવવી પડે છે એટલું જ નહીં, પણ તેઓનાં છોકરાં તથા નિકટના સંબંધીઓને પણ તેમાં વખતે સામેલ કરવામાં આવે છે. એવી બારીક હાલતમાં બિહારીલાલ આવી પડ્યો હતો. વાઘ જેવાના સપાટામાંથી પણ કોઈ વાર બચાય, પણ સરકારની આવી ચુંગાલમાંથી સહીસલામત છૂટવું એ તો ઈશ્વરી ચમત્કાર જાણવો. કરોળિયાની જાળમાં કોઈ માખી સપડાય છે ત્યારે તે કેટલીક વાર સુધી તરફડિયાં મારે છે, તેમાંથી જો પાંખ અથવા પગ તૂટતાં પણ બહાર નીકળાય તો તેનું મોટું ભાગ્ય જાણવું, નહીં તો તે કરોળિયો આઘે બેસીને તેના પછાડા જોયા જ કરતો હોય છે, અને જ્યારે તેનો ભક્ષ નરમ પડે છે એટલે તે ધીમે-ધીમે આવી તેની જિંદગીનો અંત આણે છે. તે પ્રમાણે બિહારીલાલ બિચારો સરકારની મહાજાળમાં ફસાયો હતો, અને તેમાંથી હવે નીકળવાને હવે પછાડા મારતો હતો. તેની ચૂક માત્ર એટલી જ હતી કે તેણે જમાનો, દેશની હાલત, તથા રાજનીતિ બરોબર તપાસી નહીં. સાચવટ તથા પ્રમાણિકપણા ઉપર ભરોસો રાખી, તથા તેને ખડકના જેવાં અચળ સમજીને તેઓને અઢેલીને તે ઊભો રહ્યો. પણ તે એટલું સમજ્યો નહીં કે સાચવટ તથા પ્રમાણિકપણું આ દુષ્ટ જગતમાં ઘણે પ્રસંગે માણસને દુનિયા તરફના નુકસાનથી બચાવી શકતાં નથી, તથા આ તોફાની ભવસાગરમાં તે ખડકો કેટલીક વાર ખસી જાય છે, અને તેઓના ઉપર વિશ્વાસ રાખી તેને વળગી રહેનારા માણસ ઊછળતાં મોજાંમાં ઘસડાઈ જાય છે.

જો સાચવટ તથા પ્રમાણિકપણા ઉપર પાકો ભરોસો રાખવો હોય તો દુનિયા તરફની

ખરાબીથી કદી પણ બીવું નહીં. તેમણે નક્કી મનમાં સમજવું કે આ બે અમૂલ્ય ગુણ પકડી રાખ્યાથી દુનિયામાં કદાચ તેના ઉપર ગમે તેટલી આફત પડે, તેમની પાયમાલી થઈ જાય, અથવા વખતે જાનની પણ ખુવારી થાય, તોપણ આ પ્રપંચી દુનિયાનો ત્યાગ કર્યા પછી પરલોકમાં સર્વશક્તિમાન તથા સઘળાં સારાં કામોનો તથા સઘળા શ્રેષ્ઠ ગુણોનો બદલો આપનાર પરમેશ્વરની તરફથી અક્ષય સુખની પ્રાપ્તિ થયા વિના રહેશે નહીં, એ વાત ઉપર નજર રાખીને તથા એ ગુણો સારા જ છે માટે હમણાં તેઓથી ગમે તેવાં માઠાં પરિણામ નીપજે તેની દરકાર ન કરતાં તે ગુણો પાળવા જ એમ તેમણે મનમાં નક્કી રાખવું. એ સદ્ગુણોને લીધે દુનિયામાં પણ ઘણા લાભ થાય છે. પણ તે લાભ ઉપર એટલો વિશ્વાસ રાખવો નહીં. જે માણસ આ જગતમાં ફાયદાને માટે જ સદાચરણે વર્તે છે તેનો ટેકો ઘણો નબળો છે. સદ્ગુણી માણસો ઉપર ઘણી વિપત્તિઓ આવી પડે છે; તેઓને પણ જગતમાં સામાન્ય નિયમ લાગુ પડે છે; તથા તેઓને પણ હંમેશાં લાભ જ થાય એમ બનતું નથી ત્યારે સાચવટ અને પ્રમાણિકપણે ચાલનાર એવી આશા રાખે કે એ પ્રમાણે વર્તવાથી પરમેશ્વર તેના ઉપર મહેરબાન થઈ તેને હંમેશાં સુખી રાખશે, તેની ઉમેદ હંમેશાં બર લાવ્યા કરશે, તથા તેને માથે કોઈ દહાડો પણ આફત આવી પડશે નહીં, તો તે ઘણો નાઉમેદ તથા નિરાશ થઈ જાય છે; અને તેનું પરિણામ એ થાય છે કે તેના મનમાં બેમાંથી એક વાતની શંકા ઉત્પન્ન થાય છે; એક તો એ કે પરમેશ્વર નથી; તે આંધળો થઈ બેઠો છે, તથા સારાંનઠારાં માણસોમાં કાંઈ ભેદ ગણતો નથી માટે તેના ઉપર પ્રીતિ રાખવાથી, તેના ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથી, તથા સારાં કામોના બદલાની તેની તરફથી આશા રાખવાથી કાંઈ ફળ નથી; અથવા તેને એવી ખાત્રી થાય છે કે સારાંનઠારાં કામોમાં કાંઈ ભેદ નથી. નઠારાં કામનો નઠારો અને સારાં કામનો સારો બદલો મળશે એ ખોટું છે; એ એક જૂઠી લાલચ અસલ વખતમાં ડાહ્યા લોકોએ આપેલી છે; તથા નઠારાં કામો કરતાં લોકોને અટકાવવાને વ્યર્થ ધમકી બતાવેલી છે. જે મૂર્ખના મનમાં એ પ્રમાણે શંકા ઉત્પન્ન થાય છે તેમાં ખરેખરો તેનો વાંક છે. પરમેશ્વરનો નથી. અગર જો જગતના નિયમ એવા બનાવેલા છે કે સદ્ગુણીને ઘણી વાર લાભ થાય છે, તોપણ તેઓનાં સારાં કામોનો બદલો આ લોકમાં મળે એવો પરમેશ્વરનો હેતુ નથી. માટે પરલોકમાં સારાં ફળ ભોગવવાની ઉમેદથી જ તથા સદ્ગુણનો બદલો સદ્ગુણ જ છે એમ જાણી જે લોકોને સદ્ગુણે આચરવું હોય તેઓએ દુનિયા તરફના લાભ ઉપર નજર રાખવી નહીં. જે દેશની સ્થિતિ એવી હોય કે સાચવટ રાખ્યાથી જાનમાલને નુકસાન પહોંચે તો તે દેશ છોડીને જતા રહેવું, અથવા ત્યાં રહી સાચવટને આપણો દેહ, માલમતા, અથવા આપણી વહાલામાં વહાલી વસ્તુઓ જરૂર પડે તો અર્પણ કરવી, પણ સાચવટ કદી છોડવી નહીં એવી નીતિ છે. શું બકરી પોતાના નિર્દોષપણા ઉપર વિશ્વાસ રાખી ઊભી રહે તો વાઘ તેને માર્યા વિના રહેશે? શું ચકલી પોતાની ગરીબાઈ તથા નિરપરાધીપણા ઉપર ભરોસો રાખી નિશ્ચિંત બેસે તો શકરો તેને તરાપ મારી લઈ નહીં જાય? એ તો સૃષ્ટિના નિયમ પ્રમાણે થશે જ. બિહારીલાલને એ વાતનું જ્ઞાન ન હતું, અથવા તે વખતે તે ભૂલી ગયો હતો. હવે જ્યારે તે આવી આફતમાં આવી પડ્યો ત્યારે કેટલાક દુનિયાદારીમાં ડાહ્યા તથા વખત પ્રમાણે ચાલનારા તેના મિત્રો તેને આવી મળ્યા, અને તેને કહેવા લાગ્યા, ‘હવે બાળો તમારી સાચવટ. આવડા મોટા થયા તોપણ બરોબર અક્કલ આવી નહીં. ભાઈ! જેવો દેશ તેવો વેશ રાખવો, અને સમય પ્રમાણે વર્તવું. તે દહાડે જો અમારી સલાહ પ્રમાણે પેલા ચંડાળ ઉઘરાતદારનું મોં પૂર્યું હોત તો આ દહાડો કદી આવત નહીં. પણ તે દહાડે તો સાચવટ ઉપર ગયા! હવે તમારી સાચવટ કેમ મદદ કરી શકતી નથી? તે દહાડે માન્યું હોત તો થોડે પતત. હવે પૈસા પણ વધારે ખરચવા પડશે, અને તેમ કર્યા પછી પણ કામ સિદ્ધ થશે એવી પાકી આશા નથી. સાચવટ! જો સાચવટ રાખવી હોય તો દુનિયામાં શા માટે રહો છો? વેરાગી અથવા સંન્યાસી થઈ જાઓ.

પછી તમારું ડહાપણ ચલાવજો.' આ બધા ઠોક બિચારા નિર્બળ મનના બિહારીલાલે સાંભળી લીધા; અને ઘણું પસ્તાઈને તેઓની સલાહ માથે ચઢાવી કેટલાક પૈસા સાથે રાખીને ઉપર કહ્યા પ્રમાણે તે એક મહેલ આગળ ઊભો રહી, આ પ્રકરણને મથાળે જે શબ્દો લખ્યા છે તે બોલ્યો.

જ્યારે અલફખાંએ પાટણ શહેર લીધું, ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે ખંભાતમાં ઘણા દ્રવ્યવાન વ્યાપારીઓ છે. તે ઉપરથી લૂંટની આશાથી સઘળું લશ્કર તે શહેર ઉપર ચઢ્યું. ત્યાં જઈ તે શહેર લીધું તથા ત્યાંના તમામ ધનવાન લોકોનાં ઘરો લૂંટી લીધાં. એ લૂંટમાં અલફખાંએ એક ખુબસૂરત ગુલામને પકડ્યો. તે એક વ્યાપારીના તાબામાં હતો, અને તેને ખોજો કરીને તેના ઝનાનખાનાની ચોકી કરવા ઉપર રાખ્યો હતો. જ્યારે તે ખંભાતમાં હતો ત્યારે તે ખોજો કાફુર એ નામથી ઓળખાતો હતો, અને તેનામાં રૂપ સિવાય બીજા ઘણા ગુણો હતા. પોતાનો સ્વાર્થ સાધવાને તથા દુનિયામાં મોટી પદવી મેળવવાને જે-જે ગુણો જરૂરના તે સઘળા તેનામાં હતા. તેનામાં કેટલાક સારા તેમ કેટલાક નઠારા પણ ગુણો હતા. જે-જે કામોની સાથે તેના સ્વાર્થને સંબંધ ન હોય તે-તે કામોમાં તે સારા ગુણો વાપરતો, અને તે વખતે તેનામાં દુર્ગુણ એક પણ હોય એમ કોઈને લાગતું નહીં; પણ જ્યાં તેની મતલબ પાર પાડવાની હોય, જ્યારે પોતાનો સ્વાર્થ સાધવા કાંઈ પણ કામ કરવાનું હોય, અથવા પોતાને કાંઈ ફાયદો થતો હોય, ત્યારે ગમે તેવું દુષ્ટ કામ હોય તોપણ તે કરતાં જરા પણ આંચકો ખાતો નહીં. એ પ્રમાણે તે બે જાતનો માણસ હતો. જ્યાં સુધી તે ગુલામગીરીમાં રહ્યો ત્યાં સુધી એ સઘળા ગુણો વાપરવાને તેને પ્રસંગ આવ્યો નહીં; પણ તેનું ભાગ્ય ખૂલવાનું તેથી તે મુસલમાન લશ્કરના હાથમાં પડ્યો અને તે દેખીતો ખુબસૂરત હતો તેથી જો તેને પાદશાહ પાસે નજર દાખલ મોકલવામાં આવે તો તે ઘણો ખુશ થાય એમ જાણી તેને દિલ્હી મોકલવાનો અલફખાંએ ઠરાવ કર્યો. તેને કૌળાદેવી સાથે અલ્લાઉદ્દીન પાસે મોકલ્યો. ત્યાં તે પાદશાહને ઘણો પસંદ પડ્યો. છેક હલકી પદવી ઉપરથી ચઢતાં ચઢતાં આ વખતે તે અલાઉદ્દીનનો માનીતો થઈ પડ્યો હતો. આપણા દેશી રાજ્ય-દરબારમાં જે ખટપટ, કાવતરાં તથા દગાફટકા ચાલે છે, તે સઘળામાં તે ઘણો કુશળ હતો, અને તેણે પોતાની તદબીર તથા ચતુરાઈથી રાજાના મન ઉપર એટલી તો સત્તા મેળવી હતી કે રાજા તેને વશ થઈ ગયો હતો. તે જ જાણે પાદશાહ હતો, અને સઘળા મોટા અમીર-ઉમરાવોને આ ખોજા કાફુરને માન આપવું પડતું હતું તેથી તેઓને ઘણું માઠું લાગતું હતું. તથા તેઓ તેની ઘણી અદેખાઈ કરતા હતા. દ્વેષમાં સઘળા તેને 'હજાર દીનારી' કહેતા હતા, કેમ કે અસલ તેને હજાર દીનાર આપીને વેચાતો લીધો હતો. તેનું ચલણ એટલું તો હતું કે કેટલાંક કામ તે પોતે પાદશાહને પૂછ્યા સિવાય પણ કરતો, અને આવી તેની ચઢતી કળાથી તેના મનમાં એટલો લોભ ઉત્પન્ન થયો હતો કે શાહના મૂઆ પછી પોતે તખ્ત ઉપર બેસવા સારુ ઉમેદ રાખતો હતો; બલકે તે પોતાના સ્વાર્થ આગળ એટલો આંધળો થઈ ગયો હતો કે જેણે તેના ઉપર આટલા બધા ઉપકાર કર્યા હતા, તથા જેણે તેને ધૂળમાંથી ઉઠાવી લઈને એક મહેલમાં બેસાડ્યો હતો, તેની જ તરફ અપકાર કરીને તેના જીવતાં પણ પોતે તખ્તનશીન થવાને નિરંતર ઉદ્યોગ કર્યા કરતો હતો. તે ખોજા કાફુર હજારીના મહેલ આગળ બિહારીલાલ ઊભો હતો અને તેને દ્રવ્ય આપી સંતોષીને આવી પડેલી આફતમાંથી બચવાની તે ઉમેદ રાખતો હતો.

ઘોડા ઉપરથી ઊતરીને દરવાજામાં બિહારીલાલ પેસવા જાય છે એટલે દરવાને તેને રોક્યો, અને એક હડસેલો મારી તેને ફેંકી દેવાની તૈયારીમાં હતો એટલામાં તેણે તેનો જુસ્સો સોના વતી નરમ પાડ્યો. આગળ જતાં ઘણા સિપાઈઓ તેને વીંટળાઈ વળ્યા. તેઓ સઘળાને તેણે સોનાના પ્રસાદથી સંતોષ્યા. પછી કેટલાક મહેતાઓને પણ પાનસોપારી મળ્યાં. એટલું સોનું જ્યારે વપરાયું ત્યારે તેને બેસવાની જગા મળી, અને એક સિપાઈએ માંહેના ઓરડામાં કાફુર એક દરવેશ સાથે વાત કરતો હતો ત્યાં જઈ બિહારીલાલ આવ્યાની વાત જાહેર કરી, કાફુરનું

નાક પણ પૈસા સૂંઘી-સૂંઘીને ઘણું તીવ્ર થયેલું હતું, તેથી તેણે બિહારીલાલના પૈસાની ગંધ પારખી, અને દરવેશને થોડી વાર સબૂર કરવાનું કહી તે બહાર આવ્યો. બિહારીલાલને આગળથી ભણાવી મૂક્યો હતો તે પ્રમાણે કાફુરને જોતાં જ તેણે પાઘડી માથા ઉપરથી ફેંકી દીધી અને લાંબો થઈ પગે લાગીને રડી પડ્યો. પણ રુદનના શબ્દથી પીગળે એવું કાફુરનું અંતઃકરણ કોમળ ન હતું. તેના હૈયા ઉપર તો જુદી જ રીતે અસર થતી, અને જ્યારે સોનાનો ખણખણાટ તેને કાને પડતો ત્યારે જ તે ઇંદ્રિય દ્વારા તેના હૃદય પર અસર થતી. જ્યારે તેનું કામ થવાને બદલે ઊલટો કાફુર ગુસ્સે થયો ત્યારે તેણે પોતાની પાસે જે એકસો સોનાની અશરફીની કોથળી હતી તે તેની પાછળ ખાલી કરી, અને 'મારો જે અપરાધ થયો હોય તે ક્ષમા કરો,' એટલું જ તે બોલી શક્યો. કાફુરે તે અશરફીના ઢગલા તરફ જોયું, પણ તે ઘણો નાનો લાગ્યો તેથી તે ઉપર પગની ઠેસ મારી તેને વેરી નાખી, ક્રોધથી બોલ્યો : "કાફર! ચંડાળ! હરામખોરી કરી કરોડો રૂપિયા પચાવ્યા છે, અને નાના છોકરાને સમજાવવા આવ્યો હોય તેમ આટલી અશરફી મૂકીને પોક મૂકે છે! હું કાંઈ કરી શકતો નથી. પાદશાહ પાસે સઘળું કામ ગયેલું છે. જો અપરાધ સાબિત થશે તો મોત સિવાય બીજી કાંઈ શિક્ષા નથી." બિહારીલાલે ઘણા કાલાવાલા કર્યા, પણ કાંઈ કામ થતું નથી એમ જોઈને તેણે તેવી જ એક બીજી કોથળી પણ ખાલી કરી; પણ સઘળું વ્યર્થ ગયું. કાફુર તો તેના નામ પ્રમાણે ખરેખરો કાફર હતો. આવા રૂપની સાથે તેનામાં આવું દુષ્ટ અંતઃકરણ હશે એમ કોઈના ધાર્યામાં આવે નહીં. તે તો ઇંદ્રવરણાનું ફળ. તેથી જ્યારે બિહારીલાલે એવી પાંચ કોથળી ઠાલવી ત્યારે જ તેનો ચહેરો નરમ પડેલો દેખાયો, અને ત્યારે જ તેણે બિહારીલાલને વચન આપ્યું કે હવે તારા માથાના એક વાળને પણ નુકસાન પહોંચશે નહીં. બિહારીલાલ ત્યાર પછી ઘણો હરખાતો બહાર ગયો, અને કાફુર પણ ખુશ થઈ ચાકરને તે થેલીઓને ખજાનામાં મૂકવાનો હુકમ કરી, દરવેશ પાસે ગયો. દરવેશે આ સઘળું બન્યું તે છાનાંમાનાં જોઈ લીધું, અને પૈસાને વાસ્તે એક કાફર હિંદુ ઉપર દયા કરી, જરની ખાતર પાક મઝહબનું એક ફરમાન તોડી જઝીઓ કર માફ કર્યો, એ જોઈને કાફુર ઉપર તેને ઘણો ગુસ્સો ચઢ્યો.

કાફુરને આવતો જોઈ તે ક્રોધથી બોલ્યો : 'યા અલ્લા! યા કરીમ! શો જમાનો બારીક આવ્યો છે! દીન તો સઘળો ડૂબી ગયો અને જર અંતઃકરણમાં અલ્લા મિયાંના તખ્ત ઉપર બેઠું છે. તું કોણ અને કેવો હતો તે તને યાદ નથી? અલ્લાતાલાએ રહેમ લાવી તને ખાકમાંથી ઊંચકી લઈ આટલો મોટો મરતબો આપ્યો તે આટલા સારુ? ઇસ્તગફૂલ્લાહ? કાફર હિંદુને માફી? કુરાને શરીફમાં શું કહ્યું છે? કાફર લોકો જેઓ મૂર્તિપૂજકો છે, જેઓ નાપાક શેતાનનો ધર્મ પાળે છે, તેઓને તો જોરજુલમથી આપણા પાક, હઝરત પેગંબર સાહેબને જબ્રઇલ ફિરસ્તાએ આપેલો દીન પળાવવો. એ કાફર લોકોને માફી? તેઓ તો સુન્નત કરાવે નહીં તો તલવારથી તેઓનાં માથાં કાપી નાખવાં. બિસ્મિલ્લાહ! એ લોકો દુનિયામાં વસીને શું કરે છે? ફક્ત દોઝખનો ખાડો ભરે છે. તેઓને આવી રીતે માફી? તાલે અલ્લાહ! હજી કયામતનો દહાડો તો દૂર છે."

કાફુર દરવેશનો ગુસ્સો જોઈને ઘણો બીધો, અને તે જાતે ઘણો અજ્ઞાન અને તેને લીધે ઘણો વહેમી હતો તેથી જો દરવેશ શાપ દેશે તો પોતે પાયમાલ થઈ જશે એ ધાકથી તે થરથર કંપવા લાગ્યો, અને ગભરાટમાં બોલી ઊઠ્યો : "દરવેશ સાહેબ! ગુનો માફ કરો. પાદશાહ પણ એ જ પ્રમાણે કરે છે, અને પૈસાની બાબતમાં તે હિંદુ તથા મુસલમાનમાં કાંઈ તફાવત ગણતો નથી."

કાફુરના આ બોલ સાંભળીને દરવેશને પગથી તે માથા સુધી ઝાળ ચઢી. તેનું લોહી ઊકળી આવ્યું, અને તેના ક્રોધના અગ્નિમાં જાણે ઘી હોમાયું, તે બોલ્યો : "અરે નાપાક મુઝી! પાદશાહ

એ પ્રમાણે કરે છે માટે તે શું વાજબી થયું? જ્યારે તમે સઘળા એમ જ કરો છો ત્યારે અજબ છે કે આસમાન તૂટી પડતું નથી! અજબ છે કે આપણે સઘળા મરકીના સપાટામાં ઘસડાઈ જતા નથી! અજબ છે કે આપણે ધરતીમાં ગરક થઈ જતા નથી! એ કાફર લોકોના દીન (થૂ તેઓના મોં ઉપર) અને આપણા દીનનો મુકાબલો કરવો? તેઓમાં શું ફરક નથી? અરે! આસમાન-જમીન જેટલો તફાવત. અરે! અંધારા-અજવાળા જેટલું અંતર. અરે! શેતાન અને ફિરસ્તા જેટલી જુદાઈ. અલહમદુલિલ્લાહ! આ લોકોનાં માથાં જ ફરી ગયાં છે ને! તેઓ ખુદાને પણ ઓળખતા નથી! તેઓ ખરો અને ખોટો દીન પારખી શકતા નથી! તોબા! તોબા! સઘળા ધર્મો દુનિયામાં મનાય છે તેમાં મૂર્તિપૂજા સૌથી નાપાક છે. આખી જહાનમાં એક ખુદાને માનનાર તથા સર્જેલી વસ્તુને નહીં પૂજનાર એવા તો ફક્ત ત્રણ ધર્મના જ લોક છે, એક યહૂદી, બીજા ઈસાનો મત માનનારા, અને ત્રીજા આપણે મુસલમાન છીએ. હવે એ ત્રણમાં કોનો દીન સાચો તે હું તને બતાવું છું. આરબ લોકો તથા યહૂદી લોકો બંને ઇબ્રાહીમ વંશના છે, એક ઇસ્માઈલના અને બીજા ઐઝાકના છોકરા. વળી પેગંબર સાહેબે યહૂદી લોકોનું તોરત કબૂલ રાખ્યું છે, અને આદમ, નુહ, મુસા વગેરેનો પેગંબરી દાવો મંજૂર ગણેલો છે. આદમની બેવફાદારીથી દુનિયાની ખરાબી થઈ; માણસને મહેનત કરવી પડે છે; રોગો શરીરને વળગ્યા; બીજાં દુ:ખો આદમજાત ઉપર આવી પડ્યાં; અને મોતની સજા જગતમાં પરમેશ્વરે ચલાવી માટે બાવા આદમનો પેગંબરી હક્ક રહ્યો નથી. નુહનાં ફરમાનો ઘણાં જ થોડાં મનાય છે, અને મુસાના કાયદા તે વખતના યહૂદી લોકોને જ વાસ્તે કરેલા હતા. તેઓના તોરતમાં લખેલું છે કે, આખરે એક પેગંબર જન્મશે તે આ દુનિયાને જીતશે, તે પ્રમાણે હઝરત મુહમ્મદનો જન્મ થયો. પણ આંધળા યહૂદી લોકોએ તકરાર ઉઠાવી કે, આરબ લોકો ઇસ્માઈલના છોકરા, અને ઇસ્માઈલ ઇબ્રાહીમની લોંડીના પેટનો તેથી તોરતમાં લખેલો પેગંબર હઝરત મુહમ્મદ નથી. આપણામાં અને તેઓમાં એટલો જ વાંધો છે. વળી મરિયમના છોકરા ઈસાનો ધર્મ કાંઈક સારો છે; શાથી કે ઈસા પણ પેગંબર હતો; અને જ્યારે હઝરત મુહમ્મદ બોરાક ઉપર બેસીને સાતમા આસમાન સુધી જઈ-જઈ આવ્યા ત્યારે ઈસાની તેમણે મુલાકાત લીધી હતી. પણ મુહમ્મદ (શુકર તેના નામ ઉપર!) સૌથી છેલ્લા આવ્યા માટે તે સૌથી મોટા પેગંબર, અને તેનો દીન સૌથી સાચો, એમાં કોઈથી ના કહી શકાશે નહીં. મૂર્તિપૂજકોમાં સઘળાથી ઊંચા પારસી લોકો છે. તેઓ આતશપરસ્ત છે તેથી તેઓ અગર જો ખુદાની પાક નજરમાં ઘણા ગુનેગાર છે, તોપણ તેઓ હિંદુઓ કરતાં ઘણા સારા છે. સૌથી નાપાક બૂતપરસ્ત હિંદુ લોકો છે; તેથી એવા દોઝખી ધર્મવાળાઓ ઉપર મહેર રાખવી નહીં. પહેલાં તો એ કાફર હિંદુ લોકો એક ખુદાને માનતા નથી. તેઓના દેવ તેત્રીશ કરોડ છે. કેવા આંધળા અને હૈયાના ફૂટેલા! આસમાનમાં હીરાની પેઠે જડેલાં અગણિત બિંદુઓ જેને આપણે તારા કહીએ છીએ, જે શીતળ ચંદ્ર રાતની વખતે પૃથ્વીને અજવાળું આપે છે, તથા વનસ્પતિને ઊગવામાં મદદ કરે છે, જે તેજસ્વી આગનો ગોળો દુનિયાને અજવાળું તથા ગરમી પહોંચાડે છે, તથા સઘળા ચૈતન્યવાળા પદાર્થોના જીવનનો આધાર છે, જે અનિયમિત કેતુઓ વખતે-વખતે આવી પૃથ્વીના લોકોને ત્રાસ પમાડે છે, તથા લોકો ઉપર કોઈ પ્રકારની મોટી આફત આવી પડશે એવી ચેતવણી અજ્ઞાની લોકોને આપે છે, તે તથા એવા બીજા ચમત્કારી આકાશના પદાર્થોથી તે એક રેતીના દાણા અથવા એક ઘાસના તણખલા સુધી સઘળા નાના-મોટા પદાર્થોને માટે એક જ સરખા નિયમો હોય છે, અને એક નાના પરમાણુથી તે કરોડો યોજનને અંતરે જે અસંખ્યાત ગોળાઓ અવકાશમાં ગબડે છે તેઓ સુધી સઘળે એકત્વપણું જોવામાં આવે છે, તે ઉપરથી તે સઘળાનો કર્તા એક જ છે એવું સહજ અનુમાન થઈ શકે છે. જેમ પદાર્થો નાશવંત છે તેમ પરમેશ્વર નાશવંત નથી, એ વાત પણ તરત અક્કલમાં ઊતરે છે. નાશ એટલે અવસ્થાંતર, એટલે પરમાણુની સ્થિતિમાં ફેરફાર

થઈ તેઓનું બંધારણ તૂટી તેઓનું વિખરાઈ જવું. માટે જેમાં પરમાણુ છે તે જ નાશ પામે છે. એટલે પરમેશ્વર જે નાશવંત નથી તેમાં પરમાણુ નથી, અથવા તે પદાર્થ નથી. હવે જ્યારે તે પ્રાકૃતિક નથી, ત્યારે તેમાં પ્રકૃતિના ગુણ નથી, અને રૂપ નથી ત્યારે તેને મર્યાદા નથી, અને મર્યાદા નથી ત્યારે તે અપાર સર્વવ્યાપક છે. એ ઉપરથી એવું સિદ્ધ થાય છે કે પરમેશ્વર એક તથા આત્મિક એટલે નિરાકાર છે, અને તે સર્વવ્યાપક છે.''

કાફુર – દરવેશ સાહેબ! માફ કરો તો બોલું; પણ હિંદુ લોકોમાં એક વેદ નામની કિતાબ છે તેમાં લખ્યું છે કે પરમેશ્વર એક તથા નિરાકાર છે.

દરવેશ – જૂઠું. જે વાત પેગંબરને ખુદાની તરફથી ફિરશ્તાએ કહેલી તે જાણવાને એ કાફર લોકોના દિલમાં ખુદાઈ રોશની હોય એમ માનવામાં આવતું નથી; અને અગર જો એ વાત તેઓની વેદની કિતાબમાં લખેલી છે તો તેઓ શા માટે માનતા નથી? એટલા જ ઉપરથી જણાય છે કે વેદમાં એ પ્રમાણેનું નથી. કદાચ હોય તોપણ શા કામનું? આપણી કુરાને શરીફમાં સાફ એ વાત લખેલી છે, ત્યારે એવી વેદ જેવી કિતાબોની શી જરૂર છે? તેઓ જલદીથી બળી જાય, અથવા ફના થઈ જાય તો સારું. જ્યારે આરબ લોકો આસમાનના તારા વગેરેને પૂજતા હતા, જ્યારે યહૂદી લોકો મુસાના કાયદાને એક કોરે મૂકી, તથા દાઉદનાં પવિત્ર ગીત અને સુલેમાનનાં દાનાઈનાં વચનની અવગણના કરી ચાલતા હતા, જ્યારે ઇસા પેગંબરના મતવાળા ઈસા તથા મરયિમબીબીનાં સોનાનાં પૂતળાં બનાવી દેવળમાં રાખતા, અને ઘણા સાધુઓ તથા શહીદોની કબરો તથા હાડકાંને ખુદાઈ માન આપતા હતા, તે વખતે હઝરત મુહમ્મદ સાહેબે, 'લાઇલાહાઇલલુલ્લાહ મુહમ્મદુર રસલુલ્લાહ (એક પરમેશ્વર સિવાય બીજો પરમેશ્વર નથી, અને મુહમ્મદ પરમેશ્વરનો પેગંબર છે.) એ મત ચલાવ્યો.

કાફુર – શુકર અલ્લા! શુકર અલ્લા! અને હજરત સાહેબના નામને પણ શુકર.

દરવેશ – (પોતાની દાઢી પર હાથ ફેરવીને) આમીન! આમીન! આમીન! વળી હિંદુ લોકો પોતાના મૂએલા તથા જીવતા માણસોને ઈશ્વર જેવાં માને છે. તેઓના રામ, કૃષ્ણ વગેરે બીજા દેવો પાછલા જમાનામાં આદમીઓ હતા; પણ તેઓએ જીવતાં મોટાં-મોટાં પરાક્રમ કરેલાં તેથી મૂઆ પછી માનવી રૂપે ઈશ્વર હતા એમ મનાવા લાગ્યું. એ કેવી મૂર્ખાઈ! ખુદાની તલવાર, અને કાફરોને કતલ કરનારા ખાલિદ, મિસરનો જીતનાર અમરૂ, આપણા ખલીફાઓ અબુબકર, ઉંમર, અલી, ઇત્યાદિ; તેઓના વિક્રમ તથા ભોજ જેવા, આપણા હાતેમતાઈ તથા હારૂન્અલર્શીદ એ સઘળાને આપણે જરા પણ પૂજતા નથી. વળી તેઓ હેવાનને પણ પૂજે છે. ગાય, હાથી, વાંદરાં વગેરે ઘણાં જાનવરોને તેઓ પરમેશ્વર સરખાં માને છે. અને સાપ તથા નોળિયાને પણ કેટલેક દહાડે પૂજે છે. એવા કાફર પાપી લોકો દુનિયાની સપાટી ઉપર કોઈ પણ વસતા નહીં હશે. જેમ સાડમ અને ગામરા શહેરો ઉપર તેઓના રહેવાસીઓના મહાપાપને લીધે ખુદાએ આતશ તથા ગંધકનો વરસાદ વરસાવ્યો તથા તેઓને પાયમાલ કરી નાખ્યા, તેમ આ આખો મુલક કોઈ દહાડો ધરતીમાં ગરકાવ થઈ જશે, અથવા તે ઉપર દરિયો ફરી વળશે. હેવાનને ખુદાઈ માન આપવું! એ આંધળા લોકોની આગળ તો કુરાન કે તલવાર. તેઓ અલહમદુલિલ્લાનો ધર્મ માને, નહીં તો તલવારની ધારથી તેઓના આત્માને જલદીથી દોઝખમાં મોકલી દેવા. ઇસ્તગફ્રુલ્લાહ્.

બચ્ચા કાફુર! હજી બસ થયું નથી. તેઓ જીવવાળા થઈ નિર્જીવ વસ્તુઓને માને છે; સૂરજ, ચંદ્ર, તારાને પૂજે છે; ભોંયની પૂજા કરે છે; નદી, પહાડ વગેરેને માન આપે છે; અને દુનિયામાં જે-જે વસ્તુઓ અથવા દેખાવ જોવામાં આવે છે તેઓને તેઓ ઈશ્વર જેટલું માન આપે છે. ત્યારે પેદા કરનાર અને પેદા થયેલી વસ્તુઓમાં તફાવત શો? એટલું એ આંધળા લોકોના સમજવામાં આવતું નથી. આદમ જાતને ખુદાએ સૌથી ઊંચી બનાવી છે; તેઓને બીજા

સઘળાઓ કરતાં વધારે સાધન આપેલાં છે; તેઓને સૃષ્ટિનું ધણીપણું આપેલું છે; તથા તેઓના સુખ અને રક્ષણને માટે દુનિયા માંહેલા બીજા પદાર્થો ઉત્પન્ન કરેલા છે; માટે આદમ જાત સૌથી શ્રેષ્ઠ છે. તે છતાં પણ એ લોકો પોતાને સઘળાથી હલકા માને છે, પરમેશ્વર જ જલદીથી તેઓનાં અંતઃકરણનું અંધારું દૂર કરે, અને સાચી વાત સમજવાને તે કિરતાર તેઓને રોશની આપે.

કાફુર – આમીન! આમીન!

દરવેશ – પણ આખી જહાનમાંથી એ અંધારું દૂર કરવાને ખુદાએ હઝરત પેગંબર સાહેબને જન્મ આપ્યો, કુરાને શરીફના ફકરા આપી હરેક રમઝાન મહિનામાં મક્કાની પાસેની હીરાની ગુફામાં પેગંબર સાહેબની પાસે જબ્રઈલ ફિરશ્તાને મોકલ્યો, કાબાના રખેવાળ તથા તેના પક્ષનાં માણસોને હરાવ્યાં, આખા મદીના અને મક્કા શહેરમાં અને પાછળથી તમામ અરબસ્તાનમાં નબી સાહેબના મોત પહેલાં આપણો દીન ફેલાયો; ત્યાર બાદ આપણા ખલીફાઓના હુકમથી ઈરાન તથા રૂમ, શામના પાદશાહોના મુલક આપણા શૂરા સરદારોએ સર કર્યા; અને એ પ્રમાણે ધીમે-ધીમે આપણો તથા આપણા પાક દીનનો અમલ ઘણું કરીને આખા જહાનમાં પથરાયો. એ સઘળું ખુદાની મહેરબાનીથી થયું. માટે આપણે ગમે તે ઉપાયથી એ કાફર હિંદુઓના મન ઉપર જે ખોટા વહેમોનો પડદો વળેલો છે તે ફાડી નાખવો જોઈએ.

વળી પરમેશ્વર નિરાકાર છે તેથી તે અવ્યક્ત છે; માટે તે કેવો છે તેની લોકોને કલ્પના આવી શકતી નથી, તે ઉપરથી જ્યારે લોકોને બંદગી કરવી હોય, તેની પૂજા કરવી હોય, અથવા તેને ખુશ કરવાને કાંઈ અર્પણ કરવું હોય, ત્યારે કોને કરવું એ તેઓ સમજતા નથી. ત્યારે પરમેશ્વરના પ્રતિનિધિ તરીકે તેઓ માટી, લાકડાં, અથવા ધાતુની, માણસના અથવા મનસ્વી આકારની મૂર્તિઓ બનાવે છે, અને ઈશ્વર સર્વવ્યાપક છે માટે મૂર્તિઓમાં પણ હોવો જ જોઈએ, એમ સમજીને તેઓને પરમેશ્વરની માફક માન આપે છે. એ પ્રમાણે કરવાનું સઘળી આદમ જાતનું સ્વાભાવિક વલણ હોય છે, અને તેઓને ગમે તેવો પાક ધર્મ બતાવ્યો હોય તોપણ પરમેશ્વરની માનસિક પૂજા કરવાને બદલે તેને ઠેકાણે કોઈ દૃશ્યમાન પદાર્થને ગોઠવીને તેની પૂજા કરે છે. જ્યારે યહૂદી લોકો મિસરથી નાસીને પોતાના દેશ તરફ જતા હતા ત્યારે વારે-વારે તેઓ મૂર્તિઓ બનાવીને તેમને પૂજતા, અને એમ કરવામાં મોટું પાપ છે, એમ સમજાવવાને મુસા પેગંબરને ઘણી મુશ્કેલી પડી હતી. છેલ્લી વારે સીનાઈ પર્વત ઉપર ખુદાએ તેને એક પથ્થર આપ્યો. તેના ઉપર દશ આજ્ઞા કોતરેલી હતી. તેમાં સાફ હુકમ કરેલો હતો કે મૂર્તિપૂજા કરવી નહીં. એ પૂજાની મોટામાં મોટી ખરાબી એટલી જ છે કે એવી પૂજા કરનાર ધીમે-ધીમે મૂર્તિને પરમેશ્વર સમજે છે; અને ધણીને ન માનતાં ગુમાસ્તાને શેઠનું માન આપે છે. એવી રીતનું લોકોનું વલણ છે, તે ઉપરથી આપણા હઝરત પેગંબર સાહેબે મૂર્તિ પૂજવાની સાફ મના કરેલી છે, એટલું જ નહીં પણ તેની પોતાની, ખુદાની અથવા કોઈ પણ મોટા પાક આદમીની તસ્વીર પાડવી નહીં, અથવા મસ્જિદોમાં પૂતળાં કોતરવાં નહીં, અથવા ચિત્ર રાખવાં નહીં, એવું ફરમાવ્યું છે.

કાફુર – સુબહાનઅલ્લાહ! કેવી પેગંબર સાહેબની દાનાઈ. જો એ પ્રમાણેની મનાઈ કરી ન હોય તો આપણે પણ બીજા કાફર લોકોની પેઠે બૂતપરસ્ત હોત. "લાઈલાહાઈલુલ્લાહ મુહમ્મદુર્રસૂલલ્લાહ" દરવેશ સાહેબ! હું સારી પેઠે જાણું છું કે એ હિંદુ ઘણા નાપાક, પાપી, કાફર લોકો છે. તેઓની પાસે જોરજુલમથી પણ આપણો સાચો તથા પાક દીન મનાવવો જોઈએ, અને જો શેતાનના સમજાવ્યાથી તેઓ આપણી વાત સાંભળે નહીં તો તેઓ સઘળાને કતલ કરવા, અથવા જરા પણ તેઓના ઉપર દયા કરવી નહીં. પણ દરવેશ સાહેબ! એ પ્રમાણે રાજાઓથી ચલાતું નથી, અને આગલા ખલીફાઓએ પણ એ પ્રમાણે કર્યું નથી. આપણી

શરેહમાં એક ઠેકાણે લખ્યું છે કે કાફર લોકો જેટલો કર આપી શકે તેટલો કર તેઓની પાસેથી લેવો; નહીં આપે તો તેઓની બિલકુલ નસલ કાઢવી. વળી આપણા દીનમાં દાના લોકોએ ઇસ્લામ ધર્મ માનનારાઓને ફરમાવ્યું છે કે તેઓને કાપી નાખવા, અથવા તેઓને આપણા ધર્મમાં લાવવા, એવું હઝરત પેગંબર સાહેબે ખુદે કહ્યું છે, પણ ત્યાર પછી ઇમામ હનીફે એવું ફરમાવ્યું છે કે મોતને બદલે તેઓના ઉપર જઝીઓ, અથવા જેટલો ખમાય એટલો બીજો કોઈ કર બેસાડવો, અને તે લોકોને નકામા કતલ કરવાની તેણે સાફ મના કરી છે. તેનો ફરમાન એવો છે કે તેઓની પાસેથી જેમ બને તેમ જઝીઓ, એટલે માથાદીઠ વેરો, અને ખિરાજ એટલે ખંડણી લેવી, અને તે વસૂલ કરવામાં એટલી સખ્તી વાપરવી કે તે સજા મોતની લગભગ થઈ રહે. વળી જે હિંદુ હમણાં અહીં આવી ગયો તેણે કાંઈ કસૂર કરી નથી. તેણે જઝીઓ બરાબર આપેલો છે. તેના ઉપર જે તહોમત મુકાયેલું છે તે ખોટું છે. તેનો અપરાધ આટલો જ છે કે તેની પાસે દોલત ઘણી જ છે. જઝીઆ ઉઘરાતદારની દાનત તેની પાસેથી પૈસા કઢાવવાની હતી, પણ જ્યારે તેને માગેલા પૈસા આપ્યા નહીં, ત્યારે તેણે આ ખોટી ફરિયાદ કરી. હું સારી પેઠે જાણતો હતો કે તે વગર પાયાની છે, તોપણ એવો શિકાર ક્યાં મળવાનો છે એમ જાણી, તથા એવા નાપાક કાફર પાસે દોલત રહે તે નઠારે માર્ગે વપરાય માટે એની પાસેથી પાંચસો અશરફી મેં કઢાવી છે, તેમાંથી અર્ધી તમને આપવાને મેં ધાર્યું છે, તે મહેરબાની કરી લેશો, અને ખુદાને પસંદ પડે એવે સારે રસ્તે આપ વાપરશો.

અઢીસો અશરફી પોતાને મળવાની છે, એ સાંભળીને દરવેશને ઘણો આનંદ થયો અને તેની આંખમાં સોનાનું તેજ તે જ વખતે આવી ગયું. તે બોલ્યો : "શાબાશ, બચ્ચા, શાબાશ! તેં કર્યું છે તે ઘણું જ વાજબી છે. એવું હંમેશાં કર્યા કરજે, અને જે મળે તેમાંથી થોડો ભાગ ખેરાત કરજે; અને થોડો ભાગ અમારા જેવા દરવેશોને ખુદાના કામમાં વાપરવાને આપજે. જો એવી તારી દાનત રહેશે તો તે પરવરદેગાર તારા ઉપર વધારે રાજી થશે, અને આથી પણ મોટો મરતબો તને આપશે."

કાફુર – આમીન! એ સઘળું તમારા આશીર્વાદથી થશે. પણ આથી વધારે મરતબો બીજો કોઈ નથી. ફક્ત એક છે તે તો —

દરવેશ– "તારી મતલબ હું સમજ્યો, અને તે ખુદા જલદીથી બર લાવે. હવે ચૂપ. ભીંતને પણ કાન હોય છે, માટે હવે એ વાત બંધ કર." એટલું કહી, આંખની ઇશારત કરી, દરવેશ અઢીસો અશરફી બાંધીને, તથા કાફુરને અંતઃકરણથી આશીર્વાદ દઈને ચાલ્યો ગયો, અને કાફુર પણ દરબારમાં જવાને તૈયારી કરવા લાગ્યો.

હવે બિહારીલાલ મોતના સપાટામાંથી તથા એથી વધારે બીજી મોટી આફતોમાંથી બચી ગયો તેથી તેના હૈયામાં હર્ષ માયો નહીં. તે રસ્તામાં જેવો હવામાં ચાલતો હતો, પણ જ્યારે તે દિલ્હીના મોટા ચોગાનમાં આવ્યો, ત્યારે એક ભયંકર દેખાવ તેની નજરે પડ્યો. આ વખતે મોગલ લોકો હિંદુસ્તાન ઉપર હંમેશાં હુમલો કર્યા કરતા હતા, તથા રાજ્યને નિરંતર ઉપદ્રવ કરતા હતા. ઐબકખાં કરીને એક મોગલનો સરદાર, હજાર બળવાન સવાર તથા એથી વધારે બીજાં માણસો લઈને હિંદુસ્તાન ઉપર આવ્યો, અને મુલતાન શહેર ઉજડ કરીને શિવાલિક પહાડો આગળ છાવણી નાખીને પડ્યો. એ લોકો ઉપર પાદશાહી લશ્કરે હુમલો કર્યો, અને ઘણાં માણસોને કાપી નાખી તેઓને હરાવ્યાં. જેઓ જીવતાં રહ્યાં તેઓ જંગલમાં તરસ તથા ઊના પવનથી મરણ પામ્યાં, અને તેઓના લશ્કરનાં ત્રણ હજાર માણસો કેદ પકડાયાં તે સિવાય એક પણ આદમી જીવતો રહ્યો નહીં. ઐબકખાં અને એ ત્રણચાર હજાર કેદીઓને દિલ્હીમાં લઈ આવ્યા; અને તેઓ સઘળાને એકદમ મારી નાખવાને ત્યાં તૈયારી થઈ રહી હતી. પોતાના માણસોની શી દશા થાય છે તે જોવાને ઐબકખાંને એક પ્રસિદ્ધ ઠેકાણે બાંધીને

બેસાડેલો હતો. સઘળા મોગલ લોકોનાં બૈરાંછોકરાં જે પકડાયાં હતાં તેઓને જુદે-જુદે શહેર મોકલીને બજારમાં હરરાજ કરી ગુલામ દાખલ વેચી નાખ્યાં હતાં; અને તેઓના મરદોને ઘણી દુષ્ટ રીતે મારી નાખવાને પાદશાહનો હુકમ થયો હતો. તે ત્રણ હજાર માણસોની ત્રીશ ત્રીશની સો ટુકડી કરી, અને તે ટુકડીઓને આઘે રાખી; પછી ત્યાં સો ગાડાં આણ્યાં, તથા સો જોરાવર હાથીઓને લાવી તેઓને દારૂ પાઈને ઘણા જ મસ્ત કર્યા પછી સો જલ્લાદોએ આવીને તેઓએ એક-એક ટુકડી તથા એકેક હાથી લઈ લીધો, અને એકેક માણસને હાથીના પગ તળે છૂંદાવી નાખી બધાને મારી નાખ્યા. એ પ્રમાણે થોડા વખતમાં ત્રણ હજાર ઈશ્વરના પેદા કરેલા માણસોના પ્રાણ આ રાક્ષસી દુષ્ટ ચંડાળ પાદશાહે લેવડાવ્યા. ત્રણ હજાર માણસને આવી ક્રૂર રીતે મારી નાખ્યા એ વિચારે જ શરીરમાંનું સઘળું લોહી ઠરી જાય, એ સ્વાભાવિક છે. ગાંડા મસ્ત થયેલા સો હાથીઓને આવી રમત મળી તેથી મગ્ન થઈ તેઓ વખતે-વખતે બરાડા પાડતા હતા. તે અવાજો, જે બિચારા કેદીઓ તેના મોટા તથા ભારે પગના દબાણથી કચડાઈ જતા હતા તેઓનું કષ્ટ તથા તેઓની તે વખતની ચીસાચીસ, જેઓનો મરવાનો વારો આવ્યો નહોતો તેઓનાં ચિંતાથી તથા ભયથી લોહી ઊડી ગયેલાં મોં, તેઓનો નિરાશ દેખાવ, તથા બેબાકળી આંખો, કેટલાક નબળા મનના મોગલોની આવા દુષ્ટ મોતના ધાકથી થયેલી દયામણી શિકલ, તથા પોતાનો દેશ, બૈરી, છોકરાં, સગાંવહાલાં, એ સઘળાં યાદ આવ્યાથી તેઓની આંખોમાંથી વહેતી આંસુની ધાર, તથા પોતાના મન ઉપર અખત્યાર ન રહેવાથી કેટલાંકનું ડૂસકાં ભરીને રડવું, એ સઘળાંની કલ્પના માત્ર કરો, પછી કોણ એવો વજ્રહૈયાનો હશે કે તેને દયા આવ્યા વિના રહેશે? અને કોના નિમાળા ઊભા નહીં થાય? પણ આટલી બધી ક્રૂરતા એ નિર્દય પાદશાહને બસ લાગી નહીં. થોડેક દૂર કેટલાક કસાઈઓ બેઠેલા હતા, તેઓ મરી ગયેલા મોગલોની ખેપરીઓ કાપીને કાઢી લેતા હતા, અને તેઓને ગાડાંમાં ભરતા હતા.. આ તમાશો જોઈને બિહારીલાલને ઘણો કમકમાટ ઊપજ્યો. તોપણ એ ખોપરીઓને શું કરે છે એ જાણવાની આતુરતાથી તે સઘળાં ગાડાં ભરાયા પછી તેઓની પાછળ તે ગયો. એ સઘળાં ગાડાં દિલ્હીના બદાયુન દરવાજા આગળ ખાલી કર્યાં, અને ત્રણ હજાર ખોપરીઓને એક ઉપર એક ગોઠવીને તેઓનો એક ઊંચો સ્તંભ બનાવ્યો.

એ ભયંકર કામ પૂરું થયું, એટલે લોકોનું એક મોટું ટોળું તે રસ્તે આવ્યું. તેમાં એ મોગલનો સરદાર ઐબકખાં ઘોડા ઉપર બેઠેલો હતો. તેના હાથ બાંધેલા હતા, તથા પગે ઘણી ભારે બેડીઓ જડેલી હતી. એ લોકોના ટોળામાં બિહારીલાલ પણ સામેલ થયો, અને તેઓ સઘળા નદીકિનારે ગયા. ત્યાં પહોંચ્યા પછી તમાશગીર લોકો જમુનાને કાંઠે હારબંધ ઊભા રહ્યા, અને ઐબકખાંને એક હોડીમાં બેસાડ્યો, અને તેમાં પાદશાહનાં માણસો બેઠાં. ઐબકખાંની ઉંમર આશરે પાંત્રીશ વર્ષની હતી, અને તેનું શરીર પણ ઘણું જોરાવર હતું. પણ હમણાં તો તેની સઘળી ઉમેદ ભાંગી ગઈ હતી; તેનું લશ્કર હારી ગયું હતું; તેને મહા સંકટ વેઠવું પડ્યું હતું; તેનાં ઘણાં માણસો ભૂખતરસથી માર્યાં ગયાં હતાં; તે દુશ્મનના હાથમાં પકડાયો હતો; તેને દિલ્હીમાં ઘણા અપમાન સાથે લાવ્યા હતા; તેણે તેની નજરે પોતાના જાતભાઈઓને, પોતાના જૂના તથા નિમકહલાલ સિપાઈઓને આવા દુષ્ટ મોતે મરતા જોયા હતા; પોતાને પણ મરવાની સજા થયેલી હતી; અને હમણાં મોત તેની પાસે આવી ઊભું રહેલું હતું, એ સઘળાં કારણોથી તે છેક નંખાઈ ગયેલો માલૂમ પડતો હતો. તે મરવાથી જરા પણ બીતો ન હતો, પણ પોતાની તથા પોતાના લશ્કરની આ દશા થઈ તેથી માવરાઉન્નહર, એટલે સ્વતંત્ર તાતાર દેશના પાદશાહ અમીર બેગ તથા ખાજા તાશના મૃત્યુનું વેર લેવાયું નહીં, એ વાતથી તેને ઘણું જ દુઃખ થતું હતું. પણ હવે તે શું કરે? લાચાર. હોડી પવનના જોરથી જમુના નદીમાં આગળ ચાલી અને જ્યારે તે વચ્ચોવચ આવી, ત્યારે તેને અટકાવીને ત્રણ-ચાર માણસોએ ઐબકખાંને ઊંચકીને નદીનાં ઊછળતાં

મોજાંમાં ફેંકી દીધો. તે બિચારાના હાથ બાંધેલા, પગે બેડી, એટલે તેનાથી તરી તો ક્યાંથી શકાય? તે પછાડા પણ મારી શક્યો નહીં. પોતાના અંગબળ વડે તે એક વાર ઊંચો આવ્યો, અને આ દુનિયા ઉપર છેલ્લી નજર કરી સઘળાંને રામરામ કરી લીધા; પણ તરત તે નીચે ગયો, અને તેના ઉપરનું પાણી થોડી વાર સુધી હાલ્યા પછી પાછું સ્થિર થઈ ગયું. એ પ્રમાણે આ કમનસીબ સરદાર મરણ પામ્યો. જમુના નદીનું પાણી તેની કબર થઈ અને કાલિંદીનું કાળું નીર તેની લાશ ઉપર ફરી વળ્યું. તેણે મરતી વખત એક પણ ચીસ પાડી નહીં, પણ ચુપકીથી તેનો આત્મા તેના ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી ચાલ્યો. તમાશગીર લોકોના મન ઉપર આ ભયંકર મોત જોઈને કાંઈ પણ અસર થઈ નહીં. અગર જો તેઓ એવા રાક્ષસ ન હતા કે તેઓ આ તમાશો જોઈને ખુશીની બૂમ પાડે. તોપણ કસાઈને બકરું કપાતું જોવામાં જેટલી બેપરવાઈ હોય છે તેટલી જ બેપરવાઈ તેઓને હતી. પણ એમાં તેઓનો કાંઈ વાંક ન હતો. જેને જે જોવાની ટેવ પડી જાય છે તે જોવાથી તેના મન પર કાંઈ પણ અસર થતી નથી. તે વખતમાં દિલ્હીમાં એવા તમાશા વારે-વારે જોવામાં આવતા હતા, તેથી તેઓની દયાની વૃત્તિ બહેર મારી ગઈ હતી, અને ભયાનક દેખાવો જોવામાં માણસના મનને જે કમકમાટ તથા આંચકો લાગે છે તે મહાવરાથી બિલકુલ જતો રહ્યો હતો. સરકારનાં માણસો પોતપોતાને કામે લાગ્યાં, તથા લોકો અને તેમાં બિહારીલાલ પણ ઘેર ગયા.

આવી રીતે સખ્તી કરવાથી રાજ્યમાં ફાયદો થતો હશે, એમ કોઈના મનમાં આવે તો તેની મોટી ભૂલ છે, દુનિયામાં જોર-જુલમથી તથા સખ્તીથી લાભને બદલે હાનિ થાય છે. મોગલ લોકોએ અલાઉદ્દીન પાદશાહના વખતમાં ઘણી વાર હિંદુસ્તાન ઉપર ચઢાઈ કરી; સઘળી વાર તેઓ હાર્યા; એક કરતાં વધારે વાર તેઓ પકડાયા; તેઓના ઉપર ઘણી રીતે જુલમ કરવામાં આવ્યો; તેઓનાં બૈરી-છોકરાંને વેચાવી નાખ્યાં; તથા તેઓને પણ નિર્દય રીતે મારી નાખ્યાં; આ વખતે પણ આવી રીતે તેઓની દુર્દશા થઈ. હવે કોઈના મનમાં આવશે કે તેઓ ફરીથી રાજ્યને ઉપદ્રવ કરશે નહીં, પણ જે વખતે ઉપર લખેલો બનાવ બનતો હતો તે વખતે બાલમંદ કરી એક બીજા મોગલ સરદારે દેશ ઉપર હુમલો કર્યો હતો, અને તેની સામે પાદશાહે એક બીજું લશ્કર મોકલ્યું હતું.

જ્યારે બિહારીલાલ પોતાને ઘેર જતો હતો ત્યારે કાફુર સવારી સાથે પાદશાહી દરબારમાં જતો હતો. કાફુર હમણાં રાજ્યમાં સૌથી શ્રેષ્ઠ હતો. તે બાદશાહનો એવો તો મૂછનો બાલ હતો, તથા તેના મન ઉપર તેણે એટલી બધી સત્તા મેળવી હતી કે તે ચાહે તે કરી શકતો હતો. તેણે મોટામાં મોટી પદવી મેળવી હતી, પણ તે છતાં તે સુખી ન હતો. રાજાની જે પ્રીતિ તેણે સંપાદન કરી હતી તે કાયમ રાખવાને, તથા પાદશાહના સ્વછંદી અને ચળ સ્વભાવને લીધે તેને જે નિરંતર ચિંતા થયાં કરતી હતી, તથા અમીર-ઉમરાવોને આવા નીચ ગુલામ, આવા આજકાલના ચઢેલા શખ્સને પાદશાહ જેટલું માન આપવું પડતું હતું, તેથી તેના ઉપર જે કંટાળો, ક્રોધ તથા અદેખાઈ આવતી હતી, અને તેને લીધે તેઓ તેની ઊંચી પદવી ઉપરથી તેને ઢોળી પાડવાને તથા તેનો અંત આણવાને પણ હજારો યુક્તિઓ કર્યા કરતા હતા, તેને અટકાવવાને તેને હંમેશાં ચોકસાઈ રાખવી પડતી. એથી જે તેના સુખમાં ઘટાડો થતો હતો તે એક કોરે મૂકીએ તોપણ તેને અસુખ થવાને બીજાં બે મોટાં કારણો હતાં. એક તો એ કે તેના લોભની તથા અસંતોષની વૃત્તિ ઘણી પ્રબળ થઈ ગઈ હતી. આટલી બધી વાર સુધી તેનાં ધારેલાં કામો તથા રાખેલી આશા સફળ થયાં કરી તેથી ઇચ્છાનું જોર ઘટવાને બદલે ઊલટું વધ્યું. તેના અંતઃકરણમાં લોભનો કીડો મોટો થયો, અને તેનું કલેજું કોતરી ખાવા લાગ્યો. તેને હવે પાદશાહ થવાનો લોભ થયો, અને તેની નજર હવે તે નિશાન ઉપર ગયા કરતી હતી. પણ પાદશાહ થતાં પહેલાં તેણે પ્રસિદ્ધ થવું જોઈએ; તેણે કોઈ પ્રકારે નામ મેળવવું જોઈએ; અને આવા અજ્ઞાન લોકોમાં

શૂરાતન દેખાડવાથી જ તથા બહાદુરીનાં કામો કરવાથી જ પ્રસિદ્ધ થવાય, નામ મેળવાય, તથા પ્રતિષ્ઠા સંપાદન થાય. અત્યાર સુધી તેણે કાંઈ બહાદુરીનાં કામ કર્યાં ન હતાં, તેણે આ મોટો મરતબો ફક્ત નરમાશથી તથા કાવતરાં કરી મેળવ્યો હતો. તેનું કુળ આવું નીચું હતું, તેની અવસ્થા કનિષ્ઠમાં કનિષ્ઠ ગુલામગીરીની હતી, તે પોતાનું રૂપ સુધારવાને હંમેશાં ઉપાયો કર્યા કરતો હતો; તેણે ઝનાનખાનામાં તેની જિંદગીનો કેટલોક ભાગ કાઢ્યો હતો, તથા તે ખોજો હતો તે ઉપરથી તેના શૂરાતન વિશે લોકોના મનમાં મોટો શક હતો, અને જ્યાં સુધી તે શક કાયમ રહે ત્યાં સુધી તેની ધારેલી મતલબ પાર પાડવામાં મોટી હરકત પડે એમ સમજીને તેણે પોતાનું ખરું સ્વરૂપ લોકોને દેખાડવાનો, પોતાની સ્વાભાવિક હિમ્મત તથા બહાદુરી પ્રગટ કરવાનો, તથા પોતાના નામ ઉપરનું આ કલંક ધોઈ નાખવાનો ઠરાવ કર્યો હતો. ઇતિહાસ ઉપરથી માલૂમ પડે છે કે ખોજાઓ પુરુષનાં લક્ષણથી રહિત હોય છે તોપણ તેઓમાં હંમેશાં નામર્દાઈ હોય છે, અથવા તેઓ નાહિમ્મત હોય છે, એમ કાંઈ હોતું નથી. નારસીસ અને બીજા કેટલાક ઝનાનખાનાના રખેવાળોએ મોટાં શૂરાં કામો કરેલાં છે. તેઓમાં બહાદુરીની કાંઈ કસર ન હતી, તે જ પ્રમાણે કાફુરને હતું. માટે તેનામાં જે જવાહિર હતું તે દુનિયાને દેખાડી આપવાને કોઈ પણ લડાઈ ઉપર ચઢવાનો તેણે નિશ્ચય કર્યો.

એ પ્રમાણે વિચાર કરતો-કરતો કાફુર પાદશાહી મહેલમાં ગયો, અને પાદશાહ ક્યાં છે એ વાતની તેણે તજવીજ કરી. તે વખતે અલાઉદ્દીન ઝનાનખાનામાં બેઠેલો હતો, પણ કાફુરને બેગમોને જોવાને તથા તેઓની સાથે વાતચીત કરવાને કાંઈ હરકત ન હતી, તેથી તે પણ ઝનાનખાનામાં ગયો. તે જઈને જુએ છે તો અલાઉદ્દીન ભોજન કરવાને બેઠો હતો. તેની આગળ મેજ ઉપર નાના પ્રકારના દારૂના શીશા પડેલા હતા, તથા પ્યાલાઓ વારાફરતી ભરાતા હતા. તેની પાસે તેની કૌળારાણી બેઠેલી હતી, અને તેઓ બંને અતિ આનંદમાં વાતચીત કરતાં હતાં, તથા રાતા ચળકતા પ્રવાહીઓનો ઘણી છૂટથી ઉપયોગ કરતાં હતાં. કૌળારાણીને આપણે છેલ્લી જોઈ તે કરતાં હમણાં કાંઈ બદલાઈ ન હતી. ઊલટી રજપૂતાણીનો પહેરવેશ બદલી તેણે હમણાં પઠાણની બૈરીનો પોશાક પહેર્યો હતો, તથા ઘણાં ઉમદા અને કીમતી જવાહિરો પહેરેલાં હતાં, તેથી તે વધારે ખૂબસૂરત દેખાતી હતી, તથા તેનું હૂરીના જેવું રૂપ વધારે પ્રકાશી નીકળતું હતું. ગુજરાત છોડતી વખતે તેને જે દુઃખ ઊપજ્યું હતું તે ધીમે-ધીમે ઘસાઈ ગયું હતું. દુઃખનું ઓસડ જે દહાડા, તેણે તેના મન ઉપર મોટો ફેરફાર કર્યો હતો, અને ટેવ જે માણસને હરેક સ્થિતિ સાથે અનુકૂળ કરી આપે છે તેણે હવે તેની મદદે આવીને તેને તેની આ નવી અવસ્થાની સાથે સમાધાન કરાવ્યું હતું. એટલા ઉપરથી કોઈએ એમ ધારવું ન જોઈએ કે તેનું આગલું દુઃખ ખોટું હતું, તથા તેણે જે વિલાપ કરેલ તે ઢોંગ હતો. માણસને માથે જ્યારે દુઃખ પડે છે ત્યારે ખરેખરી દિલગીરી થાય છે, પણ પરમેશ્વરે દુઃખી માણસ ઉપર દયા લાવી તેનું મન એવું તો સ્થિતિસ્થાપક કરેલું છે કે થોડી મુદત સુધી ઘણામાં ઘણો સંતાપ ભોગવી કેટલીક વાર પછી આશાની સહાયતાથી તે પોતાની અસલ સ્થિતિ ઉપર આવી જાય છે. જો પરમ દયાળુ ઈશ્વરે એમ કર્યું ન હોત, જો માણસનું દુઃખ વખત જવાથી નરમ પડતું ન હોત, તો તે ખરેખરો દુઃખી અભાગિયો થઈ પડત. તેની આખી આવરદા દિલગીરીમાં જ જાત, અને તેથી દુનિયાનો ઘણી મુદત ઉપર અંત આવ્યો હોત,. અગર જો કેટલાકનું મન એવું જડ હોય છે કે તેમાં દિલગીરી જડમૂળ ઘાલીને વસે છે, તથા તેથી તેઓ દેહત્યાગ કરે છે, તોપણ એવા થોડા છે. તેઓ જગતના નિયમથી બહાર છે. કૌળાદેવી તેવી ન હતી, માટે તેને ઠપકો દેવો એ અયોગ્ય ગણાય. કાફુરે કેટલીક વાત કર્યા પછી ખંડિયા રાજાઓનો વિષય કાઢ્યો, અને દેવગઢનો રાજા રામદેવ પોતાના સામર્થ્ય ઉપર ભરોસો રાખીને આજ ત્રણ વર્ષ થયાં ખંડણી આપતો નથી, એ આપણું મોટું અપમાન થાય છે, માટે તેને ભારે સજા થવી જોઈએ, તેના ઉપર એક મોટું લશ્કર

મોકલવું જોઈએ, અને જો આપની રજા હોય તો હું તે લશ્કર લઈને જલદીથી તેને ઠેકાણે લાવી તેની પાસેથી ચઢેલી ખંડણી વસૂલ કરી લાવું, એટલું જ નહીં પણ ત્યાંની અગણિત લક્ષ્મી ઘસડી લાવી આપની સેવામાં રજૂ કરું. એ કામ કરવાથી બે ફળ થશે. એક તો આપણી દોલતમાં તથા સત્તામાં વધારો થશે, આપણી બહાદુરી પ્રગટ થશે, અને આપણા નામનો ત્રાસ હિંદુસ્તાનમાં ફેલાશે. લોકો જોશે કે આપણે હજુ લડાઈથી થાકી ગયા નથી; આપણી પાસે લશ્કર, દ્રવ્ય તથા લડવાનાં બીજાં સાધનોની હજી કાંઈ ખોટ નથી; તથા આપણે હજી આપણી મેળવેલી સત્તા વધારવાને તથા કાયમ રાખવાને અને બળવાખોરોને ભારે સજાએ પહોંચાડવાને સમર્થ છીએ. બીજું ફળ મારી જાતને થશે. અહીંના અમીર લોકો મને ધિક્કારે છે, હું ખોજો છું તેથી તેઓ એમ સમજે છે કે હું સ્ત્રીઓનાં કામ કરવાને જ માત્ર લાયક છું, અને મારામાં કાંઈ શૂરાતન નથી. તેઓને મારે ખાતરી કરી આપવી છે કે અગર જો પરમેશ્વરે મને નીચ કુળમાં જન્મ આપ્યો છે, મારી પાસે ગુલામગીરી કરાવી છે, મારામાંથી પુરુષાતન લેવડાવી લીધું છે, મને અબળાઓનું રક્ષાણ કરવાનું કામ સોંપ્યું છે, તોપણ તે પરવરદિગારે જોઈએ તેટલી હિંમત તથા બહાદુરી મને બક્ષેલી છે, અને જેમ હું દરબારનું કામ હોશિયારીથી કરી શકું છું, તેમ લડાઈ ઉપર લશ્કર પણ લઈ જઈ શકું છું; માટે જહાંપનાહ! આપના ગુલામની અરજ કબૂલ રાખી એક મોટું લશ્કર તૈયાર કરાવવું જોઈએ અને તેની સરદારી મને આપીને મને દેવગઢ ઉપર મોકલવો જોઈએ.

કાફુરનું આ બોલવું સાંભળીને પાદશાહને ઘણી ખુશી થઈ, અને તેના માનીતા કાફુરની કોઈ પણ નજીવી અરજ તે કદી નામંજૂર કરતો ન હતો તે આવી મોટી તથા તેને ગમતી વાત શી રીતે નાપસંદ કરે? વળી દેવગઢ ઉપર ચઢાઈ કરવાથી કાફુરે બતાવ્યા તે પ્રમાણેના ઘણા લાભ ન થાય તોપણ એકલી નકામી, વગર જરૂરની લડાઈ વહોરવાનો પણ તેને ઘણો શોખ હતો; લડાઈનું નામ સાંભળીને તે જાગ્રત થઈ જતો; તેની નસોમાં લોહી વધારે જુસ્સાથી વહેતું; તથા તેમાં ઝંપલાવી પડવાને તે તરત તૈયાર થઈ જતો. તેને લડાઈમાં જાતે જવાની મરજી થઈ, પણ કાફુરના કાલાવાલા ઉપરથી તેણે તે વિચાર છોડી દીધો અને તેને મોકલવાનું કબૂલ કર્યું.

કૌળાદેવીએ જ્યારે આ વાત સાંભળી, અને દેવગઢ તથા રામદેવનાં નામ તેને કાને પડ્યાં, ત્યારે તેનું આગલું સઘળું દુઃખ યાદ આવ્યું, અને તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. તેનો આગલો ધણી કરણ બાગલાણમાં છે એવી તેને ખબર હતી; તેની મોટી છોકરી કનકદેવી મરી ગઈ તે પણ તે જાણતી હતી; અને તેની નાની છોકરી દેવળદેવી તેના બાપની પાસે છે, એમ તેને માલૂમ હતું. પાદશાહની પાસે રહેવામાં પોતાને ઘણી તરેહનું સુખ હતું તોપણ તેને વખતે ઘણું એકાંતપણું લાગતું, અને ઘણી વાર ઉદાસ રહેતી. બૈરાંને છોકરાં પોતાની પાસે રાખવાં ઘણાં ગમે છે, તે પ્રમાણે કૌળાદેવીને પોતાની મોટી થયેલી, તેર વર્ષની છોકરીને બોલાવવાનું ઘણું મન હતું. માની છોકરાં ઉપર ઘણી પ્રીતિ હોય છે, તેની સાથે તેઓ એવું સમજે છે કે છોકરાં ઉપર માના જેટલું બાપનું હેત હોતું નથી, અને તેઓના ઉપર બાપના કરતાં માનો વધારે હક્ક હોય છે. દેવળદેવીને વાસ્તે તેને જે પ્યાર હતો તેથી તે એવી તો આંધળી થઈ ગઈ કે તેને બોલાવવાથી તેના ભરથાર કરણને જે દુઃખ થશે, તથા તેને દીકરીના જવાથી, નિરાધાર થઈ જવાથી, અને ઘણી મુદતની બાપ અને છોકરીની વચ્ચે મજબૂત બંધાયેલી પ્રીતિ તૂટવાથી જે સંતાપ થશે તે સઘળું આ વખતે ભૂલી ગઈ. તેણે અલાઉદ્દીનને વિનંતી કરી કે જ્યારે કાફુર દેવગઢ સુધી જાય છે ત્યારે બાગલાણમાં મારી તેર વર્ષની એક દેવળદેવી નામની છોકરી છે તેને લઈ આવવાનો કાફુરને હુકમ આપવો જોઈએ. અલાઉદ્દીનને આ અરજ ઘણી માકુલ જણાઈ નહીં, તોપણ પોતાની વહાલી રાણીને ખુશ કરવાને તેણે કાફુરને દેવળદેવીને લાવવાનો હુકમ કર્યો. કાફુરે એ હુકમ માથે ચડાવ્યો, અને તેને ન લાવું તો મારું માથું આપવું એવું વચન આપ્યું.

બીજે દહાડે એક મોટો દરબાર ભરી ત્યાં પાદશાહે પોતાને હાથે કાફુરને મોટો શિરપાવ તથા ખિલઅત આપ્યાં, અને હવે પછી તેને નાયબ મલેક કાફુર કહેવો, તથા સઘળા અમીર-ઉમરાવોએ તેને પોતાના જેટલું જ માન આપવું એવો હુકમ કર્યો, પછી એક મોટું લશ્કર તૈયાર કરાવ્યું, અને થોડા દહાડામાં દિલ્હીમાં પાદશાહની રૂબરૂ એક લાખ સવાર આવી ઊભા રહ્યા. એ લશ્કરની સરદારી નાયબ મલેક કાફુરને સોંપી. અને તેના હાથ નીચે ખ્વાજા હાજી નામના એક ઘણા સદ્ગુણી માણસને નીમ્યો. તે લશ્કર દિલ્હીથી ઈ. સ. ૧૩૦૫માં દક્ષિણ દેશ જીતવાને નીકળ્યું. આ મોટા સૈન્યની સાથે ઘણા નામાંકિત અમીરો હતા; તથા તેને મદદ આપવાને માળવાના સૂબા અયનુલ્મુલ્ક મુલતાનીને હુકમ થયો હતો. તથા ગુજરાતના સૂબા અલફખાંને પણ લશ્કર લઈ મલેક કાફુર જોડે એકઠા થવાનું લખ્યું હતું. કાફુરે પાદશાહની છેલ્લી રજા લીધી. અને તેના જવાથી તથા લડાઈના સપાટામાં તે કદાચ મરણ પામે એ વિચારથી પાદશાહે ઘણી દિલગીરી બતાવી. આ વખતે પણ દેવળદેવીને લાવવાનું તેણે યાદ દેવડાવ્યું. અને જો તેને નહીં લાવે તો મારા ક્રોધને લીધે મારાથી જે થઈ જશે તેનો હું જવાબદાર નથી, એમ કહી સંભળાવ્યું.

---

1 . કીડી અથવા ભમરીઓ માટીનાં જે નાનાં-નાનાં દર બનાવે છે અથવા માટીની ટેકરીઓ બનાવે છે તે. અંગ્રેજીમાં એને Ant-hill કહે છે.

2 . સાપની કાંચળી ઋષિની છાતી ઉપર જનોઈ અથવા યજ્ઞોપવીતને ઠેકાણે હતી.

પ્રકરણ ૧૩મું

જુવાન પુરુષ અથવા સ્ત્રી જે પહેલી જ વાર પ્રીતિ બાંધે છે તેમાં અટકાવ થવાથી તેને જે દુઃખ ઊપજે છે તે સૌથી આકરું છે. એમ થવાથી તેનું હૈયું જેવું ફાટી જાય છે; તેના શરીરમાં અવ્યવસ્થા થઈ જાય છે અને દુનિયા સ્મશાન જેવી ઉદાસ લાગે છે. તેને કાંઈ કામધંધો સૂઝતો નથી; અને જો તે જગાનો ફેરફાર કરી અથવા બીજી કોઈ પણ રીતે તે બાબતના સઘળા વિચારો ખસેડી નાખે નહીં તો તેની ખરાબી થઈ જાય છે. જ્યાં પ્રીતિમાં થોડી મુદત સુધી પહોંચે એવો જ અટકાવ થયો હોય, જ્યાં નિરાશાના અંધકારમાં આશાનું કાંઈ પણ ઝાંખું કિરણ આવતું હોય ત્યાં તો ધીરજ રાખી શકાય છે, તથા વખતે તેથી વધારે કાંઈ અસાધારણ પ્રયત્ન પણ થઈ શકે છે; પણ જ્યાં આશાનું ઢાંકણું દેવાયું ત્યાં સુખનું ઢાંકણું દેવાયું એમ સમજવું. ઘણા પુરુષો જ્યારે એવી અવસ્થામાં આવી પડે છે ત્યારે દેશાટન કરે છે, અને ત્યાંના નવા-નવા પદાર્થો જોવાથી, નવાં નવાં કામોમાં પડવાથી, તથા વખતે કોઈ નવી સુંદરીના સમાગમમાં થતા સુખથી આગલું દુઃખ નિવારણ કરી શકે છે. પણ સ્ત્રીઓને એ પ્રમાણે થવું કઠણ પડે છે. તેઓનું અંતઃકરણ વધારે નરમ હોય છે, તથા તેઓનાં હૈયાં ઉપર મીણની પેઠે પ્યારની છાપ વધારે મજબૂત બેસી જાય છે તે જલદીથી ભૂંસાઈ જતી નથી; તેઓને બીજા દેશમાં અથવા બીજાં શહેરોમાં ફરવા જવાનું ઘણી વખતે બની આવતું નથી; તથા નવી વાત ગ્રહણ કરી જૂની વાત વિસારી નાખવાને ક્વચિત જ પ્રસંગ આવે છે; તેઓ મૂંઝાયા કરે છે, તેઓ બળ્યા કરે છે, તેઓ જો નાજુક પ્રકૃતિનાં હોય ત્યારે તો તેમનાં શરીરમાં રોગ પ્રવેશ કરે છે અને ક્ષયરોગથી તેઓનો અંત આવે છે. એ પ્રમાણે કાંઈ હંમેશાં જ બનતું નથી. તોપણ પ્રીતિમાં આશાભંગ થવાથી પુરુષો કરતાં તેમને વધારે દુઃખ થાય છે.

કરણે શંકળદેવનું માગું પાછું વાળ્યું ત્યારથી દેવળદેવીના સુખનો સૂર્ય અસ્ત પામ્યો. આશાને લીધે જે ઉમંગ તેને થયેલો તે જતો રહ્યો. તેના મોં ઉપર ઉદાસીનું વાદળું ફરી વળ્યું; તેનું શરીર ગળવા લાગ્યું; તથા ધીમે નાશકારક તાવ તેના શરીરમાં દાખલ થયો. તેનું ખુશકારક હસવું બંધ પડી ગયું; તેના રાગમાંથી મીઠાશ ઊડી ગઈ; તેની વાણીની મધુરતા જતી રહી; અને જે ખુલ્લા દિલથી તથા ઉલ્લાસથી તે ચાલતી તે ચાલ હવે બિલકુલ બદલાઈ ગઈ. આ સઘળા ફેરફાર જોઈને કરણને પણ ઘણી દિલગીરી થઈ. પૈસા, વહાલ અને બીજા ઘણા ઉપાયોથી તેની અસલ સ્થિતિ પાછી લાવવાને તેણે ઘણાં ફાંફાં માર્યાં; પણ જેનું માથું દુખે તેના પેટ ઉપર ઓસડ ચોપડવાથી શો ફાયદો? જેના કલેજામાં ઘા લાગેલો તેને બહારના ઉપાય શી રીતે કામ લાગે? જ્યાં સુધી તેના અંતઃકરણમાંનો કીડો જીવતો રહે ત્યાં સુધી જે-જે ઉપાય કરે તે સર્વે વ્યર્થ જાય જ.

એવી ઉદાસ વૃત્તિમાં આવી પડેલી પુત્રીની સાથે કરણ રાજા એક દહાડે બેઠો હતો, તથા તેની દિલગીરી કાઢી નાખવાને તેને શિખામણ દેતો હતો, એવામાં એક મુસલમાન અમીર કેટલાંક માણસ લઈને બાગલાણના કિલ્લામાં આવ્યો. અકસ્માત્ આવો માણસ આવી રીતે તેના એકાંત રહેવાના ઠેકાણામાં આવ્યો તે જોઈને કરણ રાજાને મોટું આશ્ચર્ય લાગ્યું, તથા તેના જીવને મોટી ફાળ પડી. આ નવતરા આવનારથી કાંઈ માઠાં જ પરિણામ નીવડશે એવી તેને સ્વાભાવિક પ્રેરણા થઈ આવી, અને હવે શી વધારે ખરાબી થશે એ વિચારથી તેણે એક મોટો નિસાસો મૂક્યો. તેને સઘળી ફિકર પોતાની પુત્રીને વાસ્તે હતી. એ અમૂલ્ય રત્નને કોઈ લૂંટારો લઈ જશે એ તેને મોટી દહેશત હતી. પોતાને વાસ્તે તેને જરા પણ ધાસ્તી ન હતી. તેના ઉપર તો દુઃખના એવા અને એટલા ઢગલા આવી પડ્યા હતા કે એ કરતાં વધારે દુઃખ તેની કલ્પનામાં પણ આવતું ન હતું. લૂંટાયેલાને ભય શેનો? તેણે સર્વસ્વ ખોયું હતું; હવે જવાનું કેઈ બાકી રહ્યું

ન હતું. કાંઈ પણ પૂછપરછ કર્યા વિના તે અમીર કરણની રહેવાની જગા ઉપર આવ્યો. ઘોડા ઉપરથી તે ઊતરી પડ્યો; પોતાનાં માણસોને કિલ્લાના જુદા-જુદા ભાગમાં રહેવાને મોકલી દીધાં; ઘોડા સઘળા ઘોડાશાળમાં બંધાવી દીધા અને પોતે એકલો રજપૂતની આબરૂ તથા મોટા મન ઉપર વિશ્વાસ રાખી ઘરમાં પેઠો. કરણે તેને અંદરના ઓરડામાં આવવાની રજા આપી; પોતાની છોકરીને એક બીજા ઓરડામાં મોકલી દીધી; અને તે અમીરનું સન્માન કરી ઊભા થઈને તેને બેસવાની જગા આપી. મુસલમાન લોકો ઘણુંકરીને બોલવામાં ઘણા હોશિયાર તથા વાચાળ હોય છે. તેઓની બોલીમાં એક જાતની નરમાશ તથા મીઠાશ હોય છે, તેઓ ઘણી નમ્રતાથી તથા લાયકીથી બોલે છે, તેથી તે અમીરને પોતાની ધારેલી વાત એકદમ કાઢવામાં કાંઈ મુશ્કેલી પડી નહીં, અને તે વાત તેણે એવી ચતુરાઈથી ચલાવી કે કરણ તેના દુઃખથી ઘણો ચીઢિયો થઈ ગયો હતો તોપણ તેણે તેની વાત અથથી ઇતિ સુધી ધીરજથી સાંભળી લીધી. તે બોલ્યો : “હું સઘળી જહાનનો પાદશાહ અલાઉદ્દીન જેનું તખ્ત દિલ્હી શહેરમાં છે તેના દરબારનો અમીર છું. દેવગઢનો રામદેવ રાજા ત્રણ વર્ષ થયાં ખંડણી આપતો નથી, તથા દક્ષિણના બીજા રાજાઓ પાદશાહને નામના જ માત્ર તાબે હોય એમ વર્તે છે. તેઓના ઉપર સત્તા કાયમ બેસાડવાને પાદશાહે એક મોટું લશ્કર મોકલ્યું છે. તેની મતલબ આખો દક્ષિણ દેશ જીતવાની છે. અમારું લશ્કર કેવું બળવાન હોય છે તથા તે કેવાં-કેવાં કામો કરી શકે છે તે તો હવે તમારી આગળ કહેવાની જરૂર નથી, તેનાં પરાક્રમનો વિસ્તાર કરવાને હું ચાહતો નથી, કેમ કે તેમ કરવાથી તમારું દુઃખ તાજું થઈ આવે, એ લશ્કરની સંખ્યા અગણિત છે. તેમાં માત્ર એક લાખ સવાર છે; તેનો સરદાર નાયબ મલેક કાફુર છે. તે ઘણો આગ્રહી, શૂરો તથા લડાઈના કામમાં પ્રવીણ છે. તેની સાથે બીજા ઘણા બુઝર્ગ, દાના, તથા લડાઈના કામમાં ઘણા માહિતગાર એવા અમીર લોકો મસલતદાર છે. તેઓની છાવણી હાલમાં ખાનદેશમાં સુલતાનપુરમાં છે. ત્યાંથી કાંઈ સંદેશો કહેવાને નાયબ મલેક કાફુરે પાદશાહ અલાઉદ્દીનના હુકમથી મને મોકલ્યો છે. તે સંદેશો શો છે તે હું તમને જણાવું છું. તમને ખબર તો હશે કે તમારી રાણી કૌળાદેવી હાલમાં પાદશાહના ઝનાનખાનામાં મુખ્ય દરજ્જો ભોગવે છે. તે પટરાણી થઈ પડી છે; તેની સત્તા પાદશાહ ઉપર ઘણી છે; અને પાદશાહ તેને કાંઈ વાતની ના કહી શકતો નથી. એ કૌળારાણીને બે દીકરીઓ હતી તેમાંથી એક મરી ગઈ છે, બીજી તેર વર્ષની જેનું નામ દેવળદેવી છે તે તમારી સાથે રહે છે. તેની માને તેના વિના જરા પણ ગમતું નથી. તે બેનો ઘણાં વર્ષ થયાં વિયોગ થયો છે, તેથી તેને મળવાને સુલતાના ઘણાં આતુર છે. અલબત્ત તમારા કરતાં તેનો છોકરી ઉપર વધારે હક્ક છે, તેને પોતાની છોકરી ઉપર એટલો તો હજી પ્યાર છે કે તેના વિના તેની તબિયતમાં બગાડ થશે; વળી તે છોકરી અહીં છે તે કરતાં પાદશાહની પાસે મોટા દરબારમાં સુલતાના સાહેબની સાથે રહેશે તો વધારે સુખી થશે. બેગમ સાહેબે પાદશાહ આગળ દેવળદેવીને તેડાવવાની ઘણી જ ખાહેસ દેખાડી છે. પાદશાહે તેની અરજ મંજૂર કરી છે અને તે પ્રમાણે મલેક કાફુરને એવો હુકમ કર્યો છે કે જો દેવળદેવીને જીવતી દિલ્હી નહીં લાવે તો તેનું માથું કાપી નાખવામાં આવશે. એ પ્રમાણે પાદશાહે સખત હુકમ કર્યો છે, માટે તમારો તે છોકરી આપ્યા વિના છૂટકો નથી; માટે જો તમે તમારી દીકરીનું સુખ ચાહતા હો તો આનાકાની કર્યા વગર મને આપી દો. હમણાં તેની ઉંમર એટલી છે કે તેને માની સંભાળની ઘણી જ જરૂર છે. તેને પણ હમણાં માની ખોટ લાગતી હશે તે ત્યાં જવાથી પૂરી પડશે. હમણાં તે અંધારામાં એક ખૂણામાં સંતાઈ રહી છે તેને અજવાળામાં લાવી તેનું સુંદર ચિત્તાકર્ષક રૂપ જગતમાં પ્રસિદ્ધ કરવું જ જોઈએ. હમણાં તે અમૂલ્ય પાણીદાર રત્ન અગાધ અંધાર મહાસાગરના ઊંડા કોતરમાં પડી રહ્યું છે તેને કોઈ ચોકસીને આપી કોઈ વીંટીમાં જડવું જ જોઈએ. હમણાં તે એક ખૂબસૂરત ખુશબોદાર ફૂલ જંગલમાં ઊગેલું છે, અને તેની

સુગંધ નકામી વેરાઈ જાય છે તેને બદલે કોઈ માળીને ત્યાં લાવી કોઈ ગોટાની વચ્ચોવચ મૂકવું જ જોઈએ. તમે તેને અહીં રાખીને શું કરશો? તેની આ વયે નિરંતર તમને જ જોયાં કર્યાથી તેને સંતોષ કેમ થાય? તમારા જેટલી વૃદ્ધ ઉંમરનો માણસ તે તેનો યોગ્ય સોબતી શી રીતે થઈ શકે? જ્યાં સુધી દેવળદેવી તમારી પાસે છે ત્યાં સુધી તે ટોળામાંથી જુદી પડેલી હરણી જેવી છે; પાણીમાંથી બહાર કાઢેલી માછલીના જેવી છે, જો તમે તેને પાણીમાં પાછી નહીં મૂકી દો તો તે ટળવળીને મરી જશે. તમે એક પતંગને દીવા પાસેથી આઘું કર્યું છે. તે ત્યાં રહેશે ત્યાં સુધી તેને સુખશાતા કેમ વળશે? તમે વાડીમાંથી એક ફૂલનો રોપો મારવાડના રેતીના રણમાં રોપ્યો છે, તે ત્યાં પાણી વિના કેમ ઊછરશે? વાડીનાં ફૂલોમાં રમનારી પોપટીને તમે ત્યાંથી ખસેડીને ઘરમાં મૂકી છે, ત્યાં તેને ખુલ્લા તડકામાં ઊડવાને બદલે ભોંય ઉપર ચાલવાનું મળે તેથી તે કેમ રાજી થશે? માટે મારા કહ્યા પ્રમાણે કરો. જો તમે એમ કરશો તો તમને પણ ઘણો ફાયદો થશે; તમને કદાપિ એ શરતથી તમારું રાજ્ય પાછું મળશે; તમારે ખંડણી તો બીજા રાજાઓની પેઠે આપવી પડશે તોપણ તમે રાજા કહેવાશો; તમારું ગયેલું સુખ સઘળું પાછું મળશે; પાદશાહ તમારા ઉપર ઘણી મહેરબાની રાખશે; અને આવી દુર્બળ કંગાળ અવસ્થામાં રહેવાને બદલે તમે સઘળી વાતે પહેલાંના જેવા સુખી થશો. આવો વખત ફરીથી આવવાનો નથી; એક તેર વર્ષની બાળકીના બદલામાં લાખો રૂપિયા તમને મળે છે; થોડુંક નુકસાન વેઠયાથી બેસુમાર લાભ થાય છે, માટે એ વાત ઉપર પાકો વિચાર કરીને જવાબ દેજો. ઉતાવળ કરવાનું કાંઈ કામ નથી. લક્ષ્મી ચાંલ્લો કરવા આવી છે, ત્યારે મોં ધોવા જશો મા. તમે રાજવંશી છો. તમે કેટલાંક વર્ષ સુધી એક મોટા દેશ ઉપર રાજ્ય ચલાવ્યું છે, માટે તમને વધારે કહેવાની જરૂર નથી. હું તમારી તરફથી નકારની તો આશા રાખતો જ નથી; પણ જો કદાચ તમારા દુર્ભાગ્યને લીધે, તથા પડતા દહાડામાં માણસની અક્કલ ઊંધી થઈ જાય છે તેને લીધે જો તમે ના કહેશો તો થોડે અંતરે એક મોટું સૈન્ય તૈયાર છે તે અહીં આવી બળાત્કારે તે છોકરીને પકડી જશે. પછી તમારું કાંઈ ચાલવાનું નથી અને તેમાં તમારી શોભા પણ રહેશે નહીં.''

આટલી વાત સાંભળતાં સાંભળતાં જ કરણને વારે-વારે ક્રોધનો આવેશ તો આવતો હતો, પણ તેણે અત્યાર સુધી તેના મન ઉપર અંકુશ રાખ્યો હતો. હવે જ્યારે તેનો બોલવાનો વારો આવ્યો ત્યારે તેનું મન વશ રહ્યું નહીં. તેણે જુસ્સાથી જવાબ દીધો – ''અગર જો આસમાન તૂટી પડે, અગર ધરતી રસાતાળ જાય, અગર પાદશાહ પોતે તથા તેથી પણ વધારે ખુદ પરમેશ્વર મારી પાસેથી એ છોકરી માગવા આવે તોપણ હું તેને ખુશીથી તો કદી આપું નહીં. હું હમણાં એવી અવસ્થામાં છું કે મને કોઈ માણસનો ડર રહ્યો નથી. મેં મારું સર્વસ્વ ખોયું છે. હવે મારી પાસે જવાનું બાકી રહ્યું નથી. મારા ઉપર સઘળી જાતની આફત પડી ચૂકી છે. હવે વધારે અથવા એથી મોટી આફત બીજી છે જ નહીં. તેથી હું તમારા પાદશાહથી; તમારા મલેક કાફુરથી તથા તેના અગણિત લશ્કરથી જરા પણ બીતો નથી. હજુ રજપૂતો એટલા અધમ થઈ ગયા નથી; હજુ તેઓમાં આબરૂનો છેક નાશ થઈ ગયો નથી; હજુ તેઓમાંથી જાતનો તથા કુળનો અહંકાર એટલો ગયો નથી કે તેઓ પોતાનું રક્ષણ, પોતાનો લાભ, પોતાનું સુખ, પોતાની દીકરી પારકાને આપીને માગે. ના, ના, એવો દહાડો હજુ આવ્યો નથી, અને આવતાં ઘણી વાર છે. છોકરીને મ્લેચ્છ પાદશાહને આપું? તેને દુષ્ટ ચંડાળ લોકોને સોંપું? તેને તેના બાપના કટ્ટા શત્રુને, તેના બાપનું વગર કારણે રાજ્ય હરણ કરનારને, તેને આવી દુર્દશામાં લાવનારને ત્યાં મોકલું? એમ કદી થનાર નથી. જ્યાં લગી આ ઘટમાં પ્રાણ છે, જ્યાં સુધી આ શરીરમાં રુધિર વહે છે, જ્યાં સુધી તલવાર પકડવાને આ હાથ સલામત છે, ત્યાં સુધી હું એ છોકરીને મારા હાથમાંથી જવા દેવાનો નથી. તેને લેતાં પહેલાં તેના રક્ષણને અર્થે મારા પ્રાણ અર્પણ કરવાને તૈયાર છું. મારા મોત પછી તેનું જે થાય તે ખરું પણ શું કરણને વાસ્તે જગતમાં એમ કહેવાશે

કે તેણે જીવતાં પોતાના સ્વાર્થને સારુ પોતાની છોકરી વેચી? કદી નહીં. હું તેને મારે હાથે કાપી નાખીશ; એ કુમળું ફૂલ અપવિત્ર તથા અધમ હાથમાં જાય તે કરતાં હું તેને તોડી નાખીશ; એ પાણીદાર અમૂલ્ય મોતી કોઈ નીચના શરીરને શણગારે તે કરતાં હું તેને ભાંગી ચૂરેચૂરા કરી નાખીશ. એ વાતની અમને રજપૂતને કાંઈ શરમ નથી. તેથી અમારી કાંઈ અપ્રતિષ્ઠા થવાની નથી. તે તો અમારો અસલથી ચાલ્યો આવેલો સંપ્રદાય જ છે. અમે તો અમારા કુળની લાજ રાખવાને તથા હલકા માણસને અમારી કન્યા આપવી ન પડે માટે છોકરીઓને જન્મતાં જ દૂધપીતી કરીએ છીએ. મેં તેને જીવતી રાખી, મોટી થવા દીધી, એ જ મેં ભૂલ કરી. પણ હજી શું થયું છે? એક તલવારના ઘાથી ધારેલું કામ બની આવશે. એક ઘાથી મારી, મારા કુળની, મારી જાતની, મારા દેશની આબરૂ રહેશે. એક ઘાથી તમારા પાદશાહની ઉમેદ અફળ થશે. અને એક ઘાથી મારી છોકરી અપવિત્ર થતી બચશે. અરે ચંડાળ, દુષ્ટ, પાપણી કૌળાદેવી! હવે તને રાણી શા માટે કહું? અરે! મેં તને કેટલું સુખ દીધું છે? મેં તને કેટલાં લાડ લડાવ્યાં છે? મેં તારો મોંમાંથી પડતો બોલ ઝીલ્યો છે; મેં તને પટરાણી બનાવી હતી તે સઘળાનો બદલો તું આજ બહુ સારો લેવા નીકળી છે! તને એ જ યોગ્ય છે! અરે! તું તારા ધણી, તારી છોકરી, માબાપ, સગાંવહાલાં, ન્યાતજાત, દેશ, એ સઘળું છોડીને ધર્મથી ભ્રષ્ટ થઈ, એક મ્લેચ્છ પાદશાહના ઝનાનખાનામાં મહાલે છે, તંય જીવતા વરે બીજાને વરી, તેં એક ભવમાં બે ભવ કર્યા, તું હમણાં એક દુષ્ટ અધર્મી પુરુષની બાથમાં પૈસાને લોભે ભરાઈ છે, અને સઘળી જાતનાં સુખ ભોગવે છે, તેની હું અદેખાઈ કરતો નથી; પણ તું મારી જરા પણ દયા રાખતી નથી, તું મારી અવસ્થા જોતી નથી, તું મારા અથાગ દુઃખ ઉપર કાંઈ પણ નજર કરતી નથી; તું કેવી સ્વાર્થી કે તને આટલાં બધાં છતાં છોકરીનું પણ સુખ જોઈએ છીએ, અને હું સઘળી રીતે પાયમાલ થઈ ગયેલો, હું આ મઠમાં સાધુની પેઠે દુનિયાનો તથા સુખનો ત્યાગ કરી બેઠેલો, હું એક છોકરી ઉપર મારા થોડા સુખને વાસ્તે આધાર રાખી રહેલો, તેટલું પણ સુખ તું મારી પાસેથી લઈ લેવા માગે છે? અરે ભૂંડી! તારી છોકરી આવવાથી તારા સુખમાં તો તેથી ઘણો જ થોડો વધારો થવાનો છે, પણ હું તો તેના વિના ટળવળીને રઝળીરખડીને મરણ પામીશ. તે સઘળું પાપ તારે માથે. અરે દુષ્ટ! તું દુખિયાને વધારે દુખિયો કરવા ચાહે છે, તે તને કોઈ દહાડો સુખ થવાનું નથી. તું પણ મારી પેઠે દુખી જ થશે. હમણાં તો તારા સુખના મધ્યાહ્નનો સૂર્ય છે, પણ કોઈ વખત પણ સાંજ પડશે, કોઈ વખત પણ એ અસ્ત થશે, અને પછી ઘોર અંધારું થઈ જશે. પણ હું મિથ્યા શોક શા માટે કરું છું? અને આ સંદેશો લાવનારને શા માટે ખોટી કરું છું? તમે અમીર સાહેબ! જઈને તમારા સરદારને કહો કે જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી દેવળદેવીને કદી આપનાર નથી. તમારાથી જે થાય તે સુખેથી કરી લેવું.''

પેલા અમીરે જોયું કે તેની સાથે વધારે વાત કરવામાં કાંઈ ફળ નથી, અને તે એવો ગુસ્સા ઉપર ચઢી ગયો છે, તથા એવો હઠીલા સ્વભાવનો દેખાય છે કે નરમ ઉપાયથી માનવાનો નથી તેથી તે વધારે બોલ્યા સિવાય ઊઠી ગયો, અને તેણે જતી વખતે કરણને એટલું જ કહ્યું, ''હજી વખત છે, કબૂલ કરવું હોય તો હજી કરો. હું જઈને આ પ્રમાણે સઘળી હકીકત નાયબ મલેક કાફુરને જાહેર કરીશ. તે બધું લશ્કર લઈને તમારા ઉપર ચઢી આવશે, અને બળાત્કારે દેવળદેવીને લઈ જશે, અને હમણાં તેને રાજીખુશીથી આપવાથી જે લાભ થશે તે તે વખતે થવાનો નથી, માટે પછી પસ્તાશો, તેથી વિચાર કરો.'' કરણ રાજાએ કાંઈ જ જવાબ દીધો નહીં તે ઉપરથી જણાયું કે હજુ તે કબૂલ કરતો નથી. તથા પોતાની હઠીલાઈ મૂકતો નથી તેથી તે અમીર ત્યાંથી ચાલ્યો ગયો અને કરણનો જવાબ સુલતાનપુર જઈ મલેક કાફુરને કહ્યો.

આ જવાબ સાંભળીને કાફુર ઘણો ગુસ્સે થયો, અને બે-ત્રણ દહાડા પછી બીજો માણસ પાછો કરણની પાસે તેણે મોકલ્યો; તે પણ તે જ જવાબ લઈને પાછો આવ્યો. પાદશાહનો

હુકમ થયેલો એટલે દેવળદેવીને લાવવી તો જોઈએ. અલાઉદ્દીને તેને બેત્રણ વાર ટોકી-ટોકીને કહ્યું હતું. તેણે તેને લાવવાનું વચન આપ્યું હતું, તથા તે જો હાથમાં નહીં આવે તો કૌળારાણી કોપાયમાન થશે, અને તેની સત્તા પાદશાહ ઉપર એટલી તો છે કે તેના કહેવાથી તે પણ ક્રોધાયમાન થશે, અને તે જ્યારે રોષે ભરાયો ત્યારે આપણું માથું સલામત રહેશે નહીં એવી કાફુરને પક્કી ખાતરી હતી. પણ એ કામ કાફુરને એટલું તો હલકું લાગ્યું કે પોતે બાગલાણ ઉપર સઘળા લશ્કર સાથે જઈ ત્યાં વખત ખોવો એ તેને જરૂરનું લાગ્યું નહીં. દક્ષિણ દેશ જીતી ત્યાંથી અગણિત દોલત લૂંટી લાવવી, તેમાંથી કેટલોક ભાગ સિપાઈઓને, સરદારોને, તથા તેની સાથે આવેલા અમીરોને વહેંચી આપવો અને બાકી રહેલો ઘણો ભાગ કોઈ દહાડો તખ્ત મેળવવાને કામ આવે માટે પોતાને સારુ રાખવો એ તેની મુખ્ય મતલબ હતી. તે ઉપર જ તેની નજર હતી, ત્યારે આવા હલકા કામમાં ગૂંથાવાથી શું ફળ? તે કામ બીજાઓ પણ કરી શકે માટે તેણે જાતે શા માટે તસ્દી લેવી જોઈએ? એવો વિચાર કરી તેણે ગુજરાતના સૂબા અલફખાંને લખી મોકલ્યું કે, તમારે એક મોટું લશ્કર લઈ અમારી છાવણીમાં જેમ બને તેમ જલદીથી આવી મળવું. વળી તમારે બાગલાણને રસ્તે આવવું, અને ત્યાં કરણ રહે છે તેની પાસેથી ગમે તે ઉપાયથી અને જરૂર પડે તો લડાઈ કરીને પણ તેની છોકરી દેવળદેવીને જીવતી પકડી ઘણી આબરૂની સાથે અમારી પાસે લાવવી. જો એ છોકરી તમારે હાથ આવશે નહીં; જો તે તમારા હાથમાંથી છટકી જશે, અથવા તમે તેને જવા દેશો, તો પાદશાહની તમારા ઉપર ઘણી જ ઇતરાજી થશે. અને તમારે પછી તમારો જીવ ખોવાની જ તૈયારી રાખવી. એ પ્રમાણે અલફખાં ઉપર પાટણ ખત મોકલીને મલેક કાફુરે સુલતાનપુરથી પોતાની છાવણી ઉઠાવી.

આણીગમ કરણ રાજા પણ ઊંડા વિચારમાં પડ્યો. હવે શું કરવું તે તેને સૂઝ્યું નહીં. છોકરી આપવાની ના કહી તેથી મ્લેચ્છ લશ્કરનો સરદાર ગુસ્સે થશે, એમાં કાંઈ શક ન હતો. સાંભળ્યા પ્રમાણે અલાઉદ્દીન ઘણા ક્રૂર સ્વભાવનો હતો. તે કદી પોતાનો હુકમ ફેરવતો નહીં. તેના કહેવા પ્રમાણે જો કામ ન થાય તો તે એટલો કોપાયમાન થતો કે જે શખ્સની તે ગફલત થઈ હોય તે પછી અમીર હોય કે કાફુર હોય તોપણ તેને પોતાના જાન ઉપરથી ફારગતી અપાવતો. માટે તેનો હુકમ અમલમાં લાવ્યા વગર કોઈથી પણ ચાલતું નહીં. થોડી મુદતમાં સઘળું લશ્કર આ કિલ્લા ઉપર તૂટી પડશે ત્યારે શું કરવું? લડાઈ તો શી રીતે કરાશે? માણસો નથી, પૈસા નથી, તથા બીજી સામગ્રી પણ નથી. અરે પરમેશ્વર! તું મારા રંક ઉપર દયા લાવીને જો. શું મારે અંતે દેવળદેવીને આપી દેવી પડશે? અરે એ વિચારથી જ મારી કાયા થરથર ધ્રૂજે છે, તથા મારા મનમાં ઉકળાટ થઈ આવે છે. પણ હવે આળસુ બેસી રહેવાને વખત નથી. હવે કાન ફફડાવીને જાગ્રત થવું જોઈએ. હવે પ્રારબ્ધ ઉપર બેસી રહેવામાં મૂર્ખાઈ છે. જો હું મહેનત કરીશ તો પરમેશ્વર મને મદદ કરશે; જો હું આળસુની પેઠે નસીબ ઉપર બેસી નહીં રહેતાં કાંઈ પ્રયત્ન કરીશ તો દેવતાઓ એક કુમળી અબળાની વહારે ધાશે. જો હું યથાસામર્થ્ય કાંઈ ઉપાય કરીશ તો કોઈ પણ આ બિચારી નિર્દોષ પશુને વાઘના પંજામાંથી છોડાવશે. માટે આળસ! તું જા; નસીબ! તું દૂર બેસ; અને મારી વહાલી ઢાલ-તલવાર તથા ધનુષ્ય બાણ! તમે મારી પાસે આવો. તમારું કામ હવે પડ્યું છે, માટે તમે મારા સંકટમાંથી મને ઉગારો, અને મારી પરમ પ્રિય દીકરીનું સુખ મને કાયમ રખાવો. હજી ગુજરાતમાં ઘણા શૂરા સામંતો અંગીઠીમાંના અંગારાની પેઠે રાખમાં દબાઈ રહેલા હશે; હજી ઘણા બહાદુર રજપૂતો દુશ્મનોનું લોહી પીવાને તરસ્યા હશે. હજી ગુજરાતમાં કેટલાક લોકોના મનમાં મુસલમાનો ઉપર વેર લેવાનું હશે. હવે વખત આવ્યો છે. શું તેઓ એવા નિમકહરામ થઈ ગયા હશે કે આ વખતે તેઓના જૂના, દુ:ખમાં પડેલા રાજાની મદદે નહીં આવે? શું તેઓના મનમાંથી શરમ તથા આબરૂ એટલી જતી રહી હશે કે પોતાના દેશનો બચાવ નહીં કરે? શું તેઓને પોતાના દેશ ઉપરથી એટલી બધી પ્રીતિ

ઊઠી ગઈ હશે કે તેઓ નામર્દ હીચકારાની પેઠે પારકા દુષ્ટ મ્લેચ્છ લોકોનો જુલમ મૂગા મૂગા ખમ્યા કરશે? શું આવી વખતે તે ચંડાળ લોકો ઉપર વેર લેવાને મારી સાથે સામેલ થશે નહીં? હું ધારું છું કે હજી એવો વખત આવ્યો નથી; હજી છેક લોકોમાંથી પાણી ગયું નથી; માટે મારા ઉપર જે આફત આવી પડી છે તેની તેઓને ખબર કરવી, તથા આવી વખતે મારી મદદ કરવાને સઘળા રજપૂતોને વિનંતી કરવી.

એ પ્રમાણે વિચાર કરી કરણ રાજાએ કેટલાક લોકોને પત્ર લખ્યા અને ગુજરાતમાં સઘળે ઠેકાણે જાસૂસો મોકલ્યા. થોડા દહાડા ગયા એટલે હથિયારબંધ રજપૂતો બાગલાણમાં આવવા લાગ્યા, કેટલાક સામંતો પોતાના વગના માણસોને સાથે લઈને આવ્યા, અને એ પ્રમાણે એક મહિનામાં પાંચ હજાર માણસ એકઠાં થયાં. ધન્ય છે એ રજપૂતોને! શાબાશ છે બીજા લડવા આવેલા લોકોને! આ લડાઈમાં જીતવાની ઘણી જ થોડી આશા હતી; હારવાનો સંભવ ઘણો જ હતો; મોત તેઓના મોં સામું તાક્યા કરતું હતું; એવું છતાં પણ આ બહાદુર લોકો પોતાના જીવની આશા મૂકીને મોતને મળવા સારુ પોતાનાં ઘરબાર, બૈરીછોકરાં વગેરેને મૂકીને પોતાના જૂના રાજાને મદદ કરવા આવ્યા! કરણ હમણાં કાંઈ રાજા ન હતો, તેની તરફથી તેઓને કોઈ રીતનો ભય કિંવા લાભ ન હતો, તે કાંઈ તેઓને પગાર આપવાનો ન હતો, તેની તરફથી તેઓને કાંઈ પણ પ્રકારની આશા ન હતી, તેની પાસે તેઓને કશી વાતે નુકસાન પહોંચાડવાની શક્તિ ન હતી, તે છતાં તેઓ શા માટે આવ્યા? ફક્ત રાજા ઉપર પ્રીતિ, ફક્ત પોતાના દેશનું અભિમાન, અને ફક્ત પોતાના દેશને સહાય થવાની ઉત્તમ વૃત્તિ. અરે! એ સઘળું હમણાં આપણા દેશમાંથી જતું રહ્યું છે! અને તે જવાથી જ આપણા લોકો આજ પરતંત્ર થયા છે.

પાંચ હજારનું લશ્કર આટલી ટૂંકી મુદતમાં એકઠું થશે, એવું કરણના સ્વપ્નમાં પણ ન હતું. પણ જ્યારે તેણે એ સઘળા લડવાની હોંશથી ભરપૂર તથા તેની ઉપર આવી પ્રીતિ રાખનારા માણસોને આવેલા જોયા ત્યારે તેના હૈયામાં હર્ષ માયો નહીં, તેનામાં લડાઈનો જુસ્સો પાછો આવ્યો અને તે પાછો રાતદહાડો લડાઈની તૈયારી કરવા મંડી ગયો. કિલ્લામાં જે કાંઈ ભાંગેલુંતૂટેલું હતું તે તુરત સમરાવી દીધું, જંગલમાંથી ભાથાના ભારેભારા મંગાવ્યા, તીરોની અણી કાઢવાને સઘળા લુહારોની દુકાનમાં ભઠ્ઠી તથા હથોડા ધમધોકાર ચાલવા માંડ્યા, ખાનદેશથી વણજારાઓને બોલાવી બાગલાણના રહેવાસી તથા સઘળા સિપાઈઓ તથા તેઓની સાથે આવેલાં સઘળાં માણસોને લાંબા વખત સુધી ચાલે એટલું અનાજ ભરાવવા માંડ્યુ઼ં અને બાકીનું વખતે-વખતે પૂરું પાડવાને તેઓની સાથે બંદોબસ્ત કર્યો. આ વખતે કરણે પોતાનો હઠીલો સ્વભાવ જરા મૂકી દીધો તથા એકલા પોતાના મત પ્રમાણે જ ચાલવું એ જે તેની નુકસાનકારક ટેવ હતી તે હાલ છોડી દીધી. સઘળાં કામમાં તે પોતાના સામંતોની સલાહ લેવા લાગ્યો, અને ગમે તેવો હલકો સિપાઈ હોય તોપણ તેને બોલવાની તેણે રજા આપી, અને તેનો અભિપ્રાય ખોટો હોય તો કરણ તેને તકરારથી ખાતરી કરી આપતો અને જો ખરો હોય તો તેનો સ્વીકાર કરી તે પ્રમાણે ચાલતો. જો આવી વર્તણૂક તેણે પહેલાં રાખી હોત તો તેનું રાજ્ય કદાપિ જાત નહીં, અથવા જાત તો ઘણી મુદતે તથા શ્રમ કરાવીને તથા દુશ્મનોની ઘણી ખરાબી થયા પછી જાત. પણ માણસ ઘણુંકરીને અનુભવથી ડાહ્યું થાય છે. તે ઠોકરો ખાઈને જ શીખે છે. પહેલવહેલાં જ વિચાર કરી સાચે રસ્તે ચાલનારા તથા ખરી રીતે કામ કરનારા થોડા જ હોય છે. તોપણ હમણાં કરણે જે ડહાપણ વાપર્યું, તથા જે યોગ્ય રીતે સઘળું કર્મ કર્યું, તેનાં ફળ કેટલીક વાર સુધી સારાં નીપજ્યાં, અને તેની અસર બીજાં જુદાં જ કારણો જે તેના હાથમાં બિલકુલ ન હતાં તેઓથી જ તૂટી.

જ્યારે કરણ આવી રીતે લડાઈ કરવાની તૈયારીમાં પડેલો હતો તે વખતે આપણે જરા પાટણ તરફ નજર કરીએ. નવ વર્ષ થયાં તે શહેર મુસલમાનોના હાથમાં આવેલું હતું. તેટલી

ટૂંકી મુદતમાં પણ તેમાં ઘણો ફેરફાર થઈ ગયો હતો. દિલ્હીથી જે જુદા-જુદા સૂબાઓ ત્યાં મોકલવામાં આવ્યા હતા તેઓ પાદશાહની નજરથી દૂર પડેલા તેથી ઘણો જ જુલમ લોકો ઉપર કરતા હતા. તેઓને તેમની નોકરી કેટલી મુદત પહોંચશે, એ વાતનો જ નિશ્ચય ન હતો. નોકરીમાંથી કાઢી મૂક્યા પછી ઘણું કરીને તેઓની પાસેથી એવો તો ભારે દંડ પાદશાહ લેતો કે જો એકલા પોતાના પગાર ઉપર જ રહે તો ચાકરી પછી પ્રમાણિકપણે મેળવેલી સઘળી દોલત તેઓની ઘસડાઇ જાય. તેઓ જુલમ કરી રૈયત પાસેથી લાખો રૂપિયા ખાઈ જાય છે એવો પાદશાહના મનનો સિદ્ધાંત હતો. તેમાં જો કોઈ વાજબી રીતે ચાલે તોપણ તે લુચ્ચો ગણાય, અને તેની અવસ્થા પણ લુચ્ચા જેવી જ થાય ત્યારે પ્રમાણિકપણે કોણ ચાલે? પાદશાહના આ દૃઢ વિચારનું પરિણામ એટલું જ થયું કે દેશની આમદાની સરકારને ઓછી થઈ, રૈયત પાસેથી ઘણા જ વધારે પૈસા લેવામાં આવ્યા, અને તે પૈસા સૂબાના ખાનગી ખજાનામાં ભરાયા. જમીન ઉપર મહેસૂલ વધારી દીધું અને ખેડૂતો ભૂખે મરવા લાગ્યા, તથા તેઓના ઉપર ઘણો જ જુલમ ગુજરવા લાગ્યો. વેપારની વસ્તુઓ ઉપર જકાત પહેલાં કરતાં ચોગણી થઈ તેથી વ્યાપાર પણ તૂટવા લાગ્યો, વેપારીઓને ઘણું નુકસાન પહોંચ્યું, અને શહેરમાંથી દોલતનો પણ ઘટાડો થયો. સહેજ અન્યાયને માટે સારા-સારા આબરૂદાર લોકોને પકડી મંગાવી તેઓને એટલી તો દહેશત આપવામાં આવતી, તથા વખતે તેઓના શરીરને ભયંકર યંત્રો વડે એટલું તો દુઃખ દેવામાં આવતું કે તેઓ આવી અવસ્થામાંથી છૂટવાને માગે તેટલું અથવા ઘણામાં ઘણું આપી શકાય તેટલું દ્રવ્ય આપીને મૂગે મોંએ ઘેર જતા. જે લોકોએ પૈસો મેળવી સંગ્રહ કર્યો છે એવો તેઓના ઉપર શક આવે, અથવા જેઓ પોતાની આબરૂને ઘણી પ્યારી ગણે છે એવી બે લોકમાં વાત ચાલે કે તેઓના ઉપર જૂઠાં તહોમત મૂકીને તેઓની ઘણી ગેરઆબરૂ કરવામાં આવતી, અને જ્યારે તેઓ સૂબાનું ગજવું ભરી આપતા ત્યારે જ તેઓનો છૂટકો થતો. બીજી ઘણી જાતના પહેલાં સાંભળવામાં ન આવેલા કરો લોકો ઉપર બેસાડ્યા; તેઓમાં જઝીઆથી, તેને ઉઘરાવવાની ક્રૂર તથા સખત રીતથી, અને ઉઘરાતદારની લુચ્ચાઈ તથા જુલમથી લોકો ત્રાહ્ય-ત્રાહ્ય કરવા લાગ્યા. પ્રજાની મિલકત તથા જિંદગી જરા પણ સલામત ન હતાં. તેઓનો વીમો લાખો રૂપિયાના 'પ્રીમિયમે' પણ કોઈ ઉતારે નહીં. જે દહાડો જાય તે ગનીમત, જે પૈસા સલામત રહ્યા, જે જીવતા સુધી તેની પાસે રહ્યા તે જ તેના, અને રાત્રે સૂઈને બીજે દહાડે સહીસલામત ઊઠે ત્યારે જ એક દહાડો જીવ્યા એમ કહેવાય. એ પ્રમાણેનો જુલ્મ ચાલી રહેલો હતો. રજપૂતોના રાજ્યમાં બૈરાંઓને ફરવાહરવાની છૂટ હતી તે સઘળી જતી રહી. જે બૈરી ખુલ્લી રીતે રસ્તામાં ફરે તેને મુસલમાન લોકો તે ગમે તેવી આબરૂદાર હોય તોપણ કસબણ સમજતા હતા, અને તેનું ઘણું અપમાન કરતા હતા, તેથી બિચારાં બૈરાંનું તે સુખ પૂરું થયું; તેઓ સઘળે ઠેકાણે કેદીની પેઠે ગોંધાયાં; આબરૂદાર લોકોના ઘરમાં ઝનાનખાનાનો ઓઝલ પડદો પળવા લાગ્યો; અને એ પ્રમાણે થવાથી બૈરાંની રીતભાતમાં તથા ચાલચલણમાં પણ માઠો ફેરફાર થવા લાગ્યો. ગરીબ લોકોનાં બૈરાં જેને જાતે રળવાની ફિકર હતી, જેને બહાર ફર્યાહર્યા વિના ચાલે નહીં એવું હતું, તેઓ જ માત્ર ઘણી લાચારીથી બહાર ખુલ્લાં નીકળતાં. તે બિચારાંને પણ ઘણી દહેશત રહેતી, અને તેઓમાંથી કદાપિ કોઈ દેખાવડું હોય તો તેની ખરેખરી કમબખ્તી જ જાણવી. તે બાપડીની તો ડગલે-ડગલે ફજેતી. ધર્મને પણ એ જ પ્રમાણે ધક્કો લાગ્યો. તેનું પણ એ જ પ્રમાણે અપમાન થવા લાગ્યું. સવારના પહોરમાં જ્યારે મસ્જિદોમાંથી મુલ્લાં બાંગ પોકારે ત્યારે કોઈ પણ દેવસ્થાનમાં ઘંટ, શંખ વગેરે બીજાં વાજિંત્રો વગાડવાની ઘણી સખ્ત મનાઈ કરવામાં આવી હતી. મસ્જિદ આગળ કોઈ પણ હિંદુઓ વાજિંત્ર વગાડે તો તેને ભારે શિક્ષા થતી હતી. મુસલમાન લોકોને ધર્મ સંબંધી કોઈ પણ કામમાં ભોગેજોગે કોઈ હિંદુ હરકત કરે તો તેણે તો પોતાના જીવની આશા છોડી જ દેવી. એથી ઊલટું,

હિંદુઓના ધર્મ સંબંધી સઘળાં કામોમાં હરકત કરવાની હરેક મુસલમાનને રજા હતી. રજા સ્પષ્ટ તો આપેલી નહીં, પણ તેવી હરકત કરનારને કાંઈ પણ સજા થતી નહીં. એટલે તેમ કરવાની રજા મળેલી હોય તેના જેવું જ હતું. હિંદુઓથી ખુલ્લી રીતે કોઈ પણ ક્રિયા થઈ શકતી નહીં, કેમ કે છેક સૂબાથી તે એક હલકા મુસલમાન ઝાડુ કાઢનાર સુધી સઘળાને ખાતરી હતી કે હિંદુઓનો ધર્મ પાખંડી, શેતાનનો બનાવેલો, તથા જેમ બને તેમ જલદીથી જડમૂળથી ઊખેડી નાંખવા જેવો છે. એવા ધર્મને હરકત કરવામાં, તથા જોરજુલમથી હિંદુના મોંમાં થૂંકીને તથા બિસ્મિલ્લા બોલાવીને તેને મુસલમાન કરવામાં મોટો સવાબ છે, એમ તેઓ માનતા. રોજ-રોજ કેટલાક હિંદુઓ પૈસાની તથા આબરૂની લાલચથી મુસલમાન થતા. કેટલાક તો લોકો ઉપર જુલમ કરી શકાશે એવા વિચારથી તથા રાજ્ય કરનારના વર્ગમાં ભળી જવાથી મોટો અધિકાર મળશે, તથા હિંદુ તરીકે તેમના ઉપર જે જુલમ ગુજરતા હતા તે બધામાંથી છૂટા થવાશે, એ મતલબથી જ પોતાનો ધર્મ છોડીને દીન મહમ્મદનું નામ ધારણ કરતા હતા. કેટલાક બિચારાને તો મુસલમાનો પકડીને બળાત્કારે વટાળતા, અને કેટલાકને તો લાલચ આપી બિસ્મિલ્લા બોલાવતા; પછી તેઓ ભીખ માગીને ખાતા; અને મસ્જિદોમાં સૂઈ રહેતા.

હિંદુઓના દેવની તથા દેવસ્થાનોની અને તેઓની સાથે તેઓના પૂજારીઓ તથા બ્રાહ્મણોની પણ તેવી જ દુર્દશા થઈ. દેવસ્થાનોના અંગના ઘણા હક્કો સૂબાએ છીનવી લીધા, પૂજારીઓને પૂજા બદલ જે મળતું તે બંધ કર્યું, બ્રાહ્મણોને જે હક્ક તથા વર્ષાસન આગલા હિંદુ રાજાઓએ કરી આપ્યાં હતાં તેઓમાંનાં ઘણાંખરાં અટકાવ્યાં, દેવોનું સઘળે ઠેકાણે અપમાન થવા લાગ્યું, કેટલેક ઠેકાણેથી તેઓનાં દહેરાંમાંથી તેઓને કાઢી ફેંકી દીધા, તેઓનાં દેવાલય ઉપરનો હજારો વર્ષનો ભોગવટો રદ કર્યો. ઘણાં દહેરાંઓ ભાંગી નાંખી તથા કેટલાંકમાં થોડોઘણો ફેરફાર કરી તેઓની મસ્જિદો બનાવી; અને જ્યાં ઘંટનો અવાજ તથા શંખનાદ સંભળાતો હતો ત્યાં મુલ્લાં બાંગ પોકારવા લાગ્યા. બીજે કેટલેક ઠેકાણે ખાનગી લોકોનાં ઘરો તોડી પાડીને ત્યાં મસ્જિદો બાંધી. શહેરની વચ્ચોવચ એક ઘણું જ શોભાયમાન તથા મોટું પંકાયેલું મહાદેવનું દેવસ્થાન હતું તે અલફખાંએ તોડાવી પાડીને ત્યાં જુમા મસ્જિદ બંધાવી. તે ઘણી જ મોટી તથા રોનકદાર હતી. તે ધોળા સંગેમરમરની બાંધેલી હતી, તથા તેમાં સ્તંભો એટલા બધા હતા કે તેઓને ગણવામાં ભૂલ પડ્યા વિના રહે જ નહીં. એ મસ્જિદ તૂટેલીભાંગેલી હજી પણ છે. એ ઠેકાણે અલફખાં તથા મોટા-મોટા અધિકારીઓ નમાઝ પઢવાને

આવતા હતા.

એ પ્રમાણે આરંભમાં જ મુસલમાન લોકોએ હિંદુઓ ઉપર જુલમ કર્યો. જૈનમાર્ગી તથા શૈવમાર્ગી એ બંને પોતાનું આદ્ય વેર ભૂલી જઈને એકઠા થઈ બંનેના ધર્મની આવી ખરાબી જોઈને અફસોસ કરવા લાગ્યા. જુલમની ફરિયાદ તો કોને કરે? દિલ્હી તો ઘણું વેગળું પડ્યું. ત્યાં જઈ શી રીતે કરાય? માટે જ્યારે તેઓને ફરિયાદ કરવાની જગા રહી નહીં ત્યારે હરેક જુલમને પ્રસંગે પહેલાં તો તેઓ હુલ્લડ ઉઠાવવા લાગ્યા. પણ મુસલમાનોનું લશ્કર પાસે જ હતું તે તેઓના ઉપર તૂટી પડતું, અને જરા પણ દયા રાખ્યા વિના તેઓને ઘાસની પેઠે વાઢી નાખતું. આખરે તેઓનું કંઈ વળતું નહીં. મફતના હજારો માર્યા જતા. અને એ પ્રમાણે સામે થવાથી જુલમ તો વધતો જતો, તેથી તેઓ ધીમે-ધીમે બકરાં જેવા થઈને બેઠા. તેઓનો જુસ્સો નરમ પડી ગયો, તેઓનું શૂરાતન નબળું પડવા લાગ્યું; અને તેઓની તલવાર તથા બીજાં લડાઈનાં શસ્ત્રો કટાવા લાગ્યાં. બિચારા હિંદુઓ ભાજીખાઉ જેવા થઈ ગયા. લડવાને બદલે બડબડવાનું કામ વધારે ચાલ્યું. જેમ-જેમ તલવાર કટાતી ગઈ તેમ-તેમ જીભ વધારે તેજ થતી ગઈ; અને ગુલામગીરી તથા જુલમ ઘણા દહાડા મૂગા મૂગા સહન કરવાથી જૂઠું બોલવાની ટેવ, ઢોંગ, લુચ્ચાઈ, હલકાઈ, નબળાઈ, આળસ વગેરે ઘણા દુર્ગુણો એ લોકમાં આવ્યા. પરદેશી જુલમી

રાજ્યમાં રહેવાથી એ સઘળા દુર્ગુણો આવ્યા વિના રહેતા જ નથી તે પ્રમાણે હિંદુઓને થયું, અને તેઓનાં મન પર એટલા તો જોરથી ચોટ્યાં કે તેઓની અસર આજ પાંચસો વર્ષ થવા આવ્યાં તોપણ છેક ગઈ નથી.

મલેક કાફુરનો હુકમ અલફખાંને પહોંચતાં તેણે લડાઈની તૈયારી કરવા માંડી, અને થોડી મુદતમાં તેણે દશ હજાર માણસ એકઠાં કર્યાં. એટલું લશ્કર લઈને તે પાટણ શહેરથી નીકળ્યો. કરણ રાજા જ્યારે નવ વર્ષ ઉપર એવા જ કામને સારુ પાટણ શહેરમાંથી છેલ્લી વારે ગયો ત્યારે લોકોને જેવો ઉમંગ હતો તથા તેના વિજયને વાસ્તે જેવી આતુરતા લોકોએ બતાવી હતી તેવું આ વખતે કાંઈ જ જોવામાં આવ્યું નહીં. રસ્તામાં લશ્કરના માણસો સિવાય બીજું કોઈ ન હતું. કોઈએ તેઓને આશીર્વાદ દીધો નહીં, તથા કોઈએ પરમેશ્વર પાસે તેઓનો જય પણ માગ્યો નહીં. લોકો ઘણા દિલગીરીમાં હતા, અને અંતઃકરણમાં એવું ચાહતા હતા કે એ સઘળું લશ્કર ધૂળધાણી મળી જાય તો સારું. તેઓ માજી રાજાને રોજ-રોજ સંભાર્યા કરતા હતા. અને તેને લીધે તેઓની કરણ ઉપર એટલી તે પ્રીતિ વધી ગઈ હતી કે તેની પ્યારી કુંવરી મુસલમાનોને હાથ ન જાય, તથા કરણની અને તેની મદદે ગયેલા રજપૂતોની અને તમામ હિંદુ લોકોની આબરૂ રહે એમ ઇચ્છતા હતા. પણ તેઓને આશા ઘણી થોડી હતી; તેઓ અલાઉદ્દીન પાદશાહનો સ્વભાવ સારી પેઠે જાણતા હતા, તેઓને ખબર હતી કે જે વાત પાદશાહ મન ઉપર લેતો તે વાત તે પાર પાડ્યા વિના રહેતો જ નહીં; તેઓને માલૂમ હતું કે મુસલમાનોનું સામર્થ્ય ઘણું હોવાથી જો આ લશ્કરથી ધારેલું કામ બનશે નહીં તો બીજું લશ્કર મોકલશે અને કરણની પાસે તો થોડાં માણસો હતાં, તેથી તેઓ જો કપાઈ ગયાં તો તેઓની જગાએ બીજાં આવવાનાં નથી, તથા તેની આવી પડતી હાલતમાં તથા તેના શત્રુઓની આવી ચઢતી અવસ્થામાં કોઈ રાજારાણા પણ તેને મદદ કરવાના નથી, તેથી નિરાશ થઈને તેઓ પરમેશ્વર ઉપર ભરોસો રાખીને શું થાય છે, તે જાણવાની રાહ જોઈ બેસી રહ્યા.

એક મહિનામાં અલફખાં પોતાના લશ્કર સહિત બાગલાણ જવાના બે પહાડો વચ્ચેના એક સાંકડા રસ્તા આગળ આવ્યો. આગળ આપણે કહેલું છે કે બાગલાણની ચોતરફ મોટા ઊંચા પહાડો હતા, અને તે શહેરમાં જવાના ચાર દિશાએ ચાર રસ્તા હતા. એ રસ્તાઓ બે ઊંચા પહાડની વચ્ચે થઈને હતા, અને તેઓ એવા તો સાંકડા હતા કે તેમાંથી ચારપાંચ માણસો અને કેટલેક ઠેકાણે ઘણામાં ઘણા દશ માણસો સાથે એક હારમાં ચાલી શકે. એ પ્રમાણે હોવાથી તેઓને બચાવ કરવો, એ સહેલું કામ હતું. એવે ઠેકાણે થોડા બહાદુર માણસો ઊભાં રહે તો તેમનાથી દસગણાં માણસોને આવતાં તેઓ રોકી શકે. વળી પહાડોની ટોચ ઉપરથી બીજાં માણસો નીચેના લશ્કર ઉપર પુષ્કળ માર ચલાવી શકે અને નીચેના લોકો ઉપલાઓને ઘણું નુકસાન કરી શકે નહીં. એ જ પ્રમાણે થરમોપિલી આગળ થોડા જ યૂનાની લોકોએ અસંખ્ય ઈરાનીઓને રોક્યા હતા, અને એ જ પ્રમાણે હમણાં ત્રણસો રજપૂત સિપાઈઓએ પણ અલફખાંનું તમામ લશ્કર અટકાવ્યું.

કરણે પહાડોમાં થઈને બાગલાણમાં આવવાના સઘળા રસ્તા સાચવવા માણસો રાખ્યા, અને એ પ્રમાણે નાકાબંધી કરી પોતે થોડાક માણસો સાથે રાખી પહાડોનાં મથાળાં ઉપર ફર્યા કર્યું. જ્યારે તેને ખબર પડી કે ફલાણે નાકે દુશ્મન આવ્યા ત્યારે તે રસ્તાની બે બાજુ ઉપરના બે પહાડોની ટોચ ઉપર પોતાના માણસોને રાખી ઊભો રહ્યો. લડાઈને વાસ્તે સઘળી ગોઠવણ કરી, તથા જુદા-જુદા સામંતોએ શાં-શાં કામ કરવાં, લડાઈનો શી રીતે પ્રારંભ કરવો, શી રીતે તેને ચલાવવી, કોણે કોને મદદ આપવી, વગેરે ઘણો બંદોબસ્ત કર્યો. અલફખાંએ થોડેક દૂર છાવણી નાખી એક જાસૂસ કરણની પાસે મોકલ્યો. અને તેને કહેવડાવ્યું કે "તમારે તમારી છોકરી જલદીથી અમારે સ્વાધીન કરી દેવી, એટલે અમે તમને કાંઈ પણ ઉપદ્રવ કર્યા સિવાય

પાછા ફરીશું, અને તેમ કરવાથી અમારા માણસનો, પૈસાનો, તથા વખતનો જે બચાવ થશે તેનો બદલો અપાવવાનો અમે અમારા મુખ્ય સરદાર નાયબ મલેક કાફુરને તમારે વાસ્તે ભલામણ કરીશું. તે આ વાત પાદશાહને જણાવશે એટલે તમને મોટો ફાયદો થયા વિના રહેશે નહીં. માટે જો તમને તમારો તથા તમારા માણસોનો જીવ વહાલો હોય, જો તમારે આ નિષ્ફળ પ્રયત્ન કરવામાં પૈસા નકામા નાખી ન દેવા હોય, અને તમારે જો સુખેથી રહેવું હોય તો અમારા કહેવા પ્રમાણે તરત અમલ કરો. તમે અમથાં મોતનાં ફાંફાં મારો છો. તમે શું એમ ધારો છો કે તમારાં મૂઠીમાં સમાય એટલાં માણસથી અમારું લશ્કર જિતાવાનું છે? શું એક મોટી જોરાવર નદીનું પૂર હાથ વતી અટકાવી શકાશે? આસમાન તૂટી પડશે તેને પગ વતી ઝીલી લઈ પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરવાની મતલબથી ટિટોડી ઊંચા પગ રાખી સૂવે છે તેના જેવી બેવકૂફી તમારામાં છે. એમ હોવું જોઈએ તો નહીં, માટે ડાહ્યા થાઓ; વિચાર કરો; અને કોઈ બેઅક્કલ, વિચાર વગરના માણસની શિખામણ ઉપરથી તમે આ મુડદાંઓ એકઠાં કરી મોત માગી લ્યો છો, બળતી આગમાં ઝંપલાવવાનું કરો છો, તથા કાળને વગર બોલાવે મળવા જાઓ છો, એ કામ એક કોરે મૂકો. જો તમે લડવા લાયક શત્રુ હોત તો તમારી સાથે હાથ મેળવવા અમે જરા પણ આંચકો ખાત નહીં. પણ તમારી આવી હાલતમાં તમારી સાથે લડતાં અમને શરમ લાગે છે, અમને ધિક્કાર આવે છે, અમને તમારી ઉપર દયા આવે છે. વળી તમને જીતવામાં આબરૂ શી? સિંહે એક ઉંદર માર્યો એમાં કાંઈ સિંહની પ્રતિષ્ઠા વધતી નથી, માત્ર ઉંદરનો જીવ જાય છે. એક પહેલવાને એક નાના બાળકને માર્યું તેમાં પહેલવાનની શોભા શી? માટે આ લડાઈનો ઢોંગ મૂકી દો, એવી છોકરાંની રમતથી અમે ડરવાના નથી. અમારા કહ્યા પ્રમાણે દેવળદેવીને આપી દો. મોડાં કે વહેલાં એમ કર્યા વિના તો છૂટકો નથી, ત્યારે ભૂંજીને વાવતા મા. જે કર્યા વિના ચાલે જ નહીં તે તરત કરવામાં ઘણો લાભ છે, માટે તમારો શો જવાબ છે તે જલદીથી કહો.''

કરણ બોલ્યો : ''અમે રજપૂત મોતથી બીતા નથી. અમે મરવાને જ આવેલા છીએ, તે જીવતા પાછા ઘેર જવાના નથી. અમે તમને, તમારા પાદશાહને, તમારા લશ્કરને ધિક્કારીએ છીએ, અમને સહાય કરનાર પરમેશ્વર છે. અમે એક તેને ભરોસે તથા સત્યને આધારે લડીએ છીએ. પછી જો હારીશું તો અમારાથી જેટલું બન્યું તેટલું કર્યું એટલો જ અમને સંતોષ થશે, માટે જ્યાં સુધી અમે જીવતા છીએ ત્યાં સુધી દેવળદેવીને અમે કદી તમારે સ્વાધીન કરનાર નથી. કદી નહીં, કદી નહીં, કદી નહીં. જો લેવી હોય તો આવીને લઈ જાઓ, એટલો જ મારો જવાબ છે, તે જેણે તમને મોકલ્યા હોય તેમને પહોંચાડજો.''

જાસૂસે જઈને અલફખાંને કરણનો જવાબ સંભળાવ્યો, તે ઉપરથી અલફખાંને ઘણો જ ક્રોધ ચઢ્યો, અને તેણે એકદમ કૂચ કરી આ જૂઠી હિમ્મતવાળા ઘેલા રજપૂતડાઓને મારીને હાંકી મૂકવાનો લશ્કરને હુકમ કર્યો. મુસલમાન સિપાઈઓ સહેજે જીત મળશે, એવો પૂરો ભરોસો રાખી તથા કોઈ ક્ષુદ્ર પ્રાણીને પગ તળે છૂંદી નાખવું હોય એટલી બેપરવાઈ રાખીને આગળ ચાલ્યા, પણ જ્યારે તેઓએ રજપૂતો પાસે નાકું છોડાવવાને પ્રયત્ન કર્યો ત્યારે તેઓને તેઓની ભૂલ માલૂમ પડી. દુશ્મન કાંઈ ધિક્કારવા લાયક ન હતા. પાસે આવતાં જ રજપૂતોએ એવો તો તાકીને તેઓના ઉપર બાણનો માર ચલાવ્યો કે મુસલમાન સિપાઈઓની હાર તૂટી, તેઓ આશ્ચર્ય પામી ઊભા રહ્યા, અને આગળ જવાની તેઓમાં હિમ્મત રહી નહીં. અલફખાંએ તેઓની હિમ્મત જાગ્રત કરવાને ઘણી મહેનત કરી, તથા તેઓને ઘણા સમજાવ્યા, પણ આ પહેલા જ સપાટાથી તેઓમાં એવી તો દહેશત ભરાઈ ગઈ, તથા આટલાં થોડાં માણસોની હિમ્મત જોઈને તેઓ એવા તો વિસ્મિત થયા કે તેઓ થોડી વાર સુધી જડભરતની પેઠે ઊભા જ રહ્યા, અને પછી એકાએક તેઓએ પીઠ ફેરવી નાસવા માંડ્યું. અલફખાં ઘણો ગુસ્સે થયો, પણ લાચાર, તે શું કરે? તોપણ તેઓ થોડેક સુધી નાઠા પછી તેણે તેઓને અટકાવ્યા. તે દહાડો તો

જવા દીધો, પણ બીજે દહાડે પાછી ચઢાઈ કરી. આ વખતે પહાડ નીચેના માણસોએ આગલા દહાડાની પેઠે બાણની વૃષ્ટિ કરી, પણ તેથી મુસલમાનો ઉપર ઘણી અસર થઈ નહીં. તેઓ આગળ વધ્યા જ ગયા. રજપૂતોને પાછા હઠવું પડ્યું, અને જેમ-જેમ તેઓ પાછા હઠતા ગયા તેમ-તેમ મુસલમાનો આગળ વધતા ગયા. જ્યારે તેઓ સાંકડી નાળમાં ફસાઈ ગયા ત્યારે રજપૂતોએ અટકી પડવા માંડ્યું અને ઉપરથી કરણના માણસોએ તીરનો માર નીચે ચલાવ્યો. મુસલમાનોએ આવું ધાર્યું ન હતું. તેઓના ઉપર બે તરફથી હુમલો એક્કી વખતે થયો. જો ઉપરના શત્રુ સામે પોતાનો બચાવ કરવા જાય તો નીચેના માણસો તેઓને ભાલા વતી વીંધી નાખે, અને એથી ઊલટું કરવા જાય તો ઉપરથી તીરનો વરસાદ વરસે. એ પ્રમાણે થવાથી મુસલમાન સિપાઈઓ ઘણા અકળાઈ ગયા. તેઓની એકેક હારમાં પાંચ કરતાં વધારે માણસો રહી શકે એટલી જગા નહીં હોવાને લીધે તેઓનું કાંઈ જોર ચાલ્યું નહીં. તેઓમાંથી ઉપરાઉપરી માણસો મરવા લાગ્યા, અને આગળ કાંઈ થાગ લાગશે નહીં, એવું વિચારીને તેઓ વેરાઈ ગયા; તેઓમાં ભંગાણ પડ્યું; છૂટક-છૂટક સઘળા નાસવા લાગ્યા. આવી અવસ્થામાં રજપૂતોએ એક ધસારો કરી દુશ્મનના ઘણાને કાપી નાખ્યા, અને પાછા પોતાને નાકે જઈ ઊભા રહ્યા. જો કરણ રાજાએ દોડ કરી હોત તો તેની મોટી મૂર્ખાઈ થાત. કેમ કે તે મેદાનમાં પડત અને તેના દુશ્મન પાછા ફરીને તેને સપડાવત તો તેની ખરાબી થયા વિના રહેત નહીં. પણ આ વખતે પહેલાંના જેટલી તેણે બહાદુરી તો બતાવી પણ તેની સાથે ડહાપણ વધારે વાપર્યું. જો એટલું ડહાપણ તે વખતે વાપર્યું હોત. જો હમણાંની પેઠે તે બીજા અનુભવી તથા પ્રવીણ શૂરા સામંતોની સલાહ પ્રમાણે ત્યારે ચાલ્યો હોત તો તેને આ દહાડો આવત નહીં. આ વખતે તેના ડહાપણનું ફળ એ થયું કે મુસલમાન લશ્કરનું કાંઈ ચાલ્યું નહીં. તેઓ રોજ-રોજ તેના ઉપર હુમલો કરતા, પણ હરેક વખતે હાર ખાધા વિના તેઓ પાછા જતા નહીં. મુસલમાન સિપાઈઓ ઘણા ગભરાયા તથા ચીઢવાયા. તેઓનો સરદાર પણ ઘણો ગુસ્સે થયો, અને જય પામ્યા સિવાય ત્યાંથી જવું નહીં, એવો તેણે પાક્કો ઠરાવ કર્યો. પણ તેના માણસો ઘણા મરાયા, બાકી રહેલા નિરાશ તથા નાહિમ્મત થઈ ગયા અને બીજા સિપાઈઓ એકઠા કરવાને તેણે જે મહેનત કરી તે હજી સુધી પાર પડી નહીં. તેને ઘણી જ શરમ લાગી, તથા આટલા થોડા માણસને તેનાથી હાંકી કઢાતા નથી; એ વાત જો મલેક કાફુર અથવા પાદશાહ જાણશે તો તેની કેવી ફજેતી થશે, તથા આગળ જે-જે પરાક્રમો કરી તેણે કીર્તિ મેળવી હતી, તે સઘળી આ સહેજ વાતમાં ડૂબી જશે, એવી ચિંતા થવા લાગી. તેણે ઘણાં ફાંફાં માર્યાં, તેણે લશ્કર ઉપાડી છાનામાના બીજા રસ્તાઓમાંથી જવાનું કર્યું, પણ જ્યાં-જ્યાં તે ગયો ત્યાં-ત્યાં તેની સામે તૈયાર થયેલા રજપૂતો લડવાને નીકળ્યા, અને કરણ પણ પોતાના માણસોની સાથે બહુરૂપી અથવા ભૂત હોય તે પ્રમાણે રસ્તાને મથાળે માલૂમ પડ્યો. એ પ્રમાણે બે મહિના સુધી કરણ રાજાએ ઘણા ડહાપણથી તથા બહાદુરીથી લડાઈ ચલાવી, અને અલફખાંએ ગમે તેટલા પ્રયત્ન કર્યા તોપણ તેને કોઈ પણ રસ્તે બાગલાણ આવવા દીધો નહીં. મુસલમાન સિપાઈઓ થાકી ગયા, અને તેઓઓના ઘણા માણસો માર્યા ગયા હતા તેથી અલફખાંએ ઠરાવ કર્યો કે જ્યાં સુધી નવા બોલાવેલા સિપાઈઓ આવી પહોંચે ત્યાં સુધી લડાઈનું કામ બંધ રાખી એક ઠેકાણે છાવણી નાખીને રહેવું. એ ઠરાવથી કરણને પણ મોટો ફાયદો થયો. તે પણ લડી-લડીને કાયર થઈ ગયો હતો, તેને ઘણા જખમ વાગ્યા હતા, તથા લડાઈના થાક તથા ફિકરચિંતાથી તેનું મન બેબાકળું થઈ ગયું હતું. તેને આરામ લેવાની ઘણી જ જરૂર હતી, તેના માણસો અસલ પાંચ હજાર હતા તે મરતાં તથા ઘાયલ થતાં માત્ર બે હજાર રહી ગયા હતા. તેઓ પણ ઘણા અશક્ત થઈ ગયા હતા, માટે જે થોડો વિરામ મળ્યો તેથી બંને તરફના માણસોને ફાયદો થયો. હવે કરણ રાજાએ પોતાની અવસ્થા ઉપર વિચાર કરવા માંડ્યો અને આગળપાછળથી તમામ હકીકત જોતાં તેના

મનમાં ઘણી ઉદાસી ઉત્પન્ન થઈ. જે બે હજાર માણસ રહી ગયા તેમાં ઘટાડો થયા કરવાનો, વધારાની તો તેને કદી આશા ન હતી; એથી ઊલટું તેને ખબર હતી કે મુસલમાનોના લશ્કરમાં જલદીથી વધારો થવાનો હતો, અને જ્યારે તેઓની મદદે નવા સિપાઈઓ આવશે ત્યારે પોતાના થોડા રહી ગયેલા માણસો તેની સાથે લડી શકશે નહીં, એવી તેને ખાતરી હતી. અંતે તેઓ બાગલાણનો કિલ્લો સર કરવાના, અને અંતે તેઓ બળાત્કારે દેવળદેવીને લઈ જવાના એ પણ નિશ્ચય હતું. લડવાથી માત્ર દહાડા નીકળે છે; બીજો કાંઈ ફાયદો નથી. તેના હાથ નીચેના સામંતો પણ એ વાત સારી પેઠે જાણતા હતા, અને હલકા સિપાઈઓને પણ મરવા સિવાય બીજી કાંઈ આશા ન હતી, અને મરવાની સાથે પણ જે કામને વાસ્તે મુસલમાન લોકો આવેલા છે તે સિદ્ધ કર્યા વિના તેઓ પાછા જવાના નથી, એવી તેમના મનની ખાત્રી હતી.

હવે કરણે શું કરવું? લડી લડીને પોતાના માણસોના નકામા જીવ ખોવડાવવા; પોતે પોતાને હાથે મરવું કે લડાઈનો અંત આવે; અથવા પોતાની પુત્રી દેવળદેવી જે આ લડાઈનું સઘળું કારણ હતી તેને મારી નાખવી કે પછી લડાઈ આગળ ચલાવવાની મતલબ રહે નહીં. એ ત્રણે રસ્તા ભયંકર હતા. લડવાથી કાંઈ ફળ નહોતું. તેમાં માત્ર માણસો તરફનું નુકસાન થયા કરતું. પોતાના હાથે તો કેમ મરાય? એ વાત પણ કરણને ગમે નહીં. આપઘાત કરવામાં ઘણું પાપ છે, એમ તે જાણતો હતો; આપઘાત કરવાથી નરકકુંડમાં પડાય એમ તેણે સાંભળ્યું હતું; તથા આપઘાતથી લોકોમાં અપકીર્તિ થાય એ નક્કી હતું. વળી જે નર જીવે તેને સઘળું મળે; મૂઆ પછી સઘળી આશા છોડવાની છે; માટે આપઘાત તો કરવો નહીં. હવે દેવળદેવીને મારી નાખ્યા સિવાય બીજો કોઈ ઉપાય રહ્યો નહીં. એ કામ ઘણું દુષ્ટ, ભયંકર, અસ્વાભાવિક તથા ચંડાળને લાયક, તોપણ તેવું કામ કરવાને રજપૂતોને થોડી જ ફિકર હોય છે. તેઓના તો આબરૂ વિશે ઘણા જ વિલક્ષણ વિચાર હોય છે. જે વાતમાં તેઓએ આબરૂ માની લીધી તે વાતમાં ગમે તેવું ક્રૂર કામ કરવું પડે તોપણ તેઓ જરા પણ આંચકો ખાતા નથી. વળી તેના વિચાર પ્રમાણે સ્ત્રીજાતિને આબરૂ સૌથી વધારે પ્યારી હોવી જોઈએ, અને તેઓના ભાટચારણના રાસા તથા દંતકથા ઉપરથી જણાય છે, કે ઘણાં બૈરાંએ આબરૂનું પ્રતિપાલન કરવાને જ પોતાનો વહાલો પ્રાણ અર્પણ કરેલો છે. માટે આવી વખતે દેવળદેવીએ પણ મુસલમાનોના હાથમાં પડવા કરતાં પોતાને હાથે પોતાનો પ્રાણ કાઢવો જોઈએ, અને જ્યારે તે પોતાની મેળે તેમ કરતી નથી, ત્યારે કોઈએ તેને વાસ્તે તે કામ કરવું જોઈએ.

એ પ્રમાણે એક રાત્રે કરણ પોતાના મનમાં વિચાર કરતો હતો. ઘરમાં સઘળાં ચૂપાચૂપ સૂઈ ગયેલાં હતાં. એક દીવો માત્ર ઝાંખો બળ્યા કરતો હતો, અને મધ્યરાત્રને સમયે તેનો સૂવાનો ઓરડો જાણે ખાવા ધાતો હોય એવો દેખાતો હતો. એવે વખતે વિચાર કરતાં-કરતાં એટલો તો તે જુસ્સા ઉપર ચઢી ગયો, તથા તેને એટલું તો શૂર ચઢી આવ્યું કે પથારી ઉપરથી એક છલંગ મારી તે કૂદી પડ્યો, અને પોતાની તલવાર ખેંચી જે ખાટલા ઉપર દેવળદેવી સૂતેલી હતી ત્યાં જઈને ઊભો રહ્યો. દેવળદેવી ભર નિદ્રામાં સૂતેલી હતી. તેના સુંદર કેશ છૂટા વિખેરાઈ ગયેલા ગમે તેમ પડેલા હતા. તેની ચળકતી આંખો ઉપર પોપચાં અડધાં બિડાયેલાં હતાં, તે રાત્રે જેમ કમળના ફૂલની પાંખડીઓ બંધ થાય છે તેના જેવી દેખાતી હતી. તેના હોઠ જરા આઘા રહેલા હતા, તેમાંથી તેનો ખુશબોદાર શ્વાસ નીકળતો હતો, અને એક ખીલેલા ગુલાબની પેઠે તેઓ મંદમંદ હસતા હોય એમ દેખાતા હતા. તેનું આખું શરીર નિદ્રાને વશ થઈ બેભાન પડ્યું હતું, અને તેનું સુંદર વદન નિર્દોષપણાને લીધે આનંદમાં દેખાતું હતું. તે સ્વર્ગથી ઊતરી આવેલી અપ્સરાના જેવી લાગતી હતી, તેને માત્ર જોવાથી જ ગમે તેવા ખૂની માણસનું પણ ખૂન ઊતરી જાય, આવા પરલોકના પ્રાણીને ઉપદ્રવ સરખો પણ થાય નહીં, તો પછી તેને મારવાને કયા દુષ્ટ ચંડાળનો હાથ ઊપડે? વળી આ ઠેકાણે તો તેનો બાપ જ ખૂની હતો. તે બંનેની વચ્ચે

સહવાસથી ઘણો જ ગાઢો પ્યાર બંધાયેલો હતો. એથી જ્યારે કરણે તેની ઊંઘતી દીકરીનું મોં જોયું એટલે તરત તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઈ, અને તે ત્યાં સ્તબ્ધ થઈને ઊભો રહ્યો. અરે, હું કેવો રાક્ષસ! હું કેવો રાની પશુ કે આવું નિર્દય કામ કરવા તૈયાર થયો હતો, અરે પરમેશ્વર! તેં ઠીક વખતે મને રોક્યો, નહીં તો આજ હું મારી આ તલવાર મારી છોકરીના અંતઃકરણમાં ખોસત. શિવ! શિવ! શિવ! રે ભગવાન! હું આ શું કરતો હતો? શું મારે હાથે મારી જિંદગીનો આધાર તોડી નાખતો હતો? તે કરતાં તેને શંકળદેવને પરણવવામાં શી હરકત છે? તેને તેની સાથે પરણવું બહુ ગમે છે; ને શંકળદેવને વાસ્તે હરઘડી હિજરાયા કરે છે; તેણે શંકળદેવના વિયોગથી પોતાની સઘળી કાયા ગાળી નાખી છે. ત્યારે જો હું તેને દેવગઢ પરણાવું તો લડાઈ પતી જાય. દેવગઢનો રાજા તેનું રક્ષાણ કરવાને સમર્થ છે. અને તેને તો જુદા કારણને સારુ અલાઉદ્દીનના લશ્કર સાથે યુદ્ધ કરવું જ છે. માટે તેની સાથે એ છોકરીનું લગ્ન કરવું. તેની જાત હલકી તો છે ખરી, તે મરેઠો છે માટે તેની પદવી રજપૂતોના જેટલી તો નથી તોપણ તેઓ યાદવ છે; અને આવી લાચારીને વખતે કુળ જોવામાં કાંઈ ફાયદો નથી, ઊલટું નુકસાન છે. માટે શંકળદેવ તથા દેવળદેવીએ જે ખાનગી લગ્નની પ્રતિજ્ઞા કરી છે તે મારે મંજૂર છે. એ ઠરાવથી તેને શાંતિ થઈ, અને તેના મનનું તોફાન નરમ પડી તેને ઊંઘ આવી.

આ વાત બન્યા પછી થોડેક દહાડે કરણની છાવણીમાં એવી બૂમ ચાલી કે દેવગઢ તરફથી એક લશ્કર આવે છે. તે કોનું હશે એ ન જાણવાથી કરણના સિપાઈઓમાં ઘણો ગભરાટ થયો, અને તેઓના મનમાં એવો સંદેહ ઊપજ્યો કે જે લશ્કરની મુસલમાન લોકો રાહ જુએ છે તે એ જ હશે. જેથી તેઓ સઘળા તેને અટકાવવાને તૈયાર થઈ ગયા. અલફખાંએ એવું ધાર્યું કે મને જતાં વાર લાગી તેથી મલેક કાફૂરે મને આ મદદ મોકલી હશે તેથી તેનાં માણસો ઘણાં ખુશી થયાં, અને આ નવા આવનારાઓને આદરમાન આપવાને તેઓ સઘળા તત્પર થઈ રહ્યા. જ્યારે તે લશ્કર થોડું પાસે આવ્યું ત્યારે એવું માલૂમ પડ્યું કે, એ તો ભીમદેવ થોડાંક માણસો લઈને આવે છે, પણ તેની આવવાની શી મતલબ હશે તે કોઈના જાણ્યામાં આવ્યું નહીં. અલફખાંને હવે નક્કી થયું કે જેઓ આવે છે તેઓ તેના મદદગાર નથી પણ ઊલટા શત્રુ છે માટે તેઓને અટકાવી પાછા વાળવા જોઈએ. અને તે કારણસર તેણે પોતાનાં થોડાં માણસો આગળ મોકલ્યાં. કરણ પણ ઘણા સંદેહમાં પડ્યો. ભીમદેવની લશ્કર લઈને આવવાની શી મતલબ હશે? શું તેનો વિચાર દેવળદેવીને બળાત્કારે લઈ જવાનો હશે? જો એમ હશે તો પહેલાંથી જ હું તેને મારી ખુશી બતાવીશ, પછી તે શા માટે જોર કરશે? શું તેનો વિચાર ફરીથી દેવળદેવીનું માગું કરવાનો હશે? એમ હોય (હોય તો કેવું સારું) તો હું તેના ઉપર જાતે મોટો ઉપકાર કરતો હોઉં એવું દેખાડી કેટલીક શરતે તેની વાત કબૂલ કરીશ. તે અલફખાંને મદદ કરવાને તો આવ્યો નહીં જ હશે. તેને અને અલાઉદ્દીન પાદશાહને તો કટ્ટું વેર છે. પણ હવે તે આવશે ત્યારે સઘળી વાત જલદીથી જણાઈ આવશે.

ભીમદેવે પોતાની સામે લડવાને મુસલમાનોનું એક લશ્કર આવે છે એમ જાણીને, તથા લડાઈ કરી વખત ખોવાની તેની ખુશી ન હતી તેથી પોતાનો રસ્તો બદલ્યો, અને એક અજાણે માર્ગેથી પોતાનું લશ્કર લઈ જઈ જલદીથી કરણની છાવણીમાં જઈ પહોંચ્યો. મુસલમાન લોકોની ટુકડી ઘણે આગળ ગઈ, પણ ભીમદેવનાં માણસોને કાંઈ દીઠાં નહીં. આસપાસનાં ગામના લોકોએ ખોટી ખબર આપી તેઓને આણીગમ-તેણીગમ ઘણા રઝળાવ્યા, અને પછી તેઓ જ્યારે કટ્ટી ઝાડીમાં સપડાઈ ગયા ત્યારે તેઓના ઉપર ગામડિયા તથા પહાડી લોક તૂટી પડ્યા. આવે વખતે થોડાક મુસલમાન લોકો શું કરે? તેઓને નાસવાનો કાંઈ રસ્તો જડે નહીં, ચોતરફથી ઘેરાઈ ગયા તેથી તેઓ નિરાશ થઈ મારીને મરવું, એવો નિશ્ચય કરી લડવાને ઊભા રહ્યા. પણ શેરને માથે સવાશેર, અજાણે ઠેકાણે ઝાડી અને પહાડીની વચ્ચોવચ આવી ગયેલા

અને દુશ્મન એક પણ જણાય નહીં, પણ તેઓનાં તીરનો વરસાદ માથા ઉપર વરસ્યા જ કરે, તેથી એક-બે દહાડામાં તેઓ સઘળા માર્યા ગયા, અને તેઓમાંથી એક પણ પોતાના સોબતીઓની ખબર કરવાને અલફખાંની પાસે જઈ શક્યો નહીં.

ભીમદેવનું કરણે ઘણું સન્માન કર્યું તથા તેને પરોણો જાણી પોતાની પાસે રાખ્યો. રસ્તાની મુસાફરીથી જે થાક લાગ્યો હોય તે ઊતર્યા પછી ભીમદેવે દેવળદેવીની વાત કાઢી, અને કરણને સમજાવીને કહ્યું કે “શંકળદેવ તથા દેવળદેવીની વચ્ચે અસાધારણ પ્યાર બંધાયેલો છે. શંકળદેવ દેવળદેવી વિના ક્ષયરોગમાં પડ્યો છે, અને તેને જો તે નહીં મળશે તો તેનું નક્કી મૃત્યુ થશે. દેવળદેવીને પણ તે જ પ્રમાણે તેને વાસ્તે લાગતું હશે. હવે તેઓને પરણાવવામાં તમારી તરફથી શી હરકત છે? કુળની. બીજી કાંઈ નથી. પણ તમે મારા અભિપ્રાય પ્રમાણે એવા મૂર્ખ નહીં હો કે એવી જૂજ વાતને વાસ્તે તમારી છોકરીના સુખનો નાશ કરશો, તથા તમને થતા લાભ મૂકી દેશો. કુળની વાત ઘણી જ નજીવી છે. જેવા તમે રજપૂત તેવા અમે યાદવ છીએ. માટે એ લગ્ન કરવામાં તમને કાંઈ કલંક લાગવાનું નથી; પણ ફાયદા કેટલા થશે એનો તો વિચાર કરો. આ સઘળી લડાઈ દેવળદેવીને વાસ્તે છે. જો અલફખાંને ખબર થશે કે જે રાજકન્યા લેવા આવ્યા છીએ તે તો બીજાના હાથમાં જઈ ચૂકી તો તે તરત છાવણી ઉપાડી અમારી સાથે લડવાને આવશે, પછી અમે છીએ અને તેઓ છે. વળી અમે તમને માણસની તથા પૈસાની મદદ કરીશું, એટલે જ્યાં સુધી મારાથી દેવળદેવીને લઈને દેવગઢ પહોંચાશે નહીં ત્યાં સુધી આપણો બચાવ કરી શકીશું. માટે મારી વાત કબૂલ કરો.”

કરણને એ સઘળું સાંભળવાની આશા જ હતી, તથા તેને શે જવાબ દેવો, એ પણ તેણે આગળથી નક્કી કરી રાખેલો જ હતો. તે પણ તે બહારથી ઘણો દિલગીર જણાયો, અને થોડી વાર સુધી જવાબ દેવામાં આનાકાની કરી. પણ જ્યારે તેના ભીમદેવે ઘણા કાલાવાલા કર્યા, ત્યારે તે બોલ્યો : “તમે કહો છો તે સઘળું ખરું છે. તમારા ભાઈ સાથે મારી દીકરીનું લગ્ન કરવાથી તમે ફાયદા બતાવો છો તે મને થાય તો ખરા, પણ કુળની વાત ઉપરથી જ મારું મન આંચકો ખાઈ જાય છે. હલકા કુળમાં છોકરીનાં લગ્ન કરવાં એમાં અમે ઘણામાં ઘણી ગેરઆબરૂ માનીએ છીએ. પણ જો શંકળદેવને નહીં પરણાવું તો તે મ્લેચ્છ તુરકડાઓના હાથમાં પડશે, એ પણ વિચારવું જોઈએ. તમને અમે હલકા ગણીએ છીએ તોપણ તમે મુસલમાનો કરતાં લાખ, કરોડ દરજ્જે સારા છો; માટે એમાંથી તમારી સાથે સંબંધ કરવો વધારે સારો છે, એમ સમજી તમારી વાત કબૂલ કરું છું પણ તમારાથી એ દેવળદેવીને અહીંથી શી રીતે લઈ જવાશે? અલફખાંની મદદે એક મોટું લશ્કર એકબે દહાડામાં આવનાર છે, તે આવે તેની અગાઉ તમારે અહીંથી જવું જોઈએ. હું પણ તમારી સાથે આવીશ, અને તમારી લડાઈમાં સામેલ થઈ મારાથી બનશે એટલી મદદ કરીશ. માટે હવે ઉતાવળથી દેવળદેવીને લઈને આપણે સઘળાએ કોઈ આડેઅવળે રસ્તે બહાર નીકળી જવું જોઈએ. દેવગઢ પહોંચ્યા એટલે પાર પડ્યા.”

પ્રકરણ ૧૪મું

કરણ રાજાની છાવણીમાં ભીમદેવ આવ્યો, અને તેને અટકાવવાને મોકલેલાં માણસોનું શું થયું એ વાતની કાંઈ ખબર પડી નહીં, ત્યારે અલફખાંને ઘણી ચિંતા થઈ. તેણે પોતાના સિપાઈઓના શા હવાલ થયા, એ વાતનો નિશ્ચય કરવાને ઘણાં માણસોને મોકલ્યાં, પણ તેઓની ખબર હાથ લાગી નહીં. ચાર-પાંચ દહાડા વહી ગયા, પણ કોઈ રીતના સમાચાર મળ્યા નહીં. તેની પાસેનું લશ્કર બે મહિના લગી લડવાથી તથા આ માણસોના ગુમ થવાથી ઘણું જ ઓછું થઈ ગયું. તેઓને પોતાનું કામ સહેલાઈથી કરી લેવાની જે આશા હતી તે નિષ્ફળ ગઈ તેથી તેઓ ઘણા નાહિમ્મત થઈ ગયા, અને અલફખાં ઉપર સઘળા બડબડવા લાગ્યા. એથી ઊલટું, કરણના લશ્કરમાં ભીમદેવના આવવાથી વધારો થયો. તેઓને આવે વખતે મદદ આવી મળી એ જાણે ઈશ્વરની તરફથી મોટી કૃપાનું ચિહ્ન મળી આવ્યું હોય એમ જાણીને તેઓ ઘણા ખુશી થયા, અને તેઓની લડવાની હોંશ વધારે જાગ્રત થઈ. હવે ભીમદેવ દેવળદેવીને જલદીથી લઈ જશે એટલે લડાઈનું કારણ બંધ થશે, એમ જાણી તેઓ ઘણા ઉમંગમાં આવ્યા.

આ વખતે અલફખાંની અવસ્થા કોઈ હલકામાં હલકો સિપાઈ પણ અદેખાઈ ન કરે એવી થઈ હતી, તથા તેના મનમાં જે ફિકર તથા ઉદાસી ઉત્પન્ન થઈ તે એવી હાલતમાં જે માણસ પડેલો હોય તે જ જાણે. તેણે આટલી ઉંમરમાં મોટી-મોટી લડાઈઓ કરીને જે કીર્તિ મેળવી હતી તે આવી હલકી લડાઈમાં સઘળી એકદમ ધોવાઈ જવા બેઠી. એકસપાટામાં આખું ગુજરાત જીતી લેવાથી તેણે જે નામ મેળવ્યું હતું તે ઉપર પાણી ફરી વળવાનો વખત આવ્યો. પાદશાહનો સંબંધી હોવાને લીધે તથા પોતાનાં મોટાં પરાક્રમને લીધે જે તેણે મોટામાં મોટી પદવી સંપાદન કરી હતી તે પદવી ઉપરથી આવી ધૂળગજાની વાતને વાસ્તે ગબડી પડવાનો પ્રસંગ આવ્યો; અને જો દેવળદેવીને ભીમદેવ દેવગઢ લઈ જશે, જો તે શંકળદેવની સાથે પરણશે, જો તેમ થવાથી તે કદી હાથ આવશે નહીં, અથવા તેને પકડવામાં ઘણી ઢીલ થશે, જો તેથી કૌળારાણી કોપાયમાન થશે. અને તે પોતાની સત્તા પાદશાહ ઉપર ચલાવશે, તો પાદશાહનો સ્વભાવ એવો હતો કે તેનો આવો નિકટનો સંબંધ છતાં, તેની મોટી પદવી છતાં, તથા તેની આગલી ચાકરી ઉપર નજર રાખતાં છતાં તેની જિંદગી તથા માલમિલકત તથા કુટુંબકબીલો સલામત રહેશે નહીં એ વાતની તેને પક્કી ખાતરી હતી. એ સઘળા વિચારથી અલફખાં શોકાતુર થઈને બેઠો હતો, એમાં કાંઈ આશ્ચર્ય ન હતું. હવે એક વાત પર સઘળી આશા રહી હતી. તેની આબરૂ તથા જિંદગી એક દોરા ઉપર ટંગાયેલી હતી. જો છેલ્લી વારે પાસો સવળો પડે તો સઘળી રમત મનમાની રીતે પાછી ઠેકાણે આવે. જો પરમેશ્વર તેના ઉપર આ વખતે રહેમ કરે તો જ તે જીવતો રહે. તેણે બીજા સિપાઈઓ એકઠા કરવાને જે માણસો મોકલ્યાં હતાં તેઓ હજી પાછાં આવ્યાં ન હતાં. નવા સિપાઈઓ જલદીથી આવી પહોંચશે એવી તે ઘડીએ-ઘડીએ આશા રાખતો હતો, અને એ મદદ જેમ બને તેમ તાકીદથી આવે તેને માટે તે ખુદાતાલાની રોજ બંદગી કરતો હતો. કેટલાંક કાર્યનાં કારણો ઈશ્વરે માણસોથી ગુહ્ય રાખ્યાં છે. ઈશ્વરે અલફખાંની પ્રાર્થના સાંભળી તથા મંજૂર કરવી, મુસલમાનોનું જોર વધારવું, તથા હિંદુઓને છૂંદવા એ તેમાંનું એક કાર્ય હતું. તેનો આ હેતુ કોઈ ડાહ્યા જ કારણથી નિર્માણ થવો જોઈએ. અલફખાંની જિંદગી તથા કીર્તિ સલામત રહેવાની, શંકળદેવને વાસ્તે દેવળદેવી સર્જિત નહીં હોવાની, દેવળદેવીના ઉપર પણ કેટલીક આફત આવી પડવાની, તે પણ તેની માની પેઠે મ્લેચ્છ લોકોના હાથમાં જવાની, અને તેનું અંતે અકાળ તથા દુઃખદાયક મૃત્યુ થવાનું, કરણ તેના મનમાં જે વિચાર કરતો હતો કે મારા ઉપર હવે વધારે દુઃખ પડી શકવાનું નથી તે વિચાર ખોટો પડવાનો, તેની આફતનો ઘડો હજી ભરાયો ન હતો તે છલાછલ ભરાવાનો, તેની

વહાલી છોકરી તેના હાથમાંથી જવાની, તે મ્લેચ્છ વરને વરવાની, તથા તેને રઝળીરખડીને મરવાનું, એ સઘળું નિર્માણ થયેલું તેથી જ એક સાંજરે ક્ષિતિજમાં ધૂળના ગોટેગોટા જણાયા, અને થોડા કલાકમાં અલફખાંની છાવણીમાં હિમ્મત તથા હોંશથી ભરેલા પાંચ હજાર તાજા લડવૈયા આવીને મળ્યા. તે વખતે અલફખાંને જે બેહદ આનંદ થયો તેનું વર્ણન કરી શકાતું નથી. આખા લશ્કરમાં જયજયકારની બૂમ ચાલી, અને તેઓએ એક મોટી ફતેહ મેળવી હોય તેટલી ખુશી તથા આવેશ સઘળા મુસલમાન સિપાઈઓમાં પેદા થયો.

આ નવાં માણસો આવ્યાં એટલે તાકીદથી તથા ધમધોકાર કામ ચલાવવું, એવો અલફખાંએ નિશ્ચય કર્યો. તેણે લડવાની સઘળી તદબીર મનમાં ગોઠવી, તથા બીજે દહાડે તેને અમલમાં લાવવાનો સઘળા લશ્કરી અમલદારોને હુકમ આપ્યો. તેણે પહેલું કામ એ કર્યું કે બાગલાણમાંથી નીકળવાના પહાડના જે રસ્તા હતા તે સઘળા બંધ કરવાને થોડાં-થોડાં માણસો મોકલ્યાં, અને લશ્કરનો મોટો ભાગ પોતાની સાથે લઈને તે કરણના લશ્કર સામે ચાલ્યો.

કરણ રાજા ઘણા આનંદમાં પોતાની છાવણીમાં ફરતો હતો. મુસલમાનોનું લશ્કર એક ઠેકાણે પડી રહેલું હતું તેનું કારણ તેઓનું કમજોર હતું, એમ તે સારી પેઠે જાણતો હતો. પોતાનાં તથા ભીમદેવનાં માણસો એકઠાં મળવાથી દેવળદેવી સહીસલામત દેવગઢ પહોંચશે એવી તેની ખાતરી થઈ હતી. લડાઈ પૂરી થશે, અને દુશ્મનોની ઉમેદ નિષ્ફળ જશે એ વિચારથી તે ઘણો ખુશ થતો હતો, અને અગર જો એક હલકા કુળના મરેઠા સાથે પોતાની છોકરીને પરણાવવી પડે છે, એ વાત યાદ આવ્યાથી તેને ઘણો સંતાપ થતો હતો તોપણ પરદેશી મ્લેચ્છ કરતાં તે ઘણો સારો એટલાથી જ તેના મનનું સમાધાન થતું હતું. તેનાં માણસો પણ તેટલા જ ઉમંગમાં હતાં. તેઓ લડાઈથી છેક કંટાળી ગયાં હતાં. અને અગર જો તેઓ રજપૂત હોવાને લીધે તથા આબરૂ વિશે તેઓના ઘણા ઊંચા વિચાર હોવાને લીધે કરણને મૂકીને તેઓથી જતાં ન રહેવાયું, તોપણ આબરૂની સાથે પાછા ઘેર જવાનો હવે વખત આવ્યો તેથી તેઓ ઘણા આનંદમાં હતા. કૂચ કરવાની તૈયારી થઈ; છાવણી ઉપાડવાનો હુકમ મળ્યો, સઘળા સિપાઈઓએ પોતપોતાનો સામાન તૈયાર કર્યો. દેવળદેવી પોતાનાં કીમતી વસ્ત્ર તથા શણગાર સજી ઘોડા ઉપર સવાર થઈ. કરણ અને ભીમદેવ પણ તે જ પ્રમાણે લડવાનો સામાન સાથે લઈને લશ્કર જોડે ચાલ્યા; પણ તેઓ થોડેક દૂર ગયા એટલે એક જાસૂસ દોડતો-દોડતો તેઓની પાસે આવ્યો, અને શ્વાસ ખાધા વિના કરણ તથા ભીમદેવને સમાચાર કહ્યા કે ‘‘અલફખાંના લશ્કરમાં બીજાં નવાં પાંચ હજાર માણસો હમણાં જ ઉમેરાયાં છે, તેણે સઘળાં નાકાં ઘેરી લીધાં છે, તથા આપની સાથે લડવાને તે પોતે આવે છે.’’

‘‘અરે પાપી! આવી ખબર ક્યાંથી લાવ્યો?’’ એ અક્ષર જાસૂસની ખબર સાંભળતાં જ કરણના મોંમાંથી નીકળી ગયા. આખું લશ્કર ત્યાં સ્થિર થઈ ઊભું રહ્યું. સઘળાનાં શરીર ઉપરથી લોહી ઊડી ગયું. કરણ અને ભીમદેવ તો મૂઢની પેઠે ઊભા થઈ રહી એકબીજાની તરફ એકીનજરે જોવા લાગ્યા. દેવળદેવી ઘોડા ઉપર બેહોશ થઈને પડી જાત, પણ એક સિપાઈએ તેને પકડી લીધી. તે તો ઘેલી જેવી જ થઈ ગઈ. સઘળાઓને એક વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તેઓ સ્થિર થઈ ગયા. કોઈએ તેમના ઉપર સ્તંભનમંત્ર અજમાવ્યો હોય તે પ્રમાણે તેઓ સઘળા પથ્થરનાં પૂતળાંની પેઠે જડ જેવા ઊભા રહ્યા. લશ્કર સઘળું ચૂપાચૂપ થઈ ગયું. કોઈ બોલે પણ નહીં, અને ચાલે પણ નહીં. આવી અવસ્થામાં આવી પડવાનું કારણ કાંઈ તેઓની નામરદાઈ હતું, એવું કદી કોઈએ એક ક્ષણ વાર પણ મનમાં આણવું નહીં. રજપૂત સિપાઈઓ લડાઈથી કદી બીતા નથી; લડવામાં તેઓ ઘણી ખુશી માને છે; લડવું એ તેમનો ધર્મ સમજે છે; લડાઈમાં મરવાથી દેવલોક પ્રાપ્ત થાય છે; તથા અપ્સરાઓ તેમને વરે છે એવો તેમનો મત છે; લડાઈ એ એક જાતની રમત છે, એમ માનવાની તેઓને નાનપણથી ટેવ હોય

છે; એથી ઊલટું લડાઈથી બીવામાં તેઓ ઘણી નામોશી ગણે છે; લડતાં પાછાં ફરવામાં તેઓ મોટી ગેરઆબરૂ માને છે. આ વખતે તેઓ સ્થિર થઈને ઊભા રહ્યા તેનું કારણ લડવાની બીક સિવાય કાંઈ જુદું જ હતું. તેઓ તો આ બનાવથી મૂઢ જેવા થઈ ગયા હતા. જે ઉમેદ તેઓએ બાંધી હતી તે સઘળી બિલોરી કાચની પેઠે ફૂટી ગઈ; જે વસ્તુ તેઓના હાથમાં આવી ચૂકેલી માનતા હતા તે છટકી ગઈ; તથા જે કામ પાર પાડવાની તૈયારી ઉપર આવેલું હતું તે સઘળું ઊંધું થઈ ગયું. એ બધું એકી વારે વગર ધાર્યે બન્યું તેથી તેઓનાં મનમાં આંચકો લાગ્યો હતો.

કરણે ત્યાં જ પોતાના લશ્કરને અટકાવવાનો હુકમ કર્યો અને હવે શું કરવું તે વિશે વિચાર કરવાને પોતે, ભીમદેવ તથા બીજા વૃદ્ધ તથા અનુભવી સામંતો એક ઠેકાણે મળ્યા. નવા આવેલા સિપાઈઓ તથા તેઓના આવવાને લીધે નવી હિમ્મત પકડેલા મુસલમાનોની સાથે, લડાઈથી થાકેલા તથા નાહિમ્મત થઈ ગયેલા, હોંશ વિનાના રજપૂતો વડે લડવું એ કામ તેઓને જોખમભરેલું લાગ્યું. વળી જો હાર થાય તો ઘણાં માણસ કપાઈ જાય, તેની સાથે દેવળદેવી કદાચ દુશ્મનોના હાથમાં પડે એ વિશે ભીમદેવને ઘણી દહેશત હતી, માટે હમણાં લડાઈ કરવાની વિરુદ્ધ તેણે પોતાનો અભિપ્રાય આપ્યો. બીજા સામંતોએ પણ એવી જ સલાહ આપી કે "લડવામાં કંઈ ફાયદો નથી." હવે શું કરવું? બાગલાણના કિલ્લામાં જઈને ભરાઈ બેસવા સિવાય બીજો કાંઈ ઉપાય ન હતો. તેમ કરવામાં ફાયદો એટલો જ કે, જો લડવાનું યોગ્ય લાગે તો કિલ્લામાંથી બહાર નીકળી પડી શકાય અને જો હાર થાય તો પાછા કિલ્લામાં જઈ શકાય, અને ફરીથી યુદ્ધ કરવાનું બની આવે. એ પ્રમાણે કરવામાં અગર જો થોડી નામર્દાઈ હતી, અગર જો પાછળ ભરાઈને માર મારવો એ તેઓની નજરમાં કાયર પુરુષનું કામ હતું, તોપણ આવે વખતે તેઓની અવસ્થામાં એ જ સારામાં સારો રસ્તો તેઓને જણાયો. મરીને શું કરવું? 'જે આજે લડીને નાસી જાય તે કાલે લડવાને જીવતા રહે' એ કહેવત પ્રમાણે ચાલવાનો તેઓએ નિશ્ચય કર્યો. પણ કિલ્લામાં ભરાઈ રહેવામાં એક મોટો ગેરફાયદો હતો. બાગલાણ ગામ કાંઈ મોટું ન હતું; ત્યાંના વેપારીઓ મોટા તથા દ્રવ્યવાન ન હતા; તેની આસપાસ કાંઈ ઘણાં ગામો ન હતાં; પાસેનાં ખેતરોમાં અનાજ પુષ્કળ પાકતું ન હતું; લોકો જે અનાજ વાપરતા હતા તે આઘેથી આવતું હતું; શહેરમાં ખાનગી લોકો પાસે કાંઈ અન્નનો ઘણો સંગ્રહ ન હતો; તથા દુકાનોમાં માલ જોઈએ તેટલો ન હતો. જો શહેરના લોકોમાં ઉમેરો ન થાય તો આશરે બે-ત્રણ મહિના સુધી ચાલે એટલું અનાજ હતું, પણ જ્યારે લશ્કરનો પડાવ શહેરમાં થાય ત્યારે એક મહિનો પણ પહોંચે એટલો માલ નીકળવો મુશ્કેલ પડે. માટે જે કરવું તે એક મહિનાની મુદતમાં કરી લેવું અને મુસલમાનોને મારી હઠાવવા અથવા તેઓને કાયર કરી થકવીને પાછા કાઢવા; પણ જો એ બેમાંથી એક પણ કામ તેટલી ટૂંકી મુદતમાં બની ન શકે તો પછી શી અવસ્થા? જો મુસલમાનો જય મેળવીને કિલ્લો સર કરે, અથવા કિલ્લા આગળ ધીરજથી પડી રહે અને શહેરમાં અનાજ આવતું બંધ કરે, અને તેથી ભૂખમરાને લીધે આપણને શરણ થવાની જરૂર પડે, ત્યારે કેમ કરવું? નાસવાનો રસ્તો કદાચ રહે નહીં; પણ સઘળી હકીકત ઉપર વિચાર કરતાં તેઓ સઘળાએ જલદીથી પાછા ફરી કિલ્લામાં જાવાનો એકમતે ઠરાવ કર્યો.

ઉપર પ્રમાણે હુકમ થતાં જ સઘળું લશ્કર ભારે દિલગીરીની સાથે પાછું ફર્યું અને યમના રાજ્ય તરફ જતા હોય તેવી મનોવૃત્તિ રાખીને તથા જીવવાની સઘળી આશા છોડી દઈને અને બૈરીછોકરાં તથા બીજાં સંબંધીઓને વિસારી દઈને તેઓ આગળ ચાલ્યા. સઘળા વિચારમાં તથા ફિકરમાં ગરક થઈ ચૂપાચૂપ ચાલતા હતા. પાછળ અલફખાંનું લશ્કર ઘણા ઉમંગમાં તથા જય મેળવવાનો પક્કો ભરોસો રાખી કૂચ કરતું હતું. તેઓને પણ અનાજની તાણ હતી, પણ તેઓએ અનાજ પૂરું પાડવાને વેપારીઓ જોડે બંદોબસ્ત કર્યો હતો, સઘળાં નાકાં તેઓના હાથમાં આવ્યાં એટલે તેઓની છાવણીમાં વણજારને આવવાની કાંઈ હરકત રહી ન હતી. તેની

સાથે વળી તેના રસ્તામાં તથા તેની આસપાસ જે-જે ગામો આવતાં ત્યાં જઈ સઘળું અનાજ લૂંટી લાવતા તે તેઓને મુસાફરીમાં કામ લાગતું હતું. વળી તેણે સઘળાં ગામોના લોકોને સમજાવીને શહેર તરફ હાંકી મૂક્યા, અને તે લોકોને પણ અનાજ ગયા પછી જીવવાનો કશો આધાર રહ્યો નહીં, તેથી તેઓ પણ પોતાનાં બૈરાંછોકરાં તથા સાથે લઈ જવાય એવી માલમતા જોડે રાખી બાગલાણ તરફ જવાને નીકળ્યા, અને કરણ કિલ્લામાં પહોંચ્યો નહીં એટલામાં તો તેઓ શહેરમાં દાખલ થઈ ગયા. એ પ્રમાણે તે શહેર લશ્કર સિવાયના માણસોથી ખીચોખીચ ભરાઈ ગયું. પછી એકબે દહાડામાં કરણના લશ્કરે શહેરમાં પડાવ નાખ્યો, અને કિલ્લાનો તથા શહેરનો બચાવ કરવાને સઘળી તૈયારી કરવા માંડી. લુહારની દુકાનો જાગ્રત થઈ ગઈ; ભાલાઓ, તીરનાં ભાલુડાં, બખતર વગેરે હુમલો તથા બચાવ કરવાનાં શસ્ત્રો તૈયાર થવા માંડ્યાં; તથા શહેરમાંના જુવાન પુરુષોએ પણ જરૂર પડે તો લડવાને વાસ્તે સામગ્રી કરવા માંડી.

એ પ્રમાણે ચારપાંચ દહાડા વીત્યા એટલે અલફખાંનું લશ્કર પણ શહેરના કોટ આગળ થોડે દૂર છાવણી નાખીને પડ્યું, અને દુશ્મનોના મારથી પોતાનો બચાવ કરવાને પાકાં કામ બાંધવાનો તેમણે આરંભ કર્યો. તેઓ ધીરજ રાખી લાંબી મુદત સુધી છાવણી નાખીને ત્યાં જ રહેવાના હોય એવી રીતે તેઓએ પાકાં કામ બાંધવા માંડ્યાં; તથા બીજી રીતનો બંદોબસ્ત કરી દીધો, તે ઉપરથી એવું જણાયું કે તેઓને કંઈ ઉતાવળ ન હતી; જે કામને સારુ તેઓ ત્યાં આવ્યા હતા તે કામ પાર પાડ્યા વિના ત્યાંથી એક તસુ પણ પાછા ન ખસવાનો તેઓનો દૃઢ નિશ્ચય માલૂમ પડતો હતો. તેઓ હુમલો કરવાને આગળ ધસતા ન હતા; માત્ર શત્રુઓથી પોતાનો બચાવ કરતા હતા. અલફખાંનો ઇરાદો લડાઈ કરી માણસો તરફનું નુકસાન વેઠવાનો ન હતો. તે સારી પેઠે જાણતો હતો કે શહેરમાંથી થોડા દહાડામાં અનાજ ખૂટી જશે, એટલે માંહેમાંહે લૂંટ ચાલશે, અને છેલ્લી વારે વગર શરતે તાબે થવાની તેઓને જરૂર પડશે, માટે તેની મુખ્ય મતલબ શહેરમાંનું અનાજ ખુટાડવાની હતી, અને તેથી તેણે સઘળાં નાકાં બંધ કર્યાં, અને શહેરમાં એક દાણો પણ અનાજ જઈ ન શકે, એવો બંદોબસ્ત કર્યો. એ કર્યા પછી ધારેલું કામ વગર મહેનતે અને વગર લડાઈએ અને કોઈ રીતે નુકસાન ખમ્યા સિવાય કરી લેવાના અવસરને વાસ્તે શાંત મન રાખી રાહ જોતો બેઠો.

શહેરમાં ગયા પછી કરણને માલૂમ પડ્યું કે અનાજને વાસ્તે જે ધાસ્તી રાખવામાં આવી હતી તે ખરી હતી. અત્યારથી જ અનાજ મોંઘું થઈ ગયું, અને થોડા દહાડામાં દુકાનોનો માલ ખપી જશે એમ દેખાયું. આખા શહેરમાં એ બાબત શોરબકોર થઈ રહ્યો. કરણે પણ જોયું કે જેમ બને તેમ જલદીથી મુસલમાનો પર હુમલો કરવો જોઈએ, અને જો લાગ ફાવે તો તેઓમાંથી નીકળી જવું જોઈએ. એક ઘોર અંધારી રાત્રે કલાક બેને સુમારે કરણ પોતાના લશ્કર સુધ્ધાં કિલ્લાની બહાર નીકળ્યો. તે વખતે કંસારીના અવાજ સિવાય સઘળું ચૂપાચૂપ હતું. વખતે વખતે ઝાડીમાંથી કોઈ રાની પશુનો અવાજ સંભળાતો હતો, અથવા આસપાસનાં નદીનાળાં આગળ શિયાળવાં ભૂંકતાં હતાં, તે શબ્દ કાને પડતો હતો. આકાશમાં ચંદ્રમા નહીં હતો, અને તારાઓથી જે થોડું અજવાળું પડતું હતું તેમાં ઝાડો તથા ટેકરીઓના ઓળા પડવાથી તેટલો થોડો પ્રકાશ પણ ઝાંખો થઈ ગયો હતો. ડગલે-ડગલે સિપાઈઓ ઠોકર ખાતા હતા, પણ રસ્તાના જાણનાર ભોમિયા સાથે હતા તેથી આવી અંધારી રાત્રે તેઓ ચાલી શક્યા. થોડેક આગળ ચાલ્યા એટલે તેઓએ દુશ્મનની છાવણી દીઠી. તેને ઓળખવાની નિશાની એટલી જ હતી કે તેની આસપાસ ચોકીદાર લોકોએ મોટાં-મોટાં તાપણાં સળગાવ્યાં હતાં. તેના અજવાળાને સુમારે તેઓ આગળ ચાલ્યા, અને શત્રુની છાવણી આગળ લગભગ આવી પહોંચ્યા. તે વખતે સઘળા મુસલમાનો ભરનિદ્રામાં પડેલા હતા. જે કોઈ જાગતું હતું તે પણ

સૂઈ રહેલું હતું. કરણે પોતાના લશ્કરની ગોઠવણ કરી, તથા અંધારામાં કેમ લડવું એ બાબતે સઘળા હુકમ જુદા-જુદા સરદારોને આપી દીધા. પછી પહેલો જે પહેરેગીર તેઓને મળ્યો તેને તુરત ઠાર માર્યો; પણ તેમ કરવામાં એવું બન્યું કે તેણે મસ્તી વખતે મોટી ચીસ પાડી, તેથી પાસેના પહેરેગીર જાગી ઊઠયા, અને બળતાંના અજવાળા ઉપરથી સાફ માલૂમ પડ્યું કે રજપૂતોનું તમામ લશ્કર તેઓના ઉપર આવી પડ્યું છે. આ વાત માલૂમ પડતાં જ છાવણીમાં તેઓએ દોડાદોડ કરી મૂકી, અને સઘળે ઠેકાણે શત્રુના આવવાની ખબર પહોંચાડી દીધી. મુસલમાનોમાં ગડબડાટ થઈ ગયો; સિપાઈઓ ઝપાઝપ ઊઠીને હથિયારબંધ થઈ ગયા; અલફખાં તરત બહાર આવ્યો, અને પોતાના માણસોની વ્યવસ્થા કરવાને તેણે ઘણી મહેનત લીધી. એટલા વખતમાં રજપૂતોએ જે-જે મુસલમાન તેઓના હાથમાં આવ્યા તેઓને કાંઈ પણ દયા લાવ્યા વગર કાપી નાખ્યા. એ પ્રમાણે આખું લશ્કર ચીરીને કરણના માણસો બહાર જઈ શકત, પણ અલફખાંએ ઘણા થોડા વખતમાં લશ્કરની ગોઠવણ કરી દીધી, અને દુશ્મનને અટકાવવાને ધીરજથી ઊભો રહ્યો. જો આ વખતે રાત અજવાળી હોત તો કરણ તથા દેવળદેવી સહેજે શત્રુના સપાટામાંથી બચી જઈ શકત; પણ આ વખતે અંધારાને લીધે તેઓથી ઝડપ થઈ શકી નહીં, અને તેથી દુશ્મનોને સામા થવાનો વખત મળ્યો. મુસલમાનોના સેંકડો માણસ આ રાત્રે કપાઈ ગયા તેથી અલફખાંના તમામ માણસોને ઘણું શૂર ચઢયું, તેઓમાં ક્રોધનો આવેશ આવ્યો, અને તેથી તેઓએ એવો ઠરાવ કર્યો કે મરતાં સુધી રજપૂતોને કદી રસ્તો આપવો નહીં. જ્યારે કરણનું લશ્કર તેઓની પાસે આવ્યું, ત્યારે તેઓને આદરમાન આપવાને તૈયાર છે, એમ જણાવવાને તેઓએ એકી વખતે અને એકેસ્વરે "અલ્લાહો અકબર"ની જોરથી બૂમ પાડી. તેની સામા રજપૂતોએ "હરહર મહાદેવ"નો પોકાર કર્યો. તે વખત ઘણો જ ભયંકર હતો. બંને લશ્કરના અવાજથી તે સઘળી જગા ગાજી રહી, અને પાસેના ડુંગરોમાંથી તેનો પડઘો પડ્યો. પાછળથી મરતાં અને ઘાયલ થયેલાં માણસો રડતાં હતાં, તથા દરદને લીધે ચીસાચીસ પાડતાં હતાં તે આ મોટા અવાજમાં ધીમુંધીમું સંભળાતું હતું. અંધારામાં તલવારનો ચળકાટ વીજળીની પેઠે દેખાતો હતો. વળી તે વખતે વાતાવરણમાં પણ જાણે એક યુદ્ધ થઈ રહ્યું હતું. ચારે દિશાએથી પવનના સપાટા સામસામા અથડાતા, તેને લીધે ઝાડોના હાલવાથી પણ તેના કડાકા સંભળાતા હતા. વનમાં ઝાડની ડાળીઓ ભાંગી પડતી તેના કડાકા સંભળાતા હતા. સૂકાં પાતરાં ચોતરફ ઊડતાં તેનો પણ ખડખડાટ થઈ રહ્યો હતો; અને ધૂળ, પાતરાં, તથા બીજી હલકી વસ્તુઓ વંટોળિયામાં ઘસડાઈને ઉપર જતી હતી તેથી હવા સઘળી કચરાથી ભરાઈ ગયેલી હતી. આવી વખતે રાની પશુઓનો શબ્દ તો ડૂબી જ ગયો; નગારખાનામાં તતૂડીનો અવાજ ક્યાંથી સંભળાય? એવી રીતે ત્યાંનો દેખાવ થઈ રહ્યો હતો. ત્યાં વિવેકબુદ્ધિવાળા માણસો, જેઓને ખરુંખોટું સમજવાની શક્તિ આપેલી છે, જેઓની વચ્ચે કેટલીક તરેહનો સંબંધ રહેલો છે, તથા જેઓએ એકબીજાને પોતાના ભાઈઓ જેવા ગણવા જોઈએ એવો જગતકર્તાનો નિયમ છે, એવા માણસો એકએકનો જીવ લેવાને તૈયાર થયેલા હતા, તેઓ સઘળામાં એક જાતનો શેતાન ભરાયેલો હતો, તેઓના મનમાં એક મોટું તોફાન થઈ રહ્યું હતું, અને સઘળા સારા ગુણો તથા વૃત્તિઓ દબાઈ જઈને તેઓને ઠેકાણે માણસના ઘણામાં ઘણા દુષ્ટ તથા નાશકારક વિકારો પ્રબળ થઈ ગયા હતા; તેઓમાંથી હમણાં માણસપણું ગયું હતું; તેઓમાં પ્રેરણાનું જોર વધી ગયું હતું; માણસ અને કનિષ્ઠ પ્રાણીઓમાં જે અંતર છે તે જતું રહ્યું હતું; વિવેકબુદ્ધિ સમાઈ ગઈ હતી; અને તેઓ તે પ્રસંગે રાની હિંસક પશુઓના જેવા થઈ ગયા હતા. જગતનું હિત ચાહનારા લોકો લડાઈને ઘણી જ ધિક્કારે છે એમાં કાંઈ આશ્ચર્ય નથી. એકએકનું કલ્યાણ કરવું એ હેતુથી માણસને પરમેશ્વરે નિર્માણ કર્યા છે; તથા તેઓને સમુદાય બાંધી રહેવાની પ્રેરણા આપી છે તે હેતુ લડાઈથી નિરર્થક થઈ જાય

છે. સ્વરક્ષણને માટે જ લડાઈની ખરેખરી અગત્ય છે, તોપણ પોતાના બચાવને માટે લડવું પડે એ કાંઈ થોડું ખેદકારક નથી. સૃષ્ટિમાં ઘણી વાર યુદ્ધ થતાં જોઈએ છીએ તે ઉપરથી સિદ્ધ થાય છે કે માણસનો સ્વભાવ જેવો થવો જોઈએ તેવો થયો નથી. આ લડાઈ પણ ઘણી ગેરવાજબી હતી. એક માણસની છોકરીને બળાત્કારે તેની પાસેથી લઈ લેવી એ ન્યાયથી ઊલટું હતું, પણ જ્યાં "જેની તેગ તેની દેગ" ત્યાં ન્યાયાન્યાય કોણ સમજે? હવે લડાઈ વાજબી અથવા ગેરવાજબી ગમે તેવા કારણથી ઊઠી તે વાતમાં કાંઈ સાર નથી, તેનાં પરિણામો શાં થયાં તે તપાસવા લાયક છે.

દરિયામાં ભારે તોફાનને વખતે મોટાં પહાડ જેવાં મોજાં અથડાય છે, અથવા આકાશમાં જોસવાળા પવનથી ઘસડાતાં બે વાદળાં સામસામાં આવી મળે છે, તેમ કરણનું તથા અલફખાંનું લશ્કર એકેકને ભેટ્યું. પણ એ ભેટવું કાંઈ લાડનું ન હતું, એ તો 'ભીમભાઈના લાડ' જેવું ભેટવું હતું. છેક પાસે આવી ગયેલા તેથી તીરકામઠાં બિલકુલ નકામાં થઈ પડ્યાં હતાં. તેઓ ભાલા, તલવાર અને વખતે ખંજર, કટાર, વગેરે ટૂંકાં હથિયારો વડે લડતા હતા, એકએકના ઉપર દયા લાવી પ્રાણ ઉગારવાના તેઓએ સમ ખાધા હતા. મારવું અને મરવું, એ જ વાત મનમાં રાખીને તેઓ લડતા હતા. "અલ્લાહો અકબર" એક તરફથી ને "હરહર મહાદેવ" બીજી તરફથી વારે-વારે સંભળાતાં હતાં. તલવાર, ભાલા, વગેરેનો ખડખડાટ થઈ રહ્યો હતો. સેંકડો માણસ ઘાસની પેઠે કપાઈ જતાં હતાં. તે કરતાં પણ વધારે માણસ ઘાયલ થઈને પડતાં તેઓ તેમના સોબતીના પગ નીચે છૂંદાઈ જતાં હતાં, અથવા તેઓને તેમના સાથીઓ બાજુ તરફ ફેંકી દેતા હતા ત્યાં તેઓ પડ્યાં પડ્યાં બરાડાબરાડ પાડતાં હતાં. એ પ્રમાણે મારામારી તથા કાપાકાપી ત્રણ કલાક સુધી ચાલી; પણ તેટલા વખતમાં બેમાંથી કોઈ પાછું હઠયું નહીં. સવાર પડવા આવી, રાતનો અમલ ઊતરી ગયો, પૂર્વ દિશાએ અરુણનો પ્રકાશ દેખાવા લાગ્યો, વાદળાંનો રંગ તે તરફ ઘણો જ સુંદર રતાશ પડતો થઈ ગયો, તારાઓ એક પછી એક પોતાનું મોં છુપાવવા લાગ્યા, અને આસપાસની સઘળી વસ્તુઓ ધીમે-ધીમે અંધકારમાંથી નીકળવા લાગી. થોડી વાર પછી જ્યારે સૂર્ય ઘણા દબદબાથી પૂર્ણ બિંબ સાથે બહાર આવ્યો, ત્યારે એક ભયાનક તથા હૃદયભેદક દેખાવ નજરે પડ્યો; રણભૂમિમાંથી લોહીની નીક વહેતી હતી; કેટલેક ઠેકાણે લોહીનાં ખાબોચિયાં ભરાઈ રહ્યાં હતાં; સામસામાં લશ્કર વાઘ અથવા વરુનાં બે ટોળાંની પેઠે ગુસ્સાથી તથા ક્રૂરપણાથી લડતાં હતાં; બંને તરફનાં મરી ગયેલાં માણસો જુદે-જુદે ઠેકાણે તથા જુદી-જુદી રીતે જમીન પર પડેલાં હતાં; કેટલાકનાં મોં વકાસેલાં હતાં; કેટલાકની આંખ ઉઘાડી રહી ગઈ હતી; કેટલાકની શિકલ તેઓના મરતી વખતના કષ્ટને લીધે વિકરાળ થઈ ગયેલી હતી; કેટલાકનાં અવયવો કપાઈ ગયેલાં આઘાં પડેલાં હતાં; અને કેટલાંકનાં માથાં વગરનાં ધડ રઝળતાં હતાં. તે જ પ્રમાણે ઘાયલ થયેલા લોકો ભોંય પર ટળવળતા હતા; તેઓની ચાકરી કરનાર કોઈ નહીં, તથા તેઓને ત્યાં જે જોઈએ તે આપનાર કોઈ મળે નહીં; કોઈ તેના ઘા ઉપર હાથ ફેરવનાર નહીં; કોઈ તેને મીઠાં વચન કહી જીવને આરામ આપનાર અથવા દરદમાં દિલાસો આપનાર નહીં; તેના ઘા ઉપર ઓસડ ચોપડનાર અથવા કોઈ પણ રીતે તેની વેદના કમી કરનાર મળે નહીં, એટલે બિચારા પોકેપોક મૂકી રોતા હતા. આવી દુઃખદાયક અવસ્થામાંથી પરમેશ્વર તેઓને જલદીથી આ પાર કે પેલે પાર આણે માટે તે દીનદયાળ પ્રભુની સ્તુતિ કરતા હતા, તથા કેટલાક આવા દુઃખમાં પોતાની મા તથા બાપને સંભારતા હતા. યુદ્ધ કરવામાં શૌર્ય આણવાને બંને તરફવાળાઓ વાજિંત્રો વગાડતા હતા. જ્યારે સકળ સંસારમાં આનંદકારક પ્રભાત પડી હતી તે વખતે આ ઠેકાણે શોકના શબ્દ આ પ્રમાણે સંભળાતા હતા. જ્યારે આસપાસની નિર્જીવ વસ્તુઓ રળિયામણી દેખાતી હતી તે વખતે આવો ભયંકર તમાશો તે ઠેકાણે બની રહ્યો હતો; અને જ્યારે પશુ, પક્ષી

આદિ બીજાં કનિષ્ઠ પ્રાણીઓ ઉમંગભેર ઊઠી પોતાનો ખોરાક શોધવાને, અથવા બીજા કાંઈ કામસર, અથવા ફક્ત ગંમતને માટે ખુશીમાં કલ્લોલ કરતાં આણીમેર-તેણીમેર ફરતાં તથા ઊડતાં હતાં, તે વખતે માણસ – વિવેકબુદ્ધિવાળાં, ખરુંખોટું તથા પાપપુણ્ય સમજનાર, અમર આત્માવાળાં, સૃષ્ટિમાં સર્વોત્કૃષ્ટ પ્રાણી તથા જગતનું ધણીપણું ચલાવનાર એવાં માણસો એકમેકનો પ્રાણ લેતાં હતાં, તથા પશુતુલ્ય થઈ માણસનું મહત્ત્વ ખોઈ તેના પેદા કરનારનું અપમાન કરતાં હતાં, તથા તેનો એક મોટો અગત્યનો તથા પવિત્ર હુકમ તોડતાં હતાં.

અજવાળું પડતાં જ બંને લશ્કરવાળાને પોતપોતાને થયેલું નુકસાન માલૂમ પડ્યું, અને રજપૂતો મુસલમાનો કરતાં થોડા માર્યા ગયા હતા તોપણ તેઓની અસલ સંખ્યા ઓછી હતી તેથી તેઓને ખોટ વધારે જણાઈ, તથા તેઓ ઘણા ઘટી ગયેલા દેખાવા લાગ્યા. દેવળદેવી પણ લશ્કરની સાથે હતી, અને તેને પાછળ રાખેલી હતી. પણ ભીમદેવને તેને વાસ્તે ઘણી ફિકર લાગ્યા કરતી હતી. એટલામાં અલફખાંએ એક તદબીર કરી રાખી હતી તે અમલમાં આવી. તેણે રાત્રે કેટેલાંક માણસોને આઘાં રાખ્યાં હતાં, તેઓ હમણાં લડવાને આવ્યાં. તેઓને જોઈને રજપૂત સિપાઈઓના પેટમાં ભારે ફાળ પડી. તેઓને લાગ્યું કે જે પ્રમાણે આ માણસો આવ્યાં તે પ્રમાણે થોડી વાર પછી બીજાં તાજાં માણસ આવશે, અને એવી રીતે તેઓ કદી થાકવાના નથી. એથી ઊલટું તેઓમાં કાંઈ વધારો થશે એવો સંભવ ન હતો; પણ ઊલટો તેઓમાંથી ઘટાડો થયા કરતો હતો; એવું છતાં જ્યારે અલફખાંના લશ્કરને મદદ મળી ત્યારે તેઓ ઘણા ગભરાયા, તેઓએ જીવવાની સઘળી આશા છોડી દીધી, અને તેમને હાર્યા જેવું જણાયું. ભીમદેવને આ વખતે દેવળદેવીને વાસ્તે ચિંતા વધી, અને તેના રક્ષણને માટે તે એટલો અધીરો થઈ ગયો કે તેણે પોતાનો ક્ષત્રિયધર્મ ભૂલી જઈને પાછા કિલ્લા તરફ ફરવાને પોતાના માણસોને ફરમાવ્યું. તેઓને પણ એટલું જ જોઈતું હતું માટે જ્યારે આવી રીતે તેઓને પોતાના સરદાર તરફથી પાછા ફરવાની આજ્ઞા થઈ એટલે તરત તેઓ બંદોબસ્તની સાથે પાછા હઠ્યા, અને શહેર તરફનો રસ્તો પકડ્યો. તેઓને જોઈને તમામ રજપૂત લશ્કરે પોતાની પીઠ ફેરવી અને ભીમદેવનાં માણસોની સાથે તેઓ પણ ચાલ્યા. જ્યારે એવો જ જુવાળ બેઠો ત્યારે તેને કોણ અટકાવી શકે? ઘેટાંનાં ટોળામાંથી એક ઘેટું જે રસ્તે જાય તે રસ્તે બીજાંઓ પણ ચાલ્યા વિના રહે જ નહીં એવો નિયમ છે, તે જ પ્રમાણે લશ્કરમાં થોડા નામરદ તથા બીકણ લોકો નાસવા માંડે એટલે બીજાઓને ચેપ ઊડે છે, અને તેઓને પણ તેઓના સોબતીની પેઠે કરવાનું વલણ થઈ આવે છે. કરણનું લશ્કર જલદીથી બાગલાણ તરફ વળ્યું, અને તેઓની પાછળ મુસલમાનોએ દોટ મૂકી, રજપૂતો નાસતા ગયા, તથા પાછા ફરી-ફરીને દુશ્મનોની સામા લડતા ગયા. એમ કરવામાં તેઓનાં ઘણાં માણસો કપાઈ ગયાં, અને કિલ્લામાં પેસતાં પહેલાં એક સાંકડી નાળ હતી તેમાં તેઓ આવ્યા ત્યાંથી મુસલમાનો અટક્યા; તેઓ રજપૂતોની પાછળ વધારે આવ્યા નહીં. તેઓ પોતાની છાવણીમાં પાછા ગયા, અને રજપૂતો થાકેલા, અથડાયેલા, તથા હાર અને માર ખાધેલા બાગલાણ શહેરમાં પેઠા. મુસલમાનોએ તેઓને વધારે ઉપદ્રવ કર્યો નહીં, પણ તેઓએ શહેર તમામ ઘેરી લીધું હતું તેથી કોઈ પણ માણસ તેમાંથી બહાર જઈ શકતું નહીં, તથા કોઈ તેમાં આવી શકતું નહીં. શહેરમાં અનાજ ન જવા દેવાને ઘણો જ પાકો બંદોબસ્ત રાખ્યો હતો. રજપૂતો શહેરમાં જઈને ઘણા જ ઉદાસ તથા શોકાતુર થઈને પડી રહ્યા. હવે તેઓને વધારે વાર લડવાની હિમ્મત રહી નહીં. તેઓનો ઉમંગ જતો રહ્યો, તથા તેઓ નિરાશ થઈ ગયા. આ વખતે જો શહેર ઉપર મુસલમાનો હુમલો કરે તો શું કરવું? લશ્કર તો વધારવું જોઈએ અને જો બની શકે તો દુશ્મનોના ઉપર આવો બીજો હુમલો પણ કરવો. શહેરમાં પડી રહેવાથી અનાજ ખપાવી દેવું, દુકાળને વહેલો આણવો તથા શત્રુને શરણે જવાનો પ્રસંગ ઉતાવળથી લાવવો, એવી તરેહના બીજા ઘણા ગેરફાયદા હતા. જો લડવાને બહાર

જવાય, અને રાતની વખતે છાપો મરાય, તો કદાચ નાસી જવાનો પ્રસંગ મળે, અને એ પ્રમાણે સઘળાં માઠાં પરિણામોનું એકદમ નિવારણ થાય. વળી એ પ્રમાણે કરવાથી દુશ્મનોનાં ઘણાંએ માણસો માર્યાં જાય, તથા તેઓ થાકી જઈ લડાઈથી કંટાળીને તથા લડવાના સામર્થ્યવાળા હતા તેઓને લશ્કરમાં સામેલ કરવાને કરણે ઘણી મહેનત કરી. પણ તેઓમાંના ઘણા જ થોડા લડવાને તૈયાર થયા. તેઓને લડાઈમાં જવાની ટેવ ન હતી; તેઓનું શૂરાતન પ્રકટ થયેલું ન હતું; માટે ઘણાએ જૂઠાં બહાનાં કાઢ્યાં. કેટલાક સંતાઈ બેઠા, અને કેટલાકે તો શરમ મૂકી સાફ ના જ કહી, તેઓ સઘળા કરણના ઉપર ગુસ્સે થયેલા હતા; તેઓના શહેર ઉપર આ આફત આવી પડી તેનું કારણ કરણ છે, એમ જાણીને તેઓ રાતદહાડો તેને અંતઃકરણથી ગાળ દેતા હતા. શહેરમાં અનાજની ઘણી જ મોંઘવારી થઈ ગઈ હતી, તથા બિચારા સેંકડો ગરીબ લોકો મરી જતા હતા, તેઓ કરણ તણા દેવળદેવી ઉપર નિસાસો મૂકતા હતા. શહેરમાંના જે જુવાન લોકો લડવાને તૈયાર થયા હતા તેઓનાં માબાપ તથા બૈરાંછોકરાં પણ કરણને શાપ દેતાં હતાં. જે નવાં માણસો કરણના લશ્કરમાં ઉમેરાયાં હતાં તેથી કાંઈ તેમાં ઝાઝો વધારો થયો નહીં, માટે ભીમદેવે શહેરનાં મુખ્ય-મુખ્ય માણસોને પોતાની પાસે બોલાવ્યાં, ને તેઓને સમજાવ્યું કે “હાલ જે લડાઈ ચાલે છે તે કરણ રાજા ઉપરથી નથી, પણ તે તો દેવગઢના રાજા રામદેવજી, જે તમારા સઘળાના રાજા છે, તેના ઉપર ચાલે છે; કેમ કે તમે સઘળા જાણો છો કે લડાઈનું કારણ દેવળદેવી છે; તેને મ્લેચ્છ લોકોને પોતાને વાસ્તે લઈ જવી છે; પણ તે તો આપણા શંકળદેવની સાથે પરણી ચૂકી છે, માટે તે તમારી રાણી છે. તમારે તમારી રાણીના બચાવને વાસ્તે લડવાનું છે. તમારે તમારા રાજાની પ્રતિષ્ઠા રાખવાની છે, અને આજે જો તેઓ તમારા રાજાના ઘરની રાણી લઈ જશે તો કાલે તમારાં ઘરનાં બૈરાંને ઘસડી લઈ જવામાં તેમને શી હરકત પડશે? માટે તમે તમારા લોકોનું, તમારા દેશનું તથા તમારા રાજાનું જરા અભિમાન રાખો, અને જે હવે પછી તમારી રાણી થવાની છે તેને શત્રુઓના હાથમાં પડતી બચાવો. શું દુનિયામાં એમ કહેવાશે કે દેવગઢના રાજ્યના લોકો એવા હીચકારા હતા કે તેઓએ પોતાના પોતાની રાણીને દેશમાંથી પારકા દેશમાં લઈ જવા દીધી? એમ થાય તો તે મોટામાં મોટી ગેરઆબરૂ સમજવી. પણ મને આશા છે કે તમે સઘળા એવા અધમ નથી કે એમ થવા દઈ તમારું નામ જગતમાં ડુબાવશો, માટે જાગ્રત થઈ જાઓ. આબરૂને વાસ્તે વિચાર રાખો. મરવાની દહેશત છોડી દઈ બૈરાં જેવી ચાલ ચાલતાં શરમાઓ, અને દુનિયાની સઘળી વાત આબરૂ આગળ હલકી ગણીને ઢાલ-તલવાર બાંધીને તૈયાર થઈ જાઓ. કોઈ શા માટે જવાબ દેતું નથી? તમારામાંથી કોઈને જુસ્સો કેમ આવતો નથી? શું એવો વખત આવ્યો છે કે માણસો જિંદગી ઉપર એટલી બધી પ્રીતિ રાખે કે પોતાના રાજાની તરફથી પણ લડવાની ના કહે? શરમ છે તમને સઘળાને! ધિક્કાર છે તમને! ધૂળ પડી તમારી જિંદગી ઉપર!” એટલું કહી તે ચૂપ રહ્યો. તેને એટલો બધો ક્રોધ ચઢી ગયો કે તેનાથી વધારે બોલાયું નહીં.

પણ ભીમદેવનું આ સઘળું બોલવું પવનમાં ઊડી ગયું. એ તો પથ્થર ઉપર પાણી, તેઓ સઘળા જડ થઈને બેસી રહ્યા. કોઈના ઉપર કંઈ અસર થઈ નહીં. તેઓના મનમાં નક્કી હતું કે આ કામમાં જય મળવાનો નથી, માટે જિંદગી શા માટે નકામી ફેંકી દેવી જોઈએ? પણ જે જિંદગીના ઉપર તેઓને આટલી બધી પ્રીતિ હતી, જે જિંદગીને વાસ્તે તેઓ પોતાની પ્રતિષ્ઠા ખોવા બેઠા હતા, અને જે જિંદગીને વાસ્તે તેઓ પોતાના રાજા આગળ હલકા પડ્યા, તે જિંદગી ઘણી વાર ટકે એવો સંભવ ન હતો. મુસલમાનો સિવાય એક બીજો શત્રુ શહેર ઉપર ચઢી આવ્યો હતો. તે શત્રુ અદૃશ્ય હતો, તેના સપાટામાંથી બચવું મુશ્કેલ હતું, અને તેના હાથથી મરવામાં કાંઈ પણ આબરૂ ન હતી. એ શત્રુ દુકાળ હતો. જો તેઓએ ભીમદેવના કહ્યા પ્રમાણે કર્યું હોત, જો તેઓ સઘળાએ મળીને મુસલમાનો ઉપર હુમલો કર્યો હોત, તો કદાચ આ નવા

શત્રુના હાથમાંથી તેઓ જીવતા રહેત; તેઓની પ્રતિષ્ઠા કાયમ રહેત; તેઓના રાજાનું કામ થાત; લડાઈનો અંત આવત; અને બીજાં નઠારાં પરિણામોનો અટકાવ થાત. પણ કહેવત છે કે 'વિનાશકાળે વિપરીત બુદ્ધિ.' તેઓની મતિ બદલાઈ ગઈ, અને તેથી તેઓમાંનાં ઘણાંખરાં ઢોર ને પશુની પેઠે મરણ પામ્યાં; તેઓનાં બૈરાંછોકરાંની પણ તેવી જ અવસ્થા થઈ, અને તેઓની માલમિલકત સઘળી ફનાફાતિયા થઈ ગઈ.

શહેરમાં અનાજની ખોટ હતી, એ ઉપર કહેલું જ છે. જ્યારથી શહેરમાં લશ્કરનો તથા આસપાસના ગામના લોકોનો જમાવ થયો ત્યારથી જ અનાજ ઘણું મોઘું વેચાવા લાગ્યું, અને પહેલવહેલાં તો ગરીબ લોકોનો મરો થયો. લડાઈ જલદીથી પૂરી થશે, અને અનાજ બહારથી આવી પહોંચશે એ આશાથી લોકો ધીરજ રાખી દુઃખ વેઠી બેસી રહ્યા. પણ લડાઈનો પાર આવ્યો જ નહીં, અને દુકાનોનો સઘળો માલ ખપી ગયો. સિપાઈઓ તથા બીજા લોકો બૂમાબૂમ પાડવા લાગ્યા; રસ્તામાં રોજ ઘણા લોકોનાં મુડદાં દેખાતાં હતાં; લોકો છેક નિરાશ થઈ ગયા; અને ભૂખના માર્યા ઘેલા જેવા થઈને લૂંટવા નીકળ્યા. એક સવારે શહેરનો તમામ કચરો એટલે હલકા લોકો હથિયાર લઈ નીકળ્યા, અને બધે ઠેકાણે પથરાઈ જઈ લોકોનાં ઘર ફાડી માંહે પેઠા. તેઓની જોડે લશ્કરના સિપાઈઓ પણ સામેલ થયા, અને દરેક ઘરમાં અનાજનો જે સંગ્રહ હતો તે લઈ ગયા, રસ્તામાં કાપાકાપી ચાલી, લોહી વહ્યું. મુડદાંઓ રસ્તામાં પડ્યાં, અને શોરબકોર સઘળે થઈ રહ્યો. દ્રવ્યવાન લોકોએ બન્યો તેટલો અટકાવ કર્યો પણ તેમ કરવામાં ઘણાના જીવ ગયા, તોપણ તેઓનું ફાવ્યું નહીં. તેઓના ઘરનું સઘળું અનાજ લૂંટાઈ ગયું અને હવે તેઓને ભૂખે મરવાનો દહાડો આવ્યો. પણ થોડા દહાડા વહી ગયા એટલે પેલું લૂંટેલું અનાજ થઈ રહ્યું, એટલે પાછા સઘળા સરખા થઈ ગયા. હવે દુકાળ રાક્ષસે પોતાનું ખરેખરું રૂપ પ્રકાશ્યું, અને હવે ભૂખનું દરદ સઘળાંને સરખું લાગવા માંડ્યું. આવે વખતે તો બિચારા લોકોની દુર્દશાનું યથાસ્થિત વર્ણન કરવું ઘણું મુશ્કેલ છે. જો બરાબર થઈ શકે તો તેથી દયાવૃત્તિને ઘણો આંચકો લાગે, ને શરીરમાંનું સઘળું લોહી ઠરી જાય. રસ્તામાં લોકોના ચહેરા જોવાથી ચીતરી ચઢ્યા વગર રહે જ નહીં. તે બિચારાં ભૂખે મરી ગયેલાં માણસોનાં શરીર લોહી ઊડી જવાથી ધોળાં ફક જેવાં થઈ ગયાં હતાં; તેઓમાંથી માંસ તથા ચરબી પીગળી જવાથી હાડકાં સઘળાં બહાર નીકળી આવ્યાં હતાં; તેઓના ચહેરા ફિક્કા સુકાઈ ગયેલા, તથા ખરબચડા થઈ ગયેલા હતા; અને તેઓ એવા તો બિહામણા થઈ ગયા હતા કે તેઓમાં અને મલિન ભૂતમાં કાંઈ અંતર રહેલું ન હતું. વળી ભયંકર ચહેરા ઉપર તેઓના મનના સઘળા દુષ્ટ વિચારો બહાર નીકળી આવેલા હતા. દ્વેષ, અદેખાઈ, ક્રોધ, મરવા તથા મારવા વિશે બેપરવાઈ, તથા ભૂખમરાથી જ યમના દરવાજા આગળ આવી પહોંચેલા લોકોમાં જે-જે નઠારા ગુણો પ્રકટ થઈ આવે તે સઘળા તેઓનાં મોં ઉપર સાફ માલૂમ પડતા હતા. સારાંશ કે તેઓના ઉપર ખુદ મોત આવીને બેઠું હતું, અને જો તે માણસનું રૂપ ધારણ કરે તો તેનું સ્વરૂપ આ લોકના જેવું બરાબર થાય. એ તો આપણે તેના બહારના દેખાવનું વર્ણન કર્યું; પણ તેઓના મનમાં જે અવ્યવસ્થા થઈ રહી હતી, ભૂખને લીધે તેઓને જે મહા વેદના થતી હતી, તેનું વર્ણન તો વૈદકશાસ્ત્રમાં જેઓ પ્રવીણ હોય તેઓ જ કરી શકે તથા જેઓને તે વાતનો અનુભવ થાય તેને જ તેની ખબર પડે. રસ્તે ચાલતાં-ચાલતાં કેટલાંક તમર ખાઈને પડી જતાં, અને તત્કાળ મરણ પામતાં; અથવા તેઓ એકબે દિવસ સુધી તેવી હાલતમાં રિબાયા કરતાં. જ્યાં સઘળા ઉપર સરખી જ આપદા આવી પડેલી, ત્યાં એકેક ઉપર દયા પણ કોણ લાવે? તથા તેનું દુઃખ મટાડવાને કોણ ઉપાય કરે? માટે તેઓ રસ્તામાં બીજાં મૂએલાં માણસોની સાથે જીવતાં પડી રહેતાં હતાં, કેટલાકથી તો બહાર નીકળાતું જ ન હતું. તેઓ ભૂખથી એવાં અશક્ત થઈ ગયાં હતાં કે તેમનાથી ઉઠાતું પણ ન હતું. તેઓ ઘરમાં સૂતાંસૂતાં બરાડાબરાડ પાડતાં હતાં. નાનાં-

નાનાં છોકરાં રસ્તામાં ટળવળતાં હતાં અને પછાડા મારીમારીને મરી જતાં અથવા મરણતોલ થઈને ભોંય ઉપર પડતાં હતાં. છોકરાંની મા ઘેલી જેવી આણીગમ-તેણીગમ દોડતી, અને કટકો રોટલો જે તેણે છુપાવી રાખ્યો હોય તે પોતાનાં હાડપિંજર જેવાં સુકાઇ ગયેલાં છોકરાંને ખવડાવતી, અને તેટલો સૂકો રોટલો પણ કોઇ હરામખોર આવે તો તેના હાથમાંથી લઈ જાય માટે તે ચોતરફ જોયા કરતી. કેટલીક બૈરીઓની નજર આગળ તેઓનાં નાનાં-નાનાં કુમળાં બાળક તરફડીને મરી જતાં તેને જોઈને બેબાકળા ડોળા કરી મોં ઉઘાડું રાખી ઊભી રહેતી. પોતાને ખાવાનું મળે નહીં, એટલે દૂધ તો ક્યાંથી જ આવે? આથી ધાવણાં છોકરાં પીલાઈ-પીલાઈને મરી જતાં હતા. તેઓના દરદથી તથા ભૂખથી તેઓની માની પણ એવી જ અવસ્થા થતી હતી. ઘરડાં અશક્ત ડોસાઓ તથા ડોસીઓ પડી-પડીને મરતાં હતાં. અને ભરજુવાનીમાં આવેલાં સ્ત્રીપુરુષો પણ કાળચક્રના સપાટામાં આવી ગયાં હતાં. દુકાળની આગળ બધી જ જાતનાં, ઉંમરનાં, તથા પદવીનાં માણસો સરખાં જ હતાં. મોત ચોતરફ ફરતું હતું. તેના હાથમાં ઘણું કામ આવી પડ્યું હતું. ગરીબ લોકોનાં મડદાં રસ્તામાં, ગલીમાં, અને ઘરોમાં કોહી જતાં હતાં. તેઓને બાળવા જવાની કોઈનામાં શક્તિ રહી ન હતી, તથા જ્યાં સઘળાંને મરવાની ધાસ્તી સરખી જ ત્યાં એકએકને શરમ તથા સંબંધ તો ક્યાંથી જ રહે?

હવે અનાજ તો થઈ રહ્યું, અને જીવતાં રહેલાં માણસોને કોઈ જાતનો ખોરાક તો જોઈએ, માટે કેટલાંક ઝાડનાં ફળ ખાઈને જીવતાં, કેટલાંકને ત્યાં ગાય-ભેંસ હતી તેઓ દૂધ પીને પોતાનાં શરીરને આધાર આપતાં, કેટલાંક ઢોરની પેઠે ઘાસ ખાતાં, કેટલાંક પાતરાં ખાતાં, વળી બીજાંઓ એમાંથી કાંઈ ન મળે ત્યારે ચામડાં કરડતાં, અને વખતે ધૂળ ને મટોડું ખાતાં, જે કાંઈ નરમ વસ્તુ ચાવી શકાય તેવી હોય તે સઘળી ભક્ષ કરવામાં આવતી. એ બધાની સાથે પેટનું ભરતિયું થવાને માટે પુષ્કળ પાણી પીતાં હતાં. આવો નઠારી જાતનો, જેથી પોષણ થઈ ન શકે એવો, વખતે શરીરને નુકસાન પહોંચાડે એવો ખોરાક ખાવાને લીધે, તથા મરી ગયેલાં માણસોની સડી ગયેલી લાશોમાંથી જે દુર્ગંધ તથા પ્રાણઘાતક હવા નીકળતી હતી તેને લીધે શહેરમાં મરકી ચાલી. લોકોને તાવ, જીવમાં ચૂંથારો, અને અંતે સનેપાત થવા લાગ્યો. એ પ્રમાણે તે લોકોના ઉપર દુકાળ અને મરકી એ બે આફતો આવી પડી, અને તેથી મૃત્યુનું કામ ઘણું જ ધમધોકાર ચાલવા માંડ્યું. જેઓ કદાચ દુકાળના સપાટામાંથી બચે તેઓ મરકીના ઝપાટામાં ઘસડાઈ જાય. જ્યારે શહેરમાં મરકીએ દેખાવ આપ્યો, ત્યારે તો લોકો છેક નિરાશ થઈ ગયા. તેઓએ જીવનની સઘળી આશા છોડી દીધી અને મોતને વાસ્તે ઘણી જ બેપરવાઈ દેખાડવા માંડી. પછી રસ્તામાં જે મડદાં પડે તેને કોઈ ઉઠાવે પણ નહીં; ત્યાં ને ત્યાં તેઓ સડ્યા કરે. ઘરમાં પણ મડદાં પડી રહેતાં. શહેરમાં કાગડા, ગીધ અને સમડી ધોળે દિવસે મડદાંને પીંખી નાખતાં; વખતે કૂતરાં, બિલાડાં તેઓને ઘસડતાં તથા ફાડી ખાતાં; રાત્રે જંગલમાંથી શિયાળવાં તથા બીજાં હિંસક પશુઓ શહેરમાં ઉજાણી કરવા આવતાં. ગાય, ઢોર તથા બીજાં પાળેલાં જાનવરો ધણી વિના, ખાધા વિના મરવા લાગ્યાં, તેઓએ પણ શહેરની દુર્ગંધમાં વધારો કર્યો. માણસો તથા તેની સાથે સંબંધ રાખનારાં પ્રાણીઓનો આ પ્રમાણે નાશ થતો હતો, અને માંસભક્ષક પશુઓનાં મનને મોટો ઉત્સવ થઈ રહ્યો હતો. દુકાળ તથા મરકીને લીધે જેવો લોકોની શરીરની અવસ્થામાં ફેરફાર થયો તેવો જ તેઓની મનની સ્થિતિમાં પણ ફેરફાર થયો હતો. માણસમાં જે દુષ્ટ તથા નઠારા ગુણો હોય છે તેઓ સઘળા આ વખતે પ્રકટ થયા તથા સઘળા સારા તથા ઊંચા ગુણો દબાઈ ગયા. માણસોમાંથી માંહોમાંહેની શરમ ઊઠી ગઈ; સગાપણાનો નાસ થયો; દોસ્તી હોલવાઈ ગઈ; સ્વાર્થ-સ્વાર્થ સઘળે ઠેકાણે સઘળાના મનમાં વ્યાપી રહ્યો. માબાપ અને છોકરાંની વચ્ચેનું તથા ધણીધણિયાણી વચ્ચેનું સઘળું હેત નાસી ગયું. આ વખતે કોઇ કોઈનું નહીં. સૌને સૌનું લાગ્યું હતું. લોકોના મનમાંથી ધર્મનો અંશ જતો

રહ્યો; પરમેશ્વરને તેઓ ભૂલી ગયા; મોતનો ડર તથા મૂએલાં માણસને વાસ્તે માન એ બંને જતાં રહ્યાં. આ સઘળી આફત જોવાથી તથા મોત તેઓની પાછળ પાછળ ડગલાં ભરતું હતું તે વિચારથી ઈશ્વર તરફ મન લઈ જવાને તથા શોકાતુર થઈને શાણપણ તથા ગંભીરતા પકડવાને બદલે તેઓ ઊલટા ખુશી થતા તથા આણીગમ-તેણીગમ અતિ આનંદમાં ફરતા. તેઓનાં મગજ ભૂખથી ફરી ગયેલાં હતાં. આવી અસ્વાભાવિક વર્તણૂક કોઈ બીજા જ કારણને લીધે તેઓએ પકડી હતી. એ ગમે તેમ હોય તોપણ દિવસે અને રાત્રે કેટલાંક ભૂત જેવાં બિહામણાં માણસોનાં ટોળાં રસ્તામાં મોટે અવાજે તથા ખુશીથી ગાતાં, વાજિંત્રો વગાડતાં, તથા ઘણો શોર કરતાં જતાં હતાં. એ પ્રમાણે કરવામાં તેઓની મતલબ કાંઈ પણ જણાતી ન હતી. તેઓ માત્ર વખત કાઢવાને તથા મોતનો વિચાર દૂર કરવાને ફરતાં હતાં. કેટલાંક માણસો સનેપાતના જોરમાં બહાર નીકળીને ફરતાં અથવા દોડતાં હતાં. તેઓ ગાતાં, બૂમ પાડતાં અથવા વગર અર્થનું અને વગર મતલબનું બોલતાં, અને છેલ્લી વારે એવા જોરથી ખડખડાટ હસી પડતાં કે આખો મહોલ્લો ગાજી રહેતો. એ પ્રમાણે શહેરની અવસ્થા થઈ રહી હતી.

હવે કિલ્લામાં જ્યાં કરણ રાજા, ભીમદેવ, દેવળદેવી તથા મુખ્ય સામંતો અને બીજા સરદારો રહેતા હતા તેઓને વાસ્તે તે કિલ્લાના કોઠારમાં કેટલુંક અનાજ ભરી રાખેલું હતું તેમાંથી થોડું-થોડું તેઓ વાપરતા, અને એ પ્રમાણે કસર કરી તેઓએ અનાજ અત્યાર સુધી પહોંચાડ્યું હતું; અને હજી થોડા દહાડા વધારે ચાલે એટલું બાકી રહેલું હતું. લોકોને એ જોઈને ઘણી અદેખાઈ આવતી હતી, અને તેઓને વાસ્તે પોતે મરણ પામે, અને જેઓ લડાઈનાં મુખ્ય કારણ તેઓ જીવતાં રહે એ જોઈને તેઓને ક્રોધ આવતો હતો. પણ તેઓને ગુજરાતની દુર્દશામાં આવી પડેલા દુર્ભાગી કરણ રાજા ઉપર દયા આવતી હતી, તથા પોતાના રાજાના કુંવર ભીમદેવની તેઓ આબરૂ રાખતા હતા, તેથી તેઓએ કિલ્લા માંહેના લોકોને કશી રીતનો ઉપદ્રવ કર્યો નહીં. એ છતાં પણ કેટલાક ફિતૂરી, હલકા, તથા લુચ્ચા લોકોએ કિલ્લા ઉપર હુમલો કરી તેમાંનું અનાજ લૂંટી લેવાને એક કરતાં વધારે વાર નિશ્ચય કર્યો; પણ તેઓમાંના વિચારવંત, દયાળુ, તથા રાજનૈષ્ઠિક લોકોએ તેમને સમજાવ્યા કે એટલું અનાજ લૂંટી લાવ્યાથી શહેરમાંનાં આટલાં બધાં માણોસને કાંઈ વધારે વાર ફાયદો થવાનો નથી, અને કિલ્લામાં મોટા માણસો જેઓ દુનિયામાં અગત્યના છે તેઓ મરણ પામશે. તે વાત તેઓના મનમાં ઊતરી, તેથી તેઓ પોતાના ધારેલા કામથી બંધ પડ્યા. પણ તેઓનો ક્રોધ હજુ સુધી શમ્યો ન હતો. તેઓની પાસે એક ઉપાય તૈયાર જ હતો. જો તેઓ સઘળા મળી શહેરના દરવાજા ઉઘાડી નાખી મુસલમાનોને અંદર આવવા દે તો તેઓના દુઃખનું તુરત નિવારણ થાય. પણ તેમ તેઓએ કર્યું નહીં. એ પ્રમાણે દગલબાજી કરવામાં ઘણી ગેરઆબરૂ છે, એમ તેઓ સારી પેઠે જાણતા હતા. તેમ કરવાથી જે પરિણામો નીપજે તેને વાસ્તે તેઓ ઘણા દિલગીર હતા. તેટલા માટે જ આટલું બધું કષ્ટ તેઓએ સહ્યું; દુકાળ અને મરકી પોતાના શહેરમાં આવવા દીધાં; પોતાનાં વહાલામાં વહાલાં માણસોને પોતાની નજર આગળ પિલાઈ-પિલાઈને આવા ભયંકર મોતે મરતાં જોયાં; તથા પોતાના મોતને વાસ્તે પણ કાંઈ દરકાર રાખી નહીં, તેઓનો આ વિચાર જોઈને આપણને ખરેખરું આશ્ચર્ય લાગવું જોઈએ, અને તેમના પ્રતિષ્ઠા જાળવવા વિશેના એવા ઉમદા વિચાર જોઈને આપણે વિસ્મિત થયા વિના રહેતા નથી. આટલી બધી વાર તેઓએ આવા વિચાર રાખ્યા, પણ હવે તેઓનું મન બદલાયું. અને કેટલાક હલકા લોકોએ ઠરાવ કર્યો કે હવે શહેરના દરવાજા ઉઘાડા મૂકી દેવા, અને આ દૈવકોપનો એકદમ અંત આણવો. વળી આપણે અહીં રહીને પણ શું કરીએ છીએ? આપણામાં હવે લડવાની કાંઈ શક્તિ રહી નથી. કરણ અને ભીમદેવનું લશ્કર ઘણુંખરું મરી પરવાર્યું છે, અને જે કોઈ જીવતા રહ્યા હશે તેઓની અવસ્થા લડવાલાયક રહી નહીં હોય, માટે હવે દરવાજો બંધ રાખ્યાથી ને પડી રહેવાથી વધારે

માણસોનો નાશ થાય છે પણ તેથી કાંઈ કામ સિદ્ધ થાય એવો સંભવ નથી. માત્ર તેથી વખત વધારે મળે છે. પણ એટલા વખતના જૂજ ફાયદાને માટે માણસોના અમૂલ્ય જાનની ખરાબી થાય, એ કાંઈ વાજબી નથી. એ ઉપરથી તેઓએ ઠરાવ કર્યો કે એ સઘળી વાત કરણને જઇને કહેવી, ને તેને કાને નાખીને એ કામ કરવું.

એ વિચાર પ્રમાણે ઘણા માણસોએ કિલ્લામાં જઈ કરણની આગળ સઘળી હકીકત કહી, અને હવે શહેરમાં શત્રુઓને આવવા દેવાની રજા માગી. કરણે તેઓનો ઉપકાર માન્યો, અને પોતાની પુત્રીને વાસ્તે તેઓ આટલી લાંબી મુદત સુધી મહાભારત દુઃખ તથા નુકસાન વેઠીને રહ્યા, તેને માટે તેઓને ઘણી જ શાબાશી આપી. કરણને તેઓના ઉપર ઘણી જ દયા આવતી હતી, અને તેઓ કહે છે તે સઘળી વાત ખરી છે એવી તેના મનમાં ખાતરી થઈ હતી. હવે જીતવાની આશા તો મુદ્દલ રહી જ ન હતી. સિપાઈઓ સઘળા આ જગત્ છોડીને જતા રહ્યા હતા, અને જીવતા રહેલા આ લોક અને પરલોકની વચ્ચે લટકતા હતા. તેઓ કાંઈ લડવાલાયક રહ્યા ન હતા, તેથી હવે કિલ્લામાં ભરાઈ રહેવું નિરર્થક છે, એમ તેને સાફ જણાયું, અને વધારે માણસોને મરતાં અટકાવવાને માટે તેણે લોકો પાસે એક રાતની મહેતલ માગી, અને બીજે દહાડે દરવાજા ઉઘાડા મૂકવાની તેમને રજા આપી. લોકો તે સાંભળીને સંતોષ પામી ઘેર ગયા, અને બીજા દહાડાની રાહ જોવા લાગ્યા. તેઓ ગયા પછી કરણ ઊંડા વિચારમાં પડ્યો. હવે શું કરવું? અત્યાર સુધી તેને એવી આશા હતી કે થોડા દહાડામાં કિલ્લામાંનું અનાજ ખપી જશે, એટલે પોતે તથા પોતાની છોકરી બંને એક પછી એક અથવા સાથે ભૂખથી મરી જશે, એટલે લડાઈ એની મેળે સંપૂર્ણ થશે. પણ તેમ થવાને વખત આવ્યો નહીં. લોકોએ તેટલી ધીરજ રાખી નહીં. હવે એક રાત વચમાં રહી તેમાં કાંઈ તેના ધાર્યા પ્રમાણે થવાનું ન હતું. માટે હવે શસ્ત્ર વડે બેમાંથી એકનો જીવ લીધા સિવાય બીજો કાંઈ ઉપાય રહ્યો નહીં. હવે બેમાંથી કોણે મરવું એ વાતનો વિચાર રહ્યો. દેવળદેવીને મારવાનો આગળ કરણે વિચાર કર્યો હતો, તેને કાપી નાખવાને તેણે તલવાર ઉગામી હતી, પણ એ અસ્વાભાવિક કામ કરવા જતાં તેનું મન હઠી ગયું હતું. આવી બાળક છોકરીને શી રીતે મારી નખાય? માટે પોતે જ મરવું એ સારું છે; પોતાના જીવવાથી કાંઈ ફળ ન હતું; પોતે ઉંમરે પણ પહોંચ્યો હતો; પોતાના સુખના દિવસ પાછા આવશે એવો સંભવ ન હતો; તેથી દુઃખમાં બાકીનાં વર્ષ કાઢવા કરતાં એકદમ આયુષ્યની દોરી તોડી નાખવી એ સારું એમ તેણે નક્કી કર્યું. રાત્રે બાર વાગતે જ્યારે કિલ્લામાં સઘળા ભરઊંઘમાં હતા ત્યારે લૂગડાં પહેરી એક તેજ તલવાર સાથે રાખીને કિલ્લામાંથી બહાર નીકળ્યો. તેનો દેખાવ જોવાથી જ તરત જણાઈ આવે કે તે વખતે તે કાંઈ ભયંકર કામ કરવાને જાય છે. તે પોતાની દીકરીને જગાડીને છેલ્લી વાર મળ્યો પણ નહીં તોપણ તેને અંતઃકરણથી આશીર્વાદ દઈને તથા તેની જિંદગી અને પ્રતિષ્ઠાના સંરક્ષણ વાસ્તે પરમેશ્વરની પ્રાર્થના કરી ત્યાંથી ચાલી નીકળ્યો. બહાર મેદાનમાં પૂર ચાંદરણું ખીલી રહ્યું હતું તેમાં વચ્ચે-વચ્ચે ઝાડો તથા ડુંગરોના ઓળા પડ્યા હતા. હવા બિલકુલ સ્થિર હતી, ઝાડોનાં પાંદડાં લગાર પણ હાલતાં ન હતાં. સઘળું ચૂપાચૂપ હતું, તેમાં કરણનાં પગલાં સાફ સંભળાતાં હતાં. તે વખતે-વખતે ઈશ્વરનું સ્મરણ કરતો હતો. અને આખી દુનિયાની આ છેલ્લી ભેટ લેતો હતો. થોડી વાર સુધી ઊંચી-નીચી ભોંય પર ચાલ્યા પછી તે એક મોટા મહાદેવના દહેરા આગળ આવી પહોંચ્યો. તે દેવસ્થાન તે જગાએ ઘણું નામાંકિત હતું, અને તે ઘણું વિસ્તીર્ણ હતું. તે રાતદહાડો ઉઘાડું હતું, અને આ વખતે તેમાં કે તેની આસપાસ કોઈ માણસ ન હતું. કરણ તે દહેરામાં જઈ જ્યાં શિવલિંગ હતું ત્યાં ઊભો રહ્યો. તેણે ત્યાં એકચિત્તે મહાદેવની સ્તુતિ કરી, પછી મહાદેવની પૂજા કરી, અને થોડાંક ફૂલ પોતાની સાથે લઈ આવ્યો હતો તે તેના ઉપર ચઢાવ્યાં. પછી તે ઘણા જુસ્સાથી ઊભો થયો, અને તલવાર મ્યાનમાંથી કાઢીને પોતાની ડોકે અડકાડી મોટેથી અને

જુસ્સાથી બોલ્યો : "હે મહાદેવ! હે ભોળાનાથ! હે શંકર! હું કેવી આફતમાં આવી પડ્યો છું તે તું સારી પેઠે જાણે છે. તેમાંથી ઊગરવાનો કાંઈ રસ્તો સૂઝતો નથી. માટે રે જગતના પ્રલયકર્તા! આ તારી સમક્ષ મારો દેહત્યાગ કરું છું, નહીં તો બચવાનો માર્ગ બતાવ." એટલું કહી તેણે તલવાર આઘી ખસેડી જોરથી ઉગામીને ડોક ઉપર મારવા તૈયાર કરી; પણ તેટલામાં કોઈએ તેનો હાથ પકડ્યો હોય એમ લાગ્યું. તેની તલવાર ભોંય ઉપર પડી ગઈ, અને આકાશવાણી થતી હોય એમ ઘૂમટમાંથી નીચે પ્રમાણે શબ્દ સંભળાયો : – "અરે કરણ રાજા! તારા દુઃખનો પાર જ નથી. પણ તું આપઘાત કરીશ મા. જે થાય તેને થવા દે, તને કાલે બચવાનો રસ્તો જડશે, માટે ધીરજ રાખ." કરણે એ શબ્દ સ્પષ્ટ સાંભળ્યા. અને તેનો અર્થ પણ તે સમજ્યો. મહાદેવની વાણી થઈ એવી ખાતરી તેને થઈ તેથી સંતોષ પામ્યો, અને આકાશવાણી ખરી પડશે એવો પૂરો ભરોસો રાખીને તેણે તલવાર મ્યાનમાં ઘાલી, મહાદેવને સાષ્ટાંગ દંડવત્ કર્યા અને પાછો કિલ્લા તરફ ગયો.

બીજે દિવસે શહેરના કેટલાક લોકોએ કોટ ઉપર ચઢીને સલાહનું નિશાન દેખાડ્યું. તે ઉપરથી અલફખાંએ પોતાની તરફથી કેટલાંક માણસોને મોકલ્યાં. તેમની આગળ શહેરના લોકોએ પોતાની સઘળી હકીકત કહી. તેઓની કેવી દુર્દશા થઈ હતી તે સઘળું તેઓને દયા ઊપજે એવી રીતે કહી સંભળાવ્યું. તે આખું શહેર તેઓને સ્વાધીન કરવાને કબૂલ કર્યું, પણ એટલી શરત કરી કે અમારી માલમિલકતને તમારે છેડવી નહીં. તેઓએ કહ્યું કે અમે મરી રહેલા છીએ; હવે મરતાંને મારવામાં કાંઈ આબરૂ તથા મોટાઈ નથી. વળી કરણ રાજા તથા દેવળદેવી તમારા હાથમાં આવશે એટલું તમારું ધારેલું કામ પાર પડશે; પછી શહેરના બિચારા નિરપરાધી લોકોને મારી નાખવામાં તથા તેમની મિલકત લૂંટી લેવામાં તમને શો ફાયદો છે? માટે એ વાત તમારા સરદારને કહો, અને જો એ પ્રમાણે કરવાને તમે અભયવચન આપો તો અમે શહેર તમને આજે સ્વાધીન કરીએ. મુસલમાનોએ એ સઘળી વાત જઈને અલફખાંને કહી, તેથી તે સરદારને ઘણી દયા આવી અને તેઓની અરજ વાજબી, તથા કબૂલ કરવામાં કાંઈ નુકસાન થાય એવી નથી એમ જાણીને શહેરના લોકોને તે કબૂલત કહી સંભળાવી, અને તે દહાડે રાત્રે શહેરના દરવાજા ઉઘાડા મૂકવાનું ઠરાવ્યું. પહેલી રાત્રે શહેરના લોકોએ એક દરવાજો ઉઘાડ્યો, અને મુસલમાન લોકો પાસે જ હતા તેઓ ધસારો કરી માંહે પેઠા. શહેરમાં પેસતાં જ તેઓ કરણ તથા દેવળદેવીને શોધવા લાગ્યા. રસ્તામાં કેટલાક મરદો તથા બૈરીઓ તેઓને જોવાને ઊભેલાં હતાં તેઓમાંથી જ કોઈ દેવળદેવી હશે એમ તેઓને વહેમ જવાથી તેઓ તેમને પકડીને ઘસડવા લાગ્યા અને તેમનું ઘણી રીતે અપમાન કરવા લાગ્યા, એ પ્રમાણે તેઓએ ઘણાં બૈરાંને કર્યું. તે તેઓના ધણીથી તથા બીજા માણસોથી ખમાયું નહીં, માટે તેઓએ મુસલમાન સિપાઈઓ સાથે પહેલાં તકરાર કરી; પણ તે તકરારથી કાંઈ જ ફાયદો થયો નહીં, ત્યારે તેઓએ વળગાઝૂમી કરી, અને તેમ કરવામાં આખરે મારામારી ઉપર આવી ગયા. મુસલમાનોને આટલી મુદત સુધી શહેર આગળ પડી રહેવું પડ્યું, તથા તેઓમાંના ઘણાખરા માર્યા ગયા, તેથી તેઓ શહેરના લોકો ઉપર ઘણા ગુસ્સે હતા. તેમાં વળી જ્યારે આ લડાઈ કરવાને પ્રસંગ આવ્યો, ત્યારે તેઓએ આટલા દિવસનું એકઠું થયેલું વેર એકદમ તેઓના ઉપર કાઢવાને નિશ્ચય કર્યો. ત્યાં તલવારો નીકળી; અને કેટલાક જેઓ દુકાળ તથા મરકીના સપાટામાંથી બચ્યા હતા તેઓ આ લડાઈમાં માર્યા ગયા. જ્યારે આ ગરબડાટ શહેરના મુખ્ય બજારમાં થઈ, તે વખતે કેટલાક અટકચાળા તથા લૂંટવાની ઉમેદ રાખનારા મુસલમાનોએ એક દુકાન સળગાવી મૂકી. એ આગ લાગવાથી સઘળા મુસલમાન સિપાઈઓ ઘણા ખુશ થયા. તેઓને એટલું જ જોઈતું હતું. જ્યારથી અલફખાંએ શહેરના લોકોની જિંદગી તથા માલમિલકત બચાવવાને અભયવચન આપ્યું, ત્યારથી તે સિપાઈઓ નાઉમેદ થઈ ગયા હતા. તેઓને લૂંટ

મેળવવાની આશા હતી, અને તે પૂરી પડશે એવી આખર સુધી તેઓને ખાતરી હતી, પણ છેલ્લી વારે તે આશાભંગ થઈ ગઈ એ જોઈને તેઓ ઘણા ખીજવાયા હતા, પણ જ્યારે આગ લાગી અને તે હવે પથરાઈને આખા શહેરમાં ફેલાશે ત્યારે લોકોનાં ઘરમાં ભરાવાને તથા તેમાંથી દોલત લઈ લેવાને કાંઈ હરકત નહીં, એ ધારણાથી તેઓએ આગ હોલવવાની કાંઈ મહેનત કરી નહીં. બલકે શહેરના બેત્રણ ભાગમાં થોડાકે જઈને નાનાં-નાનાં ઘરો સળગાવી મૂક્યાં. રાતનો વખત, પવન નીકળેલો, કોઈ હોલવનાર મળે નહીં, શહેરમાં થોડાં જ માણસો રહી ગયેલાં અને તેઓ એવાં અશક્ત કે તેઓથી કાંઈ કામ બની શકે નહીં, તેથી આગ ઘણા જોરથી ફેલાઈ અને થોડા વખતમાં આખું શહેર અગ્નિની ઝાળમાં લપેટાઈ ગયું. આ વખતે શહેરનો દેખાવ ઘણો ભયંકર થઈ રહ્યો. ઘરો સઘળાં ઘાસની પેઠે ભડભડ બળવા લાગ્યાં. મુસલમાન સિપાઈઓમાં કાંઈ બંદોબસ્ત રહ્યો નહીં, તેઓ સઘળા અલફખાંના હુકમથી ઊલટા ચાલીને બધા શહેરમાં ફરી વળ્યા, અને જે મોટાં-મોટાં ઘરો તેઓની નજરે ચડ્યાં તેમાં પેસીને લૂંટફાટના કામમાં પડ્યા.

આગ એ એક મોટી આફત છે, તેમાં વળી બાગલાણ જેવી અવસ્થામાં આવી પડેલા શહેરમાં આગ, એથી તો આડો આંક જાણવો. કેટલાક મરકીના રોગથી પીડાતા તથા ભૂખે અધમરતા થઈ ગયેલા લોકો જેઓ ઊઠી શકતા ન હતા તેઓ ઘરમાં ને ઘરમાં જ બળી મૂઆ. તેઓને કાઢનાર કોઈ મળે નહીં. કેટલાક પોતાના જીવ બચાવી શકે તેવા હતા તેઓ પોતાનાં બૈરાંછોકરાંને તથા ધનદોલતને છોડીને નાઠા. બૈરીઓ તથા છોકરાં જેટલાં નાસી શક્યાં તેટલાં બચ્યાં; બાકીનાં આગમાં ફૂંકાઈ ગયાં. કેટલાક કીમતી દાગીનાની એક નાની પેટી લઈ બહાર નીકળતા તેઓને રસ્તામાં મુસલમાનો પકડતા, તથા તેઓની પાસે જે હોય તે છીનવી લેતા. જે બિચારા પૈસા વગર ખાલી હાથે મળતા તેઓને પકડીને ખૂબ માર મારતા. અને તેને ઘેર તેઓને લઈ જવાનું તથા દોલત બતાવવાનું તેની પાસેથી કબૂલ કરાવતા. જેઓ ઘરમાં પડી રહેતા હતા તેઓને પણ મારફાડ કરી દ્રવ્ય ક્યાં સંતાડ્યું છે તે દેખાડવાની ફરજ પાડતા. જેઓ પૈસા બતાવે નહીં, અથવા જેઓની પાસે પૈસા હોય નહીં. તેઓને વહેમ ઉપરથી એટલો માર મારતા કે તેથી તેઓ જલદીથી મરણ પામતા. એ પ્રમાણે શહેરમાં ગડબડાટ થઈ રહી. જે હિંદુ જાય તેને અટકાવી મુસલમાન સિપાઈ કહેતા કે, “કાફર! પૈસા દેખાડ.” તે વખતે જો તેઓનું મન ન મનાવે તો તલવાર વડે તેના બે કટકા કરી નાખતા. અલફખાંનો હુકમ કોઈ માનતું ન હતું તેથી તે ઘણો ચીઢવાઈ ગયો. તેનાથી લશ્કરમાં બંદોબસ્ત રાખી શકાયો નહીં, એ જ તેના મનને મોટી નામોશી લાગતી હતી. પણ આ વખતે તો તેના મનમાં એક બીજી મોટી ફિકર હતી. દેવળદેવીને હાથમાં લેવાની ઘણી જ આતુરતા હતી. આ સઘળી લડાઈનું કારણ જો છેલ્લી વખતે છટકી જશે તો તે ફરીથી હાથ લાગશે નહીં; લડાઈ સઘળી વ્યર્થ જશે; પાદશાહ ઘણો કોપાયમાન થશે; અને તેની જિંદગી રદ જેવી થઈ જશે. તેના મનમાં મોટી ધાસ્તી હતી કે જો આ વખતે તે જતી રહેશે તો તેને અટકાવનાર કોઈ નથી, માટે લશ્કરને પાછું એકઠું કરી તેને જલદીથી શોધી કાઢવી જોઈએ. એક વાર તે હાથ લાગી એટલે પછી શહેર જેટલું લૂંટવું હોય તેટલું લૂંટે તેમાં કાંઈ આપદા ન હતી. તેણે સિપાઈઓને સમજાવ્યા, ધમકાવ્યા તથા બીજા ઘણા ઉપાયો કર્યા, પણ કોઈ લૂંટમાંથી પાછું આવ્યું નહીં.

હવે જ્યારે કરણ રાજાને આ સઘળી વાતની ખબર પડી ત્યારે તેને ઘણી જ ખુશી થઈ. તેણે જોયું કે જ્યારે અલફખાંના સિપાઈઓ લૂંટવાના કામમાં પડેલા છે ત્યારે નાસી જવાનો સારો લાગ છે. કમળપૂજા કરી રહ્યા પછી જે આકાશવાણી તેણે સાંભળી હતી તે હમણાં ખરી પડશે એમ તેને લાગ્યું, કેમ કે તેને પકડનાર તથા હરકત કરનાર કોઈ જ ન હતું. તેણે ત્યાંથી નાસવાની તૈયારી કરી. અને પોતે, ભીમદેવ, દેવળદેવી તથા થોડાંક ખાનગી માણસો એટલાં

કિલ્લાને પાછલે રસ્તે નીકળ્યાં, અને ઘણા જલદ ઘોડા તૈયાર રાખેલા હતા તે ઉપર સવાર થઈને તેઓ પૂરવેગે દેવગઢ જવાને નીકળી પડ્યાં. રસ્તામાં દુશ્મનોનું એક પણ માણસ તેઓને મળ્યું નહીં તેથી તેઓ નિરાંતે ઝડપથી કૂચ કરી આગળ ચાલ્યાં.

જ્યારે બાગલાણમાં સઘળી દોલત લૂંટાઈ રહી ત્યારે મુસલમાન સિપાઈઓ અલફખાંની રૂબરૂ હાજર થઈ ગયા, અને જે તક્સીર કરી હતી તેને માટે તેઓએ માફી માગી. તે વખતે મધ્યરાત્રિ થઈ હતી, પણ અલફખાં તેઓને લઈને તરત કિલ્લા તરફ ગયો. પણ અંદર જવાનો રસ્તો કાંઈ જડ્યો નહીં. કેટલીક વાર આણીગમ-તેણીગમ ફર્યા પછી તેઓને એક માણસ હાથ લાગ્યો, તે તેને કિલ્લાની પાછળની બાજુએ લઈ ગયો. ત્યાંના દરવાજા ખુલ્લા હતા તેટલા ઉપરથી અલફખાં નિરાશ થઈ ગયો, અને તેણે તરત અનુમાન કર્યું કે પક્ષીઓ પાંજરામાંથી ઊડી ગયાં. તોપણ કદાચ દરવાજો જાણીજોઈને ઉઘાડો મૂક્યો હોય કે ખુલ્લો જોઈ બીજાના મનમાં આવે કે તેમાં કોઈ નહીં હોય, અને તેમ જાણી વધારે ખોળ ન કરે, અને તેઓ તેમાં સંતાઈ ગયાં હોય, માટે જ્યારે આટલે સુધી આવ્યા ત્યારે કિલ્લાની માંહે સઘળે ફરીને જોવું, અને તેઓ ત્યાં નથી એ વાતની પક્કી ખાતરી કરવી, એ મતલબથી તેઓ કિલ્લામાં પેઠા, અને મોટી મોટી મશાલો સળગાવી કિલ્લામાં ખૂણેખોતરે સઘળે જોઈ વળ્યા. સવાર થવા આવી પણ કરણ, દેવળદેવી, કે કોઈ ત્યાં માલૂમ પડ્યું નહીં તેથી અલફખાંને ઘણી દિલગીરી તથા ગભરાટ થયો. લગભગ હાથમાં આવેલી દેવળદેવી તેણે ખોઈ. તેની સઘળી મહેનત છૂટી પડી. તેણે સિપાઈઓને હજારો ગાળો દીધી. તેઓ લૂંટવામાં પડવાથી તેનું કામ સઘળું બગડી ગયું. હવે કેમ થશે? તેને ખાતરી થઈ કે દૈવ તેની સામા છે અને કરણની સામા લડવું અને દૈવની સામા લડવું બરોબર છે. તેને હમણાં વહેમ પડવા લાગ્યો કે મારા દહાડા હવે પડતા આવ્યા છે; મારો સૂર્ય અસ્ત પામવા ઉપર આવ્યો છે; માટે મારા કામમાં ધાર્યાથી ઊલટું જ થાય છે. તેના મનમાં હવે નક્કી થયું કે તેઓ ઘણે આઘે નીકળી ગયાં હશે; અને દેવળદેવી એક વાર દેવગઢમાં પહોંચી, અને શંકળદેવને પરણી, એટલે તો સઘળું થઈ ચૂક્યું; પછી તેમાં કાંઈ ઉપાય ચાલવાનો નથી. તોપણ જ્યાં લગી આશા છે ત્યાં લગી શ્રમ તો કરવો જોઈએ, એમ ધારી તેણે દેવગઢ તરફ જવાનો પોતાના સિપાઈઓને હુકમ કર્યો. તેઓ ઘણા જલદીથી આગળ ચાલ્યા. જરા પણ આરામ લેવાને ઊભા રહ્યા નહીં. જ્યારે સાંજ પડી, અને થોડું-થોડું અંધારું સઘળે પથરાયું, ત્યારે તેઓએ ક્ષિતિજમાં ધૂળ ઊડતી જોઈ તે ઉપરથી તેઓએ અનુમાન કર્યું કે એ જ કરણનાં માણસો હશે. એમ ધારીને તેઓ વધારે-વધારે ઝડપથી દોડ્યા; અને જેમ-જેમ પાસે જતા ગયા તેમ-તેમ કરણનાં માણસો સ્પષ્ટ દીસવા લાગ્યાં.

આણીગમ કરણે પણ જોયું કે દુશ્મન તો લગભગ પાસે આવી ચૂક્યા. તેઓ ઘણા થાકી ગયેલા હતા તેથી વધારે ઝડપથી જવાને અશક્તિમાન હતા, પણ તેઓને સંતોષ એટલો જ હતો કે હવે રાત પડવા આવી હતી; આગળ ઝાડી ઘણી ખીચોખીચ હતી, તથા રસ્તા ઘણા વિકટ હતા. વળી ગામડાના લોકો જેઓ આ રસ્તાના ભોમિયા હતા તેઓ મુસલમાન લોકોને ભમાવ્યા વિના રહેશે નહીં, એટલે આપણે દેવગઢ જવાને વખત મળશે. અલફખાંએ મશાલ તૈયાર કરાવી એટલા જોરથી કૂચ કરી કે છેક કરણની પાસે તે આવી પહોંચ્યો. આ જ વખત સમાલવાનો હતો. આ વખતે જો કાંઈ તદબીર કરવામાં નહીં આવે તો દેવળદેવી નિશ્ચય મુસલમાનોના હાથમાં પડશે, માટે ભીમદેવ પોતાના માણસો સાથે દેવળદેવીને લઈને એક બાજુ તરફના રસ્તા પર નીકળી ગયો, અને અલફખાંને એકલા કરણની પાછળ જવા દીધો. એ પ્રમાણે કરણ તથા દેવળદેવી જુદાં પડ્યાં, એ વાત અલફખાંને માલૂમ ન હતી, માટે તેણે દેવળદેવીની ઉમેદે કરણની પાછળ દોટ મૂકી. રાત અંધારી હતી, ઝાડી ઘણી જ ગાઢી આવી પડી; બંને લશ્કરવાળાઓએ તે રાત્રે ઘણું જ દુઃખ ભોગવ્યું, પણ કોઈ હઠ્યું નહીં. આખી રાત

મુસલમાનોએ ચાલ-ચાલ કર્યાં કર્યું, અને જ્યારે સવાર પડી, ત્યારે તેઓ એક મોટા મેદાનમાં આવ્યા એમ તેમને માલૂમ પડ્યું; ત્યાં તજવીજ કરતાં જણાયું કે દેવગઢ ત્યાંથી હવે એક મજલ દૂર રહ્યું હતું. પણ અફસોસની વાત એટલી જ કે કરણનું કાંઈ ઠામઠેકાણું જડ્યું નહીં; તેની કાંઈ નિશાની નજરે પડી નહીં. હવે તો નક્કી થયું કે કરણ દેવગઢ પહોંચ્યો હશે, અથવા જલદીથી પહોંચશે, માટે પાછળ દોડવામાં કાંઈ ફળ નથી, માટે છેક નિરાશ થઈ અલફખાંએ ત્યાં મુકામ કર્યો અને તપાસ કરવાને ચોતરફ માણસો મોકલ્યાં. આખો દહાડો વહી ગયો તોપણ કાંઈ ખબર મળી નહીં. કરણ તો દેવગઢ સહીસલામત આવી પહોંચ્યો. અને ભીમદેવ આડે રસ્તે પડ્યો હતો તે કેટલેક દૂર જઈ એક ગામમાં મુકામ કરી ત્યાં રહ્યો અને તે ઠેકાણે દુશ્મનોનો આવવાનો સંભવ નથી, જાણીને ત્યાં એક દહાડો થાક ખાઈ બીજે દિવસે ત્યાંથી નીકળવું એવો ઠરાવ કર્યો.

પ્રકરણ ૧૫મું

બીજે દહાડે સાંજ પડવાની વખતે એક નાના ગામમાં ગડબડ થઈ રહી હતી. ઠેકાણે ઠેકાણેથી ઘોડાનો હણહણાટ સંભળાતો હતો, તથા ચોરા ઉપર ઘણા સવારો તથા સિપાઈઓ એકઠા થઈ બેઠા હતા. કેટલાક નકામા ગામમાં આણીમેર-તેણીમેર થઈ ફર્યા કરતા હતા. કેટલાક ગામની બહાર સીમમાં પોતાના ઘોડાઓને વાસ્તે ચારો શોધતા હતા. ગાયો તથા ગોધા ચરીને મસ્તી કરતાં તથા રસ્તામાં ધૂળ ઉડાડતાં પાછાં ગામ તરફ આવતાં હતાં. ખેડૂતો પોતાનાં ખેતરોથી થાકેલા-પાકેલા ધીમે-ધીમે ઘર તરફ આવતા હતા, તથા તેઓના બળદો રાતનો વિસામો ખાવાને ઘણા આનંદથી શિંગડાં ડોલાવતા તથા તેઓને ગળે બાંધેલા ઘૂઘરાનો અવાજ કરતા ચાલતા હતા. વખત ઘણો રળિયામણો લાગતો હતો. સૂર્યનારાયણ પશ્ચિમને દરવાજેથી જતા રહેવાની તૈયારીમાં હતા, અને આકાશનો તે ભાગ નાના પ્રકારના રંગથી શોભાયમાન દીસતો હતો, આસપાસનાં ઝાડો તથા ફૂલોની મંદમંદ સુવાસ સઘળે પથરાઈ રહી હતી, તેમાં માત્ર માણસની બેફિકરાઈથી તથા ફુવડાઈથી જ ઉત્પન્ન થતી દુર્ગંધ કોઈ વેળા ભળતી હતી. ગામમાં હરેક ઘરની સામાં એકેક ઉકરડો હતો, તેમાં વર્ષોનાં વર્ષ થયાં છાણ વગેરે ઘણી ગલીચી એકઠી થયા કરતી હતી. એ ઝેરના ઢગલામાં સડેલી વનસ્પતિ તથા બીજા પદાર્થ કોહ્યા કરતા, અને તેમાંથી જે નાશકારક રજકણો હવામાં ઊડતા હતા તેથી લોકોમાં અનેક તરેહના રોગો પથરાતા હતા, તથા તેઓની આવરદામાં ઘણો ઘટાડો થતો હતો. પણ તે બિચારાં પશુતુલ્ય પ્રાણીઓને એ વાતનું કાંઈ પણ ભાન ન હતું. પોતાના દૈવ ઉપર પાકો ભરોસો રાખીને જે થાય છે તે ઈશ્વરની તરફથી બને છે એમ સમજીને, તથા તેઓનાં માબાપ, છોકરાં, ધણીધણિયાણી, સગાંવહાલાં, વગેરે જેઓ મોતના સપાટામાં તેઓના યોગ્ય વખત પહેલાં આવી પડેલાં તેનું કારણ કેટલેક દરજ્જે એ ઉકરડા જ હતા, તથા એ મૃત્યુને કાંઈક હદમાં રાખવું એ તેઓના હાથમાં હતું એ વાત જાણ્યા સિવાય, તેઓ સુખી અજ્ઞાન અવસ્થામાં પોતાના દહાડા કાઢતા હતા. તે ગામના એક નીચ ઘરમાં એક ઓરડામાં તે સાંજરે બે માણસ બેસી ધીમે-ધીમે વાતચીત કરતાં હતાં. તેઓમાંથી એક પુરુષ તથા બીજી સ્ત્રી હતી. પુરુષની વય આશરે ૪૦ વર્ષની દેખાતી હતી; પણ કેટલાંક કારણોને લીધે તે વૃદ્ધાવસ્થામાં આવી પડ્યો હોય એમ લાગતું હતું. તેનું શરીર સુકાઈ ગયેલું તથા ચામડીનો રંગ છેક કાળો પડી ગયેલો હતો, આખા શરીરે તે ખંજવાળ્યા કરતો હતો. તેની આંખ લાલચોળ તથા ઊંડી પેસી ગયેલી હતી. માથા ઉપર ટાલ પડ્યાથી તે કાચના જેવું ચળકતું હતું; અને તે ઉપર આફ્રિકાના મહા રણમાં લીલોતરીની કોઈ નાની જગા માલૂમ પડે છે તેમ સફેદ થોડાક નિમાળા ઊડતા હતા. તેના આખા દેખાવ પરથી જણાતું હતું કે કોઈ નઠારા વ્યસનમાં ગર થવાથી અશક્ત થઈ ગયેલો હતો; અને ખરી વાત પણ તેમજ હતી. તે ભાંગનો પૂરો ગરાડી હતો. આખા દહાડામાં જો તેને આશરે ચાર અથવા પાંચ શેર ભાંગ ન મળે તો તે મરણતોલ થઈ જાય. પણ એકલી ભાંગથી તે ધરાતો ન હતો. અફીણ, ગાંજો તથા બીજી કેફી વસ્તુઓ પણ રોજ તેના ખપમાં આવતી હતી. તેથી આખો દહાડો અમલ કરવા સિવાય તેનાથી બીજું કોઈ કામ થઈ શકતું ન હતું. આ સઘળાનું પરિણામ એ થયું કે તેનાથી કાંઈ ધંધોરોજગાર થઈ શકતો નહીં. ગામમાં ગામોટપણું કરવામાં જે કાંઈ થોડી ઊપજ આવે તેમાંથી તેની તરફથી કામ કરનાર બ્રાહ્મણને અર્ધોઅર્ધ આપવું પડતું હતું, અને બાકીના અર્ધામાંથી પોતાની સ્ત્રી અને પાંચ છોકરાંનું ગુજરાન કરવું પડતું હતું. તે બિચારો ઘણી કંગાલ અવસ્થામાં હતો; પણ જો તે એકલો હોત તો ગમે તેવી દુર્દશાથી તે સંતોષ પામી પોતાના કાળનો નિર્વાહ કરત. પણ તેની સ્ત્રી ઘણા જ જુદા સ્વભાવની હતી, અને તેના ઠોક તથા ધાકથી નિરંતર તેને ઉપદ્રવ થયા કરતો, અને જો કેફના

અમલથી તે નિશ્ચિંત તથા સદા આનંદી રહેતો ન હોત તો તેની સ્ત્રીના પૈસાના લોભથી તેનો જલદી અંત આવત. પણ હવે તો તેની બાયડીના ઠોક પણ પવનમાં ઊડી જતા હતા. તેની ગાળ ઘરની ભીંત માને તો તે માને, અને તેના વજ્ર જેવા બોલ તેની હાથી જેવી ચામડી ઉપર અથડાઈને પાછા પડતા હતા. તે સઘળાં કારણોને લીધે તેની બૈરીનો જીવ ઘણો ઊકળી જતો. વખતે તેને ક્રોધ એટલો બધો ચઢતો કે તે પોતાના શરીરને ભારે દુઃખ પહોંચાડતી; ઘણી વાર તે પોતે ભૂખી રહેતી; તથા પોતાના ધણીને ભૂખ્યો રાખતી. એ વગેરે ઘણેક રસ્તે તેની રીસ ઊભરાઈ જતી. પણ શાંતિ એ અમૂલ્ય ગુણ તેના સ્વામીમાં જોઈએ તે કરતાં વધારે હતો તેથી આખરે તેનો જ પરાજય થતો. એ ક્રોધાંધ સ્ત્રી શરીરે ઘણી કદાવર હતી. તેના દેખાવ ઉપરથી જ કોઈને ભય ઉત્પન્ન થાય. તેની ઉંમર આશરે ૩૫ વર્ષની હતી. આવી સ્ત્રી જેને હોય તેની ખરેખરી કમબખ્તી જાણવી. જેટલા ગુણો નઠારા ગણાય છે તેઓમાંના ઘણાખરા તેનામાં હતા. ક્રોધ, અદેખાઈ, નિર્દયતા, આદિ બીજા દુર્ગુણોનું તેના મન ઉપર ઘણું પ્રબળ હતું. પણ સૌથી વધારે તેનામાં પૈસાનો લોભ હતો. પૈસાને વાસ્તે તે શું નહીં કરે, એ કહી શકાય નહીં. પૈસાને વાસ્તે રાતદહાડો તેનો જીવ બળ્યા કરતો હતો. પણ ઈશ્વરનો બનાવ એવો બન્યો કે જેટલો તેને લોભ વધારે તેટલી તેની દરિદ્રતા વધારે હતી. પોતાની અગણિત તૃષ્ણાઓને શાંત કરવાને જોઈએ તેટલા પૈસા તેને મળતા ન હતા એટલું જ નહીં, પણ તેને ખાવાપીવાના તથા બીજી જિંદગીને અવશ્ય વસ્તુઓના વાંધા પડતા. એ જ તેને ઘણું ભારે દુઃખ હતું, અને તેથી જે રીસ તેનામાં ઉત્પન્ન થતી તે સઘળી તેના ધણી ઉપર તે કાઢતી. તે દહાડે તેને ઘેર મોટા શ્રીમંત પરોણા આવેલા હતા. ભીમદેવ તથા દેવળદેવી તેઓને ઘેર ઊતરેલાં હતાં. તેઓના દરજ્જા પ્રમાણે તેઓનું સન્માન કરવું, તેઓને કોઈ પણ પ્રકારે રાજી રાખવાં, એ વિશે તેને ઘણી ચિંતા થતી હતી. તેને એવી આશા હતી કે જો તેઓ પોતાના રાજકુંવરને ખુશ કરશે તો તેઓ તેને ન્યાલ કરી નાખશે, તથા તેઓનો દહાડો ફેરવી નાખશે. એ મતલબસર તેણે ઘણી ગોઠવણ કરી; પણ એટલા ઉપરથી પોતાની ધારેલી મતલબ પાર પડશે, એ બાબત તેને ઘણો શક હતો. માટે આ વખતે કાંઈ તદબીર કરવી જોઈએ. તે શું કરવી એ વિશે તે ઊંડા વિચારમાં પડી હતી. દેવળદેવીના અંગ ઉપર ઘણું કીમતી ઘરેણું હતું તેટલું જ જો હાથ આવે તો જન્મ સુધી પાર પડી જવાય. પણ તે શી રીતે મળે? મધ્યરાત્રે તે જ્યારે ભરઊંઘમાં હોય તે વખતે તેને ગૂંગળાવી મારી નાખીને તમામ ઘરેણું ઉતારી લઈ રાતે ને રાતે નાસી જવું; અને મુસલમાનોનું લશ્કર પાસે હતું તેથી તેને આશા હતી કે ભીમદેવ તેની શોધ કરવા આવશે નહીં. એ વાત ઉપર જેમ-જેમ તે દુષ્ટ ચંડાળે વધારે વાર વિચાર કર્યો તેમ-તેમ તેનું અંતઃકરણ વધારે વજ્ર તથા નિર્દય થતું ગયું, અને પૈસાના લોભથી તેના મનમાં સઘળા કોમળ વિચાર દબાઈ ગયા.

પણ તે કામ હવે કોણે કરવું? તેણે પોતાના ધણીને પાસે બોલાવ્યો, અને તેની આગળ સઘળી હકીકત ઘણી અસરકારક રીતે કહી, અને છેલ્લે પોતાનું ધારેલું દુષ્ટ કામ તેની પાસે કરાવવાને તેણે હુકમ કર્યો. પોતાની ધણિયાણીમાં પૈસાનો આટલો બધો લોભ હશે, તથા તેને લીધે આવું પાપી કર્મ કરવાને તે કહેશે, એવું હજી લગી તેના મનમાં ન હતું. તથા આ ધારણા સાંભળીને તેને ઘણું જ આશ્ચર્ય લાગ્યું એટલું જ નહીં, પણ તેને ઘણો ક્રોધ ચડ્યો. તે બોલ્યો : “અરે! દુષ્ટ ચંડાળણી! અરે! શંખણી! યુગના માહાત્મ્યને લીધે તારામાં કેટલું પાપ ભરાયું છે? અરે! કસાઈ! તને આ વિચાર કેમ સૂઝ્યો હશે? અરે! મારી પાસે સ્ત્રીહત્યા કરાવવી! અને તે સ્ત્રી પણ રાજકન્યા, અને આપણા રાજાના પુત્રની સ્ત્રી? અરરર! હવે કલિયુગની ભરજુવાની બેઠી. આ કાળમાં પુરુષો તો દુષ્ટ થઈ ગયા છે; તેઓએ તો સત્ય મૂક્યું; તેઓ પ્રપંચના કૂવામાં પડ્યા; તેઓ માયાની મોહજાળમાં ફસાઈ પડ્યા; તેઓ પરમેશ્વરનો ભય જરા પણ રાખતા નથી; એ સઘળું જોયું છે. પણ સ્ત્રીઓ! કોમળહૃદય સ્ત્રીઓ, જેઓ અંધારામાં જતાં બીએ,

જેઓ માખી મરતી જોઈને કમકમાટ પામે, જેઓના મનમાં દયા વધારે હોવી જોઈએ, તે સ્ત્રીઓ જ્યારે નિરપરાધી પ્રાણીની હિંસા કરવાનો વિચાર કરે, એથી તો સીમા વળી. અરે ભગવાન! આગળ કેવો કાળ આવવાનો છે! તે હું ન જોઉં તો સારું. તેની અગાઉ, અરે ભગવાન! તું મને ઉઠાવી લેજે. રાજદ્રોહ! સ્ત્રીહત્યા શાસ્ત્રમાં મોટામાં મોટી કહેલી છે. અરે લક્ષ્મીબાઈ! તેં જગતમાં સઘળાને વશ કીધાં છે, બીજા બધા દેવો તથા દેવીને મૂકીને તારા સેવકો સઘળા થઈ પડ્યા છે. તારે વાસ્તે લોકો ઘણા અધર્મ કરે છે. અરે! એક સ્ત્રી, તે વળી રાજકન્યા, અને તે પણ પરોણાગતના આશ્રયમાં રહેલી, તેની હત્યા કરવાનો વિચાર મારી દુષ્ટ સ્ત્રીને સૂઝ ્યો, અને તે ઘોર પાપ મારી પાસે કરાવવાને ધારે છે એથી તો આડો આંક વળ્યો. હવે જગતમાં રહેવામાં કાંઈ સાર નથી. હવે તો મારે સંન્યસ્ત ગ્રહણ કરવું જોઈએ, અને આ પાપી પ્રપંચી દુનિયાનો ત્યાગ કરવો જોઈએ. હું એક ગરીબ બ્રાહ્મણ છું; મને મારી ધણિયાણી તરફથી મહાસંતાપ છે; મારું ભરણપોષણ પણ મુશ્કેલીથી થાય છે; તોપણ આટલાં બધાં દુઃખની સાથે હું મારા કાળનો નિર્વાહ કરું છું; જગત્ની જંજાળ તથા કલિયુગના દુષ્ટ વિચારોથી વિરકત રહેવાને હું રંગપાણી લઉં છું. હંમેશાં નશાની લહેરમાં રહીને સંસારનો મહાસાગર ચેનથી તરી જાઉં છું. ભલે આકાશ તૂટી પડે તોપણ આ દુષ્ટ કર્મ, આ ઘોર પાપ હું કદી કરવાનો નથી. મારે કાંઈ પૈસાનું કામ નથી, અને મારાથી એ કામ બને એવું નથી.''

રંગમાં ચકચૂર થયેલા ભટ આ પ્રમાણે પહેલી જ વાર પોતાની ધણિયાણીની સામું બોલ્યા. ભટે પહેલી જ વાર પોતાની ભટાણીની મર્યાદા તોડવાને હિંમત ચલાવી. તે એ પ્રમાણે પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે એવી ભટાણીને આશા ન હતી, અને તેની સાથે તે આવી રીતે ચાલશે એવો તેને વિચાર જ આવ્યો ન હતો. તેને એ વાતની તો પક્કી ખાતરી હતી કે એ કામ તેનાથી થવાનું નથી. તેને તો માત્ર તેની મદદ જોઈતી હતી, પણ ઉપર પ્રમાણેનું બોલવું સાંભળીને તેનામાં સૂતેલો સેતાન જાગ્યો; તેનામાં નખથી શિખા સુધી ક્રોધની જ્વાળા ઊઠી; તેનું મોં રીસથી લોહીવર્ણ થઈ ગયું; તેના ડોળા લાલચોળ થયા; તથા આખા શરીર ઉપર તેનાં રૂંઆં ઊભાં થયાં. આટલી બધી વાત સાંભળવાની તેનામાં ધીરજ રહી એ જ મોટું આશ્ચર્ય હતું; પણ ક્રોધને લીધે તેની છાતી બંધ થઈ ગઈ અને તેનાથી બોલી શકાયું નહીં. પણ જ્યારે ભટ ઉપર પ્રમાણેનું ભાષણ કરી ચૂપ બેઠા, ત્યારે ભટાણીનો સઘળો અગ્નિ પ્રદીપ્ત થયો, અને પહેલો જુસ્સો તો તેણે ગાળ દેવામાં ખાલી કર્યો. તે બોલી : ''અરે ભંગી! અફીણી! ગાંજાખોર! અરે દુષ્ટ વ્યસની! અરે બાયલા! તું પુરુષને રૂપે સ્ત્રી છે. તને પુરુષ બનાવવામાં બ્રહ્માની ભૂલ થઈ છે. મારાં કયા જન્મનાં પાપ નડ્યાં કે હું તારે પાલવે પડી! મારાં માબાપ આંધળાં હશે કે મારે વાસ્તે આવો ધણી શોધી કાઢ્યો. તને તો મશાલ લઈને શોધી કાઢ્યો હશે. અરે, બીજા મરી ગયા હશે, કે તારે કર્મે હું પડી ! બળતી મશાલે ખરે બપોરે મને કૂવામાં નાખી. તને પરણીને હું શું સુખ પામી છું? તું તો નશામાં આંધળો થઈને પડી રહે છે તે તેં કાંઈ જોયું છે? બીજાં આપણી ન્યાતમાં બૈરાં કેવાં ફરે છે? લૂગડાં ઘરેણાંથી તેઓ ભરપૂર રહે છે, તેઓના સઘળા કોડ તેઓના ધણી પૂરા પાડે છે. તેઓનાં મન રાજી રાખવાને તેઓ સવારથી સાંજ સુધી ગદ્ધાવૈતરું કરે છે. તેઓની મરજી સંભાળે છે. તેઓની સાથે હેતથી રહે છે. પણ હું અભાગણી કેવી? એવું સુખ મારા જન્મારામાં ભોગવ્યું નથી. મારો અવતાર છેક એળે ગયો. મારાં સુખ તો સ્વપ્નામાં જ વહી ગયાં. મારી ઉમેદ તો ઊગતી જ દબાઈ ગઈ. અરે દૈવ! મારા ઉપર આટલી આફત, આટલું દુઃખ શા માટે નાખ્યું? ધણીધણિયાણીના સુખનો સ્વાદ તો મેં કોઈ દિવસ ચાખ્યો જ નથી; અરે, લૂગડાંઘરેણાં તો ક્યાંથી જ? મૂઆમાં રળવાની શક્તિ નથી; પીટ્યાથી પોતાના પેટનું તો ભરણપોષણ થતું નથી; એ તો મારે લીધે તને, મને, તથા આ મૂઆં નાનાં-નાનાં છોકરાંના ભુડક્સને કકડો રોટલો મળે છે, તો પછી બીજું શું તું આપવાનો છે? જો હું બેસી રહું, હું

રાતદહાડો ફિકરમાં રહેતી ન હોઉં, જો હું પેટને સારુ ફાંફાં મારતી ન હોઉં, તો આપણે સઘળાં ભૂખે મરી જઈએ. એ-એ સઘળું મૂઓ ભૂલી ગયો? અને આજે મને શિખામણ દેવા બેઠો છે! કળજુગ ને સતજુગ, બ્રહ્મા ને વિષ્ણુ! બોલતાં જ આવડે છે! એ કરતાં તું પથ્થર થયો હોત તો હજારો લોકોને કામ લાગત. તેં મનખાદેહ ધરીને શું સાર્થક કર્યું? પહેલાં પોતાના કુટુંબનું પોષણ તો થતું નથી. ધિક્ પડી તારા દેહને! ધૂળ પડી તારા અવતાર ઉપર! અરે, બળ્યું તારું જીવતર કે બૈરીને લીધે તારું પેટ ભરે છે. તારા જેવા માણસ જીવતા અને મૂએલા બંને સરખા. તું જીવીને શું ઉકાળે છે? આખો દહાડો નશો કરીને ગધેડાની પેઠે પડી રહે છે. એવા વર કરતાં રંડાપો પણ હજારગણો સારો કે દેખવુંયે નહીં અને દાઝવુંયે નહીં. તું ખરેખરો મૂએલા જેવો છે. તારા ગયા પછી આ ચૂડો ફોડી નાખવો; અને આ ચોટલો બોડાવવો તેમાં દુ:ખ શું છે? હું તો જીવતા ધણીએ રંડાપો ભોગવું છું. જે કામ તારે કરવાનું છે તે હું કરું છું, જો તું ઉદ્યમ કરી કમાતો હોત તો આ દુષ્ટ કામ કદી કરવું પડત નહીં. એ કલિયુગનું પણ માહાત્મ્ય નથી અને કોઈનું પણ માહાત્મ્ય નથી, એ તો તારું માહાત્મ્ય છે. હું જાણું છું કે એ મહાપાપ કરવાથી આપણો કોઈ દહાડો છૂટકો થવાનો નથી. એ સ્ત્રીહત્યા કરવાથી જમના માર ખાવા છે, અને નરકના કીડા થઈ અવતરવું છે. પણ શું કરવું? પેટને અર્થે કરવું પડે છે. શું આપણે જીવતાં સુધી દુ:ખમાં અને દરિદ્રતામાં દહાડા કાઢવા? શું આપણે જીવતાં આપણાં છોકરાંને ભૂખે મરવા દેવાં? અરે ગધેડા! એ બાળહત્યા શું નહીં? આપણાં પેટનાં છોકરાં ભૂખે મરે તે આપણે જોયાં કરીએ અને સ્ત્રીહત્યા ને ધૂળહત્યા કર્યા કરીએ! શું પૈસાને સારુ પાપ કોણ નથી કરતું? રાજાથી રંક સુધી સઘળા પૈસાને વાસ્તે પ્રપંચ કરે છે; વ્યાપારીઓ જૂઠું બોલે છે તથા ઘરાકોને છેતરે છે, સરકારી કારભારીઓ રુશવત ખાય છે; કારીગર લોકો વખત ચોરે છે તથા વખતે ખરેખરી જણસની ચોરી કરે છે. બિચારા બ્રાહ્મણોને કાંઈ ચોરવાનું નથી, ત્યારે શું કરવું? પૈસા તો જોઈએ; ત્યારે આ મહા પાપ કરવાની જરૂર પડે છે. મેં તો તારું મન જોવાને તને કહ્યું. હું જાણું છું કે તારામાં એવું કામ કરવાની શક્તિ નથી. પણ તું જૂઠો ઢોંગ કરે છે તે જોઈને મને ઘણો ક્રોધ ચઢે છે. કહેવત છે કે 'અશક્તિમાન ભવેત્ સાધુ.' તારામાં શક્તિ નથી ત્યારે ધર્માત્માપણું જણાવે છે. અત્યાર સુધી પુરુષનું કામ હું જ કરતી આવી છું; તું તારી પાઘડીને એબ લગાડે છે. તારી પાઘડી ઉતારીને મને આપ, અને આ મારી કાંચળી તું પહેર. જો એ કામ કરવાની તારી ખુશી ન હોય, તો મૂગોમૂગો બેસી રહે, કોઈને કહેતો ના.'' ભટ આ પોતાની સ્ત્રીનું ભાષણ સાંભળીને છક થઈ ગયો; અને શિવ! શિવ! કરી ઈશ્વરનું ધ્યાન ધરી પોતાની જગાએ બેસી રહ્યો.

હવે ભટાણીએ રાતને વાસ્તે સઘળી તદબીર ગોઠવવા માંડી; પણ એ સઘળું કરવાની અગાઉ દેવળદેવીના શરીર ઉપર કેટલું ઘરેણું છે તથા તે ક્યાં ક્યાં છે તે પહેલાં જોઈ લેવાની જરૂર હતી; માટે ભટાણી ખુશ ચહેરો રાખીને દેવળદેવીની પાસે જઈને બેઠી, અને બૈરાંની રીત પ્રમાણે વાત કરવા લાગી. કેટલાક જુદા-જુદા વિષય ઉપર વાત કરીને ઘરેણાં વિશે બોલવા માંડ્યું, અને એમ કરતાં તેનું સઘળું ઝવેર તેણે જોઈ લીધું. તે વખતે રાત પડેલી હતી, અને જમવાની તૈયારી કરવી હતી, માટે ભટાણીએ તરત રસોઈ કરી; પણ તેનું મન રાંધવામાં ન હતું. દાળ દાઝી, ભાત બળી ગયો, અને રોટલી કાચી રહી. ભટાણીને રાત્રે એક દુષ્ટ અને ભયંકર કર્મ કરવાનું હતું, તેથી તેનું મન આવું અસ્થિર થઈ ગયું હતું, એમાં કાંઈ આશ્ચર્ય ન હતું. તેના અંતઃકરણમાં જુદા-જુદા વિકારોનું તોફાન થઈ રહ્યું હતું. કોઈ વાર દયા જય પામે, એટલે દ્રવ્યનો લોભ જોર પકડીને દયાને દાબી નાખે. કોઈ વાર ધર્મની વૃત્તિ જોર પકડે ત્યારે પોતાની દુર્બળ અવસ્થા તથા પોતાનાં છોકરાંનું દુ:ખ યાદ આવી તે વૃત્તિને કચડી નાખે. એ પ્રમાણે તેના મનમાં ઊથલપાથલ થઈ રહી હતી, પીરસવામાં પણ ભટાણીનું ચિત્ત ઠેકાણે ન હતું. તેના દુષ્ટ વિચારથી તેને દૂર કરવાને અંતઃકરણ તેને ધીમે-ધીમે સમજાવતું હતું, પણ તે એકલાની સામા

બોલનારા શત્રુ ઘણા હતા. જમનારાઓએ તેને બેબાકળી થયેલી જોઈ; તેનું કારણ શું હશે તે ન જાણ્યાથી તેઓ મૂગા બેસી રહ્યા. તેઓ સમજ્યા કે એ સ્ત્રીજાત છે માટે પુરુષને દેખી શરમાય છે; પણ તેના મનનું માપ તેઓથી થઈ શક્યું નહીં. જ્યારે-જ્યારે ભટાણીનું મન સ્થિર થતું, ત્યારે ત્યારે તે બોલતી કે આવા રાજકુંવર જેવા મોટા પરોણા અમારા ગરીબ ઘરમાં આવ્યા એ અમારું મોટું ભાગ્ય, તથા તેથી અમારું ઝૂંપડું પાવન થયું; પણ તેઓની જોઈએ તેવી પરોણાગત કરવાને અમારી પાસે કાંઈ નથી તેથી અમને ઘણી લાજ લાગે છે, અને તેથી મારું મન આકુળ-વ્યાકુળ થઈ ગયું છે. ભીમદેવ તથા દેવળદેવીએ તેને મીઠાં-મીઠાં વચન કહી ધીરજ આપી. આવે વખતે ને આવી જગાએ તેઓએ તેમને રાખ્યાં એ જ તેઓનો મોટો ઉપકાર થયો, અને એ ગુણનો બદલો કોઈ વાર પણ વાળવામાં આવશે. એ રીતે તેને ઘણો દિલાસો દીધો. પણ જેને પેટમાં દુખે તેને માથે ઓસડ ચોપડવાથી શો ગુણ થાય? એ પ્રમાણે તેઓ બંનેનાં વચન ભટાણીએ સાંભળી લીધાં. પણ તેને નાનપણથી કોઈએ ઉપદેશ કર્યો હતો કે રાજાના બોલવા ઉપર ભરોસો કદી રાખવો નહીં; તેઓ તો 'ગરજ સરી એટલે વૈદ વેરી' એવી જાતના લોકો હોય છે; માટે ભટાણીને તેઓના બોલવા ઉપર કાંઈ વિશ્વાસ આવ્યો નહીં. વળી તેનો વિચાર એવો હતો કે નિશ્ચિત વસ્તુ છોડીને જે અનિશ્ચિત વસ્તુ મળવા ઉપર ભરોસો રાખે છે તેને કેવળ મૂર્ખ જાણવો. તેના મનમાં તેના ધારેલા કામમાં કાંઈ મુશ્કેલી લાગતી ન હતી, અને નાસી જઈ બચવા વિશે પણ પૂરી ખાતરી હતી. અરેરે! માણસની કેવી મૂર્ખાઈ છે! દુનિયામાં ઘણાખરા ગુના આ જૂઠા વિચારને લીધે જ થાય છે, તે પ્રમાણે ભટાણીના મનમાં આવતું હતું એમાં કાંઈ નવાઈ જેવું ન હતું.

જમી રહ્યા પછી સૌ સૂવાને ગયાં, અને તેઓને બીજે દહાડે સવારે જલદી કૂચ કરવાની હતી તેથી તેઓ સઘળાં વહેલાં સૂઈ ગયાં, અને તરત ઊંઘવાને માટે પછાડા મારવા મંડી ગયાં. ભીમદેવનાં માણસો એકદમ નિદ્રાવશ થઈ ગયાં. ભટ પોતે પણ લાંબા થઈને સૂતા, અને નશામાં ચકચૂર થયેલા તેથી પોતાની વહુની સાથે થયેલી સઘળી વાત તેના મગજમાંથી ભૂંસાઈ ગઈ, અને લહેરમાં ઊંઘી ગયા. છોકરાં સઘળાં સૂઈ ગયાં. માત્ર ઘરમાં ત્રણ જણ જાગતાં હતાં. એક તો ભટાણી પોતાના ઓરડામાં એક તલવાર તૈયાર રાખીને બિછાના ઉપર પછાડા મારતી હતી, અને ઘણી જ આતુરતાથી મધ્યરાત્રિના સમયની રાહ જોતી હતી, એક મિનિટ તેને કાળ જેવી લાંબી લાગતી હતી અને તેના મનની અવસ્થા એવી હતી કે તેનું યોગ્ય વર્ણન પણ થઈ શકે નહીં. બીજો ભીમદેવ દુશ્મનના હાથમાંથી બચ્યો, તથા પોતાની રાજધાનીમાં બીજે દહાડે સાંજરે પહોંચાશે, એ વિચારથી તથા પોતાનું ધારેલું કામ સિદ્ધ થયું અને દેવળદેવીને પોતાના ભાઈ શંકળદેવને વાસ્તે લઈ જઈશ, એ વાતથી તેને ઘણો આનંદ થતો હતો. તે છતાં પણ એક દહાડો હજી કાઢવો છે, તથા તેટલા વખતમાં કદાપિ શી શી વિપત્તિ આવી પડે તેની તેને ખબર ન હતી તેથી તેને ઊંઘ આવતાં મુશ્કેલી પડતી હતી. તોપણ થોડી વારમાં તે ભરઊંઘમાં પડ્યો. ત્રીજી દેવળદેવીની સ્થિતિ સુખદાયક તથા દુઃખદાયક એ બંને હતી. અગર જો સાચા તથા પવિત્ર પ્યારનો રસ્તો નિર્વિઘ્ન હોતો નથી, અગર જો તે રસ્તો ઘણો વિકટ તથા ખડબચડો હોય છે, અગર જો ધારેલી ઉમેદ પાર પાડતાં ઘણો વિલંબ લાગે છે, તથા વચમાં ઘણી-ઘણી અડચણો નડે છે, તોપણ અંતે સાચા સ્નેહનો જય થાય છે; અંતે વહાલાનો સંયોગ થાય છે; અને અંતે આગલાં સઘળાં દુઃખના બદલામાં ઘણું સુખ મળે છે, એ વાત ઉપર વિચાર કરવાથી દેવળદેવીના મનને ઘણો દિલાસો મળતો હતો, તથા તેનો જીવ ઘણો ઉલ્લાસમાં હતો. તે બિચારી હજી બાળક હતી. તેને હજી કોઈ અનુભવ ન હતો. તેણે માત્ર તડકો જ જોયો હતો, છાંયડાનો તો તેને અનુભવ જ ન હતો. દુનિયામાં કેટલી હરકતો નડે છે તે તે જાણતી ન હતી; માટે જેની છબી તેના અંતકરણમાં રહી હતી, જેનું તે નિરંતર મનન કર્યા કરતી હતી, જેની સાથે

તેણે પહેલો જ પ્યાર બાંધ્યો હતો, તથા જેને તેણે પોતાનું તન, મન, અને ધન અર્પણ કરેલું હતું તેનો કાલે મેળાપ થશે, એ આતુરતાથી જ તેના જીવને અત્યારે જરા પણ ચેન પડતું ન હતું. તે બિચારી દેવળદેવીને કાલે શું થવાનું છે તેની ખબર ન હતી. તે આસપાસની હકીકત પ્રમાણે પોતાના મનની સ્થિતિ રાખતી. ભીમદેવ તથા તેનાં માણસો બહારથી ચિંતા વિનાનાં દેખાતાં હતાં, તેને લીધે તેના મનમાં ધીરજ રહેતી હતી, તથા તેઓની ખુશીની સાથે તેને ખુશી થતી હતી. પોતાના પરમ પ્રિયનું દર્શન, તેની સાથે પહેલી મુલાકાત, પરસ્પરનો હેતનો ઊભરો, પ્રેમસહિત વાતચીત, તથા આગળ કેવાં સુખ ભોગવવાં છે, તે સઘળું તેની આંખ આગળ રમી રહ્યું હતું. કલ્પનાશક્તિ જોરાવર હોવાને લીધે તેને અતિ સુખ પ્રાપ્ત થતું. પણ અફસોસ! ભવિષ્ય ઉપર એક ભયંકર કાળો પડદો પડેલો હતો અને પરમ દયાળુ પરમેશ્વરની કૃપાથી તે પડદાની આરપાર તેનાથી જોઈ શકાતું ન હતું, તેથી તેની પેલી ગમ સઘળું સુખરૂપ છે, એવી કલ્પનાથી તે બિચારી પોતાનો કાળનિર્વાહ કરતી, અને આ પ્રમાણે કલ્પેલું સુખ ભોગવવામાં જ તે નિદ્રાને વશ થઈ.

રાતના બે વાગ્યા. રાતનો ભરપૂર અમલ બેઠેલો હતો. ચંદ્રમા અસ્ત પામ્યો હતો, અને સઘળે ઠેકાણે અંધકાર વ્યાપી ગયો હતો. આખી સૃષ્ટિમાં ચૂપાચૂપ હતું. માત્ર વખતે-વખતે ઘુવડ અથવા ચીબરીનો કઠોર શબ્દ કાને પડતો હતો. આ વખત ચોરોને ઘણો અનુકૂળ પડે એવો હતો. એ વખત ભૂતપિશાચ વગેરે મલિન પ્રાણીઓને બહાર ફરવા નીકળવાનો ગણાતો હતો. આ વખતે સદ્ગુણ આરામ પામતો હતો, અને દુર્ગુણ જ માત્ર જાગી ઘડી ગણતો હતો. એવે વખતે ભટાણી જાગ્રત થઈને ઊઠી, અને ખૂણામાં જે તલવાર સંતાડેલી હતી તે પકડી. તે ધીમે-ધીમે જે ઠેકાણે દેવળદેવી સૂતી હતી ત્યાં ગઈ, અને પોતાના ધારેલા કામને પાર પાડવાની તૈયારી તેણે કરી. ઓરડામાં સઘળાં ભરઊંઘમાં હતાં, તેઓની ઘોરથી ઘણો મોટો તથા ભયંકર શબ્દ થઈ રહ્યો હતો, દીવો ઝાંખો-ઝાંખો બળતો હતો તોપણ જેટલાં પ્રકાશનાં કિરણ તેમાંથી નીકળતાં હતાં, તેઓમાંથી ઘણાં દેવળદેવીના રૂપવંતા વદન ઉપર પડતાં હતાં. આ અંધકાર અને અજવાળાની મર્યાદા ઉપર દેવળદેવી સૂતી હતી, અને તેની પાસે ભટાણી હાથમાં નાગી તલવાર લઈને ઊભી હતી. આ કેવો દેખાવ! આ વખતે કોઈ ચતુર ચિતારો હોય તો તેને પોતાના ચિત્રને માટે એક વિચિત્ર પણ ભયાનક વિષય મળી આવે. એક તરફ એક ભરજુવાનીમાં ફૂટતી, રૂપાળી, નિર્દોષ સ્ત્રી ભરનિદ્રામાં ગર્ક થયેલી હતી; અને બીજી તરફ એક મધ્યમ અવસ્થાની ક્રૂર, ચંડાળ સ્ત્રી મહાપાપ કરવાને તત્પર થઈ હાથમાં પ્રાણઘાતક શસ્ત્ર લઈ ઊભી હતી. એક તરફ ઇંદ્રની રંભા, અને બીજી તરફ એક શંખણી, એક તરફ કમળલોચની પોતાનાં નેત્રકમળની પાંદડી બીડીને વિશ્રાંતિ લેતી હતી; અને બીજી તરફ લોહીવર્ણ, ફાટેલા ખૂની ડોળાવાળી રાક્ષસી દુષ્ટ વાઘની પેઠે પોતાના શિકાર તરફ તાકતી હતી. એક તરફ સદ્ગુણી, શાંત મનની અબળા નિદ્રાદેવીની બાથમાં ભરાયેલી હતી; અને બીજી તરફ સ્ત્રીના નામને એબ લગાડનાર બાયડી અતિ દુષ્ટ કર્મ કરવાને તત્પર થયેલી હતી; તેના મનમાં જેમ વાવાઝરડાંથી સાગરનું પાણી ઊછળે છે તેમ ઊથલપાથલ થઈ રહી હતી. આ ભયંકર વખતે તેણે તલવાર ઉગામી તો ખરી, પણ તે નીચે પડતાં વચમાં અટકી ગઈ. ખરે કોઈ સદ્ગુણની, કોઈ નિર્દોષપણાની રક્ષણ કરનાર દેવીએ તે શસ્ત્ર પકડી રાખ્યું. ભટાણીનો હાથ નિર્બળ થઈ ગયો, તલવાર હાથમાંથી પડી ગઈ; તેની કાયા શિથિલ થઈ થરથર કાંપવા લાગી; તેને સર્વાંગે પરસેવો છૂટ્યો; અને કપાળ ઉપર પાણીનાં ટીપાં બંધાયાં; તેના મોં ઉપરથી લોહી ઊડી ગયું; અને જેવો શરીરના બહારના ભાગમાં મોટો ફેરફાર થયો તેવો માંહે પણ થયો. પ્રિય વાંચનાર! આ ઠેકાણે સવાલ ઊઠશે કે આ શાથી થયું? અંતઃકરણના પશ્ચાત્તાપથી જ. ભટાણીએ જો જતાં વાર ઘા માર્યો હોત, તો તે દુષ્ટ કામ થઈ ગયું હોત; પણ તેણે આવીને દેવળદેવીનું મોં કેટલીક વાર જોયાં કર્યું,

તેથી ઊંચી વૃત્તિઓને જોર પકડવાનો વખત મળ્યો; અંતઃકરણે પાછો પોકાર કર્યો. દેવળદેવીના સુંદર તથા નિર્દોષ મુખમાંથી જે શીતળ કિરણો નીકળ્યાં તેથી ભટાણીના મનની આગ હોલવાઈ ગઈ, અને એ વખત દયા તથા બીજા કોમળ વિકારો મદદે આવ્યા, તેથી ભટાણી બદલાઈ ગયાં. લાગલો જ પશ્ચાત્તાપ ઉત્પન્ન થયો. આ સુંદર કોમળ કાયા ઉપર કઠણ લોઢાનો ઘા કોણ કરી શકે? આ રૂપાળા ફૂલની કળી કોનાથી તોડાય? આ શોભાયમાન વૃક્ષ ઉપર કુહાડો કેમ મરાય? તેથી ભટાણી તલવાર પાછી લઈ પોતાની તળાઇ ઉપર સૂઈ ગયાં, એમાં કાંઈ આશ્ચર્ય નથી. સદ્ગુણનું આટલું જોર છે; પશ્ચાત્તાપની એટલી અસર છે; પણ તે સઘળું થવાને માટે વખત અવશ્યનો છે. કોઈ પણ દુષ્ટ કર્મ કરવા અગાઉ જો થોડોઘણો વખત મળે તો તે કર્મ થતું બંધ પડવાનો ઘણો સંભવ રહે છે.

પ્રભાતનો પહોર થવાની લગભગ વેળા થઈ. સૃષ્ટિનું રૂપ બદલાવા માંડ્યું. પક્ષીઓ તથા બીજાં પ્રાણીઓ જાગ્રત થઈ પોતપોતાને કામે નીકળ્યાં. ગામનાં કૂતરાંઓ ભસવા લાગ્યાં. સવારોના ઘોડાઓએ ખંખારવા માંડ્યું અને ભીમદેવનાં સઘળાં માણસો તૈયાર થઈ કૂચ કરવાને નીકળ્યાં. ભીમદેવ પણ પોતાના ઘોડા ઉપર સવાર થયો. દેવળદેવી ઘરમાંથી બહાર નીકળી, અને તેને વાસ્તે જે ઘોડો તૈયાર કર્યો હતો તે ઉપર તેણે બેસવા માંડ્યું. તે વખતે ભટજી હાથ જોડીને ભીમદેવની આગળ ઊભા રહ્યા; આશીર્વાદના મંત્ર ભણ્યા; અને દક્ષિણાને માટે આતુરતા દેખાડી. ભટાણી નીચું માથું રાખીને દેવળદેવીની સામી ઊભી રહી. રાતની વાત યાદ આવવાથી ભટાણીથી દેવળદેવીની સામું જોઈ શકાયું નહીં. તેને એટલી તો શરમ લાગી કે જો તે વખતે ધરતી માર્ગ આપે તો તે માંહે પેસી જાય. દેવળદેવી તો તે સવારે ઘણી હસમુખી દેખાઈ, અને ઘણા ઉમંગથી ભટાણીને પાસે બોલાવી તેણે જે ચાકરી કરી તથા આવે વખતે જે પરોણાગત કરી તેને માટે તેનો ઉપકાર માન્યો, અને રાત્રે જેટલું ઝવેર તેના અંગ ઉપર હતું તે સઘળું એક દાબડામાં ભરી તેને આપી દીધું, અને તેને એવું વચન આપ્યું કે દેવગઢ પહોંચ્યા અને ત્યાં ઠરીઠામ થયા પછી તને પણ ત્યાં બોલાવી લઈશ, અને પોતાની પાસે હંમેશાં રાખીશ. ભટને પણ સો સોનાની દક્ષિણા મળી, અને વળી રાજધાનીમાં ગયા પછી દરબારમાં બોલાવી તેને જન્મ સુધી ન્યાલ કરી નાખવાની કબૂલાત આપી. આવી રીતે તે દુર્ભાગી દરિદ્રી કુટુંબના સુખના સૂર્યનો ઉદય થયો, તેથી ધણીધણિયાણીને જે અતિ આનંદ થયો તેની વાંચનારાઓએ કલ્પના કરી લેવી. જો ભટજી નશાના અમલથી સદા આનંદી ન હોત તો આ સુખની અકસ્માત્ રેલ આવવાથી તેનું મગજ ઘસડાઈ જાત,અને છેક ગાંડો થઈ જાત, તેમજ જો ભટાણીનું મન મજબૂત ન હોત તો તે જ વખતે તે હર્ષ સનેપાતથી પડીને મરણ પામત. તેઓનાં મનમાં ઉપકાર ઊભરાઇ જવા લાગ્યો, અને આ ગુણનો કાંઈ બદલો વાળવાને તથા પશ્ચાત્તાપના કીડાને કાંઈ નરમ પાડવાને ભટાણીએ દેવળદેવીની સાથે જવાનો નિશ્ચય કર્યો, અને તે બીજી દાસીઓના ટોળામાં પોતાનાં છોકરાંને સાથે લઈ સામેલ થઈ. ભટજી પણ તેની સાથે ચાલ્યા. એ પ્રમાણે સવારી ગામ બહાર નીકળી. ગામના લોકો તેઓને વળાવવા આવ્યા, તથા પોતાના રાજકુંવરને વાસ્તે તથા જે તેઓની હવે પછી રાણી થનાર હતી તેના ઉપર તેઓએ ઘણો પ્યાર દેખાડ્યો; તેઓના ઉપર ફૂલોની વૃષ્ટિ કરી; અને ઘરડાથી તે બાળક સુધી સઘળાં માણસોએ પોતાના અંતઃકરણથી તેઓને આશીર્વાદ દઈને પરમ કૃપાળુ ઈશ્વર પાસે એટલું માગી લીધું કે તેઓને રસ્તે દુષ્ટ મ્લેચ્છનો અથવા બીજા કોઈનો ઉપદ્રવ થાય નહીં, અને તેઓ સુખરૂપ તથા સહીસલામત રાજનગરીમાં જઈ પહોંચે. તેઓમાંથી આશરે સો જુવાનો હથિયારબંધ ભીમદેવની સાથે ચાલ્યા અને બાકીના પોતપોતાને ઘરે ગયા.

જ્યારે ભીમદેવની સવારી દેવનગરી તરફ જતી હતી તે વખતે અલફખાં શું કરતો હતો તે ઉપર જરા આપણે નજર કરીએ. જે મેદાનમાં આવી અલફખાં અટક્યો ત્યાં જ તેણે તેના

લશ્કરને માટે છાવણી કરી. થોડી વારમાં તે ઠેકાણે એક ગામ બની રહ્યું. નાના પ્રકારના તંબુઓથી તે જગા શોભી રહી હતી. વચ્ચે એક મોટો બજાર મંડાયેલો હતો. લશ્કરને માટે જે-જે અવશ્યનું હતું તે સઘળું ત્યાં આવી પહોંચ્યું હતું, અને અગર જો દુકાનદાર તથા બીજા કેટલાક લોકોને ફાયદો હતો, અને તેથી તેઓ ઘણા આનંદમાં દેખાતા હતા તોપણ મુખ્ય સરદાર, નાના અમલદારો, તથા ઊંચા વર્ગના સિપાઈઓમાં ભારે દિલગીરી પથરાયેલી હતી. અલફખાંના દુઃખનો તો કાંઈ પાર જ ન હતો. તેનાં કારણો એવાં એવાં તો ખુલ્લાં છે કે તે કહેવાની કાંઈ જરૂર નથી. હવે તો તે બિલકુલ નિરાશ થઈને બેઠો. હવે કાંઈ જ ઇલાજ રહ્યો નહીં, અને હવે પછી શું થશે તેની તેને કાંઈ ખબર ન હતી. હવે આગળ જવામાં કાંઈ ફાયદો ન હતો. દેવગઢ એક મજલ દૂર રહ્યું હતું; પણ તે શહેર ઉપર તેની પાસે જેટલાં માણસો હતાં તેટલાં લઈ જવામાં કાંઈ નફો ન હતો. એટલું જ નહીં પણ ઘણું નુકસાન હતું. કેમ કે એટલાં મુઠ્ઠીભર માણસો દેવગઢનો રાજા સહેજ કાપી નાખશે, એમ તે સમજતો હતો. પાછું જવું એ વિના બીજો રસ્તો ન હતો, પણ એ કેવો દુઃખદાયક વિચાર!

તેના સિપાઈઓ પણ તેવી જ દિલગીરીમાં ગિરફતાર થયા હતા. તેઓની સઘળી મહેનત છૂટી પડી, અને આટલું દુઃખ તથા સંકટ વેઠયા પછી અપયશનો ગાંસડો બાંધ્યો. કાફર હિંદુઓ તેઓ ઉપર હાથ મારી ગયા એથી તેઓ ઘણા ગુસ્સે થયા. જો પોતાના દીનવાળાઓ સાથે લડતાં હાર્યા હોત તો આટલી ફજેતી ન હતી. તેઓ વારે-વારે મૂછ ઉપર તાવ દેતા હતા, અને તેઓની ચાલ ઉપરથી "મિયાં પડે ટંગડી ખડી" એ કહેવત ખરી પડતી હતી. જ્યારે રાત પડી ત્યારે તેઓનાં જુદાં-જુદાં ટોળાં બંધાયાં, અને મોટાં-મોટાં તાપણાં સળગાવી જુદે-જુદે ઠેકાણે તેઓ કૂંડાળાં વળીને બેઠા. તેઓમાંથી એક કૂંડાળામાં બે સિપાઈઓ નીચે પ્રમાણે વાત કરતા હતા :

સોભાનખાં — મિયાં ઇબ્રાહીમખાં! અલ્લા તમને સલામત રાખે, પણ અલફખાંનું પાણી હવે ગયું. પાદશાહની હજૂરમાં તેણે વક્કર ખોયો. એ રંડી ખરેખર હાથમાંથી છટકી ગઈ. પણ અલ્લાના કસમ, એમાં અલફખાંનો કાંઈ વાંક નથી. તેનાથી જેટલી મહેનત થઈ તેટલી તેણે કરી. સઘળી વાત ખુદાના હાથમાં છે. તેની એ પ્રમાણે જ ખુશી હશે.

ઇબ્રાહીમખાં — વાત તો સાચી કહી. રંડી હાથમાંથી છટકી તો ગઈ, અને તેમાં અલફખાંનો ઘણો કસૂર નથી. પણ તેણે થોડી આપણી પણ મસલત લીધી હોત તો સારું. તે પોતાની જ અક્કલ પ્રમાણે ચાલ્યો તેમાં આવાં ફળ નીપજ્યાં. હવે તે પાદશાહને શી રીતે મોં બતાવશે? પણ એ સઘળું કારસ્તાન પેલા ખોજાનું છે. વધારે કહેવાની શી જરૂર છે? થોડામાં સમજી લેવું, તેણે પોતાને આબરૂ મળવા માટે આ જંગલમાં એક ભૂખડી રાજા ઉપર ચઢાઈ કરી, અને આ જંગલમાં અને પહાડોમાં મુસલમાન લોકોને ફસાવ્યા. ખુદાને માલૂમ કે એનું પરિણામ શું થશે. પણ હાલ તો બિચારો અલફખાં ગરદન મરાયો. ખુદા ખેર કરે. શું થશે?

સોભાન — જ્યારે તમે આગળ વાત ચલાવી ત્યારે તો મારે કહેવું જોઈએ કે એ ખોજાને તો એ રાંડ સાથે કાંઈ જ નિસબત નથી. એને તો દેવગઢના રાજાને પાધરો દોર કરવો છે. પણ પાદશાહના ઝનાનખાનામાં એક રજપૂતાણી રાંડ છે તેને પાદશાહ વશ થઈ ગયો છે. તે ખરેખરી પરીજાત છે. જેવી બેહેશ્તની હૂરી. પાદશાહ તેનામાં ગુલતાન થઈ ગયો છે, એમાં કાંઈ નવાઈ જેવું પણ નથી. ઓરતની વાત જ એવી છે. તે રંડીના કહેવા ઉપરથી અલફખાંને અહીં આવવું પડ્યું. નાસી ગયેલી ઓરત તેની દીકરી થાય છે. તેને દિલ્હીમાં પોતાની પાસે બોલાવવી છે. પાદશાહની વાત જ ન પૂછવી. અલ્લા જાણે, એ જુવાન છોકરીને પાદશાહ શું કરશે? માને પરણીને હવે છોકરી સાથે શાદી કરશે? અગર નહીં તો શાહજાદા સાથે પરણાવશે? કાફર લોકોમાં પણ ઘણી ખૂબસૂરત ઓરતો છે તે ખુદાએ આપણે જ માટે પેદા કરેલી છે. પણ જ્યારે

પાદશાહ તે સઘળીને પોતાની પાસે ખેંચી લેશે, ત્યારે આપણા જેવા સિપાઈ બચ્ચાને ઓરતો ક્યાંથી મળશે? પાદશાહનો પણ જુલમ છે.

મલેક જાફર — (વચ્ચે બોલી ઊઠ્યો) કેમ છે મિયાં સાહેબો? કાંઈ અક્કલ ગીરો મૂકી છે? હજરતો! કાંઈ જિંદગીથી કાયર થયા છો? નકામા મોત શા માટે માગી લો છો? જો તમારી વાત પાદશાહના જાણ્યામાં આવશે તો તમારા કટકે કટકા કરી નાખશે. તમે હજી અલાઉદ્દીન ખિલજીને ઓળખતા નથી. તે સઘળે ખાનગી જાસૂસો રાખે છે અને ગમે તેવી છાની વાત થાય તોપણ તેને કાને પડ્યા વિના રહેતી નથી. માટે હંમેશાં સમાલીને વાત કરવી જોઈએ. એમાં નફો નથી, ઊલટી હાનિ છે; માટે એ વાત બદલી નાખવી જોઈએ, બીજી ઘણીએ વાત છે.

સોભાન — ઇસ્તગ્ફરૂલ્લાહ! વાત સાચી છે. બીજી વાત કરવી જોઈએ. વારુ, આટલામાં કાંઈ જોવાલાયક જગા છે? હવે અહીં નવરા પડી રહ્યા છીએ, ત્યારે કાંઈ ગંમત કરવી જોઈએ.

મ. જા. — સુબાનઅલ્લાહ! જગા તો એવી બતાવું કે તમે જોઈને ખુશ થઈ જાઓ. અહીંથી થોડેક દૂર કાફર લોકોનાં દેવળ છે. એવાં સઘળી જહાંનમાં નહીં હશે. અલબત્ત, મક્કા, મદીનામાં જે આપણી મસ્જિદો છે તેની વાત તો કહેવી જ નહીં. વેરુલ કરીને એક પાસે ગામ છે તેમાં ગુફાઓ છે તેની શી તારીફ કરું! તે ઉપરની નક્શી તથા કોતરેલું કામ તો જોયાં જ કરીએ. હિંદુ લોકોમાં પણ મોટા કારીગરો થઈ ગયેલા છે. એ લોકો ઘણી વાતમાં હોશિયાર છે. એક તેઓનો દીન શેતાનનો બનાવેલો છે, અલહમ્દુલિલ્લાહ! ખુદા તેઓને વધારે રોશની આપે.

સોભાન — મિયાં સાહેબ! એ કોતરોનું થોડું બ્યાન કરો.

મ. જા. — તેઓનું બ્યાન થઈ શકે એવું નથી; જોયાથી જ તેની ખૂબી જણાય. પણ જ્યારે તમારા સઘળાની ખાહિશ છે ત્યારે તેનો એક ટૂંકો અહેવાલ મારી મગદૂર પ્રમાણે હું આપું છું. વેરુલ ગામથી આશરે અર્ધા કોશ ઉપર એક અર્ધચંદ્રાકાર પહાડ છે. તેના આગલા ભાગમાં એ ગુફાઓ છે. તેઓ બ્રાહ્મણ, જૈન તથા બૌદ્ધ લોકોની છે. જમીનની અંદર દેવળો એટલાં બધાં છે તથા તેઓ એવાં શોભાયમાન છે, તેઓમાંનાં કેટલાંક એટલાં તો મોટાં તથા ઊંચાં છે, બીજાં કેટલાંકમાં એવી તો ભાતભાતની નક્શી છે, અજાયબ સરખાં પાતરાં તથા વેલ એવી તો કોતરેલી છે; થાંભલા ઉપર એવી તો બારીક તથા ખૂબસૂરત નક્શી છે, તેઓના ઉપર દેવીની મૂર્તિ એવી તો રમણીય ખોદી કાઢી છે, તથા પૂતળાં એવાં-એવાં તો મોટા કદનાં છે કે આપણે એ સઘળું જોઈને ખરેખરા તાજુબ થયા વિના રહીએ નહીં. કેટલીક ગુફાઓને બ્રાહ્મણ લોકો ધિક્કારીને ઢેડવાડો કહે છે. તેઓ ચોમાસાના દહાડામાં ઘણી જ રળિયામણી દેખાય છે. જે કોતર છે તે ઘણું જ મોટું તથા ખૂબસૂરત છે, અને તેના આગલા ભાગ આગળથી ચોમાસામાં એક નાની નદી વહે છે. એ નદી જ્યાં નીચેના મેદાનમાં પડે છે ત્યાં એક સુંદર પાણીનો ધોધ થાય છે, અને તેથી દહેરાં આગળ એક કાચના જેવો નિર્મળ પારદર્શક પડદો થઈ રહે છે. ગુફાના મોં આગળથી તે છેક છેડા સુધી જમીન ઉપર બે પથ્થરની પાટલી સામસામી સીધી ને સીધી જડેલી છે તે ઉપર વિદ્યાર્થીઓ, લહિયા, તથા દુકાનદારો બેસે છે, અને વચ્ચે થઈને છેક છેડાની મૂર્તિ આગળ જવાય છે. ઘણું લંબાણ થઈ જાય માટે વધારે બોલતો નથી; પણ એટલાથી જ તે ગુફાઓ કેવી જોવાલાયક છે તેનો તમારે ખ્યાલ કરી લેવો. પણ તે ગમે તેવી સારી હોય તોપણ જોવા શી રીતે જવાય! અલફખાંની રજા લેવી જોઈએ. હમણાં રજા માગવા કોનાથી જવાય? અને આવે વખતે આપણે સેર કરવાનો વિચાર કરીએ એ સાંભળીને તે ઘણો ગુસ્સે થશે, અને રજા આપશે નહીં એટલું જ નહીં, પણ તે આપણને ઘણો સખ્ત ઠપકો દઈ કાઢી મૂકશે. માટે શો વિચાર છે?

સોભાનખાં, ઇબ્રાહીમખાં તથા બીજા ઘણા સિપાઈઓ બોલી ઊઠયા કે આપણે પણ મુસલમાન બચ્ચા છીએ. આપણે લશ્કરમાં આપણા પાદશાહની ખાતર લડવા આવ્યા માટે તેને

કાંઈ આપણે વેચાયા નથી. રજા માગવાની કાંઈ જરૂર નથી. જો આપણે ઘણા જણ સાથે જઈશું તો અલફખાં કે તેનો બાપ શું કરનાર છે? આપણે સઘળાને કાંઈ ફાંસી દેવાનો નથી, અને કાઢી મૂકશે તો શી ફિકર છે? હવે કામ સઘળું થઈ ચૂક્યું છે. આપણે અહીં આટલા દહાડા મોટું દુઃખ ભોગવ્યું, તથા ઘણી મુસીબતો વેઠી ત્યારે હવે એક દહાડો સેર કરવાનો નહીં મળે? હવે જે થવાનું તે થઈ રહ્યું. અલ્લાનું નામ લઈને મોજ કરીએ. અહીં ફરી-ફરીને ક્યાં આવવાના છીએ? જીવ્યા કરતાં જોયું ભલું. માટે બસો-ત્રણસો માણસો એકઠા થઈએ; પછી જે થનાર હોય તે થાય. રજા લેવાની કંઈ જરૂર નથી. માટે, અત્યારે કોણ-કોણ આવવાને રાજી છે તેઓને ચુપકીથી એકઠા કરવા, અને રાત્રે સઘળી તૈયારી કરી રાખી સવાર ન પડે એટલામાં બીજા કોઈ ન જાણે તેમ કૂચ કરી ચાલ્યા જવું. એ સિવાય બીજો કાંઈ રસ્તો નથી.

વેરુલની ગુફા જોવા જવાને તે જ રાત્રે આશરે ત્રણસો માણસ તૈયાર થયા અને પાછલી રાત્રે ઊઠીને તથા સાથે હથિયાર રાખીને તેઓ સઘળા ચાલતા થયા. એ કામ તેઓએ એવું છાનામાના કર્યું કે છાવણીમાંથી કોઈને કાંઈ ખબર પડી નહીં, અને જે થોડાએ જાણ્યું તેઓ કાંઈ પણ બોલ્યા નહીં. આ સેર કરવા નીકળેલી ટુકડી ઘણી રમણીય જગાઓમાં થઈને ચાલી. જમીન ઘણી જ ઊંચીનીચી હતી. નાના પહાડો વનસ્પતિથી છવાઈ ગયેલા હતા અને ઘણા શોભાયમાન દીસતા હતા. નીચે ખીણોમાં કાચ જેવી નીતરી નાની નદીઓ વહેતી હતી. તે ઉપર જ્યારે સૂર્ય પ્રકાશ્યો ત્યારે તો શોભાની કાંઈ મણા રહી નહીં. સવાર કેવી રળિયામણી લાગતી હતી! તેમાં આવા જખ્ખડ સિપાઈઓ જેઓનો સઘળો અવતાર માણસોને ચીભડાંની પેઠે કાપી નાંખવામાં ગયેલો, તથા જેઓ દારૂગોળાની પડોશમાં જ રહેલા, અને સૃષ્ટિની લીલા જેઓએ જોયેલી જ નહીં, તેઓમાંથી જો કોઈને ઈશ્વરનાં સુંદર કામ તપાસવાનો શોખ હોય તો તેને તે સવારે અતિ આનંદ થયા વિના રહે જ નહીં. સૂર્યોદય થતાં જ પહેલાં તો પહાડોની ટોચો ઉપર સઘળે તડકો પડ્યો; હજી બીજી નીચી જગાઓ ઉપર અંધારું હતું, પણ ધીમે-ધીમે નદીઓનાં પાણી પણ ચળકવા લાગ્યાં. ઝાડોનો લીલો રંગ ભભકાદાર જણાવા માંડ્યો. ઝાડીઓમાંનાં પક્ષીઓએ નાના પ્રકારના મધુર સ્વર કાઢીને આખી જગા ગજાવી મૂકી. વચ્ચે વચ્ચે રાની પશુઓનો કઠોર શબ્દ સંભળાતો હતો. એવી જગામાંથી જોતા જોતા તે લોકો આગળ ચાલ્યા.

હવે ભીમદેવ, દેવળદેવી, સવારો, સિપાઈઓ, દાસ, દાસીઓ, ભટ, ભટાણી, વગેરેનું શું થાય છે તે ઉપર નજર કરીએ. ગામની બહાર નીકળ્યા પછી કેટલેક દૂર સુધી રસ્તામાં કાંઈ પણ બનાવ બન્યો નહીં. આશાથી ભરપૂર, ભયરહિત તથા ખુશ દિલથી તેઓ ચાલ્યાં જતાં હતાં. દેવળદેવી એક સુંદર તથા જલદ ઘોડા ઉપર બેસીને ઊંડા વિચારમાં ઘોડાની મરજી પ્રમાણે આગળ જતી હતી. તે દહાડો તેની જિંદગીમાં સૌથી મોટો હતો; તે દહાડે તેની સઘળી ઇચ્છા સફળ થવાની તે આશા રાખતી હતી; તે દહાડે તેના પ્રિયતમનું મોં તેને જોવું હતું; તે દહાડાથી તેના સંસારનો આરંભ થવાનો હતો; અને તે દહાડો તેના કલ્પેલા સુખી વખતનો પહેલો જ હતો. માટે તે દહાડે તેને અતિ સુખની સાથે ઘણી જ ચિંતા મનમાં રહે તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

દહાડો ધીમે-ધીમે ચઢવા લાગ્યો; અને ખરા બપોર થયા એટલે કેટલેક દૂરથી કોઈ રડતું હોય એવો અવાજ સઘળાઓએ સાંભળ્યો. બપોરને વખતે આવો ભયંકર શબ્દ કાને પડ્યો તેથી સઘળા ચમક્યા. દેવળદેવીએ જાણ્યું કે કોઈ માણસ મોટી વિપત્તિમાં આવી પડેલું છે, અને તેને મદદ કરવાની જરૂર છે, માટે સવારી અટકાવી અવાજ જ્યાંથી આવે છે ત્યાં જવું એવી મરજી થઈ; અને તેણે પોતાની સાથેનાં માણસોને અટકાવ્યાં, ભીમદેવને ત્યાં જરા પણ થોભવાની ખુશી ન હતી. રસ્તામાં આગળ શું થશે તેની કાંઈ ખબર ન હતી; માટે જેમ બને તેમ જલદીથી કૂચ કરી શહેરમાં પહોંચી જવું એવો તેનો વિચાર હતો. પણ જ્યારે દેવળદેવી અટકી ત્યારે તેને પણ અટકવાની જરૂર પડી અને તેઓ સઘળા તે બાજુ તરફ વળ્યા. અવાજ વધારે-

વધારે સાફ સંભળાવા લાગ્યો, અને કેટલેક દૂર ગયા પછી તેઓએ એક ઝાડની નીચે એક બૈરીને બેઠેલી જોઇ, તે બૂમ પાડીને રડતી હતી. આ બૈરી દુઃખ થતા દરિદ્રતાનું ખરેખરું સ્વરૂપ હતી. તેના શરીર ઉપર જે ફાટાં ચીંથરાં ઢાંકેલાં હતાં તેમાંથી તેનું આખું શરીર જણાતું હતું, અને તે ચીંથરાં એટલાં તો મેલાં હતાં કે અસલ તેઓ કેવા રંગનાં હશે તે હાલ કહેવું અશક્ય હતું, તથા તેમાં જૂ વગેરે બીજાં જીવડાંઓએ વાસો કર્યો હતો. તેના મોં ઉપરથી દેખાતું હતું કે તે કાંઈ મહાભારત દુઃખમાં આવી પડેલી છે. તે એવી તો બદસિકલ તથા બિહામણી હતી કે તેને જોઈને ધોળે દિવસે પણ બીક લાગ્યા વિના રહે નહીં. દેવળદેવીનો ઘોડો પાસે આવતાં જ તે એકદમ ઊઠી, અને લગામ પકડી તેને પાછો ઘસડવા લાગી. ઘોડો તો ઘણા વેગે દોડ્યો, અને તેની સાથે પેલી બૈરી પણ દોડતી ચાલી. સઘળા સિપાઈઓ તો જડભરત થઈ ઊભા રહ્યા. આ કોઈ પ્રેત, ડાકણ, કે શાકણી હશે, અને તે દેવળદેવીને ઢસડી જઈ કોઇ નદીમાં ડુબાડી દેશે, અથવા બીજી રીતે તેનો પ્રાણ લેશે એ વિશે તેઓને કાંઈ શક રહ્યો નહીં, અને તેની આગળ આપણું કાંઈ ચાલવાનું નથી એવી ખાતરી થવાથી તેઓએ તેની પાછળ કાંઈ દોડ કરી નહીં, પણ મૂંગા મૂંગા જોયા કર્યું દેવળદેવીનો ઘોડો જ્યારે ઘણો દૂર નીકળી ગયો, ત્યારે ભીમદેવે હિમ્મત પકડી પોતાનો ઘોડો પાછળ ફેંક્યો, અને તે એવો તો વીજળીના વેગે ચાલ્યો કે તે દેવળદેવીને પકડી પાડશે એમાં કાંઈ શક રહ્યો નહીં. ભીમદેવની પાછળ કેટલાક સવાર પણ ગયા. ભીમદેવે દેવળદેવીનો ઘોડો આઘે જોયો તેની પાછળ તે ઘણા જોરથી ધસ્યો. આશરે એક કલાક સુધી દોડ કર્યા પછી તેઓ પાસે-પાસે આવી ગયાં. તે વખતે તે રાંડને જોઈને ભીમદેવને એટલો બધો ક્રોધ ચઢ્યો કે પોતાની તલવાર કાઢીને તેને મારી, પણ હવામાં તલવાર મારવી અને તેને મારવી બરોબર. ઘા પડ્યો તો ખરો, પણ હવામાં. બૈરી તો એક બળતું થઈને ઊડી ગઈ, અને ત્યાંથી બે કદમને છેટે આવી પાછી ઊભી રહી. ભીમદેવ રજપૂત બચ્ચો હતો તોપણ આ તમાશો જોઈને તેનાં ગાત્ર શિથિલ થયાં; તેના મનમાં ઘણી દહેશત ભરાઈ; પણ હિમ્મત કદી હારવી નહીં એ રજપૂતનો પહેલો તથા મુખ્ય ધર્મ; માટે પાછો સાવધ થઈ તેણે મોટે અવાજે પૂછ્યું :–"તું કોણ છે? તારે દેવળરાણીની સાથે શું કામ છે? તું તેને ક્યાં લઈ જતી હતી? અને તેને શું કરવાનો તારો વિચાર હતો?" બૈરી છેક બદલાઈ ગયેલી હતી, ભડકું થઈને તે ઊડી ગઈ અને પાછી આવી ત્યારે તેમાં બિલકુલ ફેરફાર થઈ ગયેલો હતો. હમણાં તો તે દેવાંગના જેવી રૂપાળી દેખાતી હતી. તેના મોંની કાન્તિ ઘણી જ સુંદર હતી. તેણે જરીનાં વસ્ત્ર પહેરેલાં હતાં, તથા તેના અંગ ઉપર ઘણાં અમૂલ્ય તથા શોભાયમાન આભૂષણ હતાં. તેના ચહેરા ઉપર ઉદાસી જણાતી હતી, તથા તેની આંખ દયાથી ભરેલી હતી. ભીમદેવના સવાલનો જવાબ દેવા અગાઉ તેણે ઘણા પ્રેમથી દેવળદેવીના સામું જોયું, અને જોતાં જ તેની કમળ જેવી આંખમાંથી આંસુઓની બે ધાર ચાલી. તેનું હૈયું એવું તો ભરાઈ આવ્યું કે તેનાથી તરત બોલાયું નહીં. પણ થોડી વાર પછી તેણે આંસુ પોતાનાં કીમતી લૂગડાં વડે લૂછી નાખ્યાં, અને આકાશમાંથી ઓસ જેમ ધીમે પડે છે તેમ ધીમેથી તથા મૃદુ સ્વરે બોલી : — "હું દેવળદેવીની વિધાતા છું. હું અત્યાર સુધી તેનું રક્ષણ કરતી આવી છું. હવે પાછા ફરો. કોઈ ઠેકાણે આજની રાત મુકામ કરી કાલે સવારે જાઓ. મારું કહ્યું માનવામાં જ ફાયદો છે. જો તમારા દુર્ભાગ્યને લીધે હઠ કરી તમે આગળ જશો તો શું પરિણામ નીપજશે તેનો હું જવાબ દેવાની નથી. આ મારી છેલ્લી શિખામણ છે. માનવી હોય તો માનો, નહીં તો હું તો જાઉં છું." એટલું કહી તે સ્ત્રી અદૃશ્ય થઈ.

ભીમદેવ તથા દેવળદેવી તે સ્ત્રી અલોપ થયા પછી કેટલીક વાર સુધી ત્યાં જ ઊભાં થઈ રહ્યાં, અને એકએકની સામું ટગરમગર જોયા કર્યું. શું કરવું તે સૂઝે નહીં. એટલામાં પાછળના સવારો ત્યાં આવી પહોંચ્યા તેને જોઈને બંનેને હિમ્મત આવી, અને હવે કાંઈ પણ ઠરાવ કરવો

જોઈએ એમ તેઓને લાગ્યું. એટલે સુધી આવ્યા પછી જો તેઓ પાછાં જાય તો સિપાઈ લોકોમાં તેની બહાદુરી વિશે ઘણો હલકો વિચાર આવે માટે આગળ ચાલવું જોઈએ. વળી ક્ષત્રિયનો ધર્મ એ છે કે કશાથી બીવું નહીં, ત્યારે આ પ્રસંગે ભય શા માટે રાખવો જોઈએ? તેમાં એક વળી બૈરીથી ડરવું? એ તો છેક નામર્દાઈ. માટે દહેશત છોડી દઈ આગળ કૂચ કરવી. દેવળદેવીને પણ શંકળદેવને મળવાની એટલી તો આતુરતા હતી કે લેશમાત્ર વિલંબ પણ તેનાથી ખમાય એવું ન હતું. વળી તેની ખીલતી જુવાની હતી. તેવે વખતે ભય મન ઉપર થોડી અસર કરે છે. તેને તે જ દહાડે પોતાના પ્રાણપ્રિયને જોવાની એટલી તો હોંશ હતી કે તે બૈરી પોતાની વિધાતા છે એમ તેણે માન્યું નહીં, પણ તે કોઈ વંતરી અથવા મલિન પ્રાણી હશે અને તેણે તેને અમથી ભડકાવી હશે, એમ માનીને તેણે મનમાં સંતોષ માન્યો. એ પ્રમાણે ભીમદેવ તથા દેવળદેવીની વૃત્તિ જવા તરફ થઈ. તેઓ તરત પોતાના લશ્કરને જઈ મળ્યાં, અને આ બનાવ બન્યો જ નથી, એમ જાણી આગળ ચાલ્યાં.

કેટલીક વાર સુધી મેદાનમાં ચાલ્યા પછી તેઓ એક સાંકડી ગલીમાં આવ્યાં. આસપાસ ઊંચા પહાડ આવી રહ્યા હતા. એ નાળ ઘણી જ લાંબી હતી. આગળ જતાં તેઓએ થોડેક દૂર ધુમાડો નીકળતો જોયો. પહેલવહેલાં તો તેઓએ જાણ્યું કે તે કોઈ ગામડું અથવા ભઠ્ઠી કે પજાવો હશે; પણ જરા આગળ ચાલતાં માણસોનું એક ટોળું રસોઈ કરતું હોય એમ તેઓને લાગ્યું. તેઓની પાસે ગયા ત્યારે તેઓ મુસલમાન છે એમ માલૂમ પડ્યું. એ મુસલમાનો વેરુલની ગુફા જોવા જનારા અલફખાંના સિપાઈઓ જ હતા. તેઓએ પણ જ્યારે કોઈ લશ્કર આવતું જોયું, ત્યારે સઘળા રસોઈનું કામ પડતું મૂકીને જાગ્રત થઈ ગયા. સૌએ લૂગડાં પહેરીને હથિયાર બાંધી દીધાં, અને શું કરવું તેનો મનસૂબો કરવા લાગ્યા. થોડી વાર તો ત્યાં ગરબડ-સરબડ થઈ ગઈ. રસૂલખાં, પીરમહમદ, જાફર, બેહેલીમ, વગેરે તરેહવાર નામોની બૂમો સંભળાવા માંડી, "અલ્લાહો અકબર"ની ચીસ કેટલાકે પાડી. કેટલાક સ્થિર ઊભા જ રહ્યા, અને કેટલાક ફક્કડ લબાડ સિપાઈઓએ પોતાની મોટાઈની તથા બહાદુરીની મોટી- મોટી વાતો કરવા માંડી. તોપણ તે તડાકા મારવાનો વખત ન હતો. કાંઈ પણ દૃઢ સંકલ્પ કરવો જોઈએ. તેઓ તો ફક્ત ૩૦૦ માણસ હતા, અને સામાવાળા તો તેઓને તેથી બમણાં-ત્રમણા દેખાયા ત્યારે તેઓની સાથે લડવું કે નહીં એ વાતનો નિશ્ચય કરવો જોઈએ. કેટલાકનો વિચાર લડવું નહીં એમ હતો; પણ કેટલાક જુવાન તુરક મિરજાંઓનાં મનને હિંદુનો કશો હિસાબ ન હતો, અને તેઓની હરેક લડાઈમાં ખુદા તેમની તરફથી લડવા આવે છે એવો તેઓનો દૃઢ વિશ્વાસ હતો, તેથી તેઓના મનમાં હિમ્મત હતી; વળી લડાઈમાં નાસવું એ મોટી શરમની વાત, અને તેમાં કાફર નામર્દ હિંદુઓથી ડરવું, એ તો કાયરનું કામ; માટે ગમે તે થાય તોપણ એક તસુભર પાછા હઠવું નહીં. "અલ્લા બેલી ને પીર મદદ" એવું કહી તેઓ હારબંધ દુશ્મનની મુલાકાત લેવાને ઊભા રહ્યા.

આણીગમ ભીમદેવ પણ મોટી ફિકરમાં પડ્યો. તેને તે રસ્તે કોઈ દુશ્મન મળશે એવું તેણે ધારેલું ન હતું તેથી લડવાની કાંઈ તૈયારી રાખી ન હતી. વળી તેની સાથે દેવળદેવી હતી, તેને સહીસલામત દેવગઢ લઈ જવાની તેને ઘણી ફિકર હતી. લડાઈમાં કોણ જાણે શું થાય? જો હાર થઈ તો આટલું કષ્ટ સહીને તથા શ્રમ કરીને લાવેલી રાણી હાથમાંથી જતી રહે એ વિશે તેને ઘણી ચિંતા હતી. તે વખતે તેને પેલી ચીંથરિયા બૈરી યાદ આવી, તથા તેનું કહેલું વચન સાંભરી આવ્યું. તેના કહ્યા પ્રમાણે તેણે મુકામ ન કર્યો તેનો હમણાં ઘણો પશ્ચાત્તાપ થયો, અને હવે તે વિધાતાનું ભવિષ્ય ખરું પડશે એવી તેની ખાતરી થઈ, ને તેથી જ તેની સઘળી હિમ્મત જતી રહી. તેનાં મોં ઉપરથી લોહી ઊડી ગયું અને છેક ઉદાસ થઈ ગયો. હવે શું કરવું? પાછું તો જવાતું નથી, તેમ દેવગઢ જવાનો બીજો રસ્તો પણ ન હતો, માટે લડાઈ વગર તેનો છૂટકો ન

હતો. પોતાની તરફ માણસો દુશ્મન કરતાં ઘણા વધારે છે, તથા રજપૂતોને ફાટાતૂટા તુરકડાઓને મારી હઠાવતાં કાંઈ વાર લાગવાની નથી એવું કહીને તેણે પોતાના માણસોને હિમ્મત આપવાનું કર્યું; પણ તેનું મોં જ તેના આ ઉત્તેજક શબ્દોને જૂઠા પાડતું હતું. તેઓએ ભીમદેવને કોઈ વાર કાયર થયેલો જોયો ન હતો, અને જ્યારે તે વખતે તેઓએ તેને નિરાશ તથા હિમ્મત હારેલો દીઠો, ત્યારે તેઓ સઘળાને એકદમ લાગ્યું કે આજે કાંઈ નવતરું કારણ છે, અને બધાના હાંજા ગગડી ગયા. તેઓએ બહારથી શૂરાતન દેખાડ્યું, પણ તેઓની છાતી ધડકતી હતી, તથા પગ બરાબર ઊપડતા ન હતા. એવી સ્થિતિમાં તેઓ મુસલમાનોની સામે યુદ્ધ કરવાને આગળ ચાલ્યા.

શત્રુઓ તેઓને વાસ્તે તૈયાર જ હતા. તેઓને પાસે આવતા જોઈ મુસલમાનોએ "અલ્લાહો-અકબર"ની જોરથી બૂમ પાડી. એ બૂમ રજપૂતોએ આજ પહેલાં સેંકડો વાર સાંભળી હતી તોપણ આ વખત તેથી તેઓના મન ઉપર ઘણી જ જુદી જાતની અસર ઉત્પન્ન થઈ. બંને લશ્કર સામસામાં મળ્યાં, અને મુસલમાન લોકો થોડા હતા તોપણ કાંઈ દહેશત ખાધા વિના તેઓએ ભીમદેવના માણસો ઉપર ધસારો કર્યો. તીરથી વાદળ છવાઈ ગયું, ચીસાચીસ તથા બૂમાબૂમથી કાન બહેર મારી ગયા. એક તરફ શિરોહીની તથા બીજી તરફ અરબસ્તાનની તલવાર ઊછળી રહી. જુવારની કાપણી થતી હોય તેમ સામસામેનાં માણસો કપાયાં. તે વખત "અલ્લાહો અકબર"ની બીજી ચીસ સંભળાઈ, અને મુસલમાનોએ વધારે જુસ્સાથી હુમલો કર્યો. તેની સામે હિંદુઓથી ટકાયું નહીં. તેઓમાં ભંગાણ પડ્યું ઘણાખરા જુદી-જુદી દિશાઓ તરફ નાસવા લાગ્યા. દેવળદેવીના ઘોડાને એક તીર એવું તો જોરથી વાગ્યું કે તે તરત મરણ પામ્યો, તથા તે પોતે બેહોશ થઈ જમીન ઉપર પડી. તેને લઈ જવાને વાસ્તે તેની દાસીઓ ચોતરફ વીંટળાઈ વળી, એટલામાં મુસલમાન સિપાઈઓએ આવીને તેને ઘેરી લીધી. કેટલાક તેની ખૂબસૂરતી જોઈને છક થઈ ગયા, અને આ કોઈ બેહેસ્તની હૂરી છે એમ તેને માની તેની સામું કેટલીક વાર સુધી તેમણે જોયાં કર્યું. કેટલાકને તો તેને જોઈને એટલો કામાવેશ આવી ગયો કે તેને લઈ જઈ પોતાના ઝનાનખાનામાં રાખવાનું મન થયું. કોઈ બુઢ્ઢા સિપાઈઓ કહેવા લાગ્યા કે ખુદાએ અમારા ઉપર મહેર કરી આ રંડી અહીં મોકલી દીધી; અમને રોટલી પકાવવાની ઘણી આપદા પડે છે તે આ છોકરી આવે તો મટી જાય. કેટલાક પૈસાના લોભી એવું વિચારવા લાગ્યા કે જો આ ખૂબસૂરત છોકરી અમારા હાથમાં આવે તો દિલ્હીમાં એની ઘણી કિમ્મત ઊપજે, અને જન્મ સુધી ન્યાલ થઈ જવાય. એ પ્રમાણે જુદા-જુદા માણસોએ જુદા-જુદા અભિપ્રાય બાંધ્યા. "એક રાંડ અને સો સાંઢ" તેના જેવી વાત થઈ. બધાને જ તેને લઈ જવાની મરજી, એટલે પરિણામ એવું થયું કે તેને સઘળા ઘસડવા લાગ્યા, અને એમ કરતાં-કરતાં માંહેમાંહે કાપાકાપી ઉપર આવી ગયા. જે તલવાર દુશ્મન ઉપર ઊછળી હતી તે હમણાં પોતાના જાતભાઈ ઉપર વપરાઈ. એ ગડબડમાં એકાદ ઝટકો વાગ્યાથી દેવળદેવી તો ત્યાં જ નક્કી થઈ જાત, અને એવો વખત પણ ઘણી વાર આવ્યો હતો. તેની દાસીઓ રજપૂતોમાં રહેલી તેથી તેનું નામ કહી દેવા કરતાં તેને મરવા દેવી એવું વિચારીને મૂગી મૂગી ઊભી રહી, પણ પેલી ભટાણી જે જોડે હતી તેનાથી ઘણી વાર સુધી ચૂપ રહેવાયું નહીં. એક વાર જ્યારે દેવળદેવી સહેજ બચી ગઈ તે વખતે તે બોલી ઊઠી, "અરે મૂઆ તુરકડાઓ! તમે કોને વાસ્તે લડી મરો છો? એ તો દેવળદેવી, શંકળદેવને સાથે પરણવાની છે. પીટ્યાઓ! તમારી લડાઈ બંધ રાખો, અને રાણીને તમારા સરદાર પાસે લઈ જાઓ."

દેવળદેવી નામ સાંભળતાં જ સઘળાઓએ હથિયાર નાખી દીધાં, અને આટલી મુદત થયાં જેને માટે લડતા હતા તે હાથમાં આવી એવું જાણી ઘણા રાજી થઈને આ ખુશ ખબર અલફખાંને કહેવાને એક કાસદ મોકલ્યો. તેઓ પણ દેવળદેવીને એક ઘોડા પર બેસાડી મોટી

છાવણી તરફ તાકીદથી લઈ ચાલ્યાં. અલફખાંને આ સમાચાર સાંભળીને તથા થોડી વાર પછી દેવળદેવીને નજરે જોઈને જે હર્ષ થયો તેનું વર્ણન થઈ શકતું નથી. તે વખતે તેણે પરમેશ્વરના શુકર કર્યા; પોતાની પાસે જેટલા પૈસા હતા તેટલા તે માણસોમાં વહેંચી દીધા; અને ત્યાંથી છાવણી ઉઠાવીને દેવળદેવીને સાથે લઈ ગુજરાત જવાને નીકળ્યો.

પ્રકરણ ૧૬મું

ઝીંઝુવાડાના પાટડી ગામમાં એક મોટો મહેલ બાંધેલો હતો. તેની એક બારીએ કોઈ સ્ત્રીપુરુષ બેઠેલાં હતાં. તેઓ બંને પુખ્ત ઉંમરે પહોંચેલાં હતાં. તેમાંથી પુરુષનું મોં ઘણું ચિંતાતુર દેખાતું હતું. જ્યારથી અણહિલપુર મુસલમાન લોકોના હાથમાં આવ્યું ત્યારથી ગુજરાતનો પાદશાહી સૂબો આસપાસના રજપૂત તથા બીજા હિંદુ રાજા, ઠાકોર તથા ગરાસિયાને તાબે કરી તેઓનાં રાજ્ય જપ્ત કરતો હતો, તથા તેઓ ઉપર ભારે ખંડણી બેસાડવાને ચડાઈઓ કરતો હતો. એ લડાઈઓમાં કેટલાંક નાનાં રાજ્યો ડૂબી ગયાં; કેટલાક રાજાઓએ ખંડણી આપવી કબૂલ કરી; પણ હજી કેટલાક પોતાના શૂરાતનથી, કિલ્લાની મજબૂતી વડે તથા લશ્કરના જોરે કરીને એ સૂબાની સામે ટકી રહ્યા હતા. પાટડીનો ઠાકોર, જે તે મહેલની બારીએ બેઠો હતો તેણે પણ અત્યાર સુધી પોતાનો બચાવ ઘણી બહાદુરીથી કર્યો હતો, પણ હંમેશાં સુધી એ પ્રમાણે તેનાથી લડાઈ થઈ શકશે નહીં એ બાબત તેને ઘણી ચિંતા થતી; અને તેથી જ તે મહાભારત ફિકરમાં પડ્યો હતો. તેની સ્ત્રી પણ તેવી જ બહાદુર હતી, અને પોતાના સ્વામીની હિંમત લેશમાત્ર પણ નરમ પડવા દેતી ન હતી. જે ચમત્કારિક રીતે પાટડી તથા બીજાં ગામો કરણ વાઘેલા પાસેથી તેને મળ્યાં હતાં તેમાં કાંઈ દેવતાઈ અંશ હતો. એક રાતમાં બે હજાર ગામને તોરણ કોઈ પણ માણસથી એકલી પોતાની જ શક્તિ વડે બંધાઈ શકે નહીં. માટે જે અદ્ભુત શક્તિથી એટલાં બધાં ગામો તેને મળ્યાં તે જ શક્તિ તેની તથા તેના વંશની પાસે કાયમ રહેશે, એ પ્રમાણે તેની સ્ત્રી તેને ધીરજ આપતી હતી.

એ પ્રમાણે જ્યારે તે બે વાતચીત કરતાં હતાં તે વખતે બહાર ચોગાનમાં કાંઈ ગડબડ થઈ, અને તેઓ બહાર જુએ છે તો એક હાથી છૂટો પડી મદોન્મત્ત થઈ દોડતો તેમણે જોયો. આ વખતે બારી આગળના ચોગાનમાં તેઓના શેડો, માંગુ, શેકડો, એ નામના ત્રણ છોકરા તથા ઉમાદેવી નામની છોકરી રમતાં હતાં. મસ્ત થયેલો હાથી રસ્તામાં જે વસ્તુઓ આવતી તે સઘળીને છૂંદતો-છૂંદતો તે છોકરાં પાસે આવ્યો, અને એકને સૂંઢમાં પકડી ઉછાળવાની તથા બીજાને પગ તળે ચગદી નાખવાની તૈયારીમાં હતો, એટલામાં તરત તે સ્ત્રીએ, એટલે તેઓની માએ, બારીએથી જ પોતાનો એક હાથ એટલો તો લાંબો કર્યો કે તેઓ સઘળાંને ઝાલી લીધાં અને મોતના સપાટામાંથી તેઓને તરત ઉગારી દીધાં. હરપાળ (તે પુરુષ હરપાળ મકવાણો, કરણ રાજાનો માસીનો છોકરો તથા બાબરા ભૂતનો જીતનાર હતો, એ વાંચનારાએ જાણી લીધું હશે) આ તેની સ્ત્રીનું દેવતાઈ પરાક્રમ જોઈને ઘણો જ આશ્ચર્ય થતા આનંદ પામ્યો, અને આ વાતનું હંમેશાં સ્મરણ રહેવાને તે ત્રણ છોકરાઓનું નામ ઝાલા (પકડ્યા) પાડ્યું. એ નામ હજી સુધી તેના વંશના ઝાલા રજપૂતોએ રાખ્યું છે.

જ્યારે તે ગાંડા હાથીને ચોગાનમાં નુકસાન કરવાનું કાંઈ મળ્યું નહીં ત્યારે તે બહાર દોડ્યો, અને તે રસ્તે એક ગાડું જતું હતું તેને પોતાની સૂંઢના એક સપાટાથી ઉડાવી દીધું. ગાડું પડતાં જ ભાંગી ગયું. હાંકનાર એક તરફ પડ્યો, અને માંહે બેઠેલો એક પુરુષ તથા એક સ્ત્રી એક બાજુએ પડ્યાં. તે વખતે બળદો ચોંક્યા તેથી તેઓએ એ ગાડાને આગળ ઘસડ્યું, અને તેમ કરતાં તેનું એક પૈડું તે સ્ત્રીપુરુષનાં શરીર ઉપરથી ફરી ગયું. પુરુષનો પગ આ ઘાથી ભાંગી ગયો, તથા સ્ત્રીને સખત વાગ્યું. ઘાના દરદથી તેઓ બંને બેભાન થઈ પડી રહ્યાં. તેઓ મરી ગયાં એમ જાણી ગાડાના હાંકનારે મોટેથી ચીસ પાડી, તે ઠેઠ મહેલનાં માણસોએ સાંભળી. હરપાળે એ દુઃખભરેલી બૂમ સાંભળી શું બન્યું તે જોવાને પોતાનાં માણસો મોકલ્યાં. થોડી વારમાં તેઓ બે માણસોને એક ખાટલા ઉપર સુવાડીને મહેલમાં લાવ્યાં. આ ભાગ્યહીન અજાણ્યાં વટેમાર્ગુઓને તેઓની આવી અવસ્થામાં આશ્રય આપવો, તથા તેઓને સારાં કરવાની તજવીજ

કરવી, તથા જ્યાં સુધી તેઓ આવી અવસ્થામાં રહે ત્યાં સુધી તેઓની ઘટતી બરદાસ્ત લેવી, એ પોતાનો ખરો ધર્મ છે, એમ જાણી હરપાળે તેઓને પોતાના મહેલમાંના એક ઓરડામાં સુવડાવ્યાં. તથા ગામના વૈદ તથા મલમપટા કરનાર વાળંદને બોલાવી મંગાવ્યાં. તેઓના ઉપચારથી તેઓને કેટલીક વારે ભાન આવ્યું, અને જ્યારે તેઓને માલૂમ પડ્યું કે તેઓ કોઈ અજાણ્યા માણસના ઘરમાં હતાં, તથા તેમને વાસ્તે તે માણસે ઘણી મહેનત લીધી હતી, ત્યારે તેઓના અંતઃકરણમાં ઉપકારવૃત્તિ પ્રકટ થઈ, અને ઘરધણીનો જોઈએ તેટલો પાડ માનવાને તેઓ ઘણાં અધીરાં થયાં. જ્યારે રાત પડી ત્યારે હરપાળ તેઓના ઓરડામાં આવ્યો, અને તે ઘાયલ માણસ જોડે તેણે વાતચીત કરવા માંડી. ઘાનું દરદ હમણાં ઓછું થયું હતું તેથી તેનામાં બોલવાની શક્તિ આવી હતી. પોતે કોણ હતો, શાં-શાં પરાક્રમ કર્યાં હતાં, તથા હાલ તેની સ્થિતિ કેવી થઈ ગઈ હતી તે સઘળી વાતથી વાકેફ કરવાને તેણે પોતાની સઘળી જિંદગીનું વૃત્તાંત હરપાળ આગળ ઘણે વિસ્તારે કહી સંભળાવ્યું. પોતાના પરોણાને હવે તેણે સારી પેઠે ઓળખ્યો તેથી તેને ઘણી જ નવાઈ લાગી. અને ગુજરાતનો કટ્ટો શત્રુ, પોતાના રાજાને પાયમાલ કરનાર, લોકોને મ્લેચ્છ લોકોના હાથમાં આપનાર, તથા પોતાની સઘળી ફિકર તથા દુઃખનું કારણ, પોતાના ઘરમાં આમ દૈવયોગે આવી મળ્યો તે જોઈને તેને પગથી માથા સુધી ક્રોધની જ્વાળા ચઢી. તે ઘણો ચિડાઈને પગ ઠોકી ઘણા આવેશથી બોલ્યો :–“અરે દુષ્ટ! અરે ચંડાળ! અરે રાજદ્રોહી! અરે મહા પાપી! તેં જે કામ કર્યું તેનાં ફળ તેં હવે ચાખ્યાં? અરે નાગરા! છેક નફ્ફટ નિર્લજ્જ થઈને તારાં અધમ તથા કપટનાં કર્મો તું મારી આગળ કહેવામાં પ્રતિષ્ઠા માને છે? ધિક પડી તારા દેહને! ધૂળ પડી તારા નામ ઉપર! તું હિંદુ જન્મી તારી જન્મભૂમિ પરદેશી પરધર્મના મ્લેચ્છ દુષ્ટ લોકોને તેં વેચી! અરે શરમ છે તને! તું તારી માના ગર્ભમાં જ કાં ન મૂઓ? તારો ગર્ભપાત કાં ન થયો! અથવા તું તારી કુમળી વયમાં શા માટે મરણ ન પામ્યો! તેં તારી સાત પેઢીનું નામ ડુબાવ્યું! તેં તારી જાતને એબ લગાડી. તેં હિંદુના નામને શરમ પહોંચાડી. તું પથ્થર કાં ન પડ્યો!” એ પ્રમાણે ઘણા આવેશમાં હરપાળે તેના ઉપર ગાળોનો વરસાદ વરસાવ્યો, અને એથી પણ વધારે અપશબ્દો તે વાપરત, અથવા કદાપિ તે તેના ઉપર હાથ પણ ચલાવત, પણ એટલામાં તે ઘાયલ માણસ વચમાં બોલી ઊઠ્યો :–

“ખમા બાપજી! ખમા, જેટલી મને ગાળ દીધી, તથા એથી પણ વધારે દેશો, એ સર્વને હું પાત્ર થયો છું. જેટલા આરોપ તમે મારા ઉપર મૂક્યા છે તેટલા મેં કર્યા છે, તથા જે-જે બદકામોનો કરનાર તમે મને કહ્યો તેટલાં મારાથી થયાં છે. હું ખરેખર દુષ્ટ, પાપી, ચંડાળ છું. હું વધારે વાર આ લોકમાં જીવવાને લાયક નથી, અને પરલોકમાં પણ ઘણી માઠી સ્થિતિને હું નક્કી પામીશ; પણ હવે હું શું કરું? ભાવિ વાત બની છે. જે થનાર તે થયું. હવે તે ન થયું એમ થનાર નથી. પણ તે વખતની મારી સ્થિતિ ઉપર પણ તમારે વિચાર કરવો જોઈએ. મારા ઉપર કેવો ને કેટલો ગજબ પડ્યો હતો તે ધ્યાનમાં લેવું જોઈએ. તે વખતે વેરે મને ઉશ્કેર્યો, વેરે મને ગોદા માર્યા; અને આ સઘળાં કામ તે દુષ્ટ વિકારે મારી પાસે કરાવ્યાં. પણ મેં જેવું કર્યું છે તેવું જ મારી અવસ્થામાં આવી પડવા છતાં ન કરે એવો કોણ છે? જવલ્લે જ કોઈ નીકળે. પણ મેં મોટી ભૂલ કરી એ હું કબૂલ કરું છું. મેં જો જાતે કરણ ઉપર વેર લીધું હોત તો હું મારી જાતને ગુનેગાર ન ઠેરવત. પણ મેં કરણ રાજા ઉપર વેર પારકા પાસે લેવડાવ્યું, એ ઘણું ખોટું કર્યું અને તેથી આ સઘળી ખરાબી થઈ; અને મને પણ શો ફાયદો થયો છે? જ્યાં સુધી અલફખાં ગુજરાતનો સૂબો રહ્યો ત્યાં સુધી તો મેં કારભાર ભોગવ્યો, પણ તે વખતે મારી ખરેખરી સત્તા પહેલાંના જેટલી ન હતી. હું હંમેશાં ફિકરચિંતામાં રહેતો હતો. અદેખાઈ ને દુશ્મનીનો તો પાર જ ન હતો, મારે તલવારની ધાર ઉપર ચાલવું પડતું. મારી આવરદા કાચા સૂતરે લટકાવેલી હતી; અને તે મારી સઘળી દહેશત અંતે ખરી ઠરી. અલફખાં ગયા પછી નવા સૂબાએ મારો

કારભાર છીનવી લીધો; મારાં ઘરબાર, માલમિલકત સરકારમાં જપ્ત કર્યાં; મારી સ્ત્રી થોડુંઘણું દ્રવ્ય લઈને નાસી ગઈ, અને મને એક સાધારણ ગુનેગારની પેઠે બંદીખાનામાં નાખ્યો. મેં છૂટવાને ઘણાએ પ્રયત્ન કર્યા, તથા મારી હાલતની ખબર પાદશાહને કાને પહોંચાડવાને ઘણીએ તદબીર કરી, પણ નગારખાનામાં તતૂડીનો અવાજ કોણ સાંભળે? મારી ફરિયાદ કોઈએ સાંભળી નહીં; અને છેલ્લે જ્યારે અમલ બદલાયો ત્યારે ખુશામત તથા કાલાવાલા કર્યાથી મારો છૂટકો થયો. મેં ઘરે જઈ પાટણ શહેર છોડી દીધું અને સિદ્ધપુરમાં મારી સ્ત્રી સંતાઈ રહી હતી તેને સાથે લઈ સોમનાથનાં દર્શન કરી હાલ પાછો આવું છું. એ અઘોર પાપ કર્યાં તેનો મને હમણાં ઘણો જ પસ્તાવો થાય છે. રાતદહાડો જરા ચેન પડતું નથી; માટે હવે કાશીક્ષેત્રમાં જઈ વિશ્વેશ્વરનું રોજ પૂજન કરી ભાગીરથીમાં સ્નાન કરી ત્યાં બાકી રહેલી આવરદા પૂરી કરવી, એવો મારો મનસૂબો છે. એ કામ પરમેશ્વર પાર પાડે અને હવે પછીના મારા પશ્ચાત્તાપથી તથા તપશ્ચર્યાથી મારું સઘળું પાપ ધોવાઈ જાય. મને ઈશ્વર તરફથી ઘટતી શિક્ષા થઈ છે, તેથી હું જરા પણ તેની સામે ફરિયાદ કરતો નથી. પરમ દયાળુ ઈશ્વર મને ક્ષમા કરો. રામરામ દાદા! કાલે સવારે હું અહીંથી જઈશ; માટે તમને જે મારે વાસ્તે શ્રમ થયો છે તે માફ કરજો.''

માધવ અને રૂપસુંદરી ત્યાંથી નીકળી મોઢેરા ગયાં અને ત્યાં સાંજરે ધર્મશાળામાં તેઓએ મુકામ કર્યો. વાળુ કર્યા પછી તેઓ ઘાટ ઉપર જઈ ઊભાં રહ્યાં. તે વખતે આશ્વિન મહિનાની ચાંદની રાત ખીલી રહી હતી, અને ત્યાં એક માણસ ધીમે-ધીમે અને નીચું માથું રાખીને ફરતો હતો. તે વખતે ચાંદરણું રૂપાનાં પતરાં સરખું પડ્યું હતું; કુંડના સ્થિર પાણી ઉપર અતિશય ચળકાટ પડતો, અને તેમાં બાજુએ પગથિયાં ઉપરનાં નાનાંમોટાં દહેરાંની છાયા પડતી હતી તેથી તે કુંડ ઘણો રળિયામણો દેખાતો હતો. કુંડ ઉપર એક મહાદેવનું મોટું દેવાલય હતું. તેને બે રંગમંડપ હતા; એક દહેરા સાથે વળગેલો, તથા બીજો છૂટો હતો. આજુબાજુએ કીર્તિસ્તંભ હતા. આખા દહેરાની લંબાઈ પોણોસો ગજ તથા પહોળાઈ પચીસ ગજ હતી, અને તેથી ચારગણી લંબાઈ-પહોળાઈનો કુંડ હતો.

અગર જો તે વખતે પહેલી રાત હતી તોપણ સઘળું ચૂપાચૂપ હતું. પવન પણ પડી ગયેલો હતો, અને ઝાડનાં પાતરાંનો જરા પણ ખડખડાટ સંભળાતો ન હતો. ધર્મશાળામાં એક વેરાગી મોટી ધૂણી સળગાવીને બેઠો હતો, અને તેની પાસે એક બ્રાહ્મણ હતો, તે બંને ગાંજો ફૂંકવાની તૈયારીમાં પડેલા હતા. આ એકાંત સ્થળે જે માણસને તેઓએ ફરતો જોયો તેનો દેખાવ જોઈ લેવા સરખો હતો. તેના માથાના નિમાળા સફેદ બરફના જેવા થઈ ગયા હતા. તેની આંખ ખાડામાં પેસી ગયેલી હતી, તથા મૂએલા માણસ જેવી થઈ ગયેલી હતી. તેમાં કાંઈ પણ તેજ જણાતું ન હતું, તથા તેમાં બુદ્ધિની કાંઈ પણ નિશાની માલૂમ પડતી ન હતી. તેના ગાલ પણ બેસી ગયેલા હતા. આખા ચહેરાનું લોહી પણ ઊડી ગયેલું હતું, તેથી તે ફિક્કા રંગનો દેખાતો હતો. આખું શરીર ગળાઈ ગયેલું હતું, તેથી તેને વખતે કોઈ નરમ હૈયાનો માણસ જુએ તો તેને બીક લાગ્યા વગર રહે નહીં. તે આ લોકનો માણસ હોય એમ લાગતું ન હતું. તે કોઈ કબરમાંથી બહાર નીકળેલો હોય એમ જણાતું હતું. જેવું તેનું શરીર તેવું જ તેનું મન હતું. તેનું માથું ફરી ગયેલું હતું. તેની અક્કલ પોતાનું કામ બરોબર કરી શકતી હોય એમ જણાતું ન હતું. તેની શિક્લ તથા ચાલવાની રીત ઉપરથી એવું સહેજ અનુમાન થઈ શકતું હતું કે તે માણસ અસલથી આવો ન હતો, તેણે ઘણો સારો વખત કોઈ વાર જોયો હોય પણ તેના ઉપર કોઈ મોટી આફત આવી પડ્યાથી અથવા દૈવકોપ થવાથી તેની અવસ્થા આવી બદલાઈ ગઈ હશે, એમ ધરાતું હતું. તે આ વખતે ઊંડા વિચારમાં પડ્યો હતો, અને તે વિચારનો વિષય તેના નિકટના સંબંધનું જ માણસ હતું. તેના કલેજામાં કારી ઘા લાગ્યો હતો, અને તે કાંઈ મહા દુઃખથી તે વખતે પીડાતો હતો.

આ માણસ કોણ છે તે વાંચનારાઓએ ઓળખ્યો હશે, અથવા તેઓએ અટકળ કરી હશે. જો એ બેમાંથી કાંઈ પણ થતું ન હોય તો અમે તેઓને જણાવીએ છીએ કે તે માણસ કરણ ઘેલો હતો. જ્યારે તેણે દેવગઢમાં સાંભળ્યું કે ભીમદેવનું સઘળું લશ્કર કપાઈ ગયું, તથા દેવળદેવી મુસલમાનોના હાથમાં પકડાઈ, ત્યારે જે દુઃખ તેને થયું તેનું વર્ણન થઈ શકતું નથી. તેણે કેટલાક દહાડા સુધી તો અન્ન ચાખ્યું નહીં, તથા પાણીનું ટીપું પણ હોઠે અડકાડ્યું નહીં. જે બનાવ અટકાવવાને માટે, તેણે આટલું કષ્ટ સહ્યું, જેને વાસ્તે તે આટલી મુદત સુધી લડાઈ લડ્યો, તથા બેહદ સંકટ વેઠ્યું, જેને વાસ્તે તેણે પોતાનો પ્રાણ જોખમમાં નાખ્યો તથા પોતાનાં ઘણાં વહાલાં માણસોને પોતાની નજર આગળ મરતાં જોયાં, તે જ બનાવ આખરે બન્યો એ કાંઈ થોડી સંતાપ ઉપજાવનારી વાત ન હતી. જે અમૂલ્ય રત્ન તેણે મહા જતનથી ઘરમાં રાખી મૂક્યું, જેને જોવાથી તેને અતિ આનંદ થતો, તથા જે વડે તેને આટલાં મહાભારત દુઃખમાં પણ જીવવું ગમતું હતું, તે રત્ન તેના હાથમાંથી જતું રહ્યું; અને તે કોના હાથમાં પડ્યું? પોતાના ઊંચા કુળનું અભિમાન રાખી તેણે દેવગઢના રાજા સાથે સંબંધ કરવાની ના કહેલી, તથા મ્લેચ્છ લોકોના હાથમાં જાય એ ભયથી જ શંકળદેવને પોતાનો જમાઈ કરવાને છેલ્લે તેણે ઘણી જ આનાકાની સાથે કબૂલ કરેલું, તે સઘળું વ્યર્થ ગયું, તેને જે મોટામાં મોટી દહેશત હતી તે જ આડે આવી. હવે જીવવું શા સારુ? જીવવું કોને વાસ્તે? અને શું કરવા? તેણે આપઘાત કરવાને ઘણી વાર પ્રયત્ન કર્યા, પણ તેને સઘળી વખત કોઈએ રોક્યો. તેને દેવગઢના રાજા રામદેવે ઘણો દિલાસો તથા ધીરજ આપી; તેને અન્ન ખવડાવ્યું; તથા કેટલીક તદબીરથી તેનું મન પોતાની છોકરી ઉપરથી કઢાવ્યું, પણ તે વખતથી તેની અક્કલને નુકસાન લાગ્યું, તે ઉદાસની પેઠે આખો દહાડો બેસી રહેતો, અને તે વખતથી તે કોઈ દહાડો જરા પણ હસ્યો નહીં. આવી અવસ્થામાં તે કેટલીક મુદત સુધી દેવગઢમાં રહ્યો, પણ એટલામાં મલેક કાફુરનું લશ્કર શહેર આગળ આવ્યું અને તેને ઘેરો ઘાલ્યો. રામદેવ શંકળદેવને કિલ્લામાં રાખી પોતે ઘણાં નજરાણાં લઈ મલેક કાફુર પાસે ગયો, અને તેને શરણ થયો. પછી રામદેવ કાફુરની સાથે દિલ્હી ગયો, ત્યાં તેને રાયારાયનો ઇલ્કાબ મળ્યો. દિલ્હીના પાદશાહે તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું એટલું જ નહીં, પણ તેમાં વધારો કરી આપ્યો. તેને નવસારી પરગણું ઇનામ દાખલ આપ્યું, અને તેને ઘેર જવાને લાખ તનખા ખરચને માટે આપ્યા.

એ સઘળો બનાવ જ્યારે બન્યો ત્યારે કરણ ગુસ્સે થઈને તથા રામદેવ ઉપર કંટાળી જઈને દેવગઢથી ચુપકીથી નાસી ગયો, અને પાંચ વર્ષ સુધી આખા ગુજરાતમાં જુદો-જુદો વેશ લઈને ભટક્યો. છેલ્લે તે મોઢેરા ગામમાં આવી પહોંચ્યો, અને ત્યાંના દહેરાની એક ધર્મશાળામાં તેણે ઉતારો કર્યો.

માધવ તથા તેની સ્ત્રી ઊભાં-ઊભાં પોતાના ગયેલા વખતની વાત કરતાં હતાં, તથા માણસની જિંદગીમાં કેટલા બધા ફેરફાર થાય છે તે ઉપર વિચાર કરતાં હતાં. વાતમાં ને વાતમાં કરણનો વિષય નીકળ્યો ત્યારે એ દુર્ભાગી રાજાને વાસ્તે તેઓને ઘણી દયા આવી. “અરે અરે! જો કરણ રાજા આ વખતે જીવતો હોય અને તેના સાંભળવામાં આવે કે તેની દેવળદેવી તેને વીસરી જઈ પોતાની મા સાથે ઘણા આનંદમાં રહે છે, તથા તેણે પાદશાહના શાહજાદા ખિઝરખાં સાથે લગ્ન કર્યું છે તો તેને કેટલું બધું દુઃખ ઊપજે? પણ તે બિચારો આ પૃથ્વી ઉપર જ કદાપિ નહીં હોય. જ્યાં હોય ત્યાં તેનો સ્વર્ગવાસ થજો.” એ પ્રમાણે માધવ મોટેથી બોલ્યો, તે સઘળા શબ્દ કરણે સ્પષ્ટ સાંભળી લીધા. આ દુઃખદાયક વાત કરણને કાને પડતાં જ તે બેશુદ્ધ થઈ ભોંય ઉપર પડ્યો. પડવાનો અવાજ સાંભળી માધવ તેની તરફ દોડ્યો, અને જ્યારે તેણે પડેલા માણસનું મોં કેટલીક વાર જોયું ત્યારે તે એવો તો ભય પામ્યો કે એક છલંગ મારી પોતાની સ્ત્રીને ઘસડીને ધર્મશાળામાં જતો રહ્યો, અને સઘળો સામાન બાંધી રાતની રાત ત્યાંથી

બીજે ગામ જવાને નીકળી પડ્યો.

થોડી વાર પછી જ્યારે કરણને ભાન આવ્યું ત્યારે તેની આંખ લાલચોળ તથા ચહેરો ગાંડા જેવો થઈ ગયો; અને તેના અંતઃકરણમાં સખ્ત ઘા લાગ્યો. તે દુષ્ટ ચંડાળ છોકરી તેના બાપના કરેલા ઉપકાર ભૂલી જાય અને તેને કોઈ વાર પણ સંભારે નહીં એ કાંઈ જેવુંતેવું દુઃખ ન હતું. તેને વાસ્તે તેના આવા હાલ થયા હતા, અને તે વન-વન ભટકતો હતો, અને દેવળદેવી સુખમાં પાદશાહના મહેલમાં રહે, અને જરા પણ ઉદ્વેગ ધરે નહીં. વળી તેની માની સાથે વટલી જાય; અને છેલ્લે તેને ભૂલી જઈને, શંકળદેવનો પ્યાર અંતઃકરણમાંથી ભૂંસી નાખીને મ્લેચ્છ પાદશાહ, તેના બાપનું રાજ્ય લેનાર, તેના ઘરનું સુખ હરનાર, તેને આટલી બધી વિપત્તિમાં નાખનારના જ છોકરા સાથે પરણે એ કાંઈ નાનીસૂની વાત ન હતી. કૃતઘ્ની છોકરી! આ દુનિયામાં કોઈ કોઈનું નથી; સઘળાં સ્વાર્થી છે. પ્યાર ફોકટ છે; સંસાર દગલબાજ છે; તથા માયા સઘળી ખોટી છે; એ વાતનો તેને હમણાં નિશ્ચય થયો. જેને વાસ્તે આટલી વાર જીવવું પ્રમાણ હતું તે સઘળાં દગો કરી ચાલ્યાં ગયાં, ત્યારે હવે દુનિયામાં દુઃખે દહાડા કાઢવામાં શું ફળ? માટે હવે નક્કી મરવું જોઈએ. એવો વિચાર કરતો-કરતો તે કુંડની પાળ ઉપર ફરતો હતો. મરવું એ કાંઈ સહેલું નથી. જિંદગીથી ગમે તેટલા કંટાળી ગયા હોઈએ અને મોત વારે-વારે માગતા હોઈએ તોપણ જ્યારે યમરાજાના દૂત ખરેખરા આવે ત્યારે આ દેહ કોઈને છોડવો ગમતો નથી. ત્યારે આપઘાત શી રીતે થાય? પોતાનો જીવ પોતાને હાથે શી રીતે કઢાય? એ જ સંદેહને લીધે તે કુંડમાં એકદમ પડવાને બદલે આણીગમ-તેણીગમ ફર્યા કરતો હતો. તેના મનમાં તોફાન અને શાંતિ વારાફરતી થતી હતી. જીવ જ્યારે ઊકળી આવતો ત્યારે તે પડવાની તૈયારી કરતો, પણ એટલામાં મન પાછું શાંત થતું, એટલે પાછો ફરવા માંડતો. એ પ્રમાણે કેટલીક વાર સુધી ચાલ્યા પછી તેને એકદમ આવેશ ચઢી આવ્યો; અને તે નરમ પડે તેની અગાઉ તે કુંડમાં ભૂસકો મારી ઝંપલાવી પડ્યો. પાણીમાં એક મોટો ધબાકો થયો તે રાતની વખતે અને આસપાસ બંધિયાર જગા એટલે તેનો પડઘો પડવાથી અવાજ ઘણો મોટો સંભળાયો.

પાસેની ધર્મશાળામાં જે વેરાગી તથા બ્રાહ્મણ ગાંજો ફૂંકતા હતા તેઓ બંનેએ આ ધબાકો સાંભળ્યો, અને તે સાંભળીને તેઓ ચમક્યા. વેરાગી ચલમ પીતાં-પીતાં અટક્યો, તે તેને કડવું ઝેર જેવું લાગ્યું. તે ગુસ્સામાં આવી બોલી ઊઠ્યો : — “આવી રાતની વખતે કોણ અભાગિયો પાણીમાં પડ્યો? કોઈ કૂતરો અથવા બીજું કાંઈ જનાવર હશે. આ વખતે માણસ તો કોઈ નહીં હોય. ગમે તે હો! તોપણ તેણે મારી ચલમનો તાલ ખોવડાવ્યો, હવે નશો ચઢવાનો નથી. આ ઢોરે બધો દહાડો ખરાબ કર્યો. આજે સવારે કોઈ ચંડાળનું મોં જોયું હશે કે અમલ કરવામાં આવો એક અટકાવ થયો. એને મરવા દો, હું એને બચાવવા જવાનો નથી.” એવું કહી તેણે પાછી ચલમ ભરવા માંડી. પણ જે બ્રાહ્મણ તેની સાથે હતો તે તો વધારે કોમળ અંતઃકરણવાળો હતો. તેણે દુઃખનો સ્વાદ ચાખ્યો હતો. જે દહાડાથી તેની સ્ત્રી દેવળદેવીની સાથે તુરકડાઓના હાથમાં ગઈ તે દહાડેથી તેને ચેન પડતું ન હતું. તેણે ઘણો પ્રવાસ કર્યો હતો, અને છેલ્લે થાકી આ ઠેકાણે આવી રહ્યો હતો. તેને પક્કી ખાતરી થઈ કે કોઈ માણસ પડ્યો હશે અને પોતે બેસી રહે અને એક મનુષ્યદેહનો નાશ થાય એ ઘોર પાપ પોતાને માથે ન આવે માટે તે ચલમને પડતી મૂકીને ઊઠ્યો, અને કુંડ આગળ ગયો. પાણીમાં જુએ છે તો કોઈ માણસને તરફડિયાં મારતો તેણે જોયો. તેનું માથું માત્ર ઉઘાડું દેખાતું હતું. કરણ પડતાં વાર નીચે ગયો, પણ તે તરત ઉપર તરી આવ્યો. તે વખતે સ્વરક્ષણની સ્વાભાવિક પ્રેરણાએ જોર પકડ્યું. તે વખતે તે પોતાનો જીવ બચાવવાની આતુરતામાં પોતાનું સઘળું દુઃખ ભૂલી ગયો. તેણે પછાડા મારવા માંડ્યા, અને એ પ્રમાણે જોર કરી તે કેટલીક વાર સુધી પાણી ઉપર રહ્યો, પણ તેનું જોર ધીમે-ધીમે કમ થતું ગયું; તેના પગમાં ગોટલા ભરાઈ ગયા; તથા તેના હાથ રહી

ગયા. તે નીચે પડવા લાગ્યો અને જે વખતે તે બ્રાહ્મણ કુંડની પાળ ઉપર ગયો ત્યારે તેની ચોટલી માત્ર બહાર દેખાતી હતી. આવે વખતે બ્રાહ્મણને પાણીમાં ભૂસકો મારતાં કાંઇ વાર લાગી નહીં. તેની પાસે વધારે લૂગડાંની કાંઇ ખટપટ ન હતી. માથે એક ટોપી હતી તે પાળ ઉપર મૂકી દીધી, અને જે ધોતિયું પહેરેલું હતું તે સાથે તે પાણીમાં પડ્યો. સારા ભાગ્યે કરણ અજવાળામાં હતો તેથી તરત તે બ્રાહ્મણે તેની ચોટલી પકડી અને તેને પોતાની પાછળ ઘસડ્યો. પણ બૂડતા માણસને કાઢવાનું કામ કાંઇ થોડું જોખમભરેલું નથી. તેના મનને તો આખું જગત્ ડૂબી જાય છે, અને તે પોતાનો જીવ બચાવવાની મહેનતમાં તેના બચાવનારના જીવને જોખમમાં નાખે છે. કરણે પાણીમાંથી બહાર નીકળતાં બ્રાહ્મણને ચૂડ ભેરવી; ને તે ભટજી જો સારો તરનાર ન હોત તો તેઓ બંનેનું સમચરી એક જ દહાડે આવત. પણ ભટજી આટલા બોજા સાથે પણ થોડું તર્યા અને જ્યારે વધારે વાર ઉપર ટકાયું નહીં ત્યારે કરણના હાથને તેણે એવા જોરથી બચકું ભર્યું કે તેણે તરત પોતાના હાથ છોડી દીધા. પછી એક આંચકાની સાથે કરણને ઓવારા ઉપર નાખ્યો. બ્રાહ્મણે બહાર નીકળી કરણને ઊંચકી લીધો, અને વેરાગીની પાસે લાવીને નાખ્યો. વેરાગી તે વખતે બીજી ચલમ ફૂંકતો હતો, તેણે ઘણી બેપરવાઈથી કરણના બેભાન મડદા જેવા શરીર તરફ જોયું, અને તે પૂરો મરી ગયેલો છે એમ જાણીને તે બ્રાહ્મણ ઉપર ક્રોધે ભરાઈને બોલ્યો : “અલ્યા બમન! આ પ્રેતને અહીં ક્યાં લાવ્યો? આ કુંડ તથા ધર્મશાળા ગોઝારાં થયાં. એવી પીડાનું અહીં શું કામ છે? તેને કોઈ ખૂણામાં નાખી આવ. કાલે સવારે ગામમાં ખબર આપીશું એટલે તેનાં કોઈ વહાલાં અથવા ઓળખીતાં લઈ જશે; નહીં તો તેને અવલ મંજલ પહોંચાડવાનો મહાજન લોકો કાંઇ પણ બંદોબસ્ત કરશે. આ મહાદેવના દેવાલયમાં મડદાને રાખવું ન જોઈએ. આખું દહેરું અપવિત્ર થાય. અને તેને શુદ્ધ કરવાને ઘણા પૈસા ખરચ લાગશે. અને બીજા લોકો આપણને ઠપકો દેશે. વળી આપણને રાજા પાસે જવું પડશે. ત્યાં કોણ જાણે શું થાય? તે કુંડમાં શા સારુ પડ્યો તે આપણને પૂછશે ત્યારે આપણે શો જવાબ દઈશું? અને જવાબ બરોબર દેવાશે નહીં તો રાજાને આપણા ઉપર વહેમ આવશે. રાજા ગંડુ છે; તેનો શો ભરોસો? વખતે આપણે કૂતરાને મોતે માર્યા જઈએ, અથવા ગામમાંથી બહાર જવું પડે, એટલે આપણી પેદાશ જતી રહે ને આપણે ભૂખે મરીએ. માટે એ બલાને તું અહીંથી ખસેડ, અને બહાર કોઈ ખૂણામાં નાખી આવ. તું તારું ભીનું ધોતિયું બદલી નાંખ, અને તને શરદી ચઢી ગઈ હશે માટે આ ચલમ તૈયાર છે તે લઈ ગરમ અને તાજો થઈ જા, ચાલ બચ્ચા, વહેલો થા.”

વેરાગીનું આ બોલવું સાંભળીને બ્રાહ્મણના દિલ ઉપર ઘણી અસર થઈ. જેટલી-જેટલી વાત બાવાજીએ બતલાવી તે સઘળી તેને ખરી લાગી, અને તેણે જે કામ કર્યું તેનો તેને ઘણો પસ્તાવો થવા લાગ્યો. પણ હવે લાચાર; જે થયું તે થયું. તેના શરીરમાં ટાઢ ઘણી ચઢી ગઈ હતી. ટાઢા પાણીમાં તેનો સઘળો નશો ઊતરી ગયો હતો તેથી તેને જરા પણ ચેન પડતું ન હતું. ભટજી એક ઘડી પણ અમલના સુમાર વિના કોઈ દહાડો રહ્યા ન હતા, તેથી આવે વખતે બાવાજીને ચલમ ફૂંકતા તથા તેમાંથી તથા પોતાના મોઢામાંથી ધુમાડા કાઢતા તેણે જોયા ત્યારે તેનો જીવ આકુળવ્યાકુળ થઈ ગયો. તેની આંખે અંધારાં આવ્યાં; અને તેને કાંઇ પણ કામ સૂઝયું નહીં. જ્યારે ભટજીને એવું થયું ત્યારે કરણની શી અવસ્થા થઈ હતી તે ઉપર જરા પણ નજર કર્યા વિના તેણે કોરું ધોતિયું પહેર્યું, અને લાગલો જ ચલમનો એક જોરથી સપાટો માર્યો, અને તે સપાટાની સાથે જ જાગ્રત થયો. પછી તેણે દીવો લાવીને કરણને તપાસ્યો તો તેનું શરીર તમામ મરી ગયેલા જેવું લાગ્યું. પણ હજુ જીવની નિશાની એટલી હતી કે તેની છાતી ધડકતી હતી, અને તેના નાકમાંથી ઊનો શ્વાસ નીકળતો હાથને લાગતો હતો. એટલા ઉપરથી તેને આશા આવી, અને કાંઇ ઉપાયથી તે હોશિયાર થાય એવી તદબીર તેણે કરવા માંડી. તેણે

પહેલાં તો તેના પેટ ઉપર ભાર મૂક્યો, એટલે સુધી કે તે તેના ઉપર બેઠો, એટલે તેના ભારથી આશરે ચારપાંચ શેર પાણી તેના મોંમાંથી નીકળી પડ્યું. જ્યારે વધારે પાણી નીકળ્યું નહીં ત્યારે તેને પગે દોરી બાંધી અને તેને ઊંધે માથે લટકાવ્યો. એમ કરવાથી પણ કેટલુંક પાણી તેના શરીરમાંથી નીકળી ગયું. કલાકેક સુધી તેને એ પ્રમાણે ટાંગી રાખ્યા પછી તેને નીચે ઉતાર્યો, અને એક ધાબળીમાં લપેટી ધૂણી આગળ રાખમાં સુવાડ્યો.

થોડી વારમાં ગરમીની અસર તેના શરીરમાં લાગી. તેણે ધીમે-ધીમે શરીર હલાવવા માંડ્યું, અને એમ કરતાં-કરતાં આંખ ઉઘાડી, અને છેલ્લી વારે તેને બોલવાનું ભાન આવ્યું. આ પ્રમાણે કરણ જીવતો થયો તે જોઈને વેરાગી તથા બ્રાહ્મણને ઘણી જ ખુશી થઈ. તેઓની સઘળી દહેશત મટી ગઈ માટે બાવાજી આનંદભેર બોલ્યા, "કેમ બચ્ચા! તું કોણ છે? શી જાતનો છે? શો ધંધો કરે છે? શા સારુ આ ગામમાં આવ્યો છે? અને કુંડમાં એકાએક પડી ગયો કે જાણીજોઈને? અને જાણીજોઈને પડ્યો તો તારા ઉપર શું દુઃખ આવી પડ્યું છે? શું શરીરથી કંટાળી ગયો છે? શું છોકરાં તરફથી દુઃખ છે? શું બૈરી કોઈ જોડે નીકળી ગઈ છે? કે શું વ્યભિચારણી નીકળી? કે તારી સાથે હંમેશાં લડે છે તેથી કાયર થયો? શું કાંઈ ધંધામાં ખોટ આવી? શું પૈસા ચોરાઈ ગયા?" એ પ્રમાણે વેરાગીએ તો ઉપરાઉપરી કરણને પ્રશ્ન પૂછવા માંડ્યા, અને તેનો પાર ઘણો મોડો આવત, પણ કરણ ગભરાયો. આ બધી વાત એકદમ શી રીતે યાદ રહેશે, તથા તેના જવાબ શી રીતે અપાશે એ વિશે તેને ફિકર થઈ, તેથી તે વચમાં બોલી ઊઠ્યો, અને બાવાજીને બોલતા અટકાવ્યા. આ સઘળા સવાલોના પૃથક્ પૃથક્ જવાબ તો તેણે દીધા નહીં પણ તેણે પોતાની સઘળી વાત અથથી તે ઇતિ સુધી કહી સંભળાવી. પોતાનું ખરું નામ તથા અવસ્થા તેણે આટલી વાર સુધી તો છુપાવી રાખી હતી, પણ હમણાં તે તેનાથી છાનું રખાયું નહીં. તેના મોંમાંથી સઘળી સાચી વાત નીકળી ગઈ. જ્યારે કરણ સઘળું કહી રહ્યો. ત્યારે વેરાગીને તેના ઉપર ઘણી દયા આવી, અને તેનો ઉદ્ધાર કરવા અર્થે તેણે તેને કાંઈ શિખામણ દેવાનો નિશ્ચય કર્યો.

આ પ્રમાણે મનસૂબો કરીને બાવાજી બોલ્યા : "બચ્ચા! હું કહું છું તે કાન દઈ સાંભળ. તે તારા કલ્યાણની વાત છે. જો તું મારા ઉપદેશ પ્રમાણે ચાલીશ તો તું દુઃખનું નામ પણ જાણીશ નહીં, માટે સાંભળ. બચ્ચા! આ જગત ક્ષણભંગુર છે. તે એક પાણીનો પરપોટો છે. તે એક બાજીગરની રમત છે. જગતમાં સઘળી વસ્તુ નાશવંત છે. જેનું નામ તેનો નાશ છે. અજરામર ને સાચો તો એક પરમાત્મા છે, બીજું સઘળું જૂઠું છે. દુનિયા કાંઈ આપણી નથી, અને કોઈ દહાડો આપણી થવાની પણ નથી. એક નાવમાં બેસીને જનારા મુસાફરોની વચ્ચે જેટલો સંબંધ છે તેટલો જ આ જગતમાં વસનારાઓ વચ્ચે છે. તે થોડી મુદત સુધી એકઠાં રહે છે; પછી સૌ પોતપોતાને રસ્તે વળગે છે. માટે દુનિયાની મોહજાળમાં કદી ફસાવું નહીં. એથી માણસોની ખરાબી થાય છે. એથી આપણાથી પરમેશ્વરને ભજાતો નથી; અને એથી આપણે લખચોરાસીના ફેરામાં ફર્યા કરીએ છીએ; માટે જ્ઞાનીપુરુષો તો તે જ કે જેઓએ સંસારનો ત્યાગ કર્યો છે, તથા બ્રહ્મ ઉપર ધ્યાન ધરી વૈરાગ્ય લઈ બેઠા છે. શરીર પણ તે જ પ્રમાણે કારમું છે. તે આજે ફૂલની પેઠે ખીલે છે, અને ઘડી પછી કાષ્ઠની પેઠે જડ થઈને પડે છે. વળી તેને ના-ના પ્રકારની પીડા વળગેલી છે, તેઓમાંની ઘણીખરી સંસારમાં રહેવાથી માણસને ઉપદ્રવ કરે છે. જેણે વૈરાગ લીધો તેને તેવી પીડા ક્વચિત જ થાય છે, અને થાય તો તેના ઉપર તે લક્ષ આપતો નથી. સુખદુઃખ એ શરીરના ધર્મ છે, પણ વેરાગીએ શરીર સાથે સંબંધ છોડી દીધો છે તેથી તેના મનને સુખદુઃખ બંને સમાન છે. તે સુખથી રાજી થતો નથી, અને દુઃખથી ખેદ પામતો નથી. જે ઈશ્વરની તરફથી આવી પડે છે તે શાંત મનથી સહે છે. વળી બચ્ચા! બૈરાંછોકરાં સઘળાં જૂઠાં છે. એ ખરેખરી માયાની જાળ છે. તેઓ સંસારમાં આપણું મન પરોવે છે. તેઓ પરમાત્મા

ઉપરથી આપણું ચિત્ત દૂર કરે છે. તેઓ જગતમાં આપણને મહાપાપ કરાવે છે, તથા લખચોરાસીના ફેરામાં તેઓ નાખે છે; અને તેથી ફાયદો શો છે? કાંઈ જ નથી. તેઓથી કાંઈ સુખ થતું નથી. જો કાંઈ થાય તો તે ક્ષણભંગુર છે. એથી ઊલટું, તેથી ઘણું દુઃખ પેદા થાય છે, અને તે દુઃખ ઘણી મુદત સુધી પહોંચે છે. તેઓનો ને આપણો સંબંધ ખોટો છે. ઋણાનુબંધથી આપણે સઘળા એકઠા મળીએ છીએ, અને જ્યારે તે ઋણાનુબંધ પૂરો થાય છે, ત્યારે એકમેકને મૂકીને ચાલ્યા જઈએ છીએ. તેઓ આપણને મોતના સપાટામાંથી બચાવી શકતાં નથી, અને આપણે પણ તેઓને તેના પંજામાંથી ઉગારી શકતાં નથી. આપણા સ્નેહીઓને બાળી અથવા દાટી આવ્યા પછી આપણે તેઓને વાસ્તે થોડી મુદત સુધી રડીએ છીએ, અથવા શોક કરીએ છીએ, અને તેને પછી વિસારી મૂકીએ છીએ, એવી તરેહનો જગતનો જૂઠો સંબંધ છે, માટે ડાહ્યા લોકો આ દુનિયાના અનિત્ય સંબંધમાં પડતા નથી; પણ એકલા રહી પરમેશ્વરનું ભજન કરી મુક્તિનું સાધન કરે છે. વળી ધન પણ તેવું જ દગલબાજ છે. તે સઘળાં પાપનું મૂળ છે. તેમાં કળિયુગ આવી રહેલો છે. તે દુષ્ટના ઘરમાં વાસો કરે છે, અને ધર્મીનો ત્યાગ કરે છે. લક્ષ્મી એ માણસને મોટી ફસાવનારી માયા છે, તેથી કાંઈ પણ સુખ માણસને મળતું નથી; પણ અગણિત દુઃખો એથી પેદા થાય છે. માટે તેને વાસ્તે કોઈ પણ શાણા અને વિચારવંત માણસે કદી પણ શોક કરવો નહીં. માટે બચ્ચા! તારો સઘળો શોક મૂકી દે, તારું સઘળું રાજ્ય ગયું; તું રાજ્યભ્રષ્ટ થયો; એ તારું મોટું ભાગ્ય જાણવું. શાસ્ત્રમાં કહેલું છે કે રાજ્યને અંતે નરક છે. તેં રાજ્ય કર્યું છે. તેં રાજ્ય ચલાવવામાં જે-જે કામો કર્યાં હશે તે સઘળાં તું જાણતો હશે, અને તારાથી જે દુષ્ટ કર્મો થયાં હોય તે યાદ લાવ. પછી તું મનમાં વિચાર કર કે તારું રાજ્ય ગયું તેમાં તારો ફાયદો કે ગેરફાયદો થયો? એમ જાણજે કે રાજ્ય જવાથી તારું કલ્યાણ થયું, અને હવેથી તું મારી શિખામણ પ્રમાણે ચાલશે તો તારો ઉદ્ધાર થશે. હજી જેટલો વખત બાકી રહેલો છે તેનો સારી રીતે ઉપયોગ કર. દુનિયાથી વિરકત થા. તું મારી સાથે આવીને રહે. તું જેને વહાલામાં વહાલાં ગણતો હતો તેઓ તારી સાથે કેવી રીતે ચાલ્યાં તે તેં જોયું છે. તારી પ્રાણ સમાન સ્ત્રી તને મૂકીને જતી રહી. તારી છોકરી, જેને તેં ઉછેરીને મોટી કરી, જેનું રક્ષણ કરવાને તેં આટલું સંકટ ભોગવ્યું, તથા જેને વાસ્તે તું હજી આટલો શોક કરે છે, તે હમણાં તારા કટ્ટા શત્રુના ઘરમાં મહાલે છે, તથા તેણે મ્લેચ્છના પુત્ર સાથે લગ્ન કર્યું છે. એવી રીતનો આ દુનિયાનો સંબંધ છે. વળી કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર, એ માણસના કટ્ટા દુશ્મન તેના અંતઃકરણમાં વસેલા છે. તેઓ તેને હંમેશાં આડાં કામ કરાવે છે, તથા પ્રપંચના કૂપમાં નાખે છે. પાંચ જ્ઞાનેદ્રિયો તથા પાંચ કર્મેદ્રિયો પણ તેની પાછળ મંડી છે, તેથી માણસ પરમેશ્વરથી દૂર ને દૂર જતો જાય છે. આ સઘળા શત્રુઓને જીતવા મુશ્કેલ છે. જે માણસ સંસારમાં રહે છે તે આ સઘળાના સપાટામાં આવ્યા વિના રહેતો જ નથી. માટે જ્ઞાની માણસોએ એવો દૃઢ નિશ્ચય કર્યો છે કે દુનિયા જૂઠી છે દુનિયાનો સંબંધ કારમો છે; તથા પરમેશ્વર સિવાય સઘળું અનિત્ય અને નકામું છે. માટે એ સઘળાંને મૂકીને ઈશ્વરનું ભજન કરવું. માણસની ઇચ્છા ઓછી થતી જાય છે, તેમ-તેમ તે પરમેશ્વરની પાસે આવતો જાય છે અને જ્યારે તે અંતે નિષ્કામ અવસ્થાને પહોંચે છે, ત્યારે તેનો પરમાત્મામાં લય થાય છે. નિષ્કામ અવસ્થા સૌથી ઊંચામાં ઊંચી છે. એ અવસ્થા જેને પ્રાપ્ત થઈ તે પરમ સુખી જાણવો. તે દેવરૂપે પૃથ્વી ઉપર એક માણસ છે. માટે તારે પણ મારી સાથે રહેવું, અને તે નિષ્કામ અવસ્થાને પહોંચવાને પ્રયત્ન કરવો.''

પેલા બ્રાહ્મણે વૈરાગીની આ સઘળી વાતો સાંભળી લીધી પણ તે તેના મનમાં કાંઈ ઊતરી નહીં, તથા તેથી કરણના મન ઉપર પણ કાંઈ અસર થઈ નહીં. ભટજીએ ઘણા દેશોમાં મુસાફરી કરી હતી, તથા ઘણા સાધુ, સંન્યાસી, ભક્ત, બાવાઓ સાથે ધર્મ સંબંધી વાતચીત કરી હતી, તેથી તે એવી બાબતમાં પ્રવીણ થયો હતો. સુખને વાસ્તે તેનો વિચાર જુદી જ

તરેહનો હતો. અને તે વિચાર આ ઠેકાણે જણાવી પોતાની હોશિયારી બતાવવાની તેની ઘણી મરજી હતી માટે તે બોલી ઊઠ્યો : – "બાવાજી! તમે જે સઘળું કહ્યું તે ઠીક છે, પણ મારા ગુરુએ મને એ વિશે જે બોધ કરેલો છે તે હું તમને કહી સંભળાવું છું. મારા અભિપ્રાય પ્રમાણે દુનિયા જૂઠી નથી; દુનિયાનો સંબંધ પણ દગલબાજ નથી; દુનિયા છોડી વૈરાગ લેવો, એ ઘણું પાપનું કામ છે. માણસથી નિષ્કામ થઈ શકાતું નથી. એ તો માત્ર ગપાટા છે, અને તેમ થાય તોપણ તેથી કાંઈ સુખ નથી. જે જગતમાં જગતકર્તાએ આપણને સરજાવેલા છે તે જગત સાચું છે, તે અનિત્ય છે તેથી તે જૂઠું છે, એમ સાબિત થતું નથી. આપણો દુનિયાનો સંબંધ પણ સાચો છે; એમાં કાંઈ શક નથી. અને માત્ર કોઈક દુષ્ટ અને દગલબાજ માણસો નીકળી આવે તે ઉપરથી સઘળી માણસજાતને દોષ દેવો તે પણ વાજબી નથી. માણસના મનનું બંધારણ જ્યારે તપાસીએ છીએ ત્યારે સ્પષ્ટ માલૂમ પડે છે કે ઈશ્વરે માણસને પોતાની જાતના સમુદાયમાં રહેવાને લાયક બનાવેલાં છે. જો તે એકલો રહે તો તેનામાં ઈશ્વરની તરફથી મળેલા કેટલાક ગુણો બિલકુલ નિરુપયોગી થઈ પડે. જો માણસ જંગલમાં વાસો કરે તો નરમાશ, સભ્યતા, દયા, ક્ષમા, ક્રોધ વગેરે ગુણો શા કામમાં આવે? અને જ્યારે તે ગુણો તેનામાં છે ત્યારે તેને વાપરવા જોઈએ, અને તેથી તેણે માણસોમાં એકઠાં રહેવું જોઈએ. વળી જગત્બંધારણ એવી રીતનું થયેલું છે કે માણસ અરસપરસ ઉપયોગી થઈ પડે છે, તથા તેને બીજા ઉપર ઉપકાર કરવામાં સ્વાભાવિક વૃત્તિ ઉત્પન્ન થાય છે. તેથી પણ સાફ જણાય છે કે એકાંતવાસ કરવો એમાં ઈશ્વર રાજી નથી. વળી જો સઘળા લોકો તમારી શિખામણ પ્રમાણે દુનિયાનો ત્યાગ કરે તો તેનો થોડી વારમાં જ અંત આવે અને તે પ્રમાણે ઈશ્વરનો ઇરાદો નથી. વળી તમે કદાચ કહેશો કે દુનિયાનો ત્યાગ ઘણા થોડાથી જ થઈ શકે છે, માટે દુનિયાનો અંત આવશે, એવી દહેશત રાખવાનું કાંઈ કારણ નથી. પણ જે વાત વાસ્તવિક રીતે સારી છે તે જો સઘળા કરે તો તેથી ફાયદો જ થવો જોઈએ. ઉદાહરણ, અગર જો સઘળા માણસ સાચું બોલે એવો સંભવ નથી, પણ જો સઘળા સાચું બોલે તો તેથી જગતનું બેશક કલ્યાણ થાય, પણ જો તમામ લોકો વૈરાગ લે તો તેથી સારું ફળ નીપજવાને બદલે જગતનો લય થાય : માટે વૈરાગ રાખવો, એ સારું કામ નથી. વળી કોઈ પણ માણસ નિષ્કામ થઈ શકતો નથી, ગમે તેવો વૈરાગી હોય તોપણ તેને કાંઈ પણ ઇચ્છા હોય છે. બીજી કાંઈ ન હોય તોપણ ઈશ્વર પ્રસન્ન કરવાની અથવા મોક્ષ મેળવવાની તો હોય જ. મહારાજ! તમને અને મને વખત થાય છે એટલે નશાની તલપ થઈ આવે છે. જો ઘડી ચલમ ન મળે તો ઊથલપાથલ થઈ જઈએ છીએ. માણસ નિષ્કામ હોઈ શકતો નથી, અને હોય તો તે જીવતો નથી પણ મૂઆ બરોબર છે. ઇંદ્રિયો તથા વિકારોનો નાશ કરવો, એ યોગ્ય નથી. તે આપણને વાપરવાને માટે આપેલાં છે, અને તેને યોગ્ય જગતમાં ઘણી વસ્તુઓ ઉત્પન્ન કરેલી છે, તેઓને અખત્યારમાં રાખવાં જોઈએ, અને તેઓનો ઘટતી રીતે તથા ઘટતી જગાએ ઉપયોગ કરવો જોઈએ. જો એ પ્રમાણે માણસ ચાલે તો તે નિશ્ચય સુખ પામે. એકલા પૈસાથી સુખ મળી શકતું નથી, કેમ કે પૈસાથી મનના ઉપર કાંઈ અસર થઈ શકતી નથી, અને સુખનું ઠેકાણું મન છે, મોટો અધિકાર મળ્યા પછી પણ સુખ મળતું નથી, કેમ કે તેથી અસંતોષ તથા નવી ફિકરચિંતા ઉત્પન્ન થાય છે. ઇંદ્રિયોનું સુખ ખરું નથી, કેમ કે તે ક્ષણભંગુર તથા થોડી મુદતમાં કંટાળો ઉપજાવનાર છે. ખરું સુખ અંતઃકરણમાંથી નીકળે છે, અને તેનું મૂળ સદ્ગુણ છે. જે માણસ સદ્ગુણ આચરે છે, તે ખરેખરો સુખી છે. તેણે દુનિયામાં સંસાર ચલાવવો, અને તેની જેટલી શક્તિ હોય તે પ્રમાણે સઘળાનું સારું કરવું. તેણે પરમેશ્વર ઉપર દૃઢ વિશ્વાસ રાખવો; અને જે-જે દુઃખ આવી પડે તે પરમેશ્વરની મરજીથી આવી પડે છે, તથા તે આપણા સારાને સારુ મોકલેલાં છે, એમ માની મનને શાંત રાખવું એટલે આપણા સુખમાં કાંઈ ઘટાડો થશે નહીં; દુનિયામાં રહીને તથા સારી રીતે વર્તીને ઇચ્છા તથા આશા

છોડવી નહીં; કેમ કે ઇચ્છા માણસને જાગ્રત કરનાર, તથા દુનિયાનું ભલું કરનાર છે અને તે જ્યારે તૃપ્ત થાય છે, ત્યારે તેથી સુખમાં વધારો થાય છે. આશા સંસારસાગરમાં આપણા વહાણનું લંગર છે. માટે ઈશ્વર તથા માણસ ઉપર પ્રીતિ રાખીને કામ કર્યા જવું, એટલે આ લોકમાં લાભ અને કીર્તિ મળે છે એટલું જ નહીં, પણ પરલોકમાં અખંડ સુખની પ્રાપ્તિ થાય છે. માટે રાજાને મારી તો સલાહ એટલી જ છે કે તેણે દુનિયાનો ત્યાગ ન કરવો, પણ સદ્ગુણે ચાલવું.''

કરણે વેરાગી તથા બ્રાહ્મણ એ બંનેનું સુખ વિશેનું ભાષણ કાન દઈને સાંભળ્યું, પણ તેથી તેના મનનું સમાધાન થયું નહીં. તેનો એ બાબત ઉપર જુદો જ અભિપ્રાય હતો. તે માનતો હતો કે માણસ કાંઈ પણ કામ પોતાની મેળે કરવાને અશક્ત છે. તે જે કરે છે તે કોઈ જુદી જ પ્રેરણાના જોરથી કરે છે. તેના મત પ્રમાણે તો માણસમાત્ર એક યંત્ર જેવું છે. તેનામાં જે ચલાવનારી શક્તિ છે તે પ્રમાણે તે ચાલે છે. માટે તેનાં સઘળાં કામમાં તે નિરુપાય છે. જેમ પૂતળાંના નાચમાં પાછળથી માણસ જેમ દોરી ખેંચે છે તેમ તે પૂતળાં નાચે છે, કૂદે છે, અને તે દોરીનો ખેંચનાર પરમેશ્વર છે. તે સર્વવ્યાપક છે. એ મત પ્રમાણે તેના પોતાના કામને વાસ્તે પરમેશ્વર આગળ મૂઆ પછી જવાબ દેવો પડતો નથી. સારું અથવા નઠારું જે કામ થાય તે પરમેશ્વરની આપેલી બુદ્ધિને લીધે થાય છે. માટે દુનિયાનો ત્યાગ કરી વૈરાગ લેવાની તેની નજરમાં જરૂર ન હતી, કેમ કે જે થવાનું છે તે થયા વિના રહેવાનું જ નથી તેમજ સદ્ગુણથી ચાલવાને પ્રયત્ન કરવાની પણ અગત્ય નથી, કેમ કે જે સઘળું અત્યાર સુધી બન્યું છે તે સઘળું પરમેશ્વરે તેને વાસ્તે નિર્માણ કરેલું છે. હવે પછી જે થશે તે પણ આગળથી નક્કી થયેલું છે; એ જે મુકરર થયેલું છે તેમાં કદી ફેરફાર થઈ શકતો નથી. હરેક માણસને કાંઈ પણ સારાં અથવા નઠારાં કામ કરવાનાં મુકરર થયેલાં હોય છે તે તેણે કેટલીક મુદત સુધી બજાવવાં જ જોઈએ. આ દુનિયા એક નાટકશાળા છે. તેમાં તરેહતરેહના વેશ આવે છે. એક જાતનો વેશ ભજવાઈ રહ્યો. એટલે તે જઈને બીજો આવે છે; એ પ્રમાણે નિરંતર ચાલ્યા કરે છે. એ સઘળાં જુદાં-જુદાં ને વિરુદ્ધ કામો એક જણ પાસે કરાવવામાં આવે છે. તેનાં કારણો માણસો સમજતાં નથી; પણ સૃષ્ટિની રચનામાં આ સઘળી વિરુદ્ધતાઓ એકઠી મળીને સંપૂર્ણ આખી વસ્તુ થાય છે. માણસ જન્મે છે ત્યારથી તે આખી જિંદગીમાં શું-શું કરવાનો છે તે લખાઈ ચૂક્યું છે. તેની વિરુદ્ધ ચાલવાને મહેનત કરવી, એ નિષ્ફળ છે. નદીને સામે વોહોએ તરાય, પણ વિધાતાના લેખથી ઊલટું કાંઈ કામ ન થાય. દેવ, દાનવ અને માનવ, સઘળા એ વિધાતાને અધીન છે. માણસ કહે છે કે 'મેં કર્યું', પણ મૂર્ખ તું શું કરી શકે છે! એક ઘાસનું તણખલું પણ તું હલાવી શકતો નથી. અભિમાન એ જ તારી ખરાબી છે, તથા એ જ તારા અજ્ઞાનપણાનું પરિણામ છે. માટે શાંતિ, શાંતિ, શાંતિ. જ્ઞાની પુરુષો જેઓ થઈ ગયા છે તેઓએ અહંકાર છોડી દીધો છે. ભગવદ્ગીતાના આરંભે અર્જુનને શ્રીકૃષ્ણે જે શિખામણ દીધી છે, તે એ જ મતલબની છે, અને તે જે મતલબની નીચેની કવિતા છે.

ભુજંગી છંદ

લહે માનવી તું અભિમાન રાખી, નહિ કામ એકે બને મુજ પાખી;

અલ્યા મૂઢ! એ બોલ તો વ્યર્થ જાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૧

રહી શ્વાન ગાડા તળે એમ જાણે, વહું ભાર હું તો, બીજો કોણ તાણે;

નહિ શ્વાનથી ભાર એ તો ખમાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૨

રચી બાજી જે સોકઠાંને જ માંચો, રચ્યો ખેલ એવો જ છે તાર સાંચો,

નદીના ઘણા વોહમાં સૌ તણાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૩
નહિ માહરું તાહરું છે કંઈ જો, ખરી વાત તો કોઈ જાણે નહિ જો;
ઘણી ઠોકરો લોક હમેશ ખાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૪
બહુ લોક બોલે અમે ન્યાય કીધો, ઘણા દુષ્ટને દંડીને ત્રાસ દીધો;
નહિ કામ એ તો તમારું ગણાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૫
ઘણા માનવી પાપનાં કામ સાધે, ઘણો બોજ પાપો તણો શિર લાધે;
લગારે નહિ દોષ તેનો મનાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૬
સહુ પાપપુણ્યો, વળી સાચું ખોટું, સહુ નામનું કોઈ નાનું ન મોટું;
બહુ લોક પોતા તણા ગુણ ગાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૭
બની દેહને જો થયાં કામ સારાં, ભૂંડા ભાવથી કામ કીધાં નઠારાં;
નહિ પાપ કે પુણ્ય તેમાં જરાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૮
ભવો પાછલામાં તમે કામ કીધાં, ફળો તે તણાં ચાખવા આજ લીધાં;
હવે ઊલટું તે થકી ના કરાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૯
અહંકાર માટે તમે છોડજો રે, પ્રભુ સાથ પ્રીતિ તમે જોડજો રે;
લલાટે લખ્યું તે થવાનું સદાયે, વિધાતા તણા લેખ મિથ્યા ન થાયે. ૧૦

કરણનો ઉપર પ્રમાણે મત હતો. તોપણ દૈવાધીન થઈ તે પેલા વેરાગીના આશ્રમમાં રહ્યો, અને તેની વાતો હંમેશાં તેણે સાંભળ્યા કરી, પણ તેથી તેના મન પર કાંઈ અસર થઈ નહીં. વાઘને પાંજરામાં ગોંધ્યો હોય ને તે જેમ કંઈક મુદત સુધી નરમ પડેલો દેખાય છે, પણ તેને તક મળતાં, અને પાંજરામાંથી છૂટો થતાં જ તેનો જાતિસ્વભાવ જણાઈ આવે છે, તેમ કરણ પણ ધર્મશાળામાં નિરાંતે રહેલો હતો એમ બહારથી દેખાતું હતું, પણ તેના મનમાં કાંઈ સ્થિરતા ન હતી. તે તક જોતો હતો. તેને એક ઘડી પણ ચેન પડતું નહોતું, તેનું ક્ષત્રિય લોહી શરીરમાં ઊકળ્યા જ કરતું હતું. તેનો હાથ તલવાર પકડવાને ઘણો આતુર હતો. તેના શત્રુ મુસલમાન લોકોના ઉપર વેર લેવાને તે ટાંપી રહ્યો હતો. તેને રાત્રે જરા પણ નિદ્રા આવતી ન હતી. તે ઊંઘમાંથી વખતે-વખતે ચમકી ઊઠતો હતો, અને ‘લાવ મારી તલવાર’ અથવા ‘આ દુષ્ટ લોકોને કાપી કટકા કરી નાંખો’ એવી તરેહની ચીસ પાડી ઊઠતો. તેને સ્વપ્નાં પણ એ જ બાબતમાં આવતાં, અને તેમાં તે મુસલમાન સાથે યુદ્ધ કરતો હતો. જ્યારે તેના મનની સ્થિતિ એવી હતી ત્યારે તે ધર્મશાળામાં આટલી મુદત સુધી પડી રહ્યો, એ જ આશ્ચર્યકારક હતું. પણ એક સવારે જ્યારે વેરાગી ઊઠ્યો અને રોજના ધારા પ્રમાણે કરણની સાથે વાત કરવાને તેને શોધવા લાગ્યો, ત્યારે તેને માલૂમ પડ્યું કે કરણ ત્યાંથી જતો રહ્યો હતો.

આ વખતે આખા હિન્દુસ્તાનના રાજાઓ અલાઉદ્દીનનું નામ સાંભળીને થરથર કાંપતા હતા. તેણે તથા તેના સરદારોએ સઘળે એવો તો ત્રાસ બેસાડ્યો હતો કે પાદશાહની સામા કોઈની માથું ઉપાડવાની હિંમત ચાલતી ન હતી. મલેક કાફુરે દક્ષિણમાંના કેટલાક રાજાઓ ઉપર ખંડણી બેસાડી હતી તે તેઓ ચુપકીથી તથા વગર હરકત આપ્યાં જતા હતા. દેવગઢના રાજા રામદેવની જે અવસ્થા થઈ તે પાછળ બતાવ્યું છે. તેણે મરતાં સુધી ખંડણી આપ્યાં કરી, પણ તેના મૂઆ પછી તેની ગાદી ઉપર શંકળદેવ બેઠો, તે અને તેનો ભાઈ ભીમદેવ બંને ઘણા શૂરા ને પરાક્રમી હતા, તથા આ ખંડણી આપવી, એ તેઓને કડવું ઝેર જેવું લાગતું હતું. ગાદી ઉપર

બેઠા પછી કેટલીક વાર સુધી તો તેણે ખંડણી મોકલ્યા કરી; પણ ક્ષત્રિય થઈને તાબેદારીમાં રહેવું તે કરતાં મરવું સારું એવો તેનો અભિપ્રાય હતો; માટે લડવાની સઘળી તૈયારી કરી તેણે ખંડણી આપવી બંધ કરી. પાદશાહનાં માણસો વર્ષોવર્ષ તે ઉઘરાવવા આવતાં હતાં તેઓને તે વાયદા અથવા અપમાન કરીને કાઢી મૂકતો. વળી પાદશાહનો વડો શાહજાદો, ખિઝરખાં, દક્ષિણનો સૂબેદાર હતો અને ખંડણી વસૂલ કરવાનું કામ તેનું હતું. અગર જો શંકળદેવ હમણાં બીજી સ્ત્રી પરણ્યો હતો, તોપણ તે દેવળદેવીને હજી સુધી વીસર્યો ન હતો. તેની સાથે તેની પહેલી જ પ્રીતિ હતી, અને પહેલી પ્રીતિથી મન ઉપર વધારે મજબૂત અસર થાય છે, તે નિયમ પ્રમાણે તેના અંતઃકરણમાં દેવળદેવીની મૂર્તિ નિરંતર બિરાજેલી રહેતી, તેને મુસલમાન લઈ ગયા તેથી તે લોકોના ઉપર તેને ઘણો ક્રોધ ચડેલો હતો; પણ લાચાર, તેનાથી કંઈ થઈ શકે એમ ન હતું. પણ જ્યારે તેણે સાંભળ્યું કે દેવળદેવી સઘળું વીસરી જઈ ખિઝરખાંને પરણી ત્યારે તેને ઘણો જ સંતાપ થયો, અને ત્યારથી તેના ઉપર તથા તેના સ્વામી ઉપર કોઈ પણ પ્રકારે વેર લેવાની તક તેણે શોધવા માંડી. આ વખતે જ્યારે તેણે ખંડણી આપવાની બંધ કરી, ત્યારે તેને નક્કી હતું કે પાદશાહ ખિઝરખાંને દેવગઢ ઉપર ચઢાઈ કરવાને મોકલશે. તે વખતે તેની સાથે ઘણા જુસ્સાથી લડવું, ખિઝરખાંને હરાવવો, અને દેવળદેવીને પાછી પકડીને પોતાની પાસે રાખી લેવી, એ તેના મનની મોટી હોંશ હતી. પણ તેને પાર પાડવી, એ કાંઈ તેના હાથમાં ન હતું. માણસ તો બિચારો એક પછી એક વિચાર કરી છૂટે છે પણ તેનું ફળ હંમેશાં જગનિયંતા પરમેશ્વરના હાથમાં છે.

અલાઉદ્દીન પાદશાહના દરબારમાં મલેક કાફુરની કેટલી સત્તા હતી તે વાંચનારાઓના ધ્યાનમાં આવ્યું હશે. તેણે પોતાની હોશિયારી, દગાફટકા તથા બહાદુરીથી સઘળાને તાબે કરી લીધા હતા, તથા પાદશાહના મન ઉપર એટલી તો સત્તા મેળવી લીધી હતી કે તેને પૂછ્યા સિવાય તે કાંઈ પણ કામ કરતો નહીં, અને કાફુર જે ધારતો તે કામ પાદશાહ પાસે કરાવતો. જેમ-જેમ પાદશાહ ઘરડો થતો ગયો, તથા તેના શરીરની તથા મનની શક્તિ ક્ષીણ થતી ગઈ, તેમ-તેમ કાફુરનું ચલણ વધતું ગયું, અને આ વખતે તો પાદશાહ કાફુરના હાથમાં પૂતળા જેવો થઈ ગયો હતો. તે જેમ નચાવતો તેમ તે નાચતો. ખરેખરો પાદશાહ તો મલેક કાફુર જ હતો. મલેક કાફુર પણ આટલી બધી સત્તા મળ્યા છતાં સંતોષ પામ્યો ન હતો. એ તો સ્વાભાવિક છે કે માણસને જેમ વધારે મળે છે તેમ તેને વધારે મેળવવાની ઇચ્છા થાય છે. માણસ કોઈ દહાડો ધરાતો નથી, અને તેની ઇચ્છાનો અંત આવતો નથી. એ જ મલેક કાફુર કેટલાંક વર્ષ ઉપર ખંભાતમાં ગુલામ હતો, અને તે જ હમણાં એક મોટા, દ્રવ્યવાન અને શોભાયમાન રાજ્યના પાદશાહ જેવો થઈ પડ્યો હતો, એ કાંઈ થોડું હતું? એટલું તેના સ્વપ્નામાં પણ કોઈ દહાડો નહીં આવ્યું હોય તે છતાં પણ હજુ તેની ઉમેદ આગળ વધવાની હતી, અને તેને અલાઉદ્દીન પાદશાહના મરણ પછી તખ્તનશીન થવાની હોંશ હતી. આ ઉમેદ પાર પાડવી કાંઈ અશક્ય ન હતી. તેમાં વિશેષે કરીને પૂર્વ તરફના દેશોમાં એ વાત ઘણી સાધારણ હતી તેથી તેની ઉમેદને ઉત્તેજન મળતું. પણ એક કાંટો તેને ઘણો સાલ્યા કરતો હતો; અલાઉદ્દીનને પુત્ર હતા તે જ્યાં સુધી જીવતા રહે ત્યાં સુધી તેને તખ્ત મળવાની આશા થોડી હતી, માટે તે રાતદિવસ તેમના મોતની રાહ જોતો હતો, અને જ્યારે તેમ અત્યાર સુધી પોતાની મેળે ન બન્યું ત્યારે બળાત્કારે તેમ કરવાનો તેણે નિશ્ચય કર્યો. તેના પુત્રની અભક્તિ તથા કપટની વાતોથી તે રોજ અલાઉદ્દીનના કાન ભંભેર્યા કરતો; અને તેથી થોડીઘણી અસર પાદશાહના મન ઉપર થઈ હતી. રાજાનો શાહજાદાઓ ઉપરથી કંઈક અંશે પ્યાર ઊઠી ગયો હતો, અને જેટલો બાકી રહ્યો હતો તેનો પણ સમૂળો નાશ કરાવવાને તે હંમેશાં પ્રયત્ન કરતો હતો. મલેક કાફુરને સારી પેઠે માલૂમ હતું કે પાદશાહને શૌર્ય ઘણું પ્રિય છે, અને જે કોઈ લડાઈમાં ફતેહ મેળવે છે તેના ઉપર તેને

ઘણી મમતા રહે છે, માટે ખિઝરખાંને કોઈ પણ લડાઈમાં જવા દેવો નહીં અને તેના શૂરાતનની વાત પાદશાહને કાને પડવા દેવી નહીં, એ જ તેની મતલબ હતી. તેને ખાતરી હતી કે જો પાદશાહને કાને તેનાં વખાણ જશે તો તેની ગયેલી પ્રીતિ તેના ઉપર પાછી આવ્યા વિના રહેશે જ નહીં. એ કારણસર ખિઝરખાંને તેણે કોઈ લડાઈમાં અત્યાર સુધી જવા દીધો ન હતો, અને કોઈ વાર પણ જવા ન દેવો, એવો નિશ્ચય કર્યો હતો. તેથી ઊલટું તેણે ઘણાં કામોમાં પોતાનું શૂરાતન દેખાડ્યું હતું, અને તેઓથી પાદશાહનો પ્યાર તેના ઉપર મજબૂત થયો હતો એટલું જ નહીં, પણ લોકોમાં પણ તે શૂરવીરમાં ગણાવા લાગ્યો હતો, અને તેથી કરીને બધાનો માનીતો થઈ પડ્યો હતો, તથા તેની સાથે પોતે વ્યંઢળ હતો તે બાબતનું કલંક તેણે ધોઈ નાખ્યું હતું. લોકો તેના સઘળા ગુણથી રાજી હતા. સિપાઈ લોકો પણ તેને ઘણું ચાહતા હતા, તેથી તેમની મદદથી કોઈ દહાડો પણ તેની ઉમેદ બર આવે એવો સંભવ હતો. કાફુરે કર્નાટક તથા દ્વારસમુદ્ર ઉપર છેલ્લી ચઢાઈ કરી હતી, ત્યાંથી તે ફતેહ પામીને આવ્યો હતો. અને લૂંટમાં તે ૩૧૨ હાથી, ૨૦,૦૦૦ ઘોડા તથા ૯૬,૦૦૦ મણ સોનું તથા જવાહિર, અને મોતીની કેટલીક પેટીઓ લાવ્યો હતો. પણ તે લડાઈ થયાને કેટલીક મુદત વીતી ગઈ હતી તેથી તેની કીર્તિ ઝાંખી થવા આવી હતી, એટલામાં બીજી લડાઈ થવાનો પ્રસંગ આવ્યો.

તૈલંગણના રાજાએ પાદશાહને કેટલુંક નજરાણું તથા બસો હાથી મોકલ્યા, અને તેની સાથે જે કાગળ મોકલ્યો તેમાં તેણે પાદશાહને જણાવ્યું કે મલેક કાફુર સાથે જે તહનામું થયું છે તેમાં ઠરાવેલી ખંડણી આપવાને હું તૈયાર છું. આ કાગળ વંચાયો એટલે મલેક કાફુરે પાદશાહની આગળ ત્યાં જવાનું બીડું ઝડપ્યું. તેણે એ તૈલંગણના રાજની ખંડણી વસૂલ કરવાનું તથા દેવગઢના અને બીજા રાજાઓએ ખંડણી આપવી બંધ કરી હતી તે પાછી લેવી શરૂ કરવાનું વચન આપ્યું; અને પાદશાહને અરજ કરી કે મને એક મોટું લશ્કર આપી પાછો દક્ષિણમાં મોકલવો જોઈએ. તેને માલૂમ હતું કે દક્ષિણમાં ફરીથી લડાઈ તો થવાની, ખિઝરખાંના તાબાનો મહાલ દક્ષિણની પાસે હતો તેથી કદાપિ પાદશાહ તેને લડાઈમાં મોકલે એવી તેને દહેશત હતી; અને તેમ થવા ન દેવાને તેણે આ અરજ કરી હતી. પાદશાહને લડાઈની વાત તો ગમતી જ હતી, અને લડાઈ વગર તેને ચેન પડતું ન હતું તેથી કાફુરની વાત સાંભળીને તે ઘણો ખુશ થયો, અને તરત ત્યાં મોકલવાનું તેણે કબૂલ કર્યું. એક મોટું લશ્કર એકદમ તૈયાર થયું, અને તે લઈને મલેક કાફુર ઈ. સ. ૧૩૧૨માં દિલ્હી છોડી નીકળ્યો.

હવે જ્યારે આ ચઢાઈ કરવાને લશ્કર નીકળ્યું ત્યારે દેવગઢના દરબારમાં શી હકીકત બની તે ઉપર થોડી વાર નજર કરીએ. રામદેવ મરી ગયા પછી શંકળદેવ ગાદી ઉપર બેઠો. તે જ્યારથી રાજા થયો ત્યારથી તે મુસલમાન લોકો ઉપર ઘણો દ્વેષ રાખતો તથા તેને ખંડણી આપવી તે મોટી નામોશી છે, એમ તે સમજતો હતો. તેણે પહેલા જ વર્ષથી ખંડણી આપવી બંધ કરી. ભીમદેવનો વિચાર પણ તેવો જ હતો, અને તેઓની આસપાસ જે સામંતો રહેતા તેઓ પણ તેવા જ અભિપ્રાયના હતા. ક્ષત્રિય થઈ મ્લેચ્છ લોકને તાબે રહેવું તે કરતાં મરવું હજાર દરજ્જે સારું, એવો વિચાર કરીને ગમે તેવાં પરિણામ થાય તોપણ સામા લડવાનો તેઓએ નિશ્ચય કર્યો. એક દહાડો શંકળદેવ, ભીમદેવ તથા તેના શૂરા સરદારો દરબારમાં બેઠા હતા. તે વખતે એક જાસૂસ ઘણી ઝડપથી હાંફતો- હાંફતો ત્યાં આવ્યો, અને રાજાને પગે પડી બોલ્યો; “મહારાજ! દિલ્હીપતિ સુલતાને એક મોટું લશ્કર તૈયાર કર્યું છે અને તે લઈને ખોજો કાફુર આપણી તરફ આવે છે. તેની મતલબ તૈલંગણના રાજા પાસે ખંડણી વસૂલ કરવાની તથા આપે અને બીજા રાજાઓએ ખંડણી બંધ કરી છે તે જારી કરવાની છે. મેં તે લશ્કર આવતું જોયું, તે મહારાજને ખબર કરવાને હું દોડતો આવ્યો છું; માટે સાવચેત રહેવું અને તૈયારી કરવી હોય તે કરી મૂકવી.” આ વાત સાંભળીને રાજાના ચહેરા ઉપર કાંઈ પણ ફેરફાર

થયો નહીં. તેને એ પ્રમાણે થશે એવી આશા જ હતી, અને એમ થવાથી તે ઊલટો ખુશ દેખાયો. તે જાણતો હતો કે અત્યાર સુધી જે તેની હાર થઈ છે તેનું મુખ્ય કારણ તેના બાપ રામદેવની નામર્દાઇ હતું. પણ હમણાં જ્યારે સઘળો અધિકાર તેના હાથમાં આવ્યો છે, અને નામર્દાઈની સલાહ આપનાર કોઈ રહ્યું નથી, ત્યારે જય થશે જ એવો તેને પક્કો ભરોસો હતો. વળી તેને લડાઈમાં કીર્તિ મેળવવાની ઘણી હોંશ હતી, તેથી આવો વખત આવેલો જોઈને તેને ઘણો હર્ષ થયો. તેણે તે જાસૂસને કેટલુંક ઇનામ આપવા માંડ્યું, પણ તે હાથ જોડીને બોલ્યો : "મહારાજ! મેં એ કામ ઇનામને વાસ્તે કર્યું નથી. હું તમારું શુભ ઇચ્છનાર છું, હું તમારું તેજ વધારે જોવાને ચાહું છું, અને એ મ્લેચ્છ લોકોનો નાશ થાય તે જોવાને હું ઘણો આતુર છું. માટે મહારાજ! એક મારી વિનંતી કબૂલ રાખવી જોઈએ. મને શસ્ત્ર વાપરવાનો મહાવરો છે. હું ઘણી વાર એ દુષ્ટ લોકો સાથે લડ્યો છું, અને હજી વધારે તેઓની સાથે લડવાની મને ઘણી હોંશ છે. એ ચંડાળ લોકોએ મારું ઘર પાયમાલ કર્યું છે. તેનું તેઓના ઉપર મારે સખ્ત વેર લેવું છે, માટે જો કૃપા કરીને મને થોડાં માણસોની સરદારી સોંપશો, તો હું કેવી રીતનો માણસ છું, તથા કેવી રીતે લડી શકું છું, તે હું બતાવી આપીશ. મહારાજ! કાંઈ આંચકો ખાતા ના. હું ઘરડો દેખાઉં છું; મારું શરીર ગળી ગયેલું છે; તથા મારામાં ઘણો દમ જણાતો નથી. પણ એ સઘળું મારા ઉપર પડેલી વિપત્તિને લીધે થયું છે. મારો બહારનો દેખાવ ગમે તેવો હોય તોપણ મારું મન હજી અશક્ત થયું નથી. મારામાંથી હજી શૂરાતન ગયું નથી. મારા અંતઃકરણનો જુસ્સો હજી હોલવાયો નથી. મેં ઘણી લડાઈઓ જોઈ છે, માટે મારી જો અરજ કબૂલ કરશો તો મારા ઉપર કૃપા થશે."

શંકળદેવને તેનો ચહેરો જોઈને અને તેને આવું બોલતાં સાંભળીને ઘણું આશ્ચર્ય લાગ્યું અને તે ખરેખરો બહાદુર માણસ હશે એમ જાણીને તેને એક હજાર સવારની સરદારી આપી. પછી તેણે લડાઈ કરવાની તૈયારી કરવા માંડી. પોતાના રાજ્યમાંથી લડનારાં માણસો એકઠાં કર્યાં. લડવાનાં શસ્ત્રો તૈયાર કર્યાં. શહેરનો કોટ સમરાવ્યો. શહેરમાં ઘણું અનાજ એકઠું કર્યું; અને રોજરોજ સિપાઈઓને હિંમત આપવાને તથા તેઓમાં શૂર ચઢાવવાને પ્રયત્ન કરવા લાગ્યો. પણ એ સિપાઈઓએ મુસલમાનોના હાથથી ઘણી વાર માર ખાધેલો હતો, તેઓએ એ મ્લેચ્છ લોકો ઉપર કોઈ દહાડો પણ જય મેળવ્યો ન હતો, માટે તેઓ ઘણા ત્રાસ પામી ગયા હતા. મુસલમાનો ઉપર પરમેશ્વરની મહેરબાની છે એમ તેઓ જાણતા હતા, અને તેઓની સામા લડવું અને જીવ ખોવો, એ બે બરોબર છે એમ તેઓ સમજતા હતા, માટે આવતી લડાઈના વિચારથી તેઓ છેક કાયર થઈ ગયા હતા. પોતાનું મોત નક્કી આવ્યું એમ તેઓની ખાતરી હતી, માટે કેટલાક સિપાઈઓની લડવાની બિલકુલ ખુશી ન હતી. પણ જ્યારે રાજાએ તેઓને લડવાને બોલાવ્યા, ત્યારે તેઓને આવ્યા વિના ચાલ્યું નહીં. તેઓ આવ્યા તો ખરા, પણ લડાઈનો જલદીથી જ અંત આણવો એવો તેઓનો નિશ્ચય હતો. પણ એ વિચાર શી રીતે અમલમાં લાવવો એ મોટી મુશ્કેલી હતી. જો તેઓ લડવાની ના કહે તો તેઓ બાયલામાં ગણાય, તેઓના નામને મોટી એબ લાગે, તથા રાજાની ઇતરાજી તેઓના ઉપર થાય. માટે બીજું શું કરવું એ વાતના વિચારમાં તેઓ હતા. પણ તેઓને કાંઈ સૂઝયું નહીં. તેઓમાંથી એક સિપાઈ આગળ આવી બોલ્યો, કે રાજાને ઠાર મારવો, એટલે લડાઈનું બી બળી જશે, અને જ્યારે મલેક કાફૂર આવે ત્યારે નવા રાજા પાસે ધારા પ્રમાણે ખંડણી અપાવવી, એટલે લડાઈનું કારણ રહેશે નહીં. સિપાઈની આ વાત સાંભળી પહેલાં તો કેટલાક ચમક્યા; કેટલાક તો સ્થિર ઊભા રહ્યા; કેટલાકે તે વાત તેઓને પસંદ પડી હોય તેમ ખુશી બતાવી; અને કેટલાક તે દુષ્ટ વાત સાંભળીને એવા તો ગુસ્સે થયા કે તેઓ તે સિપાઈનું માથું એકદમ કાપી નાખવા જતા હતા, પણ બીજા બધાએ તેમ કરતાં તેમને રોક્યા. સઘળાઓ વિચાર કરવા લાગ્યા, અને કાંઈ

પણ ઠરાવ કર્યા વિના પોતપોતાને ઘેર જતા રહ્યા, અને તે છેલ્લા ઉપાય સિવાય બીજો કોઈ સારો રસ્તો નથી; એવી સઘળાઓની ખાતરી થઈ.

બીજે દહાડે સઘળું લશ્કર ધારા પ્રમાણે દરબાર આગળ ચોગાનમાં એકઠું થયું, તેઓ માંહોમાંહે જુદી-જુદી જાતની યુદ્ધની તૈયારી કરવા લાગ્યા, કેટલાક પોતાના ઘોડાને કાવો ફેરવતા હતા; કેટલાક તેઓને આગળપાછળ દોડતાં શીખવતા હતા; કેટલાક બુઠ્ઠા ભાલા વડે જૂઠું યુદ્ધ કરતા હતા; કેટલાક તલવારના પટા ફેરવતા હતા, અને કેટલાક નિશાન માંડીને તે ઉપર તીર મારવાનો મહાવરો કરતા હતા. એ પ્રમાણે ત્યાં કામ ચાલી રહ્યું હતું. તે વખતે શંકળદેવ રાજા પોતે એકલો, પગે ચાલતો ત્યાં આવ્યો. તેની પાછળ-પાછળ તેનો નવો રાખેલો સરદાર ચાલ્યા કરતો હતો. રાજાને જોઈને આગલી રાત્રે કરેલો વિચાર તેઓને યાદ આવ્યો. પણ જ્યારે તેઓની નિમકહલાલી ઉપર પક્કો ભરોસો રાખી તેને આવતો જોયો, ત્યારે તેઓના મનમાંથી સઘળો ગુસ્સો નરમ પડી ગયો, અને તેની સાથે મરવું અથવા જીતવું એવી સૌને પ્રેરણા ઉત્પન્ન થઈ. પણ એ પ્રમાણેની અસર સઘળાને સરખી થઈ નહીં. કેટલાકનાં અંતઃકરણ વધારે ક્રૂર હતાં તેઓને જરા પણ લાગ્યું નહીં; કેટલાક નામર્દ હતા, તેઓને રાજાને આવતો જોઈને વધારે બળતું લાગ્યું અને ધારેલો વિચાર અમલમાં લાવવાનો વખત પાસે આવ્યો, એમ જાણી ઘણી ખુશી થઈ. સિપાઈઓમાં ધારા પ્રમાણે કામ ચાલ્યું. એટલો જ તફાવત દેખાયો કે તેઓ સઘળાનાં મન આકુળવ્યાકુળ દેખાયાં. તેઓ નિશાન વારે-વારે ચૂકી જતા હતા. સિપાઈઓથી રાજાની સામું નજર ઠેરવીને જોઈ શકાતું ન હતું, અને રાજાએ છેવટ જતી વખત થોડુંક ભાષણ કર્યું ત્યારે હમેશની પેઠે તેઓ સઘળા જયનાદ પાડી ઊઠયા નહીં. જેઓના મનમાં શૂર ચઢયું તેઓ તો બોલી ઊઠયા, પણ કેટલાક મૂંગા રહ્યા, અને નીચું જોઈ ગયા. રાજાને એ સઘળું જોઈને નવાઈ જેવું તો લાગ્યું, પણ કાંઈ બોલ્યા વગર તથા તે ઉપર કાંઈ ટીકા કર્યા સિવાય તેણે પાછા ફરવાની તૈયારી કરી. પણ એટલામાં એક સિપાઈ કાંઈ જાહેર કરવા આવતો હોય એમ ધીમેથી રાજાની પાસે આવ્યો. તેણે કેટલાંક કારણો બતાવી પાછા ઘેર જવાની રજા માગી, અને રાજા જવાબ દેવા જાય છે એટલામાં એક કટાર તે ચંડાલ સિપાઈએ રાજાના પેટમાં મારી. સારા ભાગ્યે તે વખતે શિયાળાના દહાડા હતા, તેથી રાજાએ અંદરથી રૂદાર ડગલો પહેરેલો હતો, તેથી ઘા બરોબર લાગ્યો નહીં, પણ તેના આંચકાથી તે ભોંય ઉપર પડ્યો. લશ્કરમાં હાહાકાર થઈ ગયો, પણ તેઓમાંના કેટલાક આશ્ચર્યથી તથા કેટલાક દુષ્ટ ભાવથી જડભરત જેવા ઊભા રહ્યા, અને તેથી તે ખૂનીને બીજો ઘા મારવાનો વખત મળ્યો. ભોંય ઉપર પડેલા રાજા ઉપર બીજો કારી ઘા પડે છે, અને તેની અવરદાનો અંત આવે છે, એટલામાં પાછળથી તલવારનો ઝળકાટ થયો, અને તે જ ક્ષણે તે ખૂનીનું માથું ભોંય ઉપર ગબડ્યું. ‘વાહ! વાહ!’ ‘શાબાશ’ ‘શાબાશ’ એ અવાજ એક છેડેથી બીજા છેડા સુધી ઊઠ્યો. રાજા પણ ચમકીને બેઠો થયો, અને જુએ છે તો પેલો નવો સરદાર હાથમાં તલવાર લઈને ઊભો છે, અને તેનો શત્રુ જમીન ઉપર તરફડતો પડ્યો છે. આ સઘળું એટલી તો ત્વરાથી બન્યું કે શંકળદેવના મનને એક સ્વપ્ન જેવું લાગ્યું. તેથી જીવથી બચ્યો, અને તેનો બચાવનાર કોણ? જે તેને ઘરડો ચીમળાઈ ગયેલો દેખાતો હતો તે હમણાં જુદી જ તરેહનો લાગ્યો. તેનું રૂપ એટલું તો બદલાઈ ગયું હતું કે આ પૃથ્વી ઉપરનો કોઈ માણસ નહીં પણ પરલોકમાંથી તેનો જીવ બચાવવાને જ અર્થે આવ્યો હોય, એમ તેને લાગ્યું.

તે દહાડાથી રાજા નિરાશ થઈ ગયો. તેની બધી હિંમત જતી રહી, અને મલેક કાફુર આવે તેને ખંડણી આપવાનું તેને મન થયું. પણ હવે તેનો સલાહકાર જુદો હતો. જેણે તેનો જીવ બચાવ્યો તે તે દહાડાથી તેનો ઘણો માનીતો થઈ પડ્યો હતો. તેને પોતાથી ઊતરતો જ હોદ્દો આપ્યો હતો. તેની પાસે તે નિરંતર રહેતો હતો અને તેના ઉપર રાજાનો એટલો બધો પ્યાર

બંધાઈ ગયો હતો, તથા તેના વિચાર તથા મસલતને તે એટલું બધું માન આપતો હતો કે રાજાને લડાઈ કરવાને નિરંતર બોધ કર્યા કરતો હતો. ક્ષત્રિય થઈ મ્લેચ્છને ખંડણી આપવી એ કરતાં મરવું સારું, એમ તેના મનમાં રાતદહાડો ઉતાર્યા કરતો હતો, અને તેથી રાજાની હિંમત ટકી રહી. તેથી રાજાનો અસલનો ઠરાવ કાયમ રહ્યો, અને તેથી તેણે ખંડણી આપવાનો વિચાર બંધ પાડ્યો, અને યુદ્ધ કરવાની તૈયારી કરી. એક અઠવાડિયું ગયા પછી એક સવારે શહેરમાં હાહાકાર થઈ રહ્યો. ગામડાંના લોકો રાત્રે શહેરમાં દોડતાં આવ્યાં, અને તેઓ ખબર લાવ્યાં કે મુસલમાનોનું એક ભારે લશ્કર આવે છે. દુશ્મન જેમ-જેમ આગળ આવતા ગયા તેમ-તેમ રાજાના મનમાં વધારે ત્રાસ બેસાડવાને રસ્તામાં જે-જે ગામો આવ્યાં તે તે તેઓએ બાળી નાખ્યાં. ખેતરમાંનું અનાજ બાળ્યું, કાપ્યું, છૂંદી નાખ્યું, અથવા બીજી રીતે તેમાં બગાડ કર્યો. લોકોને મારી તો ન નાખ્યાં, પણ તેઓને શહેરમાં મોકલી દીધાં, અને એમ કરવાથી તેઓએ ધાર્યું કે જો શંકળદેવ રાજા દેવગઢમાં ભરાઈ બેસશે, તો શહેરમાં ઘણાં માણસો હોવાને લીધે અનાજ ખૂટી પડશે, અને સિપાઈઓને ભૂખે મરવું પડશે. એટલે લડાઈનો જલદીથી અંત આવશે. એવી રીતે નુકસાન કરતા તેઓ દેવગઢની નજદીક આવી પહોંચ્યા. શંકળદેવ સવારમાં ઊઠયા, ત્યારે આ સમાચાર તેણે જાણ્યા. તેણે તરત જ પોતાના સઘળાં માણસોને એકઠાં કર્યાં, અને પોતે બખતર તથા શસ્ત્ર સજી પોતાનાં કુટુંબની રજા લઈને ઘરની બહાર નીકળ્યો. ભીમદેવ પણ તેની સાથે જ હતો, અને પેલો નવો રાખેલો સરદાર અને હમણાં તો રાજાની માનીતો નનામો પુરુષ પણ રાજાની પાસે હતો. લશ્કર એકઠું થયા પછી લડાઈનાં વાજિંત્ર સાથે તેઓ આગળ ચાલ્યા. પણ શહેરના લોકો રાજાને આશીર્વાદ દેવાને જ બહાર આવ્યા હતા. તેઓ બારીબારણાં બંધ કરી ઘરમાં ભરાઈ રહ્યા. એક જાતની ઈશ્વરી પ્રેરણાથી અથવા વધારે સાચું કહીએ તો અનુભવથી તેઓને ખાતરી હતી કે શંકળદેવની હાર થશે અને તેથી લડાઈ કરવાના રાજાના આ દુરાગ્રહથી તેઓ નાખુશ હતા. શહેરની ખરાબી થયા વિના રહેવાની નથી, એ દહેશતથી તેઓ ભયભીત તથા ઉદાસ થઈ ગયા હતા. થોડાક માણસોએ રાજા ઉપર ફૂલ વધાવ્યાં, તથા પરમ કૃપાળુ ઈશ્વર પાસેથી માગી લીધું કે ક્ષત્રિય રાજાનો જય થાઓ, અને મ્લેચ્છ, ચંડાળ લોકોનો સંહાર થાઓ. પણ એવું ઇચ્છનારા તથા તેઓની પ્રાર્થના ઈશ્વર માન્ય કરશે, એમ માનનારા થોડા હતા. તે જોઈને રાજાને ઘણી દિલગીરી થઈ, તથા એ વાતથી તેનું અર્ધું શૌર્ય ઓછું થયું. તોપણ તેને આશા હતી કે જો વખતે જય મેળવીશ તો કીર્તિ વધારે થશે, અને હમણાં જેટલી નાઉમેદી છે તેના જ પ્રમાણમાં મારી પ્રતિષ્ઠા વધશે. એટલા જ ઉપરથી તેના મનને દિલાસો મળતો હતો. તેના સિપાઈઓમાં પણ જોઈએ તેટલી હોંશ ન હતી. તેઓ મરવા જતા હોય તેમ તેઓનાં મોં ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું. તેઓને જીતવાની કાંઈ આશા ન હતી. તેઓએ પોતાનાં બૈરાંછોકરાંને છેલ્લા રામ રામ કર્યા હતા; અને પાછા ઘેર જઈશું એવો કોઈ રીતે ભરોસો ન હતો. નીકળતાં શકુન પણ સારા થયા નહીં. જોશીઓએ સારું મુહૂર્ત પણ આપ્યું ન હતું, અને અગર જો તેઓ રાજાને મોંએ સારી સારી વાતો બોલતા, તોપણ બીજાઓની આગળ રાજ્યની ખરાબી વિશે તેઓએ કહી રાખ્યું હતું. રાજાનો ચંદ્ર સારો નથી, એ પ્રમાણે વહેમ સઘળે પથરાઈ રહ્યો હતો. પણ શંકળદેવને કાળે ઘેરેલો તેથી તેને કાંઈ સૂઝ ્યું નહીં, અને તેથી આ સઘળી વાતની કાંઈ પણ ફિકર રાખ્યા વિના પોતાના લશ્કર સહિત આગળ ચાલ્યો, અને શહેરથી કેટલેક દૂર જઈ એક સારી જગાએ ઊભો રહ્યો.

મુસલમાનોના લશ્કરને પણ આવતાં કાંઈ વાર લાગી નહીં. તેઓએ જ્યારે રાજાનું લશ્કર લડાઈ કરવાને ગોઠવાયેલું જોયું ત્યારે તેઓને ઘણો જ આનંદ થયો, અને હવે થોડી વારમાં તે લશ્કરના કટકેકટકા કરી નાખીશું. એ ખુશીથી તેઓએ એક મોટી ચીસ પાડી. તેના જવાબમાં રજપૂતોએ પણ કિકિયારી કરી, પણ તેમાં શત્રુના જેટલો જુસ્સો જણાયો નહીં. જ્યારે મલેક

કાફુર દુશ્મનના લશ્કરની પાસે આવ્યો, ત્યારે તેણે પોતાનાં માણસોને ઊભાં રાખ્યાં, અને એક માણસને બોલાવી તેને કાંઈ સંદેશો કહી રાજા પાસે મોકલ્યો. તેણે આવીને શંકળદેવને કહ્યું : "હે રાજા! સઘળી જહાનના પાદશાહ અલાઉદ્દીન ખિલજીનો મુખ્ય સરદાર નાયબ મલેક કાફુર તમને ખબર કરે છે કે, ઘણાં વર્ષ ઉપર તમારું રાજ્ય પાદશાહે જીત્યું, અને તમારા ઉપર ઘણી દયા કરી ખંડણી બેસાડી ઉપરાંત કેટલુંક નજરાણું પણ આપ્યું. તમારો બાપ રામદેવ પાદશાહની હજૂરપનાહમાં ગયો, અને તેને રાયારાયનો ઇલકાબ આપ્યો, તથા તેને જાગીર પણ આપી. તમારો બાપ પાછો દેવગઢમાં આવ્યો, અને જ્યાં લગી જીવ્યો ત્યાં સુધી તેણે ધારા પ્રમાણે ખંડણી આપ્યા કરી. તેના મૂઆ પછી તમે ખંડણી બંધ કરી છે. તમે જાણો છો કે તૈલંગણના રાજાએ ખંડણી આપવાનું કબૂલ કર્યું છે, અને તે વસૂલ કરવાને અમે જઈએ છીએ; પણ રસ્તામાં તમારી ખબર લેવી, અને તમને સારી શિખામણ આપવી, એ વિચારથી અમે અહીં આવ્યા છીએ. ખંડણી આપ્યા વિના તમારો છૂટકો થવાનો નથી. અમે જ્યાં જઈએ છીએ ત્યાંથી અમારી મતલબ પાર પાડ્યા વિના કદી પાછા ફરતા નથી. અમારું લશ્કર કદી હારીને પાછું ફર્યું નથી. માટે હમણાં ડાહ્યા થઈને રાજીખુશીથી ચઢેલી ખંડણી, અમારો અહીં આવવાનો ખરચ, તથા તમારા ઉપર જે દંડ ઠેરવવામાં આવે તે સઘળું એકદમ આપો, નહીં તો આ તમારું લશ્કર એક પલકમાં પાયમાલ કરી નાખીશું; તમારી રાજધાની બાળી મૂકીશું; તમારા લોકોને કતલ કરી નાખીશું; તથા બીજી જેટલી ખરાબી અમારાથી થઈ શકશે તેટલી કરીશું. માટે એ સઘળા ઉપર વિચાર કરીને મનમાં વિવેક લાવીને જવાબ આપજો. ઉન્મત્તાઈ કરવાનું કાંઈ કામ નથી. પાછળથી પસ્તાવો કરવો પડે એવું કદી કરશો નહીં." જાસૂસની આ વાત સાંભળી તેને જવાબ રાજા શો આપે છે તે જાણવાને સઘળા સિપાઈઓ તથા સરદારો ઘણા આતુર હતા. રાજાએ તરત જવાબ દીધો નહીં, તેણે વિચાર કરવા માંડ્યો. એટલામાં પેલો નવો રાખેલો સરદાર તેની પાસે ગયો અને તેની સાથે કેટલીક વાત કરી તેના મનમાં જે કાંઈ શંકા હતી તે તેણે કાઢી નાખી. પછી રાજાએ તે જાસૂસને જવાબ આપ્યો : "અત્યાર સુધી મારા બાપે જે ખંડણી આપી તે તેણે ઘણું ખોટું તથા નામર્દાઈનું કામ કર્યું. આટલી વાર સુધી અમારી હાર થઈ તે અમારા પાપને લીધે, તોપણ જ્યાં સુધી અમે ક્ષત્રિય કહેવાઈએ છીએ ત્યાં સુધી અમે કોઈને તાબે રહેવાના નથી. અમારા શરીરમાં અમારું શૂરું લોહી ઊકળી આવે છે; માટે લડાઈ કર્યા વિના ખંડણી આપનાર નથી. જો લડાઈમાં જય થશે તો ઠીક છે, અને જો પરાજય થશે તો જે ઈશ્વરે ધારેલું હશે તે થશે. એટલો જવાબ તમારા સરદારને કહેજો."

થોડી વારમાં મુસલમાન લશ્કરે હુમલો કર્યો. "અલ્લાહો અકબર" એમ બૂમ સઘળે પથરાઈ ગઈ. તેઓએ પહેલવહેલાં જ તેઓનો જુસ્સો બતાવ્યો. પણ રજપૂત તથા મરાઠા હજી એવા બાયલા થઈ ગયા ન હતા કે પહેલા જ સપાટામાં હારે. તેઓએ ઘણી જ ધીરજથી લડાઈ કરીને મુસલમાનોને પાછા હઠાવ્યા. રજપૂત સૈન્યમાં પણ રણસંગ્રામનાં વાજિંત્ર વાગી રહ્યાં હતાં. તેઓના ઘોડા ખૂંખારતા હતા. માણસોમાં ખૂન ભરાઈ ગયું હતું, અને ઘણો શોરબકોર થઈ રહ્યો હતો. બીજી વાર મુસલમાન લોકોએ હુમલો કર્યો, અને આ વેળા તેઓએ ધસારો ઘણા જોરથી કર્યો. પણ રજપૂતો એક પથ્થરના કોટની પેઠે ઊભા રહ્યા હતા તેને ભેદીને તેઓથી પાર જવાયું નહીં. તીરથી વાદળ છવાઈ ગયું, તલવારનો ઝળકાટ થઈ રહ્યો, અને તેઓ જ્યારે એકએકથી સાથે અથડાતી ત્યારે વીજળીની પેઠે ચમકારા થતા હતા. ભાલા લશ્કરમાં ઊછળતા હતા. અને ક્ષણેક્ષણે ઘણા અભાગિયા માણસો ભોંય ઉપર પડતા હતા. લડાઈનો ગડબડાટ, મરતાં માણસોની ચીસ તથા ઘાયલ માણસો રગદોળાઈ જતાં હતાં તેઓનાં દુઃખની બૂમોથી તે જગા ખરેખરી ભયંકર થઈ રહી હતી. યુદ્ધ ખૂબ જોશમાં મચી રહ્યું હતું. આકાશમાં ગીધ, સમડી અને કાગડાઓ ઘણા આનંદમાં ઊડતા હતા, અને થોડી વાર પછી એક મોટી

ઉજાણી તેઓને મળશે એવી ખાતરી હતી. લોહીની નીક ત્યાં વહેવા લાગી. એક તરફથી મુસલમાનોની "અલ્લાહો અકબર" અને બીજી તરફથી હિંદુઓની "હર હર મહાદેવ"ની ચીસથી આકાશ ગાજી રહ્યું હતું; સઘળા રજપૂત સિપાઈઓ પહેલાં નિરાશ થયા જણાતા હતા તોપણ આ યુદ્ધપ્રસંગે તેઓ સિંહની પેઠે લડ્યા. તેઓએ પોતાનું નામ સાર્થક કર્યું. તે સઘળાઓમાં ત્રણ માણસનું શૂરાતન વધારે દેખાઈ આવતું હતું. એક તો શંકળદેવ રાજા, જેણે બહાદુરીનાં અનેક ચમત્કારિક કામો કર્યાં, તેને મારવાને ઘણાં માણસોએ પ્રયત્ન કર્યો, પણ તે સઘળા નિષ્ફળ ગયા. અને તેઓએ પોતાનો જીવ ખોયો. બીજો ભીમદેવ, તેણે પણ આ લડાઈમાં મહેનત કરવામાં કાંઈ કસર રાખી નહીં. પોતાનું શરીર અમર હોય એમ તે અગાડી ઊભો રહ્યો હતો. તેના ઉપર તીરનો વરસાદ વરસતો હતો, અને તે શી રીતે જીવતો રહ્યો એ જ આશ્ચર્યકારક હતું. પણ સઘળાથી પેલા આ રાજાના નવા સરદારની બહાદુરી જોવા લાયક હતી. તેનો આ વખતને વાસ્તે જ નવો અવતાર થયો હોય એમ જણાતું હતું. તેનું શરીર જે પહેલાં અશક્ત દેખાતું હતું તેમાં હમણાં જાણે રાક્ષસે પ્રવેશ કર્યો હોય એટલું તેનામાં બળ આવ્યું હતું. તે દુશ્મનના લશ્કરમાં ઘણો જ સંહાર કરતો જતો હતો, અને રાજાની હંમેશાં પાસે રહીને તેણે તેનો કેટલીક વાર જીવ ઉગાર્યો હતો. તેના શરીરમાં ઘણા ઘા વાગ્યા હતા; પણ તેના જુસ્સાના આવેશમાં તેને કાંઈ જણાતું ન હતું. મરવું એ જ ઠરાવ કરીને તે લડતો હતો. પોતાના સરદારોને તથા રાજાને યુદ્ધ કરતા જોઈને સિપાઈઓને પણ ઘણું શૂર ચઢયું હતું, અને તેઓ મરણિયા થઈને કતલ કર્યે જતા હતા.

મુસલમાન સિપાઈઓએ આગળથી એવું ધાર્યું ન હતું કે હિંદુઓ આટલી બહાદુરીથી લડશે. તેઓ સહેલથી ફતેહ મેળવવાનું ધારતા હતા, માટે તેઓનો આગ્રહ જોઈને તેઓ ઘણા નાઉમેદ અને જરા નાશહમત થયા. જેમ-જેમ તેઓની હિંમત ઓછી થતી ગઈ તેમ-તેમ હિંદુઓનો જુસ્સો વધતો ગયો, અને તેઓએ એવા જોરથી એક ધસારો કર્યો કે મુસલમાનો ગભરાયા, અને તેઓમાં એકાએક ત્રાસ પેઠાથી સઘળા નાસવા લાગ્યા. મલેક કાફુરે તેઓને અટકાવવાને ઘણી મહેનત કરી. પણ તે સઘળી વ્યર્થ ગઈ. જ્યારે તેઓ એક કોશ સુધી ગયા. ત્યારે તેઓને કાફુરે ઘણી મુશ્કેલીથી અટકાવ્યા, અને તેઓની નામર્દાઈ ઉપર ઘણા ઠોક પાડ્યા. પણ સિપાઈઓની હવે લડવાની હિંમત રહી નહીં. તે વખતે મલેક કાફુરે એક નવી તદબીર કરી. તેણે તેઓના ધર્મના વિચાર જાગ્રત કર્યા, અને એક કુરાન ફાડી નાખીને તેની જુદી-જુદી આયતો નિશાન ઉપર ચોઢી. અને એ પ્રમાણે ખુદાતાલાના રક્ષણ નીચે છીએ, અને હવે કોઈ પણ શત્રુ આપણી આગળ ટકી શકશે નહીં એવું પોતાના માણસોને સમજાવીને તેણે તેઓને નવી હિંમત આપી. આ ઉપાય સફળ થયો, તેની ધારેલી અસર થઈ. સિપાઈઓને પાછું શૂર ચઢયું, અને તેઓ પાછા ચાલ્યા. જ્યારે તેઓ હિંદુઓની પાસે આવ્યા, ત્યારે મલેક કાફુરે નીચા વળીને રસ્તા ઉપરથી થોડીક ધૂળ લીધી, અને એક આયત ભણીને હિંદુઓની તરફ ફેંકી તે બોલ્યો : "દુશ્મન પાયમાલ હોજો." એટલું બસ થયું. મુસલમાનોએ ત્યાર પછી એવો તો ધસારો કર્યો, તથા એવા જોરથી લડ્યા કે હિંદુઓથી ટકાયું નહીં. તેઓની હાર તૂટવા માંડી, અને થોડી વારમાં તેઓમાંનાં એટલાં તો માણસ કપાઈ ગયાં, કે તેઓના મનમાં ત્રાસ પેસી ગયો, અને તેઓએ પાછાં પગલાં ભરવા માંડ્યાં. તે વખતે શંકળદેવે નીકળીને બૂમ પાડી કે 'નાસશે તે બાયલો, હિચકારો, તથા તેની સાત પેઢીને એબ લગાડનાર સમજવો, માટે આ ઠેકાણે મરવું કે જીતવું.' પણ હવે તો માર ઘણો સખ્ત પડવા લાગ્યો. ઘણા ઘણા સરદારો પડ્યા. સિપાઈઓનો તો મરવાનો સુમાર ન રહ્યો. મલેક કાફુરનો વિચાર રાજાને મારવો અથવા જીવતો પકડવો એવો હતો, અને તે કારણથી રાજાના ઉપર ઘણા હુમલા થતા હતા પણ તેણે પોતાની તથા તેના માનીતા સરદારની બહાદુરીથી એ સઘળાને હઠાવ્યા. તેની તરફના કેટલાક

સિપાઈઓએ નાસવા માંડ્યું. અને તેનો ચેપ બીજાઓને લાગ્યો. લશ્કરમાં ભંગાણ પડી ગયું. શંકળદેવ તેઓની ફરીથી વ્યવસ્થા કરવા લાગ્યો પણ કાંઈ ફાવ્યું નહીં. સઘળી તરફથી સિપાઈઓ નાસવા લાગ્યા. તે વખતે બેત્રણ પઠાણો આગળ ધસ્યા, અને તેઓએ રાજાને પકડ્યો; પણ એટલામાં પાછળથી એક તલવારનો ઘા પડ્યો, અને એક પઠાણનું માથું હેઠે ભોંય ઉપર ગબડ્યું. પણ તે અરસામાં બીજા પઠાણે પાછળ ફરી એક ભાલાના ઘાથી તેના સોબતીના મારનારને ભોંકી દીધો અને તેનો અંત આણ્યો. એ પ્રમાણે રાજા જીવતો પકડાયો; ભીમદેવ ઘાયલ થઈ ભોંય ઉપર પડ્યો. બધું લશ્કર નાસવા લાગ્યું; અને રાજાનો માનીતો શૂરો સરદાર પઠાણના ભાલાના ઘાથી જમીન ઉપર તરફડતો પડ્યો.

પણ તેનાં તરફડિયાં થોડી જ વાર રહ્યાં. થોડી વારમાં આ ઘાયલ થયેલા તથા કોચાઈ ગયેલા શરીરમાંથી તેનો અમર વસનાર ઊડી ગયો, અને તેના સર્વશક્તિમાન પેદા કરનારની હજૂરમાં જઈ ઊભો રહ્યો. એ પ્રમાણે ગુર્જર દેશના છેલ્લા રજપૂત રાજા કરણ વાઘેલાનો અંત આવ્યો. વનરાજ, સિદ્ધરાજ, કુમારપાળ, અને એવા શૂર અને નામાંકિત રજપૂત રાજાઓની ગાદીએ બેસનાર કરણ રાજા એ પ્રમાણે માર્યો ગયો; અને તેની સાથે ગુજરાતનું રજપૂત રાજ્ય ડૂબી ગયું તે ફરીથી પાછું ઠેકાણે આવ્યું નહીં. વાંચનારાઓ! આ કરણના શબ ઉપર થોડાં-થોડાં આંસુ પાડો. તેના મોત પછી ગુજરાત રંડાયું; તે પારકા દેશના મ્લેચ્છ લોકના હાથમાં ગયું; તેના ઉપર પરદેશી જંગલી લોકોનો જુલમ પડવા લાગ્યો. મહમ્મદ બેગડા અને એવા બીજા અમદાવાદના પાદશાહોએ તેની ઘણી ખરાબી કરી. મરેઠા લોકોએ તેની ઉપર અતિશય લૂંટફાટ કરી. દેશમાં નાના ખંડિયા રાજાઓ થઈ ગયા, અને એ પ્રમાણે ગુજરાતની છેક દુર્દશા થઈ. ગુજરાતનું સ્વતંત્ર રજપૂત રાજ્ય આ પ્રમાણે લય પામ્યું; ગુજરાતનો મહિમાનો વખત પૂરો થયો, તેની ઠેકાણે-ઠેકાણે ભાંગીતૂટી નિશાની માત્ર રહી ગઈ છે. હજી સિદ્ધપુરની રુદ્રમાળ, પાટણનું સહસ્રલિંગ તળાવ, અને બીજી ઇમારતો એ ગયેલા દહાડાની સાક્ષી પૂરે છે, તથા રજપૂતોની એક વાર થયેલી ચઢતી કળા દેખાડી આપે છે, પણ એ વાત બન્યાને આજ લાંબી મુદત થઈ છે. કરણ વાઘેલાના મોત પછી સાડી પાંચસો વર્ષ વહી ગયાં છે. તે વખતના અને હમણાંના ગુજરાતમાં ઘણો ફેર પડી ગયો છે. તે રજપૂતો, તે મુસલમાનો, અને મરેઠાઓ ક્યાં ગયા? તેઓની હમણાં અવસ્થા જુઓ. હમણાં એદી, અફીણી, નિર્બળ, અક્કલહીન રજપૂતો તે વખતના શૂરા, જોરાવર ને બુદ્ધિમાન રજપૂતોના વંશના છે, એમ કોણ માનશે? હમણાંના ભૂખે મરતા, અશક્ત, અજ્ઞાન મુસલમાનો તે વખતના મુસલમાનોની ઓલાદના છે એ પામવું પણ કઠણ પડશે નહીં? અને મરેઠાઓનું પણ નામ જ રહી ગયું છે. તેઓ સઘળા પશ્ચિમ તરફના ગૌર વર્ણના માણસોના હાથ નીચે દબાઈ ગયા છે. ભાટ, ચારણ, અને બીજા રાજ્યદરબારને લગતા લોકો પણ પહાડ અને જંગલમાં ભટકતા માલૂમ પડે છે. અંગ્રેજના એક છત્ર નીચે સઘળું ગુજરાત આવી રહ્યું છે, અને પરમ કૃપાળુ ઈશ્વરની ઇચ્છાથી એ પરદેશી લોકોના હાથ નીચે આ પ્રાંત પાછો મોટો થશે; પાછું કોઈ જુદી જ રીતનું નામ કાઢશે; અને વિદ્યા, કળા અને સુધારો સઘળે પથરાઈને આ રળિયામણો પ્રાંત ઈશ્વરની વાડી, લક્ષ્મીનું ધામ, તથા સદ્ગુણનું સ્થાન થઈ પડશે.

અસ્તુ! અસ્તુ!!

સમાપ્ત

પરિશિષ્ટ-2

‘ કરણ ઘેલો’ કાલાન્તરે

કરણ ઘેલા વિશે જેટલી હકીકત ઇતિહાસ ઉપરથી જણાય છે તેમાં બીજી નવી કલ્પિત વાતો ઉમેરીને આ વાર્તાનો વિસ્તાર કીધો છે. જે વખતે આ સઘળી બિનાઓ બની તે વખતે લોકોની રીતભાત કેવી હતી, તેઓના વિચાર કયા પ્રકારના હતા, ગુજરાતના રજપૂત રાજા તથા દિલ્હીના મુસલમાન પાદશાહની રાજ્યનીતિ વગેરે કેવી હતી, રજપૂતોના પુરુષો તથા સ્ત્રીઓનું શૂરાતન તથા જાત અને કુલાભિમાન કેટલું હતું, મુસલમાનોમાં કેટલો જુસ્સો, ધર્માંધપણું તથા હિંદુઓ ઉપર અને તેઓના ધર્મ ઉપર કેટલો દ્વેષ હતો, એ વગેરે બીજી કેટલીએક હકીકતોનું જેમ બને તેમ ખરેખરું ચિત્ર બતાવી આપવું એ જ આ પુસ્તકનો હેતુ છે... આ પુસ્તકમાં ભૂત, પ્રેત વગેરે વહેમોની વાત આવે છે તથા કેટલાએક વિષયો ઉપર જુદા-જુદા માણસોએ પોતાના અભિપ્રાય જણાવ્યા છે. તેઓ સઘળા માનવાલાયક તથા તે વાતો સાચી છે એવો મારો વિચાર નથી. જે વખતે એવી વાતો બની એમ લખ્યું છે તે વખતે તેઓ ઉપર લોકોને ઘણો ભરોસો હતો, અને એવી મતલબની દંતકથાઓ હજી આ પ્રાંતમાં ચાલે છે, તે માત્ર જણાવવી એ જ હેતુથી તેઓને આ પુસ્તકમાં દાખલ કીધી છે અને જે માણસોએ એ અભિપ્રાય આપ્યા છે તેવા જ તેઓના ખરેખરા હતા તે બતાવી આપવાને તેઓને આ ઠેકાણે પ્રસિદ્ધ કીધા છે.

આવી જાતનું પુસ્તક ગુજરાતીમાં પહેલું જ છે

પ્રસ્તાવનામાંથી]

– નં.તુ.

અસલ પુસ્તકમાં કાંઈ સ્હેજ ફેર કરી આ નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે. ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના, 1 જાન્યુઆરી 1893] (માર્કંડ નંદશંકર)

– મા. નં.

પોતાને ત્રણ અવસર બહુ યોગ્ય લાગેલા; ચાંપાનેરની પડતી, સોમનાથનો નાશ અને ગુજરાત ઉપર અલાઉદ્દીનની ચઢાઈ. આ ત્રણે વિષય ગુજરાતને લગતા હતા. ચાંપાનેરના વિષયમાં માતાનો કોપ આગળ પડતો આવતો પણ તે અણઘટતો કોપ હતો ઃ કરણ ઘેલામાં સતીનો કોપ આવે છે પણ તે ઘટતો.

નંદશંકર જીવનચિત્ર, 177] – વિનાયક નંદશંકર મહેતા

સરકાર તરફથી કહેવામાં આવ્યું કે ભૂતપ્રેત વગેરેના જે ફકરા કરણ ઘેલામાં છે તે દૂર કરવા જોઈએ ત્યારે શાળોપયોગી પુસ્તક તરીકે સરકાર એને છપાવે. પોતે સાફ ના પાડી કે હું કાંઈ કાપકૂપ કરવાનું દુરસ્ત ધારતો નથી.

નંદશંકર જીવનચિત્ર, પૃ. 179] – વિનાયક નંદશંકર મહેતા

રસિકતા, કૌતુકપ્રેમ, સંસ્કારપ્રેમ, ફારસી શબ્દોનું પ્રાધાન્ય આદિ `કરણઘેલા'નાં કેટલાંક મુખ્ય તત્ત્વો જો એની ઉત્પાદક ભૂમિ સૂરતમાંથી આવેલાં છે તો પ્રકૃતિપ્રેમ, છટાદાર ભાષા, ચિંતનપરાયણ રસિક પાંડિત્ય ને નીતિપ્રેમ આદિ એનાં બીજાં કેટલાંક મુખ્ય તત્ત્વો એના કર્તા નંદશંકરના જીવન, શિક્ષણ, સ્વભાવ આદિમાંથી આવેલાં છે.

સાહિત્યસમીક્ષા, 185] – વિશ્વનાથ ભટ્ટ

`કરણ ઘેલા'ની સાચી પરીક્ષા એને કેવળ વાર્તા તરીકે જ તપાસવાથી, એનાં વસ્તુ, પાત્ર, સંવાદ આદિનો જ વિચાર કરવાથી નહિ થાય, પણ એને કરુણકૃતિને ધોરણે તપાસવાથી જ

થશે. અને કરુણકૃતિમાં મુખ્ય ત્રણ બાબત જોવાની રહે છે ઃ (1) વસ્તુપસંદગી, (2) વસ્તુસંકલના અને (3) નાયકનું પાત્રાલેખન અને આ ત્રણે બાબતમાં નંદશંકરે ખરેખર કુશળતા બતાવી છે.

સાહિત્યસમીક્ષા, 205] – વિશ્વનાથ ભટ્ટ

`કરણ ઘેલો' કેવળ નર્મદયુગનો જ નહિ, પણ સમગ્ર ગુજરાતી સાહિત્યનો મહત્ત્વનો ગ્રંથ છે. નર્મદયુગનું તો એ શકવર્તી પુસ્તક છે. રિચર્ડસનની `પેમિલા'એ જેમ અંગ્રેજી ભાષામાં નવલકથાનો શક પ્રવર્તાવેલો, તેમ નંદશંકરના આ `કરણ ઘેલા' એ ગુજરાતી ભાષામાં નવલકથાનો શક પ્રવર્તાવ્યો છે.

...

નંદશંકરે પહેલે જ સપાટે આકર્ષક વાર્તા લખીને ગુજરાતી ભાષામાં નવલકથાને પ્રતિષ્ઠિત સ્થાને મૂકી દીધી એ એમની સેવા જેવી તેવી નથી. પોણી સદી સુધી એણે ગુજરાતને એકસરખો રસ આપ્યો છે. પોણી સદી સુધી એણે આપણી શાળાઓમાં એકચકવે રાજ્ય કર્યું છે. એણે કેવળ ગુજરાતીઓનો જ નહિ, પણ ગુજરાત બહારના મહારાષ્ટ્રીઓનો તેમ ગુજરાતવાસી અંગ્રેજોનો પણ એક કાળે ભારે આદર મેળવેલો.

સાહિત્યસમીક્ષા, 208-9] - વિશ્વનાથ ભટ્ટ

વર્ષો સુધી ગુજરાતના શિક્ષણના પાઠ્યક્રમમાં એના ખંડો વપરાતા રહ્યા છે અને આજે પણ એના એકથી વધુ સંક્ષેપો પ્રચલિત છે, એ બતાવે છે કે ભાષાની અને કથાની દૃષ્ટિએ આજ પણ એ છેક અચલ નથી. સ્વયંભૂ સર્જક નહિ એવા એક નવશિક્ષિત સાહિત્યરસિક સજ્જને પ્રયોજન અને પ્રયત્નપૂર્વક રચેલી કૃતિ સો વરસ વીતી ગયાં પછી પણ સંભારાય છે, એ એની સિદ્ધિ ઓછી નથી. તે જમાનામાં એનો મરાઠીમાં અનુવાદ થયો હતો અને આપણા જમાનામાં શ્રી સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાય જેવા બહુશ્રુત વિદ્વાને એને બંગાળીમાં ઉતારવાનો પ્રારંભ કર્યો હતો એ હકીકત પણ એની ગુણવત્તાની જ ધોતક છે.

ગ્રંથ. ડિસેમ્બર, 1966, પૃ. 20] - નગીનદાસ પારેખ

`કરણ ઘેલો'ની છાયા એક પચીસી સુધી વિસ્તરી છે અને `સરસ્વતીચંદ્ર'માં પણ એ ઊતરી આવી છે. ગોવર્ધનરામ, પાંડિત્ય અને પ્રતિભા બંને ગુણોમાં નંદશંકરથી ચડિયાતા છે, છતાં `કરણ ઘેલો'નાં કેટલાંય લક્ષણોને એમણે સુધારી લઈને `સરસ્વતીચંદ્ર'માં કામે લગાડ્યાં છે. જો સર્જકત્વનો અભાવ નંદશંકરની બાબતમાં સૂચવવો પ્રાપ્ત થાય તો ગોવર્ધનરામની બાબતમાં પણ થોડેઘણે અંશે તેમ કરવું પડે, પણ બેઉના સર્જકત્વને ઇતિહાસના સંદર્ભમાં વિચારતાં ને એનો સંકુચિત અર્થ ન લેતાં આ ઉપાધિ ટળી જશે.

ઉપલબ્ધિ, 11] - યશવન્ત શુક્લ

`કરણ ઘેલો' વાર્તાપ્રકારનો નહિ તેટલો વાર્તાકલાનો નમૂનો બની રહી એમ જ આપણે સમજવું જોઈએ.

ઉપલબ્ધિ, 19] - યશવન્ત શુક્લ

`કરણ ઘેલો' નવલકથા આપણા સાહિત્યમાં સદાકાળ સંભારાવાની તે એની આ ગૌરવભરી પ્રાસાદિક રસાળ વાક્ છટાવાળી શૈલીને લીધે. ગુજરાતી નવલકથા જ નહિ, પણ સમગ્ર ગુજરાતી ગધના ક્ષેત્રમાં નજરે પડતી એ પહેલી સિદ્ધિ છે.

ગુજરાતી સાહિત્યની વિકાસરેખા, 58] - ડૉ. ધીરુભાઈ ઠાકર

`કરણ ઘેલો'નું વસ્તુ પછીના નવલકથાકારોને પણ ક્ષમતાવાળું લાગ્યું છે. ગુજરાત એક

સ્વતંત્ર રાજ્ય તરીકે લોપ પામ્યું એનો બધો અપયશ કરણને આપવાને બદલે એનામાં શૌર્ય આદિ સદ્ગુણો જોવાનું વલણ `ભગ્ન પાદુકા'માં મુનશીએ, `રાય કરણ ઘેલો'માં ધૂમકેતુએ અને `કરાલ કાલ જાગે'માં ગુણવંતરાયે દાખવ્યું છે. આઝાદી પછીના લેખક મોહનલાલ પટેલે `અંતિમ દીપ'માં કરણને અંતર્મુખ પણ બતાવ્યો છે. આ બધી કૃતિઓમાં આલેખાયેલા ઇતિહાસતત્ત્વને ઉત્તરોત્તર શોધનવર્ધનના લાભ પણ મળ્યા છે. નંદશંકરનો આરંભ આવી પરંપરા સર્જે છે એ પણ એક નોંધપાત્ર ઘટના છે.

ગુજરાતદર્શન-1 ઃ સાહિત્ય – 1, 78] - રઘુવીર ચૌધરી